

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત


ગુરુતત્ત્વવિનિશ્ચય

શબ્દશઃ વિવેચન


પ્રથમ ઉલ્લાસ • ભાગ-૧














વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

ગુરુતત્ત્વવિનિશ્ચય

શબ્દશઃ વિવેચન

પ્રથમ ઉલ્લાસ : ભાગ–૧

❖ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,
પ્રાવચનિકપ્રતિભાધારક પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન
પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા

❖ વિવેચનકાર ❖

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

❖ સંકલન–સંશોધનકારિકા ❖

શાસનસમ્રાટ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજાના
સમુદાયના સાધ્વીજી ચારિત્રશ્રીજી મ. સા.ના પ્રશિષ્યા સાધ્વી ઋજુમતિશ્રીજી મ. સા.

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ : પ્રથમ ઉલ્લાસ

✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

વીર સં. ૨૫૩૫ ✦ વિ. સં. ૨૦૬૫ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

વીર સં. ૨૫૩૯ ✦ વિ. સં. ૨૦૬૯ ✦✦✦ આવૃત્તિ : દ્વિતીય ✦ નકલ : ૩૦૦

મૂલ્ય : ૩. ૧૮૦-૦૦

卐 આર્થિક સહયોગ 卐

શ્રી ભગવાન વર્ધમાન શ્વે.મૂ.પૂ. જૈન સંઘમાં વિ. સં. ૨૦૬૯ની સાલમાં શુદ્ધધર્મપ્રરૂપક, પ્રાવચનિક પ્રતિભાના ધારક **પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**ની નિશ્રામાં સત્ક્રિયાભિરૂચિ **પ.પૂ.આ.ભ. શ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજા**ના પટ્ટધર સુવિશાલ ગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના આજ્ઞાવર્તિની **પ.પૂ. સુરેન્દ્રશ્રીજી મહારાજ**ના વિદુષી શિષ્યા **સા. બોધિરત્નાશ્રીજી મ.સા.** આદિ ઠાણા ત્રણના 'રાહુલ ટાવર' મુલુન્ડ(વેસ્ટ)માં થયેલ ચાતુર્માસ દરમ્યાનની તથા સિક્કા (જામનગર) ગામવાળા સવિતાબેન નેમચંદ દોઢિયાના બંગલામાં કરાવેલ પર્યુષણા પર્વના પ્રતિક્રમણ દરમ્યાન થયેલ જ્ઞાનખાતાની ઉપજમાંથી આ પુસ્તકની દ્વિતીય આવૃત્તિ, ૩૦૦ નકલનો સંપૂર્ણ લાભ લીધેલ છે.

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

'ગીતાર્થ ગંગા'

૧૦૨

'શ્રુતદેવતા ભુવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

* મુદ્રક *

સર્વોદય ઓફસેટ

૧૩, ગજાનંદ એસ્ટેટ, ઇદગાહ પોલીસ ચોકી પાસે, પ્રેમ દરવાજા, અમદાવાદ-૧૬. ફોન : ૨૨૧૭૪૫૧૯

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

પ્રાપ્તિસ્થાન

❖ અમદાવાદ :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૩૨૪૫૭૪૧૦
Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

❖ વડોદરા :

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

❖ મુંબઈ :

શ્રી લલિતભાઈ ઘરમશી

૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફ્તરી રોડ, ગોશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

❖ સુરત :

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

❖ જામનગર :

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર-૩૬૧૦૦૧.
☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦
Email : karan.u.shah@hotmail.com

❖ BANGALORE :

Shri Vimalchandji
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925
Email : amitvgadiya@gmail.com

❖ રાજકોટ :

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'વિદ્વાનેવ વિજાનાતિ વિદ્વજ્જનપરિશ્રમમ્' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્‌ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામ્રગી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો
૨. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ)
૩. યોગદૃષ્ટિસમુચ્ચય
૪. કર્મવાદ કર્ણિકા
૫. કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ)
૬. સદ્‌ગતિ તમારા હાથમાં !
૭. સદ્‌ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ)
૮. દર્શનાચાર
૯. શાસન સ્થાપના
૧૦. શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ)
૧૧. અનેકાંતવાદ
૧૨. પ્રશ્નોત્તરી
૧૩. પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ)
૧૪. ચિત્તવૃત્તિ
૧૫. ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ)
૧૬. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૭. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૮. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૯. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)

૨૦. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૨૧. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૨૨. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય
૨૩. ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧
૨૪. જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ?
૨૫. જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ)
૨૬. Is Jaina Order Independent Religion or Denomination ? (અંગ્રેજી આવૃત્તિ)
૨૭. Status of religion in modern Nation State theory (અંગ્રેજી આવૃત્તિ)
૨૮. ગૃહજિનાલય મહામંગલકારી
૨૯. શ્રી ઉપધાન માર્ગોપદેશિકા

संपादक :- प. पू. पंन्यास श्री अरिहंतसागरजी महाराज साहब

૧. પાક્ષિક અતિચાર

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૩. સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૪. સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!! (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૫. Right to Freedom of Religion !!!!!	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૬. 'રક્ષાધર્મ' અભિયાન	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૭. 'Rakshadharma' Abhiyaan	સંકલનકર્તા : ધર્મતીર્થ રક્ષા સમિતિ
૮. સેવો પાસ સંખેસરો	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૯. સેવો પાસ સંખેસરો (હિન્દી આવૃત્તિ)	સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનનાં ગ્રંથો

વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૨૪. યોગભેદદ્વાત્રિંશિકા-૧૮ શબ્દશઃ વિવેચન
૨૫. યોગવિવેકદ્વાત્રિંશિકા-૧૯ શબ્દશઃ વિવેચન
૨૬. સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા-૬ શબ્દશઃ વિવેચન
૨૭. ભિક્ષુદ્વાત્રિંશિકા-૨૭ શબ્દશઃ વિવેચન
૨૮. દીક્ષાદ્વાત્રિંશિકા-૨૮ શબ્દશઃ વિવેચન
૨૯. યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન
૩૦. કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા-૩૦ શબ્દશઃ વિવેચન
૩૧. પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા-૧૧ શબ્દશઃ વિવેચન
૩૨. જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન
૩૩. સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન
૩૪. જિનમહત્ત્વદ્વાત્રિંશિકા-૪ શબ્દશઃ વિવેચન
૩૫. સમ્યગ્દૃષ્ટિદ્વાત્રિંશિકા-૧૫ શબ્દશઃ વિવેચન
૩૬. યોગલક્ષણદ્વાત્રિંશિકા-૧૦ શબ્દશઃ વિવેચન
૩૭. મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા-૧૩ શબ્દશઃ વિવેચન
૩૮. અપુનર્બંધકદ્વાત્રિંશિકા-૧૪ શબ્દશઃ વિવેચન
૩૯. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧

૪૦. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૧. યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૨. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૨
૪૩. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૩
૪૪. યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન
૪૫. દૈવપુરુષકારદ્વાત્રિંશિકા–૧૭ શબ્દશઃ વિવેચન
૪૬. તારાદિત્રયદ્વાત્રિંશિકા–૨૨ શબ્દશઃ વિવેચન
૪૭. કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા–૨૩ શબ્દશઃ વિવેચન
૪૮. સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા–૨૪ શબ્દશઃ વિવેચન
૪૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૫૦. માર્ગદ્વાત્રિંશિકા–૩ શબ્દશઃ વિવેચન
૫૧. દેશનાદ્વાત્રિંશિકા–૨ શબ્દશઃ વિવેચન
૫૨. જિનભક્તિદ્વાત્રિંશિકા–૫ શબ્દશઃ વિવેચન
૫૩. યોગાવતારદ્વાત્રિંશિકા–૨૦ શબ્દશઃ વિવેચન
૫૪. યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા–૨૬ શબ્દશઃ વિવેચન
૫૫. સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા–૩૨ શબ્દશઃ વિવેચન
૫૬. પૂર્વસેવાદ્વાત્રિંશિકા–૧૨ શબ્દશઃ વિવેચન
૫૭. ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા–૧૬ શબ્દશઃ વિવેચન
૫૮. ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા–૨૫ શબ્દશઃ વિવેચન
૫૯. વિનયદ્વાત્રિંશિકા–૨૯ શબ્દશઃ વિવેચન
૬૦. શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન
૬૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ–૪
૬૨. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૩
૬૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૪
૬૪. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૧
૬૫. ગુરુતત્ત્વવિનિશ્ચય શબ્દશઃ વિવેચન ભાગ–૨
૬૬. મુક્તિદ્વાત્રિંશિકા–૩૧ શબ્દશઃ વિવેચન
૬૭. યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન
૬૮. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ–૧
૬૯. શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ–૨
૭૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ–૧
૭૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૧
૭૨. પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૭૩. કથાદ્વાત્રિંશિકા–૯ શબ્દશઃ વિવેચન
૭૪. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૪
૭૫. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૫
૭૬. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ–૬
૭૭. નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૭૮. ૧૫૦ ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન
૭૯. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૫
૮૦. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૬
૮૧. ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૨
૮૨. અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય–વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા
શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન
૮૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ–૭
૮૪. આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન

૮૫. પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન
૮૬. ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૭. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧
૮૮. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨
૮૯. ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૦. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૧. પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૨. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૩. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૪. ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૫. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૬. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૯૭. યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૯૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૯૯. વાદદ્વાત્રિંશિકા-૮ શબ્દશઃ વિવેચન
૧૦૦. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૧. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૦૨. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩
૧૦૩. સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન
૧૦૪. પગામસિજ્જા શબ્દશઃ વિવેચન
૧૦૫. સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન
૧૦૬. ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા-૭ શબ્દશઃ વિવેચન
૧૦૭. દેવસિઅ રાઇઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન
૧૦૮. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૦૯. સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૦. વૈરાગ્યકલ્પલતા પ્રથમ સ્તબક શબ્દશઃ વિવેચન
૧૧૧. શાંતસુધારસ શબ્દશઃ વિવેચન
૧૧૨. બારભાવના શબ્દશઃ વિવેચન
૧૧૩. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧૪. ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૫. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪
૧૧૬. ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫
૧૧૭. વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન
૧૧૮. દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૧૯. દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન
૧૨૦. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૨૧. તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩

ગીતાર્થ ગંગા અંતર્ગત
ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧
૨. ધર્મતીર્થ ભાગ-૨

'ગુરુતત્ત્વવિનિશ્ચય' ગ્રંથ શબ્દશઃ વિવેચન ભાગ-૧ના

સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

જગતની સુવ્યવસ્થા ધર્મના આધારસ્તંભ ઉપર ચાલે છે અને પરિપૂર્ણ ધર્મને પામેલો જગતમાં સર્વથી સુખી છે. વળી પરિપૂર્ણ ધર્મ પામેલાને દેવસંજ્ઞા અથવા ઈશ્વરસંજ્ઞા અપાય છે, માટે સંપૂર્ણ સુખી થવા અને પરિપૂર્ણ ધર્મ પામવા માટે ધર્મનું સ્વરૂપ સમજવા કોની પાસે જવું જોઈએ ? તેનું સમાધાન એ છે કે જેઓ પરિપૂર્ણ ધર્મના સ્વરૂપને જાણીને સતત ધર્મની આરાધના કરી રહ્યા છે તેવા સદ્‌ગુરુ પાસે ધર્મ સમજવા જવું જોઈએ, પરંતુ સદ્‌ગુરુ 'આ છે' તેવો નિશ્ચય ન થાય ત્યાં સુધી ધર્મશ્રવણ થઈ શકે નહિ, તેથી 'આ ગુરુ' 'સદ્‌ગુરુ' છે તેવો નિશ્ચય કરાવવા માટે ઉપાધ્યાય યશોવિજય મહારાજનો રચેલો આ ગુરુતત્ત્વવિનિશ્ચય નામનો ગ્રંથ મહા ઉપકારી છે.

વળી આ ગ્રંથના પહેલા ઉલ્લાસમાં ગ્રંથકારે સદ્‌ગુરુનો મહિમા બતાવ્યો, પછી સદ્‌ધર્મરૂપ ચારિત્રગ્રહણ માટે વર્તમાનકાળ યોગ્ય નથી તેમ બતાવવા પૂર્વપક્ષીએ ગાથા-૩૪ સુધી પ્રશ્નો કર્યા છે, અને વર્તમાનકાળમાં પણ અતિચારોની સમ્યક્ આલોચના કરવાથી ચારિત્ર અખંડ રહે છે તેમ ગ્રંથકારે સિદ્ધ કર્યું છે. પૂર્વપક્ષીના પ્રશ્નોની આંટીઘૂટી ઉકેલીને ચારિત્રનો મહિમા અખંડ રાખવાનો ગ્રંથકારનો પ્રયત્ન અત્યંત પ્રશંસનીય છે.

શાસનસમ્રાટ પૂ. આ. ભ. શ્રી નેમિસૂરિ મહારાજના સમુદાયના પૂ. આ. ભ. શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પૂ. પંન્યાસ શ્રી નિર્મળચંદ્રવિજયજી મહારાજ સાહેબની (સંસારી પક્ષે ભાઈ) સંમતિપૂર્વક પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ પાસે આ અધ્યાત્મગ્રંથનો અભ્યાસ કરવાનો સંયોગ સાંપડ્યો તે બદલ આ ઉપકારી મહાત્માની હું ઋણી છું.

આ ગ્રંથના ગુજરાતી વિવરણના પ્રૂફસંશોધનાદિ કાર્યમાં શ્રુતોપાસક-શ્રુતપિપાસુ સુશ્રાવક શ્રી શાંતિલાલ શિવલાલ શાહનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો છે. તેઓએ પણ પોતાને આવા ઉત્તમ ગ્રંથરત્નના સ્વાધ્યાયની-વાંચનની અમૂલ્ય તક સાંપડી તે બદલ ધન્યતા અને ઉપકૃતતા અનુભવેલ છે.

આ ગ્રંથરત્નના અભ્યાસ દ્વારા મને અને અન્ય વાંચકોને ભાવચારિત્રની પ્રાપ્તિ થાય અને મોક્ષધામ પ્રતિ શીઘ્ર પ્રયાણ કરીને પરમપદને પામીએ એ જ અભ્યર્થના.

- શાસનસમ્રાટ પ. પૂ. આ. ભ. શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબના
સમુદાયના પૂ. સાધ્વીજી શ્રી ચારિત્રાશ્રીજી મહારાજ સાહેબના
પ્રશિષ્યા સાધ્વીજી શ્રી ઋજુમતિશ્રીજી

'ગુરુતત્ત્વવિનિશ્ચય' ગ્રંથ શબ્દશઃ વિવેચન ભાગ-૧ની

સંકલના

ગુરુતત્ત્વનો વિશેષરૂપે નિર્ણય છે જેનાથી તેવો ગ્રંથ તે 'ગુરુતત્ત્વવિનિશ્ચય' છે. ગુરુતત્ત્વનો બોધ કરાવવા અર્થે ગ્રંથકારશ્રીએ ગાથા-૨ થી ૧૦ સુધી અનેક પ્રકારે ગુરુનું માહાત્મ્ય બતાવેલ છે, જેને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવામાં આવે તો સર્વ કલ્યાણનાં કારણભૂત ગુરુ કઈ રીતે ઉપકારક બને છે તેનો બોધ થાય છે. ત્યારપછી ગાથા-૧૨માં "આ મારા ગુરુ અને હું તેમનો શિષ્ય" એવી બુદ્ધિથી જે તે ગુરુને સ્વીકારનાર જીવો કલ્યાણને પ્રાપ્ત કરી શકતા નથી તેની સ્પષ્ટતા કરી છે.

વળી, ગુણસંપન્ન ગુરુ જ ગુરુ તરીકે સ્વીકારવા યોગ્ય છે તેની પુષ્ટિ ગાથા-૧૩થી ગાથા-૧૭ સુધી કરેલ છે, જેના અંતર્ગત નિશ્ચય-વ્યવહારના અનેક દૃષ્ટિકોણોનું સ્પષ્ટીકરણ પણ ઉપલબ્ધ થાય છે. જિજ્ઞાસુએ ત્યાંથી જાણવા યત્ન કરવો જોઈએ.

આ રીતે ગુણસંપન્ન ગુરુ કલ્યાણનું કારણ છે તેમ સ્થાપન કર્યું. ત્યાં પ્રશ્ન થાય કે પરમાર્થથી જો જીવ સ્વપરિણામથી સંસાર સાગરને તરે છે, માત્ર ગુરુના આશ્રયણથી સંસાર સાગર તરી શકાતું નથી કે ગુરુએ કહેલી બાહ્યક્રિયાઓ કરવાથી પણ તરી શકાતું નથી. કદાચ કોઈ જીવ ગુરુ કહે તે રીતે સંયમની બાહ્ય ક્રિયા કરે અને ગુરુ પણ ગુણવાન હોય આમ છતાં મોહના ઉન્મૂલનને અનુકૂળ અંતરંગ વ્યાપાર તે ન કરી શકે તો તે સુગુરુથી કે સુગુરુએ બતાવેલી આચરણાથી પણ કલ્યાણની પ્રાપ્તિ નથી તે બતાવવા માટે ગાથા-૧૮થી ૨૦ સુધી આત્માના અંતરંગ પરિણામોથી જ સંસારનો ઉચ્છેદ છે. આત્માથી ભિન્ન ગુરુથી, ગુરુના વચનથી કે ગુરુના વચન અનુસાર કરાયેલી બાહ્યક્રિયાથી મોક્ષપ્રાપ્તિ થતી નથી તે બતાવવા માટે નિશ્ચયનયથી જ સાધુને ઇષ્ટની સિદ્ધિ છે તેમ આગમવચનના બળથી સ્થાપન કરેલ છે.

વળી, ફળ પ્રત્યે જેની અન્વય અને વ્યતિરેક વ્યાપ્તિ હોય તેને કારણ સ્વીકારી શકાય છે અને વ્યવહારનયને અભિમત બાહ્યક્રિયામાં અન્વય અને વ્યતિરેક વ્યભિચાર પ્રાપ્ત થાય છે તે ગાથા-૨૧માં બતાવેલ છે.

વળી, અન્ય રીતે પણ વ્યવહારનયની ક્રિયા મોક્ષપ્રાપ્તિ પ્રત્યે નિષ્ફળ છે તેમ ગાથા-૨૨માં બતાવેલ છે, જેથી નિશ્ચયનયને અભિમત પરિણામથી મોક્ષપ્રાપ્તિ છે તેની પુષ્ટિ થાય છે.

વળી, વ્રત સ્વીકાર્યા પછી વ્રતના ભંગમાં મહાદોષ છે અને વર્તમાનકાળમાં વ્રતભંગનું નિવારણ અશક્ય છે; કેમ કે જીવો પ્રમાદી છે માટે મોક્ષના અર્થી જીવોએ ચારિત્રનો પક્ષપાત જ કરવો જોઈએ અને મોક્ષ અર્થે અંતરંગ ઉદ્યમ કરવો જોઈએ માટે ગુરુની આવશ્યકતા નથી એમ ગાથા-૨૩-૨૪માં સ્થાપન કરેલ છે. અહીં કોઈને પ્રશ્ન થાય કે વર્તમાનકાળમાં સાધુ સંયમ ગ્રહણ કરશે અને પ્રમાદને કારણે કોઈક દોષો સેવશે. આમ

છતાં જે અંશમાં ચારિત્ર પાળશે તેનાથી તો કલ્યાણ થશે એ પ્રકારની શંકાના નિવારણ માટે અઢાર હજાર શીલાંગમાંથી એક પણ શીલાંગના નાશમાં ચારિત્રનો નાશ થાય છે, મિથ્યાત્વની પ્રાપ્તિ થાય છે તેનું સમર્થન ગાથા-૨૫-૨૬માં કરેલ છે.

વળી, સંયમ પાળવું અતિદુષ્કર છે માટે જ દેશવિરતિનું પાલન અને પ્રતિમા આદિના ક્રમથી પ્રવ્રજ્યાગ્રહણની વિધિ છે અને વિશેષથી આ કાળમાં આ ક્રમથી જ દીક્ષા આપવાનું સમર્થન પંચાશકમાં કરેલ છે તેની સ્પષ્ટતા ગાથા-૨૭-૨૮માં કરેલ છે.

વળી, ગુણવાન ગુરુ શિષ્યને માર્ગમાં પ્રવર્તાવી શકે; અન્ય નહિ, અને તેવા ગુણવાન ગુરુનાં જે ગુણો શાસ્ત્રમાં બતાવાયા છે તે ગ્રંથમાં ઉપલબ્ધ છે. વર્તમાનમાં તેવા ગુરુ ઉપલબ્ધ નથી તેથી તેવા ગુરુના બળથી સંયમનો શુદ્ધ વ્યવહાર પ્રાપ્ત થઈ શકે નહિ, માટે પણ વર્તમાનમાં સંયમ લેવું ઉચિત નથી તેનું સમર્થન ગાથા-૨૯-૩૦માં કરેલ છે.

વળી, શાસ્ત્રાનુસારી સંયમનો ઉચિત વ્યવહાર વિચ્છિન્ન થયેલો છે અને જુદા જુદા આચાર્યોની મતિથી ચાલનારો જુદો જુદો વ્યવહાર છે અને તેવા વ્યવહારથી સંયમમાં થતા અતિચારોની વિશુદ્ધિ થઈ શકે નહિ માટે વર્તમાનમાં યથાતથા સંયમનું પાલન મોક્ષનું કારણ બની શકે નહિ તેનું સ્થાપન ગાથા-૩૧-૩૨થી કરેલ છે.

વળી, જે પ્રકારનાં પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં કહ્યા છે તેવા પ્રાયશ્ચિત્ત વર્તમાનમાં અપાતા નથી અને સેવાતા નથી માટે પણ સંયમની શુદ્ધિ વર્તમાનમાં અશક્ય છે તેમ ગાથા-૩૩માં બતાવેલ છે.

વળી, સાધુને જીવનનાં અંત સમયે નિર્યામણા કરીને દેહનો ત્યાગ કરવાનો છે તેવી નિર્યામણા કરાવનાર અત્યારે ઉપલબ્ધ નથી માટે પણ સાધુપણું ગ્રહણ કરવું ઉચિત નથી તેથી ભગવાનનું શાસન જ્ઞાન-દર્શનથી જ ચાલે છે તેમ માનવું ઉચિત છે તેનું સ્થાપન ગાથા-૩૪માં કરેલ છે.

ગાથા-૩૪ સુધી નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે. વળી, વર્તમાનમાં સાધુનો આચાર જિનવચનઅનુસાર નથી માટે તેનાથી કલ્યાણ થાય નહિ તેમ અત્યાર સુધી પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું. હવે તે સર્વનો ઉત્તર આપવાનું ગાથા-૩૫થી પ્રારંભ કરે છે. ત્યાં સૌ પ્રથમ નિશ્ચયથી જ સાધુની સિદ્ધિ છે તે કથન ગ્રંથકારશ્રીને સંમત જ છે અને તેની નિષ્પત્તિ અર્થે વ્યવહાર આવશ્યક છે તેનું સમર્થન ગાથા-૩૬-૩૭માં કરેલ છે.

આનાથી એ ફલિત થાય કે માત્ર ગુરુનો આશ્રય કરવાથી કે સુગુરુનો આશ્રય કરવાથી કે સુગુરુના વચન અનુસાર બાહ્ય ક્રિયા કરવાથી કલ્યાણની નિષ્પત્તિ નથી પરંતુ નિશ્ચયનયને અભિમત પરિણામની નિષ્પત્તિને અનુકૂળ ઉચિત યત્ન ઉલ્લસિત કરી તેને અનુરૂપ ઉચિત ક્રિયા કરવાથી કલ્યાણની નિષ્પત્તિ થાય અને અંતરંગ ઉચિત પરિણામ થાય અને તેને અનુરૂપ ઉચિત ક્રિયા કઈ રીતે થાય તે બતાવવામાં દૃઢ આલંબનભૂત જિનવચનઅનુસાર માર્ગમાં પ્રવર્તાવનારા સુગુરુઓ છે માટે સુગુરુઓ કલ્યાણનું કારણ છે અન્યથા સુગુરુના સાનિધ્યથી પણ કલ્યાણની પ્રાપ્તિ થાય નહિ.

વળી, નિશ્ચયનય હેતુ-સ્વરૂપ અને અનુબંધથી કેવા સ્વરૂપવાળો છે અને નિશ્ચયનયને અભિમત પરિણામની નિષ્પત્તિમાં વ્યવહારનય કઈ રીતે હેતુ છે તેની સ્પષ્ટતા ગાથા-૩૮થી ૪૧માં કરેલ છે.

વળી, નિશ્ચય અને વ્યવહારને પરસ્પર સંલગ્ન થઈને જ કલ્યાણનું કારણ છે. નિશ્ચય નિરપેક્ષ વ્યવહાર કલ્યાણનું કારણ નથી અને વ્યવહાર નિરપેક્ષ નિશ્ચય માત્ર શબ્દરૂપ જ છે તેની સ્પષ્ટતા ગાથા-૪૨થી ૪૫ સુધી કરેલ છે.

વળી, સ્યાદ્વાદના સ્થાપન અર્થે નિશ્ચયનયના એકાંત પક્ષપાતીને વ્યવહારનય ગ્રહણ કરાવવા અર્થે વ્યવહારના પક્ષપાતથી વ્યવહારનય જ કલ્યાણનું કારણ છે તેમ ગાથા-૪૬થી ૫૧ સુધી સ્થાપન કરેલ છે.

વળી, ભગવાનના શાસનમાં નયો કઈ રીતે પ્રમાણસંજ્ઞાને પામે છે, નયસંજ્ઞાને પામે છે અને દુર્નયસંજ્ઞાને પામે છે તેના વિષયમાં વિશદ્ ચર્ચા ગાથા-૫૨માં કરેલ છે જેનાથી પણ નિશ્ચય સાપેક્ષ વ્યવહાર કલ્યાણનું કારણ છે તેમ ફલિત થાય છે.

વળી, નિશ્ચય અને વ્યવહાર પરસ્પર સંલગ્ન થઈને જ કલ્યાણના કારણ છે તેની સ્પષ્ટતા કરવા અર્થે નિશ્ચય કઈ રીતે કલ્યાણનું કારણ છે. અને વ્યવહાર કઈ રીતે કલ્યાણનું કારણ છે તેનો માર્મિક બોધ થાય તે રીતે ગાથા-૫૩થી ૫૭ સુધી સ્પષ્ટતા કરેલ છે તેનાથી પણ સિદ્ધ થાય છે કે વ્યવહારના સેવનના બળથી જ સાધુ બાર મહિનાના સંયમપર્યાય દ્વારા અનુત્તરવાસીના સુખથી અધિક સુખનું વેદન કરાવે તેવી ઉત્તમ નિર્લેપ પરિણતિને પ્રાપ્ત કરે છે માટે નિશ્ચયનયની પરિણતિમાં વ્યવહારનયની ક્રિયા અત્યંત ઉપકારક છે.

વળી, પૂર્વપક્ષીએ વ્યવહારની ક્રિયામાં ફલ પ્રત્યે અન્વય, વ્યતિરેક અને વ્યભિચાર બતાવેલ. તેનું નિરાકરણ કરીને વ્યવહારની ક્રિયા લક્ષવેધી ઉપયોગપૂર્વક કરવાથી ફળ સાથે વ્યભિચારી નથી અને તેની નિષ્પત્તિમાં ગુરુ બળવાન કારણ છે માટે ગુરુની આવશ્યકતા છે તે અર્થને વ્યક્ત કરે તેવી સ્પષ્ટતા ગાથા-૫૮થી ૬૪ સુધી કરેલ છે.

વળી, નિશ્ચયના લાભમાં વ્યવહાર નિષ્ફળ છે અને અલાભમાં પણ વ્યવહાર નિષ્ફળ છે એ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિવારણ કરીને ભાવથી સંયમને પામેલા સાધુને વ્યવહાર કઈ રીતે ઉપકારક છે અને ભાવથી સંયમને ન પામેલા હોય તેવા સાધુ પણ શુદ્ધ વ્યવહારના સેવનથી કઈ રીતે સંયમના પરિણામને પ્રાપ્ત કરે છે તેનું યુક્તિથી સ્થાપન ગાથા-૬૫થી ૭૨ સુધી કરેલ છે.

વળી, પૂર્વપક્ષીએ કહેલ કે વ્રત લીધા પછી વ્રતભંગમાં મોટો દોષ છે અને વર્તમાનમાં પ્રમાદ બહુલ જીવો છે માટે સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી તેનું નિરાકરણ કરતાં બતાવે છે કે વર્તમાનમાં પણ જે સાધુઓ શક્તિઅનુસાર વ્રત પાલનમાં ઉદ્યમ કરે છે અને કોઈક રીતે અતિચાર થઈ જાય છે તેનું પણ શોધન શાસ્ત્રવિધિ અનુસાર પ્રતિપક્ષી ભાવનથી કરે છે તેઓમાં સંયમની શુદ્ધિ વર્તે છે તેનું સ્થાપન ગાથા-૭૩થી ૭૭ સુધી કરેલ છે.

વળી, જેઓ વ્રતમાં લાગતા અતિચારોના શોધન માટે શાસ્ત્ર વિધિ અનુસાર યત્ન કરતા નથી અને માત્ર સંયમની ક્રિયાઓ કરે છે તેમનું સંયમ જીવન સર્મુચ્છિમ જીવો જેવું છે અને અકામનિર્જરાનું કારણ છે, મોક્ષનું કારણ નથી તેમ ગાથા-૭૭માં સ્થાપન કરેલ છે.

વળી, પૂર્વપક્ષીએ કહેલ કે વર્તમાનમાં જીવો પ્રમાદ બહુલ હોવાના કારણે ચારિત્રનો પક્ષપાત કરવો જોઈએ પરંતુ ચારિત્ર ગ્રહણ કરવું જોઈએ નહિ તેનું નિરાકરણ કરતાં પક્ષપાત અર્થે શક્તિસંપન્ન જીવોએ ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત છે, અન્યથા પક્ષપાત શબ્દ માત્રથી થાય છે તેની સ્પષ્ટતા ગાથા-૭૭-૭૮માં કરેલ છે.

વળી, પૂર્વપક્ષે કહેલ કે વર્તમાનમાં ગચ્છ આજ્ઞાભંગનું સામ્રાજ્ય વર્તે છે માટે ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી તેનું સમાધાન કરતાં ધીરપુરુષોએ ભાવશુદ્ધિથી ગચ્છ આજ્ઞાભંગના પરિહારમાં ઉદ્યમ કરવો જોઈએ તેની સ્પષ્ટતા ગાથા-૮૦-૮૧માં કરેલ છે.

છદ્મસ્થતાને કારણે આ ગ્રંથના વિવેચનમાં વીતરાગ પરમાત્માની આજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ અજાણતાં કંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે 'મિચ્છા મિ દુક્કડં' માગું છું.

વિ. સં. ૨૦૬૯, ભાદરવા સુદ-૪, (સંવત્સરી)
તા. ૯-૯-૨૦૧૩, સોમવાર,
૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.
ફોન : ૦૭૯-૩૨૪૪૭૦૧૪

- પ્રવીણચંદ્ર ખીમજી મોતા

અનુક્રમણિકા

ગાથા નં.	વિષય	પાના નં.
૧.	મંગલાચરણ	૧
૨ થી ૧૦.	ગુરુનું માહાત્મ્ય.	
	સદ્‌ગુરુથી શિષ્યને થતા અનેક પ્રકારનાં ઉપકારોનું સ્વરૂપ.	૬-૧૯
૧૧.	સાધુજીવનમાં ગુરુકુલવાસ સંયમનો પ્રથમ આચાર.	૧૯-૨૧
૧૨ થી ૧૫.	ગુરુના સ્વીકાર માત્રથી કલ્યાણની પ્રાપ્તિનો અસંભવ ભાવગુરુની પ્રાપ્તિથી જ કલ્યાણની પ્રાપ્તિ.	૨૧-૩૪
૧૬.	નામ-સ્થાપના અને દ્રવ્યનિક્ષેપાની અતિશયતાથી પણ ભાવની અતિશયતાની પ્રાપ્તિ.	૩૪-૪૦
૧૭.	વ્યવહારનયની દૃષ્ટિથી ઘણા ભગવાનની પૂજાથી ભાવની અતિશયતાની પ્રાપ્તિ.	૪૦-૪૨
૧૮ થી ૩૪.	આત્મકલ્યાણમાં ગુરુની અનુપયોગિતા અને સ્વપરાક્રમથી જ કલ્યાણની પ્રાપ્તિ સ્થાપન કરનાર પૂર્વપક્ષીની યુક્તિઓ.	૪૩-૯૩
૧૮ થી ૨૦.	નિશ્ચયનયથી જીવના પરિણામથી જ કલ્યાણની પ્રાપ્તિ.	
	શુદ્ધ નિશ્ચયનય, શુદ્ધતર નિશ્ચયનયનું સ્વરૂપ.	૪૩-૫૫
૨૧.	વ્યવહારની ક્રિયામાં ફળ પ્રત્યે વ્યભિચાર.	૫૫-૫૭
૨૨.	વ્યવહારની વિફલતામાં નિશ્ચયનયની યુક્તિ.	૫૭-૫૯
૨૩.	વ્રતભંગમાં મહાનદોષ.	
	તાત્ત્વિક પક્ષપાતથી મહાન લાભ.	૫૯-૬૦
૨૪.	એક પણ સંયમસ્થાનના ભંગમાં વિરાધકપણું.	૬૧-૬૩
૨૫-૨૬.	અઢાર હજાર શીલાંગમાંથી એક પણ શીલાંગના વિરહમાં ચારિત્રનો અભાવ.	૬૩-૬૮
૨૭-૨૮.	દેશવિરતિની તુલનાપૂર્વક સર્વવિરતિ ગ્રહણ કરવાની વિધિ.	૬૮-૭૩
૨૯-૩૦.	ગણનિક્ષેપ યોગ્યગુરુના ગુણની વર્તમાનમાં દુર્લભતા.	૭૩-૮૧
૩૧.	નિજમતિ કલ્પિત વર્તમાનનો સ્વગચ્છ સામાચારીરૂપ વ્યવહાર.	૮૧-૮૨

ગાથા નં.	વિષય	પાના નં.
૩૨.	વર્તમાનમાં પારમાર્થિક વ્યવહારનો વિચ્છેદ.	૮૨-૮૯
૩૩.	વર્તમાનમાં પારમાર્થિક પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ.	૮૯-૯૧
૩૪.	વર્તમાનમાં દર્શન-જ્ઞાનથી તીર્થની પ્રાપ્તિ.	૯૧-૯૩
૩૫.	ગાથા-૧૮થી ૩૪ સુધી સ્થાપન કરાયેલ પૂર્વપક્ષની યુક્તિઓનાં સમાધાનનો પ્રારંભ.	૯૩-૯૮
૩૬-૩૭.	જીવના સ્વપરાક્રમથી જ નિર્જરાની પ્રાપ્તિ હોવા છતાં તે પરાક્રમની પ્રાપ્તિમાં સમ્યક્ વ્યવહારની ઉપયોગિતા.	૯૩-૧૦૧
૩૮-૩૯.	હેતુ સ્વરૂપ અને ફળથી નિશ્ચયનયનું સ્વરૂપ.	૧૦૧-૧૦૮
૪૦.	નિશ્ચયનયને અભિમત પરિણામમાં બદ્ધલક્ષથાપૂર્વક થતી વ્યવહારની ક્રિયાથી નિશ્ચયનયને અભિમત પરિણામની પ્રાપ્તિ.	૧૦૮-૧૧૨
૪૧-૪૨.	નિશ્ચયનય અને વ્યવહારનયની પરસ્પર સંલગ્નતા.	૧૧૨-૧૧૭
૪૩.	નિશ્ચયનયમાં ગૌણરૂપે વ્યવહારનયની પ્રાપ્તિ અને વ્યવહારનયમાં ગૌણરૂપે નિશ્ચયનયની પ્રાપ્તિ.	૧૧૭-૧૨૨
૪૪-૪૫.	સ્વ સ્વસ્થાને દરેક નયની શુદ્ધતા.	૧૨૨-૧૨૯
૪૬ થી ૪૯.	વ્યવહારનયથી મિથ્યાત્વની શુદ્ધિ.	૧૨૯-૧૪૩
૪૯.	અપરિણામ, અતિપરિણામ અને પરિણામવાળા જીવોનું સ્વરૂપ.	૧૩૮-૧૪૩
૪૯-૫૦.	લોકોને મિથ્યાત્વની પ્રાપ્તિના નિવારણ અર્થે આર્યરક્ષિતસૂરિ દ્વારા નયવિભાગનો શાસ્ત્રમાં નિષેધ અને વિશેષ પ્રયોજનમાં જ નય ઉતારવાની અનુજ્ઞા.	૧૩૮-૧૪૭
૪૬-૫૧.	મિથ્યાત્વની શુદ્ધિમાં નિશ્ચયનયની અને વ્યવહારનયની ઉપયોગિતાનાં ભેદનું સ્વરૂપ.	૧૨૯-૧૫૧
૫૨.	પ્રમાણ, નય અને દુર્નયનું સ્વરૂપ.	
	દિગમ્બરની પ્રક્રિયા અને સ્વપ્રક્રિયા અનુસાર પ્રમાણનયની પરિભાષા વચ્ચેનો ભેદ અને દિગમ્બરની પ્રક્રિયામાં પ્રમાણનયની પરિભાષાની અસંગતિ સ્થાપક યુક્તિ.	
	સકલાદેશ, વિકલાદેશ, સપ્તભંગીનું સ્વરૂપ.	૧૫૨-૧૮૫

ગાથા નં.	વિષય	પાના નં.
૫૩.	નિશ્ચયનયમાં રહેલા મુનિઓની જેમ શુદ્ધ વ્યવહારનયની આચારણા કરતા મુનિઓ પણ પરમભાવમાં સંસ્થિત.	૧૮૫-૧૮૯
૫૪.	નિશ્ચયની જેમ વ્યવહારની ક્રિયામાં પણ ધ્યાનરૂપ પરમભાવની પ્રાપ્તિ.	૧૮૯-૧૯૨
૫૫.	ધ્યાનનું લક્ષણ.	૧૯૩-૧૯૫
૫૬-૫૭.	નિશ્ચયનયની જેમ વ્યવહારની ક્રિયામાં પણ ઉત્તરોત્તર શુદ્ધિની પ્રાપ્તિ.	૧૯૫-૨૦૬
૫૮ થી ૬૦.	ભરત આદિના દૃષ્ટાંતથી વ્યવહારને નિષ્ફળ કહેવામાં માર્ગના નાશની પ્રાપ્તિ.	૨૦૭-૨૧૫
૬૧ થી ૬૩.	દેહની અનુકૂળતાપૂર્વક ધ્યાનમાં કરાતા યત્નને આર્ત-રૌદ્રધ્યાનરૂપે સ્વીકાર.	૨૧૫-૨૨૧
૬૪.	વિષયોથી વિરક્ત જીવોને શુદ્ધ ભાવની પ્રાપ્તિ.	૨૨૧-૨૨૩
૬૫ થી ૬૮.	મોક્ષને અનુકૂળ પરિણામની પ્રાપ્તિમાં અથવા મોક્ષને અનુકૂળ પરિણામની પ્રાપ્તિ અર્થે પણ વ્યવહારની ક્રિયાની ઉપયોગિતા.	૨૨૩-૨૩૩
૬૯ થી ૭૧.	માર્ગની પ્રાપ્તિ માટે અસંયતને પણ સંયમની ક્રિયા આપવાની વિધિ.	૨૩૩-૨૪૪
૭૨.	વ્યવહારની બલવત્તા.	૨૪૫-૨૪૬
૭૩-૭૪.	સંયમજીવનમાં અનાભોગથી થયેલી સ્ખલનાની વિપક્ષભાવથી શુદ્ધિ.	૨૪૬-૨૫૦
૭૫.	પાપની જુગુપ્સાથી સંયમની શુદ્ધિ.	૨૫૧-૨૫૩
૭૬.	અર્થપદની ભાવનાથી ચારિત્રપદની શુદ્ધિ.	૨૫૩-૨૫૫
૭૭.	અર્થપદની ભાવનાથી રહિત સાધુઓની સંયમની ક્રિયા સંમૂર્ચ્છિમક્રિયા.	૨૫૫-૨૫૭
૭૮.	ચારિત્રના પક્ષપાતીએ શક્તિ અનુસાર ચારિત્રમાં ઉદ્યમની આવશ્યકતા.	૨૫૭-૨૫૮
૭૯.	ચારિત્રના ગ્રહણના નિષેધમાં વાણીમાત્રથી ચારિત્રની અનુમોદના નિષ્ફળ.	૨૫૮-૨૬૧
૮૦-૮૧.	ગચ્છ આજ્ઞાભંગના સામ્રાજ્યમાં પણ ધીરતાપૂર્વક સંયમમાં ઉદ્યમ કરવાથી સંયમની પ્રાપ્તિ.	૨૬૧-૨૬૬

❖ ❋ ❖

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

महोपाध्याय श्रीमद्यशोविजयगणि विरचित स्वोपज्ञवृत्तियुत

गुरुतत्त्वविनिश्चय

शब्दशः विवेचन

प्रथम उल्लास : भाग-१

टीकाकारनुं मंगलाचरण :-

ऐन्द्रश्रेणिनतं नत्वा, जिनं स्याद्वाददेशिनम् ।
स्वोपज्ञं विवृणोम्येनं, गुरुतत्त्वविनिश्चयम् ।।१।।

अर्थ :-

ઈન્દ્રની શ્રેણિથી નમન કરાયેલા, સ્યાદ્વાદને કહેનારા એવા જિનને નમસ્કાર કરીને સ્વોપજ્ઞ=સ્વથી રચાયેલા એવા આ ગુરુતત્ત્વવિનિશ્ચયનું=ગુરુતત્ત્વવિનિશ્ચય નામના ગ્રંથનું, હું વિવરણ કરું છું. ।।१।।

अवतरणिका :-

इह "हि सकलोऽपि शुभारम्भो गुर्वायत्तः" इत्यस्य प्रकरणस्यारम्भः, तत्रेयं प्रथमगाथा –

अवतरणिकार्थ :-

અહીં=સંસારમાં, સકલ પણ શુભ આરંભ ગુરુને આધીન છે. એથી આનો=ગુરુતત્ત્વવિનિશ્ચય નામના પ્રકરણનો, આરંભ છે. ત્યાં=ગુરુતત્ત્વવિનિશ્ચય નામના પ્રકરણમાં, આ પ્રથમ ગાથા છે.

❖ 'सकलोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે સંસારમાં એકાદ શુભઆરંભ તો ગુરુ આધીન છે, પરંતુ સર્વ પણ શુભઆરંભ ગુરુ આધીન છે.

भावार्थ :-

સંસારમાં કલ્યાણના કારણીભૂત એવો સકલ પણ શુભઆરંભ ગુરુને આધીન છે. એથી ગુરુતત્ત્વનો નિર્ણય હોય તો યોગ્ય ગુરુને આધીન થઈને હિતમાં પ્રવૃત્તિ થઈ શકે. તેથી યોગ્ય જીવને ગુરુતત્ત્વનો બોધ કરાવવા અર્થે આ પ્રકરણનો આરંભ છે અને તેમાં આ પ્રથમ ગાથા છે.

ગાથા :-

पणमिय पासजिणिंदं, संखेसरसंठियं महाभागं ।
अत्तट्ठीण हिअट्ठा, गुरुतत्तविणिच्छयं वुच्छं ।।१।।

અન્વયાર્થ :-

महाभागं संखेसरसंठियं पासजिणिंदं पणमिय=નિરુપમ પ્રભાવવાળા શંખેશ્વરપુરમાં પ્રતિમારૂપે રહેલા પાર્શ્વજિનેન્દ્રને પ્રણામ કરીને, **अत्तट्ठीण हिअट्ठा=**આત્માર્થીઓના હિતને માટે, **गुरुतत्तविणिच्छयं=**ગુરુતત્ત્વ-વિનિશ્ચયને, **वुच्छं=**હું કહીશ. ।।૧।।

ગાથાર્થ :-

નિરુપમ પ્રભાવવાળા, શંખેશ્વરપુરમાં પ્રતિમારૂપે રહેલા પાર્શ્વજિનેન્દ્રને પ્રણામ કરીને આત્માર્થીઓના હિતને માટે ગુરુતત્ત્વવિનિશ્ચયને હું કહીશ. ।।૧।।

ટીકા :-

'पणमिय' त्ति । अहं गुरुतत्त्वविनिश्चयं=गुरुतत्त्वस्य विनिश्चयो यस्मादेतादृशमुपदेशं वक्ष्ये इति प्रतिज्ञा, अनया च शिष्यावधानं कृतं भवति । प्रयोजनमाह - आत्मार्थिनां=मोक्षैकाकाङ्क्षावतां, हितार्थम्, भवति खल्वस्मादुपदेशात्तत्त्वज्ञानावाप्तिमिथ्याज्ञाननिवृत्तिद्वाराऽऽत्मार्थिनां हितम्, वक्ष्ये इत्युत्तरक्रियायाः पूर्वक्रियासापेक्षत्वात्तामाह - प्रणम्य=कायवाङ्मनोभिर्नत्वा, कं ? पार्श्वजिनेन्द्रम्, किंभूतं ? शङ्खेश्वर-संस्थितम्, पुनः किंभूतं ? महाभागं=निरुपमप्रभावम् ।

ટીકાર્થ :-

अहं ..... कृतं भवति । ગુરુતત્ત્વનો વિનિશ્ચય=ગુરુતત્ત્વનો નિર્ણય છે જેનાથી એવા પ્રકારના ઉપદેશને હું કહીશ, એ પ્રકારની પ્રતિજ્ઞા છે=એ પ્રકારની ગાથામાં પ્રતિજ્ઞા છે, અને આ પ્રતિજ્ઞાથી શિષ્યનું અવધાન કરાયેલું થાય છે અર્થાત્ યોગ્ય ગુરુના નિર્ણયના અર્થી એવા શિષ્યનો પ્રસ્તુત ગ્રંથ સાંભળવા માટે અત્યંત અભિમુખ ભાવ કરાયેલો થાય છે.

प्रयोजनमाह – પ્રયોજનને કહે છે –

आत्मार्थिनां ..... हितार्थम् આત્માર્થીઓના=મોક્ષની એક આકાંક્ષાવાળા જીવોના, હિત માટે હું ગુરુતત્ત્વવિનિશ્ચય કહીશ, એમ અન્વય છે.

અહીં પ્રશ્ન થાય કે મોક્ષની ઇચ્છાવાળાનું હિત કરવાના પ્રયોજનથી આ ગ્રંથ કરવાની ગ્રંથકારશ્રીએ પ્રતિજ્ઞા કરી છે, પરંતુ આ ગ્રંથથી મોક્ષની ઇચ્છાવાળા જીવોનું હિત કઈ રીતે થઈ શકે ? તેથી કહે છે –

भवति ..... हितम् આ ઉપદેશથી=પ્રસ્તુત ગ્રંથમાં જે બતાવાશે એ ઉપદેશથી, તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થયે છતે=યોગ્ય ગુરુવિષયક તત્ત્વનો નિર્ણય થયે છતે, મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ દ્વારા=ગુરુના વિષયમાં

મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ દ્વારા, આત્માર્થીનું નિશ્ચે હિત થાય છે.

વક્ષ્યે ..... નિરુપમપ્રભાવમ્ । 'વક્ષ્યે' એ પ્રકારનો શબ્દ મૂળશ્લોકમાં ઉત્તરક્રિયારૂપ છે. એથી ઉત્તરક્રિયાનું પૂર્વક્રિયાસાપેક્ષપણું હોવાને કારણે તેને=પૂર્વક્રિયાને, કહે છે –

'પ્રણમ્ય' પ્રણામ કરીને=કાયા, વચન અને મન દ્વારા નમસ્કાર કરીને, કોને પ્રણામ કરીને ? એથી કહે છે : પાર્શ્વજિનેન્દ્રને, કયા પાર્શ્વનાથ ભગવાનને ? એથી કહે છે : શંખેશ્વરસંસ્થિત=શંખેશ્વરપુરમાં પ્રતિમારૂપે રહેલા, વળી કેવા પ્રકારના તે પાર્શ્વનાથ ભગવાન છે ? તેથી કહે છે : મહાભાગ= નિરુપમ પ્રભાવવાળા.

પ્રસ્તુત ટીકાના વર્ણનથી નીચે પ્રમાણે શ્લોકનો અન્વય પ્રાપ્ત થયો.

નિરુપમ પ્રભાવવાળા, શંખેશ્વરપુરમાં પ્રતિમારૂપે રહેલા એવા પાર્શ્વનાથ ભગવાનને કાયા, વચન અને મન વડે નમસ્કાર કરીને હું મોક્ષની એક ઇચ્છાવાળા એવા જીવોના હિત માટે ગુરુતત્ત્વવિનિશ્ચય નામનો ગ્રંથ કહીશ.

ટીકા :-

अत्र च भगवतश्चत्वारो मूलातिशयाः सूचिताः, तथाहि-जिनेन्द्रपदेनापायापगमातिशयः सूचितः, जयन्ति रागादिशत्रूनिति जिनास्तेष्विन्द्र इति व्युत्पत्तेः, रागादिवैरिनिर्मूलननैव तत्त्वतोऽपायापगमसिद्धेः, शङ्खेश्वरसंस्थितमित्यनेन पूजातिशयः, शङ्खेश्वरावस्थितप्रभुप्रतिमायाः प्रत्यक्षत एव जगज्जन-कृतपूजाप्रकर्षोपलम्भात्, अथवा जिनेन्द्रपदेनैव पूजातिशयः, जगत्पूज्यानामपि जिनानामिन्द्रत्वेन भगवतः परमपूज्यत्वव्यवस्थितेः, शङ्खेश्वरसंस्थितमित्यनेन चापायापगमातिशयः, जरासिन्धुप्रयुक्त-यादवजराकष्टप्रकरापहारकरणेनैव भगवत्प्रतिमायाः शङ्खेश्वरपुरे व्यवस्थापनात्, महाभागविशेषणेन च ज्ञानवचनातिशयौ, लोकालोकावलोकनक्षमकेवलालोकसर्वसन्देहसन्दोहनिराकरणक्षमतत्त्व-प्रतिपादकवचनगुणाभ्यामेव निरुपमप्रभावत्वाभिधानात्, अथवा महाभागपदेनैवावृत्त्या चत्वारोऽतिशया लभ्यन्ते, तथाहि-'म' शब्देन मान उच्यते "मो मन्त्रे मन्दिरे माने" **इति वचनात्, तं सकलापायमूलभूतं हन्तीति महा, आभां-परमपूज्यतालक्षणां शोभां गच्छतीत्याभागः, ततो विशेषणसमास इत्यपाया-पगमपूजातिशयौ लभ्येते, भानं भा=ज्ञानं, गश्च=वचनं,** "गस्तु गातरि गन्धर्वे शब्दसङ्गीतयोरपि" **इति वचनात्, महान्तौ भागौ यस्य स तथा तमिति ज्ञानवचनातिशयाविति ।**

ટીકાર્થ :-

अत्र च ..... इति व्युत्पत्तेः અને અહીં=પ્રસ્તુત ગાથામાં કરાયેલા મંગલાચરણમાં, ભગવાનના ચાર મૂળ અતિશયો સૂચન કરાયા અને મૂળગાથામાં ચાર અતિશયો કઈ રીતે સૂચન કરાયા, તે 'तथाहि'થી કહે છે –

જિનેન્દ્રપદથી=શ્લોકમાં બતાવેલ જિનેન્દ્રપદથી, અપાયાપગમાતિશય સૂચન કરાયો; કેમ કે રાગાદિ શત્રુઓને જીતે છે તે જિનો છે. તેઓમાં=જિનોમાં, ઇન્દ્ર તે જિનેન્દ્ર, એ પ્રકારની વ્યુત્પત્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે રાગાદિ શત્રુને જીતવાથી જિનેન્દ્ર છે, તોપણ તેનાથી અપાયાપગમાતિશય કઈ રીતે સૂચિત થાય છે ? તેમાં હેતુ કહે છે –

રાગાદિવૈરિ ..... પગમસિદ્ધેઃ રાગાદિ વૈરીના નિર્મૂલન વડે જ તત્ત્વથી=પરમાર્થદૃષ્ટિથી, અપાયના અપગમની સિદ્ધિ છે.

શઙ્ખેશ્વરસંસ્થિતમિત્યનેન પૂજાતિશયઃ ..... વ્યવસ્થાપનાત્ । 'શંખેશ્વરસંસ્થિત' એ પ્રકારના શ્લોકમાં કહેલા વચન વડે પૂજાતિશય સૂચિત છે; કેમ કે શંખેશ્વરમાં રહેલી પ્રભુપ્રતિમાનો પ્રત્યક્ષથી જ જગતના લોકોથી કરાયેલ પૂજાના પ્રકર્ષનો ઉપલંભ છે=પૂજાનો પ્રકર્ષ દેખાય છે અથવા જિનેન્દ્રપદથી જ પૂજાતિશય સૂચન કરાયો; કેમ કે જગત્પૂજ્ય એવા પણ જિનોનું=અવધિઆદિ જિનોનું, ઇન્દ્રપણું હોવાથી ભગવાનના પરમપૂજ્યત્વની વ્યવસ્થિતિ છે=ભગવાનના પરમપૂજ્યત્વની પ્રાપ્તિ છે, અને 'શંખેશ્વરસંસ્થિત' એ વિશેષણ દ્વારા અપાયાપગમાતિશય સૂચન કરાયો; કેમ કે જરાસિંધુથી પ્રયોગ કરાયેલી યાદવની જરાના કષ્ટના સમૂહના અપહારકરણ દ્વારા જ ભગવાનની પ્રતિમાનું શંખેશ્વરપુરમાં વ્યવસ્થાપન છે.

મહાભાગવિશેષણેન ચ ..... નિરુપમપ્રભાવત્વાભિધાનાત્ । અને મહાભાગ વિશેષણ દ્વારા જ્ઞાનાતિશય અને વચનાતિશય સૂચિત કરાયા; કેમ કે લોક અને અલોકના અવલોકનમાં સમર્થ એવા કેવળજ્ઞાન, અને સર્વ સંદેહના સમૂહના નિરાકરણમાં સમર્થ એવા તત્ત્વપ્રતિપાદક વચનરૂપ ગુણો દ્વારા જ, નિરુપમપ્રભાવપણાનું અભિધાન છે=ભગવાનના મહાભાગ વિશેષણ દ્વારા નિરુપમપ્રભાવપણાનું કથન છે.

અથવા

અથવા મહાભાગપદેનૈવાવૃત્ત્યા ..... લભ્યેતે । મહાભાગ પદ વડે જ આવૃત્તિથી=બે વખતના પ્રયોગથી ચાર અતિશયો પ્રાપ્ત થાય છે, અને 'મહાભાગ'પદ વડે ચાર અતિશયો કઈ રીતે પ્રાપ્ત થાય છે, તે 'તથાહિ'થી બતાવે છે –

'મહાભાગ' શબ્દમાં રહેલ 'મ' શબ્દથી 'માન' કહેવાય છે; કેમ કે 'મ' શબ્દ મન્ત્ર, મંદિર અને માનમાં વપરાય છે, એ પ્રકારનું વચન છે. સકલ અપાયના મૂળભૂત એવા તેને=માનને, હણે છે, એથી મહા=માનને હણનારા, ભગવાન છે.

હવે 'મહાભાગ' શબ્દમાં રહેલ 'આભાગ' શબ્દનો અર્થ કરે છે –

આભાને=પરમપૂજ્યતા સ્વરૂપ શોભાને, પ્રાપ્ત કરે છે. એથી આભાગઃ=પરમપૂજ્યતા સ્વરૂપ શોભાને પામનારા ભગવાન છે. ત્યારપછી='મહન્' અને આભાગ એ બે શબ્દનો વ્યુત્પત્તિ અર્થ કર્યા પછી 'મહા

चासौ आभागश्च' 'महाभागः' तम् એ પ્રકારનો વિશેષણ સમાસ કરવાનો છે. એથી 'મહાભાગ' શબ્દ દ્વારા અપાયાપગમાતિશય અને પૂજાતિશય પ્રાપ્ત થાય છે.

હવે બીજી વારના 'મહાભાગ' શબ્દથી બીજા બે અતિશય બતાવે છે –

भानं भा..... ज्ञानवचनातिशयाविति । भानं भा એ વ્યુત્પત્તિથી 'भा' શબ્દનો અર્થ જ્ઞાન થાય છે, અને 'ग' એટલે વચન; કેમ કે 'ग' શબ્દ गातृमां=ગાનારમાં, ગંધર્વમાં, શબ્દ-સંગીતમાં પણ વપરાય છે, એ પ્રકારનું વચન છે. 'भा' શબ્દ અને 'ग' શબ્દનો અર્થ બતાવીને 'મહાભાગ' શબ્દનો કઈ રીતે વિગ્રહ કરવાથી જ્ઞાનાતિશય અને વચનાતિશય પ્રાપ્ત થાય, તે બતાવે છે –

મહાન એવા 'भा' અને 'ग'=જ્ઞાન અને વચન છે જેમને તે તેવા છે=મહાભાગ છે. તેમને નમસ્કાર કરીને, એ પ્રકારનો સંબંધ છે. એથી 'મહાભાગ' વિશેષણ દ્વારા જ્ઞાનાતિશય અને વચનાતિશયની પ્રાપ્તિ છે.

શ્લોકમાં ભગવાનના ચાર અતિશયો સૂચન કરાયા છે, તેનું 'तथाहि'થી અત્યાર સુધી વર્ણન કર્યું. તે કથનની સમાપ્તિ માટે 'इति' શબ્દ છે.

ટીકા :-

इत्थं चतुरतिशयोपेतस्य समुचितेष्टदेवतारूपस्य श्रीशङ्खेश्वरपार्श्वनाथस्य नमस्काररूपं मङ्गलमाचरितम्, ततश्च विघ्नध्वंसः शिष्टाचारश्चानुपालितो भवति, एतदुपनिबन्धाच्चानुषङ्गतः श्रोतॄणामपि मङ्गलसिद्धिरिति ।।१।।

ટીકાર્થ :-

इत्थं ..... मङ्गलसिद्धिरिति ।। આ રીતે=ગાથામાં જિનેન્દ્ર, શંખેશ્વરસંસ્થિત અને મહાભાગ એ ત્રણ શબ્દોથી ભગવાનના ચાર મૂળ અતિશયો કઈ રીતે સૂચિત થાય છે, તે અત્યાર સુધી બતાવ્યું એ રીતે, ચાર અતિશયથી યુક્ત સમુચિત ઇષ્ટદેવતારૂપ એવા શંખેશ્વર પાર્શ્વનાથનું=શંખેશ્વરમાં પ્રતિમારૂપે રહેલ પાર્શ્વનાથનું, નમસ્કારરૂપ મંગલ આચરણ કરાયું, અને તેનાથી=મંગલાચરણ કરવાથી વિઘ્નધ્વંસ અને શિષ્ટ આચાર અનુપાલિત થાય છે, અને આના ઉપનિબંધને કારણે=પ્રસ્તુત ગ્રંથમાં મંગલાચરણ ગૂંથવાને કારણે, અનુસંગથી=સાંભળવાની ક્રિયાના અનુસંગથી, શ્રોતાને પણ મંગલની સિદ્ધિ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧।।

❖ 'श्रोतॄणामपि'માં 'अपि'થી એ કહેવું છે કે ગ્રંથકારશ્રીને તો મંગલની સિદ્ધિ છે, પરંતુ શ્રોતાને પણ અનુસંગથી મંગલની સિદ્ધિ છે.

ભાવાર્થ :-

અહીં સમુચિત ઇષ્ટદેવતારૂપ શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનને કહ્યા. તેનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાન

ચાર અતિશયથી યુક્ત છે, માટે ઉપાસના કરવા માટે સમુચિત છે, અને ઇષ્ટદેવતા કહેવાથી એ પ્રાપ્ત થયું કે જીવને ઇષ્ટ પરમપદ છે અને તેની પ્રાપ્તિમાં ઉપાસ્યરૂપે પરમાત્મા દેવતારૂપે ઇષ્ટ છે, અને તેવા ઇષ્ટદેવતા ભાવતીર્થંકર છે, અને તેમનો સ્થાપનાનિક્ષેપ એ પ્રતિમા છે, અને તે પ્રતિમા શંખેશ્વરમાં રહેલી પાર્શ્વનાથ ભગવાનની છે. માટે જેમ ભાવતીર્થંકર ચાર અતિશયથી યુક્ત છે, તેમ સ્થાપનાનિક્ષેપ પણ ચાર અતિશયથી યુક્ત છે, એ પ્રકારનો વ્યવહાર થાય છે. માટે શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાને સમુચિત ઇષ્ટદેવતારૂપ કહેલ છે. ॥૧॥

અવતરણિકા :-

गुरुतत्त्वे विनिश्चेतव्ये गुरोरेव माहात्म्यमुपदर्शयति 'गुरुआणाए' इत्यादिना –

અવતરણિકાર્થ :-

ગુરુતત્ત્વનો નિર્ણય કરવા યોગ્ય હોતે છતે 'गुरुआणाए' ઇત્યાદિ દ્વારા ગુરુનું જ માહાત્મ્ય બતાવે છે -

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રી શ્રોતાને ગુરુતત્ત્વનો બોધ કરાવવા ઇચ્છે છે, તેથી શ્રોતાને ગુરુતત્ત્વનો નિર્ણય કરવા અત્યંત અભિમુખ કરવા અર્થે ગુરુનું જ માહાત્મ્ય બતાવે છે –

ગાથા :-

गुरुआणाए मुक्खो, गुरुप्पसाया उ अट्ठसिद्धीओ ।
गुरुभत्तीए विज्जासाफल्लं होइ णियमेणं ।।२।।

અન્વયાર્થ :-

गुरुआणाए=ગુરુઆજ્ઞાથી, णियमेणं=નિયમથી, मुक्खो=મોક્ષ, उ=વળી, गुरुप्पसाया=ગુરુના પ્રસાદથી, णियमेणं=નિયમથી, अट्ठसिद्धीओ=આઠ સિદ્ધિઓ (અને), गुरुभत्तीए=ગુરુભક્તિથી, णियमेणं=નિયમથી, विज्जासाफल्लं=વિદ્યાનું સાફલ્ય, होइ=થાય છે. ॥२॥

ગાથાર્થ :-

ગુરુઆજ્ઞાથી નિયમથી મોક્ષ, વળી ગુરુના પ્રસાદથી નિયમથી આઠ સિદ્ધિઓ, અને ગુરુભક્તિથી નિયમથી વિદ્યાનું સાફલ્ય થાય છે. ॥૨॥

ટીકા :-

गुर्वाज्ञया शुद्धसामाचारीलक्षणया मोक्षः सकलकर्मक्षयलक्षणः स्यात्, गुरुप्रसादाच्च अष्टसिद्धयः अणिमादिलक्षणाः प्रादुर्भवेयुः, गुरुभक्त्या च विद्यानां साफल्यं कार्यसिद्धिलक्षणं नियमेन भवति ।।२।।

ટીકાર્થ :-

गुर्वाज्ञया ..... नियमेन भवति ।। શુદ્ધસામાચારીરૂપ ગુરુઆજ્ઞાથી સકલ કર્મક્ષયરૂપ મોક્ષ થાય અને ગુરુના પ્રસાદથી અણિમાદિરૂપ આઠ સિદ્ધિઓ પ્રગટ થાય અને ગુરુભક્તિથી કાર્યસિદ્ધિરૂપ વિદ્યાનું સાફલ્ય થાય અને આ ત્રણે વસ્તુ નિયમથી થાય છે, તે બતાવવા માટે 'नियमेन' શબ્દ છે. ।।૨।।

ભાવાર્થ :-

'गृणाति शास्त्रतत्त्वं इति गुरुः' એ પ્રકારની વ્યુત્પત્તિથી પ્રાપ્ત થતા ગુરુને અહીં ગુરુશબ્દથી ગ્રહણ કરવાના છે; અને શાસ્ત્ર આત્માને ઉચિત યોગમાર્ગની દિશા બતાવનાર ભગવાનના વચનરૂપ છે, તેથી જે ગુરુ સર્વજ્ઞના વચનને ઉચિત સ્થાને જોડીને શિષ્યને યોગમાર્ગમાં પ્રવર્તાવે તે ગુરુ કહેવાય; અને એવા ગુરુની આજ્ઞા તે મોક્ષમાર્ગને અનુકૂળ શુદ્ધ સામાચારીનું પાલન છે, અને આ પ્રકારની ગુરુઆજ્ઞાથી સર્વ કર્મના ક્ષયની પ્રાપ્તિ થાય છે, તેથી ગુરુઆજ્ઞાથી મોક્ષ છે એમ કહેલ છે.

વળી ગુણવાન ગુરુ પ્રત્યે જેમને અત્યંત ભક્તિ છે, તેવા યોગ્ય જીવો તેમના વચન પ્રમાણે અપ્રમાદભાવથી સર્વ ક્રિયાઓ કરે છે, અને આવા ગુરુઆજ્ઞાને આધીન જીવો પ્રત્યે ગુરુનો પ્રસાદભાવ વર્તે છે. તેથી હંમેશાં તેવા યોગ્ય શિષ્યનો અત્યંત ઉપકાર થાય તે રીતે ગુરુ ઉપદેશ આપે છે, અને તે ઉપદેશરૂપ ગુરુપ્રસાદથી યોગ્ય જીવોને નિયમથી અણિમાદિ સ્વરૂપ આઠ સિદ્ધિઓનો પ્રાદુર્ભાવ થાય છે.

વળી મોક્ષના અર્થી યોગ્ય જીવોને ગુણવાન ગુરુ પ્રત્યે અત્યંત ભક્તિ હોય છે. તેથી તેમનો ઉપદેશ તેમને સમ્યક્ પરિણમન પામે છે, અને તેના બળથી તેઓ યોગમાર્ગમાં અપ્રમાદભાવથી યત્ન કરી શકે છે. તેથી ગુરુની ભક્તિને કારણે તેઓને જે જ્ઞાનરૂપ વિદ્યાની પ્રાપ્તિ થઈ છે, તેનું નિયમથી સાફલ્ય થાય છે; કેમ કે જ્ઞાનનું સાફલ્ય અપ્રમાદભાવથી મોક્ષમાર્ગની પ્રવૃત્તિ છે; અને ગુરુ પ્રત્યેની ભક્તિવાળા જીવો ગુરુના પ્રભાવથી યોગમાર્ગમાં અપ્રમાદભાવથી યત્ન કરી શકે છે, માટે તેઓના જ્ઞાનનું સાફલ્ય છે. **॥૨॥**

ગાથા :-

सरणं भव्वजिआणं, संसाराडविमहाकडिल्लम्मि ।
मुत्तूण गुरुं अन्नो, णत्थि ण होही णवि य हुत्था ।।३।।

અન્વયાર્થ :-

संसाराडविमहाकडिल्लम्मि=મહાગહન એવી સંસારરૂપ અટવીમાં, भव्वजिआणं=ભવ્ય જીવોને=રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ પર ચાલનારા જીવોને, गुरुं मुत्तूण=ગુરુને છોડીને, अन्नो=અન્ય, सरणं णत्थि=શરણ નથી, सरणं ण होही=શરણ થશે નહિ, य=અને, सरणं णवि हुत्था=શરણ હતું પણ નહિ. ।।૩।।

ગાથાર્થ :-

મહાગહન એવી સંસારરૂપ અટવીમાં રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ પર ચાલનારા જીવોને ગુરુને

ટીકા :-

'सरणं' ति । भव्यानां=मार्गानुसारिणां जीवानां गुरुं=मार्गोपदेशकं, मुक्त्वा संसाराटवीमहागहनेऽन्यः कश्चित्र शरणमस्ति न भविष्यति नापि चाभवत्, कालत्रयेऽपि गुरुरेवात्र शरणमिति भावः ।।३।।

ટીકાર્થ :-

भव्यानां ..... शरणमिति भावः ।। મહાગહન એવી સંસારરૂપ અટવીમાં ભવ્ય જીવોને=રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગ પર ચાલનારા જીવોને, ગુરુને=માર્ગઉપદેશકને=રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગના ઉપદેશક એવા ગુરુને, છોડીને અન્ય કોઈ શરણ નથી, થશે નહિ અને હતું પણ નહિ. ત્રણ કાળમાં પણ ગુરુ જ અહીં=સંસારરૂપ અટવીમાં, શરણ છે, એ પ્રકારનો ભાવ છે. ॥૩॥

ભાવાર્થ :-

જેમ મહાગહન એવી અટવીમાં ભૂલા પડેલા જીવોને માર્ગ બતાવનાર ભોમિયો શરણ હોય છે, તેમ સંસારરૂપી અટવી એવી ગહન છે કે જેમાં ભોમિયાના સ્થાને રહેલા ગુરુ સિવાય માર્ગને કોઈ બતાવી શકે એમ નથી. આવી મહાગહન અટવીમાં સંસારી જીવો રહેલા છે, અને તેમાં માર્ગ બતાવનારા પરમગુરુ તીર્થંકરો છે, અને તે તીર્થંકરના બતાવાયેલા યોગમાર્ગને જાણીને જેઓ ગીતાર્થ થયા છે, તેવા ગુરુ તીર્થંકરે બતાવેલા યોગમાર્ગને બતાવીને યોગ્ય જીવોનો આ ભવઅટવીમાંથી નિસ્તાર કરે છે. તેથી માર્ગના ઉપદેશક ગુરુને છોડીને આ સંસારરૂપી અટવીમાં અન્ય કોઈ શરણ ત્રણે કાળમાં નથી.

અહીં ત્રણે કાળમાં નથી એમ કહેવાથી એ સ્પષ્ટ થાય છે કે જે કોઈ જીવો સંસારરૂપી અટવીમાંથી બહાર નીકળે છે તે ગુરુના અવલંબનથી જ નીકળે છે, ભૂતકાળમાં પણ તેમના અવલંબનથી જ નીકળ્યા છે અને ભવિષ્યકાળમાં પણ તેમના અવલંબનથી જ નીકળશે. તેથી ગુરુ એકાંતે કલ્યાણના કારણ છે. **॥૩॥**

ગાથા :-

जह कारुणिओ विज्जो, देइ समाहिं जणाण जरिआणं ।
तह भवजरगहिआणं, धम्मसमाहिं गुरू देइ ।।४।।

અન્વયાર્થ :-

जह=જે પ્રમાણે, कारुणिओ विज्जो=કારુણિક વૈદ્ય, जरिआणं जणाण=જ્વરવાળા જીવોને, समाहिं=સમાધિ, देइ=આપે છે, तह=તે પ્રમાણે, भवजरगहिआणं जणाण=ભવજ્વરથી ગૃહીત એવા જીવોને, गुरू=ગુરુ, धम्मसमाहिं=ધર્મસમાધિ, देइ=આપે છે. ॥૪॥

ગાથાર્થ :-

જે પ્રમાણે કારુણિક વૈદ્ય જ્વરવાળા જીવોને સમાધિ આપે છે, તે પ્રમાણે ભવજ્વરથી ગૃહીત એવા જીવોને ગુરુ ધર્મસમાધિ આપે છે. ॥૪॥

ટીકા :-

'जह' त्ति । यथा कारुणिकः=निरुपधिपरदुःखप्रजिहीर्षावान् वैद्यः, ज्वरितानां=ज्वरवतां जनानां, भेषजप्रदानादिना समाधिं=द्रव्यस्वास्थ्यं ददाति तथा गुरुर्भवज्वरगृहीतानां रत्नत्रयलक्षणौषधप्रदानेन धर्मसमाधिं दत्ते, तथा च भावारोग्यकारित्वात्परमो वैद्यो गुरुरिति भावः ।।४।।

ટીકાર્થ :-

यथा कारुणिकः ..... गुरुरिति भावः ।। જે પ્રમાણે કારુણિક વૈદ્ય=નિષ્કપટ પરદુઃખ દૂર કરવાની ઇચ્છાવાળા વૈદ્ય, જ્વરગ્રસ્ત જીવોને ઔષધ આપવા આદિ દ્વારા દ્રવ્યસ્વાસ્થ્યરૂપ સમાધિને=શરીરના આરોગ્યરૂપ સ્વસ્થતાને, આપે છે, તે પ્રમાણે ગુરુ ભવજ્વરથી ગૃહીત થયેલા જીવોને રત્નત્રય સ્વરૂપ ઔષધપ્રદાન દ્વારા ધર્મસમાધિને આપે છે, અને તે રીતે=રત્નત્રયીરૂપ ઔષધ દ્વારા ધર્મસમાધિને આપે છે તે રીતે, ભાવઆરોગ્યકારીપણું હોવાથી ગુરુ શ્રેષ્ઠ વૈદ્ય છે, એ પ્રમાણે ભાવ છે. ।।૪।।

ભાવાર્થ :-

જે વૈદ્ય લાલચુ ન હોય, પરંતુ રોગીઓના રોગ દૂર કરવાના અભિલાષવાળા હોય એવા વૈદ્યને કારુણિક વૈદ્ય કહેવાય છે, અને એવા કરુણાવાળા વૈદ્ય જ્વરગ્રસ્ત જીવોને ઔષધ આપે, ઉચિત પથ્યસેવન આદિની વિધિ બતાવે અને તેના દ્વારા શરીરના સ્વાસ્થ્યને આપે છે. તે પ્રમાણે ગુરુ ભવરૂપી જ્વરથી ગૃહીત એવા સંસારી જીવોને સંયમ આપીને અને રત્નત્રયીરૂપ ભાવમાર્ગ બતાવીને તેમના ભવરોગને મટાડે છે, અને ધર્મસમાધિને આપે છે.

આશય એ છે કે ભવની પ્રાપ્તિ એ જીવને માટે રોગરૂપ અવસ્થા છે, અને આત્માનો દેહની સાથે સંબંધરૂપ ભવ દ્રવ્યરોગ છે અને મોહના પરિણામરૂપ ભવ એ ભાવરોગ છે. તે ભાવરોગથી સંસારી જીવો ઘેરાયેલા છે. તેથી મિથ્યાજ્ઞાન, મિથ્યારુચિ અને મિથ્યાપ્રવૃત્તિ કરીને સંસારની વિડંબનાને પામે છે. એવા જીવોને સંસારનું સ્વરૂપ સમજાવીને ગુરુ યથાર્થ બોધ કરાવે છે, અને આ સંસારથી પાર થવાના ઉપાયરૂપ સંયમ આપીને રત્નત્રયીની વૃદ્ધિ થાય તે રીતે સર્વ ઉચિત પ્રવૃત્તિઓ બતાવે છે, અને તેના દ્વારા જીવમાં ધર્મસમાધિ પ્રગટે છે અર્થાત્ રત્નત્રયીરૂપ ધર્મની નિષ્પત્તિ થવાથી ચિત્તના સ્વાસ્થ્યરૂપ સમાધિ પ્રગટે છે. તેથી ગુરુ ભાવઆરોગ્યના કરનારા છે. માટે સંસારના કરુણાવાળા વૈદ્ય કરતાં પણ શ્રેષ્ઠ વૈદ્ય ગુરુ છે. **॥૪॥**

ગાથા :-

जह दीवो अप्पाणं, परं च दीवेइ दित्तिगुणजोगा ।
तह रयणत्तयजोगा, गुरू वि मोहंधयारहरो ।।५।।

અન્વયાર્થ :-

जह=જે પ્રમાણે, दीवो=દીવો, दित्तिगुणजोगा=દીપ્તિગુણના યોગથી=પ્રકાશશક્તિરૂપ ગુણના યોગથી,

अप्पाणं परं च=પોતાને અને પરને, दीवेइ=પ્રગટ કરે છે, तह=તે પ્રમાણે, मोहंधयारहरो गुरु वि=મોહઅંધકારને હરનારા એવા ગુરુ પણ, रयणत्तयजोगा=રત્નત્રયના યોગથી પોતાને અને પરને પ્રગટ કરે છે. ।।૫।।

ગાથાર્થ :-

જે પ્રમાણે દીવો પ્રકાશશક્તિરૂપ ગુણના યોગથી પોતાને અને પરને પ્રગટ કરે છે, તે પ્રમાણે મોહઅંધકારને હરનારા એવા ગુરુ પણ રત્નત્રયના યોગથી પોતાને અને પરને પ્રગટ કરે છે. ।।૫।।

ટીકા :-

'जह' त्ति । यथा दीपो दीप्तिगुणस्य=प्रकाशशक्तिलक्षणगुणस्य, योगादात्मानं परं च=प्रकाश्यमर्थं, दीपयति तथा रत्नत्रयस्य ज्ञानदर्शनचारित्रलक्षणस्य योगाद् गुरुरपि मोहान्धकारहरः सन्नात्मानं परं चोपादाननिमित्तभावेन दीपयति, तथा च भावदीपत्वेनाभ्यर्हिततमो गुरुरिति भावः ।।५।।

ટીકાર્થ :-

यथा दीपो ..... गुरुरिति भावः ।। જે પ્રમાણે દીવો दीप्तिगुणना=પ્રકાશશક્તિરૂપ ગુણના યોગથી આત્માને=પોતાને, અને પરને=પ્રકાશ્ય પદાર્થને, પ્રગટ કરે છે, તે પ્રમાણે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયના યોગથી મોહઅંધકારને હરનારા એવા ગુરુ પણ આત્માને અને પરને ઉપાદાનભાવ અને નિમિત્તભાવથી પ્રગટ કરે છે, અને તે રીતે=પૂર્વમાં કહ્યું કે રત્નત્રયીના યોગથી ગુરુ પોતાને અને પરને પ્રગટ કરે છે તે રીતે, ભાવદીપપણું હોવાને કારણે=ગુરુમાં ભાવદીપપણું હોવાને કારણે, अभ्यर्हिततम= અત્યંત આદરણીય ગુરુ છે, એ પ્રમાણે ભાવ છે. ।।૫।।

❖ 'गुरुरपि'માં 'अपि'થી એ કહેવું છે કે દીવો તો પોતાનું અને પરનું પ્રકાશન કરે છે, પરંતુ ગુરુ પણ રત્નત્રયીના યોગથી પોતાને અને પરને પ્રકાશિત કરે છે.

ભાવાર્થ :-

દીવો પ્રકાશશક્તિરૂપ ગુણના યોગવાળો છે. તેથી ગાઢ અંધકારમાં પણ દીવાને મૂકવામાં આવે તો દીવો પોતાને પ્રગટ કરે છે અને પ્રકાશ્ય એવા પદાર્થોને પણ પ્રગટ કરે છે અર્થાત્ અંધકારમાં નહિ દેખાતા એવા પ્રકાશ્ય પદાર્થોને પણ દેખાડે છે, તેમ મોહઅંધકારને હરનારા એવા ગુરુ પણ પ્રકાશશક્તિસ્થાનીય રત્નત્રયીના યોગવાળા છે. તેથી તે ગુરુ ઉપાદાનભાવે પોતાના આત્માને પ્રગટ કરે છે અને નિમિત્તભાવથી યોગ્ય શિષ્યના આત્માને પ્રગટ કરે છે અર્થાત્ જેમ દીવો દ્રવ્ય અંધકારને દૂર કરે છે, તેમ ગીતાર્થ ગુરુ પોતાનામાં રહેલા મોહના અંધકારને દૂર કરીને શુદ્ધ આત્માને પ્રગટ કરવા અર્થે સમ્યગ્ યત્ન કરીને ઉપાદાનભાવે પોતાના શુદ્ધ આત્માને પ્રગટ કરે છે, અને યોગ્ય જીવોના આત્માને નિમિત્તભાવથી પ્રગટ કરે છે. તેથી જેમ દ્રવ્યદીપક બાહ્ય અંધકારને દૂર કરે છે, તેમ ગુરુ સ્વ-પર આત્મામાં વર્તતા મોહરૂપી અંધકારને દૂર કરે છે. માટે ગુરુ ભાવદીપક છે. તેથી ગુરુ અત્યંત આદરણીય છે અર્થાત્ અંધકારમાં ઉચિત પ્રવૃત્તિ કરવા અર્થે દીવો

આદરણીય છે, તેના કરતાં આત્માના વિષયમાં વર્તતા મોહઅંધકારમાં ઉચિત પ્રવૃત્તિ કરવા અર્થે ભાવદીપક એવા ગુરુ અત્યંત આદરણીય છે. ॥૫॥

ગાથા :-

જે કિર પએસિપમુહા, પાવિટ્ઠા દુટ્ઠધિટ્ઠનિલ્લજ્જા ।
ગુરુહત્થાલંબેણં, સંપત્તા તે વિ પરમપયં ।।૬।।

અન્વયાર્થ :-

પાવિટ્ઠા દુટ્ઠધિટ્ઠનિલ્લજ્જા જે પએસિપમુહા=પાપિષ્ઠ, દુષ્ટ, ધીઠ્ઠ, નિર્લજ્જ એવા જે પ્રદેશી રાજા વગેરે હતા, તે વિ=તેઓ પણ, કિર=ખરેખર, ગુરુહત્થાલંબેણં=ગુરુના હસ્તના આલંબનથી, પરમપયં સંપત્તા=દેવલોકને પામ્યા. ॥૬॥

ગાથાર્થ :-

પાપિષ્ઠ, દુષ્ટ, ધીઠ્ઠ, નિર્લજ્જ એવા જે પ્રદેશી રાજા વગેરે હતા, તેઓ પણ ખરેખર ગુરુના હસ્તના આલંબનથી દેવલોકને પામ્યા. ॥૬॥

ટીકા :-

'जे किर'त्ति । ये किल प्रदेशिनृपतिप्रमुखाः पापिष्ठाः=जीवास्तिक्याभावेनातिशायितपापाः, दुष्टाः मोहदोषोपेतत्वात्, धृष्टाः कुवासनास्तब्धतादोषात्, निर्लज्जाः स्वतन्त्रतादोषात्, तेऽपि गुरोः केशिगणधरादेर्हस्तालम्बेनोक्तदोषनिवृत्त्या सुवासनाप्रवृत्त्या च परमपदं पुण्यानुबन्धिपुण्यभोगोचितं स्थानं प्राप्ता इति कृतपापानुबन्धहरत्वेन गुरुरेवाश्रयणीयः ।।६।।

ટીકાર્થ :-

ये किल ..... गुरुरेवाश्रयणीयः ।। જીવના આસ્તિક્યનો અભાવ હોવાને કારણે=જીવના અસ્તિત્વનો અસ્વીકાર હોવાને કારણે અતિશય પાપી, મોહદોષથી ઉપેતપણું હોવાને કારણે દુષ્ટ=મિથ્યાત્વમોહરૂપી દોષથી યુક્ત હોવાને કારણે દુષ્ટ, કુવાસનાને કારણે સ્તબ્ધતા દોષ હોવાથી ધીઠ્ઠા, સ્વતંત્રતા દોષ હોવાને કારણે નિર્લજ્જ એવા=તત્ત્વની વિચારણામાં સ્વમતિકલ્પના પ્રમાણે ચાલવારૂપ સ્વતંત્રતા દોષ હોવાને કારણે નિર્લજ્જ એવા જે પ્રદેશી રાજા વગેરે હતા, તેઓ પણ ખરેખર કેશીગણધરાદિ ગુરુના હસ્તના આલંબનથી ઉક્તદોષની નિવૃત્તિ દ્વારા=પૂર્વમાં કહેલ પાપિષ્ઠ આદિ દોષોની નિવૃત્તિ દ્વારા, અને સુવાસનાની પ્રવૃત્તિ દ્વારા=તત્ત્વના પક્ષપાતરૂપ ઉત્તમ વાસનાથી સન્માર્ગમાં પ્રવૃત્તિ દ્વારા, પુણ્યાનુબંધી પુણ્યથી પ્રાપ્ત થતા ભોગને ઉચિત એવા સ્થાનરૂપ પરમપદને પામ્યા=પરંપરાએ મોક્ષનું કારણ બને એવા ઉચિત દેવભવને પામ્યા. એથી કરાયેલા પાપના અનુબંધને હરનારપણું હોવાને કારણે=પૂર્વમાં કરાયેલા પાપના અનુબંધનું હરનારપણું હોવાને કારણે ગુરુ જ આશ્રયણીય છે. ॥૬॥

❖ 'तेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે પાપિષ્ઠ આદિ દોષોવાળા નથી, તેઓને તો ગુરુ હસ્તના આલંબન દ્વારા પરમપદને પ્રાપ્ત કરાવે છે, પરંતુ પાપિષ્ઠ આદિ દોષોવાળા એવા પ્રદેશી રાજા વગેરેને પણ ગુરુ હસ્તના આલંબન દ્વારા પરમપદને પ્રાપ્ત કરાવે છે.

ભાવાર્થ :-

પ્રદેશી રાજા આત્માના અસ્તિત્વને સ્વીકારતા ન હતા. તેથી બાહ્ય રીતે લોકોના હિતને કરે તેવા દયાળુ હોવા છતાં પરલોક, પુણ્ય, પાપનો સર્વથા અપલાપ કરનારા હતા, માટે અતિશય પાપી હતા.

વળી તત્ત્વની વિચારણામાં વિપર્યાસદોષ ઘણો હોવાથી દુષ્ટ હતા. તેથી યોગીઓને સાંભળવાને અભિમુખ-ભાવવાળા પણ ન હતા.

વળી આત્મા આદિ નથી તેવી કુવાસનાથી સ્તબ્ધતા દોષવાળા હતા, જેને કારણે તત્ત્વની વાત સાંભળવા પ્રત્યે પણ ધીઠ્ઠા જેવું વર્તન કરનારા હતા.

વળી સ્વમતિકલ્પના પ્રમાણે પરલોક નથી, તેવો નિર્ણય કરનારા હોવાથી તેઓમાં સ્વચ્છંદતાદોષ હતો, તેથી નિર્લજ્જ હતા.

આવા પણ પ્રદેશી રાજા વગેરેને કેશીગણધરાદિ ગુરુનો યોગ થયો, તો સંસારસમુદ્રમાં ડૂબતા એવા તેઓને તત્ત્વ બતાવવા દ્વારા હસ્તના આલંબનથી ગુરુએ સંસારસમુદ્રમાંથી ઉગાર્યા. ગુરુયોગના કારણે પૂર્વમાં બતાવેલા પાપિષ્ઠ આદિ દોષોની તેમનામાંથી નિવૃત્તિ થઈ, અને આત્મા વગેરે તત્ત્વો પ્રત્યે પક્ષપાત કરાવે તેવી ઉત્તમ વાસના થવાથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ થઈ. તેથી દુર્ગતિગામી એવા પણ પ્રદેશી રાજા વગેરે પુણ્યાનુબંધીપુણ્યના ફળસ્વરૂપ મોક્ષના અવંધ્યકારણરૂપ એવા દેવલોકને પામ્યા. તેથી ભૂતકાળમાં કરાયેલા પાપના ફળને હરનારા ગુરુ છે, માટે ગુરુ જ આશ્રય કરવા યોગ્ય છે. આ પ્રકારનો શ્રોતાને બોધ કરાવીને ગુરુતત્ત્વના નિર્ણયને અભિમુખ કરવા અર્થે ગ્રંથકારશ્રીએ ગુરુનું પારમાર્થિક માહાત્મ્ય બતાવેલ છે. ॥૬॥

ગાથા :-

उज्झियघरवासाण वि, जं किर कट्ठस्स णत्थि साफल्लं ।
तं गुरुभत्तीए च्चिय, कोडिन्नाईण व हविज्जा ।।७।।

અન્વયાર્થ :-

उज्झियघरवासाण वि=ત્યાગ કર્યો છે ગૃહવાસ એવા પણ સાધકોના, कट्ठस्स=કષ્ટનું, किर=ખરેખર, जं साफल्लं=જે સાફલ્ય, णत्थि=નથી, तं=તે=કષ્ટનું સાફલ્ય, कोडिन्नाईण व=કોડિન્ય આદિ તાપસોની જેમ, गुरुभत्तीए च्चिय=ગુરુભક્તિથી જ, हविज्जा=થાય. ॥૭॥

ગાથાર્થ :-

ત્યાગ કર્યો છે ગૃહવાસ જેમણે એવા પણ સાધકોના કષ્ટનું ખરેખર જે સાફલ્ય નથી, તે=કષ્ટનું સાફલ્ય, કોડિન્ય આદિ તાપસોની જેમ ગુરુભક્તિથી જ થાય. ॥૭॥

टीका :-

'उज्झिय'त्ति । उज्झितगृहवासानामपि चतुर्थादिकारिणां बालतपस्विनां यत्किल कष्टस्य नास्ति साफल्यं तद् गुरुभक्त्यैव कोडिन्यादीनां=गौतमगुरूपसम्पत्तिप्रभावप्राप्तकेवलज्ञानानां पञ्चदशशततापसानाम्, इव भवेत्, अतः कष्टस्य साफल्यं गुरुभक्तिप्रयुक्तं तद्वैफल्यं चातद्भावप्रयुक्तमित्यन्वयव्यतिरेकाभ्यां क्रियाफलहेतुभूतभक्तिकतया गुरुरेवादरणीय इति भावः ।।७।।

टीकार्थ :-

उज्झितगृहवासानामपि ..... गुरुरेवादरणीय इति भावः ।। त्याग कर्यो छे गृहवास जेमणे એવા પણ ચોથભક્ત આદિ કરનારા બાલતપસ્વીઓના કષ્ટનું ખરેખર જે સાફલ્ય નથી, તે=સાફલ્ય, કોડિન્ય આદિ તાપસોની જેમ=ગુરુ ગૌતમસ્વામીની પ્રાપ્તિના પ્રભાવથી પામેલા કેવલજ્ઞાનવાળા પંદરસો તાપસોની જેમ, ગુરુભક્તિથી જ થાય. આથી કષ્ટનું સાફલ્ય ગુરુભક્તિપ્રયુક્ત છે, અને તેનું વૈફલ્ય= કષ્ટનું વૈફલ્ય, અતદ્ભાવપ્રયુક્ત છે=ગુરુની ભક્તિના અભાવપ્રયુક્ત છે. એ પ્રકારે અન્વય, વ્યતિરેક દ્વારા ક્રિયાના ફળના હેતુભૂત ભક્તિકપણાથી ગુરુ જ આદરણીય છે એ પ્રકારનો ભાવ છે. ।।૭।।

❖ 'उज्झितगृहवासानामपि'માં 'अपि'થી એ કહેવું છે કે જેઓએ ગૃહવાસનો ત્યાગ કર્યો નથી, એવા ચતુર્થભક્ત આદિ કરનારા જીવોના કષ્ટનું સાફલ્ય તો નથી, પરંતુ ગૃહવાસ ત્યાગ કર્યો છે એવા પણ ચતુર્થભક્ત આદિ કરનારાઓના કષ્ટનું સાફલ્ય નથી.

ભાવાર્થ :-

જે જીવો કલ્યાણના અર્થે ગૃહવાસને ત્યાંગ કરીને ઉપવાસ આદિ તપ કરે છે અને કષ્ટ વેઠે છે, પરંતુ જેઓને ભગવાનના શાસનનો સૂક્ષ્મબોધ થયો નથી, તેઓ અન્યદર્શનમાં રહેલા હોય કે જૈનદર્શનમાં રહેલા હોય તોપણ પરમાર્થથી બાલતપસ્વી છે; અને બાલતપસ્વી કદાગ્રહ વગરના હોય તો દેશઆરાધક છે, આમ છતાં સૂક્ષ્મબોધના અભાવને કારણે તેઓ જે ક્રિયાઓ કરે છે, તેના પારમાર્થિક ફળને પ્રાપ્ત કરી શકતા નથી, તેથી તેઓના કષ્ટનું સફળપણું નથી. તેવા જીવોના કષ્ટનું સફળપણું ગુરુભક્તિથી જ થાય છે.

જેમ ગુરુ ગૌતમસ્વામીની પ્રાપ્તિના કારણે કેવળજ્ઞાન પામ્યા છે તેવા પંદરસો તાપસોના કષ્ટમય તપનું સાફલ્ય ગુરુભક્તિથી જ થયું, તેથી ગુણવાન એવા ગુરુ પ્રત્યે જેમને ભક્તિ ઊઠે છે, એવા જીવો ગુણવાનને પરતંત્ર થઈને કષ્ટમય એવી ક્રિયા દ્વારા મોહનો નાશ કરવા સમર્થ બને છે. માટે અનુષ્ઠાનના સાફલ્યમાં ગુરુભક્તિ પ્રબળ કારણ છે, અને જેઓને ગુણવાન એવા ગુરુ પ્રત્યે ભક્તિ નથી, તેઓ સ્વચ્છંદપણે કષ્ટમય જીવન જીવે તોપણ મોહનું ઉન્મૂલન કરવા સમર્થ બનતા નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે ગુણવાનની પરતંત્રતાથી કષ્ટમય ક્રિયાનું સાફલ્ય છે, એ પ્રકારે અન્વયવ્યાપ્તિ છે, અને ગુણવાનની પરતંત્રતા વગર કરાયેલી મહાકષ્ટદાયી ક્રિયા પણ અફળ છે, એ પ્રકારે વ્યતિરેકવ્યાપ્તિ છે. તેથી અન્વય-વ્યતિરેકવ્યાપ્તિથી એ પ્રાપ્ત થયું કે કષ્ટમય ક્રિયાના ફળની પ્રાપ્તિ પ્રત્યે અનન્ય ઉપાયભૂત

ગુણવાનના પારતંત્ર્યરૂપ ગુરુભક્તિ કારણ છે. તેથી તેવી ગુરુભક્તિથી ગુરુ જ આદરણીય છે.

અહીં ક્રિયાફળ-હેતુભૂત-ભક્તિપણાથી ગુરુ જ આદરણીય છે તેમ કહ્યું, તેથી એ પ્રાપ્ત થાય કે પોતે જે અનુષ્ઠાન સેવે છે, તે અનુષ્ઠાનના પારમાર્થિક ફળની પ્રાપ્તિનું કારણ ગુણવાન ગુરુનું પારતંત્ર્ય છે, અને ગુણવાન ગુરુના પારતંત્ર્ય અનુસાર ક્રિયા કરવામાં આવે તો ક્રિયાના ફળની પ્રાપ્તિ થાય, અન્યથા નહિ. તેથી ક્રિયાના ફળના અર્થીએ ગુણવાન ગુરુની આજ્ઞાના નિયંત્રણ નીચે ક્રિયામાં યત્ન કરવો જોઈએ, જેથી તે ક્રિયાઓ મોહના ઉન્મૂલનનું કારણ બને. **॥૭॥**

ગાથા :-

दुहगब्भि मोहगब्भे, वेरग्गे संठिया जणा बहवे ।
गुरुपरतंताण हवे, हंदि तयं नाणगब्भं तु ।।८।।

અન્વયાર્થ :-

दुहगब्भि मोहगब्भे वेरग्गे=દુઃખગર્ભ અને મોહગર્ભ વૈરાગ્યમાં, बहवे जणा=ઘણા લોકો, संठिया=રહેલા છે, तु=વળી, नाणगब्भं तयं=જ્ઞાનગર્ભ તે=જ્ઞાનગર્ભવૈરાગ્ય, गुरुपरतंताण=ગુરુપરતંત્ર જીવોને, हवे=થાય છે, हंदि=ઉપદર્શનમાં છે. ।।૮।।

ગાથાર્થ :-

દુઃખગર્ભ અને મોહગર્ભ વૈરાગ્યમાં ઘણા લોકો રહેલા છે, વળી જ્ઞાનગર્ભવૈરાગ્ય ગુરુપરતંત્ર જીવોને થાય છે. ।।૮।।

ટીકા :-

'दुह' त्ति । दुःखगर्भे मोहगर्भे च वैराग्ये बहवो जनाः संस्थिताः, आर्त्तध्यानपारवश्येन क्षणिक-नैरात्म्यादिवासनायोगेन च बाह्यानां पार्श्वस्थनिह्नवादिवासनाविप्रलब्धत्वेन च जैनाभासानां बहूनां वैराग्यलिङ्गधारणोपलम्भात्, ज्ञानगर्भं तु तद्=वैराग्यं, 'हन्दी' त्युपदर्शने गुरुपरतन्त्राणां भवेत्, गुरुपरतन्त्रताया एव ज्ञानलक्षणत्वात् "गुरुपारतंत नाणं" इति वचनात्, अतो ज्ञानगर्भवैराग्याधायकतयापि गुरुरेव गरीयानिति भावः ।।८।।

ટીકાર્થ :-

दुःखगर्भे ..... गरीयानिति भावः ।। દુઃખગર્ભવૈરાગ્યમાં ઘણા લોકો રહેલા છે; કેમ કે આર્તધ્યાનના પારવશ્યથી ઘણા જીવોને વૈરાગ્યલિંગના ધારણનો ઉપલંભ છે=ઘણા જીવો વૈરાગ્યલિંગને ધારણ કરેલા પ્રાપ્ત થાય છે, અને મોહગર્ભવૈરાગ્યમાં ઘણા લોકો રહેલા છે; કેમ કે ક્ષણિક નૈરાત્મ્યાદિ વાસનાના યોગથી=ક્ષણિકવાદ આદિની વાસનાના યોગથી, બાહ્ય એવા ઘણાને=અન્ય દર્શનવાળા ઘણાને, અને પાર્શ્વસ્થ, નિહ્નવ આદિની વાસનાથી ઠગાયેલાપણાથી જૈનાભાસ એવા ઘણાને,

વૈરાગ્યલિંગની ધારણાનો ઉપલંભ છે, એ પ્રકારે અન્વય છે. વળી જ્ઞાનગર્ભ એવો તે=વૈરાગ્ય, ગુરુપરતંત્ર જીવોને હોય છે; કેમ કે ગુરુપરતંત્રતાનું જ જ્ઞાનલક્ષણપણું છે.

અહીં પ્રશ્ન થાય કે જ્ઞાન એ તો બોધાત્મક છે અને ગુરુપરતંત્રતા ક્રિયાત્મક છે, તેથી ગુરુપરતંત્રતાને જ્ઞાનનું લક્ષણ કઈ રીતે કહી શકાય ? તેથી શાસ્ત્રવચનના બળથી પારમાર્થિક જ્ઞાનનું સ્વરૂપ બતાવવા અર્થે હેતુ કહે છે –

ગુરુપરતંત્રપણું જ્ઞાન છે **એ પ્રકારનું વચન છે. આથી જ્ઞાનગર્ભવૈરાગ્યના આધાયકપણાથી ગુરુ જ શ્રેષ્ઠ છે, એ પ્રકારનો ભાવ છે. ॥૮॥**

❖ 'क्षणिकनैरात्म्यादिवासनायोगेन'માં 'आदि'પદથી એકાંતનિત્યનું ગ્રહણ કરવું.

❖ 'पार्श्वस्थनिह्नवादिवासनाविप्रलब्धत्वेन'માં 'आदि'પદથી શાસ્ત્રના પદાર્થમાં વિપરીત બોધવાળા સાધુનું ગ્રહણ કરવું.

❖ 'ज्ञानगर्भवैराग्याधायकतयापि'માં 'अपि'થી એ કહેવું છે કે સંયમની ક્રિયાના ફળના હેતુભૂત ભક્તિરૂપે તો ગુરુ આદરણીય છે, પરંતુ વૈરાગ્યઆધાયકપણાથી પણ ગુરુ જ શ્રેષ્ઠ છે.

ભાવાર્થ :-

સંસારમાં ઘણા જીવોને પ્રતિકૂળ સંયોગ હોવાને કારણે વૈરાગ્ય થાય છે. એ વૈરાગ્ય પાછળ સંસારના વાસ્તવિક સ્વરૂપનું પર્યાલોચન હોતું નથી, પરંતુ દુઃખોને જોઈને, દુઃખથી કંટાળેલા જીવો, દુઃખમાંથી છૂટવાના ઉપાયરૂપે સંયમને ગ્રહણ કરે છે. તેવા જીવોની ત્યાગની આચરણા આર્તધ્યાનથી થતી હોય છે; કેમ કે દુઃખો પ્રત્યેનો દ્વેષ ત્યાગમાં પ્રવર્તક છે, પરંતુ સંસારના પારમાર્થિક સ્વરૂપનું પર્યાલોચન ત્યાગમાં પ્રવર્તક નથી. તેથી તેવા જીવોને દુઃખગર્ભિત વૈરાગ્ય છે.

'જગતના પદાર્થો ક્ષણિક છે, અને જ્ઞાનથી અતિરિક્ત આત્મા નથી, પરંતુ પોતાને અનુભવાતી જ્ઞાનની સંતતિરૂપ જ આત્મા છે, પણ જ્ઞાનના આધારભૂત આત્મા નથી,' તેવું કેટલાક અન્ય દર્શનવાળા માને છે. તેવા નૈરાત્મ્યવાદી બૌદ્ધદર્શનની વાસનાના યોગથી પદાર્થને ક્ષણિક માનનારા અન્ય દર્શનમાં રહેલા ઘણા વૈરાગ્યના લિંગને ધારણ કરનારા દેખાય છે=સંન્યાસવેષને ધારણ કરનારા દેખાય છે, તેઓને મોહગર્ભિત વૈરાગ્ય છે. વળી કેટલાક આત્માને એકાંતનિત્ય માનનારા છે, અને આત્મા એકાંતનિત્ય છે, તેવી વાસનાના યોગથી અન્યદર્શનવાળા ઘણા વૈરાગ્ય લિંગને ધારણ કરનારા દેખાય છે, તેઓને પણ મોહગર્ભિત વૈરાગ્ય છે.

આ બન્ને પ્રકારના મોહગર્ભિત વૈરાગ્યવાળા જીવોને પદાર્થના વાસ્તવિક અનુભવાતા સ્વરૂપમાં મોહ વર્તી રહ્યો છે, તેથી સ્વપ્રતીતિ પ્રમાણે અન્વયવ્યતિરેકવાળા અનુભવાતા આત્મામાં વ્યામોહ વર્તે છે; અને તે વ્યામોહને કારણે સંસાર પ્રત્યે વૈરાગ્ય થયેલો છે, પરંતુ સંસારના વાસ્તવિક સ્વરૂપના સમાલોચનમાંથી ઊઠેલો વૈરાગ્ય નથી. માટે તેઓને મોહગર્ભિત વૈરાગ્ય છે.

વળી જેમ અન્યદર્શનવાળા તત્ત્વના વિષયમાં મોહવાળા છે અને વૈરાગ્યના લિંગને ધારણ કરે છે, તેમ જૈનદર્શનમાં રહેલા પણ પાર્શ્વસ્થ કે નિહ્નવ આદિના પરિચયને કારણે પદાર્થના વાસ્તવિક સ્વરૂપથી વિપરીત વાસનાથી ઠગાયેલા એવા ઘણા જૈનાભાસો વૈરાગ્ય લિંગને ધારણ કરનારા ઉપલબ્ધ થાય છે,

તેઓને પણ સંસારના વાસ્તવિક પદાર્થનો બોધ નથી; પરંતુ અન્ય દર્શનવાળા જીવોને જેમ એકાંતવાદનો મોહ છે, તેમ જૈનાભાસ એવા તેઓને તત્ત્વના વિષયમાં વિપર્યાસ વર્તે છે. તેથી તે સર્વ જીવો મોહગર્ભિત વૈરાગ્યવાળા છે.

વળી જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ગુરુપરતંત્ર જીવોને હોય છે. આશય એ છે કે ગુરુને પરતંત્ર હોય તેવા કોઈપણને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય માનો તો પાર્શ્વસ્થ, નિહ્નવ આદિથી ઠગાયેલા પણ પાર્શ્વસ્થ આદિના પારતંત્ર્યથી સંયમ પાળે છે, તેથી તેઓને પણ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય માનવો પડે. વસ્તુતઃ પરમગુરુ એવા સર્વજ્ઞના વચનને પરતંત્ર હોય એવા ગુણવાન ગુરુ, જે સર્વજ્ઞએ બતાવેલો માર્ગ યથાર્થ બતાવતા હોય, એવા ગુરુને આત્મસમર્પણ કરીને તેઓના નિયંત્રણ નીચે મન-વચન-કાયાની ઉચિત પ્રવૃત્તિ કરતા હોય તેવા સંયમી સાધુઓને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે; કેમ કે ગુરુપરતંત્રતા એ જ્ઞાનનું લક્ષણ છે. તેથી જે સાધુઓ ગુણવાન ગુરુને પરતંત્ર છે, તે સાધુઓમાં સમ્યગ્જ્ઞાન છે અને તે સમ્યગ્જ્ઞાનને કારણે તેઓ ભવથી વિરક્ત છે. માટે તેઓમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે.

અહીં પ્રશ્ન થાય કે જ્ઞાન તો યથાર્થ બોધાત્મક છે અને ગુરુની પરતંત્રતા એ તો ક્રિયાત્મક પ્રવૃત્તિ છે, તેથી ગુરુપરતંત્રતાને જ્ઞાનનું લક્ષણ કેમ કહી શકાય ? તેથી શાસ્ત્રવચનના બળથી ગુરુપરતંત્ર જ્ઞાન છે, એમ ગ્રંથકારશ્રી બતાવે છે.

તેનાથી એ પ્રાપ્ત થાય કે જે જીવોને સંસારનું વાસ્તવિક સ્વરૂપ જણાયું છે અને તેના નિસ્તારનો ઉપાય સર્વજ્ઞના વચનને પરતંત્ર એવા ગુણવાન ગુરુ છે એવો સ્થિર નિર્ણય થયો છે, તે જીવોને સમ્યગ્જ્ઞાન છે, અને આવા સમ્યગ્જ્ઞાનને કારણે ભવથી ભય પામેલા જીવો ગુણવાન ગુરુ પાસે સંયમ ગ્રહણ કરે છે અને સંયમ ગ્રહણ કરીને તેઓને પરતંત્ર થાય છે, તેઓને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે; અને ગુણવાન ગુરુનું પરતંત્રપણું સમ્યગ્જ્ઞાનનું કાર્ય છે, તેથી સમ્યગ્જ્ઞાનના કાર્યને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ કહ્યું છે.

આનાથી એ ફલિત થાય કે સમ્યગ્જ્ઞાન ગુણવાન ગુરુની પરતંત્રતા પ્રાપ્ત કરાવે છે, તેથી ગુણવાન ગુરુને પરતંત્ર થયેલા જીવોમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. આથી જ્ઞાનગર્ભિત વૈરાગ્યના આધાયકપણાથી પણ ગુરુ જ શ્રેષ્ઠ છે, એ પ્રકારનો ભાવ છે. ॥૮॥

ગાથા :-

अम्हारिसा वि मुक्खा, पंतीए पंडिआण पविसंति ।
अण्णं गुरुभत्तीए, किं विलसिअमब्भुअं इत्तो ? ।।९।।

અન્વયાર્થ :-

[यद्=જે કારણથી,] अम्हारिसा वि मुक्खा=અમારા જેવા પણ મૂર્ખા, पंडिआण पंतीए=પંડિતોની પંક્તિમાં, पविसंति=પ્રવેશ કરે છે, गुरुभत्तीए=ગુરુભક્તિનું, इत्तो=આનાથી, अण्णं किं=બીજું શું, अब्भुअं विलसिअं=અદ્‌ભુત વિલસિત હોય ? ॥૯॥

ગાથાર્થ :-

જે કારણથી અમારા જેવા મૂર્ખા પણ પંડિતોની પંક્તિમાં પ્રવેશ કરે છે, ગુરુભક્તિનું આનાથી બીજું શું અદ્‌ભુત વિલસિત હોય ? ।।૯।।

ટીકા :-

'अम्हारिसा वि' त्ति । अस्मादृशा अपि मूर्खा यदिति गम्यं पण्डितानां=धर्मग्रन्थकरणपेशलमतीनां पङ्क्तौ प्रविशन्ति, गुरुभक्तेरितोऽन्यत्किमद्‌भुतं विलसितम् ?, पाषाणनर्त्तनानुकारः खल्वयं दुष्करानुष्ठानप्रकार इत्यचिन्त्यसामर्थ्यो गुरुरेव ।।९।।

ટીકાર્થ :-

अस्मादृशा अपि ..... गुरुरेव ।। જે કારણથી અમારા જેવા મૂર્ખા પણ ધર્મગ્રંથની રચના કરવામાં કુશળમતિવાળા પંડિતોની પંક્તિમાં પ્રવેશ કરે છે, આનાથી=મૂર્ખા પણ પંડિત બન્યા આનાથી, ગુરુભક્તિનું બીજું શું અદ્‌ભુત વિલસિત હોય ? પાષાણના નર્તનને અનુસરનાર એવો આ=મૂર્ખાઓને પંડિત બનાવવું એ, દુષ્કર અનુષ્ઠાનનો પ્રકાર છે. એથી અચિંત્ય સામર્થ્યવાળા ગુરુ જ છે.

શ્લોકમાં 'यद्' અધ્યાહાર છે, એ બતાવવા માટે ટીકામાં 'यदिति गम्यं' એમ કહેલ છે. ।।૯।।

❖ 'अस्मादृशा अपि'માં 'अपि'થી એ કહેવું છે કે શાસ્ત્રવિષયક ઘણા જ્ઞાનવાળા કોઈક હોય તેવાઓ તો ગુરુના પ્રભાવથી પંડિતોની પંક્તિમાં બેસે, પરંતુ શાસ્ત્રવિષયક મૂર્ખ એવો પણ ગ્રંથકારશ્રીનો આત્મા પંડિતોની પંક્તિમાં પ્રવેશ કરે છે, એ ગુરુનું જ સામર્થ્ય છે.

ભાવાર્થ :-

સંયમ લેતાં પૂર્વે ગ્રંથકારશ્રી વિદ્વાન ન હતા, છતાં સંયમ ગ્રહણ કરીને ગુરુ પાસેથી ધર્મશાસ્ત્રો ભણ્યા, ધર્મગ્રંથોમાં કુશળ થયા, અને શિષ્યની ઘણી પ્રજ્ઞા જોઈને ગુરુએ તેમને વિદ્વાન બનાવવા માટે કાશીમાં ભણવાની વ્યવસ્થા કરી. ત્યાં વર્તમાનમાં ઉપલબ્ધ ગ્રંથોના પારને પામીને ગ્રંથકારશ્રી ધર્મગ્રંથ રચવામાં કુશળ મતિવાળા થયા, જેથી ધર્મગ્રંથોને રચનારા એવા પંડિતોની પંક્તિમાં પ્રવેશ પામ્યા, તેમાં ગ્રંથકારશ્રીમાં વર્તતી ગુરુ પ્રત્યેની ભક્તિ કારણ છે. તે ભક્તિને કારણે ગ્રંથકારશ્રીને ગુરુએ પોતાની શક્તિ પ્રમાણે શાસ્ત્રમાં સમર્થ બનાવ્યા, અને જ્યાં પોતાનું સામર્થ્ય ન હતું, ત્યાં ઉચિત સામગ્રી પ્રાપ્ત કરાવીને પૂર્વના મહાપુરુષોનાં શાસ્ત્રોમાં નિપુણ કર્યા. તેથી ગ્રંથકારશ્રીને નિપુણ કરવામાં જે જે મહાપુરુષોના ગ્રંથો અને પોતાના ગુરુનો ઉપકાર છે, તેના કારણે તે તે સર્વ ગુરુઓ પ્રત્યે ગ્રંથકારશ્રીને ભક્તિ છે, અને તે ભક્તિથી મૂર્ખા એવા પોતે પણ પંડિતોની પંક્તિમાં પ્રવેશ પામ્યા, તેથી ગુરુભક્તિનો આ અદ્‌ભુત વિલાસ છે.

જેમ કોઈ કુશળ શિલ્પી પાષાણમાંથી નૃત્ય કરતી નર્તિકા બનાવે ત્યારે આ પાષાણ છે તેમ ન લાગે, પરંતુ સાક્ષાત્ નર્તિકા દેખાય, તેમ પોતે મૂર્ખ હતા છતાં ગુરુભક્તિને કારણે પોતે મૂર્ખ દેખાતા નથી, પરંતુ વિદ્વાન દેખાય છે, તે પાષાણને નર્તિકા બનાવવા જેવું દુષ્કર અનુષ્ઠાન છે; અને આ દુષ્કર અનુષ્ઠાન

કરવામાં અચિંત્ય સામર્થ્યવાળા ગુરુ જ કારણ છે. માટે સાચા ગુરુની પ્રાપ્તિ અતિ ઉપકારક છે. તેથી ગુરુતત્ત્વના નિશ્ચય અર્થે જિજ્ઞાસુને અભિમુખ કરવા માટે ગ્રંથકારશ્રીએ ગુરુનું અદ્‌ભુત માહાત્મ્ય છે, એમ કહ્યું છે. ॥૯॥

ગાથા :-

सक्का वि णेव सक्का, गुरुगुणगणकित्तणं करेउं जे ।
भत्तीइ पेलिआण वि, अण्णेसिं तत्थ का सत्ती ?।।१०।।

અન્વયાર્થ :-

सक्का वि=ઈન્દ્રો પણ, गुरुगुणगणकित्तणं करेउं=ગુરુના ગુણના સમુદાયનું કીર્તન કરવા માટે, सक्का णेव=સમર્થ નથી જ, भत्तीइ पेलिआण वि अण्णेसिं=ભક્તિથી પ્રેરિત એવા પણ અન્યોની=ભક્તિથી પ્રેરિત એવા પણ પોતાના જેવા ઈન્દ્રોથી નાના માણસોની, तत्थ=ત્યાં=ગુરુના ગુણના સમુદાયના કીર્તનમાં, का सत्ती=કઈ શક્તિ ?=શક્તિ નથી. ॥૧૦॥

ગાથાર્થ :-

ઈન્દ્રો પણ ગુરુના ગુણના સમુદાયનું કીર્તન કરવા માટે સમર્થ નથી જ. ભક્તિથી પ્રેરિત એવા પણ પોતાના જેવા, ઈન્દ્રોથી નાના માણસોની, ગુરુના ગુણના સમુદાયના કીર્તનમાં કઈ શક્તિ ? ॥૧૦॥

ટીકા :-

'सक्का वि'त्ति । शक्रा अपि=इन्द्रा अपि, गुरुगुणगणकीर्त्तनं नैव कर्त्तुं शक्ताः, 'जे' इति पादपूरणार्थो निपातः, तत्र=गुरुगुणगणकीर्त्तने, भक्तिप्रेरितानामप्यन्येषां=मादृशमनुजानां, का शक्तिः? तथा चानिर्वचनीयानन्तगुणगरिमभाजनं गुरुरिति कियन्तस्तद्‌गुणा वक्तुं शक्यन्ते?, श्रोतृप्रोत्साहनार्थं दिग्दर्शनमात्रं पुनरेतदिति भावः ।।१०।।

ટીકાર્થ :-

'शक्रा अपि' ..... पुनरेतदिति भावः ।। શક્રો પણ=ઇંદ્રો પણ, ગુરુના ગુણના સમુદાયનું કીર્તન કરવા માટે સમર્થ નથી જ. ત્યાં=ગુરુના ગુણના સમુદાયના કીર્તનમાં, ભક્તિથી પ્રેરિત એવા પણ અન્યોની=મારા જેવા મનુષ્યોની, કઈ શક્તિ ? અને તે રીતે=ગુણવાન ગુરુના ગુણોનું કીર્તન સામાન્ય મનુષ્યોથી અશક્ય છે તે રીતે, અનિર્વચનીય અનંત ગુણોની ગરિમાનું ભાજન ગુરુ છે. એથી તેમના કેટલા ગુણો કહેવા માટે શક્ય છે ? શ્રોતાના પ્રોત્સાહન માટે દિગ્દર્શનમાત્ર વળી આ છે=ગાથા-૨થી ૧૦ સુધી વર્ણન કર્યું એ ગુરુગુણનું કીર્તન છે, એ પ્રકારનો ભાવ છે. ગાથામાં 'जे' શબ્દ પાદપૂરણ માટે નિપાત છે. ॥૧૦॥

❖ 'भक्तिप्रेरितानामपि'માં 'अपि'થી એ કહેવું છે કે ભક્તિથી પ્રેરિત ન હોય તે તો ગુરુના ગુણનું કીર્તન કરવા સમર્થ નથી, પરંતુ ભક્તિથી પ્રેરિત પણ મારા જેવા ગુરુના ગુણના સમુદાયનું કીર્તન કરવા સમર્થ નથી.

ભાવાર્થ :-

સંસારમાં જીવોને ગુણની પ્રાપ્તિ અતિ દુષ્કર છે, આથી સંસારમાં જીવો અનંતકાળથી ભટકે છે, છતાં યોગમાર્ગની પ્રાપ્તિ કરીને આત્મિક ગુણોને પ્રાપ્ત કરી શક્યા નહિ. તેવા ગુણોની પ્રાપ્તિમાં અનન્ય કારણભૂત એવા ગુરુના ગુણોના સમુદાયને કહેવા માટે શક્ર પણ સમર્થ નથી; કેમ કે ભાષાની મર્યાદા છે અને પરને ઉપકાર કરે એવો ગુરુના ગુણોનો સમુદાય ઘણો છે. તેથી શક્રની પણ શક્તિ નથી કે તેમના ગુણોનું વર્ણન કરી શકે. આમ છતાં ગ્રંથકારશ્રીએ ગાથા-૨ થી ૧૦ સુધી ગુરુના ગુણોનું વર્ણન કરવા માટે પ્રયાસ કર્યો, તેથી ગ્રંથકારશ્રી કહે છે કે ભક્તિથી પ્રેરિત એવા મારા જેવા મનુષ્યોનું ગુરુના ગુણોને કહેવાનું સામર્થ્ય નથી, તોપણ શ્રોતાના પ્રોત્સાહન માટે દિશા બતાવવા પૂરતું આટલા ગુણોનું પોતે વર્ણન કર્યું છે.

વસ્તુતઃ જગતમાં કોઈનાથી જે પ્રાપ્ત ન થઈ શકે અને કોઈ પ્રાપ્ત ન કરાવી શકે એવો અપૂર્વ યોગમાર્ગ લોકોને આપીને પરમગુરુએ ઘણો ઉપકાર કર્યો છે, અને તે યોગમાર્ગની પ્રાપ્તિમાં પરમગુરુના વચનાનુસાર પ્રવૃત્તિ કરીને જે ગુરુ શિષ્યો ઉપર ઉપકાર કરે છે, તે ગુરુના ગુણોનું કીર્તન શબ્દોથી કઈ રીતે થઈ શકે અર્થાત્ અનિર્વચનીય એવા અનેક ગુણોનું ભાજન ગુરુ છે, તેવી બુદ્ધિ શ્રોતામાં નિષ્પન્ન કરવા અર્થે ગુરુના ગુણોનું કંઈક વર્ણન ગ્રંથકારશ્રીએ અહીં સુધી કર્યું, જેથી ગુણવાન ગુરુ કેવા હોય તેને જાણવાની શ્રોતાને અત્યંત જિજ્ઞાસા થાય અને પ્રસ્તુત ગ્રંથને અવધાનપૂર્વક સાંભળીને શ્રોતા ગુરુના સ્વરૂપનો બોધ કરે. **॥૧૦॥**

अवतरणिका :-

यत एवं तत आह –

અવતરણિકાર્થ :-

જે કારણથી આમ છે=પૂર્વમાં વર્ણન કર્યું એવા અનેક ગુણોથી યુક્ત ગુરુ છે એમ છે, તે કારણથી કહે છે=તે કારણથી શાસ્ત્રમાં જે કહ્યું છે તે કહે છે –

ગાથા :-

इत्तो गुरुकुलवासो, पढमायारो णिदंसिओ समए ।
उवएसरहस्साइसु, एयं च विवेइअं बहुसो ।।११।।

અન્વયાર્થ :-

इत्तो=આથી=યોગ્ય શિષ્યોને ઉપકાર કરે તેવા અનેક ગુણોથી યુક્ત ગુરુ છે આથી, समए=શાસ્ત્રમાં, गुरुकुलवासो=ગુરુકુલવાસ, पढमायारो णिदंसिओ=પ્રથમ આચાર બતાવાયો છે, च=અને, एयं=આ=ગુરુકુલવાસ પ્રથમ આચાર છે એ, उवएसरहस्साइसु=ઉપદેશરહસ્ય આદિ ગ્રંથોમાં, बहुसो=અનેક વખત, विवेइअं=વિવેચન કરાયું છે. ॥૧૧॥

ગાથાર્થ :-

યોગ્ય શિષ્યોને ઉપકાર કરે તેવા અનેક ગુણોથી યુક્ત ગુરુ છે, આથી શાસ્ત્રમાં ગુરુકુલવાસ પ્રથમ આચાર બતાવાયો છે; અને ગુરુકુલવાસ પ્રથમ આચાર છે એ ઉપદેશરહસ્ય આદિ ગ્રંથોમાં અનેક વખત વિવેચન કરાયું છે. ।।૧૧।।

ટીકા :-

'इत्तो'त्ति । इतः=अनन्तगुणोपेतत्वाद्, गुरोर्गुरुकुलवासः प्रथमाचारः समये=सिद्धान्ते, निदर्शितः, आचारस्यादावेव "सुअं मे आउसंतेणं" **इति सूत्रस्य निर्देशात्, एतच्च उपदेशरहस्यादिषु, आदिना यतिलक्षणसमुच्चयादिपरिग्रहः, बहुशः=बह्वीर्वाराः, विवेचितम् उपदेशपदपञ्चाशकादिग्रन्थानुसारेण विशिष्य निर्णीतमिति तत एवैतत्तत्त्वमवसेयं नेह भूयः प्रयासः ।।११।।**

ટીકાર્થ :-

इतः ..... भूयः प्रयासः ।। આથી=ગુરુનું અનંતગુણથી યુક્તપણું હોવાથી, સમયમાં=સિદ્ધાંતમાં, ગુરુકુલવાસ પ્રથમ આચાર બતાવાયો છે; કેમ કે આચારની=આચારાંગ સૂત્રની, આદિમાં જ 'सुअं मे आउसंतेणं'=વસતા એવા મારા વડે સંભળાયું છે, **એ પ્રમાણે સૂત્રનો નિર્દેશ છે, અને આ=ગુરુકુલવાસ પ્રથમ આચાર છે એ, ઉપદેશરહસ્ય આદિ ગ્રંથોમાં ઘણી વખત વિવેચન કરાયું છે=ઉપદેશપદ, પંચાશક આદિ ગ્રંથ અનુસારે વિશેષ કરીને નિર્ણય કરાયો છે. એથી તેનાથી જ=ઉપદેશરહસ્ય આદિ ગ્રંથોથી જ, આનું તત્ત્વ=ગુરુકુલવાસ પ્રથમ આચાર છે એ કથનનું તત્ત્વ, જાણવું. અહીં=પ્રસ્તુત ગ્રંથમાં, ફરી પ્રયાસ કરાતો નથી.**

'उपदेशरहस्यादिषु'માં 'आदि' પદથી यतिलक्षणसमुच्चयादिનું ગ્રહણ કરવું. ।।૧૧।।

ભાવાર્થ :-

શિષ્યને કલ્યાણમાર્ગમાં કારણ બને એવા અનેક ગુણોથી યુક્ત ગુરુ છે. આથી શાસ્ત્રમાં સાધુના સર્વ આચારોમાં પ્રથમ આચાર ગુરુકુલવાસ કહેલ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે યોગમાર્ગની પ્રાપ્તિ અતિદુષ્કર છે, વળી પ્રાપ્ત થયા પછી પણ આગળ આગળનો યોગમાર્ગ સ્વયં પ્રાપ્ત થતો નથી, પરંતુ ગુણવાન ગુરુ યોગમાર્ગની પ્રાપ્તિ કરાવે છે; અને યોગમાર્ગ પ્રાપ્ત થયા પછી પણ ગુણવાન ગુરુ ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષા દ્વારા અધિક અધિક યોગમાર્ગને પ્રાપ્ત કરાવે છે.

વળી, અનાદિકાળથી જીવને મોહના સંસ્કારો દૃઢ થયેલા છે, તેથી અતિકલ્યાણનું કારણ એવા યોગમાર્ગને પામીને પણ જીવ પ્રમાદવશ થાય તો વિનાશને પામે છે, અને ગુણવાન ગુરુનું પારતંત્ર્ય તેવા વિનાશથી જીવનું રક્ષણ કરે છે, અને યોગમાર્ગની પ્રવૃત્તિ કરતાં અનાભોગ આદિથી સ્ખલના થાય તેની પણ શુદ્ધિ કરાવીને શીઘ્ર સંસારના પારને પામવામાં ગુરુ પ્રબળ કારણ બને છે. આથી આચારાંગસૂત્રની આદિમાં "વસતા એવા મારા વડે ગુરુકુલવાસમાં સંભળાયું છે" તેમ બતાવીને યોગમાર્ગની પ્રાપ્તિમાં ગુરુકુલવાસ

પ્રબળ કારણ છે, તેમ બતાવેલ છે. માટે સર્વ કલ્યાણની પરંપરા ગુરુકુલવાસથી થાય છે, અને ગુરુકુલવાસનો અનાદર કરનારને સર્વ અનર્થોની પરંપરા પ્રાપ્ત થાય છે. માટે કેવા ગુરુના સાંનિધ્યમાં રહેવાથી આત્મકલ્યાણ થાય તેના માટે ગુરુતત્ત્વનો નિશ્ચય આવશ્યક છે. **॥૧૧॥**

અવતરણિકા :-

अत्रैवोपयुक्तं वक्तव्यशेषमाह –

અવતરણિકાર્થ :-

આમાં જ=ગુણવાન એવા ગુરુને પરતંત્ર થવામાં જ, ઉપયોગી એવા વક્તવ્યશેષને=અત્યાર સુધી જે વક્તવ્ય કર્યું એમાં બાકી રહેલા વક્તવ્યને, કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૨ થી ૧૦ સુધી જે કંઈ કથન કર્યું તે ગુરુને પરતંત્ર થવામાં ઉપયોગી વક્તવ્ય છે; કેમ કે તે વર્ણનને સાંભળીને યોગ્ય જીવને પરિણામ થાય છે કે જો ગુરુથી આટલા બધા લાભો થાય છે, તો મારે ગુરુને પરતંત્ર થવું જોઈએ. વળી આગમમાં પણ ગુરુકુલવાસ પ્રથમ આચાર કહેલ છે, માટે પણ ગુરુને પરતંત્ર થવું જોઈએ. આ રીતે ગુરુને પરતંત્ર થવામાં ઉપયોગી વક્તવ્ય અત્યાર સુધી બતાવ્યું, તેમાં બાકી રહેલ વક્તવ્યને પ્રસ્તુત ગાથાથી કહે છે –

ગાથા :-

इण्हिं पुण वत्तव्वं, ण णाममित्तेण होइ गुरुभत्ती ।
चउसु वि णिक्खेवेसुं, जं गेज्झो भावणिक्खेवो ।।१२।।

અન્વયાર્થ :-

इण्हिं=હવે, पुण=વળી, वत्तव्वं=વક્તવ્ય છે.

અને તે વક્તવ્ય બતાવે છે :

णाममित्तेण=નામમાત્રથી, गुरुभत्ती=ગુરુભક્તિ, ण होइ=થતી નથી, जं=જે કારણથી, चउसु वि णिक्खेवेसुं=ચારે પણ નિક્ષેપામાં, भावणिक्खेवो गेज्झो=ભાવનિક્ષેપો ગ્રાહ્ય છે=ભાવનિક્ષેપો સ્વાતંત્ર્યથી ઉપાદેય છે. ॥૧૨॥

ગાથાર્થ :-

હવે વળી વક્તવ્ય છે, અને તે વક્તવ્ય બતાવે છે –

નામમાત્રથી ગુરુભક્તિ થતી નથી, જે કારણથી ચારે પણ નિક્ષેપામાં ભાવનિક્ષેપો સ્વાતંત્ર્યથી ઉપાદેય છે. ॥૧૨॥

ટીકા :-

'इणिंह' ति । इदानीं पुनर्वक्तव्यमेतद् यदुत न नाममात्रेण गुरुभक्तिर्भवति, यद्=यस्मात्, चतुर्ष्वपि निक्षेपेषु भावनिक्षेपो ग्राह्यः=स्वातन्त्र्येणोपादेयः, अन्यथा हि स्वाभिप्रायाभिमतगुरुनामधारिणां सर्वेषामपि गुरुकुलवासप्रसक्तेः, न चैतदिष्टं, धर्माधर्मसङ्करप्रसङ्गादिति ।।१२।।

ટીકાર્થ :-

इदानीं ..... धर्माधर्मसङ्करप्रसङ्गादिति ।। હવે વળી આ વક્તવ્ય છે, અને તે વક્તવ્ય 'यदुत'થી બતાવે છે – નામમાત્રથી='આ મારા ગુરુ છે' એમ સ્વીકારમાત્રથી, ગુરુભક્તિ થતી નથી; જે કારણથી ચારે પણ નિક્ષેપામાં ભાવનિક્ષેપો ગ્રાહ્ય છે=ગુણવાન ગુરુને પરતંત્ર થવાના પરિણામરૂપ ભાવનિક્ષેપો સ્વાતંત્ર્યથી ઉપાદેય છે; કેમ કે અન્યથા=ભાવનિક્ષેપાને સ્વતંત્રપણાથી ઉપાદેય સ્વીકારવામાં ન આવે, અને 'આ મારા ગુરુ છે' તેમ નામમાત્રના સ્વીકારથી ગુરુના પારતંત્ર્યરૂપ ગુરુભક્તિ થાય છે તેમ સ્વીકારવામાં આવે, તો સ્વઅભિપ્રાયથી અભિમત એવા ગુરુના નામને ધારણ કરનારા બધાઓને= શાસ્ત્રમતિ અનુસાર ગુણવાન કે અગુણવાન એવા ગુરુની પરીક્ષા કર્યા વગર સ્વઅભિપ્રાયથી અભિમત એવા ગુરુને સ્વીકારીને 'આ મારા ગુરુ છે' એ પ્રકારનું નામ ધારણ કરનારા બધાઓને, પણ ગુરુકુલવાસની પ્રસક્તિ છે=ગુરુકુલવાસની પ્રાપ્તિ છે; અને આ=સ્વઅભિપ્રાયથી અભિમત એવા ગુરુને સ્વીકારીને ગુરુના નામને ધારણ કરનારા બધાને ગુરુકુલવાસ છે એ, ઈષ્ટ નથી=શાસ્ત્રસંમત નથી; કેમ કે ધર્મ અને અધર્મના સંકરનો પ્રસંગ છે=સ્વઅભિપ્રાયથી અભિમત ગુરુના નામને ધારણ કરનારા સાધુઓમાં ગુરુકુલવાસ સ્વીકારીએ તો તેઓની ગુરુકુલવાસની આચરણા ધર્મરૂપ બને અને શાસ્ત્રવિરુદ્ધ સંયમની ક્રિયા અધર્મરૂપ બને. માટે તેવા સાધુવેશધારીઓમાં ધર્મ-અધર્મના સંકરની પ્રાપ્તિ થાય. ।।૧૨।।

❖ 'चतुर्ष्वपि'માં 'अपि'થી એ કહેવું છે કે બે ત્રણ નિક્ષેપામાં તો ભાવનિક્ષેપો ગ્રાહ્ય છે, પરંતુ ચારે પણ નિક્ષેપામાં ભાવનિક્ષેપો ગ્રાહ્ય છે.

❖ 'सर्वेषामपि'માં 'अपि'થી એ કહેવું છે કે ભાવથી ગુણવાન ગુરુને જેઓ પરતંત્ર છે, તેઓમાં તો ગુરુકુલવાસ છે, પરંતુ સ્વઅભિપ્રાયથી અભિમત એવા ગુરુના નામને ધારણ કરનારા બધામાં પણ ગુરુકુલવાસની પ્રાપ્તિ છે.

ભાવાર્થ :-

ગુણવાન ગુરુની ભક્તિના વિષયમાં આ વક્તવ્ય છે, અને તે વક્તવ્ય ગ્રંથકારશ્રી બતાવે છે –

કોઈ જીવ સંસારથી વિરક્ત થઈને ગુરુને સ્વીકારે અને 'આ મારા ગુરુ છે' તેમ સ્વીકારીને, તેમના વચનાનુસાર પ્રવૃત્તિ કરતા હોય કે પોતાની મનસ્વીતાથી પ્રવૃત્તિ કરતા હોય, તો તેટલા નામમાત્રથી અર્થાત્ 'આ મારા ગુરુ છે' એ રૂપે નામના સ્વીકારમાત્રથી ગુરુભક્તિ થતી નથી; કેમ કે શાસ્ત્રમાં ચાર નિક્ષેપામાં ભાવનિક્ષેપો અન્ય નિક્ષેપાના પારતંત્ર્ય વગર સ્વતંત્રથી ઉપાદેય છે અર્થાત્ જે સંયમ લેનારને પરમગુરુના

વચનાનુસાર ચાલનારા એવા ગુણવાન ગુરુને પરતંત્ર થઈને સંસારથી તરવાનો અભિલાષ છે, અને તેથી સુગુરુનો નિર્ણય કરીને ભાવથી તેઓને પરતંત્ર છે, તે રૂપ ભાવનિક્ષેપો નિર્જરા પ્રત્યે સ્વતંત્રથી કારણ છે, અને નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપો ભાવને પરતંત્ર રહીને નિર્જરારૂપ ફળ પ્રત્યે કારણ છે, જે સ્વયં ગ્રંથકારશ્રી આગળ બતાવવાના છે.

વળી, જે સાધુઓ ગુણવાન ગુરુની પરીક્ષા કરીને ગુણવાન ગુરુને પરતંત્ર થવાના અધ્યવસાયવાળા નથી, પરંતુ પોતાના અભિપ્રાયથી અભિમત એવા ગુરુને નામમાત્રથી ગુરુરૂપે સ્વીકારીને સંયમની ક્રિયાઓ કરે છે, તેઓમાં ગુણવાન ગુરુની ભક્તિ નથી માટે ધર્મ નથી. આમ છતાં તેવા જીવોમાં નામમાત્રથી ગુરુભક્તિ સ્વીકારીએ તો, પોતાના અભિપ્રાયથી અભિમત એવા ગુરુને ગુરુરૂપે સ્વીકારીને સ્વમતિ પ્રમાણે ધર્મની આચરણા કરે છે, તે બધા સાધુઓમાં ગુરુકુલવાસ છે, તેમ માનવાની આપત્તિ આવે; અને તેવા સાધુઓમાં ગુરુકુલવાસ છે, એ શાસ્ત્રસંમત નથી; કેમ કે તેવો ગુરુકુલવાસ શાસ્ત્રસંમત છે તેમ સ્વીકારીએ તો એક બાજુ સ્વઅભિપ્રાયથી અભિમત એવા ગુરુને ગુરુ બનાવીને ધર્મઅનુષ્ઠાન સેવનારા સાધુઓમાં ગુરુકુલવાસરૂપ ધર્મ છે, અને બીજી બાજુ ભગવાનના વચનનિરપેક્ષ સંયમની ક્રિયાઓરૂપ અધર્મ છે. તેથી ગુરુકુલવાસરૂપ ધર્મ અને ભગવાનના વચનનિરપેક્ષ ક્રિયાઓરૂપ અધર્મ એ બન્નેના સંકરની પ્રાપ્તિ થાય.

અહીં વિશેષ એ છે કે શ્રાવકોમાં દેશવિરતિધર્મ છે, ત્યાં શાસ્ત્રકારોએ દેશથી ધર્મ અને દેશથી અધર્મ સ્વીકારેલ છે, તેથી શ્રાવકમાં ધર્માધર્મ છે; પરંતુ સાધુમાં ધર્માધર્મ નહિ પરંતુ સર્વવિરતિરૂપ પૂર્ણ ધર્મ છે, અને જેઓ નામમાત્રથી ગુરુ કરીને સ્વમતિઅનુસાર કે તેવા કુગુરુના વચન અનુસાર ધર્મઅનુષ્ઠાન સેવે છે, તેઓમાં ગુરુકુલવાસરૂપ ધર્મ નથી અને અન્ય આચરણાઓ પણ સ્વમતિ અનુસાર હોવાથી ધર્મરૂપ નથી, પરંતુ એકાંતે અધર્મ છે. આમ છતાં તેઓએ ગુરુને સ્વીકાર્યા છે, એટલા માત્રથી તેઓ ગુરુકુલવાસમાં છે, તેમ સ્વીકારીએ તો, ભગવાનની પ્રથમ આજ્ઞારૂપ ગુરુકુલવાસ તેઓમાં છે, તેમ સ્વીકારવું પડે, અને તે ગુરુકુલવાસ ધર્મરૂપ છે, તેમ માનવું પડે, અને તેમના અન્ય સર્વ આચારો અધર્મરૂપ છે તેમ માનવું પડે; કેમ કે ભગવાનના વચનાનુસાર નથી, માટે તેવા સર્વ સાધુઓમાં ધર્માધર્મ માનવાનો પ્રસંગ આવે. **॥૧૨॥**

અવતરણિકા :-

ભાવસ્યૈવ ગ્રાહ્યત્વે સિદ્ધાન્તસમ્મતિમુપદર્શયતિ –

અવતરણિકાર્થ :-

ભાવના જ ગ્રાહ્યપણામાં સિદ્ધાંતની સમ્મતિને બતાવે છે –

ભાવાર્થ :-

પૂર્વની ગાથા-૧૨માં કહ્યું કે નામમાત્રથી ગુરુના સ્વીકારથી ગુરુપારતંત્ર્યરૂપ ગુરુભક્તિ થતી નથી, પરંતુ ભાવથી ગુણવાન ગુરુને પારતંત્ર્યનો અધ્યવસાય હોય તો ગુરુપારતંત્ર્યરૂપ ગુરુભક્તિ થાય છે; અને તેમાં યુક્તિ આપેલ કે ચાર નિક્ષેપામાં ભાવનિક્ષેપો સ્વતંત્રથી ઉપાદેય છે, તેથી જે સાધુમાં ભાવથી ગુણવાનનું

પરતંત્રપણું છે, તેઓમાં ગુરુકુલવાસ છે, અન્યમાં નહિ, તેથી હવે ચાર નિક્ષેપામાં ભાવનિક્ષેપો સ્વતંત્રથી ગ્રાહ્ય છે, તેમાં સિદ્ધાંતની સંમતિને બતાવે છે –

ગાથા :-

तित्थयरसमा भावायरिया भणिया महाणिसीहम्मि ।
णामठवणाहिं दव्वायरिया अ णिओइयव्वा उ ।।१३।।

અન્વયાર્થ :-

महाणिसीहम्मि=મહાનિશીથ સૂત્રમાં, तित्थयरसमा भावायरिया=તીર્થંકર સમાન ભાવાચાર્ય, भणिया=કહેવાયા છે, अ=અને, दव्वायरिया=દ્રવ્યાચાર્ય, णामठवणाहिं=નામ અને સ્થાપના સાથે, णिओइयव्वा=નિયોગ કરવા. ।।૧૩।।

ગાથાર્થ :-

મહાનિશીથ સૂત્રમાં તીર્થંકર સમાન ભાવાચાર્ય કહેવાયા છે, અને દ્રવ્યાચાર્ય નામ અને સ્થાપના સાથે નિયોગ કરવા. ।।૧૩।।

ટીકા :-

'तित्थयर'त्ति । भावाचार्याः पञ्चविधाचारपालनतदुपदर्शनगुणान्वितास्तीर्थकरसमा महानिशीथे भणिताः, तथा च तदालापः- "से भयवं ! तित्थयरसंतियं आणं नाइक्कमिज्जा उदाहु आयरियसंतियं ? गोयमा ! चउव्विहा आयरिआ पण्णत्ता, तं०-नामायरिया १ ठवणायरिया २ दव्वायरिया ३ भावायरिआ य ४ । तत्थ णं जे ते भावायरिया ते तित्थयरसमा चेव दट्ठव्वा, तेसिं संतियं आणं नाइक्कमिज्ज" **त्ति । गच्छाचारप्रकीर्णकेऽप्युक्तं -** "तित्थयरसमो सूरी, सम्मं जो जिणमयं पयासेइ ।" **त्ति । द्रव्याचार्याश्च नामस्थापनाभ्यां नियोक्तव्याः ।।१३।।**

ટીકાર્થ :-

भावाचार्याः ..... नियोक्तव्याः ।। પંચવિધ આચારના પાલનગુણથી યુક્ત અને પંચવિધ આચારના ઉપદર્શનગુણથી યુક્ત=બીજાને પંચવિધ આચાર બતાવવારૂપ ગુણથી યુક્ત, ભાવાચાર્ય મહાનિશીથસૂત્રમાં તીર્થંકર સમાન કહેવાયા છે, અને તે પ્રકારે=ભાવાચાર્ય તીર્થંકર જેવા છે તે પ્રકારે, તેનો=મહાનિશીથનો, આલાવો છે :

હે ભગવંત ! 'તીર્થંકર સંબંધી આજ્ઞાનું અતિક્રમણ ન કરવું જોઈએ ? કે આચાર્ય સંબંધી આજ્ઞાનું અતિક્રમણ ન કરવું જોઈએ ?' આ પ્રકારનો પ્રશ્ન ગૌતમસ્વામી ભગવાનને કરે છે, તેને ભગવાન ઉત્તર આપે છે. હે ગૌતમ ! ચાર પ્રકારના આચાર્ય કહેવાયા છે, તે આ પ્રમાણે : (૧) નામાચાર્ય, (૨) સ્થાપનાચાર્ય, (૩) દ્રવ્યાચાર્ય અને (૪) ભાવાચાર્ય. ત્યાં=ચાર પ્રકારના આચાર્યમાં, જે ભાવાચાર્ય છે તે તીર્થંકર સમા જ જાણવા. તેઓના સંબંધી આજ્ઞાનું અતિક્રમણ કરવું જોઈએ નહિ.

'त्ति' શબ્દ મહાનિશીથસૂત્રના ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

ગચ્છાચાર પ્રકીર્ણકમાં પણ કહેવાયું છે : જે જિનમતને સમ્યક્ પ્રકાશે છે તે સૂરિ તીર્થંકર સમાન છે.

'त्ति' શબ્દ ગચ્છાચાર પ્રકીર્ણકના ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

અને દ્રવ્યાચાર્ય નામ અને સ્થાપના સાથે નિયોજન કરવા. ॥૧૩॥

ભાવાર્થ :-

અવતરણિકામાં કહેલ કે ભાવનિક્ષેપો સ્વતંત્રથી ઉપાદેય છે. તેમાં હવે સિદ્ધાંતની સંમતિ બતાવે છે. તે સંમતિ, ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું કે મહાનિશીથસૂત્રમાં ભાવાચાર્ય તીર્થંકરસમાન છે તેનાથી પ્રાપ્ત થાય છે. વળી સાક્ષીપાઠમાં પ્રશ્નોત્તર દ્વારા કહ્યું કે તીર્થંકરની આજ્ઞાનું અતિક્રમણ ન કરવું જોઈએ ? કે આચાર્યની આજ્ઞાનું અતિક્રમણ ન કરવું જોઈએ ? તેના ઉત્તરરૂપે કહ્યું કે ચાર પ્રકારના આચાર્ય છે અને તેમાં ભાવાચાર્ય તીર્થંકર જેવા છે અને તેઓની આજ્ઞાનું અતિક્રમણ કરવું જોઈએ નહિ. તેથી અર્થથી એ ફલિત થયું કે ભાવાચાર્યમાં ભાવનિક્ષેપો છે, માટે તેમની આજ્ઞાનું અતિક્રમણ કરવું જોઈએ નહિ. તેથી ભાવાચાર્યનો નિક્ષેપો સ્વતંત્રથી ઉપાદેય છે, એ અર્થ પ્રાપ્ત થાય છે.

વળી, ગાથાના ઉત્તરાર્ધથી કહ્યું કે દ્રવ્યાચાર્યને નામ અને સ્થાપના સાથે યોજવા. તેનાથી એ ફલિત થયું કે જો નામ અને સ્થાપના ભાવને પરતંત્ર હોય તો તે નામનિક્ષેપો અને સ્થાપનાનિક્ષેપો ઉપાદેય છે, અને ભાવને પરતંત્ર ન હોય તો તે નામનિક્ષેપો અને સ્થાપનાનિક્ષેપો ઉપાદેય નથી. તેમ દ્રવ્યાચાર્ય પણ નામનિક્ષેપાની જેમ યોજવા. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ ભાવનિક્ષેપાને પરતંત્ર નામ અને સ્થાપના ઉપાદેય છે, સ્વતંત્રથી નામ અને સ્થાપના ઉપાદેય નથી. તેમ દ્રવ્યાચાર્ય પણ ભાવાચાર્યને પરતંત્ર ઉપાદેય છે, સ્વતંત્ર દ્રવ્યાચાર્ય ઉપાદેય નથી. આ પ્રકારની વ્યાપ્તિ ગ્રંથકારશ્રી સ્વયં આગળ સ્પષ્ટ કરવાના છે.

આ કથન દ્વારા અર્થથી એ પ્રાપ્ત થાય કે નામનિક્ષેપો સ્વતંત્રથી ઉપાદેય નથી, પરંતુ ભાવનિક્ષેપાને પરતંત્ર ઉપાદેય છે, માટે જે સાધુ ભાવથી ગુણવાનને પરતંત્ર છે તે સાધુમાં વર્તતો ભાવનિક્ષેપો ગુણવાન સાધુને પરતંત્ર રહેલા સાધુમાં ગુરુકુલવાસ છે તેમ બતાવે છે અર્થાત્ તે સાધુમાં ભાવથી ગુણવાનના પારતંત્ર્યનો અધ્યવસાય છે, તેથી તેઓ ગુણવાન ગુરુને 'આ મારા ગુરુ છે' તેમ સ્વીકારે છે, અને તેથી તે સાધુનો નામથી પણ ગુરુનો સ્વીકાર ભાવને પરતંત્ર હોવાથી ગુરુભક્તિરૂપ છે; અને જે સાધુમાં ભાવથી ગુણવાનના પારતંત્ર્યનો પરિણામ નથી, પરંતુ સ્વઅભિપ્રાયથી અભિમત એવા ગુરુને ગુરુ તરીકે સ્વીકારીને સાધુપણું પાળવાનો પરિણામ છે, તે સાધુનો નામમાત્રથી ગુરુનો સ્વીકાર એ ગુરુપારતંત્ર્યરૂપ ગુરુભક્તિસ્વરૂપ નથી.

અહીં વિશેષ એ છે કે ભાવાચાર્ય સ્વતંત્રથી ઉપાદેય છે, અને ભાવાચાર્યના નામનો કોઈ જાપ કરતા હોય તો તે નામ ભાવાચાર્ય સાથે સંલગ્ન હોવાથી ઉપાદેય છે, અને ભાવાચાર્યની મૂર્તિ હોય તો તે સ્થાપનાનિક્ષેપો પણ ભાવાચાર્ય સાથે સંલગ્ન હોવાથી ઉપાદેય છે, અને ભાવાચાર્યનું જે નામ છે તે નામ કોઈ ગોપાલદારકનું

હોય તો તે ગોપાલદારકનું નામ ભાવાચાર્ય સાથે સંલગ્ન નહિ હોવાથી નિર્જરા અર્થે જાપ કરવા માટે ઉપાદેય નથી; કેમ કે ભાવાચાર્ય સાથે સંલગ્ન તે નામ નથી. વળી, કોઈ ગૌતમ નામના ગોપાલદારકની મૂર્તિ હોય તો ગૌતમસ્વામીરૂપ ભાવાચાર્ય સાથે તે સ્થાપના સંલગ્ન નથી, તેથી તે ગોપાલદારકરૂપ ગૌતમની મૂર્તિ નિર્જરા અર્થે ઉપાસના કરવા માટે ઉપયોગી નથી; કેમ કે આ ગૌતમની મૂર્તિ ભાવાચાર્ય સાથે સંલગ્ન નથી, માટે ઉપાદેય નથી. વળી, જેમ છદ્મસ્થઅવસ્થામાં તીર્થંકરનો આત્મા દ્રવ્યતીર્થંકર હોવા છતાં નજીકમાં ભાવતીર્થંકર થવાના છે, તેથી ઇંદ્રાદિ દેવોને ભક્તિપાત્ર બને છે, તેમ જે સાધુ નજીકમાં ભાવાચાર્ય થવાના છે, તેવા સાધુ ભાવાચાર્ય સાથે સંલગ્ન એવા દ્રવ્યાચાર્ય છે, તેથી તે દ્રવ્યાચાર્ય પણ ઉપાસ્યરૂપે અભિમત છે; અને અંગારમર્દક દ્રવ્યાચાર્ય હતા, છતાં ભાવાચાર્ય થવા માટે યોગ્ય ન હતા, માટે તે ઉપાસ્યરૂપે અભિમત નથી. ભાવાચાર્ય સાથે સંલગ્ન એવા દ્રવ્યાચાર્ય ઉપાસ્યરૂપે અભિમત છે, અને ભાવાચાર્ય સાથે અસંલગ્ન એવા દ્રવ્યાચાર્ય ઉપાસ્યરૂપે અભિમત નથી. તેથી ભાવને પરતંત્ર દ્રવ્યનિક્ષેપો ઉપાસ્ય છે, પરંતુ ભાવનિક્ષેપાની જેમ સ્વતંત્રરૂપે ઉપાસ્ય નથી. **॥૧૩॥**

अवतरणिका :-

नियोगमेव विवेचयति –

અવતરણિકાર્થ :-

નિયોગને જ વિવેચન કરે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૩ના ઉત્તરાર્ધમાં કહ્યું કે દ્રવ્યાચાર્યનો નામ અને સ્થાપના સાથે નિયોગ કરવો. તેથી જિજ્ઞાસા થાય કે નામ અને સ્થાપના સાથે દ્રવ્યાચાર્યનો નિયોગ શું છે ? તેથી તે નિયોગને જ સ્પષ્ટ કરે છે –

ગાથા :-

तत्थ णिओगो एसो, जं दव्वं होइ सुद्धभावस्स ।
तण्णामागिइतुल्लं, तं सुहमिअरं तु विवरीयं ।।१४।।

અન્વયાર્થ :-

तत्थ=त्यां=पूर्वगाथामां कह्युं के नाम अने स्थापना साथे द्रव्याचार्यनो नियोग करवो त्यां, णिओगो एसो=नियोग आ छे, जं=जे, शुद्धभावस्स दव्वं=शुद्ध भावनुं द्रव्य, होइ=छे, तं=ते, तण्णामागिइतुल्लं=तेना नाम, आकृति तुल्य=शुद्धभावना नाम आकृति तुल्य, सुहं=शुभ छे, तु=वळी, इअरं=बीजुं=अशुद्धभावनुं द्रव्य, विवरीयं=विपरीत छे=अशुभ छे. ।।१४।।

ગાથાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે નામ અને સ્થાપના સાથે દ્રવ્યાચાર્યનો નિયોગ કરવો, ત્યાં નિયોગ આ

છે : જે શુદ્ધ ભાવનું દ્રવ્ય છે, તે શુદ્ધ ભાવના નામ અને આકૃતિ તુલ્ય શુભ છે, વળી અશુદ્ધ ભાવનું દ્રવ્ય અશુભ છે. ।।૧૪।।

ટીકા :-

'तत्थ' त्ति । तत्र नियोगस्तावदेषः–यद् द्रव्यं भवति शुद्धभावस्य सम्बन्धि तत् तन्नामाकृतितुल्यं शुद्धभावनामस्थापनासदृशं शुभं=प्रणिधातृशुभभावजनकम्, इतरत्तु=अशुद्धभावसम्बन्धि द्रव्यं तु, विपरीतम्=अशुद्धभावनामस्थापनावदशुभभावजनकम् ।।१४।।

ટીકાર્થ :-

तत्र ..... शुभभावजनकम् ।। ત્યાં=પૂર્વગાથામાં કહ્યું કે નામ અને સ્થાપના સાથે દ્રવ્યાચાર્યનો નિયોગ કરવો ત્યાં, નિયોગ આ છે – શુદ્ધ ભાવનું સંબંધી જે દ્રવ્ય, તે તેના નામ અને આકૃતિ તુલ્ય=શુદ્ધ ભાવના નામ અને સ્થાપના સદૃશ, શુભ છે=પ્રણિધાન કરનારાને શુભભાવજનક છે. વળી બીજું=અશુદ્ધ ભાવ સંબંધી દ્રવ્ય, વિપરીત છે=અશુદ્ધભાવના નામ અને સ્થાપનાની જેમ અશુભભાવજનક છે. ।।૧૪।।

ભાવાર્થ :-

ગાથા-૧૨માં કહેલ કે ચાર નિક્ષેપામાં ભાવનિક્ષેપો સ્વતંત્રથી ઉપાદેય છે. તેનાથી અર્થથી ફલિત થયું કે બાકીના ત્રણ નિક્ષેપાઓ સ્વતંત્રથી ઉપાદેય નથી, પરંતુ ભાવનિક્ષેપાને પરતંત્ર ઉપાદેય છે. તેથી ગાથા-૧૩ના પૂર્વાર્ધમાં ભાવનિક્ષેપો સ્વતંત્રથી ઉપાદેય કેમ છે, તે સ્પષ્ટ કર્યું; અને ગાથા-૧૩ના ઉત્તરાર્ધથી દ્રવ્યાચાર્યનો નામ અને સ્થાપના સાથે નિયોગ કરવો તેમ બતાવીને અર્થથી એ બતાવ્યું કે નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપો ભાવનિક્ષેપાને પરતંત્ર ઉપાદેય છે, પરંતુ સ્વતંત્ર ઉપાદેય નથી. તેથી હવે પ્રસ્તુત ગાથામાં નામ અને સ્થાપના સાથે દ્રવ્યાચાર્યનો નિયોગ બતાવીને એ સ્પષ્ટ કર્યું કે નામ, સ્થાપના અને દ્રવ્ય, એ ત્રણે નિક્ષેપાઓ ભાવને પરતંત્ર ઉપાદેય છે, સ્વતંત્ર નહિ. તેથી જેમ શુદ્ધ ભાવના નામ અને સ્થાપના તેનું પ્રણિધાન કરનારને શુભ ભાવ ઉત્પન્ન કરે છે, તેમ શુદ્ધ ભાવ સાથે સંબંધી દ્રવ્ય પણ પ્રણિધાન કરનારને શુભ ભાવનું જનક છે, અને અશુદ્ધ ભાવના નામ અને સ્થાપના પ્રણિધાન કરનારને અશુભભાવજનક છે, તેમ અશુદ્ધભાવ સાથે સંબંધી દ્રવ્ય પણ પ્રણિધાન કરનારને અશુભભાવજનક છે.

તેનાથી એ ફલિત થયું કે શુદ્ધભાવના સંબંધને કારણે નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપા પ્રણિધાન કરનારને શુભભાવ ઉત્પન્ન કરે છે, અને અશુદ્ધભાવના સંબંધને કારણે નામ, સ્થાપના અને દ્રવ્યનિક્ષેપા પ્રણિધાન કરનારને અશુભભાવ ઉત્પન્ન કરે છે. તેથી શુદ્ધભાવરૂપ જે ભાવનિક્ષેપો તેને પરતંત્ર નામ, સ્થાપના, દ્રવ્ય, શુભભાવના જનક હોવાથી ઉપાદેય છે, અને અશુદ્ધભાવરૂપ જે ભાવનિક્ષેપો તેને પરતંત્ર નામ, સ્થાપના અને દ્રવ્ય અશુભભાવના જનક હોવાથી હેય છે.

તીર્થંકરો કે ભાવાચાર્યો આત્માના શુદ્ધભાવમાં વર્તનારા છે, અને તેઓમાં વર્તતા શુદ્ધભાવ સંબંધી

તીર્થંકરનું નામ કે ભાવાચાર્યનું નામ છે, અને તેવા શુદ્ધભાવવાળા તીર્થંકરની અને ભાવાચાર્યની મૂર્તિ તે તીર્થંકર અને ભાવાચાર્ય સંબંધી સ્થાપના છે, અને જે નજીકના કાળમાં તીર્થંકર થવાના છે અને જે નજીકના કાળમાં ભાવાચાર્ય થવાના છે, તેમનું જે જીવદ્રવ્ય તે શુદ્ધભાવ સંબંધી દ્રવ્યનિક્ષેપો છે, અને શુદ્ધભાવ સંબંધી આ ત્રણેમાંથી કોઈપણ નિક્ષેપાને ઉપાસ્યરૂપે પ્રણિધાન કરીને કોઈ તેમની ઉપાસના કરતા હોય તો શુભભાવ પ્રગટ થાય છે અર્થાત્ ગુણવાનના ગુણો પ્રત્યે આદરભાવથી નિર્જરા અને પુણ્યબંધને અનુકૂળ એવો શુભભાવ પ્રગટ થાય છે.

વળી, ગુણરહિત એવા અશુદ્ધભાવવાળા સાથે સંબંધવાળા નામ, સ્થાપના અને દ્રવ્યને ઉપાસ્યરૂપે પ્રણિધાન કરીને કોઈ તેની ઉપાસના કરે તો તે પ્રણિધાન કરનારને અશુભભાવ પ્રગટ કરે છે.

તેનાથી એ ફલિત થયું કે ભાવનિક્ષેપો સ્વતંત્રથી ઉપાદેય છે, અને નામાદિ ત્રણ નિક્ષેપા ભાવનિક્ષેપાને પરતંત્ર ઉપાદેય છે. તેથી જે સાધુમાં ગુણવાનને પરતંત્ર થવાનો ભાવનિક્ષેપો છે, તે સાધુને ગુરુકુલવાસની પ્રાપ્તિ છે, અને ભાવથી ગુણવાનને પરતંત્ર થવાના પરિણામવાળા સાધુમાં દ્રવ્યથી ગુણવાનનું પરતંત્રપણું પણ ભાવનિક્ષેપાને આધીન હોવાથી નિર્જરાનું કારણ છે; અને જે સાધુને ગુણવાનના ગુણોના પક્ષપાતપૂર્વક ગુણવાન ગુરુનો નિર્ણય કરવા માટે કોઈ યત્ન નથી, પરંતુ સ્વઅભિપ્રાયથી અભિમત એવા ગુરુને ગુરુ તરીકે સ્વીકારીને પોતે ગુરુકુલવાસમાં છે તેવો ભ્રમ ધારણ કરે છે, તે સાધુનો દ્રવ્યથી ગુરુકુલવાસ ગુણવાન ગુરુનો નિર્ણય કરીને ભાવગુરુને પરતંત્ર થવાના અધ્યવસાયરૂપ ભાવનિક્ષેપાને આધીન નહિ હોવાથી ઉપાદેય નથી. તેથી તે સાધુનું દ્રવ્યથી ગુરુનું પરતંત્રપણું શુભભાવજનક નથી. માટે નામમાત્રથી ગુરુભક્તિ થતી નથી, એમ ગાથા-૧૨ સાથે સંબંધ છે. **॥૧૪॥**

અવતરણિકા :-

એતદેવ ભાવયતિ –

અવતરણિકાર્થ :-

આને જ ભાવન કરે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે શુદ્ધભાવની સાથે સંબંધવાળા નામ, સ્થાપના અને દ્રવ્ય, પ્રણિધાન કરનારને શુભભાવજનક છે, અને અશુદ્ધભાવ સાથે સંબંધવાળા નામ, સ્થાપના અને દ્રવ્ય, અશુભભાવજનક છે એને જ ભાવન કરે છે –

ગાથા :-

जह गोअमाइआणं, णामाई तिन्नि हुंति पावहरा ।
अंगारमद्दगस्स य, णामाई तिण्णि पावयरा ।।१५।।

અન્વયાર્થ :-

જહ=જેમ, ગોઅમાઇઆણં ણામાઈ તિન્નિ=ગૌતમસ્વામી આદિના નામાદિ ત્રણે, પાવહરા=પાપને હરનારા, હુંતિ=થાય છે, ય=અને, અંગારમદ્દગસ્સ ણામાઈ તિણ્ણિ=અંગારમર્દકના નામાદિ ત્રણે, પાવયરા=પાપને કરનારા થાય છે. ॥૧૫॥

ગાથાર્થ :-

જેમ ગૌતમસ્વામી આદિના નામાદિ ત્રણે પાપને હરનારા થાય છે, અને અંગારમર્દકના નામાદિ ત્રણે પાપને કરનારા થાય છે. ॥૧૫॥

ટીકા :-

'जह'त्ति । यथा गौतमादीनां शुद्धभावगुरूणां नामादीनि त्रीण्यपि पापहराणि भवन्ति, शुद्धभाव-गुरुनामादीनां शुद्धभावगुरुस्थापनद्वारा शुद्धभावगुरुसम्बन्धित्वेन ज्ञातानां तेषां स्वातन्त्र्येणैव वा शुद्धभावजनकत्वात्, "महाफलं खलु तहारूवाणं थेराणं भगवंताणं णामगोत्तस्स वि सवणयाए" इत्याद्यागमात् अङ्गारमर्दकस्य च अशुद्धभावगुरोर्नामादीनि त्रीण्यपि पापकराणि पापतराणि वा, अशुद्धभावजनकत्वात्तेषाम्, अत एवेदं महानिशीथादौ प्रसिद्धम्—"तीता णागतकाले, केई होहिंति गोयमा ! सूरी । जेसिं णामग्गहणे, वि हुज्ज णियमेण पच्छित्तं ।।१।।"

ટીકાર્થ :-

यथा ..... पच्छित्तं । જેમ

ગૌતમસ્વામી આદિ શુદ્ધભાવગુરુના નામાદિ ત્રણે પણ પાપને હરનારા થાય છે; કેમ કે શુદ્ધભાવગુરુના નામાદિનું શુદ્ધભાવગુરુની સ્થાપના દ્વારા અથવા શુદ્ધભાવગુરુના સંબંધીપણા વડે જ્ઞાત એવા તેઓનું= શુદ્ધભાવગુરુના નામાદિનું, સ્વતંત્રપણાથી જ શુદ્ધભાવજનકપણું છે.

અહીં પ્રશ્ન થાય કે શુદ્ધભાવગુરુના નામાદિ શુદ્ધભાવજનક છે, તેમાં પ્રમાણ શું ? તેમાં હેતુ કહે છે —

તેવા પ્રકારના સ્થવિરભગવંતોના નામગોત્રના શ્રવણથી પણ મહાફળ થાય છે, એ વગેરે આગમ છે.

અને અશુદ્ધભાવગુરુ એવા અંગારમર્દકના નામાદિ ત્રણે પણ પાપકર છે અથવા પાપતર છે; કેમ કે તેમનું=અંગારમર્દકના નામાદિ ત્રણેનું, અશુદ્ધભાવજનકપણું છે. આથી જ=અશુદ્ધભાવગુરુના નામાદિ ત્રણે અશુદ્ધભાવજનક છે આથી જ, મહાનિશીથ આદિમાં આ પ્રસિદ્ધ છે —

હે ગૌતમ ! કેટલાક આચાર્ય થયા અને અનાગતકાળમાં કેટલાક આચાર્ય થશે, જેઓનાં નામગ્રહણમાં પણ નિયમથી પ્રાયશ્ચિત્ત થશે.

❖ ત્રીણ્યપિમાં 'અપિ'થી એ કહેવું છે કે શુદ્ધભાવગુરુના નામાદિ પ્રત્યેક તો પાપને હરનારા છે, પરંતુ ત્રણે પણ પાપને હરનારા છે.

❖ શુદ્ધભાવગુરુનામાદીનાંમાં 'આદિ'પદથી સ્થાપના અને દ્રવ્યનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

શુદ્ધભાવગુરુ એવા ગૌતમસ્વામી આદિ સંબંધી નામ, સ્થાપના અને દ્રવ્ય પાપને હરનારાં છે.

અહીં પ્રશ્ન થાય કે શુદ્ધભાવગુરુનાં નામાદિ ત્રણે કઈ રીતે પાપને હરનારાં છે ? તેથી કહે છે –

પ્રણિધાન કરનાર સાધક શુદ્ધભાવગુરુનાં નામ, સ્થાપના કે દ્રવ્યને શુદ્ધભાવગુરુની સ્થાપના દ્વારા ઉપસ્થિત કરે તો શુદ્ધભાવનાં જનક બને છે. તેથી પ્રણિધાન કરનારને શુદ્ધભાવ પ્રગટ કરવા દ્વારા ગૌતમસ્વામી આદિ મુનિઓનાં નામાદિ ત્રણે પાપને હરનારાં છે. તે આ રીતે –

શુદ્ધભાવગુરુ એવા ગૌતમસ્વામી આદિની મૂર્તિને જોઈને જેમને શુદ્ધભાવગુરુના નામની ઉપસ્થિતિ થાય, અને તેમના નામની ઉપસ્થિતિથી ગૌતમસ્વામી આદિ મુનિઓ પ્રત્યે બહુમાન થાય, તેમના પાપનો નાશ થાય છે. તેથી શુદ્ધભાવગુરુની સ્થાપના દ્વારા શુદ્ધભાવગુરુનું નામ શુદ્ધભાવનું જનક બને છે. માટે શુદ્ધભાવગુરુનો નામનિક્ષેપો પાપને હરનાર છે.

વળી જેણે ગૌતમસ્વામીના દેહના વર્ણાદિની વાત શાસ્ત્રથી સાંભળી છે, એવા કોઈને શુદ્ધભાવગુરુ એવા ગૌતમસ્વામીની મૂર્તિને જોઈને શુદ્ધભાવગુરુ એવા ગૌતમસ્વામીના દેહ આદિનો આકાર ઉપસ્થિત થાય, તો તે શુદ્ધભાવગુરુની મૂર્તિરૂપ સ્થાપના દ્વારા શુદ્ધભાવગુરુના દેહના આકારરૂપ સ્થાપનાની ઉપસ્થિતિ થઈ કહેવાય; અને તે આકાર પ્રત્યે બહુમાન થાય તો શુદ્ધભાવગુરુની મૂર્તિ દ્વારા શુદ્ધભાવગુરુના સ્થાપનાનિક્ષેપા પ્રત્યે થયેલા બહુમાનથી શુદ્ધભાવ પ્રગટ થાય છે. તેથી શુદ્ધભાવગુરુની સ્થાપના શુદ્ધભાવગુરુની મૂર્તિ દ્વારા શુદ્ધભાવજનક છે. માટે શુદ્ધભાવગુરુનો સ્થાપનાનિક્ષેપો પાપને હરનાર છે.

વળી કોઈને શુદ્ધભાવગુરુ એવા ગૌતમસ્વામીની મૂર્તિને જોઈને શુદ્ધભાવગુરુના દ્રવ્યની ઉપસ્થિતિ થાય અર્થાત્ ગૌતમસ્વામી દીક્ષા પૂર્વે ઇંદ્રભૂતિ બ્રાહ્મણ હતા તે રૂપે ઉપસ્થિત થાય, અને તે ઇંદ્રભૂતિ બ્રાહ્મણ શુદ્ધભાવગુરુનું દ્રવ્ય છે, તે રીતે બહુમાન થાય, તો શુદ્ધભાવગુરુનો દ્રવ્યનિક્ષેપો પાપને હરનાર છે.

અથવા

શુદ્ધભાવગુરુના સંબંધીપણારૂપે જ્ઞાત એવા નામાદિ ત્રણે નિક્ષેપાઓ સ્વતંત્રથી જ શુદ્ધભાવજનક છે. તે આ રીતે –

કોઈ જીવને ગૌતમસ્વામી આદિ શુદ્ધભાવગુરુ હતા અને તેમનું નામ ગૌતમ મુનિ હતું તેવું જ્ઞાન હોય, તો શુદ્ધભાવગુરુના સંબંધીરૂપે ગૌતમસ્વામીના નામનિક્ષેપાનું તેને જ્ઞાન છે; અને તે જ્ઞાનને કારણે ગૌતમસ્વામીના નામની ઉપસ્થિતિ થાય ત્યારે શુદ્ધભાવ પ્રગટ થાય છે. આ શુદ્ધભાવ શુદ્ધભાવગુરુની મૂર્તિરૂપ સ્થાપના દ્વારા થયો નથી, પરંતુ શુદ્ધભાવગુરુના સંબંધીરૂપે જ્ઞાત એવા નામ દ્વારા સ્વતંત્રથી થયો છે. આ શુદ્ધભાવ પાપને હરનાર છે.

વળી કોઈ જીવને શુદ્ધભાવગુરુ એવા ગૌતમસ્વામી આદિ સંબંધી આ મૂર્તિ છે, એવું જ્ઞાન થવાને કારણે મૂર્તિને જોઈને બહુમાનભાવ થાય, તો તેના હૈયામાં ગુણવાન પ્રત્યેના બહુમાનભાવરૂપ શુદ્ધભાવ પ્રગટ થાય છે; જે શુદ્ધભાવગુરુની સ્થાપનારૂપ મૂર્તિને જોવા માત્રથી થયેલો નથી, પરંતુ શુદ્ધભાવગુરુના સંબંધીરૂપે જ્ઞાત એવી સ્થાપના દ્વારા સ્વતંત્રથી થયેલ છે. આ શુદ્ધભાવ પાપને હરનાર છે.

વળી કોઈ જીવને શુદ્ધભાવગુરુના સંબંધીપણારૂપે કોઈ દ્રવ્યસાધુનું જ્ઞાન હોય અર્થાત્ આ દ્રવ્યસાધુ નજીકના કાળમાં શુદ્ધભાવગુરુ થવાના છે અને તેના કારણે તેમના પ્રત્યે બહુમાન થાય, તો શુદ્ધભાવગુરુના સંબંધીરૂપે જ્ઞાત એવા દ્રવ્યનિક્ષેપા દ્વારા સ્વતંત્રથી થયો છે, અને તે શુદ્ધભાવ પાપને હરનાર છે.

અહીં પ્રશ્ન થાય કે શુદ્ધભાવગુરુનાં નામ, સ્થાપના કે દ્રવ્ય કઈ રીતે પાપનાં હરનારાં થાય ? તેથી તેમાં આગમની સાક્ષી આપે છે : આગમમાં કહ્યું છે કે તેવા પ્રકારના સ્થવિરભગવંતોનાં નામ, ગોત્રના શ્રવણથી મહાફળ થાય છે. તેથી નક્કી થાય કે શુદ્ધભાવગુરુનાં નામ, ગોત્રના શ્રવણથી પણ નિર્જરા થાય છે.

આનાથી અર્થથી એ ફલિત થયું કે શુદ્ધભાવગુરુના સંબંધવાળાં નામ, સ્થાપના અને દ્રવ્ય, શુદ્ધભાવને પ્રગટ કરવા દ્વારા સંયમમાં પ્રતિબંધક એવા પાપને હરનાર છે, જેથી ભક્તિથી તેઓના નામનો જાપ આદિ કરવાથી પાપનો નાશ થાય છે અને કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે.

વળી જેમ શુદ્ધભાવગુરુનાં નામાદિ ત્રણ શુદ્ધભાવને પ્રગટ કરવા દ્વારા નિર્જરાનાં કારણ છે, તેમ અશુદ્ધભાવગુરુનાં નામાદિ ત્રણે પણ અશુદ્ધભાવ પ્રગટ કરવા દ્વારા પાપને કરનારાં છે અથવા અશુદ્ધભાવગુરુનાં નામાદિ ત્રણે અશુદ્ધભાવજનક હોવાને કારણે પાપતર છે અર્થાત્ અત્યંત પાપરૂપ છે; કેમ કે પોતે સાધુવેષ લઈને અનુચિત વર્તન કરનારા છે, અને તેમનાં નામાદિ દ્વારા અન્ય જીવોને અશુભભાવ પ્રગટ કરનારા છે, માટે પાપતર છે.

અહીં વિશેષ એ છે કે કોઈ ગુરુ ગુરુગુણોથી રહિત હોય છતાં કોઈ પુરુષ તેને ગુરુ તરીકે સ્વીકારે અથવા ગુરુ તરીકે તેમના નામનો જાપ કરે અથવા તેમની મૂર્તિને જોઈને ગુરુ તરીકે પૂજે, તો પૂજા કરનારને નિર્ગુણ એવા ગુરુમાં પૂજ્યબુદ્ધિ કરવારૂપ વિપર્યાસ વર્તે છે, તેથી પાપબંધનું કારણ બને છે.

અહીં અંગારમર્દકને અશુદ્ધભાવગુરુ કહ્યા અને કહ્યું કે અશુદ્ધભાવગુરુનાં નામાદિ ત્રણે પાપને કરનારાં છે, અને પંચાશકમાં અંગારમર્દકને દ્રવ્યાચાર્ય કહ્યા છે. તેથી સ્થૂલથી બે વચનોનો વિરોધ દેખાય, છતાં પરમાર્થથી વિરોધ નથી, તે બતાવવા અર્થે કહે છે –

ટીકા :-

यद्यपि पञ्चाशकादावङ्गारमर्दकः शुद्धभावावधिकाप्राधान्यापेक्षया द्रव्याचार्य एवाभिधीयते तथाप्यत्राशुद्धभावापेक्षयाऽशुद्धभावगुरुत्वाभिधानं न दोषायेति ध्येयम् ।

ટીકાર્થ :-

यद्यपि पञ्चाशका ..... ध्येयम् । જોકે પંચાશકાદિમાં અંગારમર્દક શુદ્ધભાવઅવધિક અપ્રાધાન્યની

અપેક્ષાએ દ્રવ્યાચાર્ય જ કહેવાયા છે, તોપણ અહીં અશુદ્ધભાવ અપેક્ષાએ અશુદ્ધભાવગુરુત્વનું અભિધાન=અંગારમર્દકને અશુદ્ધભાવગુરુત્વનું કથન, દોષ માટે નથી, એ પ્રમાણે જાણવું.

ભાવાર્થ :-

'ભાવાચાર્યનું કારણ હોય તે દ્રવ્યાચાર્ય' એ નિયમ પ્રમાણે જે નજીકમાં ભાવાચાર્ય થવાના હોય એવા સાધુવેષમાં રહેલા આચાર્યપદને યોગ્ય જે હોય તે પ્રધાન દ્રવ્યાચાર્ય કહેવાય, અથવા જેમ શય્યંભવસૂરિ ભાવાચાર્ય થવાના હતા, તેની પૂર્વે શય્યંભવ ભટ્ટ બ્રાહ્મણ હતા, ત્યારે પણ શુદ્ધભાવઅવધિક પ્રાધાન્યની અપેક્ષાએ દ્રવ્યાચાર્ય હતા. તેથી કોઈને ખ્યાલ આવે કે આ શય્યંભવભટ્ટ બ્રાહ્મણ ભાવાચાર્ય થવાના છે, તો તેઓ શુદ્ધભાવઅવધિક=શુદ્ધભાવને આશ્રયીને પ્રાધાન્યની અપેક્ષાએ દ્રવ્યાચાર્ય હોવાથી આદરપાત્ર છે; અને અંગારમર્દક ભાવાચાર્ય થવાની યોગ્યતાને ધરાવતા નથી, છતાં સાધુ થઈને કોઈક રીતે આચાર્યપદને પામેલા છે, તેથી શુદ્ધભાવઅવધિક અપ્રાધાન્યની અપેક્ષાએ તેઓ દ્રવ્યાચાર્ય છે, તેથી 'પંચાશક' ગ્રંથમાં તેમને અપ્રધાન દ્રવ્યાચાર્ય કહેલા છે; અને પ્રસ્તુતમાં ગ્રંથકારશ્રીએ અંગારમર્દકમાં અશુદ્ધભાવગુરુનો પરિણામ હોવાથી અશુદ્ધભાવગુરુ કહેલ છે. તેથી આ કથનમાં કોઈ દોષ નથી અર્થાત્ પંચાશકના કથન સાથે કોઈ વિરોધ નથી; કેમ કે પંચાશકમાં અંગારમર્દકને અપ્રધાનની અપેક્ષાએ દ્રવ્યાચાર્ય કહ્યા, તેથી અર્થથી તે કુગુરુ છે તેમ સિદ્ધ થાય છે, અને અહીં અંગારમર્દકમાં રહેલા કુગુરુપણાને સામે રાખીને કુગુરુ કહેલ છે. તેથી બન્ને કથનો અર્થથી એક છે.

પૂર્વમાં 'यद्यपि'થી 'ध्येयम्' સુધીના કથન દ્વારા ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે અંગારમર્દકને અહીં અશુદ્ધભાવગુરુ કહ્યા અને 'પંચાશક' ગ્રંથમાં અપ્રધાન દ્રવ્યાચાર્ય કહ્યા, તે કથનમાં વિરોધ નથી. એ કથન કઈ રીતે યુક્ત છે, તે બતાવવા માટે કહે છે –

ટીકા :-

इत्थं च "जे उण वाससयदिक्खिए वि हुत्ता णं वायामित्तेणं पि आगमओ बाहिं करिंति ते णामठवणाहिं णिओइयव्वे" **इत्यत्रागमबाह्यकारिणो नामस्थापनाभ्यां नियोक्तव्यत्वेन द्रव्यत्वमुपदर्शितं भवति, द्रव्यत्वस्य नामस्थापनानियोगसमनियतत्वाद्, आगमबाह्यकारिणः सामान्यतो नामस्थापनातुल्यत्वतात्पर्ये नामस्थापनामात्रस्यानर्थक्यप्राप्तौ** – "महाफलं खलु थेराणं भगवंताणं" **इत्याद्यागमाप्रामाण्यप्रसङ्गादिति युक्तं पश्यामः ।।१५।।**

ટીકાર્થ :-

इत्थं च "जे ..... पश्यामः । इत्थं च ..... इति युक्तं पश्यामः એ પ્રમાણે અન્વય છે.

"વળી સો વર્ષના દીક્ષિત પણ થયેલા જેઓ વાણીમાત્રથી પણ આગમથી બાહ્ય કરે છે, તેઓને નામ, સ્થાપના સાથે યોજવા" **એ પ્રકારના કથનમાં નામ, સ્થાપના સાથે નિયોજનપણાથી આગમબાહ્ય કરનારાઓનું દ્રવ્યત્વ બતાવાયેલું છે; કેમ કે દ્રવ્યત્વનું નામ, સ્થાપનાના નિયોગ સાથે સમનિયતપણું છે.**

અહીં પ્રશ્ન થાય કે દ્રવ્યત્વ નામ, સ્થાપનાના નિયોગ સાથે સમનિયત હોય તો ભાવ સાથે સંબંધી એવાં નામ, સ્થાપના જેમ અપૂજ્ય નથી, તેમ આગમબાહ્ય કરનારા પણ દ્રવ્યાચાર્ય સિદ્ધ થવા છતાં અપૂજ્ય સિદ્ધ થાય નહિ; અને અંગારમર્દક દ્રવ્યાચાર્ય હોવા છતાં અપૂજ્ય છે, માટે અશુદ્ધભાવગુરુ છે, તેમ બતાવવા માટે આગમબાહ્ય કરનારાઓને સામાન્યથી નામ, સ્થાપના સાથે જોડવાના નથી, પરંતુ શુદ્ધભાવગુરુ સાથે અસંબદ્ધ એવા નામ, સ્થાપના સાથે જોડવાના છે, તે બતાવવા અર્થે કહે છે –

આગમબાહ્ય કરનારાઓનું સામાન્યથી નામસ્થાપનાતુલ્યત્વતાત્પર્યમાં નામસ્થાપનામાત્રના અનર્થપણાની પ્રાપ્તિ હોતે છતે "સ્થવિરભગવંતોનાં નામ, ગોત્રનું શ્રવણ પણ મહાફળવાળું છે **ઇત્યાદિ આગમના અપ્રામાણ્યનો પ્રસંગ હોવાથી [શુદ્ધભાવગુરુ સાથે અસંબંધિત એવાં નામ, સ્થાપના સાથે આગમબાહ્ય કરનારા એવા દ્રવ્યાચાર્યને યોજવાના છે.] ઇતિ એથી કરીને ઇત્થં આ રીતે=પૂર્વમાં કહ્યું કે અંગારમર્દકને પંચાશકમાં ભાવઅવધિક અપ્રધાનની અપેક્ષાએ દ્રવ્યાચાર્ય કહ્યા છે, અને ગ્રંથકારશ્રીએ અશુદ્ધભાવની અપેક્ષાએ અશુદ્ધભાવગુરુ કહ્યા છે માટે દોષ નથી એ રીતે, અમે યુક્ત જોઈએ છીએ. ॥૧૫॥**

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ અંગારમર્દકને અશુદ્ધભાવગુરુ કહ્યા, અને 'પંચાશક' ગ્રંથમાં એમને દ્રવ્યાચાર્ય કહ્યા, તે કથનમાં કોઈ વિરોધ નથી, તે સ્પષ્ટ કરવા માટે બતાવે છે કે 'પંચાશક' ગ્રંથમાં શુદ્ધભાવગુરુના જે પરિણામો છે તેની મર્યાદાથી અંગારમર્દકમાં દ્રવ્યાચાર્યપણું નથી, પરંતુ શુદ્ધભાવગુરુના જે પરિણામો છે તેની મર્યાદાથી અપ્રાધાન્યની અપેક્ષાએ દ્રવ્યાચાર્યપણું છે તેમ કહ્યું છે. તે સ્પષ્ટ કરવા માટે આગમની સાક્ષી આપીને બતાવે છે : આગમમાં કહ્યું છે કે કોઈ સાધુ સો વર્ષના પણ દીક્ષાપર્યાયવાળા હોય, અને વાણીમાત્રથી પણ આગમથી બાહ્ય કરે, તેઓને નામ, સ્થાપના સાથે જોડવા. આ કથનથી આગમબાહ્ય કરનારાઓ દ્રવ્યાચાર્ય છે, ભાવાચાર્ય નથી, તે સ્થાપન થાય છે; કેમ કે દ્રવ્યત્વનું નામ, સ્થાપના સાથે સમનિયતપણું છે.

અહીં પ્રશ્ન થાય કે નામ, સ્થાપના સાથે દ્રવ્યત્વ સમનિયત છે, તોપણ નામ, સ્થાપના ભાવગુરુ સાથે સંબંધિત હોય તો પૂજ્ય છે, અને ભાવગુરુ સાથે સંબંધિત ન હોય તો અપૂજ્ય છે, એવી વ્યાપ્તિ છે. તેમ આગમબાહ્ય કરનારને નામ, સ્થાપના સાથે સમનિયત સ્વીકારીને દ્રવ્યાચાર્ય કહીએ તો તે દ્રવ્યાચાર્ય અપૂજ્ય છે, તેમ સિદ્ધ થાય નહિ. તેથી ગ્રંથકારશ્રી ખુલાસો કરે છે કે આગમબાહ્ય કરનારાઓનું સામાન્યથી નામ, સ્થાપના સાથે તુલ્યપણું સ્વીકારવામાં આવે તો આગમબાહ્ય કરનારા, જેમ અપૂજ્ય છે, તેમ નામ, સ્થાપનાને અપૂજ્ય સ્વીકારવા પડે; અને નામ, સ્થાપનાને અપૂજ્ય સ્વીકારીએ તો 'તેવા પ્રકારના સ્થવિરભગવંતોના નામશ્રવણથી મહાફળ થાય છે' એ આગમને અપ્રમાણ માનવું પડે. તેથી સ્થવિરભગવંતોના નામશ્રવણથી મહાફળ થાય છે, તે આગમના બળથી નામ, સ્થાપના સામાન્યથી અપૂજ્ય નથી, પરંતુ ભાવગુરુ સાથે અસંબદ્ધ એવા નામ, સ્થાપના અપૂજ્ય છે તેમ સ્વીકારવું જોઈએ અને તેમ સ્વીકારીએ તો ભાવ સાથે અસંબદ્ધ એવાં નામ, સ્થાપના જેમ ઉપાસના રૂપે ઇષ્ટ નથી, તેમ આગમબાહ્ય કરનારા એવા

દ્રવ્યાચાર્ય ઉપાસનારૂપે ઇષ્ટ નથી, તેમ સિદ્ધ થાય છે, અને આગમબાહ્ય કરનારા એવા દ્રવ્યાચાર્ય ઉપાસનારૂપે ઇષ્ટ નહીં હોવાથી આગમબાહ્ય કરનારા એવા અંગારમર્દક ઉપાસનારૂપે ઇષ્ટ નથી, એવા દ્રવ્યાચાર્ય છે એમ સિદ્ધ થાય છે, અને ગ્રંથકારશ્રીએ તેઓને અશુદ્ધભાવગુરુ કહ્યા તે કથન ઉપાસનારૂપે ઇષ્ટ નથી એવા દ્રવ્યાચાર્ય સાથે વિરોધી નથી. માટે 'પંચાશક' ગ્રંથનું કથન અને ગ્રંથકારશ્રીએ અંગારમર્દકને અશુદ્ધભાવગુરુ કહ્યા એ કથન શબ્દમાત્રથી જુદું પડે છે, અર્થથી સમાનભાવને બતાવે છે. **॥૧૫॥**

અવતરણિકા :-

ननु यद्येवं नामादीनां भावपारतन्त्र्येण भावकार्यकारित्वं तदा तद्विशेषान्निर्जराविशेषोऽपि स्यान्न वा ? इत्याशङ्कायामाह –

અવતરણિકાર્થ :-

જો આ રીતે નામાદિનું ભાવપારતંત્ર્યથી ભાવકાર્યકારીપણું છે, તો તેના વિશેષથી=નામાદિના વિશેષથી, નિર્જરાવિશેષ પણ થાય કે ન થાય ? એ પ્રકારની આશંકામાં કહે છે –

❖ 'तद्विशेषान्निर्जराविशेषोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે નામાદિના આલંબનથી નિર્જરા થાય, પરંતુ આલંબનીભૂત એવા નામાદિના વિશેષથી નિર્જરાવિશેષ પણ થાય કે નહિ ?

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે શુદ્ધભાવગુરુ સાથે સંબંધવાળા નામ, સ્થાપના અને દ્રવ્ય, પ્રણિધાન કરનારને શુદ્ધભાવજનક છે, અને અશુદ્ધભાવગુરુ સાથે સંબંધવાળા નામ, સ્થાપના અને દ્રવ્ય, અશુદ્ધભાવજનક છે. તેથી એ ફલિત થયું કે નામાદિ ત્રણ નિક્ષેપા ભાવનિક્ષેપાને પરતંત્ર શુભ કે અશુભભાવજનક છે, અને શુદ્ધભાવગુરુરૂપ ભાવનિક્ષેપો સ્વતંત્રથી શુદ્ધભાવજનક છે, પરંતુ નામાદિને પરતંત્ર શુદ્ધભાવજનક નથી; અને નામાદિ ચારે નિક્ષેપા જીવને શુદ્ધભાવ પ્રગટ કરાવે તો નિર્જરા કરાવે, અને નામાદિ ચારે નિક્ષેપા જીવને શુદ્ધભાવ પ્રગટ ન કરાવે તો નિર્જરા કરાવે નહિ. તેથી એ પ્રાપ્ત થયું કે નામાદિ ચારે નિક્ષેપા પ્રણિધાન કરનારને થતા શુદ્ધભાવના પારતંત્ર્યથી જીવમાં વર્તતા ભાવના નિર્જરારૂપ કાર્યને કરનારા છે; પરંતુ જીવમાં શુદ્ધભાવ પ્રગટ કર્યા વગર નામાદિ ચારે નિક્ષેપા ભાવના નિર્જરારૂપ કાર્યને કરનારા નથી. ત્યાં પ્રશ્ન થાય કે જો નામાદિ ચારે નિક્ષેપા જીવને થતા પ્રણિધાનરૂપ શુદ્ધભાવને આધીન શુદ્ધભાવનું કાર્ય નિર્જરાને કરે છે, તો પ્રણિધાન કરનાર પુરુષ જે નામાદિ ચાર નિક્ષેપાનું અવલંબન લે છે, તે નામાદિ નિક્ષેપાના વિશેષથી નિર્જરાવિશેષ પણ થાય કે ન થાય ? એ પ્રકારની આશંકામાં કહે છે –

અહીં વિશેષ એ છે કે જેમ ઘટ પ્રત્યે ભ્રમિ સાક્ષાત્ કારણ છે, તેમ જીવનો પરિણામ નિર્જરા પ્રત્યે સાક્ષાત્ કારણ છે, અને જેમ દંડ ભ્રમિ દ્વારા ઘટનું કારણ છે, તેમ ભાવગુરુના નામાદિ ચાર નિક્ષેપા પ્રણિધાન કરનારના ભાવ દ્વારા નિર્જરા પ્રત્યે કારણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જીવમાં વર્તતો શુભભાવ નિર્જરારૂપ કાર્ય કરે છે તેમ ભાવગુરુના નામાદિ ચાર નિક્ષેપા પણ પ્રણિધાન કરનાર જીવને શુભભાવ પ્રગટ

કરવા દ્વારા નિર્જરારૂપ કાર્ય કરે છે. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે પ્રણિધાન કરનાર પુરુષ જે નામાદિ ચાર નિક્ષેપાનું અવલંબન લે છે, તે નિક્ષેપામાં રહેલ અતિશયતાને કારણે નિર્જરામાં કોઈ ભેદ પડે છે કે નહિ ? જેમ કોઈ સાધક સામાન્ય ભાવગુરુનું પ્રણિધાન કરીને નિર્જરા કરતા હોય અને કોઈ અન્ય સાધક વિશેષ પ્રકારના ભાવગુરુનું પ્રણિધાન કરીને નિર્જરા કરતા હોય તે સ્થાનમાં પ્રણિધાનના વિષયભૂત ભાવગુરુના ભેદકૃત નિર્જરામાં ભેદ થાય કે નહિ ? એ પ્રકારની આશંકામાં કહે છે –

ગાથા :-

एयगओ अ विसेसो, भावं ववहारओ विसेसेइ ।
णेच्छइअणओ णेच्छइ, एयं णियमस्स भंगेणं ।।१६।।

અન્વયાર્થ :-

अ=અને, ववहारओ=व्यवहारथी=व्यवहारनयथी, एयगओ विसेसो=આના ગત વિશેષ=નામાદિગત વિશેષ, भावं विसेसेइ=ભાવને વિશેષિત કરે છે=પ્રણિધાન કરનાર પુરુષના અધ્યવસાયને વિશેષિત કરે છે, णेच्छइअणओ=વળી નૈશ્ચયિકનય, णियमस्स भंगेणं=નિયમના ભંગને કારણે, एयं=આ=નામાદિગત વિશેષ પ્રણિધાન કરનારના ભાવને વિશેષિત કરે છે એ, णेच्छइ=ઈચ્છતો નથી. ।।૧૬।।

ગાથાર્થ :-

અને વ્યવહારનયથી નામાદિગત વિશેષ, પ્રણિધાન કરનાર પુરુષના અધ્યવસાયને વિશેષિત કરે છે. વળી નૈશ્ચયિકનય નિયમના ભંગને કારણે આ ઈચ્છતો નથી. ।।૧૬।।

ટીકા :-

'एयगओ'त्ति । एतद्गतः=नामादिगतश्च विशेषः, व्यवहारतः=व्यवहारनयमाश्रित्य, भावं विशेषयति, यथा यथाऽऽलम्बनीभूते बाह्यवस्तुनि मात्रया गुणाधिकत्वं तथा तथा मनःप्रह्लादाधिक्येन प्रणिधातुर्निर्जराधिक्यमिति व्यवहारनयादेशादस्ति हि वर्द्धमानादिनामभेदेन, लक्षणयुक्तसमस्तालङ्कारालङ्कृतप्रतिमादिस्थापनाभेदेन, तत्तत्कल्याणपर्यायाभिमुखद्रव्यभेदेन, श्रुतावधिमनःपर्यायादिभावभेदेन च बाह्यवस्तुनोऽपि प्रणिधातुर्निर्जराविशेषः, तदिदमुक्तं –

व्यवहारभाष्ये "गुणभूइट्ठे दव्वम्मि जेण मत्ताहिअत्तणं भावे ।
इति वत्थूओ इच्छति, ववहारो णिज्जरं विउलं ।।१।।

लक्खणजुत्ता पडिमा, पासाईआ समत्तलंकारा ।
पल्हायति जह व मणं, तह णिज्जरमो विआणाहि ।।२।।

सुअवं अतिसयजुत्तो, सुहोचिओ तह वि तवगुणुज्जुत्तो ।
जो सो मणप्पसाओ, जायइ सो णिज्जरं कुणइ" ।।३।। **त्ति ।**

ટીકાર્થ :-

'एतद्गतः' ..... कुणइ" ।। त्ति । અને આના ગત=નામાદિગત વિશેષ, વ્યવહારથી=વ્યવહારનયને આશ્રયીને, ભાવને વિશેષ કરે છે=પ્રણિધાન કરનારના અધ્યવસાયને અતિશયિત કરે છે.

શ્લોકના પૂર્વાર્ધનો શબ્દાર્થ કર્યા પછી તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે :

"જે જે પ્રકારે આલંબનીભૂત બાહ્ય વસ્તુમાં માત્રાથી ગુણનું અધિકપણું છે, તે તે પ્રકારે મનના પ્રહ્લાદના આધિક્યને કારણે પ્રણિધાન કરનારને નિર્જરાનું અધિકપણું છે", એ પ્રકારના વ્યવહારનયના આદેશથી=એ પ્રકારના વ્યવહારનયના વચનથી, વર્ધમાનઆદિ નામના ભેદથી બાહ્યવસ્તુનું પણ પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષ अस्ति हि છે જ, એમ અન્વય છે.

અને લક્ષણયુક્ત સમસ્ત અલંકારથી અલંકૃત પ્રતિમાઆદિ સ્થાપનાના ભેદથી બાહ્ય વસ્તુનું પણ પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષ છે જ.

અને તે તે કલ્યાણપર્યાયને અભિમુખ દ્રવ્યભેદથી=તીર્થંકરઆદિના તીર્થંકરપણું આદિરૂપ તે તે કલ્યાણપર્યાયને અભિમુખ એવા દ્રવ્યના ભેદથી બાહ્ય વસ્તુનું પણ પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષ છે જ.

અને શ્રુત-અવધિ-મનઃપર્યાય આદિ ભાવના ભેદથી બાહ્ય વસ્તુનું પણ પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષ છે જ, એમ 'अस्ति हि'નો બધા સાથે અન્વય છે, તે આ=પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું તે આ, વ્યવહારભાષ્યમાં કહ્યું છે :-

गुणभूइट्ठे दव्वम्मि=ગુણથી અધિક દ્રવ્ય હોતે છતે, भावे=ભાવમાં=આલંબન લેનાર પુરુષના પરિણામમાં, जेण=જે કારણથી, मत्ताहिअत्तणं=માત્રાનું અધિકપણું થાય છે, इति=એ કારણથી, वत्थूओ=વસ્તુથી=યથોત્તરગુણથી અધિક એવી પ્રતિમાશ્રુતાદિ વસ્તુથી, ववहारो=વ્યવહારનય, विउलं णिज्जरं=વિપુલ નિર્જરાને, इच्छति=ઇચ્છે છે. ।।૧।। વ્યવહારભાષ્ય ઉદ્દેશ-૬, ગાથા-૧૮૮ આ કથનને સ્પષ્ટતર કરે છે :

લક્ષણયુક્ત પ્રતિમા પ્રસાદિકા અર્થાત્ મનના પ્રસાદને કરનારી, સમસ્ત અલંકારવાળી જે પ્રમાણે મનને પ્રહ્લાદ કરે છે, તે પ્રમાણે નિર્જરા જાણવી. ।।૨।। વ્યવહારભાષ્ય ઉદ્દેશ-૬, ગાથા-૧૮૯.

શ્રુતવાળો, અતિશયયુક્ત અર્થાત્ અવધિ આદિ અતિશયયુક્ત, સુખ ભોગવવાને ઉચિત પણ તપગુણ ઉદ્યુક્ત અર્થાત્ બાહ્ય-અભ્યંતર તપમાં અને જ્ઞાનાદિ ગુણમાં ઉદ્યુક્ત, (આ પુરુષને જોઈને) જે આ મનનો પ્રહ્લાદ અર્થાત્ જેવા પ્રકારનો મનનો પ્રહ્લાદ થાય છે તે=મનનો પ્રહ્લાદ, નિર્જરા કરે છે=તેવા પ્રકારની નિર્જરા કરે છે. ।।૩।। **વ્યવહારભાષ્ય ઉદ્દેશ-૬, ગાથા-૧૯૦**

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

❖ 'लक्षणयुक्तसमस्तालङ्कारालङ्कृतप्रतिमादिस्थापनाभेदेन'માં 'आदि'પદથી અનાકાર સ્થાપનાનું ગ્રહણ કરવું.

❖ 'श्रुतावधिमनःपर्यायादिभावभेदेन'માં 'आदि'પદથી કેવલજ્ઞાનનું ગ્રહણ કરવું.

❖ 'बाह्यवस्तुनोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે સ્વપ્રયત્નથી તો નિર્જરાવિશેષ છે, પરંતુ બાહ્ય વસ્તુથી પણ પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષ છે.

ભાવાર્થ :-

બાહ્ય વસ્તુના નામાદિ ચારે નિક્ષેપામાં રહેલી વિશેષતા, પ્રણિધાન કરનારને આલંબનીભૂત થઈને પ્રણિધાન કરનારના ભાવને અતિશયિત કરે છે, એમ વ્યવહારનય માને છે; અને પ્રણિધાન કરનારના ભાવનો અતિશય થાય તો નિર્જરાવિશેષ થાય છે, અને તે ચારે નિક્ષેપામાં રહેલી વિશેષતાથી કઈ રીતે ભાવ અતિશય થાય છે, તે સ્પષ્ટ કરે છે –

જેમ આલંબનીભૂત તીર્થંકર હોય તો તીર્થંકરના વર્ધમાનસ્વામી આદિ નામને કારણે પ્રણિધાન કરનાર સાધકને ભાવનો અતિશય થાય છે, અને તીર્થંકરના બદલે આલંબનીભૂત અન્ય કોઈ મહાત્માનું નામ હોય તો અન્યના નામના સ્મરણથી પ્રણિધાન કરનારને તીર્થંકરના નામસ્મરણથી જેવો ભાવનો અતિશય થાય, તેવો ભાવનો અતિશય પ્રાયઃ થતો નથી. તેથી અન્ય મહાત્માના નામ સ્મરણ કરતાં તીર્થંકરઆદિના નામ સ્મરણથી પ્રણિધાન કરનારને ભાવનો અતિશય થાય છે, તેથી ઘણી નિર્જરા થાય છે. એ પ્રકારે નામનિક્ષેપાગતવિશેષ પ્રણિધાન કરનારના ભાવના અતિશયનું કારણ છે, એમ વ્યવહારનય માને છે.

વળી કોઈક ભગવાનની પ્રતિમા સર્વ લક્ષણોથી યુક્ત હોય અને બધા ઉચિત અલંકારોથી અલંકૃત હોય, તો તે પ્રતિમાને જોઈને પ્રણિધાન કરનારને અધિક ભાવ થાય છે અર્થાત્ અન્ય પ્રતિમા કરતાં તે પ્રતિમાને જોઈને અધિક ભાવ થાય છે, તેથી નિર્જરાવિશેષ થાય છે. આ રીતે સ્થાપનાનિક્ષેપાગતવિશેષ પ્રણિધાન કરનારના ભાવના અતિશયનું કારણ છે, એમ વ્યવહારનય માને છે.

વળી કોઈક તીર્થંકરના આત્મા હોય, અને તીર્થંકર થવાની તૈયારીમાં હોય, તેઓનો તીર્થંકરકલ્યાણપર્યાય જેમ જેમ તીર્થંકરભાવને અભિમુખ હોય, તેમ તેમ પ્રણિધાન કરનારને ભાવનો અતિશય થાય છે. જેમ વીર ભગવાનને મરીચિના ભવમાં તીર્થંકરરૂપે જાણીને કોઈને બહુમાન થયેલ હોય, તેના કરતાં તીર્થંકરનામકર્મ બાંધેલ અવસ્થાવાળા ત્રીજા ભવમાં વર્તતા તેમના આત્માને જોઈને ભાવ અધિક થાય, અને તેના કરતાં પણ તીર્થંકરરૂપે જન્મે ત્યારે તેમને જોઈને ભાવ અધિક થાય, અને તેના કરતાં પણ સંયમને ગ્રહણ કરીને કેવલજ્ઞાનની પ્રાપ્તિની નજીકના પર્યાયવાળા એવા દ્રવ્યતીર્થંકરને જોઈને ભાવ અધિક થાય છે. આ રીતે દ્રવ્યનિક્ષેપાગતવિશેષ કલ્યાણપર્યાયને અભિમુખભાવના ભેદથી પ્રણિધાન કરનારના ભાવના અતિશયનું કારણ છે, એમ વ્યવહારનય માને છે.

અથવા

કોઈ તીર્થંકરના આત્મા હોય કે કોઈક ગણધરના આત્મા હોય કે કોઈ ભાવાચાર્યના આત્મા હોય, અને તેઓ નજીકમાં તીર્થંકરઆદિ થવાના હોય, ત્યારે તીર્થંકરના આત્મા તીર્થંકરકલ્યાણપર્યાયને અભિમુખ દ્રવ્ય છે, ગણધરના આત્મા ગણધરકલ્યાણપર્યાયને અભિમુખ દ્રવ્ય છે અને ભાવાચાર્યના આત્મા ભાવાચાર્ય-કલ્યાણપર્યાયને અભિમુખ દ્રવ્ય છે. આ ત્રણે દ્રવ્યને જોઈને ભક્તિથી નમસ્કાર કરનાર પુરુષને ભાવાચાર્યપર્યાયને અભિમુખ દ્રવ્યને જોઈને જેવો ભાવ થાય છે, તેના કરતા ગણધરપર્યાયને અભિમુખ દ્રવ્યને જોઈને અધિક ભાવ થાય છે, તેના કરતાં તીર્થંકરપર્યાયને અભિમુખ દ્રવ્યને જોઈને અધિક ભક્તિનો પરિણામ થાય છે. આ

રીતે દ્રવ્યનિક્ષેપાગત તત્ તત્ કલ્યાણપર્યાયઅભિમુખવિશેષ પ્રણિધાન કરનારના ભાવના અતિશયનું કારણ છે, એમ વ્યવહારનય માને છે.

વળી આલંબનીભૂત ભાવનિક્ષેપામાં વર્તતા ભાવને આશ્રયીને પણ પ્રણિધાન કરનારના ભાવનો ભેદ થાય છે. જેમ શ્રુતપર્યાયવાળા ગીતાર્થ મુનિને જોઈને જે પ્રકારનો ભક્તિનો ભાવ થાય છે, તેના કરતાં અવધિજ્ઞાનવાળા કે મનઃપર્યવજ્ઞાનવાળા મુનિને જોઈને પ્રણિધાન કરનારને ભાવનો અતિશય થાય છે. તેથી આલંબનીભૂત બાહ્ય પદાર્થમાં રહેલા ભાવના ભેદથી પ્રણિધાન કરનારના શુભ અધ્યવસાયનો ભેદ પડે છે, અને અધ્યવસાયના ભેદ પ્રમાણે નિર્જરામાં પણ ભેદ પડે છે. આ રીતે ભાવનિક્ષેપાગતવિશેષ પ્રણિધાન કરનારના ભાવના અતિશયનું કારણ છે, એમ વ્યવહારનય માને છે.

ટીકા :-

नैश्चयिकनयस्तु नैतदिच्छति–यदुत नामादिबाह्यवस्तुविशेषान्निर्जराविशेष इति, नियमस्य भङ्गेन अधिकतरगुणवस्तुत एवाधिकतरो भाव इति व्याप्तौ व्यभिचारात्, अधिकतरगुणवर्द्धमानस्वाम्यपेक्षयाल्पगुणेऽपि गौतमस्वामिनि गुरुपरिणामेन सिंहजीवस्य महानिर्जराप्रतिपादनात्, तदुक्तं व्यवहारभाष्य एव –

"णेच्छइओ पुण अप्पे, वि जस्स वत्थुम्मि जायए भावो ।
तत्तो सो णिज्जरगो, जिणगोअमसीहआहरणं " ।।१।।

निश्चयतः पुनः 'अल्पेऽपि' महागुणतराद्धीनगुणेऽपि वस्तुनि यस्य जायते तीव्रः शुभो भावः 'तस्मात्' महागुणतरविषयभावयुक्तात् 'सः' हीनगुणविषयतीव्रशुभभावो 'निर्जरकः' महानिर्जरतरः, तद्भावस्यातितीव्रशुभतरत्वात्, अत्र जिनगौतमसिंहजीवा आहरणं, तच्चैवम् –

"तिविट्ठुत्तणे भयवया वद्धमाणसामिणा सीहो णिहओ अधितिं करेइ 'खुड्डलगेणं णिहतोमि'त्ति परिभवात् । गोअमेण सारहित्तणेणमणुसासिओ 'मा अधितिं करेहि, तुमं पसुसीहो, णरसीहेण मारियस्स तुमं को परिभवो ?' एवं सो अणुसासिज्जंतो मओ संसारं भमिऊण भगवओ वद्धमाणसामिस्स चरमतित्थयरभवे रायगिहे णगरे कविलस्स बंभणस्स घरे बडुओ जाओ । सो अन्नया समोसरणे आगओ भयवंतं दट्ठूण धमधमेति । ततो भगवया गोअमसामी पेसिओ जहा उवसामेइ। ततो गतो अणुसासिओ अ जहा-'एस महप्पा तित्थंकरो । एअम्मि जो पडिणिवेसेइ सो दुग्गतिं जाति' एवं सो उवसामिओ । तस्स दिक्खा गोअमसामिणा दिन्न" **त्ति ।।१६।।**

❖ 'अल्पगुणेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે સમાન ગુણવાળામાં તો મહાનિર્જરા થાય, પરંતુ અલ્પગુણવાળા પણ ગૌતમસ્વામીમાં સિંહના જીવને મહાનિર્જરાનું પ્રતિપાદન છે.

❖ 'अल्पेऽपि'માં 'महागुणतराद्धीनगुणेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે સમાન ગુણવાળી વસ્તુમાં તીવ્ર શુભભાવથી મહાનિર્જરા થાય, પરંતુ અલ્પગુણવાળી વસ્તુમાં પણ તીવ્ર શુભભાવથી મહાનિર્જરા થાય છે.

ટીકાર્થ :-

નૈશ્ચયિકનયસ્તુ ..... તચ્ચૈવમ્ - વળી નૈશ્ચયિકનય આ ઇચ્છતો નથી. નૈશ્ચયિકનય શું ઇચ્છતો નથી, તે 'યદુત'થી સ્પષ્ટ કરે છે : નામાદિ બાહ્ય વસ્તુના વિશેષથી નિર્જરાવિશેષ છે, એ નિશ્ચયનય ઇચ્છતો નથી; કેમ કે નિયમનો ભંગ છે=અધિકતર ગુણવાળી વસ્તુથી જ અધિકતર ભાવ થાય છે, એ પ્રકારની વ્યાપ્તિમાં વ્યભિચાર છે.

અધિકતર ગુણવાળી વસ્તુથી અધિકતર ભાવની વ્યાપ્તિમાં વ્યભિચાર છે, તેમાં હેતુ બતાવે છે –

અધિકતર ગુણવાળા વર્ધમાનસ્વામીની અપેક્ષાએ અલ્પ ગુણવાળા પણ ગૌતમસ્વામીમાં ગુરુપરિણામને કારણે=ગુરુબુદ્ધિને કારણે, સિંહના જીવને મહાનિર્જરાનું પ્રતિપાદન છે, વ્યવહારભાષ્યમાં જ તે કહેવાયું છે=નિશ્ચયનય બાહ્ય વસ્તુના વિશેષથી નિર્જરાવિશેષ ઇચ્છતો નથી, વ્યવહારભાષ્યમાં જ તે કહેવાયું છે –

વળી નિશ્ચયથી=નિશ્ચયનયથી, અલ્પ પણ વસ્તુમાં જેને ભાવ થાય છે, તેનાથી તે=ભાવ, નિર્જરા કરનાર છે. જિન-ગૌતમ-સિંહ ઉદાહરણ છે. (વ્યવહારભાષ્ય ઉદ્દેશ-૬, ગાથા-૧૯૧)

આ શ્લોકનો અર્થ સ્પષ્ટ કરે છે –

વળી નિશ્ચયથી=નિશ્ચયનયથી, અલ્પ પણ વસ્તુમાં=મહાગુણતરથી હીનગુણવાળી એવી પણ વસ્તુમાં, જેને ભાવ થાય છે=જેને તીવ્ર શુભ ભાવ થાય છે, તેનાથી=મહાગુણતરવિષયભાવયુક્તથી, તે=હીનગુણવિષયક તીવ્ર શુભ ભાવ, નિર્જરક છે=મહાનિર્જરતર છે; કેમ કે તેના ભાવનું=હીન વસ્તુ આલંબનવિષયક ભાવનું, અતિ તીવ્ર શુભતરપણું છે. આમાં=હીનગુણવિષયક તીવ્ર શુભતર ભાવ થાય છે એમાં, જિન, ગૌતમ અને સિંહજીવ ઉદાહરણ છે, અને તે=ઉદાહરણ, આ પ્રમાણે છે –

"તિવિટ્ઠત્તણે ..... દિન્ન" ત્તિ ।। ત્રિપૃષ્ઠપણામાં ભગવાન વર્ધમાનસ્વામી વડે સિંહ હણાયો. 'બાળક વડે હું હણાયો છું,' એ પ્રમાણે પરિભવથી અધૃતિને કરે છે=વિહ્વળતાને પામે છે. સારથી એવા ગૌતમ વડે અનુશાસન કરાયો : 'તું અધૃતિને ન કર. તું પશુસિંહ છે, નરસિંહ વડે મરાયેલા એવા તારો કયો પરિભવ છે ?' આ રીતે તે=સિંહ, અનુશાસન કરાતો મર્યો. સંસારમાં ભમીને ભગવાન વર્ધમાનસ્વામીના ચરમતીર્થંકર ભવમાં રાજગૃહનગરમાં કપિલ બ્રાહ્મણના ઘરે બટુક થયો. તે એકવાર સમવસરણમાં આવ્યો, ભગવાનને જોઈને ધમધમે છે. ત્યારપછી ભગવાન વડે ગૌતમસ્વામી મોકલાયા, જેથી ઉપશમાવે=ગૌતમસ્વામી ઉપશમ પમાડે. ત્યારપછી ગૌતમસ્વામી ગયા અને અનુશાસન કરાયો : 'જે પ્રમાણે આ મહાત્મા તીર્થંકર છે. આમનામાં જે પ્રદ્વેષ કરે છે, તે દુર્ગતિમાં જાય છે.' આ રીતે તે=બટુક, ઉપશાંત કરાયો. તેને ગૌતમસ્વામી વડે દીક્ષા અપાઈ.

'ત્તિ' કથાનકની સમાપ્તિમાં છે. ।।૧૬।।

ભાવાર્થ :-

નામાદિગતવિશેષ પ્રણિધાન કરનારના ભાવને અતિશય કરે છે, તેમ પૂર્વમાં વ્યવહારનયથી બતાવીને

એ સ્થાપન કર્યું કે નામાદિ ચાર નિક્ષેપામાં રહેલ વિશેષતા પણ પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષ કરે છે. હવે નામાદિ ચાર નિક્ષેપામાં રહેલ વિશેષતા પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષ કરે છે, તેમ નિશ્ચયનય સ્વીકારતો નથી, એમ બતાવે છે –

નિશ્ચયનય કહે છે કે બાહ્ય એવા નામાદિ નિક્ષેપામાં રહેલ વિશેષતા પ્રણિધાન કરનારના ભાવને નિયમા વિશેષિત કરે તેવી વ્યાપ્તિ નથી. માટે નામાદિમાં રહેલી વિશેષતા પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષ કરે છે, તેમ માની શકાય નહિ; અને તેમાં ઉદાહરણ આપે છે કે વર્ધમાનસ્વામીમાં ગૌતમસ્વામી કરતાં ઘણા ગુણો હતા, છતાં સિંહના જીવને ભગવાનને જોઈને તીવ્ર શુભભાવ થયો નહિ અને ગૌતમસ્વામીથી તીવ્ર શુભભાવ થયો, તેથી ગૌતમસ્વામીથી મહાનિર્જરાની પ્રાપ્તિ થઈ. માટે આલંબનીભૂત વસ્તુમાં રહેલ ગુણાધિક્ય પ્રણિધાન કરનારના ભાવમાં આધિક્ય પેદા કરે છે, તેવું કહી શકાય નહિ.

અવતરણિકામાં પ્રશ્ન કરેલ કે નામાદિમાં રહેલ વિશેષથી પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષ થાય છે કે નહિ ? તેનું સમાધાન પ્રસ્તુત ટીકાના કથનથી એ પ્રાપ્ત થાય કે વ્યવહારનયથી નામાદિ ચાર નિક્ષેપામાં રહેલી વિશેષતા પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષ પ્રત્યે કારણ છે, અને નિશ્ચયનયથી નામાદિ ચાર નિક્ષેપામાં રહેલી વિશેષતા પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષ પ્રત્યે કારણ નથી. **॥૧૬॥**

અવતરણિકા :-

यथा भावमात्राधिक्यं बाह्यवस्तुनि व्यवहारत उपयुक्तं निश्चयतस्तु न, तथा सङ्ख्याधिक्यमपि, इत्याह –

અવતરણિકાર્થ :-

જે પ્રમાણે ભાવમાત્રનું આધિક્ય બાહ્ય વસ્તુમાં વ્યવહારનયથી ઉપયુક્ત છે, પરંતુ નિશ્ચયનયથી નહિ, તે પ્રમાણે સંખ્યા આધિક્ય પણ છે. इति=एतद्=એને, કહે છે –

❖ 'सङ्ख्याधिक्यमपि'માં 'अपि'થી એ કહેવું છે કે બાહ્ય વસ્તુભૂત નામાદિ ચાર નિક્ષેપામાં ભાવની માત્રાનું આધિક્ય વ્યવહારનયથી નિર્જરા પ્રત્યે ઉપયોગી છે, પરંતુ નિશ્ચયનયથી ઉપયોગી નથી, તેમ આલંબનીભૂત બાહ્ય વસ્તુગત સંખ્યાનું આધિક્ય પણ નિર્જરા પ્રત્યે વ્યવહારનયથી ઉપયોગી છે, નિશ્ચયનયથી નથી.

ભાવાર્થ :-

પૂર્વગાથામાં સ્થાપન કર્યું એ પ્રમાણે વ્યવહારનયથી બાહ્ય વસ્તુમાં રહેલા ભાવમાત્રનું આધિક્ય પ્રણિધાન કરનારને નિર્જરા કરવામાં જે રીતે ઉપયોગી છે, અને નિશ્ચયનયથી બાહ્ય વસ્તુમાં રહેલા ભાવમાત્રનું આધિક્ય પ્રણિધાન કરનારને નિર્જરા કરવામાં જે રીતે ઉપયોગી નથી; તે રીતે વ્યવહારનયથી બાહ્ય વસ્તુમાં રહેલું સંખ્યાનું આધિક્ય પણ પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષ પ્રત્યે ઉપયોગી છે, અને નિશ્ચયનયથી બાહ્ય વસ્તુમાં રહેલું સંખ્યાનું આધિક્ય પ્રણિધાન કરનારને ઉપયોગી નથી. એને કહે છે –

ગાથા :-

एवं बहुगुरुपूजा, ववहारा बहुगुणा य णिच्छयओ ।
एगम्मि पूइअम्मी, सव्वे ते पूइआ हुंति ।।१७।।

અન્વયાર્થ :-

एवं=એ રીતે=પૂર્વગાથામાં કહ્યું એ રીતે, ववहारा=વ્યવહારનયથી, बहुगुरुपूजा=ઘણા ગુરુઓની પૂજા, बहुगुणा=બહુગુણવાળી છે, य=વળી, णिच्छयओ=નિશ્ચયનયથી, एगम्मि पूइअम्मी=એક ગુરુની પૂજા કરાયે છતે, सव्वे ते=સર્વે તે, पूइआ हुंति=પૂજાયેલા થાય છે. ।।૧૭।।

ગાથાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું એ રીતે વ્યવહારનયથી ઘણા ગુરુઓની પૂજા બહુગુણવાળી છે. વળી નિશ્ચયનયથી એક ગુરુની પૂજા કરાયે છતે તે સર્વે પૂજાયેલા થાય છે. ।।૧૭।।

ટીકા :-

'एवं'ति । एवम्=उक्तप्रकारेण, बहूनां गुरूणां पूजा व्यवहाराद् बहुगुणा, बहुगुरुपूजातत्परत्वे मनःप्रसादस्यापि बाहुल्यात्, निश्चयतस्तु एकस्मिन्नपि गुरौ पूजिते सर्वे ते गुरवः पूजिता भवन्ति, सर्वत्रापि ज्ञानादिगुणसाम्यात् मनःप्रसादविशेषस्य च तदालम्बनकस्वपरिणामविशेषाधीनत्वादिति व्यवस्थितमदो ललितविस्तरायाम् ।।१७।।

ટીકાર્થ :-

'एवम्' ..... ललितविस्तरायाम् ।। एवम्=ઉક્ત પ્રકારથી=ગાથા-૧૬માં બતાવ્યું એ પ્રકારથી, વ્યવહારનયથી ઘણા ગુરુની પૂજા બહુગુણવાળી થાય છે; કેમ કે બહુગુરુપૂજામાં તત્પરપણું હોતે છતે મનઃપ્રસાદનું પણ બહુલપણું છે. વળી નિશ્ચયનયથી એક પણ ગુરુ પૂજાયે છતે સર્વ તે ગુરુ પૂજાયેલા થાય છે; કેમ કે સર્વત્ર પણ=બધા ગુરુઓમાં પણ, જ્ઞાનાદિ ગુણોનું સામ્યપણું છે.

અહીં પ્રશ્ન થાય કે બધા ગુરુઓમાં જ્ઞાનાદિ ગુણોનું સામ્યપણું હોવા છતાં ઘણા ગુરુઓની પૂજા કરનારને મનઃપ્રસાદનું અધિકપણું થાય છે, એમ વ્યવહારનય કહે છે, છતાં ઘણા ગુરુઓની પૂજા કરવાથી અધિક નિર્જરા થતી નથી, એમ નિશ્ચયનય કેમ કહે છે ? તેથી બીજો હેતુ કહે છે –

અને મનઃપ્રસાદવિશેષનું તદ્આલંબનકસ્વપરિણામવિશેષઆધીનપણું છે=ગુરુઆલંબનકસ્વપરિણામ વિશેષઆધીનપણું છે.

'इति' શબ્દ વ્યવહારનય અને નિશ્ચયનયના કથનની સમાપ્તિ માટે છે.

આવો નિયમ ગ્રંથકારશ્રીએ કેમ નક્કી કર્યો ? એથી કહે છે –

ललितविस्तरामां आ व्यवस्थित छे=अमे कह्युं ए व्यवस्थित छे. ॥१७॥

❖ 'मनःप्रसादस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે પૂજાના વિષયભૂત બાહ્ય વસ્તુનું બાહુલ્ય તો છે, પરંતુ બહુગુરુપૂજામાં તત્પરના મનઃપ્રસાદનું પણ બાહુલ્ય છે.

❖ 'एकस्मिन्नपि'માં 'अपि'થી એ કહેવું છે કે ઘણા ગુરુની પૂજામાં તો બધા ગુરુ પૂજિત થાય છે, પરંતુ એક પણ ગુરુ પૂજાયે છતે બધા ગુરુ પૂજિત થાય છે.

❖ 'सर्वत्रापि'માં 'अपि'થી એ કહેવું છે કે એક ગુરુમાં તો જ્ઞાનાદિ ગુણો છે, પરંતુ બધા ગુરુમાં પણ જ્ઞાનાદિ ગુણો સમાન છે.

ભાવાર્થ :-

ગાથા-૧૬માં ગ્રંથકારશ્રીએ યુક્તિથી બતાવ્યું કે નામાદિ ચાર નિક્ષેપામાં રહેલ વિશેષ, પ્રણિધાન કરનારના ભાવને વિશેષિત કરે છે તેમ વ્યવહારનય માને છે, તેથી ચાર નિક્ષેપાગતવિશેષ વ્યવહારનયથી નિર્જરાવિશેષનું કારણ છે; અને નિશ્ચયનયથી નામાદિ ચારે નિક્ષેપામાં રહેલ વિશેષ, નિર્જરાવિશેષનું કારણ નથી. એ પ્રમાણે સંખ્યાનું આધિક્ય પણ વ્યવહારનયથી નિર્જરાવિશેષનું કારણ છે અને નિશ્ચયનયથી નથી.

જેમ કોઈ સાધક ઘણા ગુરુની પૂજા કરે તો વ્યવહારનયથી પૂજા કરનારને મનઃપ્રસાદનું આધિક્ય થાય છે, તેથી પૂજાના વિષયભૂત વસ્તુમાં રહેલ સંખ્યાનું આધિક્ય વ્યવહારનયથી નિર્જરાના આધિક્યનું કારણ છે; અને નિશ્ચયનયથી પૂજાના વિષયભૂત વસ્તુમાં રહેલ સંખ્યાનું આધિક્ય નિર્જરાના આધિક્યમાં કારણ નથી; કેમ કે નિશ્ચયનયથી એક પણ ગુરુ પૂજાયે છતે સર્વ ગુરુઓમાં જ્ઞાનાદિ ગુણનું સમાનપણું હોવાથી સર્વ પણ ગુરુઓ પૂજાયેલા થાય છે.

તેનાથી એ ફલિત થાય કે જે સાધકે એક ગુરુની પૂજા કરી છે, તે સાધકે સર્વ ગુરુની પૂજા કરી છે, અને જે સાધકે સર્વ ગુરુની પૂજા કરી છે, તે સાધકે પણ સર્વ ગુરુની પૂજા કરી છે. તેથી સર્વ ગુરુઓની પૂજાથી જે ફળ પ્રાપ્ત થવું જોઈએ તે ફળ એક ગુરુની પૂજા કરનારને અને સર્વ ગુરુની પૂજા કરનારને સમાનપણે પ્રાપ્ત થઈ શકે છે.

વળી, સર્વ ગુરુની પૂજા કરનારને મનઃપ્રસાદ વિશેષ થાય છે, તેમ જે વ્યવહારનય કહે છે, તેને નિશ્ચયનય કહે છે કે મનઃપ્રસાદવિશેષ ગુરુના આલંબનક સ્વપરિણામવિશેષને આધીન છે. તેથી એક ગુરુની પૂજા કરનાર સાધક પણ ગુણવાન એવા ગુરુના આલંબનક સ્વપરિણામવિશેષ કરે તો ઘણા ગુરુની પૂજા કરનારા સાધક કરતાં પણ અધિક નિર્જરા કરી શકે છે. તેથી ઘણા ગુરુની પૂજા કરનારને અધિક મનઃપ્રસાદ થાય અને એક ગુરુની પૂજા કરનારને અલ્પ મનઃપ્રસાદ થાય તેવો નિયમ નથી; પરંતુ ગુણવાન એવા ગુરુના આલંબનને લઈને જેનો પરિણામ ગુણવાન ગુરુને અભિમુખ અતિશયથી જાય તેને અધિક નિર્જરા થાય, અને જેનો પરિણામ તેટલા અતિશયથી ન જાય તેને અલ્પનિર્જરા થાય. માટે ઘણા ગુરુની પૂજાથી ઘણી નિર્જરા થાય છે, તેવો નિયમ નથી, તેમ નિશ્ચયનય કહે છે. **॥૧૭॥**

અવતરણિકા :-

अत्र परः शङ्कते 'नणु' इत्यादिना –

અવતરણિકાર્થ :-

અહીં 'नणु' ઈત્યાદિ દ્વારા ગાથા-૧૮થી ૩૪ સુધી પર=કોઈક, શંકા કરે છે –

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ગુરુનું માહાત્મ્ય બતાવતાં ગુરુ સર્વ કલ્યાણની પરંપરાનું કારણ છે, તેમ સ્થાપન કર્યું. ત્યારપછી ગાથા-૧૨માં કહ્યું કે નામમાત્રથી ગુરુભક્તિ થતી નથી અર્થાત્ 'આ મારા ગુરુ છે અને હું તેમનો શિષ્ય છું.' તેટલા સ્વીકારમાત્રથી સર્વ કલ્યાણના કારણભૂત ગુરુભક્તિ થતી નથી, પરંતુ ચારે નિક્ષેપામાં ભાવનિક્ષેપો સ્વતંત્રથી ઉપાદેય છે, તેથી ગુણવાન ગુરુને ગુણવાનરૂપે જાણીને તેમના પ્રત્યેની ભક્તિના અતિશયથી તેમને પરતંત્ર થઈને આત્મકલ્યાણ કરવાનો અધ્યવસાય હોય તો ગુરુભક્તિ થાય છે. આ કથનમાં 'नणु इत्यादि'થી કોઈક શંકા કરે છે –

ગાથા :-

नणु आलंबणमित्तं, बज्झं ववहारसंमयं वत्थु ।
णिच्छयओ च्चिय सिद्धी, साहूण सुअम्मि जं भणियं ।।१८।।

અન્વયાર્થ :-

ववहारसंमयं बज्झं वत्थु=વ્યવહારસંમત બાહ્ય વસ્તુ, आलंबणमित्तं=આલંબનમાત્ર છે, णिच्छयओ च्चिय=નિશ્ચયથી જ, साहूण=સાધુઓને, सिद्धी=સિદ્ધિ છે, जं=જે કારણથી, सुअम्मि=શ્રુતમાં, भणियं=કહેવાયું છે. ।।૧૮।।

ગાથાર્થ :-

વ્યવહારસંમત બાહ્ય વસ્તુ આલંબનમાત્ર છે, નિશ્ચયથી જ સાધુઓને સિદ્ધિ છે; જે કારણથી શ્રુતમાં કહેવાયું છે. ।।૧૮।।

ટીકા :-

ननु बाह्यं व्यवहारसंमतं वस्तु आलम्बनमात्रं पटसामग्र्यामाकाशादिवदवर्जनीयसंनिधिकमात्रं न तूपादानवत्कारणमपि, अतिशयितस्योपादानस्यैव कार्याधानक्षमत्वात्, अतो निश्चयत एव साधूनां सिद्धिः, शुद्धनिश्चयेन बाह्यकारणाधिक्यनिरासवच्छुद्धतरनिश्चयेन बाह्यकारणमात्रस्यापि निरासाद्, आत्ममात्रप्रतिबद्धकार्यकारणभावविचारसारतया बहिः संकल्पविकल्पपरम्परानिवृत्तेरेकान्तस्थैर्यसिद्धेः यत्=यस्मात्, श्रुते=ओघनिर्युक्त्याख्ये, भणितम् ।।१८।।

ટીકાર્થ :-

ननु बाह्यं ..... ओघनिर्युक्त्याख्ये भणितम् ।।

'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે –

વ્યવહારસંમત બાહ્યવસ્તુ આલંબનમાત્ર છે, પટસામગ્રીમાં=પટની નિષ્પત્તિની કારણસામગ્રીમાં, આકાશાદિની જેમ અવર્જનીયસંનિધિમાત્ર છે, પરંતુ ઉપાદાનની જેમ કારણ પણ નથી; કેમ કે અતિશયિત એવા ઉપાદાનનું જ કાર્યઆધાનક્ષમપણું છે=કાર્ય કરવામાં સમર્થપણું છે. આથી= વ્યવહારસંમત બાહ્ય વસ્તુ કાર્યનિષ્પત્તિમાં ઉપયોગી નથી આથી, નિશ્ચયથી જ સાધુઓને સિદ્ધિ છે=નિશ્ચયનયને સંમત એવા સ્વપરિણામથી જ સાધુઓને સિદ્ધિ છે; કેમ કે શુદ્ધ નિશ્ચયનય વડે બાહ્યકારણના આધિક્યના નિરાસની જેમ શુદ્ધતર નિશ્ચયનય વડે બાહ્યકારણમાત્રનો પણ નિરાસ છે.

અહીં પ્રશ્ન થાય કે શુદ્ધતરનિશ્ચયનય આત્મકલ્યાણના કારણભૂત બાહ્યકારણમાત્રનો નિરાસ કરે છે, તેટલામાત્રથી નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે, તેમ કઈ રીતે નક્કી થાય ? તેથી કહે છે –

આત્મમાત્રપ્રતિબદ્ધ કાર્યકારણભાવના વિચારનું સારપણું હોવાને કારણે=બાહ્યકારણમાત્રને નિશ્ચયનયના અવલંબનથી કારણરૂપે ન સ્વીકારીએ તો આત્મમાત્રપ્રતિબદ્ધ કાર્યકારણભાવનો વિચાર પ્રધાનરૂપે થવાને કારણે, બાહ્ય સંકલ્પ-વિકલ્પની પરંપરાની નિવૃત્તિ થવાથી એકાંતસ્થૈર્યની સિદ્ધિ છે. તેથી નિશ્ચયનયથી જ સાધુને સિદ્ધિ છે એમ અન્વય છે. જે કારણથી શ્રુતમાં=ઓઘનિર્યુક્તિ નામના શાસ્ત્રમાં, કહેવાયું છે તે કારણથી નિશ્ચયથી સાધુને સિદ્ધિ છે એમ અન્વય છે. ॥૧૮॥

❖ 'आकाशादिवत्'માં 'आदि'પદથી કાળ, દિશાનું ગ્રહણ કરવું.

❖ 'उपादानवत्कारणमपि'માં 'अपि'થી એ કહેવું છે કે બાહ્ય વસ્તુ આલંબનમાત્ર છે, પરંતુ ઉપાદાનની જેમ કારણ પણ નથી.

❖ 'बाह्यकारणमात्रस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે શુદ્ધતર નિશ્ચયનયથી બાહ્ય કારણના આધિક્યનો તો નિરાસ છે, પરંતુ બાહ્યકારણમાત્રનો પણ નિરાસ છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી કહ્યું કે ગુણવાન એવા ગુરુની ભક્તિથી સર્વ કલ્યાણની પરંપરાની પ્રાપ્તિ થાય છે. આમ છતાં 'આ મારા ગુરુ છે' એટલા સ્વીકારમાત્રથી ગુરુની ભક્તિ થતી નથી, પરંતુ ગુણવાન એવા ગુરુને ગુણવાનરૂપે જાણીને તેમને પરતંત્ર થવાથી ગુરુની ભક્તિ થાય છે. ત્યાં શંકા કરતાં પર કહે છે કે વ્યવહારસંમત બાહ્ય વસ્તુ આલંબનમાત્ર છે, પરંતુ ઉપાદાન કારણની જેમ નિર્જરા પ્રત્યે કારણ નથી. આમ કહીને પૂર્વપક્ષીને એ કહેવું છે કે પટની નિષ્પત્તિમાં પટની સામગ્રી કારણ છે, આકાશાદિનું અવશ્ય સંનિધાન હોય છે, છતાં આકાશાદિ કારણ નથી. તેથી કાર્યકાળમાં અવશ્ય સંનિધાનમાત્ર હોય તે કારણ કહેવાય નહિ, પરંતુ કાર્યને કરવામાં વ્યાપૃત કારણને કારણ કહેવાય. તેથી પટનિષ્પત્તિમાં જેમ આકાશાદિ કારણ નથી, તેમ પટ પ્રત્યે અતિશયિત થયેલા એવા તંતુરૂપ ઉપાદાન કારણને છોડીને તુરીવેમાદિ પણ

કારણ નથી; કેમ કે ઉપાદાનકારણથી અતિરિક્ત અન્ય સામગ્રી કાર્યકાળમાં અવશ્ય હાજર હોય તોપણ પોતાનામાંથી કોઈ પરિણામ ઉપાદાનને આપતી નથી, પરંતુ અતિશયિત થયેલું એવું તંતુરૂપ ઉપાદાન કારણ જ પટરૂપે પરિણમન પામે છે. તેની જેમ શિષ્ય સંયમમાં યત્ન કરીને નિર્જરા કરે છે ત્યારે ગુણવાન ગુરુનું સાંનિધ્ય શિષ્યમાં કોઈ અતિશયતા કરાવતું નથી; કેમ કે કોઈ પદાર્થ પોતાનો ભાવ અન્યને આપી શકે નહિ. તેથી ગુણવાન ગુરુનું પારતંત્ર્ય સ્વીકારીને તેમને અવલંબીને સંયમમાં દૃઢ યત્ન કરનાર સાધુ પણ સ્વપરાક્રમથી નિર્જરા કરે છે, પણ ગુણવાન ગુરુને ગુરુ તરીકે સ્વીકાર્યા તોપણ તે ગુરુ શિષ્યની નિર્જરા પ્રત્યે કારણ નથી, આલંબનમાત્ર છે. આથી સાધુને નિશ્ચયનયને અભિમત એવા કારણથી જ કાર્યની સિદ્ધિ છે, અને નિશ્ચયનય એમ માને છે કે જે આત્મા નિર્જરા કરે છે, તે આત્મામાં રહેલો નિર્જરાને અનુકૂળ સ્વપ્રયત્ન જ નિર્જરા પ્રત્યે કારણ છે.

નિશ્ચયનયને અભિમત કારણથી સાધુને સિદ્ધિ કેમ છે ? તેમાં યુક્તિ બતાવે છે –

શુદ્ધ નિશ્ચયનય બાહ્ય કારણના આધિક્યનો નિરાસ કરે છે, તેમ શુદ્ધતર નિશ્ચયનય બાહ્યકારણમાત્રનો પણ નિરાસ કરે છે. તેથી કાર્યનિષ્પત્તિ પ્રત્યે બાહ્ય કારણનું આધિક્ય જેમ ઉપયોગી નથી, તેમ બાહ્યકારણમાત્ર પણ ઉપયોગી નથી, પરંતુ ઉપાદાનમાં રહેલ અતિશયતા જ કાર્ય પ્રતિ કારણ છે. આવો નિર્ણય હોવાથી નિર્જરાના અર્થી એવા સાધુ આત્મામાત્રમાં પ્રતિબદ્ધ એવા કાર્યકારણભાવનો વિચાર પ્રધાનરૂપે કરે છે. 'તેથી આ ગુરુના બળથી મારો નિસ્તાર થશે અને આ ગુરુના બળથી મારો નિસ્તાર નહિ થાય' એવા સંકલ્પ-વિકલ્પની પરંપરાની નિવૃત્તિ તે મહાત્માના ચિત્તમાં થાય છે અને નિર્જરાને અનુકૂળ સ્વપરાક્રમ ફોરવવામાં સુદૃઢ યત્ન થાય છે; કેમ કે નિશ્ચયનયનું અવલંબન લેનારા સાધુને સ્વપરાક્રમથી જ નિર્જરા થાય છે તેવો સ્થિર નિર્ણય હોવાના કારણે નિર્જરાને અનુકૂળ પરાક્રમ કરવાના વિષયમાં એકાંત સ્થૈર્યની પ્રાપ્તિ થાય છે, અને આત્મભાવમાં સ્થૈર્યથી જ ગુણસ્થાનકની વૃદ્ધિરૂપ સિદ્ધિ છે, તેથી નિશ્ચયનયથી જ સાધુને સિદ્ધિ છે, આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે, અને પોતાના મતને દૃઢ કરવા માટે પૂર્વપક્ષી કહે છે; જે કારણથી ઓઘનિર્યુક્તિમાં આગળ કહેવાશે, તે કહેવાયું છે. તેથી નક્કી થાય છે કે નિશ્ચયનયથી જ સાધુને સિદ્ધિ છે.

અહીં વિશેષ એ છે કે ગાથા-૧૬-૧૭માં ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે વ્યવહારનય નામાદિ ચાર નિક્ષેપાગત આધિક્ય બાહ્ય વસ્તુનું પ્રણિધાન કરનારને નિર્જરાવિશેષનું કારણ માને છે, અને ભક્તિના વિષયભૂત એવા ગુરુ આદિની સંખ્યાનું આધિક્ય પણ નિર્જરાવિશેષ પ્રત્યે કારણ છે, તેમ માને છે. વળી નિશ્ચયનય નામાદિ ચાર નિક્ષેપાગત આધિક્ય કે પ્રણિધાનના વિષયભૂત બાહ્ય વસ્તુમાં રહેલ સંખ્યાનું આધિક્ય નિર્જરા પ્રત્યે કારણ નથી એમ માને છે. તેથી શુદ્ધ નિશ્ચયનય બાહ્ય કારણના આધિક્યનો નિરાસ કરે છે, તે અર્થ ફલિત થાય છે, અને શુદ્ધતર નિશ્ચયનય બાહ્યકારણમાત્રનો નિરાસ કરે છે. તેથી એ ફલિત થાય કે અતિશય પરિણામને પામેલ ઉપાદાન જ કાર્ય પ્રત્યે કારણ છે, અને નિર્જરા કરનાર શિષ્ય નિર્જરાને અનુકૂળ પરાક્રમ ફોરવે છે ત્યારે, અતિશયિત થયેલો એવો તેનો આત્મા જ નિર્જરા પ્રત્યે કારણ છે, પરંતુ ગુણવાન ગુરુનું પારતંત્ર્ય સ્વીકાર્યું હોય તોપણ તે ગુણવાન ગુરુ શિષ્યની નિર્જરા પ્રત્યે કારણ નથી. આમ કહીને પૂર્વપક્ષીને

એ સ્થાપન કરવું છે કે કલ્યાણના અર્થીએ કલ્યાણના ઉપાયને જાણીને કલ્યાણને અનુકૂળ સ્વપરાક્રમ ફોરવવું જોઈએ, પરંતુ ગુરુના પારતંત્ર્યથી નિર્જરાની કે મોક્ષની સિદ્ધિ નથી. માટે આત્મકલ્યાણના અર્થે ગુરુની આવશ્યકતા નથી અને ગુરુતત્ત્વના નિર્ણયની પણ આવશ્યકતા નથી, માત્ર આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણીને તેમાં જ ઉદ્યમ કરવો આવશ્યક છે.

અહીં શુદ્ધ નિશ્ચયનય અને શુદ્ધતર નિશ્ચયનય એમ કહ્યું, તેનાથી એ પ્રાપ્ત થાય કે બાહ્યકારણોના આધિક્યથી નિર્જરાનું આધિક્ય માનનાર વ્યવહારનય અશુદ્ધ છે, અને તેનું નિરાકરણ કરીને બાહ્ય કારણના આધિક્યને નિર્જરા પ્રત્યે કારણ નહિ સ્વીકારનાર નિશ્ચયનય શુદ્ધ છે; કેમ કે પદાર્થને જોવામાં તેની નિર્મળ દૃષ્ટિ છે માટે શુદ્ધ છે. વળી શુદ્ધ નિશ્ચયનય બાહ્યકારણનો સર્વથા નિષેધ કરતો નથી, જ્યારે શુદ્ધતર નિશ્ચયનય બાહ્યકારણમાત્રનો નિરાસ કરે છે, આ સ્થાનમાં શુદ્ધતર નિશ્ચયનયની કાર્યકારણભાવને એકાધિકરણ સ્વીકારવાની નિર્મળતર દૃષ્ટિ છે, માટે તે શુદ્ધતર છે.

સંક્ષેપથી પદાર્થને જોવામાં વ્યવહારનયની સ્થૂલદૃષ્ટિ હોવાથી બાહ્યસામગ્રીના અતિશયને નિર્જરા પ્રત્યે કારણ સ્વીકારે છે.

પદાર્થને જોવામાં શુદ્ધ નિશ્ચયનયની કંઈક સૂક્ષ્મદૃષ્ટિ હોવાથી બાહ્યસામગ્રીની અતિશયતાને નિર્જરા પ્રત્યે અતિશયતાનું કારણ સ્વીકારતો નથી, પરંતુ બાહ્યકારણને અવલંબીને થતા સ્વપરિણામને જ નિર્જરાની અતિશયતાનું કારણ માને છે.

પદાર્થને જોવામાં શુદ્ધતર નિશ્ચયનયની અતિસૂક્ષ્મ દૃષ્ટિ હોવાથી ઉપાદાનકારણથી અતિરિક્ત અન્ય કારણને કારણરૂપે જોતો નથી, પરંતુ ઉપાદાનમાં થયેલ અતિશયિત ભાવને જ કારણ સ્વીકારે છે. **॥૧૮॥**

અવતરણિકા :-

પૂર્વગાથામાં પૂર્વપક્ષીએ યુક્તિથી બતાવ્યું કે નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે, અને પોતાની પુષ્ટિ આપવા માટે કહ્યું કે જે કારણથી શ્રુતમાં કહ્યું છે. તેથી હવે શ્રુતમાં જે કહ્યું છે એ સાક્ષીપાઠ આપે છે, જેથી પોતાનો પક્ષ યુક્તિથી અને શાસ્ત્રવચનથી સંગત છે એ સ્થિર થાય.

ગાથા :-

परमरहस्समिसीणं, समत्तगणिपिडगझरिअसाराणं ।
परिणामियं पमाणं, णिच्छयमवलंबमाणाणं ।।१९।।

અન્વયાર્થ :-

णिच्छयमवलंबमाणाणं समत्तगणिपिडगझरिअसाराणं इसीणं परमरहस्सं=નિશ્ચયનયનું અવલંબન કરનારા સમસ્ત ગણિપિટકના પઠિત સારવાળા એવા ઋષિઓનું પરમતત્ત્વ, परिणामियं=पारिणामिक=પરિણામમાં થનારો ભાવ, पमाणं=પ્રમાણ છે. ।।૧૯।।

ગાથાર્થ :-

નિશ્ચયનયનું અવલંબન કરનારા સમસ્ત ગણિપિટકના પઠિત સારવાળા એવા ઋષિઓનું પરમતત્ત્વ, પરિણામમાં થનારો ભાવ પ્રમાણ છે. ।।૧૯।।

ટીકા :-

'परम'त्ति । परमं रहस्यं=तत्त्वं, ऋषीणां समग्रगणिपिटकस्य झरितः=पठितः सारो यैस्तेषां, पारिणामिकं=परिणामभवं, प्रमाणं भवति निश्चयनयमवलम्बमानानाम्, यतः शब्दादिनिश्चयनयाः पारिणामिकमिच्छन्तीति ।।१९।।

ટીકાર્થ :-

परमं रहस्यं ..... पारिणामिकमिच्छन्तीति ।। સમસ્ત ગણિપિટકનો ઝરિત=પઠિત, સાર છે જેઓ વડે, તેવા નિશ્ચયનયને અવલંબન કરનારા ઋષિઓનું પરમ રહસ્ય=પરમતત્ત્વ, પારિણામિક=પરિણામમાં થનારો ભાવ, પ્રમાણ છે; જે કારણથી શબ્દાદિ નિશ્ચયનયો પારિણામિકને ઇચ્છે છે=જીવના સ્વભાવભુત પરિણામથી થતા ભાવને નિર્જરા પ્રત્યે કારણ ઇચ્છે છે. 'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૧૯।।

❖ शब्दादिनिश्चयनयाःમાં 'आदि' પદથી સમભિરૂઢનય અને એવંભૂતનયનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

જે ઋષિઓએ સમસ્ત ગણિપિટકનો=સમસ્ત શાસ્ત્રોનો, સારી રીતે અભ્યાસ કર્યો છે, અથવા તો જે ઋષિઓએ સારી રીતે અભ્યાસ નથી કર્યો છતાં સમસ્ત શાસ્ત્રોનો સાર શું છે, તેને સારી રીતે જાણ્યો છે, તેવા સર્વ ઋષિઓને આત્મકલ્યાણમાં નિશ્ચયનય પ્રમાણરૂપ ભાસે છે. તેથી આત્મકલ્યાણની પ્રવૃત્તિમાં નિશ્ચયનયનું અવલંબન લેનારા હોય છે, અને શાસ્ત્રોના સારને પામેલા એવા તે ઋષિઓનું પરમતત્ત્વ પારિણામિક ભાવ પ્રમાણ છે અર્થાત્ પોતાના આત્મામાં થતો ભાવ નિર્જરાને અનુકૂળ હોય તો તેઓને તે ભાવ કલ્યાણનું કારણ જણાય છે, પરંતુ પોતાનો ભાવ નિર્જરાને અનુકૂળ ન હોય અને પોતે ભગવાનનું આલંબન લેતા હોય કે ગુણવાન ગુરુનું આલંબન લેતા હોય તેટલા માત્રથી તે આલંબનના બળથી સંસારને તરી જશે તેમ તેઓ માનતા નથી. તેથી શાસ્ત્રોનો સાર પામેલા ઋષિઓ ગુણવાન ગુરુનું આલંબન લેવા માત્રથી પોતે કૃતકૃત્ય છે, તેમ માનતા નથી, પરંતુ મોક્ષને અનુકૂળ પોતાના પરિણામની પ્રાપ્તિ દ્વારા પોતે કૃતકૃત્ય છે તેમ માને છે.

જે કારણથી શબ્દાદિ નિશ્ચયનયો પારિણામિક ભાવને નિર્જરા પ્રત્યે કારણ કહે છે, તે કારણથી નિશ્ચયનયનું અવલંબન લેનારા ઋષિઓ નિર્જરાના ઉપાયભૂત અતિશયિત થયેલા પોતાના પરિણામને મોક્ષના કારણરૂપે જુએ છે; અન્ય કારણોને આલંબનમાત્ર જુએ છે, પરંતુ મોક્ષના કારણરૂપે જોતા નથી. **॥૧૯॥**

અવતરણિકા :-

એતદેવોપપાદયતિ –

અવતરણિકાર્થ :-

એને જ ઉપપાદન કરે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૮-૧૯માં કહ્યું કે શુદ્ધતરનિશ્ચયનય બાહ્યકારણમાત્રનો નિરાસ કરે છે અને તે નિશ્ચયનયથી જ સાધુને સિદ્ધિ છે; કેમ કે શાસ્ત્રોના સારને પામેલા ઋષિઓને નિશ્ચયનયને અભિમત પારિણામિકભાવ જ પ્રમાણ છે. એને જ ઉપપાદન કરે છે –

ગાથા :-

सुद्धो अ णिच्छयणओ, सुद्धाएसा य परमभावगया ।
अपरमभावगयाणं, ववहारो नूणमुवयारो ।।२०।।

અન્વયાર્થ :-

अ=અને, णिच्छयणओ सुद्धो=નિશ્ચયનય શુદ્ધ છે, य=અને, परमभावगया=પરમભાવગત એવા ઋષિઓ, सुद्धाएसा=શુદ્ધ આદેશવાળા હોય છે=શુદ્ધ દ્રવ્યાસ્તિકનયને અભિમત એવા શુદ્ધ આત્માના ભાવને માનનારા હોય છે, अपरमभावगयाणं=અપરમભાવગત એવા ઋષિઓને, ववहारो=વ્યવહારનય, नूणम्=નક્કી, उवयारो=ઉપચાર છે=ત્યારે પ્રયોજનવાળો છે. ।।૨૦।।

ગાથાર્થ :-

નિશ્ચયનય સૂક્ષ્મ જોનાર છે આથી શુદ્ધ છે, અને જે ઋષિઓ શાસ્ત્રના પરમાર્થને પામેલા છે, તે ઋષિઓ પરમભાવગત છે, અને તેવા ઋષિઓને શુદ્ધ દ્રવ્યાસ્તિકનય સર્વકર્મઉપાધિરહિત એવું શુદ્ધ આત્મતત્ત્વ પરમાર્થરૂપે દેખાડે છે, અને તેવા ઋષિઓ શુદ્ધ આત્માના સ્વરૂપને પ્રગટ કરવા માટે ઉદ્યમ કરનારા હોય છે તેથી શુદ્ધ એવા નિશ્ચયનયનું અવલંબન લે છે; અને જે ઋષિઓ શાસ્ત્રના પરમાર્થને હજી પામ્યા નથી, તેઓ અપરમભાવગત છે, અને તેવા ઋષિઓને વ્યવહારનયને માન્ય બાહ્ય આલંબનો નક્કી તે વખતે પ્રયોજનને સાધનારાં છે. ।।૨૦।।

ટીકા :-

'सुद्धो अ'त्ति । शुद्धश्च निश्चयनयः कतकनिपातोपजनितपङ्कपयोविवेकस्थानीयस्वपुरुषकाराविर्भावितसहजैकाच्छभावमयात्मकर्मविवेकानुभवनशीलत्वात्, न तु प्रबलपङ्कसंवलनतिरोहितसहजैकाच्छभावपयोऽनुभवस्थानीयात्मकर्माविवेकबीजभाववैश्वरूप्यानुभवनशीलव्यवहारनय-

वदशुद्धः, तदुक्तं समयसारे –

"ववहारोऽभूयत्थो, भूयत्थो देसिओ दु सुद्धणओ।
भूयत्थमासिओ खलु, सम्मद्दिट्ठी हवइ जीवो" ।।१।। **त्ति ।**

परमभावगताश्च=पर्यन्तपाकोत्तीर्णजात्यकार्त्तस्वरस्थानीयपरमभावानुभवनशीलाश्च, उपरितनैकवर्णिकास्थानीयशुद्धनयावलम्बितया शुद्धादेशाः=शुद्धद्रव्यादेशिनः । अपरमभावगतानां=प्रथमद्वितीयाद्यनेकपाकपरम्परापच्यमानकार्त्तस्वरस्थानीयापरमभावानुभवनशीलतयाऽशुद्धद्रव्यादेशिनां, व्यवहारः=विचित्रवर्णमालिकास्थानीयो व्यवहारनयः नूनं=निश्चितं, उपचारः=तदात्वप्रयोजनवान्, तदुक्तम् –

"सुद्धो सुद्धादेसो, णायव्वो परमभावदरिसीहिं ।
ववहारदेसिदा पुण, जे उ अपरमे ठिआ भावे" ।।१।। **इति ।**

तथा चाभ्यासदशायां कथञ्चिद्व्यवहारः फलवान्न तु तत्त्वदशायामिति स्थितम् । तदुक्तम् –

"जइ जिणमयं पवज्जह, ता मा ववहारणिच्छए मुअह ।
एक्केण विणु ज्झिज्जइ, तित्थं अण्णेण उण तच्चं" ।।१।। **त्ति ।**

टीकार्थ :-

शुद्धश्च ..... हवइ जीवो"।। त्ति । અને નિશ્ચયનય શુદ્ધ છે; કેમ કે કતકચૂર્ણના નિપાતથી ઉપજનિત પંક અને પાણીના વિવેકસ્થાનીય સ્વપુરુષકારથી આવિર્ભાવિત સહજ એક નિર્મળ ભાવમય આત્મા અને કર્મનો ભેદ, તેનો અનુભવ કરવાના સ્વભાવવાળાપણું છે, પરંતુ પ્રબળ કાદવથી સંવલિત થવાને કારણે તિરોહિત થયો છે સહજ એક નિર્મળભાવ જેને એવા પાણીના અનુભવસ્થાનીય આત્મા અને કર્મનો અભેદ, તેના બીજભાવરૂપ વિચિત્ર સ્વરૂપનો અનુભવ કરવાના સ્વભાવવાળા વ્યવહારનયની જેમ અશુદ્ધ નથી=નિશ્ચયનય અશુદ્ધ નથી, તે સમયસારમાં કહેવાયું છે=નિશ્ચયનય શુદ્ધ છે વ્યવહારનયની જેમ અશુદ્ધ નથી, તે સમયસારમાં ગાથા-૧૧માં કહેવાયું છે –

વ્યવહાર=વ્યવહારનય, અભૂતાર્થ છે=પદાર્થ જૈવો નથી તેવો દેખાડનાર છે. વળી શુદ્ધનય=શુદ્ધ નિશ્ચયનય, ભૂતાર્થ કહેવાયો છે=પદાર્થ જેવો છે તેવો દેખાડનાર કહેવાયો છે. ખરેખર ભૂતાર્થને આશ્રિત જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે. ।।૧।। 'त्ति' ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

'परमभावगताश्च' पर्यन्तपाको ... तच्चं ।।" ति । અને પરમભાવગત ઋષિઓ=છેલ્લા પાકથી ઉત્તીર્ણ એવા જાત્ય સુવર્ણસ્થાનીય પરમભાવના અનુભવના સ્વભાવવાળા અર્થાત્ આત્માના પૂર્ણશુદ્ધ ભાવના અનુભવના સ્વભાવવાળા એવા ઋષિઓ, ઉપરિતન એકવર્ણિકાસ્થાનીય શુદ્ધનયનું અવલંબીપણું હોવાને કારણે=સંપૂર્ણ શુદ્ધ સુવર્ણસ્થાનીય શુદ્ધ આત્માને જોનારા નયનું અવલંબન લેનારા હોવાને

કારણે, શુદ્ધ આદેશવાળા છે=શુદ્ધ દ્રવ્યને જોનારા છે.

અપરમભાવગત ઋષિઓને=પ્રથમ, દ્વિતીય આદિ અનેક પાકપરંપરાથી પચ્યમાન એવા સુવર્ણસ્થાનીય અપરમભાવના અનુભવનું સ્વભાવપણું હોવાને કારણે અર્થાત્ શુદ્ધિની પ્રક્રિયામાં રહેલા સુવર્ણસ્થાનીય પોતાના આત્માના અશુદ્ધભાવોના અનુભવનું સ્વભાવપણું હોવાને કારણે, અશુદ્ધ દ્રવ્યને જોનારા એવા ઋષિઓને, વ્યવહાર=વિચિત્ર વર્ણમાલિકાસ્થાનીય વ્યવહારનય=શુદ્ધિની પ્રક્રિયામાં રહેલ અર્ધશુદ્ધ સુવર્ણના ભાવસ્થાનીય વ્યવહારનય, નક્કી ઉપચાર છે=તદાત્વપ્રયોજનવાળો છે.

તે કહેવાયું છે=પરમભાવગત ઋષિઓ શુદ્ધનયને જોનારા છે અને અપરમભાવગત એવા ઋષિઓને વ્યવહારનય ઉપચાર છે, તે સમયસારમાં ગાથા-૧૨માં કહેવાયું છે –

પરમભાવને જોનારાઓ વડે શુદ્ધ=શુદ્ધનિશ્ચયનય, શુદ્ધ આદેશ=શુદ્ધદ્રવ્યને જોનારો જાણવો. વળી જેઓ અપરમભાવમાં રહેલા છે, તેઓ વ્યવહારનયને જોનારા છે. 'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

અને તે રીતે=પરમભાવગત ઋષિઓ શુદ્ધનયને જોનારા છે, અને અપરમભાવને જોનારા ઋષિઓને વ્યવહારનય તદાત્વપ્રયોજનવાળો છે તે રીતે, અભ્યાસદશામાં કોઈક રીતે વ્યવહાર ફળવાળો છે, પરંતુ તત્ત્વદશામાં નહિ, એ પ્રમાણે સ્થિત છે=એ પ્રમાણે પદાર્થ અવસ્થિત છે.

તે કહેવાયું છે=અભ્યાસદશામાં વ્યવહાર ફળવાન છે, તત્ત્વદશામાં નહિ. તે સમયસાર ગાથા-૧૨ના ઉદ્ધરણમાં કહેવાયું છે –

જો તમે જિનમતને સ્વીકારો છો તો વ્યવહારનય અને નિશ્ચયનયમાં મોહ પામો નહિ. એક વગર=વ્યવહારનય વગર, તીર્થનો ઉચ્છેદ થાય છે, વળી અન્ય વગર=નિશ્ચયનય વગર, તત્ત્વનો ઉચ્છેદ થાય છે.

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

ભાવાર્થ :-

જેમ કતકચૂર્ણ પાણીમાં પડે તો પાણીમાં રહેલા કાદવને જુદો પાડે છે, તેમ શુદ્ધ નિશ્ચયનયના આલંબનથી જીવ પોતાના પરિણામને અનુકૂળ પુરુષકાર કરે, તો તેનાથી આવિર્ભાવ થયેલો એવો સહજ એક શુદ્ધભાવમય એવો આત્મા, કર્મ અને આત્માના ભેદનો અનુભવ કરે છે અર્થાત્ નિશ્ચયનયનું અવલંબન લેનાર યોગી, આત્મા અને કર્મના ભેદજ્ઞાનનો અનુભવ કરે છે, તેથી નિશ્ચયનય શુદ્ધ છે; પરંતુ જેમ પ્રબળ કાદવથી સંવલિત પાણીનો સહજ નિર્મળ સ્વભાવ તિરોધાન પામેલ છે, તેવા તિરોધાન પામેલા ભાવના અનુભવસ્થાનીય આત્મા અને કર્મના અભેદનું જ્ઞાન છે, અને તે અભેદજ્ઞાનમાં બીજભાવ જીવનું વિચિત્ર સ્વરૂપ છે, અને તેવા સ્વરૂપનો અનુભવ કરાવનાર વ્યવહારનય છે, માટે વ્યવહારનય આત્માના અશુદ્ધ સ્વરૂપનો અનુભવ કરાવે છે, તેથી અશુદ્ધ છે, તેવો અશુદ્ધ નિશ્ચયનય નથી.

અહીં વિશેષ એ છે કે પ્રસ્તુત ગાથામાં નિશ્ચયનય શુદ્ધ છે એમ કહ્યું તે શુદ્ધદ્રવ્યાસ્તિકનયરૂપ શુદ્ધનિશ્ચયનય ગ્રહણ કરવાનો છે, અને શુદ્ધદ્રવ્યાસ્તિકનય કર્મઉપાધિથી રહિત એવા શુદ્ધ આત્માને જોનારી દૃષ્ટિ છે, અને

આ શુદ્ધદ્રવ્યાસ્તિકનયની દૃષ્ટિથી સંસારી જીવો પણ કર્મઉપાધિથી રહિત સિદ્ધના આત્માસદૃશ શુદ્ધ આત્માઓ છે.

વળી પરમભાવને પામેલા એવા ઋષિઓ શુદ્ધદ્રવ્યાસ્તિકનયથી પોતાનું શુદ્ધ સ્વરૂપ જોનારા હોય છે, અને તે જોઈને તેને પ્રગટ કરવા અર્થે શબ્દાદિનય ઉપર ચાલનાર નિશ્ચયનયનું અવલંબન લે છે, અને તે નયના અવલંબનથી જે ભાવો આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવામાં કારણ હોય તેને આત્મકલ્યાણમાં પ્રમાણભૂત માને છે; અને શબ્દાદિનય ઉપર ચાલનાર શુદ્ધ નિશ્ચયનય આત્મામાત્રમાં પ્રતિબદ્ધ કાર્યકારણભાવને સ્વીકારે છે. તેથી સમસ્ત ગણિપિટકના સારને પામેલા ઋષિઓ શુદ્ધ નિશ્ચયનયથી દેખાતા એવા આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવાને અનુકૂળ સ્વપરાક્રમને કારણરૂપે સ્વીકારે છે, અને તે પરાક્રમથી પોતાના આત્મામાં જે અંશમાં નિર્લેપતારૂપ કાર્ય થાય છે, તેને ઉદ્દેશીને પ્રયત્ન કરે છે, પરંતુ વ્યવહારનયની જેમ પોતાના અશુદ્ધ સ્વરૂપને જોઈને તે અશુદ્ધ સ્વરૂપને દૂર કરવાના ઉપાયભૂત બાહ્ય આલંબનોને પ્રમાણ માનતા નથી.

વળી જે ઋષિઓ શુદ્ધ દ્રવ્યાસ્તિકનયનું અવલંબન લઈને આત્માના શુદ્ધ સ્વરૂપને જોવા માટે સમર્થ થયા નથી, તેવા ઋષિઓ શાસ્ત્રોથી શુદ્ધનયનું સ્વરૂપ જાણે, યોગીઓ પાસે તેનો ઉપદેશ સાંભળે, તોપણ આત્માના શુદ્ધ સ્વરૂપને જોઈને તેમાં તન્મય થવા માટે સમર્થ નથી; પરંતુ પોતાની અનેક પ્રકારની કર્મકૃત વિચિત્ર પ્રકૃતિ તેમને દેખાય છે. એવા ઋષિઓ વ્યવહારનયનું અવલંબન લઈને પોતાની કર્મકૃત અશુદ્ધ પ્રકૃતિને શોધન કરવા અર્થે ઉત્તમ પુરુષોનું આલંબન લે છે અને બાહ્ય ઉચિત ક્રિયાઓમાં યત્ન કરે છે, અને તેના બળથી પોતાની કર્મકૃત મલિન પ્રકૃતિનું શોધન કરે છે. એવા અપરમભાવગત ઋષિઓને તે ભૂમિકામાં વ્યવહારનય પ્રયોજનવાળો છે.

આનાથી એ ફલિત થયું કે યોગમાર્ગની અભ્યાસદશાવાળી ભૂમિકામાં રહેલા યોગીઓને વ્યવહારનયનું અવલંબન લેવું ઉચિત છે; પરંતુ તત્ત્વદશાને પામેલા યોગીઓને વ્યવહારનયનું અવલંબન લેવું ઉચિત નથી, પણ શુદ્ધ દ્રવ્યાસ્તિકનયનું અવલંબન લઈને શબ્દાદિ નિશ્ચયનયોની દૃષ્ટિથી પોતાના પારિણામિક ભાવમાં ઉદ્યમ કરવો ઉચિત છે.

પૂર્વમાં ગાથાને સ્પર્શનારી ટીકાનો અર્થ કર્યો અને ત્યાં સ્પષ્ટ કર્યું કે અપરમભાવમાં રહેલા ઋષિઓને અભ્યાસદશામાં કોઈક રીતે વ્યવહારનય ઉપયોગી છે, તોપણ પરમભાવમાં રહેલા ઋષિઓને વ્યવહારનય ઉપયોગી નથી, પરંતુ નિશ્ચયનય ઉપયોગી છે. હવે પરમાર્થની પ્રાપ્તિમાં નિશ્ચયનય ઉપકારક છે, વ્યવહારનય ઉપકારક નથી, તે બતાવવા અર્થે 'किञ्च'થી સમુચ્ચય કરે છે –

ટીકા :-

किञ्च – "ब्राह्मणो न म्लेच्छितव्यः" **इति वचनाद् ब्राह्मणः परमार्थतो म्लेच्छभाषां न भाषते, स्वभाषया प्रतिबोद्धुमशक्यस्य म्लेच्छस्य बोधनाय तु भाषतेऽपि, तथा म्लेच्छभाषास्थानीयत्वेन तत्त्वप्रतिपादकत्वादुपन्यसनीयोऽपि व्यवहारः परमार्थतो नानुसर्त्तव्यः ।**

ટીકાર્થ :-

किञ्च ..... नानुसर्त्तव्यः । બ્રાહ્મણે મ્લેચ્છની જેમ આચરણા કરવી જોઈએ નહિ. **એ પ્રમાણે શાસ્ત્રનું વચન હોવાથી બ્રાહ્મણ પરમાર્થથી મ્લેચ્છભાષાને બોલતા નથી; વળી સ્વભાષાથી=બ્રાહ્મણોની સંસ્કૃત ભાષાથી, બોધ કરાવવાને માટે અશક્ય એવા મ્લેચ્છને બોધ કરાવવા અર્થે બોલે પણ છે=બ્રાહ્મણો મ્લેચ્છભાષા બોલે પણ છે, તે પ્રમાણે=મ્લેચ્છને તત્ત્વ સમજાવવા માટે ઉપયોગી જણાય તો માત્ર મ્લેચ્છભાષાનો ઉપયોગ કરવો જોઈએ તે પ્રમાણે, મ્લેચ્છભાષાસ્થાનીયપણું હોવાને કારણે=વ્યવહારનયનું મ્લેચ્છભાષાસ્થાનીયપણું હોવાને કારણે, તત્ત્વપ્રતિપાદકપણું હોવાથી=વ્યવહારનયનું તત્ત્વપ્રતિપાદકપણું હોવાથી, ઉપન્યાસ કરવા યોગ્ય પણ વ્યવહાર પરમાર્થથી અનુસરવા જેવો નથી.**

ભાવાર્થ :-

'બ્રાહ્મણે મ્લેચ્છની જેમ આચરણા કરવી જોઈએ નહિ' આ પ્રકારનું શિષ્ટ પુરુષનું વચન છે. તેથી બ્રાહ્મણે મ્લેચ્છ જેવી પ્રવૃત્તિ પણ કરવી જોઈએ નહિ અને મ્લેચ્છની ભાષા પણ બોલવી જોઈએ નહિ. આમ છતાં કોઈ મ્લેચ્છના ઉપકાર અર્થે બ્રાહ્મણ પોતાની ભાષાથી તેને બોધ કરાવવા અર્થે પ્રયત્ન કરે, પરંતુ મ્લેચ્છને તે ભાષાનું જ્ઞાન નહિ હોવાથી બ્રાહ્મણની ભાષાથી તત્ત્વ સમજી શકે નહિ, તેવા સમયે મ્લેચ્છના ઉપકાર અર્થે બ્રાહ્મણ મ્લેચ્છની ભાષામાં પણ તેને તત્ત્વ સમજાવે, પરંતુ મ્લેચ્છ જીવો જેવી પ્રવૃત્તિ કરે નહિ; તેમ વ્યવહારનય મ્લેચ્છ જેવો છે. તેથી તત્ત્વને ગ્રહણ કરવા અસમર્થ એવા મ્લેચ્છ જેવા જીવોને તત્ત્વ બતાવવા માટે વ્યવહારનય ઉપયોગી છે. એથી તત્ત્વના જાણ એવા ઋષિઓએ તેવા જીવોને તત્ત્વનો બોધ કરાવવા અર્થે વ્યવહારનયનો ઉપન્યાસ કરવો ઉચિત છે, પરંતુ મ્લેચ્છ જેવી વ્યવહારનયની આચરણા કરવા જેવી નથી.

આશય એ છે કે ઋષિઓ બ્રાહ્મણની જેમ આત્માની શુદ્ધ પ્રવૃત્તિઓ કરનારા હોય છે, પરંતુ મ્લેચ્છ જેવી પરની પ્રવૃત્તિ કરનારા હોતા નથી; અને વ્યવહારનયની પ્રવૃત્તિ પરવિષયક છે, તેથી બાહ્ય કાયાની ચેષ્ટા આદિ પ્રવૃત્તિઓમાં વ્યવહારનય ધર્મની પ્રવૃત્તિ માને છે. વસ્તુતઃ આત્મા પોતાના ભાવોમાં પ્રવૃત્તિ કરે એ ઋષિઓને માટે ઉચિત છે. આથી ઋષિઓ આત્માના પારમાર્થિક શુદ્ધ સ્વરૂપને જાણીને પોતાના શુદ્ધભાવમાં જવા ઉદ્યમ કરે છે જે બ્રાહ્મણ જેવી ઉચિત આચરણા છે, જ્યારે મ્લેચ્છજીવો સંસારમાં અનુચિત પ્રવૃત્તિ કરનારા હોય છે. તેની જેમ વ્યવહારનય બાહ્ય આચરણાઓ કરવા માટે કહે છે, જે પરમાર્થથી આત્મા માટે કરવા જેવું નથી.

અહીં પ્રશ્ન થાય કે જો વ્યવહારનયની પ્રવૃત્તિ કરવા જેવી ન હોય તો શાસ્ત્રોમાં વ્યવહારનયનો ઉપન્યાસ કેમ કર્યો ? તેથી કહે છે –

જેમ બ્રાહ્મણ પણ મ્લેચ્છોને બોધ કરાવવા અર્થે મ્લેચ્છભાષા બોલે, તેમ શાસ્ત્રકારોએ તત્ત્વનો બોધ કરાવવા અર્થે વ્યવહારનયનો ઉપન્યાસ કર્યો છે. આમ છતાં જેમ બ્રાહ્મણ મ્લેચ્છભાષા ક્યારેક બોલે પણ મ્લેચ્છની જેમ આચરણા ક્યારેય કરે નહિ, તેમ ઋષિઓ વ્યવહારનયનો ઉપન્યાસ કરે, પણ મ્લેચ્છ જેવા વ્યવહારનયની આચરણા ક્યારેય કરે નહિ.

પૂર્વમાં કહ્યું કે મ્લેચ્છભાષા જેવો વ્યવહારનય તત્ત્વપ્રતિપાદક હોવાથી ઉપન્યાસ કરવા જેવો હોવા છતાં પણ ઋષિઓને અનુસરવા જેવો નથી. ત્યાં શંકા કરતાં કહે છે –

ટીકા :-

कथमयं तत्त्वं प्रतिपादयति? इति चेत्, इत्थम्–यः श्रुतेन केवलमात्मानमवगच्छति स श्रुतकेवलीति परमार्थः न चैतच्छुद्धं प्रतिपादयितुं शक्यत इति यः श्रुतज्ञानं सर्वमवगच्छति स श्रुतकेवलीति भेदेन व्यवहार उपस्थापयति, तथा च ज्ञानमपि विचार्यमाणमात्मैवेति परमार्थ एव पर्यवस्यति, तदुक्तम् –

"जह ण वि सक्कमणज्जो, अणज्जभासं विणा उ गाहेउं ।
तह ववहारेण विणा, परमत्थुवएसणमसक्कं ।।१।।
जो हि सुएणऽहिगच्छइ, अप्पाणमिणं तु केवलं सुद्धं।
तं सुअकेवलिमिसिणो, भणंति लोगप्पईवयरा ।।२।।
जो सुअनाणं सव्वं, जाणइ सुअकेवलिं तमाहु जिणा ।
नाणं आदा सव्वं, जम्हा सुअकेवली तम्हा" ।।३।। **इति ।।२०।।**

ટીકાર્થ :-

कथमयं ..... तम्हा" ।। इति ।। કેવી રીતે આ=વ્યવહારનય, તત્ત્વનું પ્રતિપાદન કરે છે ? એ પ્રમાણે જો પૂછે છે, તો કહે છે : આ રીતે – જે શ્રુતરૂપે કેવલ આત્માને જાણે છે તે શ્રુતકેવલી છે એ પ્રમાણે પરમાર્થ છે, અને આ=શ્રુતકેવલીનું સ્વરૂપ, શુદ્ધ પ્રતિપાદન કરવા માટે શક્ય નથી. એથી 'જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તે શ્રુતકેવલી' એ પ્રમાણે ભેદથી વ્યવહારનય ઉપસ્થાપન કરે છે, અને તે રીતે=પરમાર્થથી શ્રુતરૂપે જે આત્માને જાણે છે તે શ્રુતકેવલી છે એમ પૂર્વમાં કહ્યું તે રીતે, વિચારણા કરાતું=જ્ઞાન 'કિં સ્વરૂપ છે' એ પ્રમાણે વિચારણા કરાતું, જ્ઞાન પણ=શ્રુતજ્ઞાન પણ, આત્મા જ છે, એ પ્રકારનો પરમાર્થ જ પર્યવસાન પામે છે.

તે=વ્યવહારનય શ્રુતકેવલીને પ્રતિપાદન કરવા માટે ઉપકારક છે તે, કહેવાયું છે=સમયસારમાં ગાથા-૮-૯-૧૦માં કહેવાયું છે :

જેમ અનાર્યભાષા વિના અનાર્યને બોધ કરાવવા માટે શક્ય નથી જ, તેમ વ્યવહારનય વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે. ।।૧।।

જે શ્રુતરૂપે કેવલ શુદ્ધ એવા આ આત્માને જાણે છે, તેને લોકપ્રકાશ કરનારા એવા ઋષિઓ=તીર્થંકરો, શ્રુતકેવલી કહે છે. ।।૨।।

જે સર્વ શ્રુતજ્ઞાનને જાણે છે તેને જિનો શ્રુતકેવલી કહે છે, જે કારણથી સર્વ જ્ઞાન=સર્વ શ્રુતજ્ઞાન, આત્મા છે, તે કારણથી શ્રુતકેવલી છે=જે કેવલ શુદ્ધાત્માને જાણે છે તે શ્રુતકેવલી છે. ।।૩।।

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ।।૨૦।।

❖ 'भाषतेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે બ્રાહ્મણો પ્રયોજન ન હોય તો મ્લેચ્છભાષા બોલતા નથી, પરંતુ મ્લેચ્છને બોધ કરાવવા અર્થે બોલે પણ છે.

❖ 'उपन्यसनीयोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહાર ઉપન્યસનીય ન હોય તો તો અનુસરવા જેવો નથી, પરંતુ ઉપન્યસનીય હોવા છતાં પણ અનુસરવા જેવો નથી.

❖ 'ज्ञानमपि'માં 'अपि'થી એ કહેવું છે કે આત્માનું નિજસ્વરૂપ તો આત્મા છે, પરંતુ શ્રુતજ્ઞાન પણ આત્મા જ છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે તત્ત્વનો પ્રતિપાદક હોવાને કારણે શાસ્ત્રમાં વ્યવહારનયનો ઉપન્યાસ કર્યો છે=વ્યવહારનયનું નિરૂપણ કર્યું છે, તોપણ વ્યવહારનય પરમાર્થથી અનુસરવા જેવો નથી. ત્યાં કોઈને શંકા થાય કે વ્યવહારનય કઈ રીતે તત્ત્વપ્રતિપાદન કરે છે ? તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

પરમાર્થથી=શુદ્ધ દ્રવ્યાસ્તિકનયની દૃષ્ટિથી, શ્રુતરૂપે કેવલ આત્માને જે જાણે તે શ્રુતકેવલી છે અર્થાત્ આત્માથી અભિન્ન એવું શ્રુત આત્માનું સ્વરૂપ છે, તેથી જે યોગીઓ પોતાનામાં સ્ફુરાયમાન થતા શ્રુતના સ્વરૂપથી પોતાના શુદ્ધ આત્માનું સંવેદન કરતા હોય તે શ્રુતકેવલી છે. તેનાથી એ ફલિત થાય કે જે યોગીઓએ સંપૂર્ણ શ્રુતનો અભ્યાસ કર્યો છે, એવા ચૌદપૂર્વધરો દ્રવ્યશ્રુતના બળથી પોતાના શુદ્ધ આત્માના સ્વરૂપનું સંવેદન કરતા હોય ત્યારે તેઓ શ્રુતકેવલી છે. વસ્તુતઃ શ્રુતજ્ઞાન આત્માથી પૃથક્ નથી, પરંતુ શ્રુત આત્માનું પારમાર્થિક સ્વરૂપ છે, અને તે સ્વરૂપે આત્માને સંવેદન કરે છે ત્યારે તે શ્રુતકેવલી છે; વળી નિશ્ચયનયથી આત્મા સાથે શ્રુતનો અભેદ હોવાના કારણે નિશ્ચયનયને અભિમત શ્રુતકેવલીનું સ્વરૂપ પ્રતિપાદન કરવું શક્ય નથી. તેથી વ્યવહારનય આત્માથી શ્રુતજ્ઞાનને પૃથક્ ગ્રહણ કરે છે અને કહે છે કે જે ચૌદપૂર્વરૂપ સર્વશ્રુતને ભણેલા છે તે શ્રુતકેવલી છે. તેથી એ ફલિત થાય કે નિશ્ચયનયને જે શ્રુતકેવલીનું સ્વરૂપ માન્ય છે તે જ વ્યવહારનયને માન્ય છે, પરંતુ નિશ્ચયનય શ્રુતજ્ઞાનને આત્માથી પૃથક્ સ્વીકારતો નથી, તેથી શ્રુતરૂપે આત્માને વેદન કરનાર કોણ છે, તે સ્પષ્ટ કરવું હોય તો નિશ્ચયનય કરી શકે નહિ; તેથી જે ચૌદપૂર્વને ભણેલા છે તે શ્રુતકેવલી છે, તેમ તે પ્રતિપાદન કરી શકે નહિ. આમ છતાં નિશ્ચયનય શ્રુતકેવલીના સ્વરૂપને બતાવવા માટે વ્યવહારનયનું અવલંબન લઈને જે યોગીઓ ચૌદપૂર્વ ભણેલા છે, તેમના ચૌદપૂર્વરૂપ શ્રુતજ્ઞાનથી આત્માને વેદન કરનારા એવા યોગી શ્રુતકેવલી છે, તેમ બતાવી શકે છે. આ રીતે નિશ્ચયનયને અભિમત એવા શ્રુતકેવલીનું સ્વરૂપ પ્રતિપાદન કરવા માટે વ્યવહારનય ઉપયોગી છે. માટે વ્યવહારનય મ્લેચ્છભાષાસ્થાનીય હોવા છતાં પણ શાસ્ત્રકારોએ ઉપન્યાસ કર્યો છે, તોપણ મોક્ષની પ્રાપ્તિના અર્થી એવા સાધુએ વ્યવહારનય અનુસરવા જેવો નથી.

અહીં નિશ્ચયનય શ્રુતકેવલી કોને કહે છે તે પ્રથમ બતાવ્યું. ત્યારપછી વ્યવહારનય શ્રુતજ્ઞાનને આત્માથી ભિન્ન સ્વીકારીને શ્રુતકેવલી કોને કહે છે તે બતાવ્યું. તેનાથી શું પ્રાપ્ત થયું તે સ્પષ્ટ કરવા માટે ટીકામાં ગ્રંથકારશ્રી 'तथा च'થી કહે છે – આ રીતે વિચારીએ તો શ્રુતજ્ઞાન પરમાર્થથી આત્મા જ છે, પરંતુ આત્માથી પૃથક્ભૂત એવા ચૌદપૂર્વના વર્ણનસ્વરૂપ શ્રુતજ્ઞાન નથી; તોપણ વ્યવહારનયનું અવલંબન લઈને શ્રુતરૂપ

આત્માનું સ્વરૂપ બતાવવા માટે આત્માથી પૃથક્‌ભૂત વર્ણનસ્વરૂપ ચૌદપૂર્વ જેઓ ભણ્યા છે, તેઓ શ્રુતકેવલી છે, તેમ બતાવવામાં આવે તો જેઓ તેટલું ભણ્યા નથી તેઓ શ્રુતકેવલી નથી, તેવો બોધ થાય; અને જેઓ બાહ્ય ચૌદપૂર્વરૂપ સર્વશ્રુતના પારને પામેલા છે અને શ્રુતસ્વરૂપ આત્માનું વેદન કરી રહ્યા છે, તેઓ શ્રુતકેવલી છે તેવો બોધ થાય. તેથી શ્રુતકેવલીનો બોધ કરવા અર્થે વ્યવહારનય ઉપયોગી છે. માટે વ્યવહારનયને તત્ત્વનું પ્રતિપાદન કરવા અર્થે ઉપયોગી છે તેમ કહેલ છે. **॥૨૦॥**

❖ સમયસારમાં ગાથા-૮-૯-૧૦માં જયચંદ્ર નામના મહાત્માની ટીકા છે. તેમાં વ્યવહારશ્રુતકેવલી અને નિશ્ચયશ્રુતકેવલી ઇત્યાદિ ભેદ કરીને જે વર્ણન કર્યું છે, તે સર્વ વિચારણીય છે. ગ્રંથકારશ્રીના આશયને સ્પર્શતું નથી, માટે મૂળ સમયસાર ગ્રંથમાં જે તાત્પર્યથી આ ગાથાઓ લખાઈ છે, તેને સામે રાખીને ગાથાનો અર્થ કરેલ છે.

અવતરણિકા :-

फलव्यभिचारेणापि व्यवहारं व्युदस्य निश्चयमुपपादयति –

અવતરણિકાર્થ :-

ફળનો વ્યભિચાર હોવાને કારણે પણ વ્યવહારનો વ્યુદાસ કરીને નિશ્ચયનયનું ઉપપાદન કરે છે -

❖ 'फलव्यभिचारेणापि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે, વ્યવહારથી નથી; એમ ગાથા-૧૮થી ૨૦ સુધી સ્થાપન કર્યું. તે રીતે વ્યવહાર મોક્ષપ્રાપ્તિ પ્રત્યે કારણ નથી, તેનું સ્થાપન થયું. હવે ફળના વ્યભિચારને કારણે પણ વ્યવહારનય મોક્ષપ્રાપ્તિ પ્રતિ કારણ નથી, તેમ સ્થાપન કરે છે –

ભાવાર્થ :-

વ્યવહારનયને અભિમત એવી આચરણા અન્વય અને વ્યતિરેકથી ફળની સાથે વ્યભિચારી હોવાને કારણે મોક્ષ પ્રત્યે કારણ નથી, તેમ બતાવીને નિશ્ચયનયથી જ સાધુને સિદ્ધિ છે તેમ સ્થાપન કરે છે.

ગાથા :-

भरहो पसन्नचंदो, आहरणा णिप्फलम्मि ववहारे ।
इट्ठविसओवणीयं, झाणं चिय सव्वकज्जकरं ।।२१।।

અન્વયાર્થ :-

णिप्फलम्मि ववहारे=નિષ્ફળ વ્યવહારમાં, भरहो पसन्नचंदो=ભરત મહારાજા અને પ્રસન્નચંદ્ર ઋષિ, आहरणा=દૃષ્ટાંત છે, इट्ठविसओवणीयं झाणं चिय=ઈષ્ટ વિષયથી ઉપનીત એવું ધ્યાન જ, सव्वकज्जकरं=સર્વ કાર્ય કરનાર છે. ॥૨૧॥

ગાથાર્થ :-

નિષ્ફળ વ્યવહારમાં ભરત મહારાજા અને પ્રસન્નચંદ્ર ઋષિ દૃષ્ટાંત છે, ઈષ્ટ વિષયથી ઉપનીત એવું ધ્યાન જ સર્વ કાર્ય કરનાર છે. ॥૨૧॥

ટીકા :-

'भरहो' त्ति । निष्फले व्यवहारे भरतः प्रसन्नचन्द्रश्चाहरणे, भरतस्य व्यवहारं विनापि केवलज्ञानोत्पादेन फलं प्रति व्यतिरेकव्यभिचारात्, सत्यपि व्यवहारे कायोत्सर्गे रौद्रध्यानदशायां प्रसन्नचन्द्रस्य तदनुत्पादेनान्वयव्यभिचारात्, तस्मात् इष्टविषयोपनीतं=योगसमाधानकारिमनोज्ञभोजनादिविषयोपढौकितं, ध्यानमेव=आत्मतत्त्वप्रणिधानमेव, सर्वकार्यकरम् ।।२१।।

ટીકાર્થ :-

निष्फले ..... सर्वकार्यकरम् ।। નિષ્ફળ વ્યવહારમાં ભરત મહારાજા અને પ્રસન્નચંદ્ર ઋષિ દૃષ્ટાંત છે; કેમ કે ભરત મહારાજાને વ્યવહાર વગર પણ કેવળજ્ઞાનની ઉત્પત્તિ હોવાને કારણે ફળ પ્રત્યે=કેવળજ્ઞાનની પ્રાપ્તિરૂપ ફળ પ્રત્યે, વ્યતિરેકવ્યભિચાર છે=વ્યવહારનયની ક્રિયા વ્યતિરેકથી વ્યભિચારી છે. વ્યવહાર હોતે છતે પણ કાયોત્સર્ગમાં રૌદ્રધ્યાનદશા વખતે પ્રસન્નચંદ્ર ઋષિને તેની=ફળની અનુત્પત્તિ હોવાને કારણે અન્વયવ્યભિચાર છે=વ્યવહારની ક્રિયા અન્વયથી વ્યભિચારી છે. તે કારણથી=વ્યવહારનયની ક્રિયા વ્યતિરેકથી અને અન્વયથી વ્યભિચારી છે માટે ફળનિષ્પત્તિ પ્રત્યે કારણ નથી તે કારણથી, ઈષ્ટ વિષયથી ઉપનીત=યોગસમાધાનકારી એવા મનોજ્ઞભોજનાદિ વિષયોથી ઉપઢૌકિત, ધ્યાન જ=આત્મતત્ત્વપ્રણિધાન જ=શુદ્ધ આત્માને પ્રગટ કરવાનો દૃઢ યત્ન જ, સર્વ કાર્ય કરનાર છે. ।।૨૧।।

❖ 'व्यवहारं विनापि'માં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારના સેવનથી ફળ થતું હોય તો વ્યવહાર કારણ તરીકે ઇષ્ટ છે, પરંતુ વ્યવહારના સેવન વગર પણ ફળ નિષ્પન્ન થાય છે માટે વ્યવહાર ફળ પ્રતિ કારણ તરીકે ઇષ્ટ નથી.

❖ 'सत्यपि व्यवहारे'માં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારનું સેવન ન હોય તો રૌદ્રધ્યાનદશામાં વ્યવહારનું ફળ નિર્જરા ન થાય, પરંતુ સંયમની બાહ્ય આચરણારૂપ વ્યવહાર હોતે છતે પણ રૌદ્રધ્યાનદશામાં પ્રસન્નચંદ્રઋષિને નિર્જરારૂપ ફળ થયું નહિ. માટે વ્યવહાર ફળ પ્રતિ કારણ તરીકે ઇષ્ટ નથી.

ભાવાર્થ :-

કાર્ય સાથે જેની અન્વયથી અને વ્યતિરેકથી વ્યાપ્તિ હોય તે કાર્યનો તે હેતુ કહેવાય, એ પ્રમાણે કાર્યકારણભાવની મર્યાદા છે, અને વ્યવહારની ક્રિયાને નિર્જરા પ્રત્યે કારણ સ્વીકારીએ તો વ્યવહારની ક્રિયાનો નિર્જરારૂપ ફળ સાથે અન્વય-વ્યતિરેક પ્રાપ્ત થવો જોઈએ; પરંતુ તેના બદલે વ્યતિરેકવ્યભિચાર અને અન્વયવ્યભિચાર પ્રાપ્ત થાય છે. માટે વ્યવહારની ક્રિયા નિર્જરા પ્રત્યે કારણ નથી.

હવે વ્યવહારની ક્રિયા નિર્જરા પ્રત્યે કારણ નથી, તે બતાવવા માટે વ્યવહારની ક્રિયા સાથે નિર્જરારૂપ કાર્યનો વ્યતિરેકવ્યભિચાર અને અન્વયવ્યભિચાર બતાવે છે –

ભરત મહારાજાએ વ્યવહારનયને અભિમત એવી સંયમની ક્રિયા ચક્રવર્તીના ભવમાં કરી નથી, છતાં સ્વપરિણામના બળથી તેમને અરીસાભવનમાં કેવળજ્ઞાન થયું. તેથી વ્યવહારની ક્રિયા નહિ હોવા છતાં નિર્જરારૂપ કાર્ય થયું, અને જે કારણ ન હોય છતાં કાર્ય થાય તે કારણ વ્યતિરેકવ્યભિચારી છે. માટે નિર્જરા

પ્રત્યે સંયમ કારણ નથી. વળી પ્રસન્નચંદ્રઋષિ સંયમ ગ્રહણ કરીને ધ્યાનમાં ઊભા છે, ત્યારે નિમિત્ત પામીને રૌદ્રધ્યાનમાં ચડે છે, તે વખતે સાતમી નરકને અનુકૂળ દળિયાં એકઠાં કરે છે. તેથી વ્યવહારને અભિમત સંયમગ્રહણની ક્રિયા હોવા છતાં ફળ નહિ હોવાથી વ્યવહારની ક્રિયા અન્વયવ્યભિચારી છે. માટે નિર્જરા પ્રત્યે કારણ નથી. તેથી વ્યવહાર ફળપ્રાપ્તિ પ્રત્યે ઉપયોગી નથી.

ફળના અર્થીએ શું કરવું જોઈએ ? તેથી કહે છે : ધ્યાનને અનુકૂળ મન-વચન-કાયાના યોગો સમર્થ બને તે રીતે મનોજ્ઞ ભોજનાદિ કરીને દૃઢ થયેલા મનોબળથી શુદ્ધ આત્માને પ્રગટ કરવા માટે ધ્યાનમાં યત્ન કરવો જોઈએ, જે ધ્યાન નિર્જરાની પરંપરા દ્વારા કલ્યાણના અર્થીને અભિમત એવાં સર્વ કાર્યોને કરનાર છે. માટે નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે વ્યવહારથી નહિ તે વાત દૃઢ થાય છે. **॥૨૧॥**

અવતરણિકા :-

પ્રકારાન્તરેણ વ્યવહારવૈફલ્યમાહ –

અવતરણિકાર્થ :-

પ્રકારાન્તરથી વ્યવહારના વૈફલ્યને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં ફળ પ્રત્યે વ્યવહારની ક્રિયા વ્યભિચારી હોવાથી વિફળ છે તેમ બતાવ્યું. હવે અન્ય પ્રકારથી વ્યવહાર નિર્જરારૂપ ફળ પ્રત્યે વિફળ છે તેમ બતાવે છે –

ગાથા :-

णिच्छयलाभालाभे, ववहारारोवणं च भव्वाणं ।
तित्तजलपाणऊसरबीयारोवोवमं होइ ।।२२।।

અન્વયાર્થ :-

च=અને, भव्वाणं ववहारारोवणं=ભવ્યોને વ્યવહારનું આરોપણ, णिच्छयलाभालाभे=નિશ્ચયના લાભમાં અને નિશ્ચયના અલાભમાં, तित्तजलपाणऊसरबीयारोवोवमं=તૃપ્તને જલપાન અને ઉખરભૂમિમાં બીજ વાવવા જેવું, होइ=છે. ॥૨૨॥

ગાથાર્થ :-

અને ભવ્યોને વ્યવહારનું આરોપણ નિશ્ચયના લાભમાં અને નિશ્ચયના અલાભમાં તૃપ્તને જલપાન અને ઉખરભૂમિમાં બીજ વાવવા જેવું છે. ॥૨૨॥

ટીકા :-

'णिच्छय'त्ति । निश्चयस्य-संयमयोग्यगुणस्थानलक्षणस्य लाभे सति भव्यानां=प्रविव्रजिषूणां,

व्यवहारारोपणं=प्रव्रज्याविधानव्यवहाराधानं, तृप्तस्य जलपानवन्निष्फलं, तदर्थस्य प्रागेव सिद्धेः निश्चयालाभे च व्यवहारारोपणमूषरक्षेत्रे बीजारोपोपमं भवति, स्थानवैषम्यदोषेण ततः कार्यासिद्धेः अलब्धनिश्चयस्य गृहस्थवद् व्यवहारारोपास्थानत्वादिति ।।२२।।

ટીકાર્થ :-

निश्चयस्य ..... रोपास्थानत्वादिति ।। निश्चयनो=संयमयोग्य गुणस्थानकરૂપ નિશ્ચયનો, લાભ હોતે છતે, ભવ્યોને=પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ઇચ્છાવાળા જીવોને, વ્યવહારનું આરોપણ=પ્રવ્રજ્યાની વિધિ દ્વારા સંયમ ઉચ્ચરાવવાની ક્રિયારૂપ વ્યવહારનું આધાન, તૃપ્તને જલપાનની જેમ નિષ્ફળ છે; કેમ કે તેના અર્થની=પ્રવ્રજ્યાવિધિ દ્વારા વ્રત ઉચ્ચરાવવાના પ્રયોજનની, પૂર્વમાં જ સિદ્ધિ છે; અને નિશ્ચયના અલાભમાં=સંયમયોગ્ય ગુણસ્થાનકના અલાભમાં, વ્યવહારનું આરોપણ=પ્રવ્રજ્યાવિધિ દ્વારા સંયમ ઉચ્ચરાવવા રૂપ વ્રતઆરોપણ, ઉખરભૂમિમાં બીજના આરોપણ જેવું છે; કેમ કે સ્થાનવૈષમ્યના દોષને કારણે=નિશ્ચયને અભિમત ગુણસ્થાનક પ્રાપ્ત ન કરી શકે તેવા પ્રકારના પરિણામના વૈષમ્યદોષને કારણે, તેનાથી=વ્રતઆરોપણરૂપ વ્યવહારની ક્રિયાથી, કાર્યની અસિદ્ધિ હોવાને કારણે=સંયમયોગ્ય ગુણસ્થાનકરૂપ કાર્યની અસિદ્ધિ હોવાને કારણે, અલબ્ધનિશ્ચયવાળા પુરુષને=સંયમયોગ્ય ગુણસ્થાનકને નહિ પામેલા એવા પુરુષને, ગૃહસ્થની જેમ વ્યવહારઆરોપણનું અસ્થાનપણું છે=પ્રવ્રજ્યાવિધિ દ્વારા વ્રતઆરોપણનું અસ્થાનપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૨।।

ભાવાર્થ :-

કોઈ મુમુક્ષુ જીવ પ્રવ્રજ્યા ગ્રહણ કરે ત્યારે પ્રવ્રજ્યાવિધિ દ્વારા વ્રતનું આરોપણ કરવામાં આવે છે, આ વ્યવહારનયનું આરોપણ છે; અને નિશ્ચયથી જ સાધ્યની સિદ્ધિ છે, તેમ બતાવનાર પૂર્વપક્ષી કહે છે કે પ્રવ્રજ્યા ગ્રહણ કરનાર પુરુષને સંયમયોગ્ય ગુણસ્થાનકરૂપ નિર્જરાને અનુકૂલ પરિણામ પ્રાપ્ત થયો છે, તેને નિશ્ચયનયનો લાભ થયો છે, તેવા જીવમાં વ્રતનું આરોપણ તૃપ્ત પુરુષને જલપાન કરાવવાની જેમ નિષ્ફળ છે; કેમ કે દીક્ષા લેનારમાં સંયમયોગ્ય ગુણસ્થાનકની પ્રાપ્તિ કરાવવી તે પ્રવ્રજ્યાવિધિ દ્વારા વ્રતના આરોપણનું પ્રયોજન છે, અને તે પ્રયોજન વ્રતના આરોપણ પૂર્વે જ દીક્ષા લેનારને પ્રાપ્ત થયેલ છે. તેથી વ્રતના આરોપણથી કોઈ ફળની પ્રાપ્તિ નથી.

વળી કોઈ મુમુક્ષુને સંયમયોગ્ય ગુણસ્થાનકનો લાભ થયો નથી અને પ્રવ્રજ્યાની વિધિ દ્વારા વ્રતનું આરોપણ કરવામાં આવે, તો ઉખરભૂમિમાં બીજના આરોપણની જેમ વ્રતનું આરોપણ નિષ્ફળ છે; કેમ કે જેમ ઉખરભૂમિમાં ઉખરભૂમિરૂપ વૈષમ્યદોષને કારણે બીજઆરોપણથી વૃક્ષપ્રાપ્તિરૂપ કાર્યની સિદ્ધિ થતી નથી, તેમ સંયમ ગ્રહણ કરનાર જીવમાં સંયમયોગ્ય ગુણસ્થાનક નહિ હોવાથી વ્રતઆરોપણથી સંયમની પ્રાપ્તિરૂપ કાર્યની સિદ્ધિ થતી નથી. વળી જેમ કોઈ ગૃહસ્થને વ્રતઆરોપણ કરવામાં આવે તો તે વ્રતનું આરોપણ અસ્થાને હોવાથી તે વ્રતના આરોપણનું કોઈ ફળ નથી, તેમ સંયમયોગ્ય ગુણસ્થાનકની પરિણતિ

વગરના જીવને વ્રતનું આરોપણ કરવામાં આવે તો તે જીવ વ્રતઆરોપણનું અસ્થાન હોવાથી તેને વ્રતના આરોપણનું ફળ નથી. આ રીતે વ્રતઆરોપણરૂપ વ્યવહારની ક્રિયા ફલસાધક નથી, પરંતુ સંયમને અનુકૂળ જીવની પરિણતિ જ નિર્જરારૂપ ફળની સાધક છે, તેમ બતાવીને નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે, તેમ પોતાની વાતને પૂર્વપક્ષી દૃઢ કરે છે. **॥૨૨॥**

અવતરણિકા :-

अनिष्टानुबन्धेनापि व्यवहारं प्रतिक्षिपन्नाह –

અવતરણિકાર્થ :-

અનિષ્ટનો અનુબંધ હોવાને કારણે પણ વ્યવહારનો પ્રતિક્ષેપ કરતાં કહે છે –

❖ 'अनिष्टानुबन्धेनापि'માં 'अपि'થી એ કહેવું છે કે ફળનો વ્યભિચારી હોવાને કારણે તો વ્યવહાર નિરર્થક છે, પરંતુ અનિષ્ટનો અનુબંધ હોવાને કારણે પણ વ્યવહારની આચરણા નિરર્થક છે.

ભાવાર્થ :-

પ્રવ્રજ્યાવિધિ દ્વારા વ્રતનું ગ્રહણ કરવારૂપ વ્યવહારનું સેવન કરવામાં આવે, અને ગ્રહણ કરાયેલા વ્રતને અનુસારે સમ્યગ્ યત્ન ન થાય તો અનિષ્ટ એવા અનંત સંસારની પ્રાપ્તિરૂપ ફળ મળે. માટે વ્યવહાર કરવા જેવો નથી, પરંતુ નિશ્ચયનયને લક્ષ્ય કરીને નિશ્ચયમાં જ યત્ન કરવો જોઈએ, જેથી સાધુને સિદ્ધિ થાય. તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

वयभंगे गुरुदोसो, भणिओ दुव्वारओ अ सो इण्हिं ।
तो चरणपक्खवाओ, जुत्तो ण उ हंदि तग्गहणं ।।२३।।

અન્વયાર્થ :-

वयभंगे=વ્રતભંગમાં, गुरुदोसो भणिओ=ગુરુદોષ કહેવાયો છે, अ=અને, सो=તે=વ્રતભંગ, इण्हिं=હમણાં=દુઃષમાકાળમાં, दुव्वारओ=દુર્વાર છે, तो=તે કારણથી, चरणपक्खवाओ=ચારિત્રનો પક્ષપાત, जुत्तो=યુક્ત છે, उ=પરંતુ, तग्गहणं=તેનું ગ્રહણ नहि=ચારિત્રનું ગ્રહણ યુક્ત નથી. ॥૨૩॥

ગાથાર્થ :-

વ્રતભંગમાં ગુરુદોષ કહેવાયો છે, અને વ્રતભંગ દુઃષમાકાળમાં દુર્વાર છે, તે કારણથી ચારિત્રનો પક્ષપાત યુક્ત છે, પરંતુ ચારિત્રનું ગ્રહણ યુક્ત નથી. ॥૨૩॥

ટીકા :-

'वयभंगे'त्ति । व्रतस्य=गृहीताचारस्य, भङ्गे गुरुः=महान् दोषः-अनन्तसंसारानुबन्धलक्षणो भणितः,

स च व्रतभङ्ग इदानीं=दुःषमाकाले, दुर्वारः प्रमादबाहुल्यात्, तस्माच्चारित्रस्य पक्षपात एव युक्तो न तु हन्दीत्युपदर्शने तद्ग्रहणमपि युक्तम्, अशक्यानुष्ठायिनो भावशून्यक्रियाया अकिञ्चित्करत्वात्, तदुक्तं योगदृष्टिसमुच्चये –

"तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया ।

अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव" ।।१।। **इति ।।२२१।।**

ટીકાર્થ :-

व्रतस्य ..... भानुखद्योतयोरिव" ।। इति ।। વ્રતના ભંગમાં=ગ્રહણ કરાયેલા આચારના ભંગમાં, ગુરુદોષ કહેવાયો છે=અનંત સંસારના અનુબંધ=પરિભ્રમણરૂપ ફળ, સ્વરૂપ મહાન દોષ કહેવાયો છે, અને તે વ્રતભંગ હમણાં=દુઃષમાકાળમાં દુર્વાર છે; કેમ કે પ્રમાદબહુલપણું છે, તે કારણથી=વ્રતભંગ મહાન દોષવાળો છે તે કારણથી, ચારિત્રનો પક્ષપાત જ યુક્ત છે, પરંતુ તેનું ગ્રહણ પણ=ચારિત્રનું ગ્રહણ પણ, યુક્ત નથી; કેમ કે અશક્ય અનુષ્ઠાન કરનારાની ભાવશૂન્ય ક્રિયાનું અકિંચિત્કરપણું છે=નિષ્ફળપણું છે.

તે=ભાવશૂન્ય ક્રિયા નિષ્ફળ છે તે, યોગદૃષ્ટિસમુચ્ચયમાં શ્લોક-૨૨૧માં કહેવાયું છે.

તાત્ત્વિક પક્ષપાત અને ભાવશૂન્ય જે ક્રિયા, તે બેનું સૂર્ય અને ખજૂઆની જેમ અંતર જાણવું.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૨૩॥

❖ 'तद्ग्रहणमपि'માં 'अपि'થી એ કહેવું છે કે ચારિત્રનો પક્ષપાત યુક્ત હોવા છતાં તેનું ગ્રહણ પણ યુક્ત નથી.

ભાવાર્થ :-

વર્તમાનકાળમાં જીવો દુઃષમાકાળને કારણે પ્રમાદબહુલ છે, અને કલ્યાણ અર્થે સંયમ ગ્રહણ કરે અને જે પ્રમાણે પ્રતિજ્ઞા કરે તે પ્રમાણે આચારનું પાલન કરે નહિ, તો વ્રતના ભંગને કારણે અનંત સંસારના પરિભ્રમણરૂપ ફળની પ્રાપ્તિ થાય એમ શાસ્ત્રમાં કહેવાયું છે. માટે વર્તમાનમાં ચારિત્રનો પક્ષપાત કરવો યુક્ત છે, પરંતુ વ્રત ગ્રહણ કરવું યુક્ત નથી; કેમ કે કાળદોષને કારણે પ્રમાદી જીવો વ્રતના આચારો પાળી શકે તેમ નથી, તેથી ભાવશૂન્ય ક્રિયા કરશે, જેનું કોઈ ફળ મળશે નહિ. તેના બદલે વ્રત પ્રત્યે પક્ષપાત રાખીને પોતાની શક્તિને અનુરૂપ વીર્ય ફોરવશે તો કાર્યની સિદ્ધિ થશે. માટે વ્રતગ્રહણરૂપ વ્યવહારની ક્રિયા વર્તમાનમાં ઉચિત નથી, પરંતુ નિશ્ચયને સામે રાખીને નિશ્ચયને અનુકૂળ ભાવોમાં યત્ન કરવો ઉચિત છે, એમ પૂર્વપક્ષીને કહેવું છે. **॥૨૩॥**

અવતરણિકા :-

इदानीं व्रतभङ्गस्य दुःखत्वमेव समर्थयति –

અવતરણિકાર્થ :-

હમણાં=દુઃષમાકાળમાં, વ્રતભંગના દુઃખત્વને જ સમર્થન કરે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે દુઃષમાકાળમાં જીવો પ્રમાદબહુલ હોવાને કારણે વ્રતનો ભંગ કરીને અનંત સંસારને પ્રાપ્ત કરશે, માટે વર્તમાનમાં વ્રત ગ્રહણ કરવું યુક્ત નથી. તેનું સમર્થન કરવા માટે કહે છે કે દુઃષમાકાળમાં વ્રતભંગ થશે, અને તે વ્રતભંગ સંસારના પરિભ્રમણનું કારણ થશે. માટે વર્તમાનમાં વ્રતભંગ દુઃખની પરંપરાનું કારણ છે. તેનું જ સમર્થન કરે છે –

ગાથા :-

एगयरम्मि वि ठाणे, गच्छाणाए पमायओ भग्गे ।
भणियं विराहगत्तं, रज्जमियाणिं तु तस्सेव ।।२४।।

અન્વયાર્થ :-

पमायओ=પ્રમાદથી, गच्छाणाए=ગચ્છાજ્ઞાના, एगयरम्मि वि ठाणे भग्गे=એક પણ સ્થાનના ભંગમાં, विराहगत्तं भणियं=વિરાધકપણું કહેવાયું છે, तु=વળી, इयाणिं=હમણાં, तस्सेव=તેનું જ=ગચ્છાજ્ઞાના ભંગનું જ, रज्जम्=રાજ્ય છે. ।।૨૪।।

ગાથાર્થ :-

પ્રમાદથી ગચ્છાજ્ઞાના એકપણ સ્થાનના ભંગમાં વિરાધકપણું કહેવાયું છે. વળી હમણાં ગચ્છાજ્ઞાના ભંગનું જ રાજ્ય છે. ।।૨૪।।

ટીકા :-

'एगयरम्मि'त्ति । सङ्ख्यातीतानां गच्छाज्ञास्थानानां मध्ये एकतरस्मिन्नपि स्थाने प्रमादतो भग्ने विराधकत्वं=जिनाज्ञाबाह्यत्वं, भणितम्, तथा च महानिशीथसूत्रम् - "से भयवं ! किं तेसिं संखातीताणं गच्छमेरा ठाणंतराणं अत्थि केइ अन्नयरे ठाणंतरे जे णं उस्सग्गेण वा अववाएण वा कहिंचि पमायदोसेणं असई अइक्कमिज्जा ? अइक्कंतेण वा आराहगे भविज्जा ? गोयमा ! णिच्छयओ णत्थि । से भयवं ! केणं अट्ठेणं एवं वुच्चइ जहा णं णिच्छयओ णत्थि ? गोयमा ! तित्थयरे णं ताव तित्थयरे, तित्थे पुण चाउव्वण्णे समणसंघे, से णं गच्छेसु पइट्ठिए, गच्छेसुं पि णं सम्मद्दंसणनाणचरित्ते पइट्ठिए, ते य सम्मद्दंसणनाणचरित्ते परमपुज्जाणं पुज्जयरे परमसरन्नाणं सरन्ने परमसेव्वाणं सेव्वयरे, ताइं च जत्थ णं गच्छे अन्नयरे ठाणे कत्थइ विराहिज्जंति से णं गच्छे सम्मग्गपणासए उम्मग्गदेसए, जे णं गच्छे सम्मग्गपणासए उम्मग्गदेसए से णं णिच्छयओ चेव अणाराहगे, एतेणं अट्ठेणं गोयमा ! एवं वुच्चइ जहा णं संखाईआणं गच्छमेराठाणंतराणं जे णं गच्छे एगं अण्णयरं ठाणं अइक्कमिज्जा

से णं एगंतेणं चेव अणाराहगे" त्ति । **इदानीं तु तस्यैव=गच्छाज्ञास्थानभङ्गस्यैव, राज्यमिति कथं न चारित्रस्य निष्फलत्वम् ? इति ।।२४।।**

ટીકાર્થ :-

सङ्ख्यातीतानां ..... निष्फलत्वम् ? इति ।। સંખ્યાતીત ગચ્છાજ્ઞાનાં સ્થાનોમાં એકપણ સ્થાનમાં પ્રમાદથી ભંગ કરાયે છતે વિરાધકપણું=જિનાજ્ઞાબાહ્યપણું, કહેવાયું છે, અને તે પ્રમાણે=ગચ્છાજ્ઞાના એકપણ સ્થાનના ભંગમાં વિરાધકપણું છે તે પ્રમાણે, મહાનિશીથ સૂત્ર છે –

હે ભગવંત ! તે સંખ્યાતીત સ્થાનાંતરોની ગચ્છમર્યાદા શું છે ? જે કોઈ અન્યતર સ્થાનાંતરો છે તે સ્થાનાંતરોને ઉત્સર્ગથી અથવા અપવાદથી કોઈક રીતે પ્રમાદદોષથી વારંવાર અતિક્રમણ કરે ? અને અતિક્રમણ કરવા વડે આરાધક થાય ?

હે ગૌતમ ! નિશ્ચયથી નથી=નિયમા આરાધક નથી.

હે ભગવંત ! કયા અર્થથી આ પ્રમાણે કહેવાય છે ? જે કારણથી નિશ્ચયથી આરાધક નથી ?

હે ગૌતમ ! તીર્થંકરો તીર્થને કરનારા છે, તીર્થ વળી ચતુર્વિધ શ્રમણસંઘ છે, તે=ચતુર્વિધ સંઘ, ગચ્છમાં પ્રતિષ્ઠિત છે, ગચ્છમાં જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રતિષ્ઠિત છે, અને તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરમપૂજ્યોમાં પૂજ્યતર છે, પરમશરણ્યોમાં શરણ્ય છે, પરમસેવ્યોમાં સેવ્યતર છે, અને તે=રત્નત્રયી, જે ગચ્છમાં છે, અન્યતર સ્થાનો કોઈક રીતે વિરાધના કરાય છે=જે ગચ્છમાં વિરાધના કરાય છે, તે ગચ્છ સન્માર્ગનો નાશ કરનાર છે, ઉન્માર્ગ બતાવનાર છે. જે ગચ્છ સન્માર્ગનો નાશ કરનાર છે, ઉન્માર્ગ બતાવનાર છે, તે=ગચ્છ, નિશ્ચયથી જ=નક્કી જ, અનારાધક છે. હે ગૌતમ ! આ અર્થથી આ પ્રમાણે કહેવાય છે : જે પ્રમાણે સંખ્યાતીત સ્થાનાંતરોમાં ગચ્છમર્યાદા છે, જે ગચ્છમાં એક કોઈપણ સ્થાન અતિક્રમણ થાય, તે=તે ગચ્છ, એકાંતથી જ અનારાધક છે. 'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

હમણાં વળી તેનું જ=ગચ્છાજ્ઞાસ્થાનભંગનું જ રાજ્ય છે, એથી કેમ ચારિત્રનું નિષ્ફળપણું નથી ?=નિષ્ફળપણું છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૨૪।।

❖ 'एकतरस्मिन्नपि'માં 'अपि'થી એ કહેવું છે કે અધિક સ્થાનના ભંગમાં તો વિરાધકપણું છે, પરંતુ એક પણ સ્થાનના ભંગમાં વિરાધકપણું છે.

ભાવાર્થ :-

'ગચ્છાજ્ઞાનાં સ્થાનો ઘણી મોટી સંખ્યામાં છે, અને સંયમ લઈને સાધુ તે ગચ્છાજ્ઞાનાં સ્થાનોમાંથી એક પણ સ્થાનનો ભંગ કરે તો તે સાધુ જિનાજ્ઞાબાહ્ય છે,' આ પ્રમાણે મહાનિશીથસૂત્રમાં કહેવાયું છે; અને વર્તમાનમાં દુઃષમાકાળના દોષને કારણે ગચ્છાજ્ઞાસ્થાનના ભંગનું સામ્રાજ્ય છે. એથી જે સાધુઓ સંયમ ગ્રહણ કરીને ગચ્છાજ્ઞાનો ભંગ કરે છે, તેઓનું ચારિત્ર નિષ્ફળ છે; એટલું જ નહિ, પરંતુ ભગવાનની આજ્ઞાની વિરાધના કરીને અનંત સંસારનું અર્જન કરે છે. માટે વર્તમાનનો સંયમગ્રહણનો વ્યવહાર અનિષ્ટ અનુબંધવાળો છે, એમ પૂર્વગાથા સાથે પ્રસ્તુત ગાથાનો સંબંધ છે.

આમ કહીને પૂર્વપક્ષીને એ બતાવવું છે કે આ રીતે વ્રતને ગ્રહણ કરીને અનિષ્ટની પ્રાપ્તિ થાય છે, માટે પણ વ્યવહાર ઇષ્ટ નથી. તેથી કલ્યાણના અર્થી જીવે સ્વપરિણામમાં યત્ન કરવો ઉચિત છે, પરંતુ અશક્ય અનુષ્ઠાનરૂપ વ્રતગ્રહણમાં યત્ન કરવો ઉચિત નથી; અને તેમાં મહાનિશીથસૂત્રની સાક્ષી આપી, તેનો અર્થ આ પ્રમાણે છે –

સંયમજીવનની જે મર્યાદા તે ગચ્છમર્યાદા છે અને તેનાં સંખ્યાતીત સ્થાનો છે. તે સર્વ સ્થાનોને ઉત્સર્ગથી કે અપવાદથી જે રીતે સેવવાનાં છે, તે રીતે સાધુએ સેવવાં જોઈએ, અને પ્રમાદદોષથી તે સ્થાનોને જે સાધુ વારંવાર અતિક્રમ કરે તે સાધુ નિયમા અનારાધક છે. તે જ સ્પષ્ટ કરવા માટે ભગવાન ગૌતમસ્વામીને કહે છે : તીર્થંકરો તીર્થને કરે છે અને તીર્થંકરો જે તીર્થને કરે છે, તે તીર્થ ચતુર્વિધ શ્રી શ્રમણસંઘ છે, અને તે ચતુર્વિધ શ્રીશ્રમણસંઘ ગચ્છમર્યાદાના સ્થાનોમાં રહેલ છે. વળી તે ગચ્છમર્યાદાનાં સ્થાનોમાં જ રત્નત્રયી રહેલી છે. તેથી જે સાધુ ગચ્છમર્યાદાનું ઉલ્લંઘન કરે છે તે ગચ્છમર્યાદામાં રહેલી રત્નત્રયીની વિરાધના કરે છે, અને ગચ્છમર્યાદામાં રહેલ ચતુર્વિધ શ્રીસંઘની વિરાધના કરે છે, અને ચતુર્વિધ શ્રીસંઘની વિરાધના કરનારા તીર્થંકરોની પણ વિરાધના કરે છે. માટે ગચ્છમર્યાદાના ઉલ્લંઘનમાં તીર્થંકરોની, તીર્થની અને રત્નત્રયીની આશાતના થાય છે, માટે મહાપાપ છે. તેથી જે ગચ્છમાં ગચ્છાજ્ઞાનો વારંવાર ભંગ થાય છે, તે ગચ્છ સન્માર્ગનો નાશક છે અને ઉન્માર્ગનો દેશક છે. માટે તે ગચ્છને એકાંતે અનારાધક કહેલ છે.

આ મહાનિશીથસૂત્રથી પણ 'ગચ્છાજ્ઞાભંગનું સામ્રાજ્ય જ્યારે વર્તતું હોય ત્યારે ચારિત્રમાં યત્ન કરવા કરતાં ચારિત્રનો પક્ષપાત કરવો યુક્ત છે.' એમ સિદ્ધ થાય છે. માટે સાધ્યના અર્થીએ વ્યવહારને અભિમત સંયમ ગ્રહણ કરવા કરતાં સ્વપરિણામમાં જ યત્ન કરવો ઉચિત છે, એમ પૂર્વપક્ષીનો આશય છે. **॥૨૪॥**

અવતરણિકા :-

नन्वेवं देशभङ्गेऽपि सर्वभङ्गो न भविष्यतीत्यत आह –

અવતરણિકાર્થ :-

આ રીતે દેશભંગમાં પણ સર્વ ભંગ થશે નહિ, इत् अतः=આથી, કહે છે –

❖ 'देशभङ्गेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે કાળદોષને કારણે દેશભંગ ન હોય તો તો ચારિત્ર ગ્રહણ ઇષ્ટ છે, પરંતુ દેશભંગ હોવા છતાં પણ સર્વભંગ નથી, માટે ચારિત્ર ગ્રહણ ઇષ્ટ છે.

ભાવાર્થ :-

ગાથા-૨૩-૨૪માં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે વર્તમાનમાં ગચ્છાજ્ઞાભંગનું સામ્રાજ્ય છે, માટે ચારિત્ર ગ્રહણ કરવું યુક્ત નથી, પરંતુ ચારિત્રનો પક્ષપાત કરવો જ યુક્ત છે. ત્યાં પૂર્વપક્ષીને કોઈ કહે કે આ રીતે= કાળદોષને કારણે વર્તમાનમાં ગચ્છાજ્ઞાનો ભંગ થાય છે એ રીતે, ચારિત્રના દેશના ભંગમાં પણ ચારિત્રનો સર્વ ભંગ થશે નહિ, તેથી આ કાળમાં પણ સંયમ ગ્રહણ કરનારા ચારિત્રની કંઈક વિરાધના કરનારા હોવા છતાં ચારિત્રનો સર્વથા ભંગ નહિ હોવાથી આરાધક છે. માટે ચારિત્ર ગ્રહણ કરવું યુક્ત છે, તેમ કોઈ કહે તેનું નિરાકરણ કરવા પૂર્વપક્ષી કહે છે.

ગાથા :-

इक्कं चिय अट्ठारससीलंगसहस्सलक्खणं चरणं ।
इक्कस्स वि विरहेणं, ण हवे अण्णुण्णसंवेहा ।।२५।।

અન્વયાર્થ :-

अट्ठारससीलंगसहस्सलक्खणं चरणं=અઢારહજાર શીલાંગરૂપ ચારિત્ર, इक्कं चिय=એક જ છે, इक्कस्स वि विरहेणं=એકના પણ વિરહથી=એક શીલાંગના પણ વિરહથી, अण्णुण्णसंवेहा=અન્યોન્ય સંવેધ હોવાને કારણે, ण हवे=ન હોય=ચારિત્ર ન હોય. ।।૨૫।।

ગાથાર્થ :-

અઢારહજાર શીલાંગરૂપ ચારિત્ર એક જ છે. એક શીલાંગના પણ વિરહથી અન્યોન્ય સંવેધ હોવાને કારણે ચારિત્ર ન હોય. ।।૨૫।।

ટીકા :-

'इक्कं चिय'त्ति । एकमेव=एकरूपमेवाष्टादशशीलाङ्गसहस्रलक्षणं चरणम्, तत्स्वरूपं च

"धर्मा १० द्भूम्यादी १०न्द्रिय ५ सञ्ज्ञाभ्यः ४ करणतश्च ३ योगाच्च ३ ।

शीलाङ्गसहस्राणामष्टादशकस्य निष्पत्तिः" ।।१।। **इति वाचकवचनादवसेयम्, तच्चैकस्यापि शीलाङ्गस्य विरहेण न भवेत्, सर्वेषां शीलाङ्गानामसङ्ख्येयजीवप्रदेशवत् अन्योन्यसंवेधात्=परस्परमजहद्वृत्तितया प्रतिबन्धादेकरूपस्य खण्डरूपत्वानुपपत्तेः, अत एवैकस्यापि सद्भावः शेषसद्भावनियत एव, तदुक्तं पञ्चाशके** - "इक्कं पि सुपरिसुद्धं, सीलंगं सेससब्भावे ।।" **त्ति ।।२५।।**

ટીકાર્થ :-

'एकमेव' - सेससब्भावे ।" त्ति ।। અઢારહજાર શીલાંગરૂપ ચારિત્ર એક જ છે=એકરૂપ જ છે, અને

ધર્મ દસ=ક્ષમાદિ દસ ધર્મ, ભૂમિ આદિ=પૃથિવીકાય આદિ દસનું રક્ષણ, ઇંદ્રિયો પાંચ=પાંચ ઇંદ્રિયોનો સંયમ, સંજ્ઞાથી=ચાર સંજ્ઞાના પરિહારથી, કરણથી=મન-વચન-કાયારૂપ ત્રણ કરણથી અને યોગથી=કરણ, કરાવણ અને અનુમોદનરૂપ ત્રણ યોગથી, અઢારહજાર શીલાંગોની નિષ્પત્તિ છે. ।।૧।। **એ પ્રકારના વાચક વચનથી તેનું સ્વરૂપ=અઢારહજાર શીલાંગનું સ્વરૂપ, જાણવું. (પ્રતિમાશતક-ભાગ-૩, ગાથા-૫૭થી ૬૦) અને તે=ચારિત્ર, એકપણ શીલાંગના વિરહથી હોય નહિ; કેમ કે સર્વ શીલાંગોનો અસંખ્ય જીવપ્રદેશની જેમ અન્યોન્ય સંવેધ હોવાથી=પરસ્પર અજહદ્વૃત્તિપણારૂપે પ્રતિબંધ હોવાથી=પરસ્પર અજહદ્વૃત્તિપણારૂપે સંબંધ હોવાથી, એકરૂપ એવા ચારિત્રના ખંડરૂપપણાની અનુપપત્તિ છે. આથી જ=અખંડરૂપ ચારિત્રના ખંડરૂપની અનુપપત્તિ છે આથી જ, એકનો પણ સદ્ભાવ=અઢારહજાર**

શીલાંગમાંથી એક પણ શીલાંગનો સદ્‌ભાવ, શેષ શીલાંગોના સદ્‌ભાવની સાથે નિયત જ છે, તે પંચાશક-૧૪, ગાથા-૧૦માં કહેવાયું છે –

એકપણ સુપરિશુદ્ધ શીલાંગ શેષના સદ્‌ભાવમાં છે. **'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૨૫॥**

❖ 'तच्चैकस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે ૨-૩ શીલાંગના વિરહથી તો ચારિત્ર નથી, પરંતુ એક પણ શીલાંગના વિરહથી ચારિત્ર નથી.

❖ અત 'एवैकस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે શેષ શીલાંગોના સદ્‌ભાવની સાથે ૨-૩ શીલાંગોનો સદ્‌ભાવ તો નિયત છે, પરંતુ એક પણ શીલાંગનો સદ્‌ભાવ નિયત છે.

ભાવાર્થ :-

'પ્રશમરતિ' ગ્રંથમાં અઢારહજારશીલાંગની નિષ્પત્તિ ક્ષમાદિ દસ ધર્મો આદિ લઈને કરેલ છે, અને તે અઢારહજારશીલાંગના પાલનરૂપ સર્વવિરતિ ચારિત્ર એકરૂપ છે, પરંતુ અનેક સ્વરૂપવાળું નથી અર્થાત્ જેમ દેશવિરતિ ચારિત્ર તેના અલ્પ-અધિક દેશના ભેદથી અનેક ભેદવાળું છે, તેમ સર્વવિરતિ ચારિત્ર અનેક ભેદવાળું નથી, પરંતુ સંપૂર્ણ પાપના વિરામરૂપ એક સ્વરૂપવાળું છે, અને તે ચારિત્ર અઢારહજાર શીલાંગ સ્વરૂપ છે. તે અઢારહજાર શીલાંગમાંથી એક પણ શીલાંગનો વિરહ થાય તો ચારિત્ર રહે નહિ; કેમ કે જીવના અસંખ્ય પ્રદેશોની જેમ સર્વ શીલાંગોનો પરસ્પર સંબંધ છે અર્થાત્ જેમ જીવનો કોઈ પ્રદેશ પરસ્પર એકબીજાને છોડીને પ્રાપ્ત થતો નથી, પરંતુ સર્વ પ્રદેશો સદા સમુદાયરૂપે જ પ્રાપ્ત થાય છે, તેમ અઢારહજાર શીલાંગો પણ પરસ્પર સમુદાયરૂપે જ પ્રાપ્ત થાય છે; પરંતુ કોઈ એક શીલાંગ અન્ય શીલાંગના સંબંધ વગર સ્વતંત્ર પ્રાપ્ત થતું નથી. તેથી એક શીલાંગના ભંગમાં બધાં શીલાંગોનો ભંગ થાય છે. માટે અવતરણિકામાં કોઈએ કહેલ કે વર્તમાનકાળમાં ચારિત્રનો દેશભંગ થવા છતાં સર્વ ચારિત્રનો ભંગ નથી, માટે ચારિત્ર ગ્રહણ કરવું અનુચિત નથી, તેનું નિરાકરણ કરતાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે એક પણ શીલાંગના ભંગથી સર્વ શીલાંગોનો ભંગ છે, માટે વર્તમાનમાં ગચ્છાજ્ઞાના સ્થાનના ભંગનું સામ્રાજ્ય હોવાથી ચારિત્ર નથી. માટે ચારિત્ર ગ્રહણ કરવા કરતાં ચારિત્રનો પક્ષપાત કરવો યુક્ત છે, તેમ ગાથા-૨૩માં કહ્યું, તેની સાથે પ્રસ્તુત ગાથાનો સંબંધ છે. **॥૨૫॥**

અવતરણિકા :-

यत एकस्यापि शीलाङ्गस्याभावे चारित्राभावस्तत एव भग्नशीलाङ्गस्य मिथ्यात्वाभिधानमुपपद्यते सति चारित्रशेषे तदसम्भवादित्याह –

અવતરણિકાર્થ :-

જે કારણથી એકપણ શીલાંગના અભાવમાં ચારિત્રનો અભાવ છે, તેથી જ ભગ્નશીલાંગવાળાને મિથ્યાત્વનું કથન=ભગ્નશીલાંગવાળાને શાસ્ત્રમાં મિથ્યાત્વનું કથન જે કર્યું છે તે ઉપપન્ન થાય છે; કેમ કે ચારિત્ર શેષ હોતે છતે તેનો અસંભવ છે=મિથ્યાત્વનો અસંભવ છે. इति=एतद्=એને=સર્વ ચારિત્રના

ભંગને કારણે ભગ્નશીલાંગવાળાને મિથ્યાત્વનું અભિધાન ઘટે છે એને, કહે છે –

❖ 'एकस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે ૨-૩ શીલાંગના અભાવમાં તો ચારિત્રનો અભાવ છે, પરંતુ એકપણ શીલાંગના અભાવમાં પણ ચારિત્રનો અભાવ છે.

ભાવાર્થ :-

પૂર્વગાથાની અવતરણિકામાં કોઈકે શંકા કરી કે વર્તમાનમાં ગચ્છાજ્ઞાભંગનું સામ્રાજ્ય હોવાને કારણે ચારિત્રનો દેશથી ભંગ થવા છતાં ચારિત્રનો સર્વથા ભંગ થશે નહિ. તેનું નિરાકરણ પૂર્વપક્ષીએ ગાથા-૨૫માં કર્યું કે એક પણ શીલાંગના ભંગમાં સર્વ શીલાંગનો ભંગ થાય છે, માટે સર્વવિરતિ ચારિત્રમાં દેશભંગ સંભવે નહિ; અને એ વાત એમ જ છે, તે દૃઢ કરવા માટે મહાનિશીથસૂત્રના વચનથી કહે છે કે મહાનિશીથ સૂત્રમાં ભગ્નશીલાંગવાળાને મિથ્યાત્વનું કથન કર્યું છે, તે તો જ સંગત થાય કે જે સાધુ એકપણ શીલાંગનો ભંગ કરે તેનામાં ચારિત્રનો અભાવ છે, તેમ સ્વીકારવામાં આવે, જો એકાદ શીલાંગના ભંગમાં દેશથી ચારિત્રનો ભંગ થતો હોય, અને સર્વથી ચારિત્રનો ભંગ થતો ન હોય, તો ભગ્નશીલાંગવાળાને શાસ્ત્ર મિથ્યાદૃષ્ટિ કહી શકે નહિ, એ પ્રમાણે ગાથામાં બતાવે છે –

ગાથા :-

इत्थमफासुअणीरं, सेवंतो तेउकाइयं तह य ।
गुत्तीउ विराहंतो, मिच्छद्दिट्ठी मुणी भणिओ ।।२६।।

અન્વયાર્થ :-

इत्थं=આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે થોડા પણ આજ્ઞાભંગમાં ચારિત્રના ભંગની પ્રાપ્તિ થયે છતે, अफासुअणीरं=અપ્રાસુક પાણી, य=અને, तेउकाइयं सेवंतो=તેઉકાયને સેવતા, तह=અને, गुत्तीउ विराहंतो मुणी=બ્રહ્મચર્યની ગુપ્તિની વિરાધના કરતા મુનિ, मिच्छद्दिट्ठि भणिओ=મિથ્યાદૃષ્ટિ કહેવાયા છે. ।।૨૬।।

ગાથાર્થ :-

આ રીતે અપ્રાસુક પાણી અને તેઉકાયને સેવતા અને બ્રહ્મચર્યની ગુપ્તિની વિરાધના કરતા મુનિ મિથ્યાદૃષ્ટિ કહેવાયા છે. ।।૨૬।।

ટીકા :-

'इत्थं'ति । इत्थं मनागप्याज्ञाभङ्गे चारित्रभङ्गोपपत्तौ सत्याम्, अप्रासुकं नीरं तेजस्कायिकं च सेवमानः गुप्तीः ब्रह्मचर्यगुप्तीश्च विराधयन् मुनिः द्रव्यलिङ्गी मिथ्यादृष्टिर्भणितः, तथा च महानिशीथसूत्रम् – "से भयवं कयरेणं लिंगेणं वियाणिज्जा जहा णं धुवमेस मिच्छदिट्ठी ? गोयमा ! जे णं कयसामाइए सव्वसंगविमुत्ते भवित्ता णं अफासुअं पाणं परिभुंजिज्जा, जे णं अणगारधम्मं पडिवज्जित्ता णं सयमुईरिअं

વા પરોઈરિઅં વા તેઉકાયં સેવિજ્જ વા સેવાવિજ્જ વા તેઉકાયં સેવિજ્જમાણાણં અન્નેસિં સમણુજાણેજ્જ વા, તહા ણવણ્હં બંભચેરગુત્તીણં જે કેઇ સાહૂ વા સાહુણી વા એક્કમવિ ખંડિજ્જ વા વિરાહિજ્જ વા ખંડિજ્જમાણં વા વિરાહિજ્જમાણં વા બંભચેરગુત્તિં પરેસિં સમણુજાણિજ્જ વા મણેણ વા વાયાએ વા કાએણ વા સે ણં મિચ્છદ્દિટ્ઠી, ણ કેવલં મિચ્છદિટ્ઠી, અભિગહિઅમિચ્છદિટ્ઠી વિ જાણિજ્જ" ત્તિ ।।૨૬।।

ટીકાર્થ :-

'इत्थं' ..... जाणिज्ज" त्ति ।। આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે થોડા પણ આજ્ઞાભંગમાં ચારિત્રના ભંગની ઉપપત્તિ થયે છતે, અપ્રાસુક નીર=સચિત્ત પાણી, અને તેઉકાયને સેવતા અને બ્રહ્મચર્યની ગુપ્તિની વિરાધના કરતા મુનિ=દ્રવ્યલિંગી એવા મુનિ, મિથ્યાદૃષ્ટિ કહેવાયા છે.

અને તે રીતે=સચિત્ત પાણી અને તેઉકાયના સેવનથી અને બ્રહ્મચર્યની ગુપ્તિની વિરાધનાથી મુનિ મિથ્યાદૃષ્ટિ છે તે રીતે, મહાનિશીથસૂત્રના અધ્યયન-૫માં કહ્યું છે –

હે ભગવન્ ! કયા લિંગથી જણાય જે પ્રમાણે આ નક્કી મિથ્યાદૃષ્ટિ છે ?

હે ગૌતમ ! જેઓ કૃતસામાયિકવાળા સર્વસંગથી વિમુક્ત થઈને અપ્રાસુક પાણીનો પરિભોગ કરે, જેઓ અણગારધર્મને સ્વીકારીને પોતે સળગાવેલા અથવા બીજાએ સળગાવેલા તેઉકાયનું સેવન કરે અથવા સેવન કરાવે અથવા તેઉકાયને સેવતા બીજાને અનુમોદન કરે, જે કોઈ સાધુ અથવા સાધ્વી નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિમાં એકપણ બ્રહ્મચર્યની ગુપ્તિનું ખંડન કરે અથવા વિરાધન કરે અથવા ખંડન કરાવે અથવા વિરાધન કરાવે અથવા બ્રહ્મચર્યની ગુપ્તિને ખંડન કરતા અથવા વિરાધન કરતા બીજાની અનુમોદના કરે, આ સર્વમાંથી કંઈ પણ મનથી, વચનથી અથવા કાયાથી કરે તે મિથ્યાદૃષ્ટિ છે; કેવળ મિથ્યાદૃષ્ટિ નથી, અભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ જ જાણવો.

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ।।૨૬।।

❖ 'मनागपि'માં 'अपि'થી એ કહેવું છે કે ઘણા આજ્ઞાભંગમાં તો ચારિત્રભંગની ઉપપત્તિ છે, પરંતુ થોડા પણ આજ્ઞાભંગમાં ચારિત્રભંગની ઉપપત્તિ છે.

ભાવાર્થ :-

મહાનિશીથસૂત્રમાં કહ્યું તે પ્રમાણે કોઈ સાધુ જલના જીવોની અને તેઉકાયની વિરાધના કરે કે બ્રહ્મચર્યની ગુપ્તિનો ભંગ કરે અથવા કરાવે અથવા કરતાનું અનુમોદન કરે તે સર્વમાંથી કોઈ એક પણ મનથી કરે અથવા વચનથી કરે અથવા કાયાથી કરે તો તે શીલાંગની વિરાધના કરે છે.

આ કથનથી એ ફલિત થાય કે ગૃહસ્થ જીવનનાં મુખ્ય ત્રણ અંગો છે : અગ્નિ, પાણી અને સ્ત્રી. તે ત્રણે અંગોનો સંપૂર્ણ પરિહાર થાય તો અઢારહજાર શીલાંગની નિષ્પત્તિ થાય, અને તેનો સંપૂર્ણ પરિહાર તે સાધુ કરી શકે કે જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને અપ્રમાદભાવથી તપ-સંયમમાં ઉદ્યમવાળા હોય, અને તેના બળથી મોહરૂપી શત્રુનો વિનાશ કરતા હોય, અને સંયમવૃદ્ધિના પ્રયોજનથી ગમનાદિ પ્રવૃત્તિ કરવી પડે તો કંટકાકીર્ણ ભૂમિમાં ગમનાગમનની જેમ અત્યંત યતનાપૂર્વક કરે; અને આ

રીતે ઉદ્યમ કરતા મુનિ નવકલ્પી વિહાર કરતા શાસ્ત્ર અનુસાર યતનાપૂર્વક નદી ઊતરે તોપણ જલના જીવોની વિરાધના કરતા નથી, અને સંયમયોગમાં ઉત્થિત ન હોય તો સાક્ષાત્ કોઈ જલાદિ જીવોની વિરાધના ન કરતા હોય તોપણ સાવદ્ય યોગને અનુરૂપ ચિત્ત હોવાથી ષટ્કાયના વિરાધક છે. તેથી પ્રમાદવાળા સાધુ સંયમયોગના કોઈપણ એક શીલાંગમાં પ્રમાદવાળા થાય તો મહાનિશીથસૂત્રમાં કહ્યું તે પ્રમાણે જલના જીવોની કે અગ્નિકાયના જીવોની કે બ્રહ્મચર્યની ગુપ્તિની વિરાધના કરે છે. માટે થોડા પણ આજ્ઞાભંગમાં મહાનિશીથસૂત્ર અનુસારે તે મિથ્યાદૃષ્ટિ છે; કેવલ મિથ્યાદૃષ્ટિ નથી, પરંતુ આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ છે અર્થાત્ અનાભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ તો યોગમાર્ગમાં રહેલ છે, પરંતુ સંયમ ગ્રહણ કરીને વ્રતનો ભંગ કરનારા યોગમાર્ગનો ભંગ કરનારા હોવાથી યોગમાર્ગથી સર્વથા બહાર રહેનારા એવા આભિગ્રહિક મિથ્યાદૃષ્ટિ છે. **॥૨૬॥**

અવતરણિકા :-

यत एवं दुरनुचरत्वं संयमस्य ततस्तुलनापेक्षत्वमपि व्यवस्थितमित्याह –

અવતરણિકાર્થ :-

જે કારણથી આ રીતે=ગચ્છાજ્ઞાના એક સ્થાનના ભંગમાં પણ ચારિત્રનો સર્વથા ભંગ છે એ રીતે, સંયમનું દુરનુચરપણું છે=દુઃખે કરીને પાલન થઈ શકે તેવું છે, તે કારણથી તુલનાઅપેક્ષપણું પણ=સંયમની ભૂમિકાની તુલના કરીને સંયમ ગ્રહણ કરવાની વિધિ પણ, વ્યવસ્થિત છે=શાસ્ત્રસંમત છે, એ પ્રમાણે કહે છે –

❖ 'तुलनापेक्षत्वमपि'માં 'अपि'થી એ કહેવું છે કે સંયમ ગ્રહણની યોગ્યતાની તો અપેક્ષા છે, પરંતુ યોગ્યતા જણાયા પછી તુલનાની અપેક્ષા પણ છે.

ભાવાર્થ :-

ગાથા-૨૩થી ૨૬ સુધી સ્થાપન કર્યું એ રીતે સંયમનું પાલન અત્યંત દુષ્કર છે, તેથી શાસ્ત્રકારોએ સંયમ ગ્રહણ કરવાની ઇચ્છા થાય તોપણ સંયમની ભૂમિકાની ઉચિત શક્તિની તુલના કર્યા વગર દીક્ષા ગ્રહણ કરવાનો નિષેધ કર્યો છે, અને કહ્યું છે કે સંયમ ગ્રહણ કરવાનો પરિણામ થયા પછી સંયમ ગ્રહણ કરનાર સાધક આજીવન સંયમના પરિણામને વહન કરી શકે તેવી શક્તિના સંચય માટે પ્રતિમાસ્વીકાર આદિ કરીને પોતાની શક્તિની તુલના કરે, અને જ્યારે આજીવન સંયમ પાળવાને અનુકૂળ શક્તિનો સંચય થયેલો જણાય ત્યારે સંયમ ગ્રહણ કરે, એ પ્રકારનું શાસ્ત્રવચન વ્યવસ્થિત છે, એ પ્રમાણે કહે છે.

ગાથા :-

णो देसविरइकंडय पत्तिं मुत्तूण होइ पव्वज्जा ।
तुलणावेक्खा तम्हा, इण्हिं तु विसिस्स जं भणियं ।।२७।।

અન્વયાર્થ :-

દેસવિરઇકંડય પત્તિં મુત્તૂણ=દેશવિરતિના કંડકની પ્રાપ્તિને છોડીને, પવ્વજ્જા=પ્રવ્રજ્યા, ણો હોઇ=થતી નથી, તમ્હા=તે કારણથી, તુલણાવેક્ખા=તુલનાની અપેક્ષા છે, તુ=વળી, ઇણ્હિં=હમણાં, વિસિસ્સ=વિશેષ કરીને=નિયમથી ઘણી વાર તુલનાની અપેક્ષા રાખીને, પ્રવ્રજ્યાગ્રહણની વિધિ છે, એમ અન્વય છે; જં=જે કારણથી, ભણિયં=કહેવાયું છે=આગળની ગાથામાં બતાવાશે એ કહેવાયું છે. ॥૨૭॥

ગાથાર્થ :-

દેશવિરતિના કંડકની પ્રાપ્તિને છોડીને પ્રવ્રજ્યા થતી નથી, તે કારણથી તુલનાની અપેક્ષા છે. વળી હમણાં વિશેષ કરીને તુલનાની અપેક્ષાએ પ્રવ્રજ્યાગ્રહણની વિધિ છે, એમ અન્વય છે, જે કારણથી આગળની ગાથામાં બતાવાશે, એ કહેવાયું છે. ॥૨૭॥

ટીકા :-

'णो देसविरइ'त्ति । देशविरतेः कण्डकानि–असङ्ख्यातविशुद्धिस्थानात्मकानि, कण्डकशब्दस्य समयपरिभाषयाऽङ्गुलमात्रक्षेत्रासङ्ख्येयभागगतप्रदेशराशिप्रमाणसङ्ख्याभिधायकत्वात्, तेषां प्राप्तिं मुक्त्वा प्रव्रज्या न भवति, क्रमस्यानुल्लङ्घ्यत्वात्, तस्मात् तुलनापेक्षा प्रव्रज्या, प्रतिमाप्रतिपत्त्यादितुलनापेक्ष्यैव प्रवर्त्तते न त्वभ्यासाधीनपराक्रमलाभं विना । इदानीं तु=साम्प्रतकाले तु, विशिष्य नियमतो बहुशस्तुलनापेक्षा, यद्भणितं पञ्चाशके ॥२७॥

ટીકાર્થ :-

'देशविरतेः ..... पञ्चाशके ॥ દેશવિરતિનાં અસંખ્યાત વિશુદ્ધિસ્થાનાત્મક કંડકો છે; કેમ કે કંડકશબ્દનું શાસ્ત્રપરિભાષાથી અંગુલમાત્ર ક્ષેત્રના અસંખ્યેય ભાગગત પ્રદેશરાશિ પ્રમાણ સંખ્યાનું અભિધાયકપણું છે. તેઓની=દેશવિરતિના અસંખ્યાત વિશુદ્ધિસ્થાનાત્મક કંડકોની, પ્રાપ્તિને છોડીને પ્રવ્રજ્યા થતી નથી=સર્વવિરતિ ગ્રહણ કરવામાં આવે તોપણ ભાવથી પ્રવ્રજ્યા થતી નથી; કેમ કે ક્રમનું અનુલંઘ્યપણું છે અર્થાત્ દેશવિરતિનાં અસંખ્યાત વિશુદ્ધિસ્થાનોના ક્રમને પ્રાપ્ત કર્યા વગર સમ્યગ્દર્શનની પ્રાપ્તિની ઉત્તરમાં તરત સર્વવિરતિની પ્રાપ્તિ થતી નથી, તે કારણથી=દેશવિરતિના કંડકોની પ્રાપ્તિ વગર સર્વવિરતિ ગ્રહણ કરવાથી સર્વસાવદ્યની નિવૃત્તિરૂપ પ્રવ્રજ્યાની પ્રાપ્તિ થતી નથી તે કારણથી, તુલનાની અપેક્ષાવાળી પ્રવ્રજ્યા પ્રતિમાપ્રતિપત્તિ આદિ તુલનાની અપેક્ષાથી જ પ્રવર્તે છે=પ્રતિમાસ્વીકાર આદિ તુલનાની અપેક્ષાથી જ ગ્રહણ કરાયેલી પ્રવ્રજ્યા ભાવથી પ્રવ્રજ્યા થાય છે, પરંતુ અભ્યાસઆધીન પરાક્રમના લાભ વગર નહિ=પ્રતિમાપ્રતિપત્તિ આદિના અભ્યાસને આધીન સંયમને અનુકૂળ શક્તિસંચય કરવારૂપ પરાક્રમના લાભ વગર નહિ અર્થાત્ અભ્યાસને આધીન પરાક્રમના લાભ વગર પ્રવ્રજ્યા પ્રાપ્ત થતી નથી. વળી હમણાં=વળી વર્તમાનકાળમાં, વિશેષ કરીને નિયમથી અનેક વાર તુલનાની અપેક્ષા છે=પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં વિશેષ કરીને નક્કી અનેક વખત તુલનાની અપેક્ષા છે, જે

કારણથી પંચાશકમાં કહેવાયું છે. ॥૨૭॥

❖ 'प्रतिमाप्रतिपत्त्यादितुलनापेक्ष्य'માં 'आदि'પદથી પ્રતિમાના પાલનથી પ્રગટ થયેલી સંયમને અનુકૂળ શક્તિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી સર્વવિરતિની પ્રાપ્તિની પૂર્વે વચ્ચે દેશવિરતિની તરતમતાની અનેક ભૂમિકાઓ છે, તે સર્વ ભૂમિકાઓ પછી સર્વવિરતિની ભૂમિકા આવે છે; અને દેશવિરતિની તરતમતાની અનેક ભૂમિકાઓ કેટલી છે, તે બતાવવા માટે કહે છે કે દેશવિરતિનાં અસંખ્યાત વિશુદ્ધિસ્થાનાત્મક કંડકો છે. તેથી એ પ્રાપ્ત થાય કે દેશવિરતિનું પ્રથમ સ્થાન જે વિશુદ્ધિવાળું છે, તેનાથી બીજું સ્થાન અધિક વિશુદ્ધિવાળું છે, તેનાથી ત્રીજું સ્થાન અધિક વિશુદ્ધિવાળું છે, અને આ ક્રમથી દેશવિરતિનાં વિશુદ્ધિસ્થાનોની કુલ સંખ્યા અસંખ્યાત થાય છે; અને તે અસંખ્યાતની સંખ્યા અનેક ભેદવાળી છે. તેમાં અહીં કઈ અસંખ્યાત સંખ્યા ગ્રહણ કરવી છે, તે સ્પષ્ટ કરવા માટે કહ્યું કે કંડકો પ્રમાણ દેશવિરતિનાં વિશુદ્ધિસ્થાનો છે.

અહીં 'કંડક' શું છે, તે સ્પષ્ટ કરવા માટે કહે છે –

'કંડક' શબ્દ શાસ્ત્રની પરિભાષાથી એક અંગુલમાત્ર ક્ષેત્ર ગ્રહણ કરવામાં આવે અને તેના અસંખ્યાત ભાગ કરવામાં આવે, તેમાંથી જે એક અસંખ્યાતમો ભાગ પ્રાપ્ત થાય, તે ભાગમાં રહેલ આકાશપ્રદેશોની સંખ્યા જેટલા અસંખ્યાત પ્રમાણ થાય, તે અસંખ્યાત સંખ્યાને કંડક કહેવામાં આવે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ચૌદ રાજલોકના સર્વ આકાશપ્રદેશોની સંખ્યા પણ અસંખ્યાત છે, અને તે અસંખ્યાત ઘણી મોટી સંખ્યામાં છે.

વળી મનુષ્યના એક અંગુલપ્રમાણ ક્ષેત્રને ગ્રહણ કરીને તેમાં રહેલા આકાશપ્રદેશની સંખ્યા પણ અસંખ્યાત છે, આમ છતાં ચૌદ રાજલોકની આકાશપ્રદેશની સંખ્યા કરતાં તે ઘણી નાની સંખ્યા છે, તોપણ તે અસંખ્યાત છે.

વળી એક અંગુલના અસંખ્યાત ભાગ કરવામાં આવે, તેમાંથી એક ભાગ ગ્રહણ કરવામાં આવે, તે ભાગમાં જે આકાશપ્રદેશની સંખ્યા પ્રાપ્ત થાય તે પણ અસંખ્યાત છે, આમ છતાં એક અંગુલના ક્ષેત્રમાં રહેલ અસંખ્યાત સંખ્યાથી તે ઘણી નાની છે, અને આ અંગુલના અસંખ્યાતમા ભાગના ક્ષેત્રમાં રહેલ આકાશપ્રદેશોની જે અસંખ્યાત સંખ્યા છે, તેને શાસ્ત્રપરિભાષામાં એક કંડક સંખ્યા કહેવાય છે.

દેશવિરતિનાં તરતમતાનાં સંયમસ્થાનો કંડકો પ્રમાણ છે, અને તે સર્વ કંડકોની પ્રાપ્તિને છોડીને પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં આવે તો ભાવથી પ્રવ્રજ્યા પ્રાપ્ત થાય નહિ.

આશય એ છે કે કોઈ જીવને ભગવાનના વચનના પરમાર્થને જાણીને 'સંયમ મોક્ષના ઉપાયરૂપ સંપૂર્ણ નિરવદ્ય જીવનરૂપ છે,' તેવી સ્થિર રુચિ પ્રગટ થાય ત્યારે તે જીવમાં સમ્યક્ત્વ પ્રગટ થાય છે, અને સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી સર્વવિરતિની પ્રાપ્તિ માટે કંડકો પ્રમાણ દેશવિરતિનાં સંયમસ્થાનોને પ્રાપ્ત કર્યા વગર કોઈ સાધક સર્વવિરતિ ગ્રહણ કરે તો વ્રતના ગ્રહણરૂપ ક્રિયા થાય, અને વ્રતની બાહ્ય આચરણા થાય,

તોપણ ભાવથી પ્રવ્રજ્યા પરિણમન પામે નહિ; કેમ કે સંપૂર્ણ નિર્લેપ ચિત્તવાળા મુનિ પ્રવ્રજ્યા પાળી શકે છે, અને તેવા નિર્લેપ ચિત્તને પ્રાપ્ત કરવા અર્થે દેશવિરતિનાં જે અવાંતરસ્થાનો છે, કે જે સ્થાનોમાં ક્રમસર યત્ન કરવામાં આવે તો અંશ અંશથી નિર્લેપતા પ્રગટે છે, વળી તે તે અંશથી ઉપર ઉપરની દેશવિરતિ પ્રગટે છે, અને આ સર્વ ક્રમથી વિશુદ્ધિને પામ્યા વગર સંપૂર્ણ નિર્લેપ પરિણતિરૂપ સર્વવિરતિને સ્વીકારવા અર્થે સમ્યક્ત્વ પામીને તરત યત્ન કરવામાં આવે તો વચલાં સ્થાનોનું ઉલ્લંઘન થાય છે; અને આ ક્રમનું ઉલ્લંઘન કરીને ઉપરનું સંયમસ્થાન આવી શકે નહિ, તેથી ભાવથી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ થતી નથી. માટે શાસ્ત્રકારોએ તુલનાની અપેક્ષાવાળી પ્રવ્રજ્યા સ્વીકારી છે.

તેથી એ પ્રાપ્ત થાય કે સમ્યક્ત્વ પામ્યા પછી સર્વવિરતિના શક્તિસંચય અર્થે દેશવિરતિનાં બારે વ્રતોનો ક્રમસર અભ્યાસ કરવો જોઈએ, અને અભ્યાસ કરીને સ્વીકારાયેલાં વ્રતોમાં સ્થિરતા પ્રગટે પછી વિશેષ શક્તિસંચય અર્થે શ્રાવકની અગિયાર પ્રતિમાઓ ક્રમસર વહન કરવી જોઈએ, અને અગિયાર પ્રતિમાઓ વહન કરતી વખતે છેલ્લી પ્રતિમામાં અગિયાર મહિના સુધી સાધુની જેમ સંપૂર્ણ નિરવદ્ય આચારો સેવવાના હોય છે, જેના બળથી પોતાને નિર્ણય થાય કે હવે પછી આ રીતે જાવજ્જીવ નિર્લેપભાવની વૃદ્ધિ અર્થે હું સંયમમાં યત્ન કરી શકીશ, ત્યારે આવા શક્તિસંચયવાળા સાધક પ્રવ્રજ્યા ગ્રહણ કરે તો ભાવથી પ્રવ્રજ્યાની પ્રાપ્તિ થાય; પરંતુ પ્રતિમાદિ અભ્યાસને આધીન સર્વવિરતિરૂપ સંયમને અનુકૂળ શક્તિસંચયરૂપ પરાક્રમના લાભ વગર પ્રવ્રજ્યા ગ્રહણ કરવામાં આવે તો ભાવથી પ્રવ્રજ્યા પ્રગટે નહિ. આ પ્રકારનો નિયમ સામાન્યથી સર્વકાળ માટે છે, અને વિશેષથી આ કાળમાં અનેકવાર પ્રતિમાદિ વહન કરવા દ્વારા પોતાની સર્વવિરતિની શક્તિની તુલના કરીને સંયમ ગ્રહણ કરવાની વિધિ છે, એ પ્રમાણે 'પંચાશક' ગ્રંથમાં કહેલ છે. જે ગ્રંથકારશ્રી સ્વયં આગળની ગાથામાં બતાવે છે. **॥૨૭॥**

અવતરણિકા :-

પૂર્વગાથામાં કહ્યું કે આ કાળમાં વિશેષ કરીને અનેક વાર તુલનાની અપેક્ષાએ પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની વિધિ છે, એમ પંચાશક-૧૦, ગાથા-૪૯માં કહ્યું છે. તેથી હવે પંચાશકની ગાથા બતાવે છે -

ગાથા :-

जुत्तो पुण एस कमो, ओहेणं संपयं विसेसेणं ।
जम्हा विसमो कालो, दुरणुचरो संजमो इत्थ ।।२८।।

અન્વયાર્થ :-

पुण=વળી, एस=આ=प्रतिमाप्रतिपत्ति પછી પ્રવ્રજ્યા ગ્રહણરૂપ આ, कमो=ક્રમ, ओहेणं=સામાન્યથી, जुत्तो=યુક્ત છે, विसेसेणं=વિશેષથી, संपयं=વર્તમાનકાળમાં=પાંચમા આરામાં યુક્ત છે, जम्हा=જે કારણથી, कालो विसमो=કાળ વિષમ છે (તે કારણથી), इत्थ=આ કાળમાં, संजमो दुरणुचरो=સંયમ દુરનુચર છે. ॥૨૮॥

ગાથાર્થ :-

વળી પ્રતિમાપ્રતિપત્તિ પછી પ્રવ્રજ્યાગ્રહણરૂપ આ ક્રમ સામાન્યથી યુક્ત છે. વિશેષથી પાંચમા આરામાં યુક્ત છે; જે કારણથી કાળ વિષમ છે, તે કારણથી આ કાળમાં સંયમ દુરનુચર છે. ।।૨૮।।

ટીકા :-

'जुत्तो'त्ति । युक्तः पुनः एषः प्रतिमाप्रतिपत्त्यनन्तरं प्रव्रज्यादानलक्षणः क्रमः ओघेन=सामान्यतः, साम्प्रतं=पञ्चमारके, पुनर्विशेषेण, यस्माद्विषमो धर्मशक्तिहान्या कालः=दुष्षमाकालः, दुरनुचरः=दुष्पालः, अत्र काले संयमः, प्रमादबाहुल्येनास्थैर्यदोषात्, तस्मादेतन्निरासेन स्थैर्यसिद्ध्यर्थ-मिदानीं संयमे नियमतोऽभ्यासरूपतुलनापेक्षत्वमिति । न चेदृशक्रमसङ्गतेदानीं प्रव्रज्या श्रूयत इति न तद्ग्रहणं युक्तमिति गर्भार्थः ।।२८।।

ટીકાર્થ :-

युक्तः ..... गर्भार्थः ।। વળી પ્રતિમાપ્રતિપત્તિ અનંતર પ્રવ્રજ્યા ગ્રહણ સ્વરૂપ આ ક્રમ સામાન્યથી યુક્ત છે. વિશેષથી વળી પાંચમા આરામાં યુક્ત છે, જે કારણથી ધર્મશક્તિની હાનિ હોવાને કારણે કાળ=દુઃષમાકાળ, વિષમ છે (તે કારણથી) આ કાળમાં સંયમ દુરનુચર છે=દુષ્પાલ છે; કેમ કે પ્રમાદબહુલતાને કારણે=આ કાળના જીવોમાં પ્રમાદબહુલતા હોવાને કારણે, અસ્થૈર્યદોષ છે=સંયમપાલનને અનુકૂળ દૃઢયોગોને પ્રવર્તાવવામાં બાધક એવો અસ્થૈર્યદોષ છે. તે કારણથી આના નિરાસ વડે=પ્રમાદના નિરાસ વડે, સ્થૈર્યની સિદ્ધિ માટે હમણાં સંયમમાં=સંયમ ગ્રહણ કરવાના વિષયમાં, નિયમથી અભ્યાસરૂપ તુલનાનું અપેક્ષપણું છે. 'इति' શબ્દ 'પંચાશક'ના તાત્પર્યની સમાપ્તિ માટે છે.

આ 'પંચાશક'ના કથનથી પૂર્વપક્ષીને શું સ્થાપન કરવું છે ? તે ફલિતાર્થ બતાવે છે –

અને આવા ક્રમથી સંગત એવી પ્રવ્રજ્યા હમણાં સંભળાતી નથી, એથી કરીને તેનું ગ્રહણ=પ્રવ્રજ્યાનું ગ્રહણ, યુક્ત નથી, એ પ્રકારનો ગર્ભાર્થ છે=પંચાશકના પાઠનો તાત્પર્યાર્થ છે. ।।૨૮।।

ભાવાર્થ :-

પૂર્વગાથામાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે સંયમ પાળવું અતિદુષ્કર છે, તેથી તુલનાની અપેક્ષાએ પ્રવ્રજ્યા ગ્રહણ કરવાનું વિધાન છે, અને તેમાં પંચાશકની સાક્ષી આપે છે – પંચાશકમાં કહ્યું છે કે સર્વ કાળમાં સામાન્યથી જીવોએ પ્રતિમા સ્વીકાર્યા પછી પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઈએ; કેમ કે સંયમપાલન અતિ દુષ્કર છે, અને પ્રતિમાપાલન દ્વારા સંચિતશક્તિવાળા જીવો દુષ્કર પણ પ્રવ્રજ્યા સુખે સુખે પાળી શકે છે, તેથી સર્વકાળમાં સામાન્યથી આ નિયમ છે. આમ છતાં કોઈક જીવોને આશ્રયીને પ્રતિમા વહન કર્યા વગર પણ સંયમગ્રહણનાં કથનો શાસ્ત્રમાં સંભળાય છે. માટે એકાંત નિયમ નથી, તોપણ આ કાળમાં વિશેષથી પ્રતિમા સ્વીકાર્યા પછી પ્રવ્રજ્યા ગ્રહણ કરવી જોઈએ; કેમ કે કાળના દોષને કારણે જીવોમાં ધર્મપાલનને અનુકૂળ

શક્તિની હાનિ છે, તેથી કલ્યાણના અર્થી પણ જીવો શક્તિના સંચય વગર વિષમકાળમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરે તો પાળી શકે નહિ. માટે આ કાળમાં વિશેષથી પ્રતિમા સ્વીકારીને શક્તિસંચય કર્યા પછી દુષ્પાલ એવું સંયમ ગ્રહણ કરવું જોઈએ; કેમ કે આ કાળમાં આરાધક જીવોમાં પણ પ્રમાદબહુલતા છે, તેથી મોક્ષમાં જવાના આશયથી દૃઢ સંકલ્પ કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરે તોપણ અસ્થૈર્યદોષને કારણે સંયમના ભારને વહન કરી શકે નહિ. તેથી પ્રતિમા સ્વીકારીને શક્તિસંચય કરવામાં આવે તો પ્રમાદદોષનું નિવારણ થઈ શકે અને સ્થૈર્યની સિદ્ધિ થાય, તેથી આ કાળમાં સંયમ ગ્રહણ કરવાના વિષયમાં નિયમથી પ્રતિમા સ્વીકારવા દ્વારા સંયમની તુલનાની અપેક્ષા છે; અને વર્તમાનમાં આ ક્રમથી જીવો પ્રવ્રજ્યા ગ્રહણ કરતા દેખાતા નથી, માટે પ્રવ્રજ્યા ગ્રહણ કરવી યુક્ત નથી, પરંતુ પ્રવ્રજ્યાનો પક્ષપાત કરવો જ ઉચિત છે, એમ ગાથા-૨૩માં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલું, તેનું સમર્થન આ ગાથાથી થાય છે. **॥૨૮॥**

અવતરણિકા :-

વ્યવહર્ત્તુર્દૌર્લભ્યેનાપિ વ્યવહારદૌર્લભ્યમાહ –

અવતરણિકાર્થ :-

વ્યવહાર કરનારાનું=સંયમને ઉચિત સર્વ ક્રિયાઓ સાધુગણ પાસેથી કરાવવાને અનુકૂળ વ્યવહાર કરનારાનું, દુર્લભપણું હોવાને કારણે પણ વ્યવહારના દુર્લભપણાને=સંયમને અનુકૂળ ઉચિત ક્રિયારૂપ વ્યવહારના દુર્લભપણાને, કહે છે –

❖ 'દૌર્લભ્યેનાપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે વ્યવહાર કરનારાનું દુર્લભપણું ન હોય તોપણ અલ્પસત્ત્વવાળા જીવોને માટે વ્યવહારનું દુર્લભપણું છે, પરંતુ વ્યવહાર કરનારાના દુર્લભપણાને કારણે પણ વ્યવહારનું દુર્લભપણું છે.

ગાથા :-

को व कुणउ ववहारं, गणणिक्खेवारिहं गुरुं मुत्तुं ।
तस्स गुणा पुण समए, भणिया दीसंति तत्थेव ।।२९।।

અન્વયાર્થ :-

गणणिक्खेवारिहं गुरुं मुत्तुं=ગણનિક્ષેપયોગ્ય ગુરુને છોડીને=ગણનાં ઉચિત કાર્યોનો ઉચિત રીતે શિષ્યોમાં નિક્ષેપ કરવાને યોગ્ય એવા ગુરુને છોડીને, ववहारं=વ્યવહારને=સંયમજીવનના ઉચિત વ્યવહારને, को व कुणउ=કોણ જ કરે ?, तस्स गुणा पुण=તેના ગુણો વળી=ગણનિક્ષેપ કરવાને યોગ્ય એવા ગુરુના ગુણો વળી, समए=શાસ્ત્રમાં, भणिया=કહેવાયેલા, तत्थेव=ત્યાં જ=સિદ્ધાંતના પુસ્તકમાં જ, दीसंति=દેખાય છે. ॥૨૯॥

ગાથાર્થ :-

ગણનાં ઉચિત કાર્યોનો ઉચિત રીતે શિષ્યોમાં નિક્ષેપ કરવાને યોગ્ય એવા ગુરુને છોડીને

સંયમજીવનના ઉચિત વ્યવહારને કોણ જ કરે ? ગણનિક્ષેપ કરવાને યોગ્ય એવા ગુરુના ગુણો વળી શાસ્ત્રમાં કહેવાયેલા સિદ્ધાંતના પુસ્તકમાં જ દેખાય છે. ।।૨૯।।

ટીકા :-

'को व'त्ति । को वा करोतु व्यवहारं? गणनिक्षेपार्हं गुरुं मुक्त्वा, सर्वव्यवहाराणां तदधीनत्वात्, अन्यस्य तत्रानधिकारात् । तस्य=गणनिक्षेपार्हस्य गुरोः, गुणाः पुनः समये=सिद्धान्ते, भणिताः तत्रैव=सिद्धान्तपुस्तक एव, लिपिमुद्रया दृश्यन्ते, न तु साम्प्रतीनपुरुषविशेषे ।।२९।।

ટીકાર્થ :-

को वा ..... साम्प्रतीनपुरुषविशेषे ।। गणनिक्षेपयोग्य गुरुને છોડીને=ગણમાં ઉચિત ક્રિયાઓનો વ્યવહાર કરે તેવા યોગ્ય ગુરુને છોડીને, વ્યવહારને=સંયમજીવનના ઉચિત વ્યવહારને, કોણ જ કરે ? અર્થાત્ યોગ્ય ગુરુ સિવાય અન્ય કોઈ કરે નહિ; કેમ કે સર્વ વ્યવહારોનું=સંયમજીવનના ઉચિત સર્વ વ્યવહારોનું, તેમને આધીનપણું છે=ગણનિક્ષેપયોગ્ય ગુરુને આધીનપણું છે.

અહીં પ્રશ્ન થાય કે સર્વ ઉચિત વ્યવહારો ગણનિક્ષેપયોગ્ય ગુરુને આધીન કેમ છે ? તેમાં હેતુ કહે છે :

અન્યને તેમાં=સર્વ ઉચિત વ્યવહાર પ્રવર્તાવવામાં, અનધિકાર છે.

અહીં પ્રશ્ન થાય કે ઉચિત વ્યવહાર કરનારા ગુરુને છોડીને અન્ય કોઈ સંયમના ઉચિત વ્યવહારને કરી શકે નહિ, તેના બળથી વ્યવહાર કરનારાનું દુર્લભપણું છે એમ અવતરણિકામાં કહ્યું, તે કઈ રીતે સિદ્ધ થાય ? તેથી કહે છે –

તેના=ગણનિક્ષેપયોગ્ય ગુરુના ગુણો, સમયમાં=સિદ્ધાંતમાં, કહેવાયેલા ત્યાં જ=સિદ્ધાંતના પુસ્તકમાં જ, લિપિમુદ્રાથી દેખાય છે, પરંતુ વર્તમાનકાલીન પુરુષવિશેષમાં=વર્તમાનકાલીન ગચ્છના ધારણ કરનારા એવા પુરુષવિશેષમાં, દેખાતા નથી. ।।૨૯।।

ભાવાર્થ :-

સમુદાયના ભારને વહન કરવા માટે યોગ્ય એવા ગુરુને છોડીને અન્ય કોઈ ગુરુ ભગવાને બતાવેલા સંયમજીવનના સર્વ ઉચિત વ્યવહારો કરી શકે નહિ, તેથી શાસ્ત્રકારોએ સર્વ ઉચિત વ્યવહારો, ગણના ભારને વહન કરવા માટે સમર્થ એવા ગુરુને આધીન સ્વીકારેલ છે; અને જે ગુરુ ગણનિક્ષેપને યોગ્ય ગુણોને ધારણ કરતા નથી, તેઓને સંયમજીવનના સર્વ ઉચિત વ્યવહારો માટે અનધિકારી કહ્યા છે; અને શાસ્ત્રમાં ગણના ભારને વહન કરી શકે તેવી યોગ્યતાવાળા ગુરુના ગુણો સિદ્ધાંતમાં કહ્યા છે, તે ગુણો સિદ્ધાંતના પુસ્તકમાં જ લિપિમુદ્રાથી દેખાય છે, પરંતુ વર્તમાનકાલીન પુરુષવિશેષમાં=વર્તમાનકાલીન ગચ્છને ધારણ કરનારા એવા પુરુષવિશેષમાં, દેખાતા નથી. તેથી સંયમજીવનના ઉચિત વ્યવહારો કરવા માટે તેઓ અધિકારી નહીં હોવાથી તેઓથી પ્રવર્તતો વ્યવહાર શાસ્ત્રાનુસારી વ્યવહાર નથી. માટે આ કાળમાં

શાસ્ત્રાનુસારી સંયમજીવનનો ઉચિત વ્યવહાર દુર્લભ હોવાથી સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ સંયમનો પક્ષપાત કરવો જ ઉચિત છે, એ પ્રમાણે ગાથા-૨૩ સાથે પ્રસ્તુત ગાથાનો સંબંધ છે. ॥૨૯॥

અવતરણિકા :-

कथम् ? इत्याह –

અવતરણિકાર્થ :-

કેમ? એથી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે ગણનિક્ષેપ કરવા યોગ્ય ગુરુના ગુણો સિદ્ધાંતના પુસ્તકમાં લિપિમુદ્રાથી દેખાય છે, પરંતુ ગણને ધારણ કરનારા એવા પુરુષવિશેષમાં દેખાતા નથી. કેમ દેખાતા નથી ? એથી કહે છે –

ગાથા :-

जेण सुसीलाइगुणो, गणणिक्खेवारिहो गुरू भणिओ ।
आणाभंगो इयराऽणुन्नाइ महाणिसीहम्मि ।।३०।।

અન્વયાર્થ :-

जेण=જે કારણથી, सुसीलाइगुणो गुरू=સુશીલાદિગુણવાળા ગુરુ, गणणिक्खेवारिहो भणिओ=ગણનિક્ષેપયોગ્ય કહેવાયા છે, તે કારણથી તેવા ગુણો વર્તમાનકાલીન પુરુષવિશેષમાં દેખાતા નથી, એમ પૂર્વગાથા સાથે સંબંધ છે.

इयराऽणुन्नाइ=ઇતરને અનુજ્ઞામાં=આવા ગુણરહિત ગુરુને ગચ્છની અનુજ્ઞામાં, आणाभंगो=આજ્ઞાભંગ, महाणिसीहम्मि=મહાનિશીથમાં કહેવાયો છે. ॥૩૦॥

ગાથાર્થ :-

જે કારણથી સુશીલાદિગુણવાળા ગુરુ ગણનિક્ષેપયોગ્ય કહેવાયા છે, તે કારણથી તેવા ગુણો વર્તમાનકાલીન પુરુષવિશેષમાં દેખાતા નથી, એમ પૂર્વગાથા સાથે સંબંધ છે.

આવા ગુણરહિત ગુરુને ગચ્છની અનુજ્ઞામાં આજ્ઞાભંગ મહાનિશીથમાં કહેવાયો છે. ॥૩૦॥

ટીકા :-

'जेण'त्ति। येन कारणेन सुशीलाद्यनेकगुणोपेतो गणनिक्षेपार्हो गुरुर्भणितः, इतरस्य=एतद्-गुणविरहितस्य, अनुज्ञायां=गच्छानुज्ञायां क्रियमाणायाम्, आज्ञाभङ्गो महानिशीथे भणितः । तथा च तत्सूत्रम् –

"से भयवं ! केरिसगुणजुत्तस्स णं गुरुणो गच्छणिक्खेवणं कायव्वं? गोयमा! जे णं सुव्वए, जे णं सुसीले, जे णं दढव्वए, जे णं दढचारित्ते, जे णं अणिंदियंगे, जे णं अरहे, जे णं गयरागे, जे णं गयदोसे, जे णं निट्ठियमोह-मिच्छत्तमलकलंके, जे णं उवसंते, जे णं सुविन्नायजगट्ठितीए, जे णं सुमहावेरग्गमग्गमल्लीणे, जे णं इत्थीकहापडिणीए, जे णं भत्तकहापडिणीए, जे णं तेणकहापडिणीए, जे णं रायकहापडिणीए, जे णं जणवयकहापडिणीए, जे णं अच्चंतमणुकंपसीले,जे णं परलोगपच्चवायभीरू, जे णं कुसील पडिणीए, जे णं विन्नायसमयसब्भावे, जे णं गहियसमयपेयाले, जे णं अहन्निसाणुसमयं ठिए खंताइअहिंसालक्खणदसविहे समणधम्मे, जे णं उज्जुत्ते अहन्निसाणुसमयं दुवालसविहे तवोकम्मे, जे णं सुउवउत्ते सययं पंचसमिइसु, जे णं सुगुत्ते सययं तीसु गुत्तिसु, जे णं आराहगे ससत्तीए अट्ठारसण्हं सीलंगसहस्साणं, जे णं अविराहगे एगंतेणं ससत्तीए सत्तरसविहस्स णं संजमस्स, जे णं उस्सग्गरुई, जे णं तत्तरुई, जे णं समसत्तुमित्तपक्खे, जे णं सत्तभयट्ठाणविप्पमुक्के, जे णं अट्ठमयट्ठाणविप्पजढे, जे णं नवण्हं बंभचेरगुत्तीणं विराहणाभीरू, जे णं बहुसुए, जे णं आरिअकुलुप्पन्ने, जे णं अदीणे, जे णं अकिंविणे, जे णं अणालसिए, जे णं संजइवग्गस्स पडिवक्खे, जे णं सययं धम्मोवएसदायगे, जे णं सययं ओहसामायारीपरूवए, जे णं मेरावट्ठिए, जे णं असामायारीभीरू, जे णं आलोअणारिहे पायच्छित्तपदाणपयच्छणक्खमे, जे णं वंदणमंडलिविराहणजाणगे, जे णं पडिक्कमणमण्डलिविराहणजाणगे, जे णं सज्झायमण्डलिविराहणजाणगे, जे णं वक्खाणमंडलिविराहणजाणगे, जे णं आलोअणामंडलिविराहणजाणगे, जे णं उद्देसमंडलिविराहणजाणगे, जे णं समुद्देसमंडलिविराहणजाणगे, जे णं पव्वज्जाविराहणजाणगे, जे णं उण्ठ्ठावणाविराहणजाणगे, जे णं उद्देससमुद्देसणाणुन्नाविराहणजाणगे, जे णं कालखेत्तदव्वभावभवंतरंतरवियाणगे, जे णं कालखेत्तदव्वभावालंबणविप्पमुक्के, जे णं सबालवुड्ढगिलाणसेह-सिक्खगसाहम्मिगअज्जावट्ठावणकुसले, जे णं परूवगे नाणदंसणचरित्ततवगुणाणं, जे णं चरणकरणधरए, जे णं पभावगे नाणदंसणचरित्ततवोगुणाणं, जे णं दढसम्मत्ते, जे णं सययं अपरिसाई, जे णं धिइमं, जे णं गंभीरे, जे णं सुसोमलेसे, जे णं दिणयरमिव अणभिभवणीए तवतेएणं, जे णं ससरीरोवरमे वि छक्कायसमारम्भविवज्जी, जे णं तवसीलदाणभावणामयचउविहधम्मंतरायभीरू, जे णं सव्वासायणाभीरू, जे णं इड्ढीरससायागारवरोद्दट्टज्झाणविप्पमुक्के, जे णं सव्वावस्सगुज्जुत्ते, जे णं सविसेसलद्धिजुत्ते, जे णं आवडियपिल्लियामंति-ओ वि णायरेज्जा अवज्जं, जे णं णो बहुणिद्दे, जे णं णो बहुभोई, जे णं सव्वावस्सगसज्झायज्झाणपडिमाभिग्गहे घोरपरीसहोवसग्गेसु जियपरीसमे, जे णं सुपत्तसंगहसीले, जे णं अपत्तपरिट्ठावणविहिन्नू, जे णं अणट्ठयबोंदी, जे णं परसमयससमयमम्मवियाणगे, जे णं कोहमाणमायालोभममकाररतिहासखेड्डुकंदप्पणाहियवादविप्पमुक्के धम्मकहाएसंसारवासविसयाभिलासादीणं वेरग्गुप्पायगे पडिबोहगे भव्वसत्ताणं, से णं गच्छणिक्खेवणजोग्गे, से णं गणी, से णं गणहरे, से णं तित्थे, से णं तित्थयरे, से णं अरहा, से णं केवली, से णं जिणे, से णं तित्थुब्भासगे, से णं वंदे, से णं पुज्जे, से णं नमंसणिज्जे, से णं दट्ठव्वे, से णं परमपवित्ते, से णं परमकल्लाणे, से णं परममंगल्ले, से णं सिद्धी, से णं मुत्ती, से णं सिवे, से णं मोक्खे, से णं ताया, से णं सम्मग्गे, से णं गती, से णं सरन्ने, से णं सिद्धे मुत्ते पारगए देवे देवदेवे, एयस्स गोयमा! गणणिक्खेवं कुज्जा, एयस्स णं गणणिक्खेवणं कारवेज्जा, एयस्स णं गणणिक्खेवं समणुजाणिज्जा, अन्नहा णं गोयमा! आणाभंगे" त्ति ।।३०।।

ટીકાર્થ :-

येन कारणेन ..... तत्सूत्रम् । જે કારણથી સુશીલાદિ અનેક ગુણોથી યુક્ત ગણનિક્ષેપયોગ્ય ગુરુ કહેવાયા છે, તે કારણથી સાંપ્રતકાલીન પુરુષવિશેષમાં તેવા ગુણો દેખાતા નથી, પરંતુ લિપિમુદ્રાથી પુસ્તકમાં જ દેખાય છે, એમ પૂર્વગાથા સાથે સંબંધ છે.

કાળના દોષને કારણે સુશીલાદિ અનેક ગુણો ન હોય તોપણ કાળહાનિ પ્રમાણે ઇતરને ગચ્છની અનુજ્ઞા અપાય છે, તેમનાથી વ્યવહાર ચાલે છે. તેથી વ્યવહારનું દુર્લભપણું નથી. આ પ્રકારની શંકામાં કહે છે -

ઇતરને=આ ગુણરહિતને=સુશીલાદિગુણરહિતને અનુજ્ઞા કરાયે છતે=ગચ્છને વહન કરવાની અનુજ્ઞા કરાયે છતે, આજ્ઞાભંગ=ગચ્છની અનુજ્ઞા આપનારા ગુરુને આજ્ઞાભંગ, મહાનિશીથમાં કહેવાયો છે.

અને તે રીતે=સુશીલાદિગુણવાળા ગુરુ ગણનિક્ષેપયોગ્ય છે અને ઇતરને ગચ્છની અનુજ્ઞા આપવામાં આજ્ઞાભંગ છે તે રીતે, તે સૂત્ર છે=મહાનિશીથનું સૂત્ર અધ્યયન-૫, આલાવો-૧૯ છે –

"से भयवं ! केरिसगुणजुत्तस्स ..... आणाभंगे त्ति" ।। "હે ભગવંત ! કેવા પ્રકારના ગુણથી યુક્ત એવા ગુરુને ગણનિક્ષેપો કરવો જોઈએ ?"

ભગવાન ઉત્તર આપે છે –

હે ગૌતમ ! જે=જે ગુરુ, સુવ્રતવાળા છે=પાંચે મહાવ્રતો સારાં પાળનારા છે, જેઓ સુશીલ છે=જેઓનો પાંચે મહાવ્રતોનો સંયમ સુંદર છે, जे णं दढव्वए=જેઓ દૃઢ વ્રતવાળા છે=કરેલી પ્રતિજ્ઞા અનુસાર વ્રતમાં દૃઢ યત્ન કરનારા છે, जे णं दढचारित्ते=જેઓ દૃઢ ચારિત્રવાળા છે=ભગવાનના વચનાનુસાર ચારિત્રની આચરણામાં દૃઢ યત્ન કરનારા છે, जे णं अणिंदियंगे=જેઓ અનિંદિત અંગવાળા છે=શરીરના સર્વ અવયવો પુણ્યથી સુંદર પ્રાપ્ત કરેલા છે, जे णं अरहे=જેઓ યોગ્ય છે=ગણને ધારણ કરવા માટે ઉચિત શક્તિથી કલિત છે, જેઓ ગતરાગવાળા છે, જેઓ ગતદ્વેષવાળા છે અર્થાત્ 'नश्यमानं नष्टं'=નાશ પામતું એ નાશ પામ્યું એ નિયમ પ્રમાણે જેઓના રાગ-દ્વેષ સ્વપરાક્રમથી ક્ષીણ ક્ષીણતર થઈ રહ્યા છે, એવા ગતરાગ અને ગતદ્વેષવાળા છે, जे णं निट्ठियमोहमिच्छत्तमलकलंके=જેઓ નિષ્ઠિતમોહમિથ્યાત્વમલકલંકવાળા છે=કોઈ પદાર્થમાં જેઓને મમત્વ નથી અને જિનવચન અનુસાર તત્ત્વને જોનારા હોવાથી મિથ્યાત્વ નથી, તેથી મમત્વ અને મિથ્યાત્વરૂપી મલકલંકથી રહિત છે, જેઓ ઉપશાંત છે=બાહ્ય પદાર્થોમાં જાણવાની કે જોવાની ઉત્સુકતા નહિ હોવાને કારણે ચિત્ત શાંતરસમાં મગ્ન હોવાથી ઉપશાંત છે, जे णं सुविन्नायजगट्ठितीए=જેઓ સુવિજ્ઞાત જગતસ્થિતિવાળા છે=જગતના પદાર્થો કયા નિયમો પ્રમાણે પ્રવર્તે છે, અને તેમાં જીવને માટે કઈ પ્રવૃત્તિ હિતરૂપ છે અને કઈ પ્રવૃત્તિ અહિતરૂપ છે, તેનું જ્ઞાન યથાર્થ કર્યું છે, તેથી સુવિજ્ઞાત જગતસ્થિતિવાળા છે, जे णं सुमहावेरग्गमग्गमल्लीणे=જેઓ સુમહાવૈરાગ્યમાર્ગમાં લીન છે=મોહગર્ભિત મહાવૈરાગ્યમાર્ગમાં નહિ, પરંતુ સુંદર એવા જ્ઞાનગર્ભિત મહાવૈરાગ્યમાર્ગમાં લીન છે, જેથી ઉત્તરોત્તર વૈરાગ્યની વૃદ્ધિ થાય તે રીતે દૃઢ યત્નવાળા છે, જેઓ સ્ત્રીકથાના પ્રત્યનીક છે=સ્ત્રીકથા કરવાના વિમુખ ભાવવાળા છે, જેઓ ભક્તકથાના પ્રત્યનીક છે, जे णं तेणकहापडिणीए=જેઓ સ્તેનકથાના પ્રત્યનીક છે=સ્વામીઅદત્ત આદિ ચારે પ્રકારના અદત્તાદાનના પરિહાર માટે સુદૃઢ યત્ન કરાવે તેવી મનોવૃત્તિવાળા છે, જેઓ રાજકથાના પ્રત્યનીક છે, जे णं जणवयकहापडिणीए=જેઓ દેશકથાના પ્રત્યનીક છે, जे णं अच्चंतमणुकंपसीले=જેઓ અત્યંત અનુકંપાશીલ છે, આથી પોતાના આશ્રિત શિષ્યો કે સંસારી જીવોના કોઈના પણ

અહિતનું કારણ ન બને તે રીતે ઉચિત પ્રવૃત્તિ કરનારા છે, જો અત્યંત અનુકંપા ન હોય તો પોતાના પ્રમાદથી અન્યનું અહિત પણ થાય અથવા પોતાના પ્રમાદને જોઈને 'આ માર્ગ છે' તેવો લોકોને ભ્રમ થાય તેની ઉપેક્ષા કરે, જે णं परलोगपच्चवायभीरू=જેઓ પરલોકપ્રત્યપાયભીરુ છે=પરલોકમાં અકલ્યાણનું કારણ બને તેવી પ્રવૃત્તિથી દૂર રહેનારા છે, જેઓ કુશીલના પ્રત્યનીક છે=કુશીલપણું પોતાનામાં સહન કરી શકે નહિ તેવી પ્રકૃતિવાળા છે, જે णं विन्नायसमयसब्भावे=જેઓ વિજ્ઞાતસમયના સદ્‌ભાવવાળા છે=શાસ્ત્રવચનો કઈ રીતે જીવને મોક્ષરૂપ ફળમાં પર્યવસાન પમાડનારાં છે તેના પરમાર્થને જાણનારા છે, જે णं गहियसमयपेयाले=જેઓ ગ્રહણ કરાયેલા શાસ્ત્રના રહસ્યવાળા છે, जे णं अहन्निसाणुसमयं ठिए खंताइअहिंसालक्खणदसविहे समणधम्मे=જેઓ અહર્નિશ અનુસમય અહિંસાલક્ષણ ક્ષમાદિ દશ પ્રકારના શ્રમણધર્મમાં રહેલા છે=ષટ્‌કાયના પાલનમાં યત્ન, ષટ્‌કાયના પાલનને અનુકૂળ ઉત્તમ અધ્યવસાય, અને ક્ષમાદિભાવોમાં યત્નસ્વરૂપ ભાવઅહિંસારૂપ ક્ષમાદિ દશ પ્રકારના શ્રમણધર્મમાં પ્રતિદિવસ પ્રતિસમય રહેલા છે, જે णं उज्जुत्ते अहन्निसाणुसमयं दुवालसविहे तवोकम्मे=જેઓ અહર્નિશ અનુસમય બાર પ્રકારના તપકર્મમાં ઉદ્યમવાળા છે=સંયમની વૃદ્ધિના કંડકોને અનુકૂળ જે સમયે બાર પ્રકારમાંથી જે તપ આચરણીય હોય તેને આચરવામાં ક્ષણ પણ પ્રમાદ વગર ઉદ્યમ કરનારા છે, जं णं सुउवउत्ते सययं पंचसमिइसु=જેઓ પાંચ સમિતિમાં સતત સુઉપયુક્ત છે=કાયિકાદિ કોઈપણ ક્રિયાઓ કરતી વખતે જે સમયે જે સમિતિ આવશ્યક હોય તે સમિતિમાં સતત સુઉપયુક્ત છે, જે णं सुगुत्ते सययं तीसु गुत्तिसु=જેઓ ત્રણ ગુપ્તિમાં સતત સુગુપ્ત છે=મન, વચન અને કાયાના ત્રણે યોગો કર્મબંધને અનુકૂળ લેશ પણ ન પ્રવર્તે, પરંતુ કર્મના ઉચ્છેદ માટે સુદૃઢ પ્રવર્તે તે રીતે ત્રણે યોગો પ્રવર્તાવે છે, માટે સુગુપ્ત છે, જે णं आराहगे ससत्तीए अट्ठारसण्हं सीलंगसहस्साणं=જેઓ સ્વશક્તિથી અઢારહજાર શીલાંગના આરાધક છે=અઢાર હજાર શીલાંગોના પરમાર્થને જાણીને સંયમના કંડકોની વૃદ્ધિનું કારણ બને તે રીતે અઢાર હજાર શીલાંગોને સ્વશક્તિ અનુસાર સેવે છે, જે णं अविराहगे एगंतेणं ससत्तीए सत्तरसविहस्स णं संजमस्स=જેઓ એકાંતથી સ્વશક્તિ અનુસાર સત્તર પ્રકારના સંયમના અવિરાધક છે=સાધુના સત્તર પ્રકારના સંયમના ભેદોને લેશ પણ પ્રમાદ વગર સદા સેવી રહ્યા છે, જેઓ ઉત્સર્ગરુચિવાળા છે=ભગવાનનો માર્ગ ઉત્સર્ગ-અપવાદરૂપ હોવાથી સંયોગને અનુકૂળ ઉત્સર્ગ-અપવાદમાર્ગ સેવતા હોય તોપણ ઉત્સર્ગમાર્ગ પર ચાલવાની રુચિવાળા છે, પરંતુ અપવાદમાર્ગ પર ચાલવાની રુચિવાળા નથી, જેઓ તત્ત્વરુચિવાળા છે=ભગવાનના વચનના પરમાર્થને પ્રાપ્ત કરવાની રુચિવાળા છે, जे णं समसत्तुमित्तपक्खे=જેઓ સમ-શત્રુ-મિત્રપક્ષવાળા છે=સર્વ જીવો પ્રત્યે સમાન વૃત્તિવાળા છે, જેઓ સાતભયસ્થાનથી વિપ્રમુક્ત છે=સંસારના કોઈપણ સંયોગો પ્રત્યે અપેક્ષા નહિ હોવાથી ભયનું કારણ નથી, તેથી સાતે ભયોથી મુક્ત છે, जे णं अट्ठमयट्ठाणविप्पजढे=જેઓ આઠ મદસ્થાનોનો પરિત્યાગવાળા છે=હું તપ-સંયમવાળો છું કે જ્ઞાનના પ્રકર્ષવાળો છું તેવા પણ કોઈ મદને ધારણ કરતા નથી, પરંતુ માનકષાયના ઉચ્છેદમાં દૃઢ યત્નવાળા છે, જેઓ નવ બ્રહ્મચર્યગુપ્તિની વિરાધનાના ભીરુ છે=સ્ત્રી આદિ પ્રત્યે રાગ ન થાય તેવા યત્નવાળા તો છે જ, પરંતુ રાગના સંભવને અનુકૂળ એવી બ્રહ્મચર્યની ગુપ્તિથી વિરુદ્ધ પ્રવૃત્તિ ન થાય તેવા પણ યત્નવાળા છે, જેઓ બહુશ્રુત છે=શાસ્ત્રના પરમાર્થને જાણીને ગીતાર્થ થયા છે, જેઓ આર્યકુળમાં ઉત્પન્ન થયા છે, જેઓ અદીન છે=કોઈપણ પ્રતિકૂળ સંયોગમાં દીનભાવને પામતા નથી, जे णं अकिंविणे=જેઓ અકૃપણ છે=પ્રકૃતિથી ક્ષુદ્રભાવવાળા નથી, પરંતુ બધાના હિતને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરે એવા ઉદાર આશયવાળા છે, जे णं अणालसिए=જેઓ આળસ વગરના છે=સંયમયોગમાં સુદૃઢ યત્ન કરવામાં પ્રમાદવાળા નથી, जे णं संजइवग्गस्स पडिवक्खे=જેઓ સંયતિવર્ગના અર્થાત્ સાધ્વીવર્ગના પરિચયના વિરોધી છે, જેઓ સતત ધર્મઉપદેશના દેનારા છે, जे णं सययं ओहसामायारीपरूवए=જેઓ સતત ઓઘસામાચારીના પ્રરૂપક છે, जे णं मेरावट्ठिए=જેઓ મર્યાદામાં

વર્તનારા છે=સંયમની મર્યાદામાં વર્તનારા છે, જે णं असामायारीभीरू=જેઓ અસામાચારીના ભીરુ છે=સાધુસામાચારીના ભંગના ભીરુ છે, जे णं आलोअणारिहे पायच्छित्तपदाणपयच्छणक्खमे=જેઓ આલોચનાયોગ્ય જીવોને પ્રાયશ્ચિત્તપ્રદાન અને પ્રયચ્છનમાં સમર્થ છે=આલોચનાયોગ્ય જીવોને પાપશુદ્ધિને અનુકૂળ એવા પ્રાયશ્ચિત્તને આપવામાં અત્યંત સમર્થ છે, જેઓ વંદનમાંડલીની વિરાધનાના જાણનારા છે, જેથી શિષ્યો વંદનમાંડલીની વિરાધના ન કરે તે રીતે શિષ્યોને સમ્યગ્ પ્રવર્તાવી શકે છે, જેઓ પ્રતિક્રમણમાંડલીની વિરાધનાના જાણનારા છે, જેઓ સ્વાધ્યાયમાંડલીની વિરાધનાના જાણનારા છે, જેઓ વ્યાખ્યાન અર્થાત્ વાચનામંડલીની વિરાધનાના જાણનારા છે, જેઓ આલોચનામાંડલીની વિરાધનાના જાણનારા છે, જેઓ ઉદ્દેશમાંડલીની વિરાધનાના જાણનારા છે, જેઓ સમુદ્દેશમાંડલીની વિરાધનાના જાણનારા છે, जे णं पव्वज्जाविराहणजाणगे=જેઓ પ્રવ્રજ્યા વિરાધનાના જાણનારા છે=પ્રવ્રજ્યા લેવાને સન્મુખ થયેલા કેવા જીવોને પ્રવ્રજ્યા અપાય ઇત્યાદિનો યથાર્થ બોધ હોવાથી તેનાથી વિપરીત પ્રવૃત્તિરૂપ વિરાધનાને જાણનારા છે, जे णं उवट्ठाणविराहणजाणगे=જેઓ ઉપસ્થાપના વિરાધનાના જાણનારા છે=પાંચ મહાવ્રતોના આરોપણવિષયક વિધિને જાણનારા હોવાથી તેનાથી વિપરીત પ્રવૃત્તિરૂપ વિરાધનાના જાણનારા છે, જેઓ ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞાની વિરાધનાના જાણનારા છે, जे णं कालखेत्तदव्वभावभवंतरंतरवियाणगे=જેઓ કાળ, ક્ષેત્ર, દ્રવ્ય, ભાવ, ભવંતરના અંતરને જાણનારા છે, જેઓ કાળ, ક્ષેત્ર, દ્રવ્ય, ભાવના આલંબનથી વિપ્રમુક્ત છે, जे णं सबालवुड्ढगिलाणसेहसिक्खगसाहम्मिगअज्जावट्ठावणकुसले=જેઓ બાળ, વૃદ્ધ, ગ્લાન, અભિનવદીક્ષિત, શિક્ષા લેનારા, સાધર્મિક અને સાધ્વીને વર્તાવવામાં અર્થાત્ ઉચિત પ્રવૃત્તિઓ કરાવવામાં કુશળ છે, જેઓ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપગુણના પ્રરૂપક છે, જેઓ ચરણસિત્તરિ-કરણસિત્તરિના ધારક છે, જેઓ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ ગુણના પ્રભાવક છે, જેઓ દૃઢ સમ્યક્ત્વવાળા છે=જેઓ ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા છે, जे णं सययं अपरिसाई=જેઓ સતત અપરિશ્રાવી ગુણવાળા છે, જેઓ ધૃતિવાળા છે, જેઓ ગંભીર છે, जे णं सुसोमलेसे=જેઓ સૌમ્ય લેશ્યાવાળા છે, जे णं दिणयरमिव अणभिभवणीए तवतेएणं=જેઓ તપ-તેજથી સૂર્યની જેમ પરાભવ નહિ પામનારા છે, जे णं ससरीरोवरमे वि छक्कायसमारम्भविवज्जी=જેઓ સ્વશરીરના નાશમાં પણ છ કાયના સમારંભના વર્જનારા છે, જેઓ તપ-શીલ-દાન-ભાવનામય ચાર પ્રકારના ધર્મના અંતરાયના ભીરુ છે, જેઓ સર્વ આશાતનાના ભીરુ છે=સંયમની સર્વ પ્રકારની આશાતનાના ભીરુ છે, જેઓ ઋદ્ધિગારવ, રસગારવ અને શાતાગારવવિષયક રૌદ્રધ્યાનથી વિપ્રમુક્ત છે, जे णं सव्वावस्सगुज्जुत्ते=જેઓ સર્વ આવશ્યકમાં ઉદ્યુક્ત છે, जे णं सविसेसलद्धिजुत्ते=જેઓ સવિશેષ લબ્ધિયુક્ત છે, जे णं आवडियपिल्लियामंतिओ वि णायरेज्जा अवज्जं=જેઓ આપતિ, પ્રેરિત અને આમંત્રિત એવા પણ અવદ્ય ન આચરે તેવા છે, જેઓ બહુનિદ્રાવાળા નથી, જેઓ બહુભોજનવાળા નથી, जे णं सव्वावस्सगसज्झायज्झाणपडिमाभिग्गहे घोरपरीसहोवसग्गेसु जियपरीसमे=જેઓ સર્વ આવશ્યક, સ્વાધ્યાય, ધ્યાન, પ્રતિમા અને અભિગ્રહમાં અને ઘોર પરિષહ, ઉપસર્ગમાં જિતપરિશ્રમવાળા છે=સર્વ આવશ્યક ક્રિયાઓ, સ્વાધ્યાય, ધ્યાન, સાધુની પ્રતિમાનું વહન અને અભિગ્રહનું પાલન તેવું સુઅભ્યસ્ત થયું છે કે જેથી તેમાં પરિશ્રમ વગર સહજ રીતે યત્ન થાય તેવા છે અને ઘોર પરિષહ-ઉપસર્ગમાં સહજ સ્થિરભાવ રહી શકે તેવા જિતપરિશ્રમવાળા છે, जे णं सुपत्तसंगहसीले=જેઓ સુપાત્ર શિષ્યોના સંગ્રહ કરવાના સ્વભાવવાળા છે, जे णं अपत्तपरिट्ठावणविहिन्नू=જેઓ અપાત્ર શિષ્યોના પરિષ્ઠાપન વિધિને જાણનારા છે, जे णं अणट्ठयबोंदी=જેઓ અનષ્ટ શરીરવાળા છે=શરીરનું કોઈ અંગ નાશ ન પામ્યું હોય તેવા છે, જેઓ પરસમય-સ્વસમયના મર્મને જાણનારા છે, જેઓ ક્રોધ-માન-માયા-લોભ-મમકાર, રતિ, હાસ્ય, ક્રીડા, કંદર્પ=કામચેષ્ટારૂપ અહિતવાદથી વિપ્રમુક્ત છે, ધર્મકથાથી સંસારવાસનું કારણ એવા વિષયઅભિલાષાદિવાળા જીવોને વૈરાગ્ય ઉત્પન્ન કરનારા છે અને ભવ્યજીવોને પ્રતિબોધ કરનારા છે.

જેઓ ઉપર બતાવેલા ગુણોવાળા છે તેઓ ગણનિક્ષેપયોગ્ય છે=ઉપર વર્ણન કરાયેલા ગુણવાળા પુરુષમાં ગણનો નિક્ષેપ કરવામાં આવે તો ગણનો ઉદ્ધાર થાય તેમ છે, તેથી તેઓ ગણનિક્ષેપયોગ્ય છે. તેઓ ગણિ છે=ઉપરોક્ત ગુણવાળા ગણને ધારણ કરતા હોય તો તેઓ ગણિ છે, અન્યથા નામમાત્રથી ગણિ છે, પરમાર્થથી ગણના વિનાશક છે. તેઓ ગણધર છે=ઉપરોક્ત ગુણવાળા સાધુને ગણ સોંપવામાં આવે તો તે ગણનું હિત થાય છે, તેથી તેઓ ગણને ધારણ કરનારા છે, અને આવા ગુણ વગરના કદાચ નામથી ગણને ધારણ કરતા હોય તોપણ ગણને સંસારસમુદ્રમાં ડુબાડનારા છે. તેઓ તીર્થ છે=ઉપરોક્ત ગુણવાળા સાધુ જગતને તરવાનું આલંબન છે, તેથી તીર્થ છે. તેઓ તીર્થંકર છે=આવા ગુણવાળાને ગણ સોંપવામાં આવે તો તીર્થંકરોની જેમ તેઓ ચતુર્વિધ સંઘરૂપ તીર્થના હિતને કરનારા છે, તેથી તીર્થંકર છે. તેઓ પૂજાને યોગ્ય છે=જગતના જીવોને માટે આવા ગુણવાળા સાધુ પૂજાને યોગ્ય છે. તેઓ કેવલી છે=જેમ કેવલી રાગ-દ્વેષથી રહિત સર્વ તત્ત્વને જોનારા છે તેમ આવા ગુણવાળા સાધુ રાગ-દ્વેષથી પર થઈને સર્વજ્ઞના વચનાનુસાર તત્ત્વને જોનારા છે માટે કેવલી છે. તેઓ જિન છે=જેમ જિન રાગ-દ્વેષને જીતનારા હોય છે, તેમ આવા ગુણવાળા સાધુ રાગ-દ્વેષને જીતનારા છે, માટે જિન છે. તેઓ તીર્થના ઉદ્ભાસક છે=ઉપરોક્ત ગુણવાળા સાધુ સંસારસાગરથી પાર ઉતારનાર એવા ભગવાનના શાસનરૂપ તીર્થની ઉન્નતિને કરનારા છે. તેઓ વંદ્ય છે=ઉપરોક્ત ગુણવાળા સાધુ વંદન કરવા યોગ્ય છે; કેમ કે તેમના વંદનથી પણ પાપનો નાશ થાય છે. તેઓ પૂજ્ય છે, તેઓ નમસ્કાર કરવા યોગ્ય છે. તેઓ દર્શનીય છે; કેમ કે આવા ગુણવાળા સાધુઓનાં દર્શનથી પણ ચિત્ત પવિત્ર થાય છે અને પાપનો નાશ થાય છે. તેઓ પરમપવિત્ર છે; કેમ કે અનેક ગુણોથી યુક્ત છે. તેઓ પરમકલ્યાણ છે=આલંબન લેનારા માટે પરમકલ્યાણનું કારણ છે, માટે પરમકલ્યાણ છે. તેઓ પરમમંગલ છે=જગતમાં જે કોઈ મંગલ પદાર્થો છે તેમાં શ્રેષ્ઠ મંગલ છે. તેઓ સિદ્ધિ છે='સિદ્ધિને પામતા હોય તે સિદ્ધિને પામ્યા છે' એ નિયમ પ્રમાણે તેઓ સાક્ષાત્ સિદ્ધિ છે. તેઓ મુક્તિ છે, તેઓ શિવ છે, તેઓ મોક્ષ છે, તેઓ ત્રાતા છે=અશરણ એવા આ જગતમાં રક્ષણ કરનારા છે. તેઓ સન્માર્ગ છે=સંસારથી પાર ઉતારવા માટે સાચો માર્ગ બતાવનારા હોવાથી તેઓ સન્માર્ગ છે. તેઓ ગતિ છે, તેઓ શરણ છે, તેઓ સિદ્ધ, મુક્ત, પારગત, દેવ, દેવાધિદેવ છે.

હે ગૌતમ ! આવાઓને=આવા ગુણવાળાને, ગણનો નિક્ષેપ કરવો જોઈએ, આવાઓને ગણનિક્ષેપ કરાવવો જોઈએ, આવા ગુણવાળાને ગણનિક્ષેપાની અનુજ્ઞા આપવી જોઈએ. હે ગૌતમ ! અન્યથા=આવા ગુણ વગરનાને ગણનિક્ષેપો કરે, ગણનિક્ષેપો કરાવે કે ગણનિક્ષેપાની અનુજ્ઞા આપે તો આજ્ઞાભંગ છે.

'त्ति' શબ્દ મહાનિશીથના ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૩૦॥

ભાવાર્થ :-

ગાથા-૨૯ની અવતરણિકામાં કહેલ કે વર્તમાનમાં વ્યવહાર કરનારાઓનું=ગણને ચલાવનારાઓનું, દુર્લભપણું હોવાથી પણ વ્યવહારનું દુર્લભપણું છે, અને વ્યવહારનું દુર્લભપણું કેમ છે, તે પ્રસ્તુત ગાથામાં બતાવેલ છે. તે પ્રમાણે જે ગુરુ સુશીલાદિગુણો ધારણ કરતા હોય તેઓ જ ગણનિક્ષેપયોગ્ય ગુરુ છે, અને આવા ગુરુ ગણના જે વ્યવહાર કરતા હોય તે સર્વ વ્યવહાર સર્વજ્ઞના વચનાનુસાર હોવાથી નિર્જરાનું કારણ બને છે, અને આવા ગુણોથી રહિત ગુરુ ગચ્છના જે વ્યવહારો ચલાવે છે તે સ્વમતિ અનુસાર હોવાથી નિર્જરાનું કારણ નથી. માટે ગાથા-૨૩માં કહ્યું તેમ વર્તમાનકાળમાં ચારિત્રનો પક્ષપાત કરવો જોઈએ, પરંતુ ચારિત્ર ગ્રહણ કરવું જોઈએ નહિ, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૩૦॥**

અવતરણિકા :-

અવ્યવસ્થિતત્વેનાપીદાનીંતનો વ્યવહારો ન ગ્રાહ્યો વ્યવસ્થિતસ્તૂચ્છિન્ન એવેત્યાહ –

અવતરણિકાર્થ :-

અવ્યવસ્થિતપણું હોવાને કારણે પણ હમણાંનો વ્યવહાર=ચારિત્રની ક્રિયાકલાપરૂપ વ્યવહાર, ગ્રાહ્ય નથી. વળી વ્યવસ્થિત વ્યવહાર=મોક્ષનું કારણ હોય તેવો સુવ્યવસ્થિત ચારિત્રની ક્રિયાકલાપરૂપ વ્યવહાર, ઉચ્છિન્ન જ છે, એ પ્રમાણે કહે છે –

❖ 'अव्यवस्थितत्वेनापि'માં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહાર કરનારાનું દુર્લભપણું હોવાને કારણે તો વર્તમાનમાં સાચો વ્યવહાર પ્રાપ્ત થાય તેમ નથી, પરંતુ ચોક્કસ એક પ્રકારે વ્યવસ્થિત વ્યવહાર નહિ હોવાને કારણે પણ હમણાંનો વ્યવહાર કલ્યાણના અર્થે સ્વીકારવા યોગ્ય નથી.

ગાથા :-

इक्को य णोवलब्भइ, ववहारो बहुपरंपरारूढो ।
नियमइविगप्पिओ सो, दीसइ सच्चो य वुच्छिन्नो ।।३१।।

અન્વયાર્થ :-

य=અને, बहुपरंपरारूढो=બહુપરંપરારૂઢ છે એથી, इक्को ववहारो=એક વ્યવહાર, णोवलब्भइ=ઉપલબ્ધ નથી (તે કારણથી), नियमइविगप्पिओ सो=નિજમતિવિકલ્પિત એવો તે=નિજમતિવિકલ્પિત એવો વ્યવહાર, दीसइ=દેખાય છે, य=અને, सच्चो=સત્ય=સત્યવ્યવહાર, वुच्छिन्नो=વિચ્છિન્ન છે. ।।૩૧।।

ગાથાર્થ :-

અને બહુપરંપરારૂઢ છે, એથી એક વ્યવહાર ઉપલબ્ધ નથી. તે કારણથી નિજમતિવિકલ્પિત એવો વ્યવહાર દેખાય છે, અને સત્યવ્યવહાર વિચ્છિન્ન છે. ।।૩૧।।

ટીકા :-

'इक्को य' त्ति । एकश्च नोपलभ्यते व्यवहारः बहुपरम्परारूढः=नानासूरिसन्तानागत इति हेतोः, प्रतिगच्छं विभिन्नव्यवहारस्यैवोपलम्भात्, तस्मान्निजमतिविकल्पित एव सः=स्वगच्छसामाचारीरूपो व्यवहारो, दृश्यते । सत्यश्च=पारमार्थिकश्च व्यवहारो, व्युच्छिन्नः ।।३१।।

ટીકાર્થ :-

एकश्च ..... व्युच्छिन्नः ।। અને બહુપરંપરારૂઢ=અનેક આચાર્યોની પરંપરાથી આવેલો છે એ હેતુથી, એક વ્યવહાર ઉપલબ્ધ નથી; કેમ કે પ્રતિગચ્છને આશ્રયીને જુદા જુદા વ્યવહારનો જ ઉપલંભ છે, તે કારણથી નિજમતિથી વિકલ્પિત જ તે=સ્વગચ્છસામાચારીરૂપ વ્યવહાર, દેખાય છે, અને સત્ય=પારમાર્થિક વ્યવહાર, વિચ્છિન્ન છે. ।।૩૧।।

ભાવાર્થ :-

વર્તમાનમાં સાધ્વાચારની ક્રિયારૂપ એક વ્યવહાર પ્રાપ્ત થતો નથી, તેથી આદરણીય નથી.

અહીં પ્રશ્ન થાય કે ભગવાને બતાવેલી મોક્ષનું કારણ એવી સાધ્વાચારની ક્રિયા દરેક સાધુની એક કેમ નથી ? તેથી કહે છે –

જુદા જુદા આચાર્યોની પરંપરાથી આવેલો આ વ્યવહાર છે, તેથી એક નથી.

અહીં પ્રશ્ન થાય કે જુદા જુદા આચાર્યો પણ તીર્થંકરે સ્થાપેલા એક ગણધરથી પ્રવૃત્ત છે, તેથી તે સર્વ આચાર્યોના આચારો એક સમાન પ્રાપ્ત થવા જોઈએ. તેથી જુદા જુદા આચાર્યોની પરંપરાથી આવેલા હોવા છતાં એક કેમ નથી ? તેથી કહે છે –

પ્રતિગચ્છ જુદા જુદા વ્યવહારોનો ઉપલંભ છે અર્થાત્ વર્તમાનકાળમાં જે ગચ્છો પ્રચલિત છે તે દરેકના સંયમના આચારો પ્રત્યક્ષથી જુદા જુદા પ્રાપ્ત થાય છે.

આનાથી એ ફલિત થાય કે વર્તમાનમાં જુદા જુદા વ્યવહારો પ્રત્યક્ષથી ઉપલબ્ધ છે, તેથી તે સર્વ વ્યવહારો પોતાની મતિથી વિકલ્પિત છે, પરંતુ સર્વજ્ઞકથિત નથી; કેમ કે જો સર્વજ્ઞકથિત હોય તો સર્વ ગચ્છોનો એક સમાન આચાર હોવો જોઈએ. તેથી સર્વજ્ઞકથિત પારમાર્થિક વ્યવહાર વર્તમાનમાં વિચ્છેદ પામેલો છે. માટે વર્તમાનમાં મોક્ષના અર્થીએ ચારિત્રનો પક્ષપાત કરવો જોઈએ, પરંતુ ચારિત્ર ગ્રહણ કરવું જોઈએ નહિ, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. **॥૩૧॥**

અવતરણિકા :-

कथं पारमार्थिको व्यवहारो व्युच्छिन्नः ? इत्याह –

અવતરણિકાર્થ :-

કેમ પારમાર્થિક વ્યવહાર વિચ્છિન્ન છે ? એથી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે વર્તમાનમાં જુદા જુદા આચાર્યોથી આવેલો જુદો જુદો વ્યવહાર ઉપલબ્ધ છે, અને પારમાર્થિક વ્યવહારનો ઉચ્છેદ થયો છે. ત્યાં પ્રશ્ન થાય કે જુદા જુદા આચાર્યોથી આવેલો જુદો જુદો વ્યવહાર ઉપલબ્ધ થવા છતાં તે સર્વ વ્યવહારોમાં જે સર્વજ્ઞકથિત વ્યવહાર છે તે પારમાર્થિક વ્યવહાર છે, તેમ સ્વીકારી શકાય. તેથી વર્તમાનમાં જુદા જુદા વ્યવહારો ઉપલબ્ધ છે તેના બળથી પારમાર્થિક વ્યવહારનો ઉચ્છેદ થયો છે, તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

ગાથા :-

संजमठाणाइविऊ, आगमववहारिणो उ वुच्छिन्ना ।
तत्तो ण चरणसुद्धी, पायच्छित्तस्स वुच्छेआ ।।३२।।

અન્વયાર્થ :-

ઉ=વળી, સંજમઠાણાઇવિઊ આગમવવહારિણો=સંયમસ્થાનના જાણનારા આગમવ્યવહારીઓ, વુચ્છિન્ના= વિચ્છિન્ન થયેલા છે, તત્તો=તેથી, ણ ચરણસુદ્ધી=ચારિત્રની શુદ્ધિ નથી; પાયચ્છિત્તસ્સ વુચ્છેઆ=કેમ કે પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ છે. ॥૩૨॥

ગાથાર્થ :-

વળી સંયમસ્થાનના જાણનારા આગમવ્યવહારીઓ વિચ્છિન્ન થયેલા છે, તેથી ચારિત્રની શુદ્ધિ નથી; કેમ કે પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ છે. ॥૩૨॥

ટીકા :-

'संजम'त्ति । संयमस्थानविदः=असङ्ख्यातभागवृद्ध्यादिषट्स्थानपतितरागद्वेषादिवृद्धि-हान्यनुगतचारित्रस्थानाद्याकलयितारः आगमव्यवहारिणः=केवलिचतुर्दशपूर्ववित्प्रभृतयो, व्युच्छिन्नाः, ततः=तद्विच्छेदाद्, न चारित्रस्य शुद्धिः, तद्विशोधकस्य प्रायश्चित्तस्य विच्छेदात्, अनतिशयिना यदृच्छयैव प्रायश्चित्तदानात्, सम्यक्स्वपापविशुद्ध्यनवगमेन घुणाक्षरन्यायेन प्रवृत्तेरूनाधिकदानेन स्वयमशुद्धस्य पराशोधकत्वात्, विचित्रगतिकसूत्रतत्त्वानवबोधेनानतिशयिनः शास्त्रबलस्याप्यनुपपत्तेः, तदुक्तम् –

ટીકાર્થ :-

'संयमस्थानविदः' ..... तदुक्तम् - સંયમસ્થાનને જાણનારા=અસંખ્યાતભાગવૃદ્ધિ આદિ ષટ્સ્થાનપતિત રાગ-દ્વેષાદિની વૃદ્ધિહાનિને અનુગત ચારિત્રસ્થાનાદિને જાણનારા, આગમવ્યવહારીઓ=કેવલીઓ, ચૌદપૂર્વધરો વગેરે વિચ્છિન્ન છે, અને તેના વિચ્છેદથી=આગમવ્યવહારીના વિચ્છેદથી, ચારિત્રની શુદ્ધિ નથી; કેમ કે તેના=ચારિત્રના વિશોધક એવા પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ છે.

અહીં પ્રશ્ન થાય કે ચારિત્રના વિશોધક પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ કેમ છે ? તેથી હેતુ કહે છે –

અનતિશયિ એવા સાધુ વડે યદૃચ્છાથી જ પ્રાયશ્ચિત્તનું દાન છે.

અહીં પ્રશ્ન થાય કે અનતિશયવાળા સાધુ પણ જે પ્રાયશ્ચિત્ત આપે છે, તેનાથી પણ ચારિત્રની શુદ્ધિ થાય છે, તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી હેતુ કહે છે –

સમ્યક્ સ્વપાપવિશુદ્ધિનો અનવગમ હોવાને કારણે=પ્રાયશ્ચિત્ત આપનાર સાધુને પ્રાયશ્ચિત્ત લેનારના પાપની વિશુદ્ધિનો સમ્યગ્ અવગમ નહિ હોવાને કારણે, ઘુણાક્ષરન્યાયથી પ્રવૃત્તિ કરતા હોવાથી=ઘુણાક્ષરન્યાયથી પ્રાયશ્ચિત્ત આપવાની પ્રવૃત્તિ કરતા હોવાથી, ઊનાધિક દાનથી=પ્રાયશ્ચિત્ત લેનારને તેના પાપની શુદ્ધિમાં અપેક્ષિત પ્રાયશ્ચિત્તથી ન્યૂન કે અધિક પ્રાયશ્ચિત્તના દાનથી, સ્વયં અશુદ્ધ એવા તેનું=પરને વિપરીત પ્રાયશ્ચિત્ત આપવા દ્વારા પ્રાયશ્ચિત્ત આપનાર સ્વયં અશુદ્ધ એવા તેનું, પરઅશોધકપણું છે=પ્રાયશ્ચિત્ત લેનારા એવા પરનું અશોધકપણું છે.

'આગમવ્યવહારી નથી એવા પણ વર્તમાનના સાધુઓ સ્વમતિથી પ્રાયશ્ચિત્ત આપતા નથી, જેથી ઊનાધિક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય; પરંતુ સર્વજ્ઞએ કહેલા શાસ્ત્રના બળથી પ્રાયશ્ચિત્ત આપે છે. તેથી તેમના આપેલા પ્રાયશ્ચિત્તથી ચારિત્રની શુદ્ધિ થશે.' આ પ્રકારની શંકાના નિવારણ માટે હેતુ કહે છે –

વિચિત્ર ગતિવાળા સૂત્રના તત્ત્વના અનવબોધને કારણે અનતિશયવાળાને શાસ્ત્રબળની પણ અનુપપત્તિ છે.

તે કહેવાયું છે=પૂર્વમાં જે ગ્રંથકારશ્રીએ કહ્યું તે આગમમાં કહેવાયું છે –

ટીકા :-

"चोद्दसपुव्वधराणं, वुच्छेदो केवलीण वुच्छेदे ।
केसिंची आदेसो, पायच्छित्तं पि वुच्छिन्नं ।।१।।
जं जत्तिएण सुज्झइ, पावं तस्स तह दिंति पच्छित्तं ।
जिणचउदसपुव्वधरा, तव्विवरीया जहिच्छाए ।।२।।
पारगमपारगं वा, जाणंते जस्स जं च करणिज्जं ।
देइ तहा पच्चक्खी, घुणक्खरसमा उ पारुक्खी ।।३।।
जा य ऊणाहिए दाणे, वुत्ता मग्गविराहणा ।
ण सुज्झे तीइ दिंतो उ, असुद्धो कं च सोहए ।।४।।
अत्थं पडुच्च सुत्तं, अणागयं तं तु किंचि आमुसइ ।
अत्थो वि कोइ सुत्तं, अणागयं चेव आमुसइ" ।।५।। **त्ति ।।३२।।**

કેવલીનો વિચ્છેદ થયે છતે ચૌદપૂર્વધરનો વિચ્છેદ છે, કેટલાકનો આદેશ છે, પ્રાયશ્ચિત્ત પણ વિચ્છિન્ન છે. ।।૧।। વ્યવહારસૂત્ર ઉદ્દેશ-૧૦, ગાથા-૬૨

કેટલાકનો આદેશ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

જે પાપ જેટલાથી=જેટલા પ્રાયશ્ચિત્તથી, શુદ્ધ થાય છે, તેને=પ્રાયશ્ચિત્ત લેનારને, જિન અને ચૌદપૂર્વધરો તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપે છે; તેનાથી વિપરીત=જિન અને ચૌદપૂર્વધરોથી વિપરીત એવા સાધુઓ, જે પ્રમાણે ઇચ્છા થાય તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપે છે. ।।૨।। વ્યવહારસૂત્ર ઉદ્દેશ-૧૦, ગાથા-૬૩

જિન અને ચૌદપૂર્વધરો યથાર્થ પ્રાયશ્ચિત્ત આપે છે અને અન્ય યથેચ્છાથી પ્રાયશ્ચિત્ત આપે છે તે સ્પષ્ટ કરે છે –

પારગ અને અપારગને જાણતા=પ્રાયશ્ચિત્ત લેનાર આ પ્રાયશ્ચિત્તને પાર કરશે અને આ પ્રાયશ્ચિત્તને પાર નહિ કરે, એ પ્રમાણે જાણતા એવા પ્રત્યક્ષી=પ્રત્યક્ષ જ્ઞાનવાળા જિન અને ચૌદપૂર્વધરો, અને જેને=જે પ્રાયશ્ચિત્ત લેનારને, જે કરણીય છે=પાપશુદ્ધિ માટે જે પ્રાયશ્ચિત્ત કર્તવ્ય છે, તે પ્રકારે આપે છે. વળી પરોક્ષજ્ઞાનવાળા=જિન અને ચૌદપૂર્વધર સિવાયના સાધુઓ, ઘુણાક્ષર જેવા છે=પ્રાયશ્ચિત્ત આપવામાં ઘુણાક્ષર જેવા છે. ।।૩।। વ્યવહારસૂત્ર ઉદ્દેશ-૧૦, ગાથા-૬૪

જિન અને ચૌદપૂર્વધર સિવાયના પ્રાયશ્ચિત્ત આપવામાં ઘુણાક્ષર જેવા છે, તેનાથી શું પ્રાપ્ત થાય ? તે સ્પષ્ટ કરે છે –

જે કારણથી ઊનાધિકદાનમાં માર્ગવિરાધના કહેવાઈ છે, તે કારણથી વળી પ્રાયશ્ચિત્ત આપતા=પરોક્ષ જ્ઞાનવાળા પ્રાયશ્ચિત્ત આપતા, તેનાથી=પ્રાયશ્ચિત્ત આપવાની ક્રિયાથી, શુદ્ધ નથી=ચારિત્રની શુદ્ધિવાળા નથી, અને અશુદ્ધ કોને શુદ્ધ કરે ? ॥૪॥ **(વ્યવહારસૂત્ર ઉદ્દેશ-૧૦, ગાથા-૬૫)**

અહીં કોઈ કહે કે અનતિશયજ્ઞાની પણ શાસ્ત્રના વચનથી પ્રાયશ્ચિત્ત આપે છે, તેથી શાસ્ત્રવચનાનુસાર પ્રાયશ્ચિત્ત આપવાને કારણે તેઓ સ્વયંશુદ્ધ છે અને બીજાના શોધનને કરનારા છે, તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેના નિરાકરણ માટે અનતિશયજ્ઞાનવાળાને શાસ્ત્રબળની અનુપપત્તિ છે, તે બતાવવા અર્થે કહે છે –

અર્થને આશ્રયીને સૂત્ર છે=જગતમાં રહેલા પદાર્થો અને જગતમાં વર્તતી યોગમાર્ગની વ્યવસ્થા એ રૂપ અર્થને આશ્રયીને સૂત્ર છે, વળી કોઈક સૂત્ર અનાગત એવા તે અર્થને સ્પર્શ કરે છે=વર્તમાનમાં પ્રત્યક્ષથી પ્રાપ્ત ન થતા હોય તેવા કોઈક અનાગત અર્થને કોઈક સૂત્ર બતાવે છે, કોઈક અર્થ પણ કોઈક અનાગત એવા સૂત્રને સ્પર્શ કરે છે. ॥૫॥ 'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. વ્યવહારસૂત્ર ઉદ્દેશ-૧૦, ગાથા-૬૬ **॥૩૨॥**

❖ અહીં 'असंङ्ख्यातभागवृद्ध्यादिषट्स्थानपतित' પાઠ છે ત્યાં 'अनंतभागवृद्ध्यादिषट्स्थानपतित' પાઠનો સંભવ છે; કેમ કે ષટ્સ્થાનપતિત ગ્રહણ કરવા માટે અનંતભાગવૃદ્ધિ અને અનંતગુણવૃદ્ધિનું ગ્રહણ કરવું પડે.

❖ 'अनंतभागवृद्ध्यादि'માં 'आदि'પદથી 'असङ्ख्यातभागवृद्ध्यादि' અન્ય પાંચ સ્થાનોનું ગ્રહણ કરવું પડે.

❖ 'रागद्वेषादिवृद्धिहानि'માં 'आदि'પદથી સર્વવિરતિ સંયમસ્થાનમાં ઉપર ઉપરના કંડકમાં જવામાં પ્રતિબંધક એવા રાગ-દ્વેષથી અન્ય નોકષાયની પ્રકૃતિઓનું ગ્રહણ કરવું.

❖ 'चारित्रस्थानादि'માં 'आदि'પદથી અચારિત્રસ્થાનનું ગ્રહણ કરવું.

❖ 'शास्त्रबलस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે અનતિશયવાળા એવા પ્રાયશ્ચિત્ત આપનારને અતિશયજ્ઞાનનું બળ તો નથી, પરંતુ શાસ્ત્રબળની પણ અનુપપત્તિ છે.

ભાવાર્થ :-

અનંતભાગવૃદ્ધિ, અસંખ્યાતભાગવૃદ્ધિ, સંખ્યાતભાગવૃદ્ધિ, સંખ્યાતગુણવૃદ્ધિ, અસંખ્યાતગુણવૃદ્ધિ અને અનંતગુણવૃદ્ધિ એ રૂપ છ સ્થાનની વૃદ્ધિ અને છ સ્થાનની હાનિરૂપ તરતમતા દ્વારા, સર્વવિરતિ સંયમનાં સ્થાનો ષટ્સ્થાનપતિત પ્રાપ્ત થાય છે; અને આ ષટ્સ્થાનપતિત વૃદ્ધિ-હાનિ રાગ-દ્વેષાદિની વૃદ્ધિ-હાનિ અનુગત ચારિત્રસ્થાનો છે, અને આ ચારિત્રસ્થાનોના જાણનારાઓ કેવલી અને ચૌદપૂર્વધર વગેરે આગમવ્યવહારીઓ છે, અને તેઓ વર્તમાનમાં વિચ્છિન્ન છે. તેથી તેઓના વિચ્છેદને કારણે વર્તમાનમાં ચારિત્રની શુદ્ધિનો સંભવ નથી; કેમ કે સંયમસ્થાનના અનંતા ભેદોમાંથી કયા સંયમસ્થાનની શુદ્ધિનું કયું પ્રાયશ્ચિત્ત છે, તેનું જ્ઞાન આગમવ્યવહારીને હોય છે; અને આગમવ્યવહારીના વિચ્છેદને કારણે સંયમસ્થાનમાં થયેલી અશુદ્ધિના પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ થયેલો છે, માટે વર્તમાનમાં ચારિત્રની શુદ્ધિ શક્ય નથી.

અહીં કોઈને પ્રશ્ન થાય કે આગમવ્યવહારી નહિ હોવા છતાં ગીતાર્થ સાધુઓ પ્રાયશ્ચિત્ત આપે તેનાથી ચારિત્રમાં થયેલી અશુદ્ધિનો પરિહાર થઈ શકે છે, તેમ માનીએ તો શું વાંધો ? તેથી કહે છે –

આગમવ્યવહારીઓ તો ચારિત્રમાં થયેલી અશુદ્ધિના સ્થાનને જાણીને તે અશુદ્ધિના શોધનના ઉપાયનો નિર્ણય કરી શકે છે, તેથી તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપીને પ્રાયશ્ચિત્ત લેનારના ચારિત્રની શુદ્ધિ કરાવી શકે છે; પરંતુ અનતિશય જ્ઞાનવાળા સાધુ કયા સંયમસ્થાનની અશુદ્ધિ પ્રાપ્ત થઈ છે, તેનો નિર્ણય નહિ કરી શકતા હોવાથી યદૃચ્છાથી જ પ્રાયશ્ચિત્ત આપે છે, અને તેવા પ્રાયશ્ચિત્તથી સંયમસ્થાનમાં થયેલી અશુદ્ધિનું શોધન થાય નહિ.

અહીં કોઈને પ્રશ્ન થાય કે પ્રાયશ્ચિત્ત લેનારને પોતાના પાપનો પશ્ચાત્તાપ થયો છે, તેથી ગીતાર્થ ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લે છે; અને ગીતાર્થ ગુરુ જે પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપે તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત લેનાર પ્રાયશ્ચિત્તનું સેવન કરે, તેનાથી તેના પાપની શુદ્ધિ થાય છે, તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી કહે છે -

પ્રાયશ્ચિત્ત આપનારને પ્રાયશ્ચિત્ત લેનારના પાપની વિશુદ્ધિનો સમ્યગ્ અનવગમ હોવાને કારણે પ્રાયશ્ચિત્ત આપનાર સાધુ ઘુણાક્ષરન્યાયથી પ્રવૃત્તિ કરે છે, તેથી તેઓ વડે અપાયેલું પ્રાયશ્ચિત્ત ક્યારેક પાપની માત્રા કરતાં અધિક હોય તો ક્યારેક ન્યૂન પણ હોય. તેથી ન્યૂનાધિક પ્રાયશ્ચિત્ત આપવા દ્વારા પ્રાયશ્ચિત્ત આપનાર સ્વયં ચારિત્રની શુદ્ધિવાળા નથી. તેથી જે પ્રાયશ્ચિત્તદાતા સાધુ કલ્યાણના અર્થે સંયમની પ્રવૃત્તિ કરે છે અને અજ્ઞાનને કારણે ન્યૂનાધિક પ્રાયશ્ચિત્ત આપવા દ્વારા પોતાની ચારિત્રની શુદ્ધિને પણ જાળવી શકતા નથી, તેઓ બીજાના ચારિત્રમાં થયેલી અશુદ્ધિને કેવી રીતે શોધન કરી શકે ? અર્થાત્ બીજાના ચારિત્રનું શોધન કરી શકે નહિ.

અહીં પ્રશ્ન થાય કે અતિશયજ્ઞાની તો અતિશયજ્ઞાનના બળથી સંયમસ્થાનની અશુદ્ધિને જાણીને તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપવા દ્વારા પ્રાયશ્ચિત્ત લેનારના પાપનું શોધન કરી શકે છે, તેમ અનતિશયજ્ઞાની ચારિત્રના સ્થાનોની અશુદ્ધિને જાણીને પ્રાયશ્ચિત્ત આપીને ચારિત્રની શુદ્ધિ કરાવી શકે નહિ; તોપણ સર્વજ્ઞના વચનરૂપ શાસ્ત્રને અવલંબીને પ્રાયશ્ચિત્ત લેનારના પાપને અનુરૂપ પ્રાયશ્ચિત્ત આપવા દ્વારા પ્રાયશ્ચિત્ત લેનારના ચારિત્રનું શોધન કરાવી શકે છે, તેમ માનીએ તો શું વાંધો ? તેના નિરાકરણ માટે અનતિશયજ્ઞાનીને શાસ્ત્રબળની અનુપપત્તિ કઈ રીતે છે ? તે બતાવે છે –

વિચિત્ર ગતિવાળા એવા સૂત્રના તત્ત્વનો અનવબોધ હોવાને કારણે અનતિશયજ્ઞાનીને શાસ્ત્રબળની પણ અનુપપત્તિ છે. આશય એ છે કે સૂત્રો અનેક પ્રકારની અપેક્ષાવાળાં છે. તેથી પ્રાયશ્ચિત્તને કહેનારાં સૂત્રો પણ આ પાપને માટે આ પ્રાયશ્ચિત્ત છે, અને આ અન્ય પાપને માટે આ અન્ય પ્રાયશ્ચિત્ત છે, તેવું ચોક્કસ વિધાન કરતાં નથી; પરંતુ પાપ કરતી વખતે જીવના પરિણામના ભેદથી, અને પાપ કર્યા પછી પ્રાયશ્ચિત્ત લેતી વખતે વર્તતા સંવેગના પરિણામાદિના ભેદથી, એક સમાન પાપ માટે પણ જુદા જુદા પ્રકારના પ્રાયશ્ચિત્તનું વિધાન કરે છે. તેથી પ્રાયશ્ચિત્તને કહેનારાં સૂત્રોની વિચિત્ર ગતિ છે, અને તેવી વિચિત્ર ગતિવાળાં સૂત્રોના તત્ત્વનો અનતિશયજ્ઞાનીને અવબોધ નથી. તેથી થયેલા પાપની શુદ્ધિને અનુકૂળ કયું

નિયત પ્રાયશ્ચિત્ત છે તેવો નિર્ણય શાસ્ત્રના બળથી પણ અનતિશયજ્ઞાની કરી શકે નહિ. માટે તેવા અનતિશયવાળા સાધુને પ્રાયશ્ચિત્ત આપવા માટે શાસ્ત્રબળની અનુપપત્તિ છે. માટે તેવા અનતિશયજ્ઞાની પ્રાયશ્ચિત્ત લેનારને ઊનાધિક પ્રાયશ્ચિત્ત આપે છે, જે અનુચિત ક્રિયારૂપ છે; કેમ કે પ્રાયશ્ચિત્ત લેનારને ભ્રમ પેદા કરાવે છે કે 'મેં પ્રાયશ્ચિત્ત લીધું છે, તેથી હું પાપથી વિશુદ્ધ થયો છું.' વસ્તુતઃ જે પાપ તેણે સેવ્યું છે, તેને અનુરૂપ પ્રાયશ્ચિત્ત નહિ હોવાથી તે પ્રાયશ્ચિત્તથી તેના પાપની શુદ્ધિ થઈ નથી, અને આવી પ્રાયશ્ચિત્ત આપવાની અનુચિત પ્રવૃત્તિ દ્વારા જે સાધુ પોતાના પણ સંયમની શુદ્ધિ જાળવી શકતા નથી તેઓ બીજાની અશુદ્ધિનું શોધન કેવી રીતે કરી શકે ? અર્થાત્ કરી શકે નહિ.

ઉપર કહેલા પદાર્થોને સ્પષ્ટ કરવા માટે આગમની સાક્ષી આપી, તેનો અર્થ આ પ્રમાણે છે –

પાંચમા આરામાં કેવલીઓનો વિચ્છેદ થયો ત્યારબાદ કેટલાક કાળે ચૌદપૂર્વધરોનો પણ વિચ્છેદ થયો. કેવલી અને ચૌદપૂર્વધરો આગમવ્યવહારી હતા, અને કેટલાકનો આદેશ છે કે ચૌદપૂર્વધરોના વિચ્છેદથી પ્રાયશ્ચિત્તનો પણ વિચ્છેદ થયો. ચૌદપૂર્વધરના વિચ્છેદથી પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ કેમ થયો ? તેમાં યુક્તિ આપે છે –

જે સાધુ જે પાપ સેવે છે તે પાપ જેટલા પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય તેટલું પ્રાયશ્ચિત્ત કેવલી અને ચૌદપૂર્વધરો આપે છે, અને આગમવ્યવહારી સિવાયના યથેચ્છ પ્રાયશ્ચિત્ત આપે છે. માટે આગમવ્યવહારીના વિચ્છેદની સાથે પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ થયો.

વળી તે પદાર્થને સ્પષ્ટ કરવા માટે ઉદ્ધરણ ગાથા-૩માં કહે છે –

પોતે જે પ્રાયશ્ચિત્ત આપે છે, તે પ્રાયશ્ચિત્તને આ સાધુ સેવી શકશે કે નહિ સેવી શકે, તેનો નિર્ણય આગમવ્યવહારીઓ કરી શકે છે, અને જે પાપ તે સાધુએ સેવ્યું છે એને અનુરૂપ કયું પ્રાયશ્ચિત્ત આપવાથી તેની શુદ્ધિ થશે, તે જાણીને તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપે છે. તેથી તેમના અપાયેલા પ્રાયશ્ચિત્તથી પ્રાયશ્ચિત્ત લેનારની નિયમા શુદ્ધિ થાય છે; અને પરોક્ષ જ્ઞાની એવા આગમવ્યવહારી સિવાયના અન્ય સાધુઓની પ્રાયશ્ચિત્તદાનની પ્રવૃત્તિ ઘુણાક્ષર જેવી છે, તેથી તેઓનું અપાયેલું પ્રાયશ્ચિત્ત શુદ્ધિનું કારણ બનતું નથી અર્થાત્ જેમ કાષ્ઠમાં કીડો ઉત્પન્ન થાય અને કાષ્ઠને કોતરતો હોય ત્યારે તે કીડાની કોતરવાની પ્રવૃત્તિથી ક્યારેક અકારાદિ અક્ષરોની પણ પ્રાપ્તિ થાય છે, પરંતુ અકારાદિ અક્ષરો લખવાને અનુરૂપ તે કીડાની પ્રવૃત્તિ નથી. તેથી કાષ્ઠના કીડાની પ્રવૃત્તિથી અવશ્ય અક્ષરો થાય તેવો નિયમ નથી. અકસ્માત્ ક્વચિત્ અક્ષરોની પ્રાપ્તિ થાય; તેમ અનતિશયજ્ઞાની દ્વારા અપાયેલા પ્રાયશ્ચિત્તથી પાપની નિયમા શુદ્ધિ થાય તેવો નિયમ નથી, પરંતુ કાષ્ઠના કીડાની જેમ તેઓની ક્વચિત્ પાપને અનુરૂપ પ્રાયશ્ચિત્તદાનની પ્રવૃત્તિ થાય તોપણ પાપની શુદ્ધિ થાય નહીં; કેમ કે પ્રાયશ્ચિત્તદાનની પ્રવૃત્તિ શાસ્ત્રસંમત નથી.

વળી અનતિશયજ્ઞાનીઓ પ્રાયશ્ચિત્ત આપીને પોતાના ચારિત્રની અશુદ્ધિ કરે છે. માટે તેઓની પ્રાયશ્ચિત્ત આપવાની ક્રિયા બીજાની શુદ્ધિનું કારણ નથી, તે ઉદ્ધરણ ગાથા-૪માં બતાવે છે –

વળી, પરોક્ષજ્ઞાની=અનતિશયજ્ઞાની, પ્રાયશ્ચિત્ત લેનારને ન્યૂનાધિક પ્રાયશ્ચિત્ત આપીને માર્ગની વિરાધના

કરે છે; કેમ કે ન્યૂનાધિક પ્રાયશ્ચિત્ત આપવા દ્વારા ભગવાને બતાવેલા માર્ગથી અન્યથા પ્રવૃત્તિ કરે છે. માટે સ્વયં વિરાધક છે, અને સ્વયં ચારિત્રની અશુદ્ધિવાળા એવા તેઓ બીજાના ચારિત્રની શુદ્ધિ કેવી રીતે કરી શકે ? અર્થાત્ કરી શકે નહિ.

અહીં કોઈને પ્રશ્ન થાય કે અનતિશયજ્ઞાની પણ શાસ્ત્રબળથી પ્રાયશ્ચિત્ત આપે છે, માટે શાસ્ત્રના વિરાધક નથી. તેનું નિરાકરણ કરવા અર્થે અનતિશયજ્ઞાનીને શાસ્ત્રબળની ઉપપત્તિ નથી, તે ઉદ્ધરણ ગાથા-૫માં બતાવે છે. તેનો અર્થ આ પ્રમાણે છે –

'अत्थं पडुच्च सुत्तं' - 'અર્થને આશ્રયીને સૂત્ર છે,' એમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે જગતમાં જે જે ભાવોરૂપ અર્થો છે તેને સામે રાખીને સૂત્રની રચના કરવામાં આવી છે. 'अणागयं तं तु किंचि आमुसइ' વળી કોઈક સૂત્ર અનાગત એવા તે અર્થને સ્પર્શે છે. જેમ કોઈ સાધુએ સંયમજીવનમાં મોટું પાપ કર્યું હોય, તે મોટા પાપનું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં ઉલ્લેખરૂપે મોટું પ્રાપ્ત થતું હોય, પરંતુ તે મોટા પાપના સેવનકાળમાં રાગ-દ્વેષની પરિણતિ અત્યંત અલ્પ વર્તતી હોય, અથવા પાપસેવનકાળમાં રાગ-દ્વેષની પરિણતિ અતિશય વર્તતી હોવા છતાં પ્રાયશ્ચિત્ત ગ્રહણકાળમાં થયેલા વિશુદ્ધ અધ્યવસાયને કારણે તે પાપ નષ્ટપ્રાય થયું હોય, તો તેની શુદ્ધિ માટે અલ્પ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે; પરંતુ તે પ્રાયશ્ચિત્ત સૂત્રના ઉલ્લેખથી અનાગત છે. તે અનાગત એવા પ્રાયશ્ચિત્તને કોઈક સૂત્ર સ્પર્શે છે. તેથી અતિશયજ્ઞાની અનાગત એવા તે પ્રાયશ્ચિત્તને જે સૂત્ર સ્પર્શતું હોય તેના બળથી મોટા પણ પાપનું અલ્પ પ્રાયશ્ચિત્ત આપે છે; જ્યારે અનતિશયજ્ઞાનવાળા અનાગત એવા તે ભાવને સ્પર્શનારા કોઈક સૂત્રના અર્થને જાણી શકતા નહિ હોવાથી ઉચિત પ્રાયશ્ચિત્ત આપી શકતા નથી.

'अत्थो वि कोइ सुत्तं, अणागयं चेव आमुसइ' 'કોઈક અર્થ પણ અનાગત જ એવા સૂત્રને સ્પર્શે છે.' જેમ વર્તમાનકાળમાં ગીતાર્થોની પરંપરાથી પ્રાપ્ત ઉચિત આચરણારૂપ અર્થ ઉપલબ્ધ થતો હોય, અને તે અર્થને કહેનાર સાક્ષાત્ સૂત્રનો ઉલ્લેખ શાસ્ત્રમાં પ્રાપ્ત થતો ન હોય, તોપણ આ ઉચિત અર્થ કોઈક અનાગત સૂત્રને સ્પર્શનારો છે અર્થાત્ અત્યારે નહિ પ્રાપ્ત એવા કોઈક સૂત્રને સ્પર્શનારો છે; કેમ કે સર્વ ઉચિત આચરણાઓ મોક્ષનું કારણ છે અને તે ઉચિત આચરણાને કહેનારું સાક્ષાત્ સૂત્ર ન મળતું હોય તોપણ તેને કહેનારું કોઈક સૂત્ર છે, તેમ ગીતાર્થો નક્કી કરી શકે છે.

અહીં વિશેષ એ છે કે તીર્થંકરો કેવલજ્ઞાન પામ્યા પછી જગતમાં રહેલા સર્વ પદાર્થોની વ્યવસ્થા જુએ છે, અને પાંચે કારણો કઈ રીતે કાર્ય કરે છે તેની પણ યથાર્થ વ્યવસ્થા જુએ છે, અને તે વ્યવસ્થાને અનુરૂપ આત્માનું હિત કઈ રીતે થાય છે તે પણ જુએ છે, અને તે રૂપ અર્થને આશ્રયીને દેશના આપે છે; અને ભગવાનની અર્થની દેશનાને આશ્રયીને ગણધરો સૂત્રની રચના કરે છે. તેને સામે રાખીને અહીં કહ્યું કે અર્થને આશ્રયીને સૂત્ર છે.

આ કથનથી એ ફલિત થયું કે અર્થને આશ્રયીને સૂત્ર છે, આથી કેટલાંક સૂત્રો સાક્ષાત્ સૂત્રથી અપ્રાપ્ત એવા પણ અનાગત અર્થને સ્પર્શે છે, અને કેટલાક અર્થ પણ સાક્ષાત્ સૂત્ર અપ્રાપ્ત હોય તેવા સૂત્રને સ્પર્શે

છે; કેમ કે અર્થને આશ્રયીને સૂત્રની રચના કરી છે. તેથી જે અર્થ સાક્ષાત્ સૂત્રથી ન મળતો હોય તે પણ અર્થ જગતમાં છે, માટે તે અર્થને સ્પર્શનારું કોઈક સૂત્ર વિદ્યમાન છે; અને કોઈક અર્થ સાક્ષાત્ પ્રાપ્ત થતો હોય, પરંતુ તેને કહેનારું સૂત્ર સાક્ષાત્ પ્રાપ્ત થતું ન હોય, તોપણ તે યથાર્થ અર્થને કહેનારું કોઈક અપ્રાપ્ત સૂત્ર છે, તેમ નક્કી થાય છે. આથી અતિશયજ્ઞાની જે સૂત્ર પ્રાપ્ત થાય છે, તે સૂત્રના બળથી સાક્ષાત્ અપ્રાપ્ત પણ અનાગત તે અર્થનો નિર્ણય કરીને પ્રાયશ્ચિત્ત આપી શકે છે; કેમ કે અતિશયજ્ઞાનના બળથી સંયમના શુદ્ધિસ્થાનરૂપ અર્થને તેઓ જોઈ શકે છે. તેથી પ્રાયશ્ચિત્તના સૂત્રથી સાક્ષાત્ અપ્રાપ્ત હોવા છતાં તે શુદ્ધિસ્થાનરૂપ અર્થને આશ્રયીને તે અર્થને સ્પર્શનારા સૂત્રને અતિશયજ્ઞાની જાણી શકે છે; કેમ કે તેવા અતિશયજ્ઞાનીને શાસ્ત્રબળની ઉપપત્તિ છે, અને જે અતિશયજ્ઞાની નથી, તેઓ તો સૂત્રના શબ્દના બોધની મર્યાદાથી જેટલો અર્થ પ્રાપ્ત થઈ શકે એટલા જ અર્થને ગ્રહણ કરી શકે છે, પરંતુ અતિશયજ્ઞાનીની જેમ સૂત્રના શબ્દોની મર્યાદાથી અનાગત એવા અર્થને ગ્રહણ કરી શકતા નથી. વળી, પરમાર્થથી સૂત્રથી સાક્ષાત્ અનાગત એવા તે અર્થને કોઈક સૂત્ર સ્પર્શે છે; કેમ કે અર્થને આશ્રયીને સૂત્રની રચના કરી છે. તેથી જે જે અર્થ સર્વજ્ઞને અભિમત છે તે સર્વ અર્થને સ્પર્શનારું સૂત્ર છે. **॥૩૨॥**

અવતરણિકા :-

दानाद्यभावादपि प्रायश्चित्तं विच्छिन्नमित्याह –

અવતરણિકાર્થ :-

દાનાદિના=પ્રાયશ્ચિત્તના દાનાદિના અભાવને કારણે પણ પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન છે, એ પ્રમાણે કહે છે –

❖ 'दानाद्यभावादपि'માં 'आदि'પદથી જે પ્રકારનું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં સંભળાય છે, તે પ્રકારના પ્રાયશ્ચિત્તના સેવનનો અભાવ ગ્રહણ કરવાનો છે, અને 'अपि'થી એ કહેવું છે કે અતિશયજ્ઞાનીના અભાવને કારણે તો પ્રાયશ્ચિત્તનો વિચ્છેદ છે, પરંતુ શાસ્ત્રમાં જે પ્રકારે પ્રાયશ્ચિત્ત કહ્યું છે તે પ્રકારના પ્રાયશ્ચિત્તના દાનાદિના અભાવને કારણે પણ પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન છે.

ભાવાર્થ :-

શાસ્ત્રમાં જે પ્રકારનું પ્રાયશ્ચિત્ત ઉપલબ્ધ છે, તેવા પ્રકારનું પ્રાયશ્ચિત્ત અત્યારે આપવામાં આવતું નથી. તેથી તેવા પ્રકારના પ્રાયશ્ચિત્ત આપવાના અભાવને કારણે પણ પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન છે, અને પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન છે માટે સંયમશુદ્ધિ નથી, અને વર્તમાનમાં સંયમશુદ્ધિ નહિ હોવાને કારણે ચારિત્ર ગ્રહણ કરવું યુક્ત નથી, પરંતુ ચારિત્રનો પક્ષપાત કરવો જ યુક્ત છે, એ પ્રમાણે પૂર્વપક્ષીનો આશય છે.

ગાથા :-

दिंता वि ण दीसंती, पच्छित्तं मासिआइअं इण्हिं ।
ण सयं कुणंति जम्हा, तम्हा तं होइ विच्छिण्णं ।।३३।।

અન્વયાર્થ :-

जम्हा=જે કારણથી, इण्हिं=વર્તમાનમાં, मासिआइअं पच्छित्तं=માસિકાદિ પ્રાયશ્ચિત્ત, दिंता वि=આપતા પણ, दीसंती ण=દેખાતા નથી (અને), सयं=સ્વયં, कुणंति ण=કરતા નથી, तम्हा=તે કારણથી, तं=તે=શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવું માસિકાદિ પ્રાયશ્ચિત્ત, विच्छिण्णं=વિચ્છિન્ન, होइ=છે. ॥૩૩॥

ગાથાર્થ :-

જે કારણથી વર્તમાનમાં માસિકાદિ પ્રાયશ્ચિત્ત આપતા પણ દેખાતા નથી, અને સ્વયં કરતા નથી, તે કારણથી શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવું માસિકાદિ પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન છે. ॥૩૩॥

ટીકા :-

'दिंता वि'त्ति । ददतोऽपि न दृश्यन्ते मासिकादिकं प्रायश्चित्तमिदानीम्, आदिना चातुर्मासिक-पञ्चमासिकपाक्षिकादिकसङ्ग्रहः न च स्वयं मासिकादिकं प्रायश्चित्तं कुर्वन्ति यस्मात्तस्मात्तद्भवति विच्छिन्नं, यदाह –

"दिंता वि ण दीसंती, मासचउम्मासिआओ सोही उ ।

कुणमाणे य विसोही, ण पासिमो संपयं केइ" ॥१॥ **त्ति ॥३३॥**

ટીકાર્થ :-

ददतोऽपि ..... केइ" ॥ त्ति ॥ જે કારણથી હમણાં માસિકાદિ પ્રાયશ્ચિત્ત આપતા પણ દેખાતા નથી, અને સ્વયં માસિકાદિ પ્રાયશ્ચિત્ત કરતા નથી, તે કારણથી તે=પ્રાયશ્ચિત્ત, વિચ્છિન્ન છે. અહીં માસિકાદિમાં 'આદિ'પદથી ચાતુર્માસિક, પંચમાસિક, પાક્ષિકાદિનો સંગ્રહ છે.

જે કારણથી કહે છે=જે કારણથી શાસ્ત્રમાં કહે છે –

માસિક, ચાતુર્માસિકાદિ શોધિને=પ્રાયશ્ચિત્તની શુદ્ધિને, આપતા પણ દેખાતા નથી કુણમાણે ય=અને કરતા પણ દેખાતા નથી. વિસોહી ન પાસિમો સંપયં કેઈ=વર્તમાનમાં કોઈ વિશોધિને અમે જોતા નથી=વર્તમાનમાં ચારિત્રની કોઈ શુદ્ધિને અમે જોતા નથી. વ્યવહારસૂત્ર ઉદ્દેશ-૧૦, ગાથા-૩૪૨, આગમસુત્તાણિ-૨૨-૪૧૬૭ **॥૩૩॥**

ભાવાર્થ :-

શાસ્ત્રમાં કહેલ એક માસનું, ચાર માસનું, પાંચ માસનું, પંદર દિવસનું વગેરે પ્રાયશ્ચિત્ત અપાતું વર્તમાનમાં દેખાતું નથી, અને આવું પ્રાયશ્ચિત્ત હમણાં કોઈ કરતા નથી. તેથી પ્રાયશ્ચિત્ત વિચ્છિન્ન થયેલું છે, તેમ નક્કી થાય છે.

આશય એ છે કે વર્તમાનમાં જે કંઈ પ્રાયશ્ચિત્તો અપાય છે તે શાસ્ત્રમાં પ્રાપ્ત માસાદિપ્રમાણવાળાં અપાતાં નથી, અને શાસ્ત્રમાં પ્રાપ્ત માસાદિ પ્રમાણવાળાં પ્રાયશ્ચિત્ત કોઈ સાધુ કરતા પણ નથી. તેથી શાસ્ત્રમર્યાદા અનુસાર પ્રાયશ્ચિત્ત વર્તમાનમાં વિચ્છિન્ન છે. માટે ચારિત્રની શુદ્ધિ નથી; અને વર્તમાનમાં

ચારિત્રની શુદ્ધિ નહિ હોવાથી ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી, પરંતુ ચારિત્રનો પક્ષપાત કરવો યુક્ત છે, તે પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. ॥૩૩॥

અવતરણિકા :-

અવશિષ્ટમાહ –

અવતરણિકાર્થ :-

અવશિષ્ટને કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૮થી પૂર્વપક્ષનો પ્રારંભ કર્યો અને ત્યાં પ્રથમ બતાવ્યું કે નિશ્ચયનયને અભિમત પરિણામથી જ સાધુને મોક્ષની સિદ્ધિ છે, અને તેનું ગાથા-૧૮-૧૯-૨૦માં યુક્તિથી સ્થાપન કર્યું. ત્યારપછી ગાથા-૨૧માં વ્યવહાર ફળનો વ્યભિચારી હોવાને કારણે નિષ્ફળ છે તેમ સ્થાપન કર્યું અને ગાથા-૨૨માં અન્ય રીતે વ્યવહારનું વિફળપણું બતાવ્યું. વળી ગાથા-૨૩-૨૪માં વ્રતભંગથી મહાઅનર્થ થાય છે અને વર્તમાનમાં વ્રતભંગનો ઘણો સંભવ છે, માટે પણ વ્યવહારનયને અભિમત ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી, તેમ સ્થાપન કર્યું અને ગાથા-૨૫-૨૬-૨૭-૨૮માં તેની પુષ્ટિ કરી. વળી ગાથા-૨૯-૩૦માં ગણનિક્ષેપયોગ્ય ગુરુના અભાવને કારણે પણ વર્તમાનમાં દીક્ષા લેવી ઉચિત નથી, તેનું સ્થાપન કર્યું અને ગાથા-૩૧-૩૨માં દરેક ગચ્છનો સંયમનો વ્યવહાર જુદો છે, માટે પારમાર્થિક વ્યવહાર નથી, તેથી પણ સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી તેમ સ્થાપન કર્યું. વળી ગાથા-૩૩માં શાસ્ત્રાનુસારી પ્રાયશ્ચિત્તનું દાન અને સેવન નહિ હોવાથી પણ ચારિત્રની શુદ્ધિ નથી, માટે પારમાર્થિક વ્યવહાર નથી તેમ સ્થાપન કર્યું. હવે પારમાર્થિક વ્યવહાર કેમ નથી, તેના વિષયમાં અવશિષ્ટને કહે છે –

ગાથા :-

णिज्जवगाण वि विरहा, ववहारो चरणलक्खणो णत्थि ।
तित्थं पवट्टमाणं, दंसणनाणेहिं पडिहाइ ।।३४।।

અન્વયાર્થ :-

णिज्जवगाण वि विरहा=નિર્યાપકોનો પણ વિરહ હોવાથી चरणलक्खणो ववहारो=ચારિત્રલક્ષણ વ્યવહાર णत्थि=નથી दंसणनाणेहिं=દર્શન અને જ્ઞાન વડે तित्थं पवट्टमाणं=તીર્થ પ્રવર્તમાન पडिहाइ=પ્રતિભાસે છે. ॥૩૪॥

ગાથાર્થ :-

નિર્યાપકોનો પણ વિરહ હોવાથી ચારિત્રલક્ષણ વ્યવહાર નથી, દર્શન અને જ્ઞાન વડે તીર્થ પ્રવર્તમાન ભાસે છે. ॥૩૪॥

ટીકા :-

'णिज्जवगाण वि'त्ति । निर्यापकाणां=पर्यन्तसमये यथावस्थितशोधिप्रदानत उत्तरोत्तरचारित्र-निर्वाहकाणामपि, विरहाच्चारित्रलक्षणो व्यवहारो नास्ति साम्प्रतम्, तस्माद् ज्ञानदर्शनाभ्यामेव तीर्थं प्रवर्त्तमानं प्रतिभाति, तदाह– "तित्थं च नाणदंसण णिज्जवगा चेव वुच्छिन्ना" ।।३४।।

ટીકાર્થ :-

निर्यापकाणां ..... वुच्छिन्ना" ।। निर्यापકોનો=મરણસમયમાં યથાવસ્થિત પ્રાયશ્ચિત્ત આપવા દ્વારા સંયમની શુદ્ધિના પ્રદાનથી ઉત્તરોત્તર ચારિત્રના નિર્વાહકોનો પણ, વિરહ હોવાથી વર્તમાનમાં ચારિત્રલક્ષણ વ્યવહાર નથી=શુદ્ધ ચરણની આચરણારૂપ વ્યવહાર નથી. તે કારણથી જ્ઞાન-દર્શન દ્વારા જ તીર્થ પ્રવર્તમાન પ્રતિભાસે છે.

તેને કહે છે=ગાથામાં જે કહ્યું તેને સાક્ષીપાઠથી કહે છે –

"અને તીર્થ જ્ઞાનદર્શનાત્મક વર્તે છે, જે કારણથી નિર્યાપકો જ વિચ્છિન્ન છે." **વ્યવહારસૂત્ર ઉદ્દેશ-૧૦, ગાથા-૩૩૬, આગમસુત્તાણિ-૨૨, ગાથા-૪૧૬૧ ।।૩૪।।**

❖ 'चारित्रनिर्वाहकाणामपि'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રાયશ્ચિત્તનો તો અભાવ છે માટે ચારિત્રલક્ષણ વ્યવહાર નથી, પરંતુ નિર્યાપકોનો પણ અભાવ છે માટે ચારિત્રલક્ષણ વ્યવહાર નથી.

ભાવાર્થ :-

સંયમ ગ્રહણ કર્યા પછી સાધુને અંતસમયે નિર્યામણા કરાવવામાં આવે છે, અને તે નિર્યામણા કરાવનારા ગીતાર્થ સાધુ હોય છે. તે નિર્યામણા કરાવનારા ગીતાર્થ સાધુઓ નિર્યામણા કરનાર આરાધક સાધુને જીવનમાં થયેલી સ્ખલનાઓની શુદ્ધિ કરવા અર્થે યથાવસ્થિત પ્રાયશ્ચિત્ત આપે છે, અને તે પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થયા પછી ઉત્તર ઉત્તરના સંયમની વૃદ્ધિ અર્થે અનુશાસન આપીને અનશન કરનારા સાધુના ચારિત્રની શુદ્ધિ કરાવે છે; જેથી ભગવાનના વચનાનુસાર અંતસમયની આરાધનારૂપ ચારિત્રના પાલન દ્વારા સંયમના કંડકો વૃદ્ધિને પામે, જેના બળથી ઉત્તરનો જન્મ યોગમાર્ગને અનુકૂળ શક્તિવાળો પ્રાપ્ત થાય; અને વર્તમાનમાં તેવા નિર્યાપક સાધુઓનો વિરહ હોવાને કારણે ચારિત્રલક્ષણ વ્યવહાર નથી=ઉચિત સંયમની ક્રિયા દ્વારા સંયમના કંડકોની વૃદ્ધિનું કારણ બને તેવો ચારિત્રનો આચાર નથી. તેથી જ્ઞાન-દર્શન દ્વારા જ તીર્થ પ્રવર્તમાન પ્રતિભાસે છે. આ પ્રકારનું અવશિષ્ટ સ્થાપન કરીને પૂર્વપક્ષીને એ કહેવું છે કે પરમાર્થથી નિશ્ચયનયને અભિમત પરિણામથી મોક્ષની પ્રાપ્તિ છે, અને વર્તમાનનો વ્યવહાર ચારિત્રની શુદ્ધિનું કારણ નથી. માટે વર્તમાનમાં ચારિત્રના આચારોમાં યત્ન કરવાને બદલે ચારિત્રનો પક્ષપાત કરવો જ ઉચિત છે, જેથી ભાવશુદ્ધિ દ્વારા કલ્યાણની પ્રાપ્તિ થાય. **॥૩૪॥**

અવતરણિકા :-

उपसंहृत्य समाधानं प्रतिजानीते –

અવતરણિકાર્થ :-

ઉપસંહાર કરીને=અત્યાર સુધી સ્થાપન કરાયેલા પૂર્વપક્ષનો ઉપસંહાર કરીને, સમાધાનની પ્રતિજ્ઞા કરે છે=ગ્રંથકારશ્રી પૂર્વપક્ષીએ કરેલી શંકાના સમાધાનની પ્રતિજ્ઞા કરે છે –

ગાથા :-

इय एस पुव्वपक्खो, अवरुप्परवयणजुत्तिसंलग्गो ।
एत्थ समाहाणविहिं, वुच्छामि अहाणुपुव्वीए ।।३५।।

અન્વયાર્થ :-

इय=આ પ્રકારે=ગાથા-૧૮થી ૩૪ સુધી વર્ણન કર્યું એ પ્રકારે, एस पुव्वपक्खो=આ પૂર્વપક્ષ, अवरुप्परवयणजुत्तिसंलग्गो=અપરાપર વચનયુક્તિથી સંલગ્ન છે, अह=હવે, एत्थ=અહીં=આ પૂર્વપક્ષમાં, आणुपुव्वीए=આનુપૂર્વીથી, समाहाणविहिं=સમાધાનવિધિને, वुच्छामि=હું કહીશ. ।।૩૫।।

ગાથાર્થ :-

ગાથા-૧૮ થી ૩૪ સુધી વર્ણન કર્યું એ પ્રકારે આ પૂર્વપક્ષ અપરાપર વચનયુક્તિથી સંલગ્ન છે. હવે આ પૂર્વપક્ષમાં આનુપૂર્વીથી સમાધાનવિધિને હું કહીશ. ।।૩૫।।

ટીકા :-

'इय'त्ति । इति=अमुना प्रकारेण, एष पूर्वपक्षः प्रसक्तानुप्रसक्तयाऽपरापरवचनयुक्त्या संलग्नः, अत्र पूर्वपक्षे वक्ष्याम्यथ समाधानविधिं आनुपूर्व्या=क्रमेण ।।३५।।

ટીકાર્થ :-

'इति' ..... क्रमेण ।। इति=આ પ્રકારે=ગાથા-૧૮થી ૩૪ સુધી વર્ણન કર્યું એ પ્રકારે, આ પૂર્વપક્ષ પ્રસક્તથી અનુપ્રસક્તવાળી અપર અપર વચનની યુક્તિથી સંલગ્ન છે. હવે આ પૂર્વપક્ષમાં આનુપૂર્વીથી=ક્રમથી, સમાધાનવિધિને કહીશ. ।।૩૫।।

અવતરણિકા :-

तत्र यत्तावदुक्तं "निश्चयत एव सिद्धिः" इति, तत्राह –

અવતરણિકાર્થ :-

ત્યાં=અત્યાર સુધી પૂર્વપક્ષનું સ્થાપન કર્યું તેમાં, 'નિશ્ચયથી જ સિદ્ધિ છે' એ પ્રમાણે કહેવાયું. તેમાં ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ગ્રંથકારશ્રીએ ગાથા-૧૮થી ૩૪ સુધી પૂર્વપક્ષનું સ્થાપન કર્યું. તે પૂર્વપક્ષના કથનમાં સૌ પ્રથમ કહેલ કે સાધુને નિશ્ચયથી જ સાધ્યની સિદ્ધિ છે, માટે કલ્યાણના અર્થી એવા સાધુએ નિશ્ચયમાં જ યત્ન કરવો ઉચિત છે, પરંતુ 'ગુણવાન ગુરુને પરતંત્ર થવાથી જ મારા આત્માનો નિસ્તાર થશે' તેમ માનવાની જરૂર નથી. એ પ્રકારના આશયથી પૂર્વપક્ષીએ 'નિશ્ચયથી જ સિદ્ધિ છે,' એમ કહેલ, તે પૂર્વપક્ષીના કથનમાં ગ્રંથકારશ્રી સમાધાનને કહે છે –

ગાથા :-

णिच्छयओ च्चिय सिद्धी, जं भणिअं तं तहेव णिच्छयओ ।
ववहारेण विणा सो, णवरि ण सिद्धो जओ भणिअं ।।३६।।

અન્વયાર્થ :-

णिच्छयओ च्चिय सिद्धी='નિશ્ચયથી જ સિદ્ધિ છે' (એ પ્રમાણે), जं भणिअं=જે કહેવાયું=જે પૂર્વપક્ષી દ્વારા કહેવાયું, तं तहेव=તે તે પ્રકારે જ છે. णवरि=ફક્ત, ववहारेण विणा=વ્યવહાર વગર, णिच्छयओ=નિશ્ચયથી, सो=તે=નિશ્ચયનય, सिद्धो ण=સિદ્ધ નથી, जओ भणिअं=જે કારણથી કહેવાયું છે=જે કારણથી ઓઘનિર્યુક્તિમાં કહેવાયું છે. ।।૩૬।।

ગાથાર્થ :-

'નિશ્ચયથી જ સિદ્ધિ છે' એ પ્રમાણે જે પૂર્વપક્ષી દ્વારા કહેવાયું, તે તે પ્રકારે જ છે. ફક્ત વ્યવહાર વગર નિશ્ચયથી નિશ્ચયનય સિદ્ધ નથી, જે કારણથી ઓઘનિર્યુક્તિમાં કહેવાયું છે. ।।૩૬।।

ટીકા :-

'णिच्छयओ च्चिय'त्ति। निश्चयत एव सिद्धिरिति यद्भणितं तत्तथैव, निश्चयपदस्यान्वर्थत्वात्फल-सिद्धेस्तदर्थत्वात् । नवरं केवलं व्यवहारेण विना निश्चयतः=परमार्थतो, निश्चय एव न सिद्धः, अर्थशून्य-शब्दमात्रत्वात्, तथा च निश्चयत एव सिद्धिरिति भङ्ग्याप्यर्थाद् व्यवहार उपादीयत एव, सम्यग्दृष्टिनयद्वयस्य प्रधानोपसर्जनभावेनान्योऽन्यविषयसंवलितत्वात्, अत्र संमतिमाह–यतो भणितमोघनिर्युक्तावेव ।।३६।।

ટીકાર્થ :-

निश्चयत ..... निर्युक्तावेव ।। 'નિશ્ચયથી જ સિદ્ધિ છે,' એ પ્રમાણે જે પૂર્વપક્ષી દ્વારા કહેવાયું તે તેમ જ છે; કેમ કે નિશ્ચયપદનું અન્વર્થપણું છે=નિશ્ચયપદનો તે પ્રકારનો વ્યુત્પત્તિ અર્થ છે.

અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયપદનો કેવો વ્યુત્પત્તિ અર્થ છે ? જેથી નિશ્ચયથી જ સિદ્ધિ છે, એવો અર્થ ફલિત થાય ? તેથી હેતુ કહે છે –

ફલસિદ્ધિનું તદ્અર્થપણું છે=નિશ્ચયપદનું અર્થપણું છે.

ફક્ત વ્યવહાર વગર=વ્યવહારનયને અભિમત ઉચિત ક્રિયાના સેવન વગર, નિશ્ચયથી=પરમાર્થથી, નિશ્ચય જ સિદ્ધ નથી=નિશ્ચયનય જ સિદ્ધ નથી=નિશ્ચયનયને અભિમત એવા મોક્ષના કારણ સ્વરૂપ રત્નત્રયીરૂપ ફલ જ સિદ્ધ નથી; કેમ કે અર્થશૂન્ય શબ્દમાત્રપણું છે=વ્યવહારનયને અભિમત એવી ઉચિત ક્રિયાના આચરણ વગર નિશ્ચયનયને અભિમત 'પરિણામથી જ કાર્યની સિદ્ધિ થશે,' તેમ માનીને પરિણામમાં યત્ન કરવાના આશયથી ક્રિયાનો ત્યાગ કરવામાં આવે, તો નિશ્ચયનયને અભિમત પરિણામ પ્રાપ્ત થાય નહિ, તેથી નિશ્ચયનયને અભિમત પરિણામરૂપ અર્થથી શૂન્ય એવા શબ્દમાત્રના આશ્રયણરૂપ નિશ્ચયનયનું અવલંબનપણું છે; અને તે રીતે=વ્યવહારનયના સેવન વગર પરમાર્થથી નિશ્ચય સિદ્ધ થતો નથી તે રીતે, 'નિશ્ચયથી જ સિદ્ધિ છે' એ પ્રકારની ભંગીથી પણ=એ પ્રકારના વિકલ્પથી પણ, અર્થથી વ્યવહાર સ્વીકારાય છે જ; કેમ કે સમ્યગ્દૃષ્ટિનયદ્વયનું પ્રધાન-ઉપસર્જનભાવથી અન્યોન્ય વિષયનું સંવલિતપણું છે=સમ્યગ્દૃષ્ટિનયરૂપ નિશ્ચયનયનો સ્વીકાર કરવામાં આવે તો તે નિશ્ચયનય વ્યવહારનયના વિષયથી સર્વથા અસંવલિત હોઈ શકે નહિ; અને સમ્યગ્દૃષ્ટિ એવા નિશ્ચયનયથી જ કાર્યની સિદ્ધિ છે, તેમ સ્વીકારીએ તો, તે નિશ્ચયનય વ્યવહારનય સાથે અવશ્ય સંલગ્ન હોય, અને જે નય પ્રતિપક્ષનય સાથે અવશ્ય સંલગ્ન હોય તેવા સમ્યગ્દૃષ્ટિનયદ્વયનું પ્રધાન-ઉપસર્જન ભાવથી અર્થાત્ કોઈક સ્થાનમાં કોઈક નય પ્રધાન હોય તો પ્રતિપક્ષનય ગૌણ હોય, તો અન્ય સ્થાનમાં અન્ય નય પ્રધાન હોય તો તેનો પ્રતિપક્ષ નય ગૌણ હોય, તે રીતે બંને નયોના વિષયનું સંવલિતપણું છે. (તેથી નિશ્ચયથી જ સિદ્ધિ છે, તેમ સ્વીકારવાથી અર્થથી વ્યવહારનો સ્વીકાર થાય છે, એમ અન્વય છે.)

અહીં=વ્યવહારનયની આચરણાના સેવન વગર પરમાર્થથી નિશ્ચય સિદ્ધ નથી તેમ પૂર્વમાં કહ્યું એ કથનમાં, સંમતિને=સાક્ષીને, શ્લોકમાં બતાવે છે, જે કારણથી ઓઘનિર્યુક્તિમાં જ કહેવાયું છે=જે કારણથી આગળની ગાથામાં કહેવાશે તે પ્રમાણે ઓઘનિર્યુક્તિમાં જ કહેવાયું છે, તે કારણથી વ્યવહાર વગર નિશ્ચય જ સિદ્ધ નથી, એમ અન્વય છે. ॥૩૬॥

❖ 'भङ्ग्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયથી જ સિદ્ધિ છે એ પ્રકારનો વિકલ્પ ન કરો તો તો વ્યવહાર ઉપાદેય છે, પરંતુ નિશ્ચયથી જ સિદ્ધિ છે, એ પ્રકારના વિકલ્પથી પણ અર્થથી વ્યવહાર ઉપાદેય છે જ.

ભાવાર્થ :-

ગાથા-૧૧માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ગુરુકુલવાસ અનંત ગુણોથી યુક્ત હોવાને કારણે સિદ્ધાંતમાં પ્રથમ આચાર કહેવાયો છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે કલ્યાણના અર્થી સાધુએ ગુણવાન ગુરુનું પરતંત્રપણું સ્વીકારવું જોઈએ તો કલ્યાણ થાય. આ કથન સામે પૂર્વપક્ષ ઊભો થયો કે વાસ્તવિક કલ્યાણ નિશ્ચયનયને અભિમત પરિણામથી થાય છે, અને શુદ્ધતર નિશ્ચયનય સંકલ્પ-વિકલ્પની પરંપરાની નિવૃત્તિ દ્વારા એકાંત સ્થૈર્યથી મોક્ષરૂપ સાધ્યની સિદ્ધિ થાય છે તેમ માને છે, તેથી ગુણવાન ગુરુના પારતંત્ર્યનો સંકલ્પ સાધ્યની

સિદ્ધિમાં ઉપયોગી નથી. એ પ્રકારના આશયથી ગાથા-૧૮ થી ૨૦ સુધી પૂર્વપક્ષીએ પોતાના કથનનું સ્થાપન કર્યું, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

'નિશ્ચયથી જ સિદ્ધિ છે' એ પ્રમાણે જે પૂર્વપક્ષીએ કહ્યું તે તેમ જ છે; કેમ કે નિશ્ચયપદનો વ્યુત્પત્તિ અર્થ એ છે કે 'જે કારણ કાર્યને કરતું હોય તે ફલસિદ્ધિ પ્રત્યે કારણ છે.' આ પ્રકારના નિશ્ચયપદના વ્યુત્પત્તિ અર્થથી એ સિદ્ધ થાય છે કે જે કારણ ફલની નિષ્પત્તિ કરતું હોય તે કારણને નિશ્ચયનય તે કાર્યનું કારણ સ્વીકારે છે. તેથી મોક્ષરૂપ કાર્ય પ્રત્યે જીવનો અસંગભાવ કારણ છે, તેમ માનીને સંકલ્પ-વિકલ્પ વગરની અસંગપરિણતિને નિશ્ચયનય મોક્ષનું કારણ કહે છે, તે તેમ જ છે; પરંતુ વ્યવહારનયની આચરણા વગર પરમાર્થથી નિશ્ચયનય જ સિદ્ધ નથી; કેમ કે બાહ્ય ક્રિયામાં આળસવાળા શીઘ્ર ફલના અર્થી દ્વારા નિશ્ચયનયનો સ્વીકાર અર્થશૂન્ય શબ્દમાત્રરૂપ છે; અને વ્યવહારનયની આચરણા વગર પરમાર્થથી નિશ્ચયનય સિદ્ધ નથી, તેથી નિશ્ચયથી જ સિદ્ધિ છે એમ કહેવામાં આવે તો અર્થથી વ્યવહારનયનો પણ સ્વીકાર થાય છે.

નિશ્ચયનયના સ્વીકારથી અર્થથી વ્યવહારનયનો સ્વીકાર કેમ થાય છે ? તેમાં યુક્તિ આપે છે –

સમ્યગ્દૃષ્ટિ નયદ્વય પ્રધાન-ગૌણભાવથી પરસ્પર સંવલિત વિષયવાળા હોય છે.

આશય એ છે કે પદાર્થ દ્રવ્ય અને પર્યાયરૂપ છે, પરંતુ માત્ર દ્રવ્યરૂપ પણ નથી અને માત્ર પર્યાયરૂપ પણ નથી. તેથી પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોનાર સમ્યગ્દૃષ્ટિ જીવ કોઈ પદાર્થનું દ્રવ્યાસ્તિકનયથી કથન કરે ત્યારે દ્રવ્યાસ્તિકનય પ્રધાનરૂપે હોય છે, તોપણ પર્યાયાસ્તિકનયનો વિષય ગૌણરૂપે અવશ્ય હોય છે. જો તે પદાર્થના કથનમાં પર્યાયાસ્તિકનયનો વિષય ગૌણરૂપે ન હોય તો તે દ્રવ્યાસ્તિકનય સમ્યગ્દૃષ્ટિ નય બને નહિ. વળી કોઈક પ્રસંગે સમ્યગ્દૃષ્ટિ જીવ પર્યાયાસ્તિકનયથી કથન કરે ત્યારે પર્યાયાસ્તિકનય પ્રધાનરૂપે હોય છે, તોપણ દ્રવ્યાસ્તિકનયનો વિષય ગૌણરૂપે અવશ્ય હોય છે. જો તે પદાર્થના કથનમાં દ્રવ્યાસ્તિકનયનો વિષય ગૌણરૂપે ન હોય તો તે પર્યાયાસ્તિકનય સમ્યગ્દૃષ્ટિ નય બને નહિ.

તેથી એ ફલિત થયું કે પરસ્પર વિરુદ્ધ પદાર્થને કહેનારા એવા દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિકરૂપ નયદ્વય પ્રધાન-ગૌણભાવથી અન્યોન્ય સંવલિત વિષયવાળા હોય તો તે નયદ્વય સમ્યગ્દૃષ્ટિ બને.

જેમ દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનય ગૌણમુખ્યભાવરૂપે અન્યોન્ય સંવલિત હોય તો સમ્યગ્દૃષ્ટિ નય બને છે, તેમ મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ કરવા માટે વિચારણામાં ઉપયોગી એવા વ્યવહારનય અને નિશ્ચયનય પણ ગૌણમુખ્યભાવરૂપે અન્યોન્ય સંવલિત વિષયવાળા હોય તો સમ્યગ્દૃષ્ટિ નય બને છે. તેથી કોઈક સ્થાનમાં પ્રધાનરૂપે નિશ્ચયનયનો વિષય ઉપયોગી હોય ત્યારે ગૌણરૂપે વ્યવહારનયનો વિષય તેમાં અવશ્ય સંવલિત હોય છે, તેમ કોઈક સ્થાનમાં પ્રધાનરૂપે વ્યવહારનયનો વિષય ઉપયોગી હોય ત્યારે ગૌણરૂપે નિશ્ચયનયનો વિષય તેમાં અવશ્ય સંવલિત હોય છે. તે આ રીતે –

મોક્ષના અર્થી સાધુ સંયમ ગ્રહણ કરીને મોક્ષને અનુકૂળ એવા આત્મિકભાવોને પ્રગટ કરવા માટે ઉદ્યમ કરતા હોય, છતાં ગુણવાન ગુરુના પારતંત્ર્ય વગર સ્વબળથી તે ભાવો કરી શકે તેમ ન હોય, ત્યારે ગુણવાન ગુરુનું પારતંત્ર્ય સ્વીકાર્યા પછી નિશ્ચયનયને અભિમત પરિણામને લક્ષ્ય કરીને ગુણવાન ગુરુના વચનાનુસાર

સંયમયોગની બાહ્ય આચરણાઓ અપ્રમાદભાવથી સેવતા હોય, તો તેઓની વ્યવહારની આચરણા નિશ્ચયનયને અભિમત એવા મોક્ષને અનુકૂળ પરિણામની પ્રાપ્તિનું કારણ બને છે; કેમ કે આવા સાધુઓ વ્યવહારનયની આચરણાના બળથી જ મોક્ષને અનુકૂળ એવી નિર્લેપ પરિણતિને પ્રગટ કરી શકે છે. તેથી તે ભૂમિકાવાળા સાધુ માટે નિશ્ચયનય લક્ષ્ય છે, તોપણ યત્નનો વિષય વ્યવહારનયની આચરણા છે. તેથી વ્યવહારનય મુખ્ય છે અને નિશ્ચયનય ગૌણ છે. માટે તેઓની આચરણા શુદ્ધ વ્યવહારનયની છે.

વળી જે સાધુઓ નિશ્ચયનયને લક્ષ્ય કરતા નથી, કે શબ્દમાત્રથી નિશ્ચયનયને લક્ષ્યરૂપે સ્વીકારે છે, પરંતુ વ્યવહારનયની આચરણા નિશ્ચયનયને અભિમત પરિણામને અનુકૂળ થાય તે રીતે લેશ પણ કરતા નથી; તેઓની આચરણા નિશ્ચયનયનિરપેક્ષ હોવાથી પરમાર્થથી મોક્ષનું કારણ નથી. માટે તેઓની આચરણા અશુદ્ધ વ્યવહારની છે.

વળી જે સાધુઓ નિશ્ચયનયને લક્ષ્ય કરીને ઉચિત વ્યવહારની આચરણા દ્વારા સંપન્ન ભૂમિકાવાળા થયા છે, તેઓને ગુણવાન ગુરુનું અવલંબન કે વ્યવહારનયની બાહ્ય આચરણાઓ મુખ્યરૂપે ઉપયોગી નથી તેવા મુનિઓ સંકલ્પ-વિકલ્પથી પર સદા ધ્યાનમાં રહી શકે છે માટે તેઓની નિશ્ચયનય પ્રધાનપ્રવૃત્તિ છે, તોપણ ગૌણભાવે વ્યવહારનયની પ્રવૃત્તિ છે. આથી તેવા મુનિઓ સંયમને અનુકૂળ નિર્દોષ ભિક્ષા, નવકલ્પી વિહાર આદિ આચરણાઓ કરે છે. જેમ તીર્થંકરો સંયમ લીધા પછી ધ્યાન દ્વારા આત્માના ભાવોમાં યત્ન કરનારા હોવાથી પ્રધાનરૂપે નિશ્ચયનયને સેવનારા છે, તોપણ સ્વભૂમિકા અનુસાર નવકલ્પી વિહાર, નિર્દોષ ભિક્ષા આદિમાં યત્ન કરે છે, જે ઉચિત વ્યવહારના સેવનરૂપ છે. એટલું જ નહિ પણ સિદ્ધના સ્વરૂપનું પ્રણિધાન કરવા અર્થે પોતાનાથી ભિન્ન એવા સિદ્ધના આત્માઓમાં વર્તતા ગુણોની ઉપસ્થિતિ કરે છે, ત્યારે પણ ધ્યાનના આલંબનનો વિષય બાહ્ય પદાર્થ છે, અને આ બાહ્ય પદાર્થનું આલંબન એ વ્યવહારનયનું આશ્રયણ છે; કેમ કે નિશ્ચયનય તો સ્વપરિણામથી અતિરિક્ત બાહ્ય પદાર્થોને સ્વકલ્યાણમાં કારણ માનતો નથી.

આ કથનથી એ પ્રાપ્ત થાય કે –

૧. સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયનય

જે યોગીઓ સદા ધ્યાનમાં રહે છે અને સંકલ્પ-વિકલ્પથી પર અવસ્થામાં રહીને આત્મગુણોને આવિર્ભાવ કરી શકે છે, તેવા યોગીઓ માટે નિશ્ચયનય પ્રધાન છે અને વ્યવહારનય ગૌણ છે.

૨. સમ્યગ્દૃષ્ટિ વ્યવહારનય

વળી જે યોગીઓ બાહ્ય આલંબનના બળથી જ અંતરંગ ભાવોને કરી શકે છે, તેવા યોગીઓ માટે વ્યવહારનય પ્રધાન છે અને નિશ્ચયનય ગૌણ છે.

૩. મિથ્યાદૃષ્ટિ નિશ્ચયનય

વળી જે યોગીઓ નિશ્ચયનયના પરમાર્થને જાણી શક્યા નથી અને શીઘ્ર ફલના અર્થી છે અને બાહ્યક્રિયામાં આળસવાળા છે, તેઓ વ્યવહારનિરપેક્ષ નિશ્ચયનયને ગ્રહણ કરીને નિર્લેપ થવા વિચારણા

કરે છે, પરંતુ તેઓ શબ્દમાત્રથી વિચારણાઓ કરી શકે છે, પણ ઉચિત વ્યવહારના આલંબન વગર નિશ્ચયનયને અભિમત પરિણામો પ્રાપ્ત કરી શકતા નથી.

૪. મિથ્યાદૃષ્ટિ વ્યવહારનય

વળી જે યોગીઓ વ્યવહારનયમાત્રનો આશ્રય કરે છે અને નિશ્ચયને લક્ષ્ય કરીને તેને અનુકૂળ વ્યવહારનયની ક્રિયા કરવા યત્ન કરતા નથી, તેઓની વ્યવહારનયની આચરણા પણ નિશ્ચયનયનિરપેક્ષ હોવાથી ફલસાધક નથી.

અહીં વિશેષ એ છે કે સમ્યગ્દૃષ્ટિ નયદ્વય પ્રધાન-ગૌણભાવથી અન્યોન્ય સંવલિત વિષયવાળા હોય છે, તેથી નિશ્ચયથી જ સિદ્ધિ છે એમ સ્વીકારનારને અર્થથી વ્યવહારનો પણ સ્વીકાર થાય છે. માટે મોક્ષના અર્થીએ, નિશ્ચયનયથી જ ફલસિદ્ધિ થાય છે, ગુણવાન ગુરુના પારતંત્ર્યની આવશ્યકતા નથી અને સાધ્વાચારની બાહ્યક્રિયાઓની આવશ્યકતા નથી, એમ કહીને વ્યવહારનો અપલાપ કરવો ઉચિત નથી; અને જો વ્યવહારનો અપલાપ કરવામાં આવે તો મિથ્યાદૃષ્ટિ નિશ્ચયનયનું આશ્રયણ થાય, જે કલ્યાણનું કારણ નથી.

વળી વ્યવહારનય વગર પરમાર્થથી નિશ્ચયનય જ સિદ્ધ નથી. તેમાં ગ્રંથકારશ્રી ઓઘનિર્યુક્તિની સંમતિ બતાવે છે, જે ઓઘનિર્યુક્તિની ગાથા આગળના શ્લોકમાં બતાવે છે. ॥૩૬॥

અવતરણિકા :-

પૂર્વગાથામાં કહ્યું કે જે કારણથી ઓઘનિર્યુક્તિમાં કહેવાયું છે, તે કારણથી વ્યવહારનય વગર પરમાર્થથી નિશ્ચયનય જ સિદ્ધ નથી. તેથી હવે ઓઘનિર્યુક્તિની ગાથાને જ અહીં મૂળગાથારૂપે બતાવે છે –

ગાથા :-

णिच्छयमवलंबंता, णिच्छयओ णिच्छयं अयाणंता ।
णासंति चरणकरणं, बाहिरकरणालसा केई ।।३७।।

અન્વયાર્થ :-

णिच्छयओ=નિશ્ચયથી=પરમાર્થથી, णिच्छयं अयाणंता=નિશ્ચયને નહિ જાણતા=નિશ્ચયનયને નહિ જાણતા, णिच्छयमवलंबंता=નિશ્ચયનયને અવલંબન કરતા, बाहिरकरणालसा केई=બાહ્યક્રિયા કરવામાં આળસવાળા કેટલાક, चरणकरणं=ચરણકરણને, णासंति=નાશ કરે છે=શ્રોતાના હૈયામાં હેયબુદ્ધિનો વિષય કરે છે. ॥૩૭॥

ગાથાર્થ :-

પરમાર્થથી નિશ્ચયનયને નહિ જાણતા, નિશ્ચયનયને અવલંબન કરતા, બાહ્યક્રિયા કરવામાં આળસવાળા કેટલાક ચરણકરણને શ્રોતાના હૈયામાં હેયબુદ્ધિનો વિષય કરે છે. ॥૩૭॥

टीका :-

'णिच्छय' मिति । निश्चयं=निश्चयनयं, अवलम्बमानाः=ग्राह्यत्वेन प्रतिजानानाः, निश्चयतः=परमार्थतो, निश्चयमजानानाः नाशयन्ति=श्रोतृणां हानबुद्धिविषयीकुर्वन्ति, चरणकरणं=साधुक्रियाकलापं, बाह्यकरणालसाः केचित् । निश्चयेन निश्चयज्ञाने तेषां बाह्यकरणालस्यमेव प्रतिबन्धकमिति न तद्विधेयम्, किन्तु व्यवहारोद्यतत्वमेव विधेयमिति भावः ।।३७।।

टीकार्थ :-

'निश्चयं' ..... विधेयमिति भावः ।। निश्चयने=निश्चयनयने, अवलंबन करता=ग्राह्यपणारूपे स्वीकारता, निश्चयथी=परमार्थथी, निश्चयने=निश्चयनयने नहि जाणता, बाह्यक्रिया करवामां आळसवाळा केटलाक साधुओ चरणकरणने=साधु संबंधी क्रियाकलापनो, नाश करे छे=श्रोताओना हैयामां हानबुद्धिना विषयने करे छे. निश्चयथी=परमार्थथी, निश्चयना ज्ञानमां तेओनी बाह्यक्रिया करवानी आळस ज प्रतिबंधक छे, एथी ते करवी जोईए नहि=बाह्यक्रियामां आळस करवी जोईए नहि, परंतु व्यवहारमां उद्यतपणुं ज करवुं जोईए=व्यवहारनी आचरणामां अप्रमादभाव ज करवो जोईए, ए प्रकारनो भाव छे. ॥३७॥

भावार्थ :-

पूर्वगाथामां ग्रंथकारश्रीए स्थापन कर्युं के व्यवहारनी आचरणा वगर परमार्थथी निश्चय ज सिद्ध नथी. तेनी पुष्टि ओघनिर्युक्तिना वचनथी करे छे –

ओघनिर्युक्तिमां कह्युं छे के केटलाक साधुओ निश्चयनयनुं अवलंबन लईने आराधना करवा माटे उद्यत थया छे, परंतु परमार्थथी निश्चयनयना तात्पर्यने जाणता नथी. तेवा साधुओ बाह्यक्रिया करवामां आळसवाळा थईने श्रोताओने कहे छे के आ बाह्यक्रिया देहनी क्रिया छे, आत्माए तो आत्माना भावोमां उद्यम करवो जोईए. आ प्रकारनो उपदेश आपीने श्रोताओने साधु संबंधी क्रियामां हेयबुद्धि उत्पन्न करे छे, अने आ रीते हेयबुद्धि उत्पन्न करीने सन्मार्गनो नाश करे छे, वळी पोते पण बाह्यक्रियानो त्याग करीने निश्चयनयना फळने प्राप्त करता नथी. वस्तुतः व्यवहारनयनी आचरणा वगर परमार्थथी निश्चय सिद्ध थतो नथी.

अहीं प्रश्न थाय के निश्चयनुं अवलंबन करनारा साधु पण आत्मकल्याणना अर्थी छे, अने शास्त्रोना बळथी निश्चयनयना अर्थने जाणवा माटे उद्यम करे छे, छतां तेओने निश्चयनयना परमार्थनुं ज्ञान केम थतुं नथी ? तेथी कहे छे –

बाह्यक्रिया करवानी आळस ज शास्त्रवचनथी निश्चयनयना यथार्थ अर्थनुं ज्ञान करवामां प्रतिबंधक छे. माटे कल्याणना अर्थीए बाह्यक्रिया करवामां आळस करवी जोईए नहि, परंतु व्यवहारनी उचित आचरणामां ज उद्यम करवो जोईए.

અહીં વિશેષ એ છે કે જે જીવોનું જે પદાર્થ પ્રત્યે કંઈક વલણ છે તે જીવો તે પદાર્થ પ્રત્યેના વલણથી શાસ્ત્રવચનોના અર્થોને જાણવા માટે ઉદ્યમ તો કરે છે, પરંતુ સ્વવલણ અનુસાર તેઓ શાસ્ત્રવચનને યોજે છે, આથી શાસ્ત્રવચનથી પણ તેઓને યથાર્થ બોધ થતો નથી, ફક્ત સ્વમતિ અનુસાર શાસ્ત્રને જોડીને પોતે શાસ્ત્રના પરમાર્થને જાણે છે, તેમ સંતોષ માને છે; અને જે જીવો પોતાની કોઈ માન્યતા પ્રત્યે વલણ રાખ્યા વગર મધ્યસ્થતાથી શાસ્ત્રવચનોને ઉચિત રીતે જોડવા યત્ન કરે છે, તેઓને તત્ત્વ જાણવા પ્રત્યેના મધ્યસ્થભાવને કારણે શાસ્ત્રવચનથી યથાર્થ અર્થની પ્રાપ્તિ થાય છે.

જેમ ચારિત્રની ક્રિયા કરવામાં આળસવાળા એવા આત્મકલ્યાણના અર્થી કેટલાક સાધુઓ શાસ્ત્રવચનોનું અવલંબન લઈને વિચારે છે કે 'જીવને મોક્ષની પ્રાપ્તિ ભેદજ્ઞાનથી થાય છે, તેથી દેહ આદિ પુદ્ગલોથી પોતે ભિન્ન છે તે પ્રકારના જ્ઞાનમાં જ ઉદ્યમ કરવો જોઈએ', પરંતુ બાહ્યક્રિયામાં આળસવાળા એવા તે સાધુઓ મધ્યસ્થભાવથી શાસ્ત્રવચનોના પરમાર્થને જાણવા યત્ન કરતા નથી. જો તે સાધુને બાહ્યક્રિયા પ્રત્યે આળસભાવ ન હોય તો મધ્યસ્થપણાથી વિચારી શકે કે 'સંસારની કોઈપણ ક્રિયાથી કર્મબંધ થતો નથી, પરંતુ જીવના પરિણામથી જ કર્મ બંધાય છે, તોપણ સંસારી જીવો બાહ્યક્રિયાઓ કરે છે અને તે ક્રિયા કરવા દ્વારા તે તે પરિણામો કરે છે, અને તે પરિણામોને અનુરૂપ કર્મ બાંધે છે. તેથી જેમ બાહ્યક્રિયા તે પરિણામોને ઉત્પન્ન કરાવીને કર્મબંધનું કારણ બને છે, તેમ સંયમયોગની ઉચિત ક્રિયાઓ અપ્રમાદભાવથી સેવવામાં આવે તો તે ક્રિયાઓ તે પ્રકારના પરિણામ ઉત્પન્ન કરાવવા દ્વારા નિર્જરાનું કારણ બને છે. તેથી નિર્જરાના અર્થીએ જેમ ભેદજ્ઞાનમાં ઉદ્યમ કરવો આવશ્યક છે, તેમ ભેદજ્ઞાનને ઉત્પન્ન કરવામાં પ્રબળ કારણીભૂત સંયમની ક્રિયાઓ કરવામાં પણ ઉદ્યમ કરવો આવશ્યક છે.'

વળી શાસ્ત્રકારોએ જેમ નિશ્ચયનયનું સ્થાપન કર્યું છે તેમ વ્યવહારનયનું પણ સ્થાપન કર્યું છે. તેથી નિશ્ચયનયના અર્થીએ તેના ઉપાયભૂત વ્યવહારનયની આચરણામાં ઉદ્યમ કરવો જોઈએ, તેવું કથન શાસ્ત્રમાં અનેક સ્થાનોમાં પ્રાપ્ત થાય છે, અને વ્યવહારમાં પણ તે પ્રકારનો અનુભવ સર્વને છે કે ક્રિયાઓથી જીવમાં પરિણામ ઉત્પન્ન થાય છે. આમ છતાં શાસ્ત્રવચનો અને સ્વઅનુભવનું આલંબન લીધા વગર સ્વમતિ અનુસાર 'નિશ્ચયથી જ સિદ્ધિ છે,' એ પ્રકારના શાસ્ત્રવચનનું યોજન જે કોઈ સાધુઓ કરે છે, તે સાધુઓ પોતાને બાહ્યક્રિયા કરવાની આળસ હોવાને કારણે નિશ્ચયનિરપેક્ષ માત્ર બાહ્યક્રિયામાં રત રહેનારા જીવોની પ્રવૃત્તિનું આલંબન લે છે, અને વિચારે છે કે 'આ જીવો બાહ્યક્રિયાઓ ઘણી કરે છે, છતાં ગુણસંપત્તિની વૃદ્ધિ કરી શકતા નથી. માટે ગુણવૃદ્ધિનો ઉપાય બાહ્યક્રિયા નથી, પરંતુ નિશ્ચયનયની દૃષ્ટિ છે.' આ પ્રકારનું તે સાધુઓ જે વિચારે છે, તેમાં કારણ તે સાધુઓમાં વર્તતો આળસભાવ છે, અને તે આળસભાવ જ તેઓને યથાર્થ જ્ઞાન થવામાં પ્રતિબંધક છે. માટે કલ્યાણના અર્થી એવા સાધુએ બાહ્યક્રિયામાં આળસ કરવી જોઈએ નહિ, પરંતુ શક્તિ અનુસાર બાહ્યક્રિયા કરવી જોઈએ, અને તે બાહ્યક્રિયા નિશ્ચયનયને અભિમત પરિણામ સાથે બદ્ધલક્ષ થઈને કરવી જોઈએ, જેથી હિતની પ્રાપ્તિ થાય. ॥૩૭॥

અવતરણિકા :-

નિશ્ચયતો નિશ્ચયસ્ય સ્વરૂપમાહ –

અવતરણિકાર્થ :-

નિશ્ચયથી=પરમાર્થથી, નિશ્ચયના=નિશ્ચયનયના, સ્વરૂપને કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૩૬-૩૭માં સ્થાપન કર્યું કે ફળસિદ્ધિ નિશ્ચયથી જ થાય છે, પરંતુ વ્યવહાર વગર પરમાર્થથી નિશ્ચય જ સિદ્ધ નથી, અને બાહ્યક્રિયા કરવામાં આળસુ એવા સાધુઓ પરમાર્થથી નિશ્ચયના સ્વરૂપને જાણતા નથી, તેથી બાહ્ય ચારિત્રની ક્રિયાઓનો અપલાપ કરે છે. ત્યાં પ્રશ્ન થાય કે તો પરમાર્થથી નિશ્ચયનયનું સ્વરૂપ શું છે ? તેથી ગ્રંથકારશ્રી નિશ્ચયનયના સ્વરૂપને બતાવે છે –

ગાથા :-

જો ણિચ્છઓ પવટ્ટઇ, હેઉસરૂવાણુબંધપડિપુણ્ણો ।
સો ણિચ્છયઓ ણેઓ, વાયામિત્તેણ ઇઅરો ઉ ।।૩૮।।

અન્વયાર્થ :-

જો ણિચ્છઓ=જે નિશ્ચયનય, હેઉસરૂવાણુબંધપડિપુણ્ણો=હેતુ-સ્વરૂપ-અનુબંધથી પ્રતિપૂર્ણ, પવટ્ટઇ=પ્રવર્તે છે, ણિચ્છયઓ=નિશ્ચયથી, સો=તે=નિશ્ચયનય, ણેઓ=જાણવો, ઇઅરો ઉ=ઇતર વળી, વાયામિત્તેણ= વાણીમાત્રથી નિશ્ચયનય જાણવો. ।।૩૮।।

ગાથાર્થ :-

જે નિશ્ચયનય હેતુ-સ્વરૂપ-અનુબંધથી પ્રતિપૂર્ણ પ્રવર્તે છે, નિશ્ચયથી તે=નિશ્ચયનય જાણવો. ઇતર વળી વાણીમાત્રથી નિશ્ચયનય જાણવો. ।।૩૮।।

ટીકા :-

'જો ણિચ્છઓ'ત્તિ । યો નિશ્ચયઃ પ્રવર્ત્તતે હેતુસ્વરૂપાનુબન્ધપ્રતિપૂર્ણઃ સઃ નિશ્ચયો નિશ્ચયતો જ્ઞેયઃ, ઇતરઃ=હેતુસ્વરૂપાનુબન્ધવિકલસ્તુ, વાઙ્માત્રેણ=નિશ્ચયશબ્દમાત્રેણ, નિશ્ચયાભાસ ઇતિ યાવત્ ।।૩૮।।

ટીકાર્થ :-

યો નિશ્ચયઃ ..... ઇતિ યાવત્ ।। જે નિશ્ચયનય હેતુ-સ્વરૂપ-અનુબંધથી પ્રતિપૂર્ણ પ્રવર્તે છે, નિશ્ચયથી=પરમાર્થથી, તે નિશ્ચયનય જાણવો. ઇતર વળી=હેતુ-સ્વરૂપ-અનુબંધથી વિકલ વળી,

વાણીમાત્રથી=નિશ્ચયશબ્દમાત્રથી, નિશ્ચય છે=નિશ્ચયાભાસ છે, ઇતિ યાવત્=ત્યાં સુધી તાત્પર્ય છે= વાણીમાત્રથી સ્વીકારાયેલો નિશ્ચયનય નિશ્ચયાભાસ છે, ત્યાં સુધી તાત્પર્ય છે. ॥૩૮॥

ભાવાર્થ :-

ભગવાનના શાસનમાં યોગમાર્ગને બતાવનારા બે નયો છે : (૧) નિશ્ચયનય અને (૨) વ્યવહારનય. તેમાં જે નિશ્ચયનય છે તે નિશ્ચયનયમાં સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયનય કયો છે અને મિથ્યાદૃષ્ટિ નિશ્ચયનય કયો છે તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે.

જે નિશ્ચયનય હેતુ, સ્વરૂપ અને અનુબંધથી પ્રતિપૂર્ણ છે, તે પરમાર્થથી નિશ્ચયનય છે અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયનય છે; કેમ કે નિશ્ચયનયનો હેતુ વ્યવહારનયની ઉચિત આચરણા છે. તેથી સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયનય હેતુથી વ્યવહારનય સાથે સંબદ્ધ છે, અને સ્વરૂપથી પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે; અને હેતુ અને સ્વરૂપથી યુક્ત એવો નિશ્ચયનય પોતાના સાધ્યની અવશ્ય સિદ્ધિ કરે છે. તેથી ઉત્તરોત્તર ભાવોની વૃદ્ધિ દ્વારા ઇષ્ટફળનો સાધક છે. માટે હેતુ સ્વરૂપ અને અનુબંધ શુદ્ધ નિશ્ચયનય સમ્યગ્દૃષ્ટિ છે; કેમ કે પોતાના પ્રતિપક્ષ એવા વ્યવહારનય સાથે સંબદ્ધ છે, અને પોતાને અભિમત એવા ઇષ્ટફળનો સાધક છે, માટે સુનય છે.

વળી જે નિશ્ચયનયનો હેતુથી વ્યવહારનય સાથે સંબદ્ધ નથી તે મિથ્યાદૃષ્ટિ નિશ્ચયનય છે, અને આ મિથ્યાદૃષ્ટિ નિશ્ચયનય વાણીમાત્રથી પોતાનું સ્વરૂપ બતાવે છે, વસ્તુતઃ પોતાના સ્વરૂપરૂપે તે નિશ્ચયનય પ્રતિષ્ઠિત નથી. તેવા પ્રકારના મિથ્યાદૃષ્ટિ નિશ્ચયનયનું અવલંબન લેનારા જીવોમાં નિશ્ચયનય પોતાના સ્વરૂપરૂપે આવિર્ભાવ પામતો નથી. માટે તેવો નિશ્ચયનય અનુબંધ સાથે પણ સંલગ્ન નથી; કેમ કે મિથ્યાદૃષ્ટિ એવા નિશ્ચયનયનું અવલંબન લેનારા જીવોમાં પરમાર્થથી નિશ્ચયનયનો પરિણામ પ્રગટતો નથી, તેથી નિશ્ચયનયના અવલંબનમાત્રથી નિશ્ચયનયનો અનુબંધ પ્રાપ્ત થાય નહિ. તેથી મિથ્યાદૃષ્ટિ નિશ્ચયનય હેતુ, સ્વરૂપ અને અનુબંધથી વિકલ છે, આમ છતાં બાહ્યક્રિયામાં આળસ કરનારા સાધુઓ વડે મિથ્યાદૃષ્ટિ નિશ્ચયનય વાણીમાત્રથી સ્વીકારાયેલો છે. આવા સાધુઓ 'પોતે દેહથી ભિન્ન છે, આત્મા પુદ્ગલની ક્રિયા કરતો નથી, પરંતુ આત્મા આત્માની ક્રિયા કરે છે' તેમ વાણીમાત્રથી બોલે છે, અને બાહ્ય સંયમની ક્રિયા છોડીને અસંયમની ક્રિયા કરે છે, અને તેને અનુરૂપ અસંયમના પરિણામો કરીને કર્મબંધમાત્રની પ્રાપ્તિ કરે છે. તેથી આવા સાધુઓ દ્વારા ગ્રહણ કરાયેલો મિથ્યાદૃષ્ટિ નિશ્ચયનય હેતુ, સ્વરૂપ અને અનુબંધથી વિકલ છે, માટે નિશ્ચયાભાસ છે. **॥૩૮॥**

અવતરણિકા :-

હેત્વાદિસ્વરૂપમાહ –

અવતરણિકાર્થ :-

હેતુ આદિના સ્વરૂપને કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે હેતુ, સ્વરૂપ અને અનુબંધથી પ્રતિપૂર્ણ એવો જે નિશ્ચયનય પ્રવર્તે છે, તે પરમાર્થથી નિશ્ચયનય છે. તેથી હેતુ, સ્વરૂપ અને અનુબંધથી પ્રતિપૂર્ણ એવા નિશ્ચયનયનો બોધ કરાવવા માટે હેતુ આદિના સ્વરૂપને કહે છે –

ગાથા :-

हेउ विसुद्धा किरिया, एगग्गालंबणं सरूवं तु ।
अणुबंधो इह णेओ, जगहियवित्ती समावत्ती ।।३९।।

અન્વયાર્થ :-

इह=અહીં=જિનમતમાં, हेउ=हेतु=નિશ્ચયનયનો હેતુ, विसुद्धा किरिया=વિશુદ્ધ ક્રિયા, तु=વળી, सरूवं=સ્વરૂપ=નિશ્ચયનયનું સ્વરૂપ, एगग्गालंबणं=એકાગ્ર આલંબન, अणुबंधो=અનુબંધ=નિશ્ચયનયનો અનુબંધ, जगहियवित्ती समावत्ती=જગતના હિતને કરનારી સમાપત્તિ, णेओ=જાણવી. ।।૩૯।।

ગાથાર્થ :-

જિનમતમાં નિશ્ચયનયનો હેતુ વિશુદ્ધ ક્રિયા છે, વળી નિશ્ચયનયનું સ્વરૂપ એકાગ્ર આલંબન છે, અને નિશ્ચયનયનો અનુબંધ જગતના હિતને કરનારી એવી સમાપત્તિ જાણવી. ।।૩૯।।

ટીકા :-

'हेउ'त्ति । हेतुः अत्र=निश्चये ज्ञप्तिरूपे प्रवृत्तिरूपे, च विशुद्धा=शास्त्रानुसारिणी क्रिया, सद्-व्यवहारविषयप्रतिक्षेपभ्रमजनकालस्यदोषनिवर्त्तकत्वेनाशुभानेकालम्बननिवर्त्तकत्वेन च तस्यास्त-द्धेतुत्वात् ।

ટીકાર્થ :-

हेतुरत्र ..... तस्यास्तद्धेतुत्वात् ।। અહીં=જ્ઞપ્તિરૂપ અને પ્રવૃત્તિરૂપ નિશ્ચયનયમાં, હેતુ વિશુદ્ધ ક્રિયા છે=શાસ્ત્રાનુસારી ક્રિયા છે; કેમ કે સદ્વ્યવહારના વિષયના પ્રતિક્ષેપને કરનાર ભ્રમના જનક એવા આળસદોષના નિવર્તકપણારૂપે અને અશુભ અનેક આલંબનના નિવર્તકપણારૂપે તેનું=શાસ્ત્રાનુસારી ક્રિયાનું, તદ્હેતુપણું છે=નિશ્ચયનયનું હેતુપણું છે.

ભાવાર્થ :-

જ્ઞપ્તિરૂપ અને પ્રવૃત્તિરૂપ એમ બે પ્રકારનો નિશ્ચયનય છે, અને આ બન્ને પ્રકારના નિશ્ચયનયનો હેતુ શાસ્ત્રાનુસારી ક્રિયા છે.

શાસ્ત્રાનુસારી ક્રિયા નિશ્ચયનય પ્રત્યે હેતુ કઈ રીતે છે ? તે બતાવે છે –

જે જીવોમાં સત્ક્રિયા કરવાનો આળસદોષ વર્તે છે, તે આળસદોષ, સદ્‌વ્યવહારનો વિષય જે શાસ્ત્રાનુસારી ક્રિયા તેનો પ્રતિક્ષેપ કરાવે તેવો ભ્રમ ઉત્પન્ન કરે છે. તેથી જે જીવોમાં સત્ક્રિયા કરવાનો આળસદોષ વર્તે છે, તેઓ તે ભ્રમને કારણે કહે છે કે 'બાહ્યક્રિયા તો પુદ્‌ગલની ક્રિયા છે, આત્માએ આત્માની ક્રિયા કરવી જોઈએ.' આ પ્રકારનો વિચાર કરીને આત્માની ક્રિયામાં પ્રબળ કારણ એવી શાસ્ત્રાનુસારી ક્રિયાનો તે જીવો પ્રતિક્ષેપ કરે છે, તેવા જીવો નિશ્ચયનયના અર્થી હોવા છતાં નિશ્ચયનયને પ્રાપ્ત કરી શકતા નથી; અને જે જીવો શ્રદ્ધાપૂર્વક શાસ્ત્રાનુસારી ક્રિયા કરે છે, તે જીવોના આળસદોષનું નિવર્તન થાય છે; અને શાસ્ત્રાનુસારી ક્રિયામાં આળસદોષનું નિવર્તન થયેલું હોવાને કારણે તેઓનો સદ્‌વ્યવહારની ક્રિયાનો પ્રતિક્ષેપ કરનાર ભ્રમદોષ નિવર્તન પામે છે. તેથી તે જીવો શાસ્ત્રાનુસારી ક્રિયાઓ કરીને ક્રમશઃ નિશ્ચયનયને અનુકૂળ સ્થૈર્યની પ્રાપ્તિ કરી શકે છે. આવા જીવો વડે સેવાતી શાસ્ત્રાનુસારી ક્રિયા આળસદોષના નિવર્તકપણારૂપે નિશ્ચયનયનો હેતુ છે. વળી તેવા આરાધક જીવો શાસ્ત્રાનુસારી ક્રિયા કરે છે ત્યારે, અનેક અશુભ આલંબનોનું નિવર્તન થાય છે, જેથી અનેક અશુભ આલંબનોના નિવર્તન દ્વારા તેઓની શાસ્ત્રાનુસારી ક્રિયા નિશ્ચયનયની પ્રાપ્તિનો હેતુ બને છે.

વળી જે જીવોમાં શાસ્ત્રાનુસારી ક્રિયા કરવાની આળસ હોય છે, તેઓ સદ્‌વ્યવહારનો પ્રતિક્ષેપ કરીને શાસ્ત્રાનુસારી ક્રિયાઓનો ત્યાગ કરે છે, અને શાસ્ત્રાનુસારી ક્રિયાઓનું સેવન નહિ હોવાને કારણે અનેક અશુભ આલંબનોનું તેઓ નિવર્તન કરી શકતા નથી, તેથી તેઓ નિશ્ચયનયના અર્થી હોવા છતાં નિશ્ચયનયને પ્રાપ્ત કરી શકતા નથી.

અહીં વિશેષ એ છે કે અપ્રમાદભાવથી શાસ્ત્રાનુસારી ક્રિયા કરનારા યોગીઓ તે તે ક્રિયાઓ દ્વારા આત્માના નિર્લેપભાવને અભિમુખ યત્ન કરી શકે છે. તેથી જેમ જેમ તેઓ અપ્રમાદભાવથી ક્રિયાઓ સેવે છે, તેમ તેમ તેઓની તે ક્રિયાઓથી સાંસારિકભાવોથી વિમુખ થઈ આત્મિકભાવોને અભિમુખ યત્ન કરવાને અનુકૂળ સ્થૈર્યગુણ પ્રગટે છે, તેથી સુદૃઢ યત્નપૂર્વક ક્રિયાઓ કરીને આત્મભાવને અભિમુખ યત્ન કરવાને અનુકૂળ સ્થૈર્યગુણ દ્વારા તેઓ નિશ્ચયનયને પ્રાપ્ત કરી શકે છે; અને જે જીવોને આત્મગુણોમાં યત્ન કરી શકે તેવો સ્થૈર્યગુણ પ્રગટ્યો નથી, છતાં શાસ્ત્રાનુસારી ક્રિયા દ્વારા આત્મગુણને અભિમુખ સ્થૈર્યગુણમાં યત્ન કરતા નથી, અને નિશ્ચયનયની પ્રાપ્તિના અર્થી એવા તેઓ 'આત્માએ આત્માની ક્રિયામાં ઉદ્યમ કરવો જોઈએ,' એમ નિશ્ચયનયના સ્વરૂપને વિચારે છે, તેઓને ઇન્દ્રિયોની તથાપ્રકારની ચંચળતા અને અનાદિભવઅભ્યસ્ત વિષયોની પ્રવૃત્તિના સંસ્કારો અશુભ આલંબનોમાં પ્રવર્તાવે છે. તેથી શબ્દમાત્રથી નિશ્ચયનયની વિચારણા તેઓને નિશ્ચયનયની પ્રાપ્તિનું કારણ બનતી નથી.

ટીકા :-

स्वरूपं त्वेकाग्रालम्बनम्, ज्ञप्तेर्भावमात्रविषयत्वात्, प्रवृत्तेश्च ध्यानादियोगरूपाया आत्ममात्र-विषयत्वात् ।

ટીકાર્થ :-

स्वरूपं त्वेकाग्रालम्बनम् ..... आत्ममात्रविषयत्वात् । સ્વરૂપ વળી=નિશ્ચયનયનું સ્વરૂપ વળી, એકાગ્ર આલંબન છે.

અહીં પ્રશ્ન થાય કે જ્ઞપ્તિરૂપ નિશ્ચયનયમાં એકાગ્ર આલંબનરૂપ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

જ્ઞપ્તિરૂપ નિશ્ચયનયનું ભાવમાત્રવિષયપણું છે=જ્ઞાનના વિષયભૂત એવા જ્ઞેયપદાર્થમાં વર્તતા ભાવમાત્રનું વિષયપણું છે અર્થાત્ જ્ઞેયપદાર્થોના બોધનું ઇષ્ટાનિષ્ટ સંકલ્પરૂપ વિષયપણું નથી, પરંતુ જ્ઞેયપદાર્થમાં વર્તતા ભાવમાત્રનું વિષયપણું છે.

પ્રવૃત્તિરૂપ નિશ્ચયનયનું સ્વરૂપ એકાગ્ર આલંબન કેમ છે ? તે બતાવવા અર્થે હેતુ કહે છે –

અને ધ્યાનાદિયોગરૂપ પ્રવૃત્તિનું=ધ્યાન અને અનુપ્રેક્ષાયોગરૂપ પ્રવૃત્તિનું, આત્મમાત્રવિષયપણું છે=આત્માના સમભાવના પરિણામની વૃદ્ધિને અનુકૂળ ધ્યાનાદિમાં યત્ન હોવાથી પ્રવૃત્તિરૂપ નિશ્ચયનયનો વિશુદ્ધ એવો આત્માનો પરિણામમાત્ર વિષય છે.

ભાવાર્થ :-

સંકલ્પ-વિકલ્પથી પર એવા આત્માના જ્ઞાનનો ઉપયોગ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વીતરાગતાનું કારણ બને છે, તેમ નિશ્ચયનય સ્વીકારે છે. તેથી આત્માના શુદ્ધ ભાવની સિદ્ધિનો ઉપાય સ્વપરિણામોનું એકાગ્ર આલંબન છે એમ નિશ્ચયનય કહે છે, અને આત્માના શુદ્ધ ભાવોનું એકાગ્ર આલંબન બે ભૂમિકામાં હોય છે, તેથી નિશ્ચયનય બે પ્રકારનો છે : એક જ્ઞપ્તિરૂપ નિશ્ચયનય અને બીજો પ્રવૃત્તિરૂપ નિશ્ચયનય. આ બન્ને પ્રકારના નિશ્ચયનયના પરિણામો સર્વસંગથી પર થયેલા અસંગઅનુષ્ઠાનવાળા મુનિને હોય છે, અથવા સંયમ લીધા પછી અસંગઅનુષ્ઠાનવાળા તીર્થંકરોમાં હોય છે.

જ્ઞપ્તિરૂપ નિશ્ચયનય

તીર્થંકરો કે અસંગભાવવાળા મુનિઓ જ્યારે ભિક્ષાઅટન કે વિહાર આદિની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તેઓનો ઉપયોગ જ્ઞેયપદાર્થમાં વર્તતા ભાવમાત્રનો વિષય કરીને પ્રવર્તે છે. તેથી ગમન કરતા હોય ત્યારે ઇર્યાસમિતિનો ઉપયોગ વર્તતો હોય છે, તોપણ ચક્ષુના વિષયભૂત ભૂમિને આશ્રયીને ઇષ્ટ-અનિષ્ટના કોઈ સંકલ્પો થતા નથી, પરંતુ ચક્ષુથી દેખાતી ભૂમિ માત્ર જ્ઞેયરૂપે પ્રતિભાસ થાય છે. તેથી અસંગઅનુષ્ઠાનવાળા મુનિઓમાં તે વખતે જ્ઞપ્તિરૂપ નિશ્ચયનય વર્તે છે.

વળી જે સાધુઓ અસંગઅનુષ્ઠાનવાળા નથી, પરંતુ વચનાનુષ્ઠાનવાળા છે, તેઓ ભિક્ષાઅટન કે વિહારાદિની પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તે પ્રવૃત્તિ કરતાં પૂર્વે ભગવાનના વચનનું સ્મરણ કરે છે. તેથી પ્રવૃત્તિ કરતાં ભગવાનના વચન પ્રમાણેના વિકલ્પો વર્તે છે. આવા સાધુ ગમનક્રિયા કરતા હોય ત્યારે મારે ષટ્કાયના પાલનમાં ઉદ્યમ કરવો છે, તેવો વિકલ્પ વર્તે છે, અને ષટ્કાયના પાલનના વિકલ્પથી યુક્ત ગમનનો ઉપયોગ હોવાથી ચક્ષુથી દેખાતી ભૂમિમાં ઇષ્ટ-અનિષ્ટના સંકલ્પો થતા નથી, પરંતુ ષટ્કાયના પાલનના

સંકલ્પો થાય છે; અને ભિક્ષા ગ્રહણ કરતી વખતે પણ ભિક્ષાની પ્રાપ્તિમાં હર્ષ અને અપ્રાપ્તિમાં દીનતાનો પરિણામ થતો નથી, પરંતુ "પ્રાપ્તિ થશે તો સંયમની વૃદ્ધિ થશે અને અપ્રાપ્તિ થશે તો તપની વૃદ્ધિ થશે", તેવા સંકલ્પથી ગવેષણાની પ્રવૃત્તિ હોવાને કારણે ભિક્ષાની પ્રાપ્તિ થાય છે ત્યારે, આ ભિક્ષાના બળથી હું સંયમની વૃદ્ધિ કરીશ, તેવો સંકલ્પ થાય છે, અને અપ્રાપ્તિકાળમાં હું તપની વૃદ્ધિ કરીશ, તેવો સંકલ્પ થાય છે.

જ્યારે અસંગઅનુષ્ઠાનવાળા મુનિઓને ગમનાદિકાળમાં ભગવાનના વચનના સ્મરણપૂર્વક ષટ્કાયના પાલનનો સંકલ્પ હોતો નથી, અને ભિક્ષાની ગવેષણાના કાળમાં ભિક્ષાની પ્રાપ્તિમાં સંયમની વૃદ્ધિનો અને અપ્રાપ્તિમાં તપની વૃદ્ધિનો સંકલ્પ હોતો નથી; પરંતુ જીવન અને મૃત્યુ, સુખ અને દુઃખ સર્વ ભાવો પ્રત્યે સમભાવવાળા એવા તે અસંગઅનુષ્ઠાનવાળા મુનિઓ માત્ર સમભાવના પરિણામથી ભિક્ષાઅટનાદિ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. તેથી ગમનાદિકાળમાં કે ભિક્ષાગવેષણા કાળમાં કે ભિક્ષાની પ્રાપ્તિના કાળમાં કે ભિક્ષાની અપ્રાપ્તિના કાળમાં કોઈ સંકલ્પના પરિણામો થતા નથી, માત્ર તે તે ઇન્દ્રિયથી ગ્રહણ કરાતા પદાર્થોમાં વર્તતા ભાવમાત્રનો વિષય કરીને તેઓનો જ્ઞાનનો ઉપયોગ પ્રવર્તે છે. તેથી જ્ઞપ્તિરૂપ નિશ્ચયનયનો પરિણામ એકાગ્ર આલંબનરૂપ છે અર્થાત્ તેમના જ્ઞાનમાં અન્ય ભાવો ન સ્પર્શે તેવો એકાગ્રતાપૂર્વક આત્મવ્યાપાર હોય છે.

વળી વચનાનુષ્ઠાનવાળા મુનિઓ શુભસંકલ્પથી ભિક્ષાઅટનાદિ પ્રવૃત્તિ કરતા હોવા છતાં ભાવમાત્રનો વિષય કરીને તેમનો ઉપયોગ પ્રવર્તતો નથી. માટે તેઓમાં જ્ઞપ્તિરૂપ નિશ્ચયનય નથી, તોપણ શાસ્ત્રવચનાનુસાર ભિક્ષાઅટનાદિની પ્રવૃત્તિ હોવાથી પદાર્થોમાં શુભ-અશુભના સંકલ્પો થતા નથી, પણ ભગવાનના વચનાનુસાર સંયમવૃદ્ધિના સંકલ્પો થાય છે. તેથી શાસ્ત્રાનુસારી ક્રિયા દ્વારા તે મુનિઓ ક્રમે કરીને અસંગઅનુષ્ઠાનને પ્રાપ્ત કરે છે, માટે તેઓનું વચનાનુષ્ઠાન અસંગઅનુષ્ઠાનનું કારણ છે.

प्रवृत्तिरूप निश्चयनय

અસંગઅનુષ્ઠાનવાળા મુનિઓ ભિક્ષાઅટન કે વિહારઆદિની પ્રવૃત્તિ ન કરતા હોય ત્યારે ધ્યાનયોગમાં યત્ન કરતા હોય છે. ક્વચિત્ એક ધ્યાન પૂરું થયા પછી ઉત્તરમાં બીજા ધ્યાનનો યત્ન ન થઈ શકે તો અનુપ્રેક્ષામાં યત્ન કરતા હોય છે, અને તેઓની ધ્યાનની પ્રવૃત્તિ ક્વચિત્ સંતતિરૂપે ચાલતી હોય છે તો ક્વચિત્ ધ્યાન અને અનુપ્રેક્ષાના ક્રમથી ફરી ધ્યાનમાં યત્ન કરાવે છે. તે વખતે અસંગઅનુષ્ઠાનવાળા યોગીઓમાં પ્રવૃત્તિરૂપ નિશ્ચયનય વર્તે છે, અને આ પ્રવૃત્તિરૂપ નિશ્ચયનય ધ્યાનાદિ દ્વારા આત્માના શુદ્ધભાવના આવિર્ભાવમાત્રમાં પ્રવર્તે છે, તેથી પ્રવૃત્તિનો વિષય આત્મામાત્ર છે. તેથી તે વખતનું તેઓનું એકાગ્ર આલંબન ઉત્તરોત્તર અસંગભાવની વૃદ્ધિનું કારણ બને છે, જે પ્રવૃત્તિરૂપ નિશ્ચયનય છે.

ટીકા :-

अनुबन्धः उत्तरोत्तरशुभसन्तानाविच्छेदलक्षणः इह=जिनमते, जगद्धितवृत्तिः=सर्वहितावहा, समापत्तिः=चन्दनगन्धस्थानीया स्वस्वदर्शनग्रहविमुखसहजमाध्यस्थ्यपरिणतिः ।

ટીકાર્થ :-

'अनुबन्धः' ..... माध्यस्थ्यपरिणतिः । અહીં=જિનમતમાં, જગતના હિતને કરનારી=સર્વના હિતને કરનારી એવી સમાપત્તિ ચંદનગંધસ્થાનીય, સ્વસ્વદર્શનગ્રહથી વિમુખ સહજ માધ્યસ્થ્ય પરિણતિ, અનુબંધ છે=નિશ્ચયનયના ઉત્તરોત્તર શુભસંતાનના અવિચ્છેદલક્ષણ અનુબંધ છે.

ભાવાર્થ :-

ઉપયોગ દ્વારા જીવની વીતરાગભાવ સાથેની સમાપત્તિ નિશ્ચયનયનો અનુબંધ છે. જેમ ચંદનમાં ઉત્તમ ગંધ સહજ રીતે વર્તે છે, પરંતુ અન્ય દ્રવ્યથી વાસિત કરવામાં આવતી નથી, તેમ આ સમાપત્તિ જીવમાં સહજભાવે વર્તે છે, અને તે સમાપત્તિ કેવી છે. તે સ્પષ્ટ કરતાં કહે છે –

સમાપત્તિ સ્વસ્વદર્શનના ગ્રહથી વિમુખ સહજ માધ્યસ્થ્ય પરિણતિરૂપ છે અર્થાત્ આ દર્શન અતત્ત્વને બતાવનાર છે અને જૈનદર્શન તત્ત્વને બતાવનાર છે, એ પ્રકારના બોધથી સ્વદર્શન પ્રત્યેનું વલણ પૂર્વમાં હતું, પરંતુ સમાપત્તિકાળમાં કોઈ દર્શન પ્રત્યેનું સહેજ પણ વલણ નથી, સર્વત્ર સહજ મધ્યસ્થભાવ છે; તેમ સર્વદર્શનો પ્રત્યે પણ આ શ્રેષ્ઠ છે, આ અશ્રેષ્ઠ છે, એવા વિકલ્પોથી પર સહજ વીતરાગભાવરૂપ માધ્યસ્થ્ય પરિણતિ જીવમાં વર્તે છે. તે પરિણતિ સર્વ જીવોના હિતને કરનારી છે અને ઉત્તરોત્તર ક્ષયોપશમભાવની વૃદ્ધિ દ્વારા ક્ષાયિકભાવ તરફ જનારી છે. તેથી ઉત્તરોત્તર શુભસંતાનના અવિચ્છેદરૂપ આ સમાપત્તિ છે, જે જ્ઞપ્તિરૂપ અને પ્રવૃત્તિરૂપ નિશ્ચયનયનું ફળ છે, અને પ્રકર્ષને પામીને ક્ષાયિકભાવની વીતરાગતાનું અને કેવળજ્ઞાનનું કારણ છે.

પૂર્વમાં હેતુ, સ્વરૂપ અને અનુબંધથી નિશ્ચયનયનું સ્વરૂપ બતાવ્યું. તેનાથી એ ફલિત થયું કે વ્યવહારનયનો અપલાપ કરનાર નિશ્ચયનય મિથ્યાદૃષ્ટિ નિશ્ચયનય છે અર્થાત્ નિશ્ચયાભાસ છે. તેને સ્પષ્ટ કરે છે –

ટીકા :-

तथा च यथा व्यवहारस्य सज्ज्ञानपूर्वकत्वेन हेत्वादिशुद्धत्वं तथा निश्चयस्यापि सद्व्यवहाराविरोधित्वेनैवेति सिद्धम् ।।३९।।

ટીકાર્થ :-

तथा च ..... सिद्धम् ।। અને તે રીતે=પૂર્વમાં હેતુ, સ્વરૂપ અને અનુબંધથી નિશ્ચયનયનું સ્વરૂપ બતાવ્યું તે રીતે, જે પ્રમાણે વ્યવહારનું=વ્યવહારનયનું, સદ્જ્ઞાનપૂર્વકત્વરૂપે હેતુ આદિ શુદ્ધપણું છે, તે પ્રમાણે નિશ્ચયનું પણ=નિશ્ચયનયનું પણ, સદ્વ્યવહાર અવિરોધીપણારૂપે હેતુ આદિ શુદ્ધપણું છે, એ પ્રમાણે સિદ્ધ થયું. ॥૩૯॥

❖ ટીકામાં 'तथा च' છે તેનો સંબંધ આ પ્રમાણે છે : પૂર્વમાં હેતુ આદિ ત્રણ પ્રકારે નિશ્ચયનયનું સ્વરૂપ બતાવ્યું, તે રીતે નિશ્ચયનયનું પણ સદ્વ્યવહાર અવિરોધીપણા વડે જ હેતુ આદિ શુદ્ધપણું છે, એ પ્રમાણે સિદ્ધ થયું એમ અન્વય છે; અને 'यथा'થી દૃષ્ટાંત છે, તેથી જે પ્રમાણે વ્યવહારનયનું સદ્જ્ઞાનપૂર્વકત્વેન હેતુ આદિ શુદ્ધપણું છે, તે પ્રમાણે નિશ્ચયનયનું પણ સદ્વ્યવહાર અવિરોધીપણારૂપે હેતુ આદિ શુદ્ધપણું છે, એમ સંબંધ છે.

❖ 'निश्चयस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારનયનું તો સદ્જ્ઞાનપૂર્વકત્વરૂપે હેતુઆદિ શુદ્ધપણું છે, પરંતુ નિશ્ચયનયનું પણ સદ્વ્યવહાર અવિરોધીપણારૂપે જ હેતુઆદિ શુદ્ધપણું છે.

❖ 'हेत्वादिशुद्धत्वं'માં 'आदि'પદથી સ્વરૂપ અને અનુબંધનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

સમ્યક્શ્રુતજ્ઞાનપૂર્વક વ્યવહારની આચરણાઓ કરવામાં આવે તો તે વ્યવહારનયની આચરણાઓ નિશ્ચયનયનું કારણ બને છે. તેથી જ્ઞાન સમ્યગ્ હોય અને સમ્યગ્ કરવાની રુચિ હોય તો હેતુથી વ્યવહારનય શુદ્ધ છે; અને જે પ્રકારે યથાર્થ જ્ઞાન છે તે જ્ઞાનથી પૂર્ણ નિયંત્રિત ક્રિયાઓ થાય તો સ્વરૂપથી વ્યવહારનય શુદ્ધ છે; અને તે વ્યવહારનયની આચરણાથી એકાગ્રપરિણતિરૂપ નિશ્ચયનયની પ્રાપ્તિ થાય, તે ફળથી અર્થાત્ અનુબંધથી વ્યવહારનય શુદ્ધ છે; અને શાસ્ત્રાનુસારી સત્ક્રિયા હેતુથી નિશ્ચયનયની આચરણા છે, તેથી નિશ્ચયનય હેતુથી સદ્વ્યવહારની ક્રિયા સાથે સંલગ્ન છે, પરંતુ વિરોધી નથી એમ સિદ્ધ થયું. તેથી જે નિશ્ચયનય વ્યવહારનયનો અપલાપ કરે છે, તે નિશ્ચયનય હેતુ, સ્વરૂપ, અનુબંધથી વિકલ વાણીમાત્રરૂપ છે, માટે નિશ્ચયાભાસ છે, એમ ગાથા-૩૮ સાથે સંબંધ છે. **॥૩૯॥**

અવતરણિકા :-

एतदेव भावयति –

અવતરણિકાર્થ :-

પૂર્વગાથાની ટીકાના અંતમાં કહ્યું કે નિશ્ચયનય પણ સદ્વ્યવહારના અવિરોધીપણારૂપે જ હેતુ આદિથી શુદ્ધ છે. એને જ ભાવન કરે છે=એનું જ તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

ગાથા :-

णिच्छयबहुमाणेणं, ववहारो णिच्छओवमो कोई ।
ण य णिच्छओ वि जुत्तो, ववहारविराहगो कोई ।।४०।।

અન્વયાર્થ :-

कोई ववहारो=કોઈક વ્યવહાર, णिच्छयबहुमाणेणं=નિશ્ચયનયના બહુમાન વડે, णिच्छओवमो= નિશ્ચયનયની ઉપમાવાળો છે=નિશ્ચયનયના કાર્યને કરનારો છે, य=અને, ववहारविराहगो कोई णिच्छओ वि=વ્યવહારનો વિરાધક એવો કોઈક નિશ્ચય પણ=વ્યવહારનો વિરાધક એવો આભાસમાન નિશ્ચય પણ, जुत्तो ण=યુક્ત નથી. ॥૪૦॥

ગાથાર્થ :-

કોઈક વ્યવહાર નિશ્ચયનયના બહુમાન વડે નિશ્ચયનયના કાર્યને કરનારો છે, અને વ્યવહારનો વિરાધક એવો આભાસમાન નિશ્ચય પણ યુક્ત નથી. ॥૪૦॥

ટીકા :-

'णिच्छय'त्ति । निश्चयस्य बहुमानेन=स्वविषयशक्त्यनिगूहनदृढपक्षपातलक्षणेन, व्यवहारः शुद्धक्रियालक्षणः कश्चित् निश्चयोपमः=निश्चयकार्यकारी, न च निश्चयोऽपि=निश्चयवदाभासमानोऽपि, व्यवहारविराधकः=शक्तिनिगूहनापक्षपाताभ्यां व्यवहारोच्छेदकः, कोऽपि युक्तः, व्यवहारालसस्य निश्चयतत्त्वानास्पदत्वात्, तदुक्तमावश्यके –

"संजमजोगेसु सया, जे पुण संतविरिया वि सीअंति।

ते कह विसुद्धचरणा, बाहिरकरणालसा हुंति" ।।१।। **त्ति ।।४०।।**

ટીકાર્થ :-

निश्चयस्य ..... हुंति" ।। त्ति ।। નિશ્ચયના બહુમાનથી=સ્વવિષયમાં શક્તિનું અનિગૂહન અને દૃઢ પક્ષપાતરૂપ બહુમાનથી=નિશ્ચયનયના વિષયભૂત અસંગભાવમાં શક્તિ અનુસાર યત્ન કરતા હોય, પરંતુ અસંગભાવને ઉલ્લસિત કરવામાં પોતાની શક્તિનું નિગૂહન ન કરતા હોય, અને જે ઉપરની ભૂમિકાનો અસંગભાવ પોતે ઉલ્લસિત કરી શકે તેમ ન હોય એવા અસંગભાવમાં દૃઢ પક્ષપાતરૂપ નિશ્ચયનયના બહુમાનથી, કોઈક શુદ્ધક્રિયારૂપ વ્યવહારનય નિશ્ચયનયની ઉપમાવાળો છે=નિશ્ચયનયના કાર્યને કરનારો છે; અને વ્યવહારનો વિરાધક=સંયમયોગમાં સ્વશક્તિને ગોપવવાથી અને સંયમવૃદ્ધિના ઉપાયમાં અપક્ષપાતથી વ્યવહારનો ઉચ્છેદક, કોઈક નિશ્ચય પણ=નિશ્ચયના જેવો આભાસમાન એવો કોઈક નિશ્ચયનય પણ, યુક્ત નથી; કેમ કે વ્યવહારની આળસનું નિશ્ચયના પરમાર્થનું અનાસ્પદપણું છે=નિશ્ચયના પરમાર્થની અપ્રાપ્તિનું કારણપણું છે.

તે આવશ્યકમાં કહેવાયું છે=વ્યવહારનયની ક્રિયામાં આળસ નિશ્ચયનયની પ્રાપ્તિમાં બાધક છે, તે આવશ્યકમાં કહેવાયું છે –

વળી જેઓ વિદ્યમાન વીર્યવાળા હોવા છતાં પણ સંયમયોગમાં સદા સીદાય છે, બાહ્યકરણમાં આળસવાળા એવા તેઓ કેવી રીતે વિશુદ્ધ ચરણવાળા થાય ? ।।૧।।

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ।।૪૦।।

❖ 'निश्चयोऽपि', 'निश्चयवदाभासमानोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયનિરપેક્ષ એવો એકાંત વ્યવહાર શુદ્ધ વ્યવહારનો વિરાધક છે. તેવો વ્યવહાર તો યુક્ત નથી, પરંતુ વ્યવહારનો વિરાધક એવો નિશ્ચય જેવો આભાસમાન કોઈક નિશ્ચયનય પણ યુક્ત નથી.

ભાવાર્થ :-

નિશ્ચયનયની દૃષ્ટિને સામે રાખીને કરાતો વ્યવહાર નિશ્ચયસાપેક્ષ હોવાથી ફલસાધક છે, અને નિશ્ચયદૃષ્ટિને સામે રાખીને કરાતો વ્યવહાર એટલે નિશ્ચય પ્રત્યેના બહુમાનભાવથી યુક્ત નિશ્ચયને લક્ષ્ય કરીને તેના

ઉપાયરૂપે કરાતી વ્યવહારની ક્રિયા; અને આવા પ્રકારની પણ બધી વ્યવહારની ક્રિયાઓ નિશ્ચયનું કાર્ય કરનારી નથી, પરંતુ કેટલીક વ્યવહારની ક્રિયાઓ નિશ્ચયનું કાર્ય કરનારી છે; અને જે સાધુને નિશ્ચય પ્રત્યેનો અત્યંત પક્ષપાત છે તે સાધુ સદા નિશ્ચયનયના વિષયભૂત એવા અસંગભાવમાં સુદૃઢ યત્ન કરવાના અભિલાષવાળા હોય છે, અને આવા સાધુ સ્વશક્તિને ગોપવ્યા વગર નિશ્ચયનયના વિષયભૂત અસંગભાવમાં અવશ્ય યત્ન કરે છે. વળી આવા સાધુ પોતે ઉપરની ભૂમિકાના જે પ્રકારના અસંગભાવમાં યત્ન કરી શકતા નથી, તે પ્રકારના અસંગભાવમાં પણ દૃઢ પક્ષપાતવાળા હોય છે. આવા સાધુને નિશ્ચયનયનો પારમાર્થિક બહુમાનભાવ છે, અને આવા પારમાર્થિક બહુમાનપૂર્વકની સાધ્વાચારની શુદ્ધ ક્રિયાઓમાં તેઓ જ્યારે યત્ન કરે છે, ત્યારે તેઓની વિધિશુદ્ધ ક્રિયાઓ સ્વશક્તિ અનુસાર નિશ્ચયનયની પરિણતિને અવશ્ય પ્રગટ કરે છે. વળી તેઓની સંયમની ક્રિયા ઉત્તર-ઉત્તરના નિશ્ચયનયને અનુકૂળ સ્વશક્તિના સંચયનું પણ કારણ બને છે. તેથી તેવા સાધુ જે કોઈ સંયમની ક્રિયાઓ કરે છે તે નિશ્ચયનયને અભિમત એવા અસંગભાવના કાર્યને કરનારી છે.

જેમ

વૈયાવચ્ચકારી નંદિષેણમુનિ શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયેલા હતા અને અપ્રમાદભાવથી સંયમયોગમાં ઉદ્યમશીલ હતા. તેઓએ નિર્લેપતાની વૃદ્ધિ અર્થે અભિગ્રહ કરેલ કે 'કોઈ સાધુ ગ્લાન હોય તો મારે અવશ્ય તેમની વૈયાવચ્ચ કરવી.' તેઓ છઠ્ઠના પારણે છઠ્ઠ કરીને અપ્રમાદભાવથી નિર્લેપભાવની વૃદ્ધિમાં યત્ન કરતા હતા, ત્યાં એકવાર પારણાના દિવસે ગોચરી વાપરવા બેસે છે ત્યારે, કોઈ સાધુ આવીને તેમને 'કોઈ ગ્લાન સાધુ છે' તેવા સમાચાર આપે છે. તેથી પોતાની ગોચરી બાજુમાં મૂકીને લેશ પણ પ્રમાદ વગર ગ્લાનને ઇષ્ટ એવા પાનકને મેળવવા માટે વિધિપૂર્વક ગવેષણા કરે છે, ત્યારે પરીક્ષા કરવા આવેલ દેવ પાનકને અશુદ્ધ કરે છે. આમ છતાં સહેજ પણ ત્વરા, ખેદ કે ઉદ્વેગ વગર વિશુદ્ધ પાનકની ગવેષણા માટે ત્રણ વખત સર્વત્ર ફરે છે, અને ત્રીજી વખતે પ્રાપ્ત થયેલા વિશુદ્ધ પાનકને લઈને વિધિમાં અત્યંત ઉપયુક્ત થઈને ગ્લાન સાધુ પાસે જાય છે. જવામાં વિલંબ થવાને કારણે ગ્લાન સાધુ આક્રોશ કરે છે, તોપણ નિમિત્તની કોઈ અસર ન થાય તે પ્રકારના અત્યંત ઉપયોગપૂર્વક ગ્લાન સાધુને ખભા પર બેસાડીને ઉચિત સ્થાને લાવવા યત્ન કરે છે. તે વખતે તે ગ્લાન સાધુ વિષ્ટા કરે છે, આક્રોશાદિ કરે છે, તોપણ 'હું શું કરું કે જેથી આ મહાત્માના સંયમની વૃદ્ધિ થાય ?' આ પ્રકારના વિશુદ્ધ ઉપયોગપૂર્વક આ નંદિષેણમુનિ પ્રવૃત્તિ કરે છે.

ઉપરોક્ત સર્વ પ્રવૃત્તિઓ, ક્રિયાકાળમાં શાસ્ત્રવચન અનુસાર વિધિનો ઉપયોગ, નિમિત્તોથી પર એવું ચિત્ત અને ગ્લાન સાધુની સંયમવૃદ્ધિનો ઉત્તમ અભિલાષ નંદિષેણમુનિને નિર્લેપતાની વૃદ્ધિનું કારણ બને છે. તેથી નંદિષેણમુનિની વૈયાવચ્ચની કે તપની ક્રિયા નિશ્ચયનયને અભિમત નિર્લેપતાના કાર્યને કરનારી હતી, અને તે બતાવવા માટે અહીં કહ્યું કે કોઈક વ્યવહાર નિશ્ચયકાર્યકારી છે. આમ છતાં જે સાધુ સંયમની શુદ્ધ ક્રિયા કરે છે, પરંતુ તે તે ક્રિયાઓ દ્વારા નિર્લેપતાની વિશિષ્ટ પરિણતિ ઉલ્લસિત કરી શકતા નથી, માત્ર

ક્રિયાકાળમાં અશુદ્ધ ભાવોથી આત્માનું રક્ષણ કરી શકે છે, તેઓનો શુદ્ધક્રિયારૂપ વ્યવહાર પરંપરાએ નિશ્ચયનું કારણ હોવા છતાં વર્તમાનમાં સેવાતો વ્યવહાર નિશ્ચયકાર્યકારી નથી.

ટીકામાં નિશ્ચયના બહુમાનનો અર્થ કર્યો કે નિશ્ચયના વિષયમાં શક્તિનું અનિગૂહન, અને જે સ્થાનમાં નિશ્ચયના વિષયમાં યત્ન થઈ શકતો નથી તે સ્થાનમાં દૃઢ પક્ષપાત, એ નિશ્ચયનું બહુમાન છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ ભગવાનના વચનના પરમાર્થને પામેલા છે, તેઓને સ્થિર નિર્ણય છે કે આત્માનો સંપૂર્ણ અસંગભાવનો પરિણામ જ મોક્ષનું કારણ છે, અને તે અસંગભાવની પ્રાપ્તિ માટે એકાગ્રતાપૂર્વક યત્ન કરવાનો છે; આમ છતાં તે સાધુને અસંગભાવને અનુકૂળ પોતાની શક્તિ પ્રગટી નથી, છતાં અસંગભાવની નિષ્પત્તિના બલવાન અભિલાષથી તેના ઉપાયભૂત વ્યવહારમાં યત્ન કરે છે, એવા સાધુ વ્યવહારની ક્રિયાઓ કરે છે, ત્યારે પણ સ્વશક્તિ અનુસાર નિમિત્તોની અસરથી પર થઈને અસંગભાવમાં અવશ્ય યત્ન કરે છે; અને જે અસંગભાવમાં પોતે યત્ન કરી શકે છે, તેમાં શક્તિના પ્રકર્ષથી યત્ન કરીને ઉપરના અસંગભાવમાં દૃઢ પક્ષપાત રાખે છે. તેવા પક્ષપાતપૂર્વક જેઓ સંયમની શુદ્ધ ક્રિયા કરે છે તેવા સાધુઓમાં જે નિશ્ચયનું બહુમાન છે, તે બહુમાન શુદ્ધ ક્રિયા દ્વારા નિશ્ચયના ભાવોને ઉલ્લસિત કરે છે.

ન ચ 'નિશ્ચયોઽપિ' વળી જે સાધુઓ મોક્ષના અર્થી છે અને શાસ્ત્રને ભણીને કે સાંભળીને કંઈક શાસ્ત્રના પદાર્થને સમજ્યા છે, પરંતુ પરમાર્થને પામી શક્યા નથી, તેવા મંદબુદ્ધિવાળા સાધુઓ વિચારે છે કે 'આ વ્યવહારની ક્રિયાઓ શરીરની ક્રિયાઓ છે. આ શરીરની ક્રિયાઓ કરવાથી મોક્ષ થાય નહિ, પરંતુ મોક્ષના અર્થીએ તો નિશ્ચયનયને માન્ય દેહાદિથી ભિન્ન એવા આત્માના ભાવોને પ્રગટ કરવા માટે ઉદ્યમ કરવો જોઈએ.' આવી બુદ્ધિ થવાથી તેઓ સંયમની ક્રિયાઓમાં પોતાની શક્તિને ગોપવે છે અને સંયમની ક્રિયાઓમાં પક્ષપાતને પણ રાખતા નથી. તેવા સાધુઓ વ્યવહારના વિરાધક છે અને વ્યવહારની વિરાધના કરીને નિર્લેપતાની વિચારણામાત્ર કરે છે અને પોતે નિશ્ચયનયના ભાવોને કરે છે તેવું અભિમાનમાત્ર ધારણ કરે છે; પરંતુ તેઓ વડે સ્વીકારાયેલો નિશ્ચયનય પરમાર્થથી નિશ્ચયનય નથી, પણ નિશ્ચય જેવો આભાસમાન ભ્રમાત્મક નિશ્ચયનય છે. તેવો નિશ્ચયનય મોક્ષપ્રાપ્તિ માટે ઉપયોગી નથી; કેમ કે નિશ્ચયના અર્થીએ નિશ્ચયના ઉપાયભૂત વ્યવહારમાં યત્ન કરવો જોઈએ, તેને બદલે વ્યવહારમાં આળસ કરીને તેવા સાધુઓ નિશ્ચયનયના તત્ત્વને પ્રાપ્ત કરી શકતા નથી. આ કથનમાં સાક્ષીરૂપે 'આવશ્યકનિર્યુક્તિ'નું ઉદ્ધરણ બતાવ્યું, તેનો ભાવ આ પ્રમાણે છે –

જેઓ બાહ્યક્રિયા કરવામાં આળસવાળા છે, તેઓ વિશુદ્ધ ચારિત્રવાળા નથી.

તેથી એ પ્રાપ્ત થાય કે બાહ્યક્રિયામાં અપ્રમાદવાળા સાધુઓ નિશ્ચયનયની પ્રાપ્તિમાં યત્ન કરનારા છે, અને બાહ્યક્રિયા દ્વારા જ્યારે ઉપરની ભૂમિકાને પામે છે, ત્યારે નિશ્ચયનયને પ્રધાન કરીને સંયમયોગમાં યત્ન કરે છે. આવા સાધુઓ વિશુદ્ધ ચારિત્રવાળા છે; પરંતુ પોતાની શક્તિ હોવા છતાં જેઓ બાહ્ય યોગોમાં યત્ન કરતા નથી અને મહાધ્યાનરૂપ નિશ્ચયમાં યત્ન કરી શકતા નથી, તેઓ નિશ્ચયથી પણ રહિત છે અને વ્યવહારથી પણ રહિત છે. **॥૪૦॥**

अवतरणिका :-

तदेवं निश्चयत एव सिद्धिरित्यत्र निश्चयस्यैव निश्चयपर्यालोचनायां व्यवहारस्यापि बलादुपनिपातादनैश्चयिकनिश्चयव्यवच्छेदार्थत्वादेवकारस्यास्मदभिमतार्थसिद्धिरेवेत्युक्तम्, अथ च व्यवहारव्यवच्छेदकत्वे एवकारस्यानुक्तिसम्भव एवेत्याह –

અવતરણિકાર્થ :-

તદેવં=આ રીતે=ગાથા-૩૬થી માંડીને ૪૦ સુધી વર્ણન કર્યું એ રીતે, 'નિશ્ચયથી જ સિદ્ધિ છે,' એ પ્રકારના કથનમાં નિશ્ચયની જ નિશ્ચયપર્યાલોચનામાં=નિશ્ચયનયની જ પરમાર્થપર્યાલોચનામાં, વ્યવહારનો પણ બલાત્ ઉપનિપાત થતો હોવાથી 'એવ'કારનું=નિશ્ચયથી જ સિદ્ધિ છે એ કથનમાં વર્તતા 'એવ'કારનું, અનૈશ્ચયિક નિશ્ચયનું વ્યવચ્છેદાર્થપણું હોવાથી=નિશ્ચય જેવા ભાસતા અપ્રમાણિક નિશ્ચયનું વ્યવચ્છેદાર્થપણું હોવાથી, અમારા અભિમત અર્થની સિદ્ધિ જ છે=ગ્રંથકારશ્રીએ ગાથા-૩૯ની ટીકામાં કહ્યું કે 'સદ્વ્યવહારના અવિરોધીપણા વડે જ નિશ્ચયનું હેતુઆદિશુદ્ધપણું છે' એ પ્રકારના ગ્રંથકારશ્રીના અભિમત અર્થની સિદ્ધિ જ છે, એ પ્રમાણે કહેવાયું; અને હવે 'એવ'કારનું=નિશ્ચયથી જ સિદ્ધિ છે એ પ્રકારના વચનમાં વર્તતા 'એવ'કારનું, વ્યવહારવ્યવચ્છેદકપણું હોતે છતે અનુક્તિનો સંભવ જ છે=નિશ્ચયનો કોઈ વિષય નહિ હોવાથી નિશ્ચયનયના વચનની ઉક્તિના અભાવનો સંભવ જ છે, એ પ્રમાણે કહે છે –

❖ અહીં 'तदेवं'નો 'इत्युक्तम्' સાથે સંબંધ છે. તેથી એ પ્રાપ્ત થાય કે ગાથા-૩૬ થી ૪૦ સુધી વર્ણન કર્યું એ રીતે આ કહેવાયું.

❖ 'व्यवहारस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયથી જ સિદ્ધિ છે, એ કથનમાં નિશ્ચયનયને અભિમત અસંગભાવનું તો ગ્રહણ છે, પરંતુ તેના ઉપાયરૂપે વ્યવહારનયની વિશુદ્ધ ક્રિયા બલાત્ પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ :-

ગાથા-૩૬ની અવતરણિકામાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે પૂર્વપક્ષી દ્વારા 'નિશ્ચયથી જ સિદ્ધિ છે,' એ પ્રમાણે જે કહેવાયું તેના વિષયમાં અમે કહીએ છીએ. ત્યારપછી ગાથા-૩૬થી ૪૦ સુધી પૂર્વપક્ષીના કથનમાં જે ગ્રંથકારશ્રીને કહેવું હતું, તેનું સ્પષ્ટીકરણ કર્યું, અને એ સ્પષ્ટીકરણથી શું કહેવાયું તે બતાવે છે –

'નિશ્ચયથી જ સિદ્ધિ છે' એ પ્રકારના પૂર્વપક્ષીના કથનમાં નિશ્ચયનયનો પરમાર્થ વિચારવામાં આવે તો વ્યવહારનય બલાત્ પ્રાપ્ત થાય છે; કેમ કે હેતુ, સ્વરૂપ અને અનુબંધથી શુદ્ધ એવો જે નિશ્ચયનય છે એ જ પરમાર્થથી નિશ્ચયનય છે, અને આ નિશ્ચયનયથી સાધ્યની સિદ્ધિ થાય છે.

વળી, 'નિશ્ચયથી જ સિદ્ધિ છે' એ વચન દ્વારા નિશ્ચયના હેતુરૂપે વ્યવહારનયની પ્રાપ્તિ છે. તેથી નિશ્ચયથી જ સિદ્ધિ છે એ વચનમાં રહેલા 'એવ'કારથી હેતુ, સ્વરૂપ અને અનુબંધથી વિકલ એવો વાણીમાત્ર

રૂપ જે નિશ્ચયનય છે તેનો વ્યવચ્છેદ થાય છે અર્થાત્ હેતુ, સ્વરૂપ અને અનુબંધશુદ્ધ એવા નિશ્ચયનયથી જ સાધ્યની સિદ્ધિ છે, પરંતુ હેતુ, સ્વરૂપ અને અનુબંધથી વિકલ એવા નિશ્ચયનયથી સાધ્યની સિદ્ધિ નથી, એ પ્રકારનો 'એવ'કારનો અર્થ પ્રાપ્ત થાય છે. તેથી ગાથા-૩૯માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે સદ્વ્યવહારના અવિરોધીપણારૂપે નિશ્ચયનય હેતુઆદિશુદ્ધ છે, એ ગ્રંથકારશ્રીનો અભિમત અર્થ સિદ્ધ થાય છે.

હવે 'નિશ્ચયથી જ સિદ્ધિ છે' એ કથનમાં 'એવ'કારનો અર્થ ઉપરોક્ત ન કરવામાં આવે, અને કહેવામાં આવે કે 'વ્યવહારથી સિદ્ધિ નથી નિશ્ચયથી જ સિદ્ધિ છે' તો અનુક્તિનો સંભવ છે અર્થાત્ જેમ 'શશશૃંગ બહુ સુંદર છે' તેમ કોઈ કહે તો તે વચનના વિષયભૂત શશશૃંગ જગતમાં નહિ હોવાથી 'શશશૃંગ બહુ સુંદર છે' એ વચનના કથનનો અસંભવ પ્રાપ્ત થાય; તેમ 'વ્યવહાર વગર નિશ્ચયથી જ સિદ્ધિ છે' એમ કોઈ કહે તો તે વચનનો વિષયભૂત નિશ્ચયના હેતુ વ્યવહાર વગરનો નિશ્ચયનય જગતમાં નહિ હોવાથી 'વ્યવહારથી સિદ્ધિ નથી નિશ્ચયથી સિદ્ધિ છે' એ વચનના કથનનો અસંભવ પ્રાપ્ત થાય, એ પ્રમાણે પ્રસ્તુત ગાથામાં કહે છે –

ગાથા :-

णिच्छयववहाराणं, रूवं अण्णुण्णसमणुविद्धं तु ।
णिच्छयओ च्चिय सिद्धी, ता कह वुत्तुं हवइ जुत्तं ।।४१।।

અન્વયાર્થ :-

णिच्छयववहाराणं रूवं=નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ, अण्णुण्णसमणुविद्धं तु=અન્યોન્ય સમનુવિદ્ધ જ છે, ता=તે કારણથી, णिच्छयओ च्चिय सिद्धी=નિશ્ચયથી જ સિદ્ધિ છે (એ પ્રમાણે), कह=કેવી રીતે, वुत्तुं=કહેવાને, जुत्तं हवइ=યુક્ત થાય ? ।।૪૧।।

ગાથાર્થ :-

નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ અન્યોન્ય સમનુવિદ્ધ જ છે; તે કારણથી 'નિશ્ચયથી જ સિદ્ધિ છે' એ પ્રમાણે કેવી રીતે કહેવાને યુક્ત થાય ? ।।૪૧।।

ટીકા :-

'णिच्छय'त्ति । निश्चयव्यवहारयोः रूपं=स्वरूपं, अन्योन्यसमनुविद्धं तु, तुः-एवकारार्थः, अन्योन्यसमनुविद्धमेव, व्यवहारे शुद्धक्रियारूपे स्थानार्थाद्यालम्बनभावरूपनिश्चयसम्बन्धस्य शुद्धात्मतत्त्वविवेकलक्षणे निश्चये च शुभयोगप्रवृत्तिरूपद्रव्यक्रियाव्यवहारसम्बन्धस्य नियतत्वात्, तत्=तस्मात्, निश्चयत एव सिद्धिरिति कथं वक्तुं युक्तं भवति ?, अन्योन्यसमनुविद्धानामेकाभावेऽन्याभावस्याप्यावश्यकत्वाद् व्यवहाराभावे निश्चयस्याप्यभावात् ।।४१।।

ટીકાર્થ :-

निश्चयव्यवहारयोः ..... निश्चयस्याप्यभावात् ।। નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ અન્યોન્ય સમનુવિદ્ધ જ છે=દ્રવ્ય અને પર્યાય જેમ પરસ્પર સંલગ્ન છે, તેમ નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ પરસ્પર સંલગ્ન જ છે; કેમ કે શુદ્ધક્રિયારૂપ વ્યવહારમાં, સ્થાનરૂપ અર્થાદિના આલંબનથી પ્રગટ થતા ભાવરૂપ નિશ્ચયસંબંધનું નિયતપણું છે; અને શુદ્ધ આત્મતત્ત્વવિવેકરૂપ નિશ્ચયમાં, શુભયોગપ્રવૃત્તિરૂપ દ્રવ્યક્રિયાસ્વરૂપ વ્યવહારસંબંધનું નિયતપણું છે. તે કારણથી નિશ્ચયથી જ સિદ્ધિ છે, એ પ્રમાણે કેવી રીતે કહેવું યુક્ત થાય ? અર્થાત્ થાય નહિ; કેમ કે અન્યોન્ય સમનુવિદ્ધ એવા પદાર્થોમાં એકનો અભાવ હોતે છતે અન્યના અભાવનું પણ આવશ્યકપણું હોવાને કારણે વ્યવહારના અભાવમાં નિશ્ચયનો પણ અભાવ છે. ।।૪૧।।

❖ 'अन्योन्यसमनुविद्धानामेकाभावेऽन्याभावस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે અન્યોન્ય સમનુવિદ્ધ એવા પદાર્થોમાં જે કોઈ એકનો અભાવ છે તેનો અભાવ તો પ્રાપ્ત થાય, પરંતુ અન્યનો અભાવ પણ સ્વીકારવો આવશ્યક છે.

❖ 'निश्चयस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારના અભાવમાં વ્યવહારનો તો અભાવ છે, પરંતુ નિશ્ચયનો પણ અભાવ છે.

ભાવાર્થ :-

જગતમાં દ્રવ્ય અને પર્યાય પરસ્પર સમનુવિદ્ધ છે, તેથી કોઈ પદાર્થ કેવલ દ્રવ્યરૂપ નથી કે કેવલ પર્યાયરૂપ નથી, પરંતુ જે કોઈ પદાર્થો છે તે સર્વ પદાર્થો દ્રવ્ય-પર્યાય ઉભયરૂપ છે. તેની જેમ જ દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ પણ અન્યોન્ય સમનુવિદ્ધ છે, તેથી જે કોઈ દ્રવ્યસ્તવ છે તે ભાવસ્તવથી અનુવિદ્ધ છે અને જે કોઈ ભાવસ્તવ છે તે દ્રવ્યસ્તવથી અનુવિદ્ધ છે. તે રીતે નિશ્ચયનય અને વ્યવહારનય પણ પરસ્પર અનુવિદ્ધ જ છે. તેથી વ્યવહારનયનો સર્વથા ત્યાગ કરીને નિશ્ચયનયની પ્રાપ્તિ નથી અને નિશ્ચયનયનો સર્વથા ત્યાગ કરીને વ્યવહારનયની પ્રાપ્તિ નથી.

કઈ રીતે વ્યવહારનયમાં નિશ્ચયનય સમનુવિદ્ધ છે, તે બતાવે છે –

કોઈક સાધક મોક્ષ અર્થે શાસ્ત્રાનુસારી શુદ્ધ ક્રિયારૂપ વ્યવહારનું સેવન કરતા હોય ત્યારે ચૈત્યવંદનાદિ કોઈક અનુષ્ઠાનો કરતા હોય છે, અને તે અનુષ્ઠાનકાળમાં સ્થાનયોગ, ઉર્ણયોગ, અર્થયોગ, આલંબનયોગ અને નિરાલંબનયોગ એ પાંચે યોગોમાંથી કોઈક એક બે આદિના ઉપયોગવાળા હોય, તોપણ તે સ્થાનાદિયોગકાળમાં વર્તતો જે ભાવ છે તે નિશ્ચયનયને અભિમત પરિણામ છે; કેમ કે ચૈત્યવંદનકાળમાં ચોક્કસ આસન આદિની ક્રિયામાત્ર સ્થાનયોગ નથી, પરંતુ મોક્ષને અનુકૂળ એવા ભાવોથી અનુવિદ્ધ આસનાદિ સ્થાનયોગ છે. તેથી ક્રિયામાં વર્તતા સ્થાનાદિયોગરૂપ જે ભાવ આત્મામાં પ્રગટે છે તે ભાવ ભગવાનના ગુણોને અવલંબીને વીતરાગતા તરફ જનારો જીવનો પરિણામ છે. તેથી તે ભાવ નિશ્ચયનયને મોક્ષના કારણરૂપે અભિમત છે. માટે ક્રિયાકાળમાં વર્તતો સ્થાનયોગાદિરૂપ પરિણામ નિશ્ચયનયસ્વરૂપ છે.

વળી જે ક્રિયામાં સ્થાનાદિયોગનો લેશ પણ યત્ન ન હોય તે ક્રિયા શુદ્ધક્રિયા નથી; કેમ કે નિશ્ચયનયના સ્પર્શ વગરની હોવાથી પરમાર્થથી તે ધર્મક્રિયા નથી, અને તે ક્રિયાને વ્યવહારનય પણ મોક્ષનું કારણ સ્વીકારતો નથી. તેથી સંસારની અન્ય ક્રિયા સદૃશ તે ચૈત્યવંદનાદિની ક્રિયા છે; અને જે ચૈત્યવંદનાદિ ક્રિયામાં સ્થાનાદિયોગનો કંઈક અંશ છે, તે અંશથી તે ક્રિયા મોક્ષને અનુકૂળ એવા ભાવથી અનુવિદ્ધ છે. તેથી વ્યવહારનયને અભિમત એવી સર્વ ક્રિયાઓ નિશ્ચયનયને અભિમત એવા પરિણામથી અનુવિદ્ધ હોય છે.

વળી જેમ શુદ્ધ ક્રિયારૂપ વ્યવહારમાં નિશ્ચયનય અનુવિદ્ધ છે, તેમ શુદ્ધ આત્મતત્ત્વવિવેકરૂપ નિશ્ચયમાં શુભયોગપ્રવૃત્તિરૂપ દ્રવ્યક્રિયાસ્વરૂપ વ્યવહારનો સંબંધ છે.

આશય એ છે કે સર્વ કર્મોથી રહિત એવા શુદ્ધ આત્મસ્વરૂપમાં તન્મયભાવ થવું, તે નિશ્ચયનયને અભિમત મોક્ષને અનુકૂળ પરિણામ છે; કેમ કે સંસારવર્તી જીવો કર્મથી અનુવિદ્ધ હોવા છતાં સર્વકર્મથી રહિત એવા શુદ્ધ આત્માના સ્વરૂપમાં ઉપયુક્ત થઈને દૃઢ યત્ન કરે તો પોતાનો શુદ્ધ આત્મા પ્રગટ થાય છે. તેથી અશુદ્ધ આત્માથી શુદ્ધ આત્માના ભેદની ઉપસ્થિતિ કરીને ધ્યાન દ્વારા તેને પ્રગટ કરવા માટેના યત્નને નિશ્ચયનય મોક્ષનું કારણ કહે છે; અને આ પ્રકારના નિશ્ચયનયમાં યત્ન કરનારા યોગીઓ પણ સંયમને અનુકૂળ વિશુદ્ધ ભિક્ષાચર્યા, સમિતિપૂર્વકનું ગમન અને ઉચિત વિધિપૂર્વક મળમૂત્રાદિનું પરિષ્ઠાપન કરે છે, તે સર્વ ક્રિયાઓ શુભયોગની પ્રવૃત્તિ છે, અને આ શુભયોગની પ્રવૃત્તિને વ્યવહારનય મોક્ષનું કારણ કહે છે; અને પ્રધાનરૂપે નિશ્ચયમાં યત્ન કરનારા યોગીઓ પણ આ શુભયોગની પ્રવૃત્તિઓ કરે છે, તેથી તેઓની પ્રવૃત્તિઓમાં નિશ્ચય પ્રધાન હોવા છતાં ગૌણરૂપે વ્યવહાર અનુવિદ્ધ છે. આથી તીર્થંકરો દીક્ષા લીધા પછી ધ્યાનયોગમાં વર્તતા હોવાથી નિશ્ચયની ભૂમિકાને પામેલા છે, તોપણ સંયમને અનુકૂળ શુદ્ધ ભિક્ષાચર્યામાં અને શુદ્ધ પારિષ્ઠાપનિકાદિ ક્રિયામાં યત્ન કરે છે, તે રૂપ દ્રવ્યક્રિયા નિશ્ચય સાથે અનુવિદ્ધ છે. તેથી પ્રધાનરૂપે નિશ્ચયમાં યત્ન કરનારા યોગીઓની પ્રવૃત્તિ પણ વ્યવહારથી અનુવિદ્ધ છે.

આનાથી એ ફલિત થયું કે વ્યુત્થાનદશામાં રહેલા યોગીઓ વ્યવહારનું સેવન કરે છે ત્યારે તેઓનું વ્યવહારનું સેવન ગૌણરૂપે નિશ્ચયથી અનુવિદ્ધ છે, અને ધ્યાનદશાને પામેલા યોગીઓ ભેદજ્ઞાનમાં ઉપયુક્ત હોય છે ત્યારે પણ તેઓનું ધ્યાન ગૌણરૂપે શુભયોગની પ્રવૃત્તિરૂપ વ્યવહારથી અનુવિદ્ધ છે. તેથી નિશ્ચયથી જ સિદ્ધિ છે અર્થાત્ વ્યવહારનિરપેક્ષ નિશ્ચયથી સિદ્ધિ છે તેમ કહી શકાય નહિ; કેમ કે પરસ્પર અનુવિદ્ધ એવા પદાર્થોમાં એકનો અભાવ હોય તો અન્યનો પણ અભાવ અવશ્ય પ્રાપ્ત થાય. જેમ દ્રવ્ય અને પર્યાય અન્યોન્ય અનુવિદ્ધ છે, તો દ્રવ્યનો અભાવ હોય તો પર્યાયનો પણ અભાવ પ્રાપ્ત થાય. તેમ જે ધર્મની પ્રવૃત્તિમાં વ્યવહારનયની આચરણાનો સર્વથા અભાવ હોય તે ધર્મની પ્રવૃત્તિમાં નિશ્ચયનયની આચરણાનો પણ સર્વથા અભાવ પ્રાપ્ત થાય. તેથી નિશ્ચયથી જ સિદ્ધિ છે, એમ માનીને વ્યવહારના અપલાપપૂર્વક જે શુદ્ધ આત્મતત્ત્વની વિચારણાઓ કરાય છે, તે આચરણાઓ નિશ્ચયનયથી કે વ્યવહારનયથી મોક્ષનું કારણ નથી, માત્ર સ્વકલ્પનાથી મોક્ષનું કારણ છે. માટે 'વ્યવહારનિરપેક્ષ નિશ્ચયથી જ સિદ્ધિ છે,' એ વચન અસંબદ્ધ છે. **॥૪૧॥**

અવતરણિકા :-

એતદેવાહ –

અવતરણિકાર્થ :-

આને જ=પૂર્વગાથામાં કહ્યું કે અન્યોન્ય સમનુવિદ્ધ પદાર્થોમાં એકનો અભાવ હોતે છતે અન્યનો અભાવ પ્રાપ્ત થાય એને જ, કહે છે –

ગાથા :-

जह दुद्धपाणियाणं, एगाभावेऽवरस्स णो सत्ता ।
णिच्छयववहाराणं, तह संबद्धाण अण्णुण्णं ।।४२।।

અન્વયાર્થ :-

जह=જે પ્રમાણે, दुद्धपाणियाणं=દૂધ અને પાણીમાં, एगाभावे=એકનો અભાવ હોતે છતે, अवरस्स सत्ता=અપરની સત્તા, णो=નથી, तह=તે પ્રમાણે, अण्णुण्णं संबद्धाण णिच्छयववहाराणं=અન્યોન્ય સંબંધવાળા નિશ્ચય અને વ્યવહારમાં એકનો અભાવ હોતે છતે અપરની સત્તા નથી. ।।૪૨।।

ગાથાર્થ :-

જે પ્રમાણે દૂધ અને પાણીમાં એકનો અભાવ હોતે છતે અપરની સત્તા નથી, તે પ્રમાણે અન્યોન્ય સંબંધવાળા નિશ્ચય અને વ્યવહારમાં એકનો અભાવ હોતે છતે અપરની સત્તા નથી. ।।૪૨।।

ટીકા :-

'जह'त्ति । यथा दुग्धपानीययोर्मिथःसंवलितयोरेकाभावेऽपरस्याप्यभाव इति नो सत्ता, मिश्रिताभावस्योभयाभावनियतत्वात्, तथा निश्चयव्यवहारयोरन्योऽन्यसंबद्धयोरेकाभावेऽपरस्याप्यभाव इति ।।४२।।

ટીકાર્થ :-

यथा दुग्धपानीय ..... परस्याप्यभाव इति ।। જે પ્રમાણે પરસ્પર સંવલિત એવા દૂધ અને પાણીમાં એકનો અભાવ હોતે છતે અપરનો પણ અભાવ છે, એથી સત્તા નથી=બંનેની સત્તા નથી; કેમ કે મિશ્રિતઅભાવનું=મિશ્રિત થયેલા દૂધ અને પાણીના અભાવનું, ઉભયઅભાવ સાથે નિયતપણું છે, તે પ્રમાણે અન્યોન્ય સંબંધવાળા નિશ્ચય અને વ્યવહારમાં એકનો અભાવ હોતે છતે અપરનો પણ અભાવ છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૪૨।।

❖ 'अपरस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે પરસ્પર સંવલિત એવા દૂધ અને પાણીમાંથી જે કોઈ એકનો અભાવ કરવામાં આવે તો અન્યનો પણ અભાવ પ્રાપ્ત થાય.

ભાવાર્થ :-

દૂધ અને પાણી પરસ્પર મિશ્રિત થઈ ચૂકેલા હોય ત્યારે એકનો અભાવ કરવા માટે યત્ન કરવામાં આવે તો તેની સાથે સંવલિત એવા અન્યનો પણ અભાવ પ્રાપ્ત થાય; કેમ કે મિશ્રિત ભાવોનો અભાવ ઉભયના અભાવ સાથે નિયત છે, પરંતુ તે બેનો પૃથક્ અભાવ કરી શકાય નહિ; તેમ અન્યોન્ય સંબદ્ધ એવા નિશ્ચય અને વ્યવહારમાંથી કોઈ એકનો સર્વથા અભાવ કરવામાં આવે તો અન્યનો પણ અભાવ પ્રાપ્ત થાય. તે આ રીતે –

કોઈ સાધક વ્યવહારની ક્રિયા કરે, પરંતુ નિશ્ચયનયને અભિમત એવા મોક્ષને અનુકૂળ ભાવોમાં લેશ પણ યત્ન ન કરે તો તે વ્યવહારની આચરણા મોક્ષનું કારણ ન બને. તેથી તે વ્યવહારની ક્રિયા વ્યવહારધર્મ નથી, પરંતુ સંસારની અન્ય ક્રિયા તુલ્ય છે.

વળી કોઈ સાધક નિશ્ચયનયને અભિમત ભેદજ્ઞાનમાં યત્ન કરે, પરંતુ વ્યવહારની શુદ્ધ આચરણાઓ સર્વથા ન કરે તો તેઓની નિશ્ચયની ક્રિયા શુદ્ધ આત્માના આવિર્ભાવનું કારણ બનતી નથી, તેથી મોક્ષનું કારણ નથી. માટે સર્વથા વ્યવહારનિરપેક્ષ નિશ્ચયની આચરણા નિશ્ચયધર્મ નથી, પરંતુ શબ્દમાત્રરૂપ છે. **॥૪૨॥**

અવતરણિકા :-

ननु व्यवहारे निश्चयस्य निश्चये च व्यवहारस्य गौणभावेन सत्त्वेऽपि प्राधान्येन सत्त्वं नास्तीति प्राधान्येनानयोरन्योन्यासंबद्धत्वमस्तीत्यत आह –

અવતરણિકાર્થ :-

'ननु'થી પૂર્વપક્ષી કહે છે : વ્યવહારમાં=વ્યવહારનયની આચરણામાં, નિશ્ચયનું=નિશ્ચયનયની આચરણાનું, અને નિશ્ચયમાં=શુદ્ધ આત્મતત્ત્વના વિવેકસ્વરૂપ નિશ્ચયનયની પ્રવૃત્તિમાં, વ્યવહારનું= શુભયોગપ્રવૃત્તિરૂપ વ્યવહારક્રિયાનું, ગૌણરૂપે સત્ત્વ હોવા છતાં પ્રધાનપણારૂપે સત્ત્વ નથી=નિશ્ચયનયની આચરણામાં વ્યવહારનયની આચરણાનું અને વ્યવહારનયની આચરણામાં નિશ્ચયનયની આચરણાનું ગૌણરૂપે સત્ત્વ હોવા છતાં પ્રધાનપણારૂપે સત્ત્વ નથી. એથી પ્રધાનપણારૂપે આ બેનું=નિશ્ચયનયની આચરણાનું અને વ્યવહારનયની આચરણાનું, પરસ્પર અસંબદ્ધપણું છે. એથી કહે છે –

❖ 'सत्त्वेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારમાં નિશ્ચયનું અને નિશ્ચયમાં વ્યવહારનું ગૌણરૂપે સત્ત્વ ન હોય તો તો પ્રધાનરૂપે નિશ્ચયમાં વ્યવહારનું અને વ્યવહારમાં નિશ્ચયનું સત્ત્વ નથી, પરંતુ ગૌણરૂપે સત્ત્વ હોવા છતાં પણ નિશ્ચયમાં પ્રધાનરૂપે વ્યવહારનું અને વ્યવહારમાં પ્રધાનરૂપે નિશ્ચયનું સત્ત્વ નથી.

ભાવાર્થ :-

ગાથા-૪૧માં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે શુદ્ધ ક્રિયારૂપ વ્યવહારમાં નિશ્ચયનો સંબંધ નિયત

છે અને શુદ્ધ આત્મતત્ત્વવિવેકરૂપ નિશ્ચયમાં શુભયોગપ્રવૃત્તિરૂપ વ્યવહારનો સંબંધ નિયત છે. માટે ગૌણ-મુખ્યભાવરૂપે સર્વત્ર નિશ્ચય અને વ્યવહાર અન્યોન્ય અનુવિદ્ધ છે. તેથી વ્યવહારના વ્યવચ્છેદક એવા નિશ્ચયથી જ સિદ્ધિ છે તેમ કહી શકાય નહિ. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે વ્યવહારનયની આચરણામાં ગૌણરૂપે નિશ્ચયનયનો સંબંધ છે; પરંતુ મુખ્યરૂપે નિશ્ચયનયનો સંબંધ નથી; અને શુદ્ધ આત્મતત્ત્વવિવેકરૂપ નિશ્ચયની પ્રવૃત્તિમાં ગૌણરૂપે વ્યવહારનયનો સંબંધ છે, પરંતુ મુખ્યરૂપે વ્યવહારનયનો સંબંધ નથી. તેથી પ્રધાનરૂપે નિશ્ચયનય અને વ્યવહારનયનું અસંબદ્ધપણું છે; અને જે પ્રવૃત્તિમાં મુખ્યરૂપે નિશ્ચય હોય તે નિશ્ચયથી જ સિદ્ધિ છે, પરંતુ જે પ્રવૃત્તિમાં નિશ્ચય ગૌણ અને વ્યવહાર મુખ્ય હોય તે પ્રવૃત્તિથી સિદ્ધિ નથી. તે અર્થ બતાવવા માટે નિશ્ચયથી જ સિદ્ધિ છે, એ પ્રકારનું અમારું તાત્પર્ય છે, તેમ પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

શુદ્ધક્રિયારૂપ વ્યવહારમાં ગૌણરૂપે વર્તતા નિશ્ચયનું અને શુદ્ધઆત્મતત્ત્વના વિવેકરૂપ નિશ્ચયમાં ગૌણરૂપે વર્તતા વ્યવહારનું સંક્ષેપ સ્વરૂપ :-

પ્રધાનરૂપ વ્યવહારમાં ગૌણરૂપે નિશ્ચય અનુવિદ્ધ છે.

A

પ્રધાનરૂપે વ્યવહારનય

૧. પ્રધાન વ્યવહારનય શુદ્ધક્રિયારૂપ છે.

૪. ગૌણ નિશ્ચયનય સ્થાનાદિયોગરૂપ ભાવ છે.

પ્રધાનરૂપ નિશ્ચયમાં ગૌણરૂપે વ્યવહાર અનુવિદ્ધ છે.

B

પ્રધાનરૂપે નિશ્ચયનય

૨. પ્રધાન નિશ્ચયનય શુદ્ધ આત્મતત્ત્વ-વિવેકરૂપ છે.

૩. ગૌણ વ્યવહારનય શુભયોગની પ્રવૃત્તિરૂપ દ્રવ્યક્રિયા છે.

❖ A રાઉન્ડમાં નં. ૧ અને નં. ૪ આ બન્ને પ્રધાન-ગૌણરૂપે અનુવિદ્ધ છે.

❖ B રાઉન્ડમાં નં. ૨ અને નં. ૩ આ બન્ને પ્રધાન-ગૌણરૂપે અનુવિદ્ધ છે,

પરંતુ

❖ 'A' અને 'B' બન્ને પરસ્પર પ્રધાનરૂપે અસંબદ્ધ છે.

ગાથા :-

जइ वि पुहब्भावो सिं, पाहण्णमविक्ख भूमिभेएणं ।
णियणियफलसिद्धिं पइ, तह वि ण दुण्हं पि पडिबंधो ।।४३।।

અન્વયાર્થ :-

જઇ વિ=જોકે, ભૂમિભેએણં=ભૂમિકાના ભેદથી=વ્યવહારનયની અને નિશ્ચયનયની આચરણાને અનુરૂપ જીવની ભૂમિકાના ભેદથી, પાહણ્ણમવિક્ખ=પ્રાધાન્યની અપેક્ષા રાખીને=વ્યવહારનયની ભૂમિકામાં વ્યવહાર પ્રધાન છે, નિશ્ચયનયની ભૂમિકામાં નિશ્ચય પ્રધાન છે એ રૂપ પ્રાધાન્યની અપેક્ષા રાખીને, પુહત્ભાવો સિં=પૃથગ્ભાવ છે=નિર્જરારૂપ ફળસિદ્ધિ પ્રત્યે નિશ્ચયનયનો અને વ્યવહારનયનો પૃથગ્ભાવ છે, તહ વિ=તોપણ, णियणियफलसिद्धिं पइ=નિજ નિજ ફલસિદ્ધિ પ્રત્યે=સ્વસ્વઉચિત નિર્જરાજનનરૂપ ફલસિદ્ધિ પ્રત્યે, दुण्हं पि पडिबंधो ण=બન્નેનો પણ પ્રતિબંધ નથી=બન્નેમાંથી કોઈપણ એક દ્વારા અન્યનો નિષેધ નથી. ।।૪૩।।

ગાથાર્થ :-

જોકે વ્યવહારનયની અને નિશ્ચયનયની આચરણાને અનુરૂપ જીવની ભૂમિકાના ભેદથી વ્યવહારનયની ભૂમિકામાં વ્યવહાર પ્રધાન છે, નિશ્ચયનયની ભૂમિકામાં નિશ્ચય પ્રધાન છે, એ રૂપ પ્રાધાન્યની અપેક્ષા રાખીને નિર્જરારૂપ ફળસિદ્ધિ પ્રત્યે નિશ્ચયનયનો અને વ્યવહારનયનો પૃથગ્ભાવ છે, તોપણ સ્વસ્વઉચિત નિર્જરાજનનરૂપ ફળસિદ્ધિ પ્રત્યે બંનેમાંથી કોઈપણ એક દ્વારા અન્યનો નિષેધ નથી. ।।૪૩।।

ટીકા :-

'जइ वि'त्ति । यद्यपि अनयोः=निश्चयव्यवहारयोः, प्राधान्यमपेक्ष्य भूमिकाभेदेन=व्युत्थान-ध्यानदशाभेदेन, पृथग्भावोऽस्ति, व्यवहारदशायां भावनानुप्रेक्षादिलक्षणभावसत्त्वेऽपि ध्यानरूप-निश्चयस्यैवानुत्थानान्निश्चयदशायां च ध्यानलक्षणायां व्युत्थानरूपतयैव व्यवहारस्यानवकाशात्, तथापि निजनिजफलसिद्धिं प्रति=स्वस्वोचितकार्यनिष्पत्तिं प्रति, द्वयोरपि न प्रतिबन्धः, निश्चयेनेव व्यवहारेणापि स्वोचितनिर्जराजननाविशेषात्, तथा च निश्चयत एव सिद्धिरिति रिक्तं वचः ।।४३।।

ટીકાર્થ :-

यद्यपि 'अनयोः' ..... रिक्तं वचः ।। જોકે ભૂમિકાના ભેદથી=વ્યુત્થાનદશા અને ધ્યાનદશારૂપ ભૂમિકાના ભેદથી, આ બન્નેના=નિશ્ચય અને વ્યવહાર એ બન્નેના, પ્રાધાન્યની અપેક્ષા રાખીને પૃથગ્ભાવ છે=નિશ્ચયનયની આચરણાનો અને વ્યવહારનયની આચરણાનો પૃથગ્ભાવ છે; કેમ કે વ્યવહારદશામાં=વ્યવહારનયની આચરણાને અનુકૂળ એવી વ્યુત્થાનદશામાં, ભાવના અને અનુપ્રેક્ષાદિ સ્વરૂપ ભાવ હોવા છતાં પણ=ભાવના અને અનુપ્રેક્ષાદિ સ્વરૂપ નિશ્ચયનયને અભિમત મોક્ષને અનુકૂળ ભાવ હોવા છતાં પણ, ધ્યાનરૂપ નિશ્ચયનું જ અનુત્થાન છે=ધ્યાનની પ્રધાનતાવાળા નિશ્ચયનયનો અભાવ છે, અને ધ્યાનદશારૂપ નિશ્ચયદશામાં વ્યુત્થાનરૂપપણા વડે જ વ્યવહારનયનો અનવકાશ છે=વ્યુત્થાનરૂપપણા વડે જ સેવાતી વ્યવહારની આચરણાનો અનવકાશ છે=નિશ્ચયદશામાં

સેવાતી વ્યવહારની આચરણાનો અવકાશ હોવા છતાં પણ વ્યુત્થાનદશામાં સેવાતી વ્યવહારની આચરણાનો અનવકાશ છે, તોપણ નિજ નિજ ફળની સિદ્ધિ પ્રત્યે=સ્વસ્વઉચિત નિર્જરારૂપ કાર્યની નિષ્પત્તિ પ્રત્યે, બન્નેને પણ=વ્યવહારનયની આચરણા અને નિશ્ચયનયની આચરણારૂપ બંનેને પણ, પ્રતિબંધ નથી=નિષેધ નથી=નિશ્ચયનયની આચરણા નિર્જરારૂપ ફળ પ્રત્યે કારણ નથી તેમ વ્યવહારનય કહેતો નથી, અને વ્યવહારનયની આચરણા નિર્જરારૂપ ફળ પ્રત્યે કારણ નથી તેમ નિશ્ચયનય કહેતો નથી; કેમ કે નિશ્ચયનયની જેમ વ્યવહારનય વડે પણ સ્વઉચિત નિર્જરાજનન અવિશેષ છે; અને તે રીતે=સ્વસ્વઉચિત નિર્જરારૂપ કાર્યની નિષ્પત્તિ પ્રત્યે નિશ્ચય અને વ્યવહાર બન્નેને પણ પ્રતિબંધ નથી તે રીતે, નિશ્ચયથી જ સિદ્ધિ છે=વ્યવહારથી સિદ્ધિ નથી, પણ નિશ્ચયથી જ સિદ્ધિ છે, એ પ્રકારનું રિક્ત વચન છે=નિરર્થક વચન છે. ॥૪૩॥

❖ 'भावनानुप्रेक्षादिलक्षणभावसत्त्वेऽपि'માં 'आदि'પદથી ધર્મકથાનું ગ્રહણ કરવું, અને 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારદશામાં ભાવના-અનુપ્રેક્ષાદિરૂપ ભાવવિશેષ ન હોય તો તો ધ્યાનરૂપ નિશ્ચયનું અનુત્થાન છે, પરંતુ ભાવના-અનુપ્રેક્ષાદિરૂપ ભાવ હોવા છતાં પણ ધ્યાનરૂપ નિશ્ચયનું જ અનુત્થાન છે.

❖ 'द्वयोरपि'માં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારનય તો નિશ્ચયનયનો નિષેધ કરતો નથી, પરંતુ નિશ્ચય અને વ્યવહાર બન્ને પણ એકબીજાનો નિષેધ કરતા નથી.

❖ 'व्यवहारेणापि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયથી તો સ્વઉચિત નિર્જરાનું જનન છે, પરંતુ વ્યવહારનયથી પણ સ્વઉચિત નિર્જરાનું જનન અવિશેષ છે.

ભાવાર્થ :-

અવતરણિકામાં પૂર્વપક્ષીએ કહેલ કે નિશ્ચય અને વ્યવહાર બન્ને પરસ્પર પ્રધાનરૂપે અસંબદ્ધ છે, અને તેના દ્વારા પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે પ્રધાન એવો નિશ્ચયનય મોક્ષનું કારણ છે, પરંતુ પ્રધાન એવો વ્યવહારનય મોક્ષનું કારણ નથી. આમ બતાવીને એ સ્થાપન કરવું છે કે નિશ્ચયથી જ સિદ્ધિ છે એ વચન દ્વારા પ્રધાન એવા નિશ્ચયનયથી જ સિદ્ધિ છે, પરંતુ પ્રધાન એવા વ્યવહારનયથી સિદ્ધિ નથી. તેથી નિશ્ચયથી જ સિદ્ધિ છે એ કથનમાં 'एव'કારથી પ્રધાનરૂપે પ્રવર્તતા વ્યવહારનયનો નિષેધ પ્રાપ્ત થાય છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

વ્યુત્થાનદશારૂપ વ્યવહારનય છે અને ધ્યાનદશારૂપ નિશ્ચયનય છે, એ પ્રકારનો નિશ્ચયનયની અને વ્યવહારનયની ભૂમિકાનો ભેદ છે. વળી વ્યુત્થાનદશા અને ધ્યાનદશાના પ્રાધાન્યની અપેક્ષાએ નિશ્ચયનય અને વ્યવહારનયનો પૃથગ્ભાવ છે; કેમ કે વ્યુત્થાનદશાવાળી વ્યવહારદશામાં ભાવના, અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ મોક્ષને અનુકૂળ ભાવો હોવા છતાં પણ ધ્યાનરૂપ નિશ્ચયદશા નથી, અને ધ્યાનરૂપ નિશ્ચયદશામાં શુભયોગપ્રવૃત્તિરૂપ દ્રવ્યક્રિયાસ્વરૂપ વ્યવહારનયની આચરણા હોવા છતાં વ્યુત્થાનદશાકાલવર્તી વ્યવહારની આચરણા નથી, તોપણ નિશ્ચયનય સ્વઉચિત નિર્જરાને કરે છે અને વ્યવહારનય સ્વઉચિત નિર્જરાને કરે છે. તેથી વ્યવહારનયની આચરણાથી પણ નિર્જરા થાય છે અને નિશ્ચયનયની આચરણાથી પણ નિર્જરા થાય છે. તેથી વ્યવહારનય પણ સ્વભૂમિકા અનુરૂપ નિર્જરા કરાવીને મોક્ષનું કારણ છે અને નિશ્ચયનય

પણ સ્વભૂમિકા અનુરૂપ નિર્જરા કરાવીને મોક્ષનું કારણ છે. માટે નિશ્ચયથી જ સિદ્ધિ છે, એમ કહીને વ્યવહારથી સિદ્ધિ નથી, તેમ સ્થાપન કરી શકાય નહિ.

અહીં કહ્યું કે વ્યવહારદશામાં ભાવના-અનુપ્રેક્ષાદિરૂપ ભાવ હોવા છતાં ધ્યાનરૂપ નિશ્ચયનો અભાવ છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે વ્યુત્થાનદશાવાળા સાધુઓ શાસ્ત્રવચનોથી આત્માને ભાવિત કરવા માટે ઉદ્યમ કરતા હોય તે ભાવના છે, અને શાસ્ત્રવચનોથી ભાવિત થવાને કારણે આત્મામાં જે ભાવના પ્રગટે છે, તે સંવેગના પરિણામરૂપ છે, અને સંવેગનો પરિણામ મોક્ષને અનુકૂળ એવો જીવનો ભાવ છે, તેથી તે ભાવને નિશ્ચયનય મોક્ષનું કારણ સ્વીકારે છે. વળી જેમ સાધુઓ શાસ્ત્રવચનથી આત્માને ભાવિત કરે છે, તેમ વાચના, પૃચ્છના દ્વારા જે શાસ્ત્રવચનોનો નિર્ણય થયો છે, તે શાસ્ત્રવચનોનું પરાવર્તન કરીને થયેલા બોધને સ્થિર કરે છે, અને તે સ્થિર થયેલા પદાર્થના પરમાર્થને યુક્તિ અને અનુભવથી નિર્ણય કરવા માટે અનુપ્રેક્ષા કરે છે, અને તે અનુપ્રેક્ષાકાળમાં સાધુ શાસ્ત્રનાં તે વચનોને યુક્તિ અને અનુભવથી યથાર્થ જોડીને 'આ આમ જ છે' તેવો દૃઢ અભિનિવેશ કરે છે, અને અનુપ્રેક્ષાથી થયેલો ભાવ મોક્ષને અનુકૂળ એવો સંવેગનો પરિણામ છે. તે પરિણામને પણ નિશ્ચયનય મોક્ષનું કારણ સ્વીકારે છે. વળી સાધુઓ અનુપ્રેક્ષાથી પદાર્થનો યથાર્થ નિર્ણય કર્યા પછી યોગ્ય જીવો પાસે ધર્મકથા કરે છે. તે ધર્મકથાકાલમાં પણ તે સાધુઓને યોગ્ય જીવો આ સંસારથી નિસ્તાર પામે એ પ્રકારની વાંછા હોય છે તે ભાવ, અને શાસ્ત્રવચનોના કથાકાલમાં પોતાને પણ જે સંવેગવિશેષ થાય છે તે ભાવ, તે મોક્ષને અનુકૂળ એવો જીવનો ભાવ છે. તેથી તે ભાવને પણ નિશ્ચયનય મોક્ષનું કારણ સ્વીકારે છે. તેથી એ પ્રાપ્ત થાય કે વ્યુત્થાનદશાવાળા સાધુઓ જે શાસ્ત્રાનુસારી ક્રિયાઓ કરે છે, તે ક્રિયાકાળમાં ભાવના, અનુપ્રેક્ષા, ધર્મકથા આદિ ભાવો પણ કરે છે, અને તે ભાવો નિશ્ચયનયને માન્ય હોવા છતાં નિશ્ચયનયની પ્રધાનતાના કાળમાં વર્તતો ધ્યાનરૂપ નિશ્ચય વ્યવહારદશામાં નથી. તેથી ધ્યાનદશારૂપ નિશ્ચયથી વ્યુત્થાનદશારૂપ વ્યવહારનયની પૃથક્ ભૂમિકા છે.

વળી જે સાધુઓ ધ્યાનદશારૂપ નિશ્ચયને પામેલા છે, તેઓ નિશ્ચયનયને ઉપષ્ટંભક એવી શુભયોગની પ્રવૃત્તિરૂપ દ્રવ્યક્રિયાઓ કરે છે, તોપણ વ્યુત્થાનદશાવાળા સાધુઓ વ્યુત્થાનદશાને કારણે પોતાને બાહ્યભાવો ન સ્પર્શે, તેવી વ્યવહારની ક્રિયાઓ કરે છે, તેવી વ્યવહારની ક્રિયાઓ નિશ્ચયદશાવાળા સાધુઓ કરતા નથી. તેથી વ્યુત્થાનદશારૂપ વ્યવહારથી ધ્યાનદશારૂપ નિશ્ચયનયની પૃથગ્ ભૂમિકા છે.

જેમ પતિના પરદેશગમનમાં કુલવધૂનું ચિત્ત અન્ય પુરુષમાં રાગાદિ વિકારો ન પામે તેવા આશયથી ગૃહકાર્યનો ભાર તેને સોંપવામાં આવે, તેમ જે ભૂમિકામાં યોગીનું ચિત્ત વિષયો સાથે સંશ્લેષ પામીને રાગાદિ આકુળ બને તેવું છે, જેથી યોગી પોતાના ચિત્તને શુદ્ધ આત્મતત્ત્વમાં સ્થાપન કરવા માટે સમર્થ થતા નથી તે વ્યુત્થાનદશા છે. તે ભૂમિકામાં યોગી કુલવધૂના દૃષ્ટાંતથી સંયમની ઉચિત ક્રિયામાં સુદૃઢ રીતે મન-વચન-કાયાના યોગોને પ્રવર્તાવે તો ચિત્ત વિષયો સાથે સંશ્લેષ પામીને રાગાદિથી આકુળ બને નહિ, અને વ્યુત્થાનદશાવાળા સાધુઓ શાસ્ત્રાનુસારી ક્રિયાઓ કરી કરીને ચિત્તને સ્થિર કરવા માટે યત્ન કરે છે, અને ચિત્તના સ્થૈર્યની વૃદ્ધિ અર્થે ભાવના-અનુપ્રેક્ષા આદિ ભાવોમાં યત્ન કરે છે, જેથી તેમનું ચિત્ત રાગાદિથી આકુળ થઈને બાહ્યવિષયોમાં સંશ્લેષ પામે નહિ. આ રીતે વ્યુત્થાનદશાવાળા યોગીઓ પણ સ્વભૂમિકાની

ઉચિત પ્રવૃત્તિઓ દ્વારા પોતાની ભૂમિકા પ્રમાણે મોહનું ઉન્મૂલન કરે છે, તેથી નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થાય છે.

વળી જે ભૂમિકામાં યોગીનું ચિત્ત વિષયો સાથે સંશ્લેષ પામીને રાગાદિથી આકુળ બને તેવું નથી, તેથી બાહ્ય પદાર્થો પ્રત્યે અસંગભાવવાળું તેમનું ચિત્ત સદા ધ્યાનમાં વર્તે છે, તે ધ્યાનદશા છે; અને ધ્યાનદશાવાળા યોગીઓનું ચિત્ત આત્માના શુદ્ધ સ્વરૂપમાં સહજભાવે નિવિશમાન હોય છે. તેમના ચિત્તને બહાર જવા માટે કોઈ વિષય નથી, તેથી તેઓનું ચિત્ત સદા સર્વ સંગ વગર શુદ્ધ આત્મતત્ત્વમાં વર્તે છે, અને ધ્યાન દ્વારા શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરતું વીતરાગતા તરફ જાય છે. આથી આવા યોગીઓને વ્યુત્થાનદશાવાળા યોગીઓની જેમ બાહ્ય પદાર્થોથી ભય નથી, તેથી તેના રક્ષણ માટે વ્યવહારનયની આચરણાઓ કરતા નથી, પરંતુ ઉચિત કાળે નિર્દોષ ભિક્ષા આદિ પ્રવૃત્તિ કરે છે. આટલી જ વ્યવહારની ક્રિયા નિશ્ચયદશાવાળા યોગીઓને હોય છે.

અહીં વિશેષ એ છે કે દેશવિરતિએ નીચેની ભૂમિકાનો યોગમાર્ગ છે અને સર્વવિરતિએ ઉપરની ભૂમિકાનો યોગમાર્ગ છે, તોપણ દેશવિરતિની પ્રવૃત્તિ સ્વભૂમિકાની નિર્જરા કરાવે છે અને સર્વવિરતિની પ્રવૃત્તિ સ્વભૂમિકાની નિર્જરા કરાવે છે. બન્ને પ્રવૃત્તિઓ મોક્ષનો જ માર્ગ છે, તેથી એમ કહી શકાય નહિ કે સર્વવિરતિથી જ મોક્ષ છે દેશવિરતિથી મોક્ષ નથી, પરંતુ એમ કહી શકાય કે વિરતીથી જ મોક્ષ છે, અવિરતિથી નહિ.

તેમ

વ્યુત્થાનદશાવાળા યોગીઓ નીચેની ભૂમિકામાં છે અને ધ્યાનદશાવાળા યોગીઓ ઉપરની ભૂમિકામાં છે, તેથી જેમ સર્વવિરતિ મોક્ષનું કારણ છે, અને દેશવિરતિ પણ મોક્ષનું કારણ છે, તેની જેમ ધ્યાનદશાવાળા યોગીની અસંગભાવવાળી પ્રવૃત્તિ મોક્ષનું કારણ છે, અને વ્યુત્થાનદશાવાળા યોગીની શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ પણ મોક્ષનું કારણ છે. તેથી નિશ્ચયથી જ સિદ્ધિ છે એમ કહીને વ્યુત્થાનદશાવાળા યોગીની પ્રવૃત્તિ મોક્ષનું કારણ નથી, તેમ કહી શકાય નહિ; પરંતુ વ્યુત્થાનદશાવાળા યોગીની પ્રવૃત્તિ અને ધ્યાનદશાવાળા યોગીની પ્રવૃત્તિથી ભિન્ન નિશ્ચયનયની શબ્દમાત્રથી કરાતી વિચારણા મોક્ષનું કારણ નથી, તેમ કહી શકાય. તેથી નિશ્ચયથી જ સિદ્ધિ છે, એ વચનમાં રહેલા 'એવ'કારથી અનૈશ્ચયિક નિશ્ચયનો વ્યવચ્છેદ પ્રાપ્ત થાય છે. **॥૪૩॥**

અવતરણિકા :-

यदप्युक्तं 'शुद्धश्च निश्चयनयः' इति स एवाश्रयणीय इति, तत्राह –

અવતરણિકાર્થ :-

'અને શુદ્ધ નિશ્ચયનય છે' એથી તે જ=નિશ્ચયનય જ, આશ્રય કરવા યોગ્ય છે એ પ્રમાણે જે પણ કહેવાયું=ગાથા-૨૦માં કહેવાયું, તેમાં=તે કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે –

❖ 'यदपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયથી જ સિદ્ધિ છે, એ કથનમાં તો ગ્રંથકારશ્રીએ ખુલાસો કર્યો, પરંતુ નિશ્ચયનય શુદ્ધ છે, એથી તે જ આશ્રય કરવા યોગ્ય છે, એ પ્રમાણે 'જે પણ' કહેવાયું તેમાં પણ ગ્રંથકારશ્રી કહે છે.

ભાવાર્થ :-

ગાથા-૧૮થી પૂર્વપક્ષનો પ્રારંભ કરેલ, અને ત્યાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે નિશ્ચયથી જ સાધુઓને સિદ્ધિ છે. તેનું સમાલોચન કરીને નિરાકરણ કરતાં ગાથા-૩૬ થી ૪૩ સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે નિશ્ચયથી જ સિદ્ધિ છે એ વચન એમ જ છે, પરંતુ નિશ્ચયનય ગૌણરૂપે વ્યવહારનય સાથે સંબદ્ધ છે. તેથી 'एव'કારથી વ્યવહારનો નિષેધ થતો નથી, પણ જે નિશ્ચયનય વ્યવહારનય સાથે સંબદ્ધ નથી, તે નિશ્ચયનયનો વ્યવચ્છેદ થાય છે, અને તે નિશ્ચયનય મિથ્યાદૃષ્ટિ નિશ્ચયનય છે. વળી નિશ્ચયનય અને વ્યવહારનય ગૌણ-મુખ્યભાવરૂપે પરસ્પર સંબદ્ધ હોવા છતાં પ્રધાનરૂપે જે નિશ્ચયનય છે અને પ્રધાનરૂપે જે વ્યવહારનય છે, તે બન્ને પરસ્પર પૃથક્ છે; તોપણ નિશ્ચયથી જ સિદ્ધિ છે, એ કથન દ્વારા પ્રધાનરૂપે પૃથક્ એવા વ્યવહારનયનો ઉચ્છેદ થતો નથી; કેમ કે પ્રધાનરૂપે વ્યવહારનય સ્વભૂમિકા પ્રમાણે મોક્ષનું કારણ છે અને પ્રધાનરૂપે નિશ્ચયનય સ્વભૂમિકા પ્રમાણે મોક્ષનું કારણ છે. તેથી નિશ્ચયથી જ સિદ્ધિ છે એ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન મિથ્યા છે. હવે પૂર્વપક્ષીએ ગાથા-૨૦માં સ્થાપન કર્યું કે નિશ્ચયનય શુદ્ધ છે, માટે નિશ્ચયનય જ આશ્રય કરવા યોગ્ય છે, તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –

ગાથા :-

सुद्धत्तं पुण दोण्ह वि, णियवत्तव्वाणुगाणमविसिट्ठं ।
सट्ठाणे बलिआणं, जं भणियं संमईइ इमं। ।४४।।

અન્વયાર્થ :-

पुण सट्ठाणे बलिआणं णियवत्तव्वाणुगाणम् दोण्हि वि=વળી સ્વસ્થાનમાં બલવાન નિજવક્તવ્યને અનુસરનારા એવા બંનેનું પણ, सुद्धत्तं अविसिट्ठं=શુદ્ધપણું અવિશિષ્ટ છે=શુદ્ધપણું સમાન છે, जं=જે કારણથી, संमईइ=સંમતિમાં, इमं=આ=આગળની ગાથામાં કહેવાશે એ, भणियं=કહેવાયું છે. ।।૪૪।।

ગાથાર્થ :-

વળી સ્વસ્થાનમાં બળવાન નિજ વક્તવ્યને અનુસરનારા એવા બંનેનું પણ શુદ્ધપણું સમાન છે, જે કારણથી સંમતિમાં આગળની ગાથામાં બતાવાશે, એ કહેવાયું છે. ।।૪૪।।

ટીકા :-

'सुद्धत्तं पुण' त्ति । शुद्धत्वं पुनः द्वयोरपि=निश्चयव्यवहारयोः, निजवक्तव्यानुगयोः=स्वाभिमत-तत्त्वानुसारिणोः स्वस्थाने=स्वविषये, बलिकयोः=इतराप्रतिक्षेप्ययोः, अविशिष्टम्, "सव्वे वि होंति सुद्धा, णत्थि असुद्धो णओ उ सट्ठाणे ।" **इति व्यवहारभाष्यवचनेनेतरापेक्षयाऽशुद्धस्यापि स्वापेक्षया शुद्धत्वात्, दीर्घत्वह्रस्वत्वयोरिव शुद्धत्वाशुद्धत्वयोरव्यवस्थितत्वात्, यद् भणितं सम्मतावेतन्महा-मतिना ।।४४।।**

ટીકાર્થ :-

શુદ્ધત્વં ..... સમ્મતાવેતન્મહામતિના ।। વળી સ્વસ્થાનમાં=સ્વવિષયમાં, બલિક=ઇતરથી અપ્રતિક્ષેપ્ય= નિશ્ચયનય વ્યવહારનયથી અપ્રતિક્ષેપ્ય અને વ્યવહારનય નિશ્ચયનયથી અપ્રતિક્ષેપ્ય, અને નિજ વક્તવ્યને અનુસરનાર=સ્વઅભિમત તત્ત્વને અનુસરનાર એવા, બન્નેનું પણ=નિશ્ચયનય અને વ્યવહારનય બન્નેનું પણ, શુદ્ધપણું અવિશિષ્ટ છે=સમાન છે; કેમ કે સર્વ પણ શુદ્ધ હોય છે=સર્વ પણ નયો શુદ્ધ હોય છે, વળી સ્વસ્થાનમાં અશુદ્ધનય નથી.

એ પ્રકારના વ્યવહારભાષ્યના વચનથી ઇતરની અપેક્ષાએ અશુદ્ધનું પણ=અશુદ્ધનયનું પણ, સ્વઅપેક્ષાએ શુદ્ધપણું છે.

અહીં પ્રશ્ન થાય કે કોઈપણ નય ઇતરની અપેક્ષાએ અશુદ્ધ હોય એને સ્વઅપેક્ષાએ શુદ્ધ કઈ રીતે કહી શકાય ? તેથી હેતુ કહે છે –

દીર્ઘત્વ, હ્રસ્વત્વની જેમ શુદ્ધત્વ, અશુદ્ધત્વનું અવ્યવસ્થિતપણું છે.

પૂર્વમાં કહ્યું કે બન્ને પણ નયોનું સ્વસ્થાનમાં શુદ્ધપણું અવિશેષ છે, તેમાં સાક્ષી આપતાં કહે છે –

જે કારણથી સંમતિગ્રંથમાં આ=આગળની ગાથામાં કહેવાશે એ, મહામતિ એવા સિદ્ધસેનદિવાકરસૂરિ વડે કહેવાયું છે. ॥૪૪॥

❖ 'द्वयोरपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયનયનું તો શુદ્ધપણું છે, પરંતુ નિશ્ચયનય અને વ્યવહારનય બન્નેનું પણ શુદ્ધપણું અવિશિષ્ટ છે.

❖ 'अशुद्धस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે ઇતરનયની અપેક્ષાએ વ્યવહારનય અશુદ્ધ ન હોય તો તો સ્વઅપેક્ષાએ વ્યવહારનય શુદ્ધ છે તેમ કહી શકાય, પરંતુ નિશ્ચયનયની અપેક્ષાએ અશુદ્ધ એવા પણ વ્યવહારનયનું સ્વઅપેક્ષાએ શુદ્ધપણું છે.

ભાવાર્થ :-

અવતરણિકામાં પૂર્વપક્ષીનું કથન બતાવતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે નિશ્ચયનય શુદ્ધ છે, માટે તે જ આશ્રયણીય છે, તેનાથી પૂર્વપક્ષીને એ બતાવવું છે કે નિશ્ચયનય શુદ્ધ છે અર્થાત્ યથાર્થ પદાર્થને કહેનાર છે, માટે તેના વચન અનુસાર પ્રવૃત્તિ કરવામાં આવે તો તેનું યથાર્થ વક્તવ્ય હોવાને કારણે સાધ્ય એવા મોક્ષની સિદ્ધિ થાય. માટે મોક્ષાર્થી જીવે નિશ્ચયનયનું જ આશ્રયણ કરવું જોઈએ, આથી નિશ્ચયનયના આશ્રયણથી જ સિદ્ધિ છે, વ્યવહારનયના આશ્રયણથી નહિ. આ પ્રકારના પૂર્વપક્ષીના તાત્પર્યનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

નિશ્ચયનય અને વ્યવહારનય પોતપોતાનાં વક્તવ્યોને અનુસરનારા છે અને સ્વસ્થાનમાં બન્ને નયો બલિક છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે વ્યવહારનય પોતાના સ્થાનમાં તત્ત્વ બતાવવા માટે સમર્થ છે અને નિશ્ચયનય પોતાના સ્થાનમાં તત્ત્વ બતાવવા માટે સમર્થ છે. માટે બન્ને નયો સ્વસ્થાનમાં પરસ્પર એકબીજાથી પ્રતિક્ષેપ પામતા નથી; કેમ કે વ્યવહારના સ્થાનમાં વ્યવહારનય બલવાન છે, તેથી નિશ્ચયનયના વક્તવ્યથી

વ્યવહારનો પ્રતિક્ષેપ થતો નથી; અને નિશ્ચયના સ્થાનમાં નિશ્ચયનય બલવાન છે, તેથી વ્યવહારના વક્તવ્યથી નિશ્ચયનો પ્રતિક્ષેપ થતો નથી. માટે નિશ્ચયનય અને વ્યવહારનયનું શુદ્ધપણું=મોક્ષને અનુકૂળ યથાર્થ તત્ત્વને બતાવવાપણું, સમાન છે. આનાથી એ પ્રાપ્ત થાય કે દરેક નય પોતપોતાના સ્થાનમાં યથાર્થ તત્ત્વ બતાવે છે. આથી વ્યવહારનયની ભૂમિકાવાળા જીવોને વ્યવહારનય જે તત્ત્વ બતાવે છે તે પ્રમાણે તેઓ પ્રવૃત્તિ કરે તો તેઓને મોક્ષને અનુકૂળ નિર્જરા થાય છે, અને નિશ્ચયનયની ભૂમિકાવાળા જીવોને નિશ્ચયનય જે તત્ત્વ બતાવે છે તે પ્રમાણે તેઓ પ્રવૃત્તિ કરે તો તેઓને પણ મોક્ષને અનુકૂળ નિર્જરા થાય છે. આથી વ્યવહારદશાવાળા મુનિઓ વ્યવહારની ઉચિત ક્રિયાઓ કરીને કર્મબંધને અનુકૂળ ભાવોથી આત્માનું રક્ષણ કરે છે, અને વ્યવહારદશાને અનુરૂપ ભાવના, અનુપ્રેક્ષા આદિ ભાવોમાં યત્ન કરે છે, તેનાથી તેઓનું હિત થાય છે. તેથી તે સ્થાનમાં નિશ્ચયનય વ્યવહારદશાવાળા સાધુઓને આ પ્રવૃત્તિ કરવી ઉચિત નથી, તેમ કહી શકે નહિ; કેમ કે વ્યવહારનયના સ્થાનમાં વ્યવહારનય બલવાન છે, તેથી નિશ્ચયનય તેનો પ્રતિક્ષેપ કરી શકે નહિ; અને નિશ્ચયદશાવાળા મુનિઓ નિશ્ચયનયને ઉચિત ધ્યાનમાં ઉદ્યમ કરીને શુદ્ધ આત્મતત્ત્વનો આવિર્ભાવ કરી શકે છે. તેથી તે દશામાં રહેલા મુનિઓને વ્યવહારનય એમ કહી શકે નહિ કે ધ્યાનમાં ઉદ્યમ કરવા જેવો નથી, પરંતુ વ્યવહારદશાની શાસ્ત્રાનુસારી ક્રિયામાં જ ઉદ્યમ કરવા જેવો છે; કેમ કે નિશ્ચયના સ્થાનમાં નિશ્ચય બલવાન છે, તેથી વ્યવહારનય તેનો પ્રતિક્ષેપ કરી શકે નહિ.

પૂર્વમાં કહ્યું કે બન્ને નયો સ્વસ્વસ્થાનમાં શુદ્ધ છે, તેમાં "વ્યવહારભાષ્ય"ની સાક્ષી આપે છે : "વ્યવહારભાષ્ય"માં કહ્યું છે કે સર્વે પણ નયો શુદ્ધ છે, સ્વસ્થાનમાં અશુદ્ધનય નથી. તેથી એ પ્રાપ્ત થાય કે દરેક નય સ્વસ્થાનમાં જે પદાર્થ બતાવે છે, તે પદાર્થ તેમ જ છે, અને તે નયની દૃષ્ટિના સ્થાનમાં તે પદાર્થને તે પ્રમાણે સ્વીકારીને પ્રવૃત્તિ કરવામાં આવે તો અવશ્ય આત્મહિત થાય છે. માટે આ નય શુદ્ધ છે અને આ નય અશુદ્ધ છે તેવો પક્ષપાત કરીને તે નયના સ્થાનમાં પણ તે નયનો પ્રતિક્ષેપ કરી શકાય નહિ.

આનાથી એ ફલિત થાય કે જેમ વ્યવહારનય અને નિશ્ચયનય બે નયો છે, તેમ નૈગમાદિ સાત નયો છે, અને તેના અવાંતર ભેદોથી અનેક નયો છે. તે સર્વ નયો પોતપોતાના સ્થાને સાચો બોધ કરાવીને જીવને હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરાવે છે. તેથી દરેક નય ઇતરનયની અપેક્ષાએ અશુદ્ધ હોવા છતાં પણ સ્વની અપેક્ષાએ શુદ્ધ છે.

અહીં પ્રશ્ન થાય કે જે વસ્ત્ર અશુદ્ધ હોય તે વસ્ત્રને શુદ્ધ ન કહેવાય, અને જે વસ્ત્ર શુદ્ધ હોય તેને અશુદ્ધ ન કહેવાય. તેમ જે નય અશુદ્ધ હોય તેને શુદ્ધ કઈ રીતે કહી શકાય ? તેથી કહે છે –

વસ્ત્રની જેમ નયોનું શુદ્ધપણું અને અશુદ્ધપણું નથી, પરંતુ હ્રસ્વત્વ અને દીર્ઘત્વની જેમ નયોનું શુદ્ધપણું અને અશુદ્ધપણું છે અર્થાત્ કોઈક વસ્તુ કોઈકની અપેક્ષાએ હ્રસ્વ હોય તે વસ્તુને જેની અપેક્ષાએ હ્રસ્વ છે, તેની અપેક્ષાએ દીર્ઘ ન કહી શકાય, પરંતુ અન્યની અપેક્ષાએ દીર્ઘ કહી શકાય. તેમ કોઈક નય અન્ય નયની અપેક્ષાએ અશુદ્ધ છે, તેથી અન્ય નયની અપેક્ષાએ તે નય શુદ્ધ ન કહી શકાય, પરંતુ સ્વની અપેક્ષાએ શુદ્ધ કહી શકાય.

પૂર્વમાં કહ્યું કે બન્ને નયો સ્વસ્થાનમાં શુદ્ધ છે. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે કે જે કારણથી મહામતિ એવા સિદ્ધસેનદિવાકરસૂરિજીએ "સંમતિતર્ક" ગ્રંથમાં કહ્યું છે. ॥૪૪॥

અવતરણિકા :-

મહામતિ એવા સિદ્ધસેનદિવાકરસૂરિએ "સંમતિતર્ક" ગ્રંથમાં શું કહ્યું છે ? તે બતાવે છે –

ગાથા :-

णिययवयणिज्जसच्चा, सव्वणया परविआलणे मोहा ।
ते पुण अदिट्ठसमओ, विभयइ सच्चे व अलिए वा ।।४५।।

અન્વયાર્થ :-

सव्वणया=સર્વ નયો, णिययवयणिज्जसच्चा=પોતાના વચનીયમાં સત્ય છે=પોતાના કથનીય પદાર્થમાં યથાર્થ તત્ત્વને બતાવનારા છે, परविआलणे=પરની વિચારણામાં, मोहा=નિષ્ફળ છે. ते पुण=તેઓને વળી=તે નયોને વળી, अदिट्ठसमओ=અજ્ઞાત સિદ્ધાંતના પરમાર્થવાળો પુરુષ, सच्चे व अलिए वा=સત્ય અથવા અલિક, विभयइ=વિભાગ કરે છે=એકાંતથી નિશ્ચય કરે છે. ॥૪૫॥

ગાથાર્થ :-

સર્વ નયો પોતાના કથનીય પદાર્થમાં યથાર્થ તત્ત્વને બતાવનારા છે, પરની વિચારણામાં નિષ્ફળ છે. તે નયોને વળી અજ્ઞાત સિદ્ધાંતના પરમાર્થવાળો પુરુષ સત્ય અથવા અલિક એકાંતથી નિશ્ચય કરે છે. ॥૪૫॥

ટીકા :-

'णिययवयणिज्जसच्चा' त्ति। निजकवचनीये सत्या अर्थप्रतिपादकत्वात् सर्वे नया=नैगमादयः, परस्य नयस्य विचारणे परेण नयेन विचालने=स्वार्थस्य परित्याजने वा मोघा=विफला=असत्या, इति यावत्, अन्यार्थाप्रतिपादकत्वादन्यनयप्रतिबन्धेन स्वार्थाप्रतिपादकत्वाद्वा, तान् नयान् पुनः अदृष्टसमयः=अज्ञातसिद्धान्तपरमार्थः, विभजते=एकान्तेन निश्चिनोति, सत्यान् अलीकान् वा, स्यात्सत्यत्वासत्यत्वप्रतिपादने तु दृष्टसमतैवेति भावः ।।४५।।

ટીકાર્થ :-

निजकवचनीये ..... भावः ।। निजकवचनीयમાં=પોતાના અર્થના પ્રતિપાદનના વિષયમાં, નૈગમ આદિ સર્વ નયો સત્ય છે; કેમ કે અર્થનું પ્રતિપાદકપણું છે=પદાર્થમાં રહેલ યથાર્થ ભાવરૂપ વસ્તુનું પ્રતિપાદકપણું છે, પરનયની વિચારણામાં અથવા પરનય દ્વારા વિચાલનમાં=પરનયની દૃષ્ટિથી સ્વનયના સ્થાનનું વિશેષ ચાલન કરવામાં અર્થાત્ સ્વાર્થના પરિત્યાજનમાં, વિફળ છે=સર્વ નયો નિષ્ફળ છે=અસત્ય છે.

દરેક નય પરનયની વિચારણામાં વિફળ કેમ છે ? તેમાં હેતુ કહે છે –

અન્ય અર્થનું અપ્રતિપાદકપણું છે=દરેક નયની દૃષ્ટિનું અન્ય નયની દૃષ્ટિના અર્થનું અપ્રતિપાદકપણું છે.

વળી પરનય વડે સ્વાર્થના પરિત્યાજનમાં દરેક નય વિફળ કેમ છે ? તેમાં 'વા'કારથી અન્ય હેતુ બતાવે છે –

અન્ય નયના પ્રતિબંધથી=દરેક નયની વિચારણામાં અન્ય નય પ્રત્યેના પક્ષપાતના પરિણામથી, સ્વઅર્થનું અપ્રતિપાદકપણું છે=તે નયના પોતાના અર્થનું અપ્રતિપાદકપણું છે.

વળી અદૃષ્ટ સમયવાળો પુરુષ=અજ્ઞાત સિદ્ધાંતના પરમાર્થવાળો પુરુષ=નયોને કહેનારાં શાસ્ત્રવચનોનો પરમાર્થ જેણે જાણ્યો નથી તેવો પુરુષ, તે નયોને આ નયો સત્ય છે અથવા આ નયો જૂઠા છે તે પ્રકારે વિભાગ કરે છે=એકાંતથી નિર્ણય કરે છે.

સંપૂર્ણ શ્લોકના તાત્પર્યને સ્પષ્ટ કરે છે –

સ્યાત્ સત્યત્વ-અસત્યત્વના પ્રતિપાદનમાં=કથંચિત્ સત્યત્વ-અસત્યત્વના પ્રતિપાદનમાં=દરેક નયને આ નય સ્વઅપેક્ષાએ સત્ય છે, પરઅપેક્ષાએ અસત્ય છે, એ રૂપ કથંચિત્ સત્યત્વ-અસત્યત્વના પ્રતિપાદનમાં, વળી દૃષ્ટ સમતા જ છે=પ્રતિપાદન કરનારા પુરુષમાં દરેક નય પ્રત્યે જોવાયેલી મધ્યસ્થતા જ છે, એ પ્રકારનો ભાવ છે. ॥૪૫॥

ભાવાર્થ :-

દરેક પદાર્થ અનંત ધર્માત્મક છે. તેમાંથી કોઈક ધર્મને જોવાની જે દૃષ્ટિ તે નયદૃષ્ટિ છે, અને પદાર્થમાં રહેલા જે ધર્મને જોવાની જે નયની દૃષ્ટિ હોય તે નયથી પદાર્થનો તે ધર્મ દેખાય છે. તેથી તે નય જે પદાર્થ બતાવે છે તે સત્ય છે; કેમ કે તે નય પદાર્થમાં રહેલા યથાર્થ અર્થનો પ્રતિપાદક છે. તે રીતે નૈગમાદિ સર્વ નયો પોતપોતાના કથનીય પદાર્થોને યથાર્થ બતાવનાર હોવાથી સત્ય છે.

વળી નયદૃષ્ટિ પદાર્થના કોઈક ધર્મને જોવામાં સ્વદૃષ્ટિથી પ્રવૃત્ત હોવાથી, તે નયદૃષ્ટિ પરનયની વિચારણામાં વિફળ છે. જેમ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ દ્રવ્યની વિચારણામાં યથાર્થ અર્થની પ્રતિપાદક હોવા છતાં પર્યાયની વિચારણામાં નિષ્ફળ છે અર્થાત્ અસત્ય છે; કેમ કે દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી દ્રવ્યનો બોધ થાય છે, પર્યાયનો બોધ થતો નથી. તેથી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિનો ઉપયોગ રાખીને પર્યાયને જોવામાં યત્ન કરવામાં આવે તો તે નયની દૃષ્ટિથી વિપરીત બોધ થાય છે. માટે પરનયની વિચારણામાં દ્રવ્યાર્થિકનય અસત્ય છે. તેમાં યુક્તિ બતાવે છે– દરેક નય અન્ય અર્થના અપ્રતિપાદક છે અર્થાત્ દ્રવ્યાર્થિકનય પર્યાયાર્થિકનયના અર્થનો અપ્રતિપાદક છે. માટે પરનયની વિચારણામાં દ્રવ્યાર્થિકનય અસત્ય છે.

વળી ગાથામાં 'પરવિચાલન' શબ્દ છે તેનો અર્થ અન્ય રીતે કરીને કહે છે : પરનય દ્વારા સ્વનયના વિચાલનમાં=સ્વનયની છણાવટ કરવામાં=સ્વનયની છણાવટ કરીને સ્વનયના અર્થના પરિત્યાજનમાં, દરેક નય વિફળ છે. તેમાં યુક્તિ આપે છે –

અન્યનયના પ્રતિબંધથી=જે નયની વિચારણા કરવાની હોય તેનાથી અન્ય નયના રાગથી, જે નયની વિચારણા કરવી છે, તે નયના અર્થનું અપ્રતિપાદકપણું છે. માટે પરનય વડે સ્વઅર્થના પરિત્યાજનમાં દરેક નય અસત્ય છે.

આશય એ છે કે કોઈ પુરુષને નિશ્ચયનય અને વ્યવહારનય એ બે નયોમાંથી નિશ્ચયનય પ્રત્યે પ્રતિબંધ હોય અર્થાત્ નિશ્ચયનય જ કલ્યાણનું કારણ છે એવો ભ્રમાત્મક બોધ થવાને કારણે નિશ્ચયનય પ્રત્યે અસત્ય પક્ષપાતરૂપ પ્રતિબંધ હોય, અને તે અસત્ય પક્ષપાતના કારણે નિશ્ચયની દૃષ્ટિએ વ્યવહારનયના અર્થને જોવા માટે યત્ન કરે અને વિચારે કે 'વ્યવહારનય તો બાહ્યક્રિયાઓ કરવાનું કહે છે, અને બાહ્યક્રિયાઓ તો કઈ રીતે મોક્ષનું કારણ થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે આત્મા આત્માના ભાવોમાં યત્ન કરે તેનાથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે, પરંતુ પરભાવની ક્રિયારૂપ શરીરની ક્રિયાથી મોક્ષ થઈ શકે નહિ. માટે નિશ્ચયનય આચરવા જેવો છે, વ્યવહારનય આચરવા જેવો નથી.' આ રીતે નિશ્ચયનયના અસત્ય પક્ષપાત દ્વારા વ્યવહારનયની દૃષ્ટિથી ઉપયુક્ત એવો તે પુરુષ અર્થાત્ પોતે સ્યાદ્વાદને માને છે માટે વ્યવહારને પણ માને છે એમ કહીને વ્યવહારનયની દૃષ્ટિથી ઉપયુક્ત એવો તે પુરુષ વ્યવહારનયની મોક્ષને અનુકૂળ એવી ક્રિયાઓને મોક્ષનું કારણ નથી તેમ કહીને વ્યવહારનયના અર્થનું પરિત્યાજન કરી શકતો નથી; કેમ કે સત્ય વ્યવહાર તો માત્ર કાયિક કે વાચિક ક્રિયાને મોક્ષનું કારણ માનતો નથી, પરંતુ કાયિક, વાચિક આદિ ક્રિયાઓ મોક્ષને અનુકૂળ એવા ભાવો દ્વારા મોક્ષનું કારણ છે, તેમ માને છે તેથી વ્યવહારનયના તે સત્ય અર્થને જ વ્યવહારનયની દૃષ્ટિ બતાવી શકે તે સ્થાનમાં આત્મા આત્માની ક્રિયા કરે, પુદ્ગલની ક્રિયા નહીં એ પ્રકારની નિશ્ચયનયની દૃષ્ટિ દ્વારા વિચારણા કરીને વ્યવહારનય પોતાના અર્થનો ત્યાગ કરવા સમર્થ નથી.

વળી જેમ નિશ્ચયનયના પ્રતિબંધથી વ્યવહારનયમાં ઉપયુક્ત દૃષ્ટિ વ્યવહારના અર્થની અપ્રતિપાદક છે, તેમ વ્યવહારનયના પ્રતિબંધથી નિશ્ચયનયમાં ઉપયુક્ત દૃષ્ટિ નિશ્ચયનયના અર્થની અપ્રતિપાદક છે. તેથી વ્યવહારનય વડે નિશ્ચયનયના અર્થના પરિત્યાજનમાં તે દૃષ્ટિ અસત્ય છે.

જેમ

ભગવાનના શાસનમાં વ્યવહારનય પ્રધાન છે, એમ માનીને કેટલાક જીવો નિશ્ચયનયને સ્પર્શનાર કોઈક કથન આવે તો વિચારે કે 'આ તો નિશ્ચયનયની દૃષ્ટિ છે, વર્તમાનના જીવોને ભગવાને પ્રધાનરૂપે વ્યવહારનયની આચરણા કરવાનું કહ્યું છે,' આમ વિચારીને પરિણામની ઉપેક્ષા કરે છે અને માત્ર બાહ્યક્રિયા પ્રત્યેનો અસત્ય પક્ષપાત કરે છે. વાસ્તવિક રીતે વ્યવહારનય પ્રધાન છે, એટલે વ્યવહારનયની આચરણા નિશ્ચયનયને અભિમત પરિણામ દ્વારા મોક્ષનું કારણ છે, પણ નિશ્ચયનયના પરિણામની ઉપેક્ષા કરીને માત્ર બાહ્યક્રિયાઓ મોક્ષનું કારણ નથી. વળી 'વ્યવહારનયની ક્રિયાઓ નિશ્ચયનયને અભિમત એવા સ્થાનાદિયોગરૂપ પરિણામ દ્વારા મોક્ષનું કારણ છે. માટે પરિણામ દ્વાર છે તેથી પરિણામ ગૌણ છે, અને ક્રિયા દ્વારિ છે માટે ક્રિયા પ્રધાન છે.' એ પ્રકારના વ્યવહારનયપ્રધાન દૃષ્ટિના પરમાર્થને નહિ જાણનારા

નિશ્ચયનયના પદાર્થને ગૌણરૂપે કહીને અવગણે છે, અને વ્યવહારનયની ક્રિયામાં નિશ્ચયનયના પરિણામની અનુપયોગિતા જુએ છે, તે તેઓની વ્યવહારનયના પ્રતિબંધથી નિશ્ચયનયને જોનારી દૃષ્ટિ છે; અને વ્યવહારનયના પ્રતિબંધથી નિશ્ચયનયના અર્થને જોનારી દૃષ્ટિ નિશ્ચયનયના અર્થની અપ્રતિપાદક છે. તેથી પર એવા વ્યવહારનયના પ્રતિબંધથી વ્યવહારનયની આચરણામાં ગૌણરૂપે રહેલા નિશ્ચયનયના અર્થને ત્યાગ કરાવવામાં તે દૃષ્ટિ અસત્ય છે. વસ્તુતઃ નિશ્ચયનયના પક્ષપાત દ્વારા વ્યવહારનયના અર્થને જોવામાં પ્રવર્તતી દૃષ્ટિ વ્યવહારનયના સાચા અર્થને બતાવી શકતી નથી, અને વ્યવહારનયના પક્ષપાત દ્વારા નિશ્ચયનયના અર્થને જોવામાં પ્રવર્તતી દૃષ્ટિ નિશ્ચયનયના સાચા અર્થને બતાવી શકતી નથી; પરંતુ જે પુરુષને કોઈ નય પ્રત્યે પક્ષપાત નથી પણ સર્વ નયો પ્રત્યે સમાન ભાવ છે, તે પુરુષ તે તે નયના સ્થાનમાં તે તે નયની દૃષ્ટિ દ્વારા પદાર્થને જોવા યત્ન કરે, તો વ્યવહારના સ્થાનમાં ગૌણરૂપે સંવલિત એવા નિશ્ચયનયથી યુક્ત વ્યવહારનયનો બોધ થાય છે, અને નિશ્ચયનયના સ્થાનમાં ગૌણરૂપે સંવલિત એવા વ્યવહારનયથી યુક્ત નિશ્ચયનયનો બોધ થાય છે. તેથી સર્વ નયો પ્રત્યે મધ્યસ્થભાવવાળા તે પુરુષને સર્વ નયો પોતપોતાના સ્થાને ઉચિત બોધ કરાવે છે, અને તે બોધ અનુસાર તે પુરુષ પ્રવૃત્તિ કરીને પોતાનું હિત સાધે છે.

તાન્ નયાન્ - પૂર્વમાં કહ્યું કે નૈગમાદિ સર્વ નયો પોતપોતાના કથનીય પદાર્થોના વિષયમાં સત્ય છે અને પરની વિચારણામાં નિષ્ફળ છે. તે નયોને સિદ્ધાંતના પરમાર્થને નહિ જાણનારો પુરુષ એકાંતે સત્ય અથવા એકાંતે અસત્ય પ્રતિપાદન કરે છે અર્થાત્ પોતે જે નયના અર્થને માનતો હોય તે નયના અર્થને એકાંત સત્ય કહે છે, અને પોતે જે નયના અર્થને માને છે તે નયથી અન્ય નયના અર્થને અસત્ય કહે છે. જેમ ક્ષણિકવાદી ક્ષણિક પદાર્થને દેખાડનાર એકાંત પર્યાયાસ્તિકનયની દૃષ્ટિથી પદાર્થને જુએ છે, તેથી સર્વ પદાર્થોને એકાંત ક્ષણિક માને છે, અને ક્ષણિક પદાર્થોને દેખાડનાર દૃષ્ટિને એકાંત સત્ય કહે છે, અને પદાર્થને નિત્ય દેખાડનાર દ્રવ્યાસ્તિકનયની દૃષ્ટિને એકાંત અસત્ય કહે છે. આનું કારણ એ છે કે એક નયની દૃષ્ટિથી પદાર્થને જોવામાં પ્રવૃત્ત એવો તે પુરુષ સિદ્ધાંતના પરમાર્થને જાણતો નથી.

વસ્તુતઃ કથંચિત્ સત્યત્વ અને કથંચિત્ અસત્યત્વના પ્રતિપાદનમાં દૃષ્ટ સમતા જ કારણ છે. "દૃષ્ટ સમતા એટલે સર્વ નયો પ્રત્યે જોવાયેલી સમાન દૃષ્ટિ", અને સર્વ નયો પ્રત્યે જોવાયેલી સમાન દૃષ્ટિ પદાર્થને કથંચિત્ સત્ય અને કથંચિત્ અસત્ય પ્રતિપાદન કરે છે. જેમ જે પુરુષને સર્વ નયો પ્રત્યે સમાન ભાવ વર્તે છે અર્થાત્ મધ્યસ્થતા વર્તે છે, તે પુરુષ, તે નયના સ્થાનમાં તે નયના પદાર્થને સત્ય કહે છે અને તે નયના સ્થાનમાં પરનયના પદાર્થને અસત્ય કહે છે. તે પુરુષનું તે કથન સર્વનયોમાંથી કોઈ નયના પક્ષપાતવાળું નથી, પરંતુ સર્વનયોને મધ્યસ્થતાથી યથાર્થ યોજન કરનારું છે. **॥૪૫॥**

અવતરણિકા :-

तदेवं निश्चयव्यवहारयोर्द्वयोरपि शुद्धत्वमविशिष्टमित्युक्तम् । अथ निश्चय एव शुद्ध इति पक्षपातनिरासाय व्यवहारशुद्धतापक्षपाताभिप्रायादाह –

અવતરણિકાર્થ :-

તદેવં=આ રીતે=ગાથા-૪૪-૪૫માં બતાવ્યું એ રીતે, નિશ્ચય અને વ્યવહાર બન્નેનું પણ=નિશ્ચયનય અને વ્યવહારનય બંનેનું પણ, શુદ્ધપણું અવિશિષ્ટ છે, એ પ્રમાણે કહેવાયું. હવે નિશ્ચય જ શુદ્ધ છે એ પ્રકારના પક્ષપાતના નિરાસ માટે=નિશ્ચય જ શુદ્ધ છે એ પ્રકારના પૂર્વપક્ષીના પક્ષપાતના નિરાસ માટે, વ્યવહારનયની શુદ્ધતાના પક્ષપાતના અભિપ્રાયથી કહે છે –

❖ 'द्वयोरपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયનય અને વ્યવહારનયમાંથી કોઈ એકનું તો શુદ્ધત્વ છે, પરંતુ બંનેનું પણ શુદ્ધત્વ અવિશિષ્ટ છે.

ભાવાર્થ :-

ગાથા-૨૦માં પૂર્વપક્ષીએ કહેલ કે નિશ્ચયનય શુદ્ધ છે માટે મોક્ષના અર્થીને તે જ આશ્રયણીય છે, તેનું નિરાકરણ કરવા અર્થે ગાથા-૪૪-૪૫માં "વ્યવહારભાષ્ય" અને "સંમતિતર્ક"ના વચન દ્વારા સ્થાપન કર્યું કે સ્વસ્વસ્થાનમાં બન્ને નયોનું શુદ્ધપણું સમાન છે. માટે નિશ્ચયનય જ આશ્રયણીય છે, વ્યવહારનય આશ્રયણીય નથી, તેમ કહેવું ઉચિત નથી. હવે 'મોક્ષના અર્થીએ નિશ્ચયનય જ આશ્રય કરવા યોગ્ય છે; કેમ કે નિશ્ચયનય શુદ્ધ છે' આ પ્રકારના પૂર્વપક્ષના પક્ષપાતના નિરાસ માટે વ્યવહારનયના સ્થાનવિશેષને આશ્રયીને વ્યવહારનયની શુદ્ધતાના પક્ષપાતના અભિપ્રાયથી ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

मिच्छत्तविसोहीए, ववहारणयस्स होइ सुद्धत्तं ।
ण उ णिच्छयस्स जमिणं, भणियं ववहारभासम्मि ।।४६।।

અન્વયાર્થ :-

मिच्छत्तविसोहीए=મિથ્યાત્વની વિશુદ્ધિ થતી હોવાને કારણે=વ્યવહારનયના આલંબનથી મિથ્યાત્વની વિશુદ્ધિ થતી હોવાને કારણે, ववहारणयस्स सुद्धत्तं=વ્યવહારનયનું શુદ્ધપણું, होइ=છે, उ=પરંતુ, णिच्छयस्स ण=નિશ્ચયનયનું નથી=નિશ્ચયનયનું શુદ્ધપણું નથી; जं=જે કારણથી, इणं=આ=આગળની ગાથામાં કહેવાશે એ, ववहारभासम्मि भणियं=વ્યવહારભાષ્યમાં કહેવાયું છે. ।।૪૬।।

ગાથાર્થ :-

વ્યવહારનયના આલંબનથી મિથ્યાત્વની વિશુદ્ધિ થતી હોવાને કારણે વ્યવહારનયનું શુદ્ધપણું છે, પરંતુ નિશ્ચયનયનું શુદ્ધપણું નથી; જે કારણથી આગળની ગાથામાં કહેવાશે, એ વ્યવહારભાષ્યમાં કહેવાયું છે. ।।૪૬।।

ટીકા :-

'मिच्छत्त'त्ति । मिथ्यात्वविशुद्ध्या हेतुभूतया व्यवहारनयस्य भवति शुद्धत्वम्, तस्य नियमतो

મિથ્યાત્વવિશોધકત્વાત્ ન તુ નિશ્ચયસ્ય, મિથ્યાત્વવિશોધકત્વાભાવાત્તસ્ય । યદ્ભણિતમેતદ્ વ્યવહાર-ભાષ્યે ।।૪૬।।

ટીકાર્થ :-

મિથ્યાત્વવિશુદ્ધ્યા ..... વ્યવહારભાષ્યે ।। હેતુભૂત એવી મિથ્યાત્વની વિશુદ્ધિને કારણે=વ્યવહારનયનું અવલંબન લેનારા પુરુષમાં મિથ્યાત્વની વિશુદ્ધિનો હેતુભૂત વ્યવહારનય છે, માટે હેતુભૂત એવી મિથ્યાત્વની વિશુદ્ધિ વ્યવહારનયમાં છે તેથી હેતુભૂત એવી મિથ્યાત્વની વિશુદ્ધિને કારણે, વ્યવહારનયનું શુદ્ધપણું છે; કેમ કે તેનું નિયમથી મિથ્યાત્વવિશોધકપણું છે=વ્યવહારનયના અવલંબનથી પદાર્થનો બોધ કરવા માટે યત્ન કરવામાં આવે તો વ્યવહારનયનું અવલંબન લેનારા પુરુષમાં વ્યવહારનય મિથ્યાત્વનો અપગમ કરીને મિથ્યાત્વની શુદ્ધિને કરે છે; પરંતુ નિશ્ચયનયનું શુદ્ધપણું નથી; કેમ કે તેનો=નિશ્ચયનયનો, મિથ્યાત્વવિશોધકત્વનો અભાવ છે, જે કારણથી આ=આગળની ગાથામાં કહેવાશે એ, વ્યવહારભાષ્યમાં કહેવાયું છે. ॥૪૬॥

ભાવાર્થ :-

યોગ્ય જીવ વ્યવહારનયનું અવલંબન લઈને યોગમાર્ગને જાણવા માટે યત્ન કરે તો વ્યવહારનયથી મિથ્યાત્વની વિશુદ્ધિ થાય છે અર્થાત્ મિથ્યાત્વનો અપગમ થવાને કારણે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. તેથી વ્યવહારનયમાં મિથ્યાત્વની વિશુદ્ધિનું હેતુપણું છે; અને યોગ્ય જીવ નિશ્ચયનયનું અવલંબન લઈને યોગમાર્ગને જાણવા માટે યત્ન કરે તો નિશ્ચયનયથી મિથ્યાત્વની વિશુદ્ધિ થતી નથી. તેથી નિશ્ચયનયમાં મિથ્યાત્વની વિશુદ્ધિનું હેતુપણું નથી. તેમાં સાક્ષી આપતાં કહે છે કે જે કારણથી આગળની ગાથામાં બતાવાશે, એ "વ્યવહારભાષ્ય"માં કહેવાયું છે.

અહીં વિશેષ એ છે કે વ્યવહાર આદિ નયોમાંથી કોઈપણ નય યોગ્ય જીવને યથાર્થ બોધ કરાવીને હિત કરે છે માટે શુદ્ધ છે, પરંતુ યથાર્થ કથન કરે છે એટલા માત્રથી શુદ્ધ નથી; કેમ કે કોઈપણ નય પોતાની દૃષ્ટિથી યથાર્થ કથન કરતો હોય તોપણ શ્રોતાને યથાર્થ બોધ કરાવતો ન હોય તો તે નય શુદ્ધ કહેવાય નહિ. અને આદ્યભૂમિકાના તત્ત્વના અર્થી જીવને વ્યવહારનયથી પદાર્થ બતાવવામાં આવે તો તેનામાં રહેલો બોધનો વિપર્યાસ દૂર થાય છે, તેથી તે જીવમાં મિથ્યાત્વની શુદ્ધિ થાય છે. માટે તેવા શ્રોતાને આશ્રયીને વ્યવહારનય શુદ્ધ છે; અને આદ્યભૂમિકાના તત્ત્વના અર્થી જીવને નિશ્ચયનયથી પદાર્થ બતાવવામાં આવે તો તેનામાં રહેલો બોધનો વિપર્યાસ દૂર થતો નથી, પરંતુ વિપર્યાસ વૃદ્ધિ પામે છે. માટે તેવા શ્રોતાને આશ્રયીને નિશ્ચયનય મિથ્યાત્વની વૃદ્ધિ કરનાર હોવાથી અશુદ્ધ છે. **॥૪૬॥**

અવતરણિકા :-

પૂર્વગાથામાં કહ્યું કે વ્યવહારનય મિથ્યાત્વનો વિશોધક હોવાથી શુદ્ધ છે, નિશ્ચયનય નથી. તેમાં સાક્ષીરૂપે કહ્યું કે વ્યવહારભાષ્યમાં આ કહેવાયું છે. તેથી હવે વ્યવહારભાષ્યની ગાથા બતાવે છે –

ગાથા :-

વેણઇએ મિચ્છત્તં, વવહારણયા ઉ જં વિસોહિંતિ।
તમ્હા તે ચ્ચિય સુદ્ધા, ભઇઅવ્વં હોઇ ઇયરેહિં।।૪૭।।

અન્વયાર્થ :-

વેણઇએ=વૈનયિક નામના મિથ્યાદૃષ્ટિમાં, જં મિચ્છત્તં=જે મિથ્યાત્વ છે તેને, વવહારણયા ઉ=વ્યવહારનયો જ, વિસોહિંતિ=શોધન કરે છે, તમ્હા=તે કારણથી, તે ચ્ચિય=તેઓ જ=વ્યવહારનયો જ, સુદ્ધા=શુદ્ધ છે, ઇયરેહિં=ઇતર નયો વડે=ઋજુસૂત્રાદિ નયો વડે, ભઇઅવ્વં હોઇ=ભજનીય છે=શુદ્ધિ ભજનીય છે=મિથ્યાત્વની શુદ્ધિ થતી નથી. ।।૪૭।।

ગાથાર્થ :-

વૈનયિક નામના મિથ્યાદૃષ્ટિમાં જે મિથ્યાત્વ છે તેને વ્યવહારનયો જ શોધન કરે છે, તે કારણથી વ્યવહારનયો જ શુદ્ધ છે. ઋજુસૂત્રાદિ નયો વડે શુદ્ધિ ભજનીય છે=મિથ્યાત્વની શુદ્ધિ થતી નથી. ।।૪૭।।

ટીકા :-

'वेणइए'त्ति । वैनयिको नाम मिथ्यादृष्टिस्तस्मिन् यन्मिथ्यात्वं तद् व्यवहारनया एव=तुरेवकारार्थः, नैगमसङ्ग्रहव्यवहाराः, शोधयन्ति=अपनयन्ति, ते ह्यनुयायिद्रव्याभ्युपगमपराः, ततः कृतकर्मफलोपभोगोपपत्तेः सद्धर्मदेशनादौ प्रवृत्तियोगतो भवति तात्त्विकी शुद्धिः, तस्मात्त एव शुद्धाः ।

❖ 'सद्धर्मदेशनादौ'માં 'आदि' પદથી સદ્ધર્મની આચરણાનું ગ્રહણ કરવું.

ટીકાર્થ :-

वैनयिको नाम ..... एव शुद्धाः । વૈનયિક નામનો મિથ્યાદૃષ્ટિ છે=સાત પ્રકારના મિથ્યાત્વમાં વૈનયિક નામનું મિથ્યાત્વ છે, અને તે વૈનયિક નામના મિથ્યાત્વને ધારણ કરનાર વૈનયિક નામનો મિથ્યાદૃષ્ટિ છે. તેનામાં જે મિથ્યાત્વ છે તેને વ્યવહારનયો જ=નૈગમ-સંગ્રહ-વ્યવહારનયો જ, શોધન કરે છે=મિથ્યાત્વનું અપનયન કરે છે, હિ=જે કારણથી, તેઓ=વ્યવહારનયો, અનુયાયી દ્રવ્યને સ્વીકારવામાં પર છે=અનુયાયી દ્રવ્યને સ્વીકારનારા છે, તેથી=વ્યવહારનયો અનુયાયી દ્રવ્ય સ્વીકારે છે તેથી, કરાયેલા કર્મના ફળના ઉપભોગની ઉપપત્તિ હોવાથી સદ્ધર્મદેશનાદિમાં પ્રવૃત્તિના યોગને કારણે તાત્ત્વિકી શુદ્ધિ થાય છે, તે કારણથી તેઓ જ=વ્યવહારનયો જ, શુદ્ધ છે.

ભાવાર્થ :-

"ઉપદેશપદ" ગ્રંથની ગાથા-૨૮ની ટીકામાં એકાંતિક, સાંશયિક, વૈનયિક, પૂર્વવ્યુદ્ગ્રાહ, વિપરીત રુચિ, નિસર્ગ અને મૂઢદૃષ્ટિ એ સાત પ્રકારનાં મિથ્યાત્વ કહેલ છે, તેમાં વૈનયિક નામનો એક ભેદ છે. જે પુરુષને

યોગમાર્ગ પ્રત્યેનું વલણ થયું છે અને સર્વદર્શનોમાં રહેલા યોગની વાતોને સાંભળીને 'આ દર્શનો સારાં છે' એ પ્રકારે બુદ્ધિ કરે છે, તેવા જીવોમાં વૈનયિક નામનું મિથ્યાત્વ છે. તેવા જીવો તત્ત્વ અર્થે સર્વ દર્શનના યોગી પાસે જાય છે તેમ જૈનદર્શનના યોગીઓ પાસે પણ આવે છે, અને જૈનદર્શનના વિવેકી ઉપદેશક નૈગમાદિ ત્રણ નયો ઉપર ચાલનાર વ્યવહારનયને આશ્રયીને ઉપદેશ આપે તો, વ્યવહારનય અનુયાયી દ્રવ્યને સ્વીકારનાર છે, તેથી આત્માની પૂર્વઅવસ્થા અને ઉત્તર અવસ્થામાં અનુયાયી એવા આત્માને સ્વીકારીને કહે કે 'આત્મા નિત્ય છે, અને જે જે કૃત્યો કરે છે તે કૃત્યના ફળને જન્માંતરમાં પ્રાપ્ત કરે છે. માટે વર્તમાનમાં કરાયેલાં કૃત્યોનું ફળ આપણે જન્માંતરમાં ભોગવવાનું છે, તેથી સારાં કૃત્યો કરીએ તો સારું ફળ મળે છે અને ખરાબ કૃત્યો કરીએ તો ખરાબ ફળ મળે છે' અને આ વાત આત્માના પૂર્વ-ઉત્તરભાવિ પર્યાયોમાં અનુયાયી આત્મદ્રવ્યને સ્વીકારીને સંગત થાય છે. તે ઉપદેશને સાંભળીને વૈનયિક નામના મિથ્યાદૃષ્ટિ જીવો સદ્ધર્મની દેશના સાંભળવા માટે પ્રવૃત્ત થાય છે, અને તે દેશનાને અનુરૂપ હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કરનારા થાય છે. માટે વ્યવહારનયને આશ્રયીને અપાયેલ ઉપદેશથી તે જીવોમાં પારમાર્થિકી શુદ્ધિ થાય છે; કેમ કે સદ્ધર્મની દેશના સાંભળીને તેઓનાં વિવેકરૂપ ચક્ષુ ખૂલે છે અને ઉપદેશને અનુરૂપ ઉચિત પ્રવૃત્તિ કરવા દ્વારા યોગમાર્ગને અનુરૂપ શુદ્ધિ વધે છે. તેથી વ્યવહારનયોને અવલંબીને અપાયેલો ઉપદેશ વૈનયિક મિથ્યાદૃષ્ટિ જીવોમાં વર્તતા મિથ્યાત્વનો અપગમ કરીને વિવેકસંપન્ન બનાવે છે, તેથી વ્યવહારનયો જ શુદ્ધ છે.

ટીકા :-

भइअव्वं होइ इयरेहिं ति=इतरैः ऋजुसूत्रादिभिर्नयैर्मिथ्यात्वशोधिमधिकृत्य भजनीयम्, न शुद्ध्यतीति भावः, ते हि पर्यायमात्रमभ्युपगच्छन्ति, पर्यायाणां च परस्परमात्यन्तिको भेदः, ततः कृतविप्रणाशादिदोष-प्रसङ्गः तथाहि—मनुष्येण कृतं कर्म किल देवो भुङ्क्ते मनुष्यावस्थाभिन्नः, ततो मनुष्यकृतकर्मविप्रणाशः, मनुष्येण सता तस्योपभोगाभावात्, देवस्य फलोपभोगोऽकृताभ्यागमः, देवेन सता तस्य कर्मणोऽकरणात् कृतविप्रणाशादिदोषपरिज्ञाने च न कोऽपि धर्मश्रवणेऽनुष्ठाने वा प्रवर्त्तेत इति मिथ्यात्वशुद्ध्यभावः, तदभावाच्च न ते शुद्धा इति ।।४७।।

ટીકાર્થ :-

'भइअव्वं होइ इयरेहिं' ति, 'इतरैः' ..... शुद्धा इति ।। ઇતર એવા ઋજુસૂત્રાદિ નયો વડે મિથ્યાત્વની શુદ્ધિને આશ્રયીને ભજનીય છે=શુદ્ધિ ભજનીય છે=મિથ્યાત્વની શુદ્ધિ થતી નથી એ પ્રકારનો ભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે ઋજુસૂત્રાદિ નયો વડે ઉપદેશ આપવામાં આવે તો મિથ્યાત્વની શુદ્ધિ કેમ થતી નથી ? તેથી કહે છે –

તેઓ=ઋજુસૂત્રાદિ નયો, પર્યાય માત્રને સ્વીકારે છે, અને પર્યાયોનો પરસ્પર આત્યંતિક ભેદ છે, તેથી કૃતવિપ્રણાશ આદિ દોષનો પ્રસંગ છે=કરાયેલાં કર્મોના ફળની પ્રાપ્તિ વગર કર્મોનો વિનાશ

આદિ દોષોની પ્રાપ્તિનો પ્રસંગ છે.

પર્યાયોનો આત્યંતિક ભેદ સ્વીકારવાથી કરાયેલાં કર્મોના વિનાશ આદિ દોષનો સંભવ કઈ રીતે છે ? તે 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે –

મનુષ્ય વડે કરાયેલું કર્મ નિશ્ચે મનુષ્યઅવસ્થાથી ભિન્ન એવો દેવ ભોગવે છે. તેથી મનુષ્ય વડે કરાયેલા કર્મનો વિનાશ છે=મનુષ્ય વડે કરાયેલા કર્મના ફળની અપ્રાપ્તિ છે; કેમ કે મનુષ્ય છતા તેના ઉપભોગનો અભાવ છે=કરાયેલા કર્મના ફળના ઉપભોગનો અભાવ છે; (અને) દેવને ફળનો ઉપભોગ અકૃતઅભ્યાગમ છે; કેમ કે દેવ છતા તે કર્મનું અકરણ છે; અને કૃતવિપ્રણાશાદિ દોષોનું પરિજ્ઞાન થયે છતે=ઉપદેશક ઋજુસૂત્ર નયોની દૃષ્ટિથી ઉપદેશ આપે તો શ્રોતાને કૃતવિપ્રણાશાદિ દોષોનું પરિજ્ઞાન થયે છતે, કોઈપણ શ્રોતા ધર્મશ્રવણમાં અને ધર્મઅનુષ્ઠાનમાં=યોગમાર્ગને ઉચિત અનુષ્ઠાનમાં, પ્રવૃત્તિ કરે નહિ. એથી મિથ્યાત્વની શુદ્ધિનો અભાવ છે, અને તેના અભાવથી=ઋજુસૂત્રાદિ નયને અનુસાર ઉપદેશથી શ્રોતાને મિથ્યાત્વની શુદ્ધિનો અભાવ હોવાથી, તેઓ શુદ્ધ નથી=ઋજુસૂત્રાદિ નયો શુદ્ધ નથી.

'ઇતિ' શબ્દ 'તથાહિ'થી કરેલા કથનની સમાપ્તિમાં છે. ॥૪૭॥

❖ 'ऋजुसूत्रादिभिः'માં 'આદિ' પદથી શબ્દાદિ નયોનું ગ્રહણ કરવું.

❖ 'कृतविप्रणाशादिदोषप्रसङ्गः'માં 'આદિ' પદથી અકૃતઅભ્યાગમદોષનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

વળી પ્રથમના ત્રણ નયો જેમ વ્યવહારનય છે તેમ પાછળના ચાર નયો નિશ્ચયનય છે. તેથી ઋજુસૂત્રાદિ ચાર નયો નિશ્ચયનયની દૃષ્ટિવાળા છે, અને પર્યાયમાત્રને સ્વીકારનારા છે. વળી ઋજુસૂત્રાદિ નયોની દૃષ્ટિથી પ્રત્યેક જીવના પર્યાયોનો પરસ્પર અત્યંત ભેદ છે, તેથી તે નયો અનુસાર ઉપદેશ આપવામાં આવે તો ક્ષણિકવાદનું સ્થાપન થાય; અને યોગમાર્ગના અર્થી એવા વૈનયિક નામના મિથ્યાદૃષ્ટિને ઋજુસૂત્રાદિ નયોને અવલંબીને ઉપદેશક ક્ષણિકવાદનું સ્થાપન કરે, તો શ્રોતાને વિચાર થાય કે 'આ ભવમાં હું જે કૃત્યો કરું છું તેના ફળને હું ભોગવનાર થવાનો નથી, પરંતુ મારા કરાયેલા કર્મના ફળનો ઉપભોગ અન્યને કરવાનો છે; કેમ કે હું મનુષ્યભવમાં જે કૃત્યો કરું તેનું ફળ દેવભવવાળા જીવને થશે, મને નહિ થાય, અને મનુષ્યભવવાળા એવા મેં જે કૃત્ય કર્યું છે તે કૃત્ય દેવભવવાળા જીવે કર્યું નથી, છતાં જેણે કૃત્ય કર્યું નથી તેને તે ફળની પ્રાપ્તિ થશે.' આ પ્રકારે જો પદાર્થવ્યવસ્થા હોય તો મારે ધર્મશ્રવણ કરવાનું શું પ્રયોજન ? અને ધર્મશ્રવણ કરીને સદનુષ્ઠાન કરવાનું શું પ્રયોજન ? અર્થાત્ કોઈપણ વિચારકને આ પ્રકારની પદાર્થવ્યવસ્થાનું જ્ઞાન થાય તો તે વિચારક પુરુષ ધર્મશ્રવણમાં કે ધર્મ આચરવામાં પ્રવૃત્તિ કરે નહિ. તેથી ઋજુસૂત્રાદિ નયને અવલંબીને અપાયેલી દેશનાથી શુદ્ધિનો અભાવ પ્રાપ્ત થાય, અને જે નયોનો ઉપદેશ જીવમાં મિથ્યાત્વની શુદ્ધિ કરી શકે નહિ તે નયો શુદ્ધ કહેવાય નહિ. માટે ઋજુસૂત્રાદિ નયોરૂપ નિશ્ચયનય શુદ્ધ નથી.

અહીં વિશેષ એ છે કે વ્યવહારનય બાહ્ય ઉચિત ક્રિયાઓને પરિણામ દ્વારા મોક્ષનું કારણ કહે છે, અને નિશ્ચયનય આત્માના ભાવોને આવિર્ભાવ કરવાના યત્નને મોક્ષનું કારણ કહે છે, પરંતુ બાહ્યક્રિયાઓને

મોક્ષનું કારણ સ્વીકારતો નથી. તે દૃષ્ટિને સામે રાખીને અત્યાર સુધી નિશ્ચયનય અને વ્યવહારનયની વિચારણા કરી. અને ગાથા-૪૬માં નિશ્ચયનય જ શુદ્ધ છે, એ પ્રકારના પક્ષપાતના નિરાસ માટે વ્યવહારનયની શુદ્ધતાના પક્ષપાતના અભિપ્રાયથી કહ્યું કે વ્યવહારનય મિથ્યાત્વનો શોધક છે નિશ્ચયનય નહિ, તે સ્થાનમાં ઋજુસૂત્રાદિ નયો પર ચાલનાર નિશ્ચયનયને ગ્રહણ કરેલ છે, અને નૈગમાદિ ત્રણ નયો પર ચાલનાર વ્યવહારનયને ગ્રહણ કરેલ છે.

વસ્તુતઃ વ્યવહારનય એટલે પદાર્થને સ્થૂલથી જોનારી દૃષ્ટિ, અને નિશ્ચયનય એટલે પદાર્થને સૂક્ષ્મથી જોનારી દૃષ્ટિ. તેથી સ્થૂલથી જોઈએ તો શાસ્ત્રાનુસારી ઉચિત ક્રિયાઓ મોક્ષનું કારણ દેખાય છે અને તે ક્રિયાઓ શુભભાવની વૃદ્ધિ દ્વારા મોક્ષનું કારણ છે, તેમ વ્યવહારનય માને છે; અને સૂક્ષ્મ જોનાર નિશ્ચયનય કહે છે કે બાહ્યક્રિયાઓ મોક્ષનું કારણ નથી, પરંતુ મોક્ષને અનુકૂળ એવો નિર્લેપભાવ મોક્ષનું કારણ છે, તેથી મોક્ષના અર્થીએ મોક્ષને અનુકૂળ એવા ભાવમાં ઉદ્યમ કરવો જોઈએ. આ પ્રકારના વ્યવહારનય અને નિશ્ચયનય જેમ મોક્ષના ઉપાય વિષયક પ્રવર્તે છે, તેમ પદાર્થના સ્વરૂપને જોવામાં પણ વ્યવહારનય અને નિશ્ચયનય પ્રવર્તે છે, અને પ્રથમના ત્રણ નય પદાર્થને સ્થૂલથી જોનારા છે, તેથી તેમનો અંતર્ભાવ વ્યવહારનયમાં થાય છે, અને પાછળના ચાર નયો પદાર્થને સૂક્ષ્મતાથી જોનારા છે, તેથી તેમનો અંતર્ભાવ નિશ્ચયનયમાં થાય છે.

વળી ઉપદેશક પદાર્થવ્યવસ્થા બતાવવા અર્થે પ્રથમના ત્રણ નય ઉપર ચાલનાર વ્યવહારનયને આશ્રયીને ઉપદેશ આપે તો પ્રથમના ત્રણ નયો જન્મ-જન્માંતર અવસ્થામાં અનુયાયી એવા આત્મદ્રવ્યને સ્વીકારીને પદાર્થ બતાવતા હોવાથી આદ્યભૂમિકાના શ્રોતાને આ ભવના કૃત્યોનું ફળ પરલોકમાં મને મળશે, તેવો નિર્ણય થાય છે. તેથી તે શ્રોતા તે ઉપદેશને સાંભળીને ધર્મશ્રવણમાં અને ધર્મઅનુષ્ઠાન સેવવામાં અધિક અધિક યત્ન કરે; પણ જો ઉપદેશક તેવા શ્રોતાને નિશ્ચયનય ઉપર ચાલનાર ઋજુસૂત્રાદિ નય પ્રમાણે પદાર્થવ્યવસ્થા બતાવે તો શ્રોતાને પરલોકમાં અનુયાયી એવા આત્મદ્રવ્યનો બોધ થાય નહિ, અને તેના કારણે પરલોકના હિત અર્થે ધર્મ સાંભળવા માટે અભિમુખ થયેલા શ્રોતાનો ધર્મ સાંભળવાનો અને ધર્મ સેવવાનો પરિણામ વિનાશ પામે. માટે નિશ્ચયનય મિથ્યાત્વની શુદ્ધિનું કારણ નથી, એ પ્રકારનું પ્રસ્તુત ગાથાનું તાત્પર્ય છે. **॥૪૭॥**

અવતરણિકા :-

एतदेव स्पष्टतरं विबिभावयिषुराह –

અવતરણિકાર્થ :-

આને જ=પૂર્વગાથાના કથનને જ, વધારે સ્પષ્ટ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે વ્યવહારનયો વૈનયિક નામના મિથ્યાદૃષ્ટિમાં રહેલા મિથ્યાત્વની શુદ્ધિ કરનાર હોવાથી શુદ્ધ છે, અને ઋજુસૂત્રાદિ નયો મિથ્યાત્વની શુદ્ધિ કરનાર નહિ હોવાથી અશુદ્ધ છે. એ કથનને જ વધારે સ્પષ્ટ કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

ववहारणयस्साया, कम्मं काउं फलं समणुहोइ ।
इय वेणइए कहणं, विसेसणे मा हु मिच्छत्तं ।।४८।।

અન્વયાર્થ :-

ववहारणयस्स=व्यवहारनयना=व्यवहारनयना मतथी, आया=आत्मा, कम्मं काउं=कर्मने करीने=शुभ-अशुभ कर्मने करीने, फलं=फळने, समणुहोइ=अनुभवे छे=भवांतरमां अनुभवे छे, इय=એ કારણથી, वेणइए कहणं=वैनयिक नामना मिथ्यादृष्टिमां कथन छे=वैनयिक नामना मिथ्यादृष्टिमां व्यवहारनयथी सद्धर्मनो उपदेश छे, विसेसणे=ऋजुसूत्रादि नयथी प्ररूपणा कराये छते, मा हु मिच्छत्तं=मिथ्यात्व न थाओ=मिथ्यात्व न थाय तेथी ऋजुसूत्रादि नयथी वैनयिक मिथ्यादृष्टिमां सद्धर्मदेशनानी प्रवृत्ति नथी. ।।४८।।

ગાથાર્થ :-

व्यवहारनयना मतथी आत्मा शुभ-अशुभकर्म करीने फळने भवांतरमां अनुभवे छे, એ કારણથી वैनयिक नामना मिथ्यादृष्टिमां व्यवहारनयथी सद्धर्मनो उपदेश छे. ऋजुसूत्रादि नयथी प्ररूपणा कराये छते मिथ्यात्व न थाओ. ।।४८।।

ટીકા :-

'ववहारणयस्स'त्ति । व्यवहारप्रधानो नयो व्यवहारनयस्तस्य मतेन आत्मा शुभमशुभं वा कर्म कृत्वा तस्य फलं भवान्तरे समनुभवति, अनुयायिद्रव्याभ्युपगमात्, इति=एतस्मात्कारणात्, वैनयिके मिथ्यादृष्टौ मिथ्यात्वापगमाय कथनं=सद्धर्मोपदेशः, तत्परिणतौ च मिथ्यात्वापगम इति मिथ्यात्वशोधकत्वात् त्रयोऽपि व्यवहारनयाः शुद्धाः, 'विसेसणे मा हु मिच्छत्त'मिति, विशेष्यते-परस्परं पर्यायजातं भिन्नतया व्यवस्थाप्यतेऽनेनेति विशेषणम्-ऋजुसूत्रादिनयस्तस्मिन् प्ररूप्यमाणे कृतविप्रणाशादिदोषाशङ्कातोऽधिकतरं मा जन्तवो मिथ्यात्वं यासुरिति न तन्मतानुसारेण वैनयिके सद्धर्मदेशनाप्रवृत्तिः, तदभावाच्च न मिथ्यात्वशुद्धिरिति न ते शुद्धाः ।।४८।।

ટીકાર્થ :-

व्यवहारप्रधानो ..... न ते शुद्धाः ।। व्यवहारप्रधान नय ते व्यवहारनय, तेना मतथी=व्यवहारनयना मतथी, आत्मा शुभ अथवा अशुभ कर्मने करीने तेना फळने भवांतरमां अनुभवे छे; केम के अनुयायी द्रव्यनो स्वीकार छे=व्यवहारनयथी परलोकमां अनुसरनार आत्मद्रव्यनो स्वीकार छे. એ કારણથી वैनयिक मिथ्यादृष्टिमां मिथ्यात्वना अपगम माटे कथन छे=सद्धर्मनो उपदेश छे=व्यवहारनयना मतथी सद्धर्मनो उपदेश छे, अने तेनी परिणति थये छते=व्यवहारनयथी अपायेला सद्धर्मना

ઉપદેશની વૈનયિક નામના મિથ્યાદૃષ્ટિમાં પરિણતિ થયે છતે, મિથ્યાત્વનો અપગમ થાય છે. એ હેતુથી મિથ્યાત્વનું શોધકપણું હોવાને કારણે ત્રણે પણ વ્યવહારનયો શુદ્ધ છે=શ્રોતાને હિતનું કારણ બને તેવા યથાર્થ તત્ત્વને બતાવનારા છે.

'વિશેષણની પ્રરૂપણા કરાયે છતે મિથ્યાત્વ ન થાઓ' એ પ્રકારના શ્લોકના અર્થને સ્પષ્ટ કરવા માટે પ્રથમ વિશેષણ એટલે શું ? તે સ્પષ્ટ કરે છે –

પરસ્પર પર્યાયના સમુદાયને વિશેષિત કરાય છે આના વડે=ભિન્નપણારૂપે વ્યવસ્થાપન કરાય છે આના વડે, એ વિશેષણ=ઋજુસૂત્રાદિનય, આ પ્રકારની વિશેષણ શબ્દની વ્યુત્પત્તિથી વિશેષણ શબ્દનો અર્થ ઋજુસૂત્રાદિ નય પ્રાપ્ત થાય છે, તેની પ્રરૂપણા કરાયે છતે=ઋજુસૂત્રાદિનયની પ્રરૂપણા કરાયે છતે, કૃતવિપ્રણાશાદિ દોષોની શંકાથી જીવો અધિકતર મિથ્યાત્વ ન પામો. એથી તેના મતાનુસારે=ઋજુસૂત્રાદિનય મતાનુસારે, વૈનયિક મિથ્યાદૃષ્ટિમાં સદ્ધર્મદેશનાની પ્રવૃત્તિ નથી, અને તેના અભાવને કારણે=ઋજુસૂત્રાદિ નયથી વૈનયિક મિથ્યાદૃષ્ટિમાં સદ્ધર્મની દેશનાના અભાવને કારણે, મિથ્યાત્વની શુદ્ધિ નથી=ઋજુસૂત્રાદિનયની દૃષ્ટિથી વૈનયિક મિથ્યાદૃષ્ટિમાં મિથ્યાત્વની શુદ્ધિ નથી. એથી તેઓ=ઋજુસૂત્રાદિ નયો, શુદ્ધ નથી. ॥૪૮॥

❖ 'त्रयोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે નૈગમાદિ એક નય તો શુદ્ધ છે, પરંતુ નૈગમાદિ ત્રણે પણ વ્યવહારનયો શુદ્ધ છે.

ભાવાર્થ :-

વ્યવહારનય એટલે વ્યવહારપ્રધાન નય, આ પ્રકારનો સમાસ છે. તેથી લોકમાં જે પ્રામાણિક વ્યવહાર પ્રવર્તતો હોય તેને અનુસરનારા એવા જે નયો તે વ્યવહારનય છે. વ્યવહારનયના મતથી આત્મા વર્તમાનમાં જે શુભ ક્રિયાઓ કરે છે અથવા જે અશુભ ક્રિયાઓ કરે છે, તેનું ફળ ભવાંતરમાં અનુભવે છે; કેમ કે વ્યવહારનયો દ્રવ્યાસ્તિકનય ઉપર ચાલનારા છે, તેથી પરલોકમાં અનુયાયી એવા દ્રવ્યને સ્વીકારે છે. હવે કોઈ વૈનયિક મિથ્યાદૃષ્ટિ જીવ તત્ત્વની જિજ્ઞાસાથી ઉપદેશ સાંભળવા આવે ત્યારે વિવેકી ઉપદેશક વ્યવહારનયના મતથી તેને સદ્ધર્મનો ઉપદેશ આપે છે; કેમ કે વિવેકી ઉપદેશકને જ્ઞાન છે કે વ્યવહારનયથી ઉપદેશ આપવામાં આવશે તો યોગ્ય શ્રોતાને વર્તમાનના કૃત્યનું ફળ પોતાને મળશે તેવો વિશ્વાસ ઉત્પન્ન થશે, અને તેથી તત્ત્વને જાણવા માટે અધિક અધિક પ્રવૃત્તિ કરશે; અને જેમ જેમ સદ્ધર્મના ઉપદેશથી તેની બુદ્ધિ પરિપક્વ થશે તેમ તેમ મિથ્યાત્વનો અપગમ થશે. તેથી શ્રોતાના હિતના અર્થે વિવેકી ઉપદેશક વ્યવહારનયથી ઉપદેશ આપે છે, અને વ્યવહારનય યોગ્ય શ્રોતાના મિથ્યાત્વની શુદ્ધિ કરે છે. માટે પ્રથમના ત્રણ વ્યવહારનયો શુદ્ધ છે.

આ રીતે ઉચિત સ્થાને વ્યવહારનયો શુદ્ધ છે તેમ સ્થાપન કર્યા પછી નિશ્ચયનય તે સ્થાનમાં શુદ્ધ નથી, તે બતાવવા અર્થે કહે છે –

પર્યાયાસ્તિકનય ઉપર ચાલનાર નિશ્ચયનય ઋજુસૂત્રાદિનયરૂપ છે, અને ઋજુસૂત્રાદિનયથી પદાર્થની પ્રરૂપણા વૈનયિક મિથ્યાદૃષ્ટિ શ્રોતા પાસે કરવામાં આવે તો ઋજુસૂત્રાદિનયો પર્યાયોને પરસ્પર ભિન્ન સ્વીકારનાર હોવાથી મનુષ્યપર્યાયથી દેવપર્યાય ભિન્ન છે, તે પ્રકારનું સ્થાપન થવાથી, વર્તમાનના શુભ કે અશુભ કૃત્યોનું ફળ પોતાને પ્રાપ્ત થશે નહિ તેવો ભ્રમ શ્રોતાને થાય. તેથી મિથ્યાત્વની કંઈક મંદતાના કારણે તત્ત્વ સાંભળવા માટે અભિમુખ થયેલા વૈનયિક મિથ્યાદૃષ્ટિ જીવોમાં અધિક મિથ્યાત્વની પ્રાપ્તિ થાય; કેમ કે ઋજુસૂત્રાદિનયથી ઉપદેશકના વચનને સાંભળીને તેઓને વિચાર આવે કે 'આ ભવમાં મારા વડે કરાયેલાં કૃત્યોનું ફળ પરલોકમાં મને મળવાનું નથી, કારણ કે મારો આત્મા ક્ષણિક છે, તેથી પરલોક નથી, તેથી મનુષ્યભવથી દેવભવમાં જનાર અન્ય આત્મા છે, અન્ય ભવમાં જનાર મારો આત્મા નથી.' આ રીતે ઋજુસૂત્રાદિનયને આશ્રયીને ઉપદેશ આપવાથી ધર્મ સાંભળવાને અભિમુખ થયેલા શ્રોતાની ધર્મ સાંભળવાની મનોવૃત્તિનો નાશ થાય છે, તેથી ઋજુસૂત્રાદિનયના મતથી ઉપદેશ આપવાને કારણે શ્રોતાના મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે; અને યોગ્ય શ્રોતામાં મિથ્યાત્વની વૃદ્ધિ ન થાય તે માટે વિવેકી ઉપદેશક ઋજુસૂત્રાદિનયના મતથી વૈનયિક મિથ્યાદૃષ્ટિને સદ્ધર્મની દેશના આપતા નથી. તેથી ઋજુસૂત્રાદિનયથી વૈનયિક મિથ્યાદૃષ્ટિના મિથ્યાત્વની શુદ્ધિ થતી નથી. માટે ઋજુસૂત્રાદિ ચારે નયો શુદ્ધ નથી.

અહીં વિશેષ એ છે કે કોઈ ઉપદેશક વૈનયિક મિથ્યાદૃષ્ટિને ઋજુસૂત્રાદિ નયથી પદાર્થની વ્યવસ્થા બતાવે, અને તે પદાર્થવ્યવસ્થા શાસ્ત્રમર્યાદા અનુસાર યથાર્થ હોય, તો તે વક્તાનો ઉપદેશ પ્રરૂપણા અંશથી યથાર્થ બને, તોપણ તે ઉપદેશ શ્રોતાને વિપરીત બોધરૂપે પરિણમન પામતો હોવાથી ફળ અંશથી તે પ્રરૂપણા અયથાર્થ છે. માટે ઉપદેશકને મિથ્યાપ્રરૂપણાકૃત કર્મબંધની પ્રાપ્તિ થાય. ॥૪૮॥

अवतरणिका :-

व्यवहारस्य मिथ्यात्वविशोधकताया एव तन्त्रान्तरोक्तं फलमाह –

અવતરણિકાર્થ :-

વ્યવહારનયના મિથ્યાત્વશોધકતાના જ અન્ય શાસ્ત્રમાં કહેવાયેલા ફળને કહે છે –

ભાવાર્થ :-

વ્યવહારનયનો ઉપદેશ વૈનયિક મિથ્યાદૃષ્ટિમાં મિથ્યાત્વશોધક છે, એમ પૂર્વગાથામાં બતાવ્યું. હવે કાલિકસૂત્રમાં વ્યવહારનયનો ઉપદેશ અપરિણામાદિ શિષ્યોના હિતનું કારણ છે, તેમ કહેલ છે. તે રૂપ વ્યવહારનયનું ફળ પ્રસ્તુત ગાથામાં બતાવે છે. તેથી એ પ્રાપ્ત થાય કે જેમ વૈનયિક મિથ્યાદૃષ્ટિને વ્યવહારનયનો ઉપદેશ મિથ્યાત્વની શુદ્ધિ કરાવનાર છે અને ઋજુસૂત્રાદિનયનો ઉપદેશ મિથ્યાત્વની વૃદ્ધિ કરાવનાર છે, તેમ અપરિણામાદિ શિષ્યોને ઋજુસૂત્રાદિ નયનો ઉપદેશ મિથ્યાત્વની વૃદ્ધિ કરાવનાર નથી, પરંતુ યથાર્થ બોધ કરાવનાર પણ નથી. તેથી તેઓને યથાર્થ બોધ કરાવીને હિતમાં પ્રવૃત્તિ કરાવવા અર્થે વ્યવહારનયનો ઉપદેશ ફલવાન છે, તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

इत्तो कालियसुत्ते, अपरीणामाइसीसहिअहेउं ।
ववहारस्सऽहिगारो, भणियं आवस्सए जमिणं ।।४९।।

અન્વયાર્થ :-

इत्तो=આથી=વ્યવહારનય મિથ્યાત્વશોધક હોવાથી, कालियसुत्ते=કાલિકસૂત્રમાં, अपरीणामाइसीसहिअहेउं= અપરિણામાદિ શિષ્યોના હિતના હેતુથી, ववहारस्सऽहिगारो=વ્યવહારનયનો અધિકાર છે, जं=જે કારણથી, आवस्सए=આવશ્યક સૂત્રમાં, इणं=આ=આગળની ગાથામાં કહેવાશે એ, भणियं=કહેવાયું છે. ।।૪૯।।

ગાથાર્થ :-

વ્યવહારનય મિથ્યાત્વશોધક હોવાથી કાલિકસૂત્રમાં અપરિણામાદિ શિષ્યોના હિતના હેતુથી વ્યવહારનયનો અધિકાર છે, જે કારણથી આવશ્યકસૂત્રમાં આગળની ગાથામાં કહેવાશે એ કહેવાયું છે. ।।૪૯।।

ટીકા :-

'इत्तो'त्ति । इतः=नियमतो मिथ्यात्वविशोधकत्वाद्, अपरिणामादयो ये शिष्यास्तेषां हितहेतोः सूत्रे कालिके, उपलक्षणादुत्कालिकश्रुते च व्यवहारस्याधिकारः कृत आर्यरक्षितसूरिभिः, तथाहि त्रिविधाः शिष्याः-अपरिणामा अतिपरिणामाः परिणामाश्च, तत्र ये मन्दमतयोऽगीतार्था अपरिणतजिन-वचनरहस्यास्तेऽपरिणामाः, अतिव्याप्तापवाददृष्टयोऽतिपरिणामाः, सम्यक्परिणतजिनवचना मध्यस्थवृत्तयः परिणामाः, तत्र येऽपरिणामास्ते नयानां य आत्मीय आत्मीयो विषयो ज्ञानमेव श्रेयः क्रिया वा श्रेयसीत्यादिकस्तं न श्रद्दधते। ये त्वतिपरिणामास्तेऽपि यदेवैकेन नयेन क्रियादिकं वस्त्वभिहितं तदेव तन्मात्रमेव प्रमाणतया गृह्णन्त एकान्तवस्तुप्रतिपादकनयानां परस्परविरोधं च मन्यमाना मिथ्यात्वं गच्छेयुः । ये च परिणामास्ते यद्यपि मिथ्यात्वं न गच्छन्ति तथापि विस्तरेण नयैर्व्याख्यायमानैर्ये सूक्ष्माः सूक्ष्मतराश्च तद्भेदास्तान् ग्रहीतुमशक्ता भवेयुः, इति मूलत एव नयविभागो न कृतः, तदुक्तं भाष्यकृता –

"णाऊण रक्खिअज्जो, मइमेहाधारणासमग्गं पि ।
किच्छेणं धरमाणं, सुपण्णवं पूसमित्तं पि ।।१।। (विशे० भाष्य-२२८९)
अइसयकओवओगो, मइमेहाधारणाइपरिहीणे ।
नाऊणं सेसपुरिसे, खेत्तं कालाणुरूवं च ।।२।। (विशे० भाष्य-२२९०)

साणुग्गहोऽणुओगे, वीसुं कासी य सुअविभागेण ।

सुहगहणाइणिमित्तं, णए अ सुणिगूहियविभागे ।।३।। (विशे० भाष्य-२२९१)

सविसयमसद्दहंता, णयाण तम्मत्तयं च गिण्हंता ।

मण्णंता य विरोहं, अपरीणामातिपरिणामा ।।४।। (विशे० भाष्य-२२९२)

गच्छेज्ज मा हु मिच्छं, परिणामा य सुहुमाइबहुभेए ।

हुज्जाऽसत्ता घेत्तुं, ण कालिए ता नयविभागो" ।।५।। **त्ति** । (विशे० भाष्य-२२९३)

केवलमाद्यैस्त्रिभिर्नयैः परिकर्मितः सन् दृष्टिवादयोग्यो भवतीत्याद्यनयत्रयलक्षणस्य व्यवहारस्यात्राधिकारः, तदुक्तम् –

"पायं संववहारो, ववहारंतेहिं तीहिं जं लोए ।

तेण परिकम्मणत्थं, कालियसुत्ते तदहिगारो" ।।१।। **त्ति** । (विशे० भाष्य-२२७६)

उक्तार्थे सूत्रालापसम्मतिमाह - यत्=यस्माद्, भणितमिदमावश्यके ।।४९।।

टीकार्थ :-

इतः=नियमतो ..... भणितमिदमावश्यके ।। આથી=નિયમથી મિથ્યાત્વશોધકપણું હોવાથી=વ્યવહારનયનું નિયમથી મિથ્યાત્વશોધકપણું હોવાથી, અપરિણામાદિ જે શિષ્યો છે તેઓના હિતના હેતુથી સૂત્રમાં=કાલિકસૂત્રમાં અને ઉપલક્ષણથી ઉત્કાલિક સૂત્રમાં, આર્યરક્ષિતસૂરિ વડે વ્યવહારનયનો અધિકાર કરાયો છે.

આર્યરક્ષિતસૂરિ વડે કાલિકસૂત્રમાં અપરિણામાદિ શિષ્યોના હિત માટે વ્યવહારનયનો અધિકાર કરાયો છે તે કથન 'तथाहि'થી સ્પષ્ટ કરે છે –

ત્રણ પ્રકારના શિષ્યો છે : (૧) અપરિણામા-શાસ્ત્રનાં વચનો સમ્યક્ પરિણમન પામ્યાં નથી જેમને તે શિષ્યો અપરિણામા છે. (૨) અતિપરિણામા-એક દૃષ્ટિથી કહેવાયેલાં શાસ્ત્રવચનોને સર્વદૃષ્ટિથી ગ્રહણ થાય છે જેમને તે શિષ્યો અતિપરિણામા છે. (૩) પરિણામા-શાસ્ત્રવચન સમ્યક્ પરિણમન પામ્યાં છે જેમને તે શિષ્યો પરિણામા છે. ત્યાં=તે ત્રણ પ્રકારના શિષ્યોમાં, જે મંદમતિવાળા અગીતાર્થો છે, તેથી અપરિણત જિનવચનના રહસ્યવાળા છે તેઓ અપરિણામા છે. અતિવ્યાપ્ત અપવાદ દૃષ્ટિવાળા=એક નયની દૃષ્ટિ દ્વારા અન્ય નયના સ્થાનમાં અન્ય નયનું અપવદન અર્થાત્ અપલાપ કરવાની દૃષ્ટિ છે જેમને તે અતિપરિણામા છે. સમ્યક્ પરિણત છે જિનવચન જેમને એવા, આથી મધ્યસ્થવૃત્તિવાળા અર્થાત્ બધા નયો પ્રત્યે સમાન વૃત્તિવાળા પરિણામા છે.

ત્રણ પ્રકારના શિષ્યોનું સામાન્યથી સ્વરૂપ બતાવ્યું. હવે તે ત્રણ પ્રકારના શિષ્યો કેવા બોધવાળા છે તે કંઈક વિશેષથી સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

તેમાં=તે ત્રણ પ્રકારના શિષ્યોમાં, (૧) જેઓ અપરિણામા છે તેઓ નયોનો જે પોતપોતાનો વિષય 'જ્ઞાન જ શ્રેય છે અથવા ક્રિયા જ શ્રેય છે ઇત્યાદિક' તેની શ્રદ્ધા કરતા નથી=જે જે નયો જે તત્ત્વને બતાવે છે તે તત્ત્વના રહસ્યને સમજી શક્યા નહિ હોવાથી, કદાચ જ્ઞાન શ્રેય છે કે ક્રિયા શ્રેય છે તેમ શબ્દોથી માનતા હોય તોપણ તે નયના વિષયભૂત જ્ઞાન કે તે નયના વિષયભૂત ક્રિયાના પરમાર્થને નહિ જાણનારા હોવાથી, તે નયના પરમાર્થ વિષયક રુચિ વગરના છે. (૨) વળી જેઓ અતિપરિણામા છે તેઓ પણ, જે જે એક નય વડે ક્રિયાદિક વસ્તુ કહેવાયું તેને જ=તે ક્રિયાદિ વસ્તુને જ, તન્માત્ર જ પ્રમાણરૂપે ગ્રહણ કરતા=તે ક્રિયાદિ વસ્તુ માત્ર જ પૂર્ણ મોક્ષમાર્ગ છે એ પ્રમાણે ગ્રહણ કરતા, અને એકાન્ત વસ્તુપ્રતિપાદક નયોના પરસ્પર વિરોધને માનતા મિથ્યાત્વને પામે, અને (૩) જેઓ પરિણામા છે, તેઓ જોકે મિથ્યાત્વને પામતા નથી તોપણ વિસ્તારથી વ્યાખ્યાન કરાતા એવા નયો વડે જે સૂક્ષ્મ અને સૂક્ષ્મતર તેના ભેદો છે=નયોના ભેદો છે, તેઓને=નયોના સૂક્ષ્મ સૂક્ષ્મતર ભેદોને, ગ્રહણ કરવા માટે અસમર્થ થાય. એથી=અપરિણામાદિ ત્રણે પ્રકારના શિષ્યોના હિતના રક્ષણના હેતુથી મૂળથી જ=કાલિકસૂત્રમાં મૂળથી જ, નયવિભાગ કરાયો નથી.

તે ભાષ્યકાર વડે કહેવાયું છે=શિષ્યોના હિતના હેતુથી આર્યરક્ષિતસૂરિ વડે કાલિકસૂત્રમાં મૂળથી નયવિભાગ કરાયો નથી, તે ભાષ્યકાર વડે કહેવાયું છે –

મતિમેધાધારણાથી સમગ્ર પણ કષ્ટથી ધારણ કરતા સુપ્રજ્ઞાવાન એવા પુષ્પમિત્રને પણ જાણીને, અતિશય કરાયો છે ઉપયોગ જેમના વડે એવા અનુગ્રહથી યુક્ત આર્યરક્ષિતસૂરિએ મતિમેધાધારણાથી પરિહીન શેષપુરુષોને જાણીને અને ક્ષેત્ર, કાળને અનુરૂપ જાણીને, શ્રુતવિભાગથી અનુયોગોને પૃથક્ કર્યા, અને સુખપૂર્વક ગ્રહણ આદિના નિમિત્તે સુનિગૂહિત વિભાગવાળા એવા નયોને અપૃથક્ કર્યા. ।।૧-૨-૩।। વિશેષાવશ્યક ભાષ્ય ।।૨૨૮૯-૨૨૯૦-૨૨૯૧।।

સ્વવિષયને નહિ શ્રદ્ધા કરતા અને નયોના તન્માત્રને ગ્રહણ કરતા અને વિરોધને માનતા અપરિણામા અને અતિપરિણામા જીવો મિથ્યાત્વ ન પામો અર્થાત્ સ્વવિષયને નહિ શ્રદ્ધા કરતા અપરિણામા જીવો, અને નયોના તન્માત્રને ગ્રહણ કરતા અને વિરોધને માનતા અતિપરિણામા જીવો, મિથ્યાત્વ ન પામો; અને પરિણામા જીવો સૂક્ષ્માદિ બહુભેદોને ગ્રહણ કરવા માટે અસમર્થ થાય, તે કારણથી કાલિકસૂત્રમાં નયવિભાગ નથી. ।।૪-૫।। વિશેષાવશ્યક ભાષ્ય-૨૨૯૨-૨૨૯૩।।

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

કેવલ આદ્ય ત્રણ નયો વડે પરિકર્મિત છતા દૃષ્ટિવાદને યોગ્ય=દૃષ્ટિવાદ નામનું બારમું અંગ જેમાં બધા નયોથી સર્વ પદાર્થોની વિચારણા કરી છે તે દૃષ્ટિવાદને ભણવાને યોગ્ય થાય છે. એથી આદ્યનયત્રયસ્વરૂપ વ્યવહારનયનો અહીં=કાલિકસૂત્રમાં, અધિકાર છે.

તે કહેવાયું છે=આદ્ય નયત્રય વડે પરિકર્મિત જીવો દૃષ્ટિવાદને ભણવાને યોગ્ય થાય છે, આથી કાલિકસૂત્રમાં વ્યવહારનયનો અધિકાર છે, તે વિશેષાવશ્યક ભાષ્યમાં કહેવાયું છે –

જે કારણથી લોકમાં વ્યવહારને કરનારા એવા ત્રણ નયો વડે પ્રાયઃ સંવ્યવહાર છે, તે કારણથી પરિકર્મ માટે=

શ્રોતાની બુદ્ધિના પરિકર્મ માટે, કાલિકસૂત્રમાં તેનો અધિકાર છે=વ્યવહારનયનો અધિકાર છે. ॥૧॥ વિશેષાવશ્યક ભાષ્ય-॥૨૨૭૬॥

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

શ્લોકના ચોથા પાદનું ઉત્થાન કરે છે –

ઉક્ત અર્થમાં=કાલિકસૂત્રમાં અપરિણામાદિ જીવો માટે વ્યવહારનયનો અધિકાર છે એમ પૂર્વમાં કહ્યું એ રૂપ ઉક્ત અર્થમાં, સૂત્રઆલાપની સંમતિને ગાથામાં બતાવે છે – જે કારણથી આ=આગળની ગાથામાં કહેવાશે એ, આવશ્યકસૂત્રમાં કહેવાયું છે. ॥૪૯॥

❖ 'अतिपरिणामास्तेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે અપરિણામા તો તે તે નયના વિષયની શ્રદ્ધા કરતા નથી, તેથી મિથ્યાત્વને પામે, પરંતુ અતિપરિણામા પણ એક નયને એકાંત સ્વીકારીને મિથ્યાત્વને પામે, એ હેતુથી કાલિકસૂત્રમાં મૂળથી નયવિભાગ કરાયો નથી.

ભાવાર્થ :-

વ્યવહારનયથી પદાર્થ બતાવવામાં આવે તો મિથ્યાત્વની શુદ્ધિ થાય છે, તેથી આર્યરક્ષિતસૂરિએ ત્રણ પ્રકારના શિષ્યોના હિતને માટે કાલિકસૂત્રમાં અને ઉત્કાલિક સૂત્રમાં વ્યવહારનયનો અધિકાર કર્યો છે.

ત્રણ પ્રકારના શિષ્યોમાં જે શિષ્યો મંદમતિવાળા છે અને શાસ્ત્રો ભણીને ગીતાર્થ થયા નથી, તેઓ જિનવચનના રહસ્યને હજી પ્રાપ્ત કરી શક્યા નથી, તોપણ કલ્યાણના અર્થી છે અને શાસ્ત્ર અધ્યયન કરીને સંયમની ઉચિત પ્રવૃત્તિ કરે છે, તેવા શિષ્યો અપરિણામા છે. તેવા જીવોને જ્ઞાન જ શ્રેય છે, એ પ્રમાણે જ્ઞાનનયથી ઉપદેશ આપવામાં આવે અથવા ક્રિયા જ શ્રેય છે, એ પ્રમાણે ક્રિયાનયથી ઉપદેશ આપવામાં આવે તો તેના પારમાર્થિક અર્થને સમજી શકે નહિ. તેથી તેવા જીવોને નયદૃષ્ટિથી ઉપદેશ આપવાને બદલે ચરણકરણાનુયોગ આદિ ચાર અનુયોગોનો વિભાગ બતાવીને આ ચાર અનુયોગો કઈ રીતે સંવેગની વૃદ્ધિ કરાવીને મોક્ષનું કારણ છે તે સમજાવવામાં આવે તો તેઓ હિત સાધી શકે. તેથી વિવેકી ઉપદેશક અપરિણામા જીવોને આશ્રયીને નયદૃષ્ટિથી ઉપદેશ આપવાને બદલે તેમની મતિ પરિકર્મિત થાય તે રીતે ઉપદેશ આપે છે.

વળી અપરિણામા શિષ્યોમાંથી કેટલાક શિષ્યો કંઈક તત્ત્વની વિચારણા કરી શકે તેવી પ્રજ્ઞાવાળા છે, છતાં સૂક્ષ્મપ્રજ્ઞા નથી; તેવા જીવોને ઋજુસૂત્રાદિનયરૂપ નિશ્ચયનયથી તત્ત્વ બતાવવામાં આવે તો તેના ગંભીર ભાવોના પરમાર્થને પ્રાપ્ત કરી શકે નહિ અને બુદ્ધિમાં વ્યામોહ થાય, તેથી તત્ત્વ સાંભળીને પણ કલ્યાણની પ્રાપ્તિ કરી શકે નહિ; પરંતુ કોઈક શ્રોતાને નયદૃષ્ટિથી ઉપદેશ આપવો યોગ્ય જણાય તો પ્રથમના ત્રણ નયથી પદાર્થને બતાવવાથી પરલોક, પુણ્ય, પાપ આદિ દૃષ્ટવ્યવસ્થાની સંગતિ થાય. તેથી અપરિણામા શિષ્યો વ્યવહારનયનાં શાસ્ત્રવચનોથી સ્વબુદ્ધિ અનુસાર દૃષ્ટવ્યવસ્થાને યથાસ્થાને સમજીને શાસ્ત્રથી પરિકર્મિત મતિવાળા બને તો તેમનું હિત થાય, અને ઋજુસૂત્રાદિનયથી ઉપદેશ આપવાથી તેમના

મિથ્યાત્વની વૃદ્ધિ થાય. એથી વિવેકી ઉપદેશક અપરિણામા જીવોને આશ્રયીને ઋજુસૂત્રાદિ નયરૂપ નિશ્ચયનયથી ઉપદેશ આપતા નથી.

વળી ઉપદેશક કોઈક નયની દૃષ્ટિથી ઉપદેશ આપે તો કેટલાક શિષ્યો તે નયદૃષ્ટિને સમજી શકે તેવી પ્રજ્ઞાવાળા છે. આમ છતાં તેઓને ઉપદેશક જે નયદૃષ્ટિથી શાસ્ત્રવચનો બતાવે તે નયની દૃષ્ટિને એકાંતથી ગ્રહણ કરીને તે નયના સ્થાનમાં તે નયની દૃષ્ટિથી યથાર્થ બોધ કરે છે, તેમ ઉપદેશક દ્વારા બતાવાયેલી નયદૃષ્ટિને પ્રમાણરૂપે માનીને તે નયના પ્રતિપક્ષ એવા અન્ય નયના સ્થાનમાં પણ તે નયદૃષ્ટિથી પદાર્થને સ્વીકારીને અન્ય નયના પદાર્થનો અપલાપ કરે છે. તેથી તેઓની નયદૃષ્ટિ સ્વીકારાયેલા નયના સ્થાનમાં જેમ અન્ય નયના પદાર્થનો અસ્વીકાર કરે છે, તેમ અન્ય નયના સ્થાનમાં પણ અન્ય નયના પદાર્થનો અસ્વીકાર કરે છે. માટે તેઓ અતિવ્યાપ્ત અપવાદ દૃષ્ટિવાળા છે. તેવા શિષ્યોને ઋજુસૂત્રાદિરૂપ ચાર નયોથી પદાર્થ બતાવવામાં આવે તો તેઓની દૃષ્ટિ અતિપરિણામવાળી હોવાથી વ્યવહારનયનો અપલાપ કરનારી થાય, અને વ્યવહારનયનો અપલાપ થવાથી અનુયાયી એવા આત્મદ્રવ્યનો અસ્વીકાર થાય, અને અનુયાયી એવું આત્મદ્રવ્ય ન હોય તો પરલોક, પુણ્ય, પાપ આદિની સંગતિ થાય નહિ. તેથી અતિપરિણામા જીવોને ઋજુસૂત્રાદિ નયથી ઉપદેશ આપવામાં આવે તો પરલોક આદિમાં અશ્રદ્ધા થવાથી શાસ્ત્રમાં ઉદ્યમ કરીને પણ તેનું કોઈ ફળ મને પ્રાપ્ત થશે નહિ, તેવો ભ્રમ થાય. તેથી શાસ્ત્રના પદાર્થોને જાણવાનો અને શાસ્ત્રોક્ત આચરણા કરવાનો પરિણામ નાશ પામે. માટે વિવેકી ઉપદેશક અતિપરિણામા જીવોને આશ્રયીને ઋજુસૂત્રાદિનયરૂપ નિશ્ચયનયથી ઉપદેશ આપતા નથી.

વળી ઉપદેશક 'ક્રિયા મોક્ષનું કારણ છે' તે પ્રકારે ક્રિયાનયની દૃષ્ટિથી અતિપરિણામા જીવોને ઉપદેશ આપે તો તેઓ 'જ્ઞાન મોક્ષનું કારણ નથી,' એ પ્રકારની મતિવાળા થાય, અને જ્ઞાનનયની દૃષ્ટિથી ઉપદેશ આપે તો 'ક્રિયા મોક્ષનું કારણ નથી,' એ પ્રકારની મતિવાળા થાય. તેથી એકાંત વસ્તુપ્રતિપાદક નયોના પરસ્પર વિરોધને માનતા મિથ્યાત્વને પામે. તેથી વિવેકી ઉપદેશક અતિપરિણામા જીવોને આશ્રયીને નયદૃષ્ટિથી ઉપદેશ આપવાને બદલે તેમની મતિ પરિકર્મિત થાય તે રીતે ઉપદેશ આપે છે.

વળી જે જીવો પરિણામા છે, તે જીવો, ભગવાને સર્વ ઉપદેશ અસંગભાવની પ્રાપ્તિનું કારણ બને તે રીતે ઉચિત યત્ન કરવા માટે આપેલ છે, તે પ્રકારના બોધવાળા છે, અર્થાત્ જિનવચનને સમ્યગ્ પરિણમન પમાડે તેવી નિર્મળ મતિવાળા છે. તેથી વિસ્તારથી વ્યાખ્યાન કરાતા નયો વડે ઉપદેશ આપવામાં આવે તોપણ તેઓ મિથ્યાત્વને પામતા નથી, પરંતુ તે નયોના સૂક્ષ્મ સૂક્ષ્મતર ભેદોને ગ્રહણ કરવા માટે અસમર્થ થાય. તેથી નયોના વિભાગથી તેઓને ઉપદેશ આપવામાં આવે તો વિશેષથી શ્રુતપરિકર્મિત મતિવાળા બને નહિ, તેથી હિત સાધી શકે નહિ. માટે તેઓના હિત અર્થે કાલિકસૂત્રમાં મૂળથી નયવિભાગ કરાયો નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે અપરિણામા જીવો અને અતિપરિણામા જીવો મિથ્યાત્વને ન પામે તે માટે, અને પરિણામા જીવો નયોના પરમાર્થને ગ્રહણ ન કરી શકે તો વિશેષ હિત સાધી શકે નહિ, તેથી તેમના હિત માટે, કાલિકસૂત્રમાં મૂળથી નયવિભાગ કરાયો નથી.

વળી, આદ્ય ત્રણ નયોથી પરિકર્મિત મતિવાળા જીવો થાય તો દૃષ્ટિવાદને યોગ્ય થાય છે. એથી કાલિકસૂત્રમાં નયવિભાગ નહિ કરેલો હોવા છતાં યોગ્ય જીવોને આશ્રયીને આદ્ય ત્રણ નયરૂપ વ્યવહારનયનો ઉપદેશ આપવાનો અધિકાર કર્યો છે. ॥૪૯॥

અવતરણિકા :-

પૂર્વગાથાના અંતે કહ્યું કે જે કારણથી આવશ્યકસૂત્રમાં આ કહેવાયું છે, તેથી હવે આવશ્યકસૂત્રનું તે કથન બતાવે છે –

ગાથા :-

एएहिं दिट्ठिवाए, परूवणा सुत्तअत्थकहणा य ।
इह पुण अणब्भुवगमो, अहिगारो तीहि ओसन्नं ।।५०।।

અન્વયાર્થ :-

दिट्ठिवाए=દૃષ્ટિવાદમાં, एएहिं=આમના વડે=નૈગમાદિ નયો વડે, परूवणा=પ્રરૂપણા=સર્વ વસ્તુની પ્રરૂપણા, य=અને, सुत्तअत्थकहणा=સૂત્રાર્થકથના કરાય છે. पुण=વળી, इह=અહીં=કાલિકસૂત્રમાં अणब्भुवगमो=અનભ્યુપગમ છે=અવશ્ય નયો વડે વ્યાખ્યા કરવી જોઈએ એવો અસ્વીકાર છે.

જો શ્રોતૃઅપેક્ષાએ નયવિચાર કર્તવ્ય જણાય તો, तीहि=ત્રણ નયો વડે=આદ્ય ત્રણ નયો વડે, अहिगारो ओसन्नं=અધિકાર ઉત્સન્ન છે=અધિકાર પર્યાપ્ત છે. ।।૫૦।।

ગાથાર્થ :-

દૃષ્ટિવાદમાં નૈગમાદિ સાત નયો વડે સર્વ વસ્તુની પ્રરૂપણા અને સૂત્રાર્થની કથના કરાય છે. વળી કાલિકસૂત્રમાં અવશ્ય નયો વડે વ્યાખ્યા કરવી જોઈએ, એવો અસ્વીકાર છે.

જો શ્રોતૃઅપેક્ષાએ નયવિચાર કર્તવ્ય જણાય તો આદ્ય ત્રણ નય વડે અધિકાર પર્યાપ્ત છે. ।।૫૦।।

ટીકા :-

'एएहिं'ति । एतैः=नैगमादिनयैः सप्रभेदैः, दृष्टिवादे सर्ववस्तूनां प्ररूपणा क्रियत इति वाक्यशेषः, सूत्रार्थकथना च, न च वस्तूनां सूत्रार्थानतिलङ्घनात्समुच्चयोऽनर्थक इति शङ्कनीयं, सूत्रोपनिबद्धस्यैव सूत्रार्थत्वेन विवक्षणात् तद्व्यतिरेकेणापि वस्तुसम्भवात् । 'इह' पुनः कालिकश्रुतेऽनभ्युपगमः, नावश्यं नयैर्व्याख्या कार्येति भावः, यदि च श्रोत्रपेक्षया नयविचारः कर्त्तव्यस्तदा त्रिभिरादयैर्नयैः उत्सन्नं प्रायेणाधिकारः, तैरेव लोकव्यवहारपरिसमाप्तेरिति । न च कालिकसूत्रे नयानवकाशादाद्यैस्त्रिभिर्नयैरपि कथं व्याख्या? इति शङ्कनीयं, परिकर्मणार्थं नयपरिग्रहस्यात्राप्यभिधानाद्, अशेषनयप्रतिषेधस्य

त्वाचार्यविनेयविशिष्टबुद्ध्यभावापेक्षत्वात्, श्रोतृवक्तृवैचित्र्ये तु नयव्याख्यावैचित्र्यस्य सम्प्रत्यप्यनुमतत्वात्, तदुक्तम् –

"णत्थि णएहिं विहुणं, सुत्तं अत्थो अ जिणमए किंचि ।
आसज्ज उ सोआरं, णए णयविसारओ बूया ।।१।।
भासेज्ज वित्थरेण वि, णयमयपरिणामणासमत्थम्मि ।
तदसत्ते परिकम्मणमेगणएणं पि वा कुज्जा" ।।२।। **इति ।।५०।।**

ટીકાર્થ :-

'एतैः' नैगमादिनयैः ..... वा कुज्जा" ।। इति ।। આમના વડે=સપ્રભેદ એવા નૈગમાદિ નયો વડે, દૃષ્ટિવાદમાં સર્વ વસ્તુની પ્રરૂપણા કરાય છે અને સૂત્રાર્થની કથના કરાય છે. ગાથામાં પ્રરૂપણા પછી 'क्रियते' એ અધ્યાહાર છે, એ બતાવવા ટીકામાં 'क्रियत इति वाक्यशेषः' કહેલ છે, અને વસ્તુનું સૂત્રાર્થથી અનતિલંઘન હોવાથી સમુચ્ચય અનર્થક છે=સૂત્રાર્થના કથનની સાથે સર્વ વસ્તુની પ્રરૂપણાનો સમુચ્ચય અનર્થક છે, એ પ્રકારની શંકા કરવી નહિ; કેમ કે સૂત્રમાં ઉપનિબદ્ધ વસ્તુની જ સૂત્રાર્થપણારૂપે વિવક્ષા હોવાથી તેના વ્યતિરેકથી પણ=સૂત્રાર્થ સિવાય પણ, વસ્તુનો સંભવ છે=સૂત્રમાં નિબદ્ધ એવી અર્થરૂપ વસ્તુ સિવાય પણ વસ્તુનો સંભવ છે. વળી અહીં=કાલિકસૂત્રમાં, અનભ્યુપગમ છે=અવશ્ય નયો વડે વ્યાખ્યા કરવી જોઈએ એ પ્રકારનો અનભ્યુપગમ છે, અને જો શ્રોતાની અપેક્ષાએ નયવિચાર કર્તવ્ય હોય તો આદ્ય ત્રણ નય વડે ઉત્સન્ન છે=પર્યાપ્ત છે અર્થાત્ પ્રાયઃ આદ્ય ત્રણ નય વડે અધિકાર છે; કેમ કે તેમના વડે જ=આદ્ય ત્રણ નય વડે જ, લોકવ્યવહારની પરિસમાપ્તિ છે=આદ્ય ત્રણ નયો વડે અનુયાયી દ્રવ્યનો સ્વીકાર હોવાથી, આત્મા સ્વકર્મનો કર્તા છે, સ્વકર્મનો ભોક્તા છે અને સમ્યગ્ યત્નથી કર્મનો નાશ કરી શકે છે ઈત્યાદિ લોકવ્યવહારની પરિસમાપ્તિ છે. 'इति' શબ્દ ગાથાસ્પર્શી ટીકાની સમાપ્તિ માટે છે.

અને કાલિકસૂત્રમાં નયનો અનવકાશ હોવાથી આદ્ય ત્રણ નય વડે પણ કેવી રીતે વ્યાખ્યા થાય ? એ પ્રકારની શંકા ન કરવી; કેમ કે પરિકર્મણ માટે=શ્રોતાની બુદ્ધિ દૃષ્ટિવાદને અનુકૂળ પરિકર્મિત થાય તે માટે, નયપરિગ્રહનું=નયથી કથનનું, અહીં પણ=કાલિકસૂત્રમાં પણ, અભિધાન છે.

અહીં પ્રશ્ન થાય કે શ્રોતાની બુદ્ધિના પરિકર્મણ માટે કાલિકસૂત્રમાં નય ગ્રહણ કરવાનો અધિકાર હોય તો પ્રથમ ત્રણ નય વડે અધિકાર છે, એમ કહીને, પ્રથમ ત્રણ નય સિવાય અન્ય ચાર નયોનો નિષેધ કેમ કર્યો ? તેમાં હેતુ કહે છે –

વળી અશેષનયનો પ્રતિષેધ આચાર્ય અને શિષ્યની વિશિષ્ટ બુદ્ધિના અભાવની અપેક્ષાએ છે.

અહીં પ્રશ્ન થાય કે જો આચાર્ય અને શિષ્યની વિશિષ્ટ બુદ્ધિના અભાવની અપેક્ષાએ સર્વ નયોનો નિષેધ હોય, તો કોઈક આચાર્ય વિશિષ્ટ બુદ્ધિવાળા હોય અને કાલિકસૂત્રના પદાર્થને સર્વનયોથી ઉચિત સ્થાને

જોડીને કાલિકસૂત્રના ગંભીર અર્થને અવધારણ કરી શકે તેમ હોય, અને કોઈક શ્રોતા પણ વિશિષ્ટ બુદ્ધિવાળા હોય તેવા શ્રોતાને તે આચાર્ય સર્વનયોથી કાલિકસૂત્રના પદાર્થોને કહે, અને શ્રોતા પણ વક્તાના કથનના પરમાર્થને ગ્રહણ કરીને કાલિકસૂત્રના અર્થનું સર્વનયસાપેક્ષ અવધારણ કરી શકે તેમ હોય, આમ છતાં કાલિકસૂત્રમાં ત્રણ નયથી અધિકાર છે, એમ કહેવાથી વિશિષ્ટ બુદ્ધિવાળા વક્તા અને શ્રોતાને પણ અન્ય ચાર નયોના અધિકારનો નિષેધ પ્રાપ્ત થાય. વસ્તુતઃ ત્રણ નયથી અધિકાર છે એમ કહેવાથી વિશિષ્ટ બુદ્ધિવાળા વક્તા અને શ્રોતાને આશ્રયીને સર્વનયોથી કહેવાનો નિષેધ નથી. તેમાં હેતુ કહે છે –

વળી શ્રોતા અને વક્તાના વૈચિત્ર્યમાં નયવ્યાખ્યાના વૈચિત્ર્યનું=વિશિષ્ટ બુદ્ધિવાળા શ્રોતા અને વક્તાની પ્રાપ્તિ, અને વિશિષ્ટ બુદ્ધિવાળા શ્રોતા અને વક્તાની અપ્રાપ્તિરૂપ વૈચિત્ર્યમાં, સર્વનયથી વ્યાખ્યા અને એક નયથી પણ વ્યાખ્યા એ રૂપ નયવ્યાખ્યાના વૈચિત્ર્યનું, હમણાં પણ અનુમતપણું છે.

તે=શ્રોતા અને વક્તાના વૈચિત્ર્યમાં, નયવ્યાખ્યાના વૈચિત્ર્યનું વર્તમાનમાં પણ અનુમતપણુ છે તે, વિશેષાવશ્યકભાષ્યમાં કહેવાયું છે –

જિનમતમાં નયથી રહિત કોઈ સૂત્ર અને અર્થ નથી. વળી શ્રોતાને પામીને=વિમલમતિવાળા શ્રોતાને પામીને, નયવિશારદ એવા આચાર્ય નયોને કહે. ॥૧॥ વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-॥૨૭૭॥

નયમતની પરિણમનામાં સમર્થ શ્રોતા હોતે છતે વિસ્તારથી પણ કહે=આચાર્ય વિસ્તારથી પણ કહે, અથવા તેના અસત્ત્વમાં=નયમતની પરિણમનામાં સમર્થ એવા શ્રોતાની અપ્રાપ્તિમાં, એક નયથી પણ પરિકર્મણ કરે. ॥૨॥ વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-॥૨૭૮॥

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૫૦॥

❖ 'तद्व्यतिरेकेणापि'માં 'अपि'થી એ કહેવું છે કે સૂત્રાર્થમાં બતાવેલી વસ્તુ તો છે, પરંતુ સૂત્રાર્થમાં નહિ બતાવેલી વસ્તુનો પણ સંભવ છે.

❖ 'त्रिभिर्नयैरपि'માં 'अपि'થી એ કહેવું છે કે કાલિકસૂત્રમાં નયનો અનવકાશ હોવાને કારણે પશ્ચાત્ ચાર નયોથી વ્યાખ્યા ન થાય, પરંતુ આદ્ય ત્રણ નયોથી પણ કેમ વ્યાખ્યા થાય ?

❖ 'अत्रापि'માં 'अपि'થી એ કહેવું છે કે દૃષ્ટિવાદમાં તો નયપરિગ્રહનું અભિધાન છે, પરંતુ કાલિકસૂત્રમાં પણ શ્રોતાની બુદ્ધિના પરિકર્મણ માટે નયપરિગ્રહનું અભિધાન છે.

❖ 'सम्प्रत्यपि'માં 'अपि'થી એ કહેવું છે કે આર્યરક્ષિતસૂરિ મહારાજના સમય પૂર્વે તો સર્વનયોથી વ્યાખ્યા અનુમત હતી, પરંતુ હમણાં પણ વિશિષ્ટ બુદ્ધિવાળા શ્રોતા અને વક્તાને આશ્રયીને સર્વનયોથી વ્યાખ્યા અનુમત છે.

ભાવાર્થ :-

કાલિકસૂત્રમાં અપરિણામા આદિ ત્રણ પ્રકારના શિષ્યોના હિતના હેતુથી મૂળથી નયવિભાગ કરાયો નથી, છતાં કોઈ યોગ્ય શ્રોતા હોય તો ત્રણ નયો વડે વ્યાખ્યા કરવાથી દૃષ્ટિવાદને યોગ્ય થાય છે. માટે કાલિકસૂત્રમાં ત્રણ નયનો અધિકાર કહ્યો છે, તેમ પૂર્વગાથામાં કહ્યું. તેની પુષ્ટિ પ્રસ્તુત ગાથામાં કરે છે.

દૃષ્ટિવાદમાં સપ્રભેદ નૈગમાદિ સર્વ નયો વડે સર્વ વસ્તુની પ્રરૂપણા કરાય છે અને સૂત્રાર્થની કથના

કરાય છે અર્થાત્ દૃષ્ટિવાદમાં સર્વ નયોની દૃષ્ટિથી જગત્વર્તી સર્વ વસ્તુઓ અને સૂત્રાર્થનું કથન બતાવવામાં આવે છે.

જે સમર્થ સાધુ દૃષ્ટિવાદ ભણીને તૈયાર થયા હોય તેઓ સર્વનયોને ઉચિત સ્થાને જોડીને દૃષ્ટિવાદના પદાર્થોથી આત્માને ભાવિત કરી શકે છે, જેના બળથી તેઓ વિશેષ પ્રકારે મોહનું ઉન્મૂલન કરવા સમર્થ બને છે, તેથી જેમ દૃષ્ટિવાદમાં સર્વનયોથી અવશ્ય વ્યાખ્યા કરવી જોઈએ, તેવું અર્થપ્રરૂપણાને આશ્રયીને વિધાન છે, તેની જેમ જે સાધુઓની તેવી સૂક્ષ્મ પ્રજ્ઞા નથી તેવા સાધુઓને સર્વનયથી પદાર્થ બતાવવામાં આવે તો તેના ગંભીર ભાવોને સમજી શકે નહિ, માટે તેઓના હિત અર્થે કાલિકસૂત્રમાં સર્વનયોથી અવશ્ય વ્યાખ્યા કરવી જોઈએ તેવું વિધાન નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે દૃષ્ટિવાદને ભણવા સમર્થ પુરુષો સર્વનયોથી દૃષ્ટિવાદના પદાર્થોને પ્રાપ્ત કરીને મોહનું વિશેષ પ્રકારે ઉન્મૂલન કરવા સમર્થ બને છે, તેમ યોગ્ય શ્રોતાની બુદ્ધિના પરિકર્મણ માટે કાલિકસૂત્રના પદાર્થોની સર્વનયથી વિચારણા કરવામાં આવે તો યોગ્ય શ્રોતા વિશેષ હિત સાધી શકે, આમ છતાં મંદબુદ્ધિવાળા શ્રોતાને સામે રાખીને કાલિકસૂત્રમાં અવશ્ય નયોથી કહેવું જોઈએ, તેમ કહ્યું નહિ.

આનાથી એ ફલિત થાય કે મંદબુદ્ધિવાળા શ્રોતાને વક્તા કાલિકસૂત્રના પદાર્થો નયના કથન વગર તે રીતે સમજાવે, જેથી શ્રોતા તે પદાર્થોને યથાર્થ અવધારણ કરીને સંવેગની વૃદ્ધિ કરી હિતને સાધી શકે. વળી કોઈક શ્રોતા મંદબુદ્ધિવાળા કરતાં કંઈક પટુબુદ્ધિવાળા હોય તો તેમની બુદ્ધિને વિશેષ પરિકર્મિત કરવા અર્થે કાલિકસૂત્રમાં આદ્ય ત્રણ નયોથી પણ ઉપદેશ આપવાનો અધિકાર આપ્યો છે, જેથી કંઈક પટુ બુદ્ધિવાળા શ્રોતા આદ્ય ત્રણ નયોથી પરિકર્મિત મતિવાળા થયા છતા દૃષ્ટિવાદને યોગ્ય થાય, અને ક્રમે કરીને દૃષ્ટિવાદ ભણીને વિશિષ્ટ પ્રકારની ચારિત્રની પરિણતિને પ્રગટ કરી વિશેષ હિત સાધી શકે. વળી કોઈક શ્રોતા વિમલમતિવાળા હોય અને કોઈક વક્તા કાલિકસૂત્રના પદાર્થોને સર્વનયોને ઉચિત સ્થાને જોડીને તે વિમલમતિવાળા શ્રોતાની મતિને સર્વનયોથી પરિકર્મિત કરી શકે તેમ હોય, તો કાલિકસૂત્રના પદાર્થોને સર્વનયોથી પણ કહેવાનો અધિકાર છે, જેથી યોગ્ય શ્રોતા સર્વનયોથી પરિકર્મિત થઈને દૃષ્ટિવાદના ગંભીર પદાર્થોને પણ સર્વનયોથી ઉચિત સ્થાને જોડીને આત્મહિત સાધી શકે. **॥૫૦॥**

અવતરણિકા :-

ननु मिथ्यात्वविशोधकत्वं व्यवहारस्यैव न तु निश्चयस्येति पक्षपातो न युक्तः, निश्चयस्यापि पुद्गलात्माभेदग्रहादिरूपव्यवहाराभिनिवेशनिवर्त्तकत्वेन मिथ्यात्वशोधकत्वात्, तदर्थमेव निश्चयदेशनाया अपि प्रवृत्तेः, एकनयाभिनिविष्टं प्रति नयान्तरदेशनायाः 'संविग्गभाविआणं' इत्यादि कल्पनिशीथभाष्य-ग्रन्थेनोपपादितत्वाच्च; अथ प्रथमतो मिथ्यात्वनिवर्त्तकत्वं व्यवहारस्यैव "वेणइओ णाम मिच्छद्दिट्ठी तप्पढमयाए धम्मं कहेह त्ति उट्ठाइ तस्स ववहारणयवत्तव्वयाए कहिज्जइ" **त्ति व्यवहारचूर्णिवचनात्, निश्चयस्य चानन्तरं मिथ्यात्वनिवर्त्तकत्वमित्यस्ति विशेष इति चेन्न, मिथ्यात्वनिवर्त्तकत्वमात्रस्य शुद्धतानिमित्तत्वात्तत्र प्रथमानन्तरभावस्याप्रयोजकत्वादित्यस्वरसादपक्षपाताभिप्रायेणाह –**

અવતરણિકાર્થ :-

ખરેખર ! વ્યવહારનયનું જ મિથ્યાત્વવિશોધકપણું છે, પરંતુ નિશ્ચયનયનું નથી=નિશ્ચયનયનું મિથ્યાત્વવિશોધકપણું નથી, એ પ્રકારનો પક્ષપાતયુક્ત નથી; કેમ કે નિશ્ચયનયનું પણ પુદ્ગલ અને આત્માના અભેદગ્રહાદિરૂપ વ્યવહારનયના અભિનિવેશના નિવર્તકપણારૂપે મિથ્યાત્વનું વિશોધકપણું છે.

અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયનયનું પણ મિથ્યાત્વવિશોધકપણું છે તે કયા હેતુથી નક્કી થાય ? તેથી તેમાં બીજો હેતુ કહે છે –

તદર્થે જ=પુદ્ગલ અને આત્માના અભેદગ્રહાદિરૂપ અભિનિવેશના નિવર્તન અર્થે જ, નિશ્ચયદેશનાની પણ પ્રવૃત્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે પુદ્ગલ અને આત્માના અભેદગ્રહાદિરૂપ અભિનિવેશના નિવર્તન અર્થે નિશ્ચયદેશનાની પ્રવૃત્તિ છે, તેમાં પ્રમાણ શું ? તે બતાવવા માટે ત્રીજો હેતુ કહે છે –

અને એકનયઅભિનિવિષ્ટ પ્રતિ=એકનયના મતમાં અભિનિવેશવાળા પુરુષ પ્રત્યે, નયાન્તરદેશનાનું 'संविग्गभाविआणं' ઇત્યાદિ કલ્પનિશીથભાષ્ય ગ્રંથ વડે ઉપપાદિતપણું છે=કથન કરાયું છે.

'અથ' થી કોઈ શંકા કરે છે કે 'વ્યવહારનયનું જ પ્રથમથી મિથ્યાત્વનિવર્તકપણું છે; કેમ કે વૈનયિક નામનો મિથ્યાદૃષ્ટિ 'ધર્મને કહો' એ પ્રમાણે કહેતો ઉપસ્થિત થાય તો તેને પ્રથમપણાથી વ્યવહારનયની વક્તવ્યતાથી કહેવું જોઈએ. **એ પ્રમાણે વ્યવહારચૂર્ણિનું વચન છે; અને નિશ્ચયનયનું અનંતર મિથ્યાત્વનિવર્તકપણું છે, એથી વિશેષ છે=વ્યવહારનયનો નિશ્ચયનય કરતાં ભેદ છે. એને ગ્રંથકારશ્રી કહે છે : એમ જો તું કહે છે, તો તે બરાબર નથી; કેમ કે મિથ્યાત્વનિવર્તકમાત્રનું શુદ્ધતાનિમિત્તપણું હોવાથી ત્યાં=મિથ્યાત્વના નિવર્તકપણામાં, પ્રથમ-અનંતરભાવનું=વ્યવહારનય પ્રથમ ભૂમિકાના મિથ્યાત્વનું નિવર્તક છે અને નિશ્ચયનય અનંતર ભૂમિકાના મિથ્યાત્વનું નિવર્તક છે, એ પ્રકારના પ્રથમ-અનંતરભાવનું, અપ્રયોજકપણું છે. એથી='ननु'થી કહેલું કે વ્યવહારનયનું જ મિથ્યાત્વવિશોધકપણું છે, પરંતુ નિશ્ચયનયનું નહિ, એ પ્રકારનો પક્ષપાત યુક્ત નથી એથી, અસ્વરસ હોવાને કારણે=ગાથા-૪૬-૪૭માં વ્યવહારનયની શુદ્ધતાના પક્ષપાતના અભિપ્રાયથી ગ્રંથકારશ્રીએ જે કથન કર્યું તે કથનમાં ગ્રંથકારશ્રીને અસ્વરસ હોવાને કારણે, અપક્ષપાતના અભિપ્રાયથી=મિથ્યાત્વવિશોધકપણાના વિષયમાં નિશ્ચયનય અને વ્યવહારનય પ્રત્યે અપક્ષપાતના અભિપ્રાયથી, કહે છે –**

❖ 'निश्चयस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારનયનું તો મિથ્યાત્વવિશોધકપણું છે, પરંતુ નિશ્ચયનયનું પણ મિથ્યાત્વવિશોધકપણું છે.

❖ 'पुद्गलात्माभेदग्रहादिरूपव्यवहाराभिनिवेशनिवर्त्तकत्वेन'માં 'आदि'પદથી પરિણામનિરપેક્ષ માત્ર બાહ્યક્રિયાના બળથી કર્મનો નાશ થાય છે, એ પ્રકારના ભ્રમનું ગ્રહણ કરવું.

❖ 'निश्चयदेशनाया अपि'માં 'अपि'થી એ કહેવું છે કે વૈનયિક નામના મિથ્યાદૃષ્ટિને સામે રાખીને વ્યવહારનયથી તો દેશનાની પ્રવૃત્તિ છે, પરંતુ પુદ્ગલ અને આત્માના અભેદગ્રહાદિરૂપ વ્યવહારનયના અભિનિવેશના નિવર્તન

અર્થે નિશ્ચયનયથી પણ દેશનાની પ્રવૃત્તિ છે.

❖ 'संविग्गभाविआणं' પછી ઇત્યાદિપદ છે તેનાથી સાક્ષીપાઠના અવશેષ ભાગનો સંગ્રહ કરવો.

ભાવાર્થ :-

ગાથા-૪૬ની અવતરણિકામાં ગ્રંથકારશ્રીએ કહેલ કે 'નિશ્ચયનય જ શુદ્ધ છે, એ પ્રકારના પક્ષપાતના નિરાસ માટે વ્યવહારનયની શુદ્ધતાના પક્ષપાતના અભિપ્રાયથી કહે છે.' આ રીતે ગ્રંથકારશ્રીએ નિશ્ચયનય શુદ્ધ છે, એ પ્રકારના પક્ષપાતી પુરુષને બોધ કરાવવા અર્થે ગાથા-૪૬-૪૭માં વ્યવહારનયની શુદ્ધતાનો પક્ષપાત બતાવ્યો. વસ્તુતઃ ગ્રંથકારશ્રીને મિથ્યાત્વના વિશોધકપણામાં નિશ્ચયનયનો કે વ્યવહારનયનો પક્ષપાત સંમત નથી, તે બતાવવા માટે 'ननु'થી ગ્રંથકારશ્રી કહે છે –

વ્યવહારનય મિથ્યાત્વનો વિશોધક છે, નિશ્ચયનય મિથ્યાત્વનો વિશોધક નથી, એમ જે ગાથા-૪૬માં બતાવેલું એ પક્ષપાત યુક્ત નથી; કેમ કે જીવો આત્મા, પુણ્ય, પાપ આદિ માને છે અને પરલોક અર્થે ઉચિત ધર્મની પ્રવૃત્તિઓ કરે છે, આમ છતાં વ્યવહારનયથી વાસિત મતિવાળા હોવાને કારણે તેવા જીવોને પુદ્ગલ અને આત્માનો એકાંત અભેદ છે, એ પ્રકારનો અભિનિવેશ વર્તે છે, અને માત્ર સંયમની બાહ્ય ઉચિત ક્રિયાઓથી સંસારનો અંત થાય છે એ પ્રકારનો પણ અભિનિવેશ વર્તે છે; તેવા જીવોના અભિનિવેશના નિવર્તન અર્થે નિશ્ચયનયની દેશનાની પ્રવૃત્તિ છે, તેથી તેવા જીવોના મિથ્યાત્વનો વિશોધક નિશ્ચયનય છે. આવા જીવોને નિશ્ચયનયની દેશના આપવી ઉચિત છે. તેમાં યુક્તિ બતાવે છે –

કલ્પનિશીથભાષ્યમાં એક નયના અભિનિવેશવાળા જીવો પ્રત્યે નયાન્તરદેશનાનું કથન કરેલું છે, તેથી ઉભયનયનો સમ્યગ્બોધ મિથ્યાત્વનો નિવર્તક છે. માટે માત્ર વ્યવહારનય મિથ્યાત્વનો શોધક છે તેમ કહી શકાય નહિ.

संविग्गभाविआणं, लुद्धगदिट्ठंत भाविआणं च ।
मुत्तूण खेत्तकाले, भावं च कहिंति सुद्धंछं ।। (निशीथ-१६४९, बृहत्कल्पभाष्य-१६०)

કલ્પનિશીથભાષ્યના વચનનો ભાવ એ છે કે સંવિજ્ઞભાવિત એવા મુગ્ધ શ્રોતાઓને અને પાસત્થા વડે લુબ્ધકના દૃષ્ટાંતથી ભાવિત કરાયેલા એવા મુગ્ધ શ્રોતાઓને ઉપદેશક ક્ષેત્ર, કાલ અને ભાવને છોડીને શુદ્ધ ભિક્ષાનું કથન કરે છે અર્થાત્ સાધુને શુદ્ધ ભિક્ષા આપવી જોઈએ, એ પ્રકારનો ઉપદેશ આપે છે.

તેથી એ ફલિત થાય કે સંવિજ્ઞભાવિત અને પાસત્થાથી ભાવિત મુગ્ધશ્રાવકો સાધુની ભક્તિ કરવાના પરિણામવાળા છે, પરંતુ ભક્તિવિષયક વિવેકવાળા નથી. તેવા મુગ્ધ શ્રાવકોને શુદ્ધ દાનથી સુસાધુની ભક્તિ કરવી જોઈએ તેવો બોધ કરાવવા અર્થે 'ક્ષેત્ર, કાળ, ભાવને આશ્રયીને અશુદ્ધ ભિક્ષા આપવાનો શાસ્ત્રીય માર્ગ છે' તેવું કથન ન કરે, પરંતુ સાધુને શુદ્ધ ભિક્ષા આપવાથી મહાલાભ થાય છે, એ પ્રમાણે કથન કરે. તેથી અશુદ્ધ ભિક્ષા આપવાની વૃત્તિવાળા તે મુગ્ધ જીવોને શુદ્ધ ભિક્ષા આપવાનો પક્ષપાત ઉત્પન્ન થાય.

આ પ્રકારે અશુદ્ધ ભિક્ષા આપવાનું કથન કરનારા નયના પક્ષપાતવાળા જીવોને શુદ્ધ ભિક્ષા આપવાનું કથન કરનારા નયનો પક્ષપાત કરાવવા અર્થે કલ્પનિશીથભાષ્યથી એક નયની દેશના આપવાનું વિધાન પ્રાપ્ત થાય છે.

તેમ

વ્યવહારનયથી ભાવિત મતિવાળા જીવોને નિશ્ચયનયનો પક્ષપાત ઉત્પન્ન કરાવવા અર્થે નિશ્ચયનયથી પણ દેશનાની પ્રવૃત્તિ છે, જેથી શ્રોતા નિશ્ચયનય અને વ્યવહારનય ઉભયનયથી ભગવાનના વચનના પરમાર્થને જાણીને સમ્યક્ત્વને પ્રાપ્ત કરી શકે. આથી વ્યવહાર ભાવિત મતિવાળાને નિશ્ચયનો પક્ષપાત કરાવવા અર્થે નિશ્ચયનયની દેશના છે તેથી જેમ વ્યવહારનય મિથ્યાત્વનો વિશોધક છે, તેમ નિશ્ચયનય પણ મિથ્યાત્વનો વિશોધક છે.

આ પ્રકારના ગ્રંથકારના કથનમાં 'अथ'થી કોઈ પ્રશ્ન કરે છે કે વ્યવહારનય પ્રથમ મિથ્યાત્વનો નિવર્તક છે અને નિશ્ચયનય અનંતર મિથ્યાત્વનો નિવર્તક છે, એથી મિથ્યાત્વની વિશોધકતામાં નિશ્ચયનય કરતાં વ્યવહારનયની વિશેષતા છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે વસ્તુતઃ મિથ્યાત્વનું નિવર્તકપણું નયની શુદ્ધતાનું નિમિત્ત છે, અને મિથ્યાત્વનું નિવર્તકપણું જેમ વ્યવહારનયમાં છે તેમ નિશ્ચયનયમાં પણ છે. તેથી વ્યવહારનય પ્રથમ ભૂમિકાના મિથ્યાત્વનો નિવર્તક છે અને નિશ્ચયનય ઉત્તરની ભૂમિકાના મિથ્યાત્વનો નિવર્તક છે, એ કથન નયની શુદ્ધતાની વિચારણામાં અપ્રયોજક છે; કેમ કે જે નય પ્રથમ કે અનંતર મિથ્યાત્વનું નિવર્તન કરતો હોય તે નય સાચો બોધ કરાવીને હિતનું કારણ બને છે.

એથી ગાથા-૪૬માં ગ્રંથકારશ્રીએ કહેલ કે 'વ્યવહારનય શુદ્ધ છે, નિશ્ચયનય શુદ્ધ નથી,' એ કથનમાં ગ્રંથકારશ્રીને સ્વરસ નથી, ફક્ત 'નિશ્ચયનય શુદ્ધ જ છે,' એ પ્રકારના પક્ષપાતી પુરુષના પક્ષપાતના નિવર્તન અર્થે 'વ્યવહારનય જ શુદ્ધ છે, નિશ્ચયનય શુદ્ધ નથી' તેમ ગ્રંથકારશ્રીએ ગાથા-૪૬માં સ્થાપન કર્યું. હવે મિથ્યાત્વના વિશોધકપણામાં નિશ્ચયનય અને વ્યવહારનય પ્રત્યે અપક્ષપાતના અભિપ્રાયથી ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

इयराभिणिवेसाहियमिच्छत्तं णिच्छओ वि सोहेइ ।
तम्हा अपक्खवाओ, जुत्तो दोण्हं पि सुद्धत्ते ।।५१।।

અન્વયાર્થ :-

इयराभिणिवेसाहियमिच्छत्तं=ઇતર અર્થાત્ નિશ્ચયનયની અપેક્ષાએ ઇતર એવા વ્યવહારનયના અભિનિવેશથી આહિત એવા મિથ્યાત્વને, णिच्छओ वि=નિશ્ચયનય પણ, सोहेइ=શોધન કરે છે, तम्हा=તે કારણથી, दोण्हं वि=બન્નેના પણ=નિશ્ચયનય અને વ્યવહારનયના પણ, सुद्धत्ते=શુદ્ધત્વમાં, अपक्खवाओ जुत्तो=અપક્ષપાત યુક્ત છે. ।।૫૧।।

ગાથાર્થ :-

ઇતર અર્થાત્ નિશ્ચયનયની અપેક્ષાએ ઇતર એવા વ્યવહારનયના અભિનિવેશથી આહિત એવા મિથ્યાત્વને નિશ્ચયનય પણ શોધન કરે છે. તે કારણથી નિશ્ચયનય અને વ્યવહારનયના પણ શુદ્ધત્વમાં અપક્ષપાત યુક્ત છે. ।।૫૧।।

ટીકા :-

'इयर'त्ति । इतरः=निश्चयापेक्षया भिन्नो व्यवहारनयः, तस्य योऽभिनिवेशः=एकान्तग्रहस्तदाहितं मिथ्यात्वं निश्चयोऽपि शोधयति, तस्माद् द्वयोरपि=निश्चयव्यवहारयोः, शुद्धत्वेऽपक्षपातो युक्तः ।।५१।।

ટીકાર્થ :-

इतरः ..... शुद्धत्वेऽपक्षपातो युक्तः ।। ઇતર=નિશ્ચયનયની અપેક્ષાએ ભિન્ન એવો વ્યવહારનય, તેનો જે એકાંતગ્રહરૂપ અભિનિવેશ, તેનાથી આહિત=આધાન થયેલ, એવા મિથ્યાત્વને નિશ્ચયનય પણ શોધન કરે છે. તે કારણથી બન્નેના પણ=નિશ્ચયનય અને વ્યવહારનય બન્નેના પણ, શુદ્ધત્વમાં અપક્ષપાત યુક્ત છે. ।।૫૧।।

❖ 'निश्चयोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારનય તો મિથ્યાત્વનું શોધન કરે છે, પરંતુ નિશ્ચયનય પણ મિથ્યાત્વનું શોધન કરે છે.

❖ 'द्वयोरपि'માં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારનયના શુદ્ધપણામાં તો અપક્ષપાત યુક્ત છે, પરંતુ બન્નેના પણ શુદ્ધપણામાં અપક્ષપાત યુક્ત છે.

ભાવાર્થ :-

કેટલાક જીવો ધર્મ સાંભળવાને અભિમુખ થયેલા હોય, અને ઉપદેશકના વચનથી વ્યવહારનયના અભિપ્રાયથી વાસિત મતિવાળા થયેલા હોય, અને સૂક્ષ્મપ્રજ્ઞા નહિ હોવાને કારણે સંસારી જીવોનો દેહ સાથે એકાંત અભેદ છે, તેવી બુદ્ધિને ધારણ કરતા હોય, અને વળી આરાધના અર્થે વ્યવહારનય પ્રધાન ઉપકારક છે, તેવું સાંભળીને માત્ર વ્યવહારનયની ક્રિયાથી આત્મકલ્યાણ થશે તેવી બુદ્ધિને ધારણ કરતા હોય, અને નિશ્ચયનયની દૃષ્ટિ પ્રત્યે ઉપેક્ષાવાળા હોય, તેવા જીવોને વ્યવહારનયનો એકાંત અભિનિવેશ હોય છે. તેથી એમ વિચારે છે કે મુક્ત આત્માઓ દેહાદિથી ભિન્ન છે, સંસારી જીવો તો દેહાદિ સાથે એકમેક ભાવને પામેલા છે, અને દેહથી આત્માને પૃથક્ કરવા અર્થે વ્યવહારનયની આચરણા ઉપકારક છે.

આવા વ્યવહારવાસિત આત્માઓને એ જ્ઞાન નથી કે પરમાર્થથી પરિણામનિરપેક્ષ માત્ર ક્રિયાઓ મોક્ષનું કારણ નથી, અને સંસાર અવસ્થામાં પણ આત્માનો દેહાદિથી જેમ કથંચિત્ અભેદ છે, તેમ કથંચિત્ ભેદ પણ છે, આ પ્રકારનું નિશ્ચયનયનું જ્ઞાન જેઓને નથી એવા વ્યવહારનયના અભિનિવેશવાળા જીવોને જે મિથ્યાત્વ વર્તે છે, તેની શુદ્ધિ નિશ્ચયનયનો ઉપદેશ કરે છે, તેથી જેમ વ્યવહારનયનો ઉપદેશ વૈનયિક નામના મિથ્યાદૃષ્ટિને યથાર્થ બોધ કરાવીને કલ્યાણનું કારણ છે, તેમ વ્યવહારનયના અભિનિવેશવાળા

જીવોને નિશ્ચયનયનો ઉપદેશ યથાર્થ બોધ કરાવીને કલ્યાણનું કારણ છે. આ રીતે નિશ્ચયનય અને વ્યવહારનય બન્નેમાં મિથ્યાત્વનું શોધકપણું છે, માટે બન્ને નયોના શુદ્ધપણામાં અપક્ષપાત યુક્ત છે. ॥૫૧॥

અવતરણિકા :-

नयशब्दवाच्यतयाऽपि दुर्नयव्यावृत्तया सर्वनयसाधारणं व्यवहारस्य शुद्धत्वमस्तीत्यभिप्रायवानाह -

અવતરણિકાર્થ :-

નયશબ્દવાચ્યપણાથી પણ દુર્નયવ્યાવૃત્તપણારૂપે વ્યવહારનયનું સર્વસાધારણ શુદ્ધપણું છે, એ પ્રકારના અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી કહે છે –

❖ 'नयशब्दवाच्यतयाऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે વૈનયિક નામના મિથ્યાદૃષ્ટિના મિથ્યાત્વનો શોધક હોવાથી તો વ્યવહારનય શુદ્ધ છે, પરંતુ વ્યવહારનય નયશબ્દથી વાચ્ય છે, તેથી પણ વ્યવહારનયનું શુદ્ધપણું છે.

ભાવાર્થ :-

ગાથા-૧૮થી પૂર્વપક્ષનો પ્રારંભ થયેલ અને ત્યાં કહેલ કે નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે, તેથી નિશ્ચયનય જ શુદ્ધ છે, તેનું નિરાકરણ કરવાનો પ્રારંભ ગાથા-૩૬ થી શરૂ કરેલ, અને તેમાં સ્પષ્ટતા કરી કે નિશ્ચયથી જ સિદ્ધિ છે એ કથન એમ જ છે, તોપણ 'एव'કારથી વ્યવહારનયથી સિદ્ધિ નથી, તેવો અર્થ પ્રાપ્ત થતો નથી. તેથી એ ફલિત થયું કે સ્વભૂમિકા પ્રમાણે વ્યવહારનયથી સિદ્ધિ છે અને સ્વભૂમિકા પ્રમાણે નિશ્ચયનયથી સિદ્ધિ છે.

વળી પૂર્વપક્ષીએ કહેલ કે નિશ્ચયનય જ શુદ્ધ છે. તેનું નિરાકરણ કરતાં ગાથા-૪૪માં કહ્યું કે બન્ને નયો સ્વસ્વસ્થાનમાં યથાર્થ પ્રરૂપણા કરનારા છે માટે શુદ્ધ છે. આનાથી એ ફલિત થયેલ કે નિશ્ચયનય અને વ્યવહારનય બન્નેનું શુદ્ધપણું સમાન છે. આમ છતાં નિશ્ચયનય પ્રત્યેના વલણવાળા પુરુષનો નિશ્ચયનય પ્રત્યે જે પક્ષપાત છે, તેના નિરાસ માટે ગાથા-૪૬-૪૭માં વ્યવહારનય મિથ્યાત્વનો શોધક છે, તેમ સ્થાપન કર્યું. વસ્તુતઃ ગ્રંથકારશ્રીને મિથ્યાત્વના શોધકરૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ઉભયનય સંમત છે. તેથી નિશ્ચયનય મિથ્યાત્વનો શોધક નથી, એમ જે ગાથા-૪૬માં કહ્યું તેમાં પોતાનો અસ્વરસ બતાવીને બન્ને નયો મિથ્યાત્વના શોધક છે તેમ ગાથા-૫૧માં સ્થાપન કર્યું.

હવે પૂર્વપક્ષી નિશ્ચયનય જ શુદ્ધ છે તેમ કહીને વ્યવહારનય શુદ્ધ નથી, તેમ જે કહે છે તે યુક્ત નથી, તે બતાવવા અર્થે કહે છે કે જેમ નિશ્ચયનય નયશબ્દથી વાચ્ય છે, તેમ વ્યવહારનય પણ નયશબ્દથી વાચ્ય છે, અને જે નયશબ્દથી વાચ્ય હોય તે દુર્નયથી પૃથક્ હોય છે. તેથી સર્વ નયો યથાર્થ બોધ કરાવનારા છે, માટે શુદ્ધ છે, અને સર્વ દુર્નયો વિપરીત બોધ કરાવનારા છે માટે અશુદ્ધ છે. તેથી સર્વનયોમાં જેમ શુદ્ધપણું છે તેમ વ્યવહારનયમાં પણ શુદ્ધપણું છે, એ પ્રકારના અભિપ્રાયને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે.

અહીં વિશેષ એ છે કે નયદૃષ્ટિ એટલે પદાર્થમાં રહેલા અનંત ધર્મોમાંથી કોઈક ધર્મને જોવાની યથાર્થ દૃષ્ટિ, અને દુર્નયદૃષ્ટિ એટલે પદાર્થમાં રહેલા અનંત ધર્મોમાંથી કોઈક ધર્મને જોઈને તે ધર્મમાત્રરૂપ જ

પદાર્થને સ્વીકારીને પદાર્થમાં રહેલા અન્ય ધર્મોના અપલાપને કરનારી દૃષ્ટિ. આથી નયદૃષ્ટિ યથાર્થ બોધ કરાવનાર છે અને યથાર્થ બોધ કરાવીને હિતનું કારણ છે, અને દુર્નયદૃષ્ટિ એ વિપરીત બોધ કરાવનાર છે અને વિપરીત બોધ કરાવીને અહિતનું કારણ છે; અને દરેક નયની દૃષ્ટિ યથાર્થ બોધ કરાવનાર હોવાથી શુદ્ધ છે તેમ વ્યવહારનયની દૃષ્ટિ પણ યથાર્થ બોધ કરાવનાર હોવાથી શુદ્ધ છે, એ અભિપ્રાયને સામે રાખીને ગ્રંથકારશ્રી ગાથામાં કહે છે –

ગાથા :-

अण्णुण्णं मिलिआणं, पमाणसण्णा णयाण णयसण्णा ।
इयराविराहणेणं, दुण्णयसण्णा य इहरा उ ।।५२।।

અન્વયાર્થ :-

अण्णुण्णं मिलिआणं णयाण पमाणसण्णा=અન્યોન્ય મિલિત એવા નયોની પ્રમાણસંજ્ઞા છે, इयराविराहणेणं=ઇતરના અવિરાધનથી=સ્વની અપેક્ષાએ પ્રતિપક્ષ એવા ઇતરનયના અવિરાધનથી, णयाण णयसण्णा=નયોની નયસંજ્ઞા છે, इहरा उ=વળી ઇતરથા=વળી ઇતરનયના પ્રતિક્ષેપમાં અર્થાત્ નિરાકરણમાં, णयाण दुण्णयसण्णा=નયોની દુર્નયસંજ્ઞા છે. ।।૫૨।।

ગાથાર્થ :-

અન્યોન્ય મિલિત એવા નયોની પ્રમાણસંજ્ઞા છે, ઇતરનયના અવિરાધનથી નયોની નયસંજ્ઞા છે, વળી ઇતરનયના પ્રતિક્ષેપમાં નયોની દુર્નયસંજ્ઞા છે. ।।૫૨।।

ટીકા :-

'अण्णुण्णं'ति । अन्योऽन्यं=परस्परं, मिलितानाम्=अर्पणानर्पणाभ्यां संभूय साकल्येन सप्तभङ्गोपस्थापकतया संबद्धानां, नयानां प्रमाणसञ्ज्ञा, सप्तभङ्गपरिकरितपरिपूर्णार्थबोधकतापर्याप्तिमद्वाक्यस्यैव प्रमाणवाक्यत्वात्, तथाहि–प्रतिपर्यायं तावत्सप्तधैव सन्देहः, स्वगोचरवस्तुधर्माणां सप्तविधत्वनियमात्, ततश्च सप्तधा जिज्ञासा, ततः सप्तधा प्रतिपाद्यपर्यनुयोग इति तदनुरोधात् सप्तभङ्गात्मकमेव प्रमाणवाक्यमुपन्यसनीयं, न त्वेकादिभङ्गविकलं, सन्देहशेषाविच्छेदात् प्रत्यक्षस्यावग्रहादिचतुष्टयान्यतरवैकल्य इवागमस्याप्येकादिभङ्गवैकल्ये प्रमाणत्वाव्यवस्थानात्, सप्तभङ्गात्मकमपि च वाक्यं यद्यप्युक्तसकलसमारोपव्यवच्छेदकतया प्रमाणं तथापि विकलादेशस्वभावत्वेऽनन्तधर्मात्मकपरिपूर्णवस्त्वप्रापकत्वादप्रमाणम्, सकलादेशस्वभावत्वे तु विपर्ययात्प्रतिभङ्गं प्रमाणम्, सकलादेशस्वभावत्वं चास्तित्वादिधर्माणां शेषानन्तधर्मैः समं द्रव्यार्थिकनयप्राधान्ये पर्यायार्थिकनयगौणभावे चाभेदवृत्त्या पर्यायार्थिकनयप्राधान्ये द्रव्यार्थिकनयगौणभावे चाभेदोपचारेण युगपदनन्तधर्मात्मकप्रतिपादकत्वम्, विकलादेशस्वभावत्वं च भेदवृत्तितदुप-

चाराभ्यामेकशब्दस्यानेकार्थप्रत्यायनशक्त्यभावलक्षणक्रमेण तत्प्रतिपादकत्वम्, तदुक्तं प्रमाणनय-तत्त्वालोकालङ्कारे "इयं सप्तभङ्गी प्रतिभङ्गं सकलादेशस्वभावा विकलादेशस्वभावा च ४-४३। प्रमाणप्रतिपन्नानन्तधर्मात्मकवस्तुनः कालादिभिरभेदवृत्तिप्राधान्यादभेदोपचाराद्वा यौगपद्येन प्रतिपादकं वचः सकलादेशः ४-४४ । तद्विपरीतस्तु विकलादेशः ४-४५ ।" **इति ।**

ટીકાર્થ :-

'अन्योन्यं' परस्परं ..... विकलादेशः ४-४५ ।" इति । અન્યોન્ય=પરસ્પર, મિલિત એવા=અર્પણ-અનર્પણ દ્વારા એકઠા થઈને સાકલ્યથી સપ્તભંગ ઉપસ્થાપકપણારૂપે સંબદ્ધ એવા, નયોની પ્રમાણસંજ્ઞા છે; કેમ કે સપ્તભંગથી પરિકરિત એવા પરિપૂર્ણ અર્થની બોધકતામાં પર્યાપ્તિવાળા વાક્યનું જ પ્રમાણવાક્યપણું છે.

પૂર્વમાં કહ્યું કે સપ્તભંગથી પરિકરિત પરિપૂર્ણ અર્થની બોધકતામાં પર્યાપ્તિવાળા વાક્યનું જ પ્રમાણવાક્યપણું છે, તે વાત 'तथाहि'થી સ્પષ્ટ કરે છે –

પ્રતિપર્યાયને આશ્રયીને=કોઈપણ વસ્તુમાં રહેલા અનંતધર્મોમાંથી કોઈપણ એક ધર્મને આશ્રયીને, સાત પ્રકારનો જ સંદેહ થાય છે; કેમ કે સ્વગોચર વસ્તુધર્મોના=બોધ કરનાર પુરુષના વિષયભૂત વસ્તુના ધર્મોના, સપ્તવિધત્વનો નિયમ છે, અને તેથી=વસ્તુમાં રહેલા સર્વ ધર્મો સપ્તવિધ છે તેથી, સાત પ્રકારની જિજ્ઞાસા થાય છે. તેથી=વસ્તુના ધર્મોને આશ્રયીને સાત પ્રકારની જિજ્ઞાસા થાય છે તેથી, સાત પ્રકારના પ્રતિપાદ્ય એવા પદાર્થવિષયક પર્યનુયોગ થાય છે=પ્રશ્ન થાય છે, इति=એ હેતુથી, તેના અનુરોધથી=સાત પ્રકારના પ્રશ્નોના અનુરોધથી, સપ્તભંગાત્મક જ પ્રમાણવાક્ય ઉપન્યાસ કરવા યોગ્ય છે, પરંતુ એકાદિભંગવિકલ નહિ; કેમ કે સંદેહશેષનો અવિચ્છેદ છે=એકાદિ ભંગવિકલ વાક્યનો ઉપન્યાસ કરવામાં આવે તો જે ભંગનો ઉપન્યાસ ન કર્યો હોય તેના વિષયક સંદેહનો અવિચ્છેદ છે.

એકાદિભંગવિકલ એવા પ્રમાણવાક્યના ઉપન્યાસમાં સંદેહશેષનો અવિચ્છેદ કેમ છે ? તેમાં હેતુ બતાવે છે –

પ્રત્યક્ષના=પ્રત્યક્ષ એવા મતિજ્ઞાનના, અવગ્રહાદિ ચતુષ્ટયમાંથી અન્યતરના વૈકલ્યમાં પ્રમાણત્વનું અવ્યવસ્થાન છે એની જેમ આગમના પણ=શ્રુતજ્ઞાનના પણ, એકાદિભંગવિકલપણામાં=સપ્તભંગમાંથી એકાદિભંગવિકલપણામાં, પ્રમાણત્વનું અવ્યવસ્થાન છે=સાત ભાંગાથી ન્યૂન પ્રતિપાદન કરવામાં આવે તો તે વસ્તુવિષયક સર્વસંદેહનો વિચ્છેદ થાય તેવો યથાર્થ બોધ થતો નથી.

અહીં પ્રશ્ન થાય કે સપ્તભંગાત્મક બધાં વાક્યો પ્રમાણવાક્ય છે કે નહિ ? તેની સ્પષ્ટતા કરવા માટે કહે છે –

સપ્તભંગાત્મક પણ વાક્ય જોકે ઉક્ત સકલ સમારોપવ્યવચ્છેદકપણાથી પ્રમાણ છે=પ્રતિપર્યાય

સાત સંદેહ સાત જિજ્ઞાસા ઇત્યાદિ ઉક્ત સકલસમારોપવ્યવચ્છેદકપણાથી પ્રમાણ છે, તોપણ વિકલાદેશ સ્વભાવપણામાં અનંતધર્માત્મક પરિપૂર્ણ વસ્તુનું અપ્રાપકપણું હોવાથી અપ્રમાણ છે. વળી સકલાદેશ સ્વભાવપણામાં વિપર્યય હોવાથી=અનંતધર્માત્મક પરિપૂર્ણ વસ્તુના અપ્રાપકપણાથી વિપર્યય એવું પ્રાપકપણું હોવાથી, પ્રતિભંગ પ્રમાણ છે=સાતે ભાંગાઓમાં દરેક ભાંગો પ્રમાણ છે.

પૂર્વમાં કહ્યું કે સપ્તભંગાત્મક પણ વાક્ય વિકલાદેશ સ્વભાવપણું હોય તો અપ્રમાણ છે અને સકલાદેશ સ્વભાવપણું હોય તો પ્રમાણ છે. તેથી જિજ્ઞાસા થાય કે સકલાદેશસ્વભાવ અને વિકલાદેશસ્વભાવ શું છે ? તેથી કહે છે – અને,

દ્રવ્યાર્થિકનયનું પ્રધાનપણું હોતે છતે અને પર્યાયાર્થિકનયનું ગૌણપણું હોતે છતે અસ્તિત્વાદિ ધર્મોનું શેષ અનંતધર્મોની સાથે અભેદવૃત્તિથી, અને પર્યાયાર્થિકનયનું પ્રધાનપણું હોતે છતે અને દ્રવ્યાર્થિકનયનું ગૌણપણું હોતે છતે અભેદ ઉપચારથી, યુગપદ્ અનંતધર્માત્મક પ્રતિપાદકપણું=યુગપદ્ અનંતધર્માત્મક એવી સપ્તભંગીનું પ્રતિપાદકપણું, સકલાદેશસ્વભાવપણું છે; અને ભેદવૃત્તિ અને તદ્ઉપચારથી=પર્યાયાર્થિકનયનું પ્રધાનપણું હોતે છતે અને દ્રવ્યાર્થિકનયનું ગૌણપણું હોતે છતે ભેદવૃત્તિથી અને દ્રવ્યાર્થિકનયનું પ્રધાનપણું હોતે છતે અને પર્યાયાર્થિકનયનું ગૌણપણું હોતે છતે ભેદઉપચારથી, એક શબ્દના અનેકાર્થ પ્રત્યાયનશક્તિ અભાવ સ્વરૂપ ક્રમ વડે તત્ પ્રતિપાદકપણું= સપ્તભંગીનું પ્રતિપાદકપણું, વિકલાદેશસ્વભાવપણું છે.

પ્રમાણનયતત્ત્વાલોકાલંકારમાં તે=સકલાદેશસ્વભાવવાળી સપ્તભંગી પ્રમાણ છે અને વિકલાદેશ-સ્વભાવવાળી સપ્તભંગી અનંતધર્માત્મક પરિપૂર્ણ વસ્તુની અપ્રાપક હોવાથી અપ્રમાણ છે તે, કહેવાયું છે -

આ સપ્તભંગી પ્રતિભંગ સકલાદેશસ્વભાવવાળી છે અને વિકલાદેશસ્વભાવવાળી છે. **૪-૪૩.**

પ્રમાણથી પ્રાપ્ત અનંતધર્માત્મક વસ્તુનું કાલાદિની સાથે અભેદવૃત્તિના પ્રાધાન્યથી અથવા અભેદઉપચારથી યુગપદ્રૂપે પ્રતિપાદક વચન સકલાદેશ છે. **૪-૪૪.**

વળી તેનાથી વિપરીત=સકલાદેશથી વિપરીત, પ્રમાણથી પ્રાપ્ત અનંતધર્માત્મક વસ્તુનું કાલાદિની સાથે ભેદવૃત્તિના પ્રાધાન્યથી અથવા ભેદઉપચારથી ક્રમ વડે પ્રતિપાદક વચન વિકલાદેશ છે. **૪-૪૫.**

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

❖ 'अवग्रहादिचतुष्टयान्यतरवैकल्ये'માં 'आदि'પદથી ઇહા, અપાય, ધારણાનું ગ્રહણ કરવું.

❖ 'आगमस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રત્યક્ષના અવગ્રહાદિ ચારમાંથી એકાદિના વૈકલ્યમાં પણ પૂર્ણ બોધ થાય નહિ, તેમ આગમના પણ સાત ભાંગામાંથી એકાદિ ભંગના વૈકલ્યમાં પૂર્ણ બોધ થાય નહિ.

❖ 'एकादिभङ्गवैकल्ये'માં 'आदि'પદથી ૨-૩ આદિ ભંગવૈકલ્યનું ગ્રહણ કરવું.

❖ 'सप्तभङ्गात्मकमपि'માં 'अपि'થી એ કહેવું છે કે ૨-૩ ભંગાત્મક વાક્ય તો વિકલાદેશસ્વભાવપણું હોય તો અપ્રમાણ છે, પરંતુ સપ્તભંગાત્મક પણ વાક્ય વિકલાદેશસ્વભાવપણું હોય તો અપ્રમાણ છે.

❖ 'अस्तित्वादिधर्माणां'માં 'आदि'પદથી નાસ્તિત્વાદિ ધર્મનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

'अन्योन्य' परस्परं ..... प्रमाणवाक्यत्वात् । સપ્તભંગાત્મક વાક્ય કરવા અર્થે પ્રતિસ્પર્ધી બે નયોનું પરસ્પર મિલન કરીને સપ્તભંગી કરવામાં આવે છે. જેમ કે દ્રવ્યાર્થિકનય કે પર્યાયાર્થિકનયના મિલનથી સપ્તભંગી કરવામાં આવે છે, અથવા સ્વરૂપને જોનારી અને પરરૂપને જોનારી નયદૃષ્ટિના મિલનથી સપ્તભંગી કરવામાં આવે છે, અને આ સપ્તભંગી કરતી વખતે તે બે નયોનું મિલન કરીને સાત ભાંગાઓ કરવામાં આવે છે ત્યારે એક નયનું અર્પણ અને અન્ય નયનું અનર્પણ કરીને તે સાત ભાંગાઓ કરવામાં આવે છે. જેમ સ્વરૂપને આશ્રયીને સપ્તભંગી કરાય છે ત્યારે, પ્રથમ ભાંગો સ્વરૂપને જોનાર નયનું અર્પણ અને પરરૂપને જોનાર નયનું અનર્પણ કરીને કરવામાં આવે છે, અને બીજો ભાંગો પરરૂપને જોનાર નયનું અર્પણ અને સ્વરૂપને જોનાર નયનું અનર્પણ કરીને કરવામાં આવે છે, તે રીતે યાવત્ સાતે ભાંગાઓ કરવામાં આવે છે. તેથી તે સપ્તભંગીમાં અર્પણ-અનર્પણ દ્વારા એકઠા થઈને બે નયો સપ્તભંગઉપસ્થાપકપણાથી સંબદ્ધ છે, અને આ બે નયોથી થતી સપ્તભંગી પણ વસ્તુમાં રહેલા અનંતધર્મોનો અભેદ કરીને કરાયેલ હોય તો તે બે નયો સાકલ્યથી સપ્તભંગઉપસ્થાપકપણાથી સંબદ્ધ બને છે, અને તે સપ્તભંગીને સકલાદેશ સપ્તભંગી કહેવાય છે. તેનાથી વસ્તુનો પરિપૂર્ણ બોધ થાય છે, માટે તે બે નયોને પ્રમાણસંજ્ઞા અપાય છે, અને સકલાદેશની સપ્તભંગીથી થતું સાત ભાંગારૂપ મહાવાક્ય પરિપૂર્ણ અર્થનો બોધ કરાવનાર હોવાથી તે વાક્યને પ્રમાણવાક્ય કહેવામાં આવે છે.

આ ઉપર્યુક્ત કથનને ગ્રંથકારશ્રી 'तथाहि'થી સ્પષ્ટ કરે છે –

'तथाहि' ..... विपर्ययात्प्रतिभङ्गप्रमाणम् । શ્રુતરૂપી ચક્ષુથી પદાર્થને જોવામાં આવે ત્યારે પદાર્થમાં રહેલા કોઈપણ એક ધર્મને આશ્રયીને સાત પ્રકારનો સંદેહ થાય છે. તે આ પ્રમાણે, જેમ કે

ઘટરૂપ વસ્તુને જોઈને તન્નિષ્ઠ ઘટત્વ ધર્મનો વિચાર કરવામાં આવે તો :

(૧) ઘટત્વધર્મ પોતાના સ્વરૂપે છે કે નહિ ?

(૨) ઘટત્વધર્મ પરસ્વરૂપે છે કે નહિ ?

(૩) ઘટત્વધર્મ ઉભયસ્વરૂપે ક્રમસર વક્તવ્ય છે કે નહિ ?

(૪) ઘટત્વધર્મ સ્વરૂપે અને પરરૂપે યુગપદ્ વક્તવ્ય છે કે નહિ ?

(૫) ઘટત્વધર્મ અગ્રાવચ્છેદેન સ્વરૂપથી અને પૃષ્ઠાવચ્છેદેન સ્વરૂપ અને પરરૂપથી યુગપદ્ વક્તવ્ય છે કે નહિ ?

(૬) ઘટત્વધર્મ અગ્રાવચ્છેદેન પરરૂપથી અને પૃષ્ઠાવચ્છેદેન સ્વરૂપ અને પરરૂપથી યુગપદ્ વક્તવ્ય છે કે નહિ ?

(૭) ઘટત્વધર્મ અગ્રાવચ્છેદેન સ્વરૂપથી મધ્યાવચ્છેદેન પરરૂપથી અને પૃષ્ઠાવચ્છેદેન સ્વરૂપથી અને પરરૂપથી યુગપદ્ વક્તવ્ય છે કે નહિ ?

આ રીતે સાત પ્રકારના સંદેહ થાય છે; કેમ કે મતિજ્ઞાનના વિષયભૂત ઘટાદિ વસ્તુના ધર્મો તો રૂપ આકારાદિ છે પરંતુ શ્રુતજ્ઞાનના ગોચરભૂત વસ્તુના ધર્મોનું સપ્તવિધપણું છે અર્થાત્ કોઈપણ પદાર્થમાં રહેલા એક ધર્મને ગ્રહણ કરીને વિચારીએ તો તે ધર્મને આશ્રયીને સાત પ્રકારના વિકલ્પો થઈ શકે છે. તે દૃષ્ટિથી પદાર્થમાં રહેલા ધર્મોનું પણ સપ્તવિધપણું છે. તે આ રીતે :–

(૧) ઘટમાં રહેલો ઘટત્વધર્મ સ્વરૂપથી સત્ છે.

(૨) ઘટમાં રહેલો ઘટત્વધર્મ પરરૂપથી અસત્ છે.

(૩) ઘટમાં રહેલા ઘટત્વધર્મને સ્વરૂપ અને પરરૂપથી કહીએ તો સદ્ અસદ્ રૂપ છે.

(૪) ઘટમાં રહેલા ઘટત્વધર્મને યુગપત્ સ્વરૂપ અને પરરૂપથી કહીએ તો અવક્તવ્ય છે.

(૫) ઘટમાં રહેલા ઘટત્વધર્મને અગ્રાવચ્છેદેન સ્વરૂપથી અને પૃષ્ઠાવચ્છેદેન સ્વરૂપ અને પરરૂપથી યુગપત્ કહીએ તો સદ્ અને અવક્તવ્ય છે.

(૬) ઘટમાં રહેલા ઘટત્વધર્મને અગ્રાવચ્છેદેન પરરૂપથી અને પૃષ્ઠાવચ્છેદેન સ્વરૂપ અને પરરૂપથી યુગપત્ કહીએ તો અસદ્ અને અવક્તવ્ય છે.

(૭) ઘટમાં રહેલા ઘટત્વધર્મને અગ્રાવચ્છેદેન સ્વરૂપથી મધ્યાવચ્છેદેન પરરૂપથી અને પૃષ્ઠાવચ્છેદેન સ્વરૂપ અને પરરૂપથી યુગપત્ કહીએ તો સદ્, અસદ્ અને અવક્તવ્ય છે.

આ રીતે ઘટરૂપ વસ્તુમાં રહેલા ઘટત્વધર્મને આશ્રયીને સપ્તવિધત્વની પ્રાપ્તિ છે, તેથી પૂર્વમાં બતાવેલા સાત પ્રકારના જ સંદેહો થાય છે, અને પદાર્થના સ્વરૂપને જોવા માટે પ્રવૃત્ત થયેલી જિજ્ઞાસા પણ પદાર્થમાં રહેલા ધર્મોના સપ્તવિધત્વને આશ્રયીને સાત પ્રકારની થાય છે. તેથી તે જિજ્ઞાસાથી કોઈ પ્રશ્ન કરે તો પ્રતિપાદ્ય વસ્તુના વિષયમાં સાત પ્રશ્નો થાય છે, અને તે સાત પ્રશ્નોના અનુરોધથી સપ્તભંગાત્મક પ્રમાણવાક્યનો ઉપન્યાસ કરવો જોઈએ, જેથી સર્વ જિજ્ઞાસાઓની નિવૃત્તિ થાય, અને પદાર્થનો યથાર્થ બોધ થાય; પરંતુ એકાદિભંગવિકલ એવા વાક્યનો ઉપન્યાસ કરવો જોઈએ નહિ; કેમ કે સપ્તભંગાત્મક વાક્યને બદલે એકાદિભંગથી વિકલ વાક્યનો ઉપન્યાસ કરવામાં આવે તો સંદેહશેષનો વિચ્છેદ થાય નહિ અર્થાત્ જે ભાંગાનો ઉપન્યાસ કર્યો નથી તદ્વિષયક સંદેહનો વિચ્છેદ થાય નહિ.

શ્રુતજ્ઞાનથી થતા બોધમાં સાત ભાંગાથી એકાદિ પણ ભાંગાનું વિકલપણું હોય તો પરિપૂર્ણ બોધ થતો નથી, તે દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ ચક્ષુ આદિ ઇન્દ્રિયથી પ્રત્યક્ષજ્ઞાન થાય છે, તેમાં અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એ રૂપ ચારમાંથી કોઈ એકનું વિકલપણું હોય તો તે પ્રત્યક્ષજ્ઞાનનો બોધ યથાર્થ થતો નથી. તેમ આગમના પદાર્થનો બોધ સાત ભાંગામાંથી એકાદ પણ ભાંગાથી વિકલ હોય તો પરિપૂર્ણ થતો નથી. તેથી શ્રુતજ્ઞાનનો પરિપૂર્ણ બોધ કરવો હોય તો સપ્તભંગાત્મક પ્રમાણવાક્ય જ કહેવું જોઈએ.

વળી આ સપ્તભંગાત્મક વાક્ય પણ વિકલાદેશસ્વભાવવાળું અને સકલાદેશસ્વભાવવાળું છે.

જે સપ્તભંગાત્મક વાક્ય વિકલાદેશસ્વભાવવાળું છે, તે વસ્તુના એક ધર્મને આશ્રયીને સાત પ્રકારના સંદેહથી ઉત્પન્ન થયેલી સાત પ્રકારની જિજ્ઞાસાને અવલંબીને જે સાત પ્રશ્નો ઊઠે છે તે સાતે પ્રશ્નોના સમાધાનનું કારણ બને છે. તેથી વિકલાદેશની સપ્તભંગીથી થયેલો પણ બોધ પ્રમાણભૂત છે, તોપણ પદાર્થમાં રહેલા અનંતધર્મોનો બોધ નહિ થવાથી વસ્તુના સ્વરૂપનો પરિપૂર્ણ બોધ કરાવનાર નથી. તેથી વિકલાદેશની સપ્તભંગી અપ્રમાણ છે. તેથી કથંચિત્ પ્રમાણરૂપ અને કથંચિદ્ અપ્રમાણરૂપ હોવાથી તે સપ્તભંગી નયરૂપ છે.

વળી જે સપ્તભંગાત્મક વાક્ય સકલાદેશસ્વભાવવાળું છે, તે વસ્તુના અનંતધર્મને આશ્રયીને સાત પ્રકારના સંદેહથી ઉત્પન્ન થયેલી સાત પ્રકારની જિજ્ઞાસાને અવલંબીને જે સાત પ્રશ્નો ઊઠે છે તે સાતે પ્રશ્નોના સમાધાનનું કારણ બને છે. તેથી સકલાદેશની સપ્તભંગીથી થતો બોધ અનંતધર્માત્મક વસ્તુના સ્વરૂપનો પરિપૂર્ણ બોધ કરાવનાર હોવાથી પ્રમાણભૂત છે. વળી સકલાદેશની સપ્તભંગીનો દરેક ભાંગો પરિપૂર્ણ વસ્તુનો બોધક છે. તેથી જોકે સાતે ભાંગાઓનો સમુદાય પરિપૂર્ણ અર્થનો બોધ કરાવનાર છે, તોપણ તેનો દરેક ભાંગો પણ પરિપૂર્ણ અર્થનો બોધ કરાવવા માટે પ્રવૃત્ત છે, તેથી સકલાદેશ સ્વભાવવાળી સપ્તભંગીના સર્વ ભાંગાઓ પ્રમાણ છે.

અનંતધર્માત્મક વસ્તુનો પરિપૂર્ણ બોધ કેવલીને છે, તેથી તે અનંતધર્મો કેવલીને પ્રાતિસ્વિકરૂપે ઉપસ્થિત થાય છે, અને છદ્મસ્થને સપ્તભંગીથી થતો તે અનંતધર્મોનો બોધ એક ધર્મની સાથે અન્ય ધર્મોનો અભેદ કરીને સંગ્રહરૂપે થાય છે.

સાત ભાંગાઓથી થતી સપ્તભંગી સકલાદેશસ્વભાવવાળી અને વિકલાદેશસ્વભાવવાળી કઈ રીતે થાય છે તે સ્પષ્ટ કરે છે –

सकलादेशस्वभावत्वं ..... तत्प्रतिपादकत्वं । સકલાદેશની સપ્તભંગીમાં અસ્તિત્વાદિ ધર્મોનો, શેષ રહેલા અનંતધર્મોની સાથે અભેદ કરવામાં આવે છે, જેથી સાત ભાંગા દ્વારા વસ્તુમાં રહેલા એક ધર્મનો પરિપૂર્ણ બોધ થાય છે ત્યારે, તેની સાથે પદાર્થમાં રહેલા અન્ય અનંત ધર્મોનો અભેદ કરેલો હોવાથી અનંતધર્માત્મક વસ્તુનો પણ પરિપૂર્ણ બોધ થાય છે. માટે તે સપ્તભંગીને સકલાદેશસ્વભાવવાળી અર્થાત્ સકલ ધર્મના કથનનો સ્વભાવ છે જેમાં એવી તે સાતભંગી કહેવાય છે. તેથી તે સકલાદેશની સપ્તભંગી પ્રમાણવાક્યરૂપ છે.

વળી અસ્તિત્વાદિ ધર્મોની સાથે પદાર્થમાં રહેલા શેષ અનંતધર્મોનો અભેદ બે રીતે થાય છે :

(૧) અભેદવૃત્તિથી=વૃત્તિથી અભેદ કરીને

(૨) અભેદ ઉપચારથી=ઉપચારથી અભેદ કરીને

(૧) વૃત્તિથી અનંતધર્મોનો અભેદ કરવા માટે દ્રવ્યાર્થિકનયનું પ્રધાનપણું અને પર્યાયાર્થિકનયનું ગૌણપણું આશ્રય કરવામાં આવે છે.

(૨) ઉપચારથી અનંતધર્મોનો અભેદ કરવા માટે પર્યાયાર્થિકનયનું પ્રધાનપણું અને દ્રવ્યાર્થિકનયનું ગૌણપણું આશ્રય કરવામાં આવે છે. તે આ રીતે :-

દ્રવ્યાર્થિકનય દ્રવ્યને જોનારી દૃષ્ટિ છે, અને તે દ્રવ્યમાં રહેલા અનંતધર્મોને પરસ્પર અભેદરૂપે જુએ છે. વળી પર્યાયાર્થિકનય પર્યાયને જોનારી દૃષ્ટિ છે, અને તે દ્રવ્યમાં રહેલા અનંતધર્મોને ભેદરૂપે જુએ છે. તેથી દ્રવ્યાર્થિકનયને પ્રધાન કરવામાં આવે અને પર્યાયાર્થિકનયને ગૌણ કરવામાં આવે ત્યારે દ્રવ્યાર્થિકનય પ્રધાન હોવાને કારણે અનંતધર્મોનો પરસ્પર અભેદ પ્રાપ્ત થાય છે, તેથી પદાર્થમાં રહેલા એક ધર્મની સાથે અનંત ધર્મોની અભેદવૃત્તિ પ્રાપ્ત થાય છે. વળી પર્યાયાર્થિકનયને પ્રધાન કરવામાં આવે અને દ્રવ્યાર્થિકનયને ગૌણ કરવામાં આવે ત્યારે પર્યાયાર્થિકનય પ્રધાન હોવાને કારણે એક ધર્મની સાથે અનંતધર્મોનો અભેદ પ્રાપ્ત થતો નથી, પરંતુ એક ધર્મની સાથે અનંતધર્મોનો અભેદ કરીને સકલાદેશની સપ્તભંગી કરવી હોય તો ઉપચારથી એક ધર્મની સાથે અનંતધર્મોનો અભેદ કરાય છે.

વસ્તુમાં રહેલા એક ધર્મનો સાત ભાંગાથી બોધ કર્યા પછી ઉપર કહેવાયેલી રીતથી વસ્તુમાં રહેલા તે એક ધર્મની સાથે શેષ અનંતધર્મોનો વૃત્તિથી અભેદ કરીને કે ઉપચારથી અભેદ કરીને એક ધર્મના પ્રતિપાદન સાથે યુગપદ્ અનંતધર્મોનું પ્રતિપાદક સપ્તભંગાત્મક વાક્ય બનાવી શકાય છે. તે સપ્તભંગાત્મક સકલાદેશસ્વભાવવાળું વાક્ય મહાવાક્ય છે.

વિકલાદેશની સપ્તભંગીમાં અસ્તિત્વાદિ ધર્મોનો શેષ અનંતધર્મોની સાથે ભેદ કરવામાં આવે છે, જેથી સાત ભાંગા દ્વારા વસ્તુમાં રહેલા એક ધર્મનો પરિપૂર્ણ બોધ થાય, પરંતુ વસ્તુમાં રહેલા અનંતધર્મોનો બોધ થતો નથી. માટે તે સપ્તભંગી વિકલાદેશસ્વભાવવાળી કહેવાય છે અર્થાત્ પદાર્થમાં રહેલા અનંતધર્મોથી વિકલ એવા એક ધર્મના કથનનો સ્વભાવ છે જેમાં એવી તે સપ્તભંગી કહેવાય છે. માટે તે વિકલાદેશની સપ્તભંગી એક ધર્મનો યથાર્થ બોધ કરાવનાર હોવા છતાં અનંતધર્માત્મક પરિપૂર્ણ વસ્તુનો બોધ કરાવનાર નથી. તેથી વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીને પ્રમાણસપ્તભંગી કહેવાતી નથી, પરંતુ નય સપ્તભંગી કહેવાય છે.

तदुक्तं प्रमाणनयतत्त्वालोकालङ्कारे ..... विकलादेशः ४-४ ।" इति । પ્રમાણનયતત્ત્વાલોકાલંકારનું ઉદ્ધરણ આપ્યું, તેમાં અભેદવૃત્તિ કરવા માટે કાલાદિનું ગ્રહણ કરેલ છે અને તે કાલાદિ આઠ છે અને તેને અવલંબીને પદાર્થમાં રહેલા એક ધર્મનો અન્ય ધર્મ સાથે અભેદ કરવામાં આવે છે. તે કાલાદિ આઠનું સ્વરૂપ વિસ્તારથી "અધ્યાત્મમતપરીક્ષા" ગ્રંથમાંથી જાણવું.

અસંગભાવની પ્રાપ્તિમાં સપ્તભંગીની ઉપકારકતા :-

અહીં વિશેષ એ છે કે કેવલજ્ઞાન જગતના તમામ જ્ઞેય પદાર્થોનો યથાર્થ બોધ કરાવે છે, પરંતુ જ્ઞેયપદાર્થો સાથે સંશ્લેષ કરાવતું નથી, તેથી કેવલીનું કેવલજ્ઞાન અસંગભાવના પરિણામની નિષ્ઠાવાળું છે; અને કેવલીનું કેવલજ્ઞાન જે રીતે પદાર્થોને દેખાડે છે તે રીતે પદાર્થોને જોઈને કેવલી શબ્દો દ્વારા જણાવે છે, અને કેવલીના વચનથી છદ્મસ્થને જે બોધ થાય છે તે શ્રુતજ્ઞાનરૂપ છે, અને જેમ કેવલીનું કેવલજ્ઞાન અસંગભાવની પરિણતિવાળું છે તેમ કેવલીના વચનથી થયેલો બોધ આત્માને અસંગભાવ તરફ લઈ જવામાં કારણરૂપ છે. તેથી શ્રુતજ્ઞાનનો બોધ સંવેગની વૃદ્ધિ દ્વારા અસંગભાવની પ્રાપ્તિનું કારણ બને તે રીતે કરવામાં આવે છે,

અને તેથી અન્યોન્ય મિલિત એવા નયોની પ્રમાણસંજ્ઞાવાળી બનેલી સપ્તભંગી દ્રવ્યાનુયોગના ચિંતવન અર્થે અત્યંત ઉપકારક છે. જેમ દ્રવ્યાનુયોગનું ચિંતવન કરવા અર્થે કોઈ પદાર્થના સ્વરૂપનો વિચાર કરવો હોય ત્યારે તે યોગી કોઈ બાહ્ય પદાર્થને ગ્રહણ કરીને તેનો સ્વરૂપથી અને પરરૂપથી વિચાર કરે છે. યોગી જ્યારે બાહ્ય એવા પરમાણુ આદિને ગ્રહણ કરીને સ્વરૂપથી અને પરરૂપથી વિચાર કરે, ત્યારે 'તે પરમાણુ તેના પોતાનામાં વર્તતા સ્વરૂપે છે અને આત્મામાં વર્તતા સ્વરૂપે નથી' તેમ જુએ છે, તેથી તે પરમાણુ આદિ પદાર્થમાં આત્માના સ્વરૂપના અભાવની ઉપસ્થિતિ તે યોગીને થાય છે; અને 'તે આત્માનું સ્વરૂપ વસ્તુતઃ સિદ્ધઅવસ્થા સદૃશ છે, અને તે આત્મસ્વરૂપમાં પરમાણુનો ભેદ છે, અને તે ભેદનો પ્રતિયોગી પરમાણુ છે' તેમ જુએ છે. તેથી આત્મનિષ્ઠ ભેદના પ્રતિયોગીરૂપે પરમાણુની ઉપસ્થિતિ તે યોગીને થાય છે. આ પ્રકારની ઉપસ્થિતિ થવાથી પરમાણુ આદિ પદાર્થથી આત્મા ભિન્ન સ્વરૂપવાળો છે તેનો બોધ થાય છે અને પરમાણુ આદિ પદાર્થથી ભિન્ન એવા આત્મસ્વરૂપમાં ઉપયુક્ત યોગી ભેદજ્ઞાનના પ્રકર્ષ દ્વારા અસંગભાવને પ્રાપ્ત કરે છે. તેથી દ્રવ્યાનુયોગનું ચિંતવન અસંગભાવની પ્રાપ્તિમાં અને પ્રાપ્ત થયેલા અસંગભાવની વૃદ્ધિમાં કારણ છે.

વળી દ્રવ્યાનુયોગનું ચિંતવન કરવા અર્થે આત્મદ્રવ્યનો વિચાર કરવો હોય ત્યારે પણ યોગી સ્વરૂપથી અને પરરૂપથી વિચાર કરે છે. જેમ આત્મદ્રવ્યને અવલંબીને સપ્તભંગીનો વિચાર કરવામાં આવે ત્યારે 'આત્મા પુદ્ગલ આદિ ભાવોથી ભિન્ન પોતાના સ્વરૂપે છે અને પુદ્ગલ આદિ ભાવો રૂપે નથી' તેમ જુએ છે. આ રીતે સ્વરૂપ અને પરરૂપને આશ્રયીને સાત ભાંગાઓ દ્વારા શુદ્ધ આત્મતત્ત્વનું અવલોકન કરવાથી દેહ, કર્માદિથી ભિન્ન અનુપપ્લવવાળી ચેતનામય આત્મા ઉપસ્થિત થાય છે, અને તેમાં તન્મયતા આવવાથી આત્મામાં અસંગભાવ પ્રગટે છે અને પ્રગટેલો અસંગભાવ વૃદ્ધિ પામે છે.

આ રીતે આત્મસ્વરૂપને અવલંબીને કરાતી સપ્તભંગીની વિચારણાથી અસંગભાવ પ્રાપ્ત થાય છે, અને આત્માથી ભિન્ન એવા પુદ્ગલાદિ દ્રવ્યને અવલંબીને કરાતી સપ્તભંગીની વિચારણાથી પણ અસંગભાવની પ્રાપ્તિ થાય છે. તેથી ફલિત થયું કે પરસ્પર મિલિત એવા નયો દ્વારા પ્રમાણસંજ્ઞારૂપે થયેલ વાક્ય દ્રવ્યાનુયોગના ચિંતવનમાં ઉપકારક બને છે.

ગાથામાં કહ્યું કે અન્યોન્ય મિલિત એવા નયોને પ્રમાણસંજ્ઞા છે. ગાથાના આટલા અંશનું સ્પષ્ટીકરણ ટીકામાં કર્યું. હવે ગાથાના અવશેષ અંશથી જે કહે છે કે ઇતરના અવિરાધનથી નયોને નયસંજ્ઞા છે અને ઇતરથા વળી દુર્નયસંજ્ઞા છે, તે અંશનું સ્પષ્ટીકરણ કરે છે –

ટીકા :-

इतरस्य=भिन्नस्य नयस्य, अविराधनेन=अप्रतिक्षेपेण, नयसञ्ज्ञा । इतरथा तु=इतरनयप्रतिक्षेपे तु, दुर्नयसञ्ज्ञा । तदाहुर्देवसूरयः – "नीयते येन श्रुताख्यप्रमाणविषयीकृतस्यार्थस्यांशस्तदितरांशौदासीन्यतः स प्रतिपत्तुरभिप्रायविशेषो नयः ७-१ । स्वाभिप्रेतादंशादितरांशापलापी पुनर्नयाभासः-७-२ ।" **इति । उल्लेखस्तु नयस्य सदिति, दुर्नयस्य तु सदेवेति, तदाहुः श्रीहेमचन्द्रसूरयोऽपि** – "सदेव सत्स्यात्सदिति त्रिधार्थो मीयेत दुर्नीतिनयप्रमाणैः ।" **इति**

ટીકાર્થ :-

इतरस्य-भिन्नस्य ..... दुर्नीतिनयप्रमाणैः ।" इति । ઇતરના=ભિન્ન નયના, અવિરાધનથી=અપ્રતિક્ષેપથી, નયસંજ્ઞા છે=નયોને નયસંજ્ઞા છે. વળી ઇતરથા=ઇતરનયના પ્રતિક્ષેપમાં, દુર્નયસંજ્ઞા છે=નયોને દુર્નયસંજ્ઞા છે.

તેને=ઇતરનયના અવિરાધનથી નયોને નયસંજ્ઞા છે અને ઇતરનયના વિરાધનથી નયોને દુર્નયસંજ્ઞા છે, એમ કહ્યું તેને, શ્રીદેવસૂરિ મહારાજ સાહેબ કહે છે –

તદ્ ઇતરઅંશના ઔદાસીન્યથી=જે અંશની દૃષ્ટિથી પદાર્થ જોવામાં આવે છે તેનાથી ઇતરઅંશના ઔદાસીન્યથી. શ્રુત નામના પ્રમાણના વિષયીકૃત અર્થનો અંશ જેના વડે જણાય, તે જ્ઞાન કરનાર પુરુષનો અભિપ્રાયવિશેષ નય છે. ૭-૧

સ્વઅભિપ્રેત અંશથી=શ્રુત નામના પ્રમાણના વિષયીકૃત અર્થના અંશોમાંથી પોતાને અભિપ્રેત અંશથી, ઇતરઅંશનો અપલાપ કરનાર વળી નયાભાસ છે. ૭-૨

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

પૂર્વમાં નય અને દુર્નયનું સ્વરૂપ બતાવ્યું. હવે નયદૃષ્ટિથી કે દુર્નયદૃષ્ટિથી પદાર્થને જોનાર પુરુષ નયનો કે દુર્નયનો વચનપ્રયોગ કરે ત્યારે કેવો ઉલ્લેખ કરે તે સ્પષ્ટ કરે છે –

પૂર્વમાં પ્રમાણનું સ્વરૂપ બતાવ્યું, ત્યારપછી નય અને દુર્નયનું સ્વરૂપ બતાવ્યું. તેને=પ્રમાણના, નયના અને દુર્નયના ઉલ્લેખને, શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ સાહેબ પણ કહે છે –

દુર્નય, નય અને પ્રમાણ વડે 'સદેવ', 'સત્', 'સ્યાત્સત્' એ પ્રમાણે ત્રણ પ્રકારનો અર્થ જણાય છે.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

❖ 'श्रीहेमचन्द्रसूरयोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે 'सद्' એ પ્રકારનો નયનો ઉલ્લેખ છે, અને 'सदेव' એ પ્રકારનો દુર્નયનો ઉલ્લેખ છે, એ પ્રમાણે ગ્રંથકારશ્રી તો કહે છે, પરંતુ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજ પણ કહે છે.

ભાવાર્થ :-

પૂર્વમાં પ્રમાણનું સ્વરૂપ બતાવ્યું. હવે નય અને દુર્નયનું સ્વરૂપ બતાવે છે –

નયદૃષ્ટિ એટલે અનંતધર્માત્મક પદાર્થમાં રહેલા કોઈક એક ધર્મને જોનારી દૃષ્ટિ; અને તે નયદૃષ્ટિ જ્યારે પોતાના પ્રતિપક્ષ નયના અપ્રતિક્ષેપથી પદાર્થને જોતી હોય ત્યારે તે નયદૃષ્ટિ પદાર્થના એક અંશને યથાર્થ બતાવે છે, અને અન્ય અંશનો પ્રતિક્ષેપ કરનાર નહિ હોવાથી સમ્યગ્બોધરૂપ છે; આમ છતાં પરિપૂર્ણ પદાર્થના બોધરૂપ નથી, પરંતુ પદાર્થના એક અંશના બોધરૂપ છે, માટે તે દૃષ્ટિને નયદૃષ્ટિ કહેવામાં આવે છે. જેમ આત્મદ્રવ્યને દ્રવ્યરૂપે જોનારી નયદૃષ્ટિ આત્માને નિત્ય કહે ત્યારે પણ પર્યાયથી આત્મા અનિત્ય છે, તેનો પ્રતિક્ષેપ કરે નહિ; પરંતુ કહે કે આત્મા દ્રવ્યરૂપે નિત્ય છે, તો તે બોધ દ્રવ્યાંશથી યથાર્થ છે અને પર્યાયાંશનો અપલાપ કરનાર નથી, માટે તે નયદૃષ્ટિ સુનય છે.

વળી અનંતધર્માત્મક પદાર્થના એક ધર્મને જોનારી દૃષ્ટિ, પદાર્થમાં રહેલા ઇતરધર્મને જોનારી નયદૃષ્ટિનો

પ્રતિક્ષેપ કરીને સંપૂર્ણ પદાર્થ તે રૂપ છે તેમ બતાવે, ત્યારે તે દૃષ્ટિને દુર્નયદૃષ્ટિ કહેવાય છે; કેમ કે તે દૃષ્ટિથી પદાર્થના એક ધર્મનો યથાર્થ બોધ થવા છતાં પદાર્થમાં રહેલા અન્યધર્મોનો અપલાપ થાય છે. જેમ અનંતધર્માત્મક આત્મદ્રવ્યને દ્રવ્યરૂપે જોનારી નયદૃષ્ટિ આત્માના મનુષ્યાદિ પર્યાયનો અપલાપ કરીને આત્માને એકાંત નિત્ય સ્થાપન કરે ત્યારે તે દૃષ્ટિ સમ્યગ્બોધરૂપ નથી, માટે તેને દુર્નય કહેવામાં આવે છે.

વળી નયનો અને દુર્નયનો વચનથી ઉલ્લેખ કરવામાં આવે ત્યારે કેવો ઉલ્લેખ થાય છે તે બતાવે છે –

નયદૃષ્ટિ 'સદ્' એ પ્રમાણે ઉલ્લેખ કરે છે. જેમ આત્માને દ્રવ્યરૂપે જોનારી નયદૃષ્ટિ આત્મા 'સત્' છે તેવો ઉલ્લેખ કરે છે. વળી દુર્નયદૃષ્ટિ 'સદેવ' એ પ્રમાણે ઉલ્લેખ કરે છે. જેમ આત્મદ્રવ્યને જોનારી દુર્નયદૃષ્ટિ આત્મા સદ્ જ છે એવો ઉલ્લેખ કરે છે. આ પ્રમાણે નયદૃષ્ટિ ઉલ્લેખ કરે છે, તેનાથી એ પ્રાપ્ત થાય કે આત્મા આત્મારૂપે સત્ છે, પુદ્ગલરૂપે અસત્ છે; અને નયદૃષ્ટિ આત્માને આત્મારૂપે સત્ કહે છે, માટે તે ઉલ્લેખ યથાર્થ છે; અને દુર્નયદૃષ્ટિ આત્મદ્રવ્યને સદ્ જ છે, એમ કહે છે. તેથી એ પ્રાપ્ત થાય કે આત્મા આત્મારૂપે સત્ ઁ પુદ્ગલરૂપે પણ સત્ છે અને ધર્માસ્તિકાય આદિ રૂપે પણ સત્ છે, માટે તે ઉલ્લેખ અયથાર્થ છે.

અહીં પૂજ્ય હેમચંદ્રસૂરિ મહારાજ સાહેબના વચનની સાક્ષી આપી. તેમાં કહ્યું કે 'સદેવ' એ ઉલ્લેખ દુર્નય છે, 'સદ્' એ ઉલ્લેખ નય છે અને 'સ્યાત્સદ્' એ ઉલ્લેખ પ્રમાણ છે. એ કથનમાં 'સદેવ' એ ઉલ્લેખ દુર્નયરૂપ છે અને 'સદ્' એ ઉલ્લેખ નયરૂપ છે. એ પૂર્વના કથનની સાક્ષીરૂપ છે, અને 'સ્યાત્સદ્' એ ઉલ્લેખ પ્રમાણરૂપ છે. તે આ રીતે –

આત્મદ્રવ્યને 'સ્યાત્સદ્' એમ કહ્યું, એમાં 'સ્યાત્' શબ્દ અનંતધર્મનો દ્યોતક અવ્યય છે, અને 'સત્' શબ્દ અસ્તિત્વનો દ્યોતક છે. તેથી એ પ્રાપ્ત થાય કે અનંતધર્માત્મક આત્મા સત્ છે, માટે અનંતધર્માત્મક એવા પૂર્ણ આત્માનો બોધ 'સ્યાત્સત્' પદથી થાય છે. તેથી એ પ્રમાણવાક્ય છે.

પૂર્વમાં પૂજ્ય હેમચંદ્રસૂરિ મહારાજ સાહેબના વચનની સાક્ષી આપી અને તેમાં કહ્યું કે 'સ્યાત્સદ્' એ પ્રમાણવાક્ય છે, અને 'એવ'કાર વાળા એવા 'સદ્'નો ઉલ્લેખ દુર્નયવાક્ય છે. તેથી જે વાક્ય 'સ્યાદ્ અસ્તિ એવ' એવા પ્રયોગવાળું છે તે વાક્ય 'સ્યાત્'કારના ઉલ્લેખને કારણે પ્રમાણવાક્ય બને, અને 'એવ'કારના ઉલ્લેખને કારણે દુર્નયવાક્ય બને. તેથી 'સ્યાદ્ અસ્તિ એવ' એ વચન શેમાં અંતર્ભાવ પામે ? એવી જિજ્ઞાસા કોઈકને થાય. તે બોધ કરાવવા માટે 'સ્યાત્'કાર અને 'એવ'કાર બન્નેથી યુક્ત વાક્યો પ્રમાણ સપ્તભંગીરૂપ પણ હોય છે અને નય સપ્તભંગીરૂપ પણ હોય છે, તે બતાવે છે –

ટીકા :-

स्यात्कारैवकारोच्चारणान्तर्भावेन स्यादस्त्येवेत्युल्लेखोऽपि नयस्य युक्त एव, विकलादेशस्वभावायाः सप्तभङ्ग्या अपि प्रवृत्तेः, वस्त्वंशग्राहकत्वेनैव प्रमाणसप्तभङ्गीतोऽस्या विशेषात्, तदुक्तम् – "नयवाक्यमपि स्वविषये प्रवर्त्तमानं विधिप्रतिषेधाभ्यां सप्तभङ्गीमनुव्रजति" **इति। न चैवं नयः स्वपरव्यवसायित्वेन**

प्रमाणं स्याद्, वस्त्वेकदेशाऽज्ञाननिवृत्तिफलस्य तस्य वस्त्वज्ञाननिवृत्तिफलात्प्रमाणाद्भिन्नत्व-व्यवस्थापनादिति, अधिकं स्याद्वादकल्पलतानयरहस्यादौ विवेचितमस्माभिः ।

ટીકાર્થ :-

'સ્યાત્'કાર અને 'એવ'કારના ઉચ્ચારણના અંતર્ભાવથી 'સ્યાદ્ અસ્તિ એવ' એ પ્રકારનો ઉલ્લેખ પણ નયનો યુક્ત જ છે; કેમ કે વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીની પણ પ્રવૃત્તિ છે.

અહીં પ્રશ્ન થાય કે વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગી થતી હોય એટલામાત્રથી 'સ્યાદ્ અસ્તિ એવ' એ ઉલ્લેખ નયનો છે, તે કેમ નક્કી થાય ? તેથી હેતુ કહે છે –

વસ્તુઅંશનું ગ્રાહકપણું હોવાને કારણે જ=વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીનું વસ્તુઅંશગ્રાહકપણું હોવાને કારણે જ, પ્રમાણસપ્તભંગીથી આનો=વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીનો, વિશેષ છે=ભેદ છે. તેથી વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગી નયસપ્તભંગી છે એમ અન્વય છે.

તે=વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગી નયસપ્તભંગી છે તે, કહેવાયું છે –

નયવાક્ય પણ સ્વવિષયમાં વિધિ-પ્રતિષેધ દ્વારા સપ્તભંગીને અનુસરે છે.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

અને આ રીતે=સપ્તભંગી પદાર્થનો સમ્યગ્બોધ કરાવનાર છે અને વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીને નયવાક્ય કહ્યું એ રીતે, નય સ્વપરવ્યવસાયીપણું હોવાને કારણે=યથાર્થ બોધ કરાવનાર હોવાને કારણે, પ્રમાણ થાય એમ ન કહેવું; કેમ કે વસ્તુના એક દેશના અજ્ઞાનની નિવૃત્તિના ફળવાળા એવા તેનું=સપ્તભંગ્યાત્મક નયવાક્યનું, વસ્તુના અજ્ઞાનના નિવૃત્તિફળવાળા એવા પ્રમાણથી=પરિપૂર્ણ વસ્તુના અજ્ઞાનના નિવૃત્તિફળવાળા એવા પ્રમાણવાક્યથી, ભિન્નપણારૂપે વ્યવસ્થાપન છે. 'इति' શબ્દ કથનની સમાપ્તિ માટે છે. અમારા વડે સ્યાદ્વાદકલ્પલતા, નયરહસ્યાદિમાં અધિક=પ્રમાણસપ્તભંગી કરતાં નયસપ્તભંગી જુદી છે એ વિષયમાં અધિક, વિવેચન કરાયું છે.

❖ 'स्यादस्त्येवेत्युल्लेखोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે 'सद्' એ પ્રમાણે નયનો ઉલ્લેખ તો યુક્ત છે, પણ 'સ્યાદ્ અસ્તિ એવ' એ પ્રમાણે નયનો ઉલ્લેખ પણ યુક્ત છે.

❖ 'विकलादेशस्वभावायाः सप्तभङ्ग्या अपि प्रवृत्तेः'માં 'अपि'થી એ કહેવું છે કે સકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીની તો પ્રવૃત્તિ છે, પરંતુ વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીની પણ પ્રવૃત્તિ છે.

ભાવાર્થ :-

પૂર્વમાં નયનો ઉલ્લેખ કેવો થાય છે, તે બતાવતાં કહ્યું કે 'सद्' એ પ્રમાણે નયનો ઉલ્લેખ થાય છે, તેમ 'સ્યાદ્ અસ્તિ એવ' એ પ્રમાણે પણ નયનો ઉલ્લેખ થાય છે; કેમ કે અનંતધર્માત્મક પદાર્થના એક ધર્મને આશ્રયીને વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીની પણ પ્રવૃત્તિ છે.

તેથી એ ફલિત થાય કે વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીથી અનંતધર્માત્મક પદાર્થના એક ધર્મનો સાત

ભાંગાથી સમ્યગ્ બોધ થાય છે, અને અનંતધર્માત્મક પદાર્થના એક ધર્મનો બોધ કરાવનાર શબ્દોલ્લેખ નયવચનરૂપ છે, અને વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગીમાં 'સ્યાદ્ અસ્તિ એવ' એ પ્રકારનો ઉલ્લેખ છે, તેથી તે નયવચન છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે અન્યોન્ય મિલિત એવા નયોને પ્રમાણસંજ્ઞા છે, અને તે સ્થાનમાં અન્યોન્ય મિલિત એવા નયોની બનેલી સપ્તભંગીને પ્રમાણસપ્તભંગી કહેલ. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે સાત ભાંગાથી બોધ કરાવનાર વાક્યો તો પ્રમાણવાક્ય છે, તો તે સપ્તભંગીને નયવાક્ય કેમ કહ્યું ? તેના સ્પષ્ટીકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગી વસ્તુના એક અંશની ગ્રાહક હોવાને કારણે પ્રમાણસપ્તભંગીથી ભિન્ન છે. તેથી એ ફલિત થાય કે સકલાદેશસ્વભાવવાળી સપ્તભંગી પ્રમાણવાક્ય છે અને વિકલાદેશસ્વભાવવાળી સપ્તભંગી નયવાક્ય છે.

પૂર્વમાં કહ્યું કે નયવાક્યનો ઉલ્લેખ 'સદ્' એ પ્રમાણે છે અથવા વિકલાદેશ સપ્તભંગીમાં 'સ્યાદ્ અસ્તિ એવ' એ પ્રકારનો ઉલ્લેખ છે, અને દુર્નયનો ઉલ્લેખ 'સદેવ' એ પ્રકારનો છે. તેનાથી એ ફલિત થયું કે દુર્નય વિપરીત બોધ કરાવે છે અને નય યથાર્થ બોધ કરાવે છે, અને નયને યથાર્થ બોધ કરાવનાર સ્વીકારીએ તો "સ્વપર વ્યવસાયી જ્ઞાન પ્રમાણ છે" એવું શાસ્ત્રવચન છે. અને તે શાસ્ત્ર વચન પ્રમાણે નયને પ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવે. તેનું નિવારણ કરતાં કહે છે –

પ્રમાણવાક્ય વસ્તુના અજ્ઞાનની નિવૃત્તિના ફળવાળું છે, અને નયવાક્ય વસ્તુના એક દેશના અજ્ઞાનની નિવૃત્તિના ફળવાળું છે. તેથી પ્રમાણવાક્ય યથાર્થ બોધ કરાવીને વસ્તુના અજ્ઞાનની નિવૃત્તિ કરાવે છે, અને નયવાક્ય વસ્તુના એક અંશનો યથાર્થ બોધ કરાવીને વસ્તુના એક દેશના અજ્ઞાનની નિવૃત્તિ કરાવે છે. તેથી પ્રમાણવાક્ય પણ સ્વપર વ્યવસાયી છે અર્થાત્ યથાર્થ બોધ કરાવનાર છે, અને નયવાક્ય પણ સ્વપર વ્યવસાયી છે અર્થાત્ યથાર્થ બોધ કરાવનાર છે; તોપણ પ્રમાણવાક્ય કરતાં નયવાક્ય ભિન્ન છે. આ વિષયમાં અધિક વિવેચન ગ્રંથકારશ્રીએ "સ્યાદ્વાદકલ્પલતા" અને "નયરહસ્ય" આદિ ગ્રંથોમાં કરેલ છે.

અહીં વિશેષ એ છે કે 'સ્વપરવ્યવસાયી' શબ્દમાં 'સ્વ' અને 'પર' શબ્દ સ્વરૂપ-ઉપરંજક છે, અને 'વ્યવસાયી' શબ્દ યથાર્થ બોધને બતાવનાર છે. તેથી જે જ્ઞાન યથાર્થ બોધ કરાવે તેને વ્યવસાયી કહેવાય; અને નયવચન પણ યથાર્થ બોધ કરાવનાર છે, માટે વ્યવસાયી છે, અને પ્રમાણવચન પણ યથાર્થબોધ કરાવનાર છે માટે વ્યવસાયી છે.

ટીકા :-

मलयगिरिपादाः पुनरित्थमाहुरावश्यकवृत्तौ - "इह यो नयो नयान्तरसापेक्षतया स्याद्वा(त्प)दलाञ्छितं वस्तु प्रतिपद्यते स परमार्थतः परिपूर्णं वस्तु गृह्णातीति प्रमाण एवान्तर्भवति यस्तु नयवादान्तरनिरपेक्षतया स्वाभिप्रेतेनैव धर्मेणाऽवधारणपूर्वकं वस्तु परिच्छेत्तुमभिप्रैति स वस्त्वेकदेशपरिग्राहकत्वान्नय इत्युच्यते, स च नियमान्मिथ्यादृष्टिरेव, अयथावस्थितार्थवस्तुपरिग्राहकत्वात्, अत एवोक्तमन्यत्र – "सव्वे णया मिच्छावाइणो" त्ति । यत एव च नयवादो

मिथ्यावादस्तत एव जिनप्रवचनतत्त्ववेदिनो मिथ्यावादित्वपरिजिहीर्षया सर्वमपि स्यात्कारपुरस्सरं भाषन्ते, न तु जातुचिदपि स्यात्कारविरहितम् यद्यपि च लोकव्यवहारपथमवतीर्णा न सर्वत्र सर्वदा साक्षात्स्यात्पदं प्रयुङ्क्ते तथापि तत्राप्रयुक्तोऽपि सामर्थ्यात् स्याच्छब्दो द्रष्टव्यः, प्रयोजकस्य कुशलत्वात्, उक्तञ्च –

"अप्रयुक्तोऽपि सर्वत्र, स्यात्कारोऽर्थात्प्रतीयते ।
विधौ निषेधेऽन्यत्रापि, कुशलश्चेत्प्रयोजकः" ।।१।।

अत्रान्यत्रापीति अनुवादातिदेशादिवाक्येषु। ननु यदि सर्वत्र स्यात्पदप्रयोगानुसरणं तर्हि मूलत एवापगतोऽवधारणविधिः, परस्परमनयोर्विरोधात्, तथाहि– अवधारणमन्यनिषेधपरं स्यात्पदप्रयोगस्त्वन्यसङ्ग्रहणशील इति, तदयुक्तम्, सम्यग्वस्तुतत्त्वापरिज्ञानात्, स्यात्पदप्रयोगो हि विवक्षितवस्त्वनुयायिधर्मान्तरसङ्ग्रहणशीलः, अवधारणविधिस्तु तत्तदाशङ्कितान्ययोगादिव्यवच्छेदादिफलः, तथाहि– ज्ञानदर्शनवीर्यसुखोपेतः किं जीवो भवति किं वा न? इत्याशङ्कायां प्रयुज्यते 'स्याज्जीव एव,' अत्र जीवशब्देन प्राणधारणनिबन्धनं जीवशब्दवाच्यत्वमभिधीयते, एवकारेण यदाशङ्कितं परेणाजीवशब्दवाच्यत्वं तस्य निषेधः स्यात्पदप्रयोगात्तु ये ज्ञानदर्शनसुखादिरूपा असाधारणाः ये त्वमूर्त्तत्वासङ्ख्यातप्रदेशत्वादिलक्षणा धर्मास्तिकायादिसाधारणाः येऽपि च सत्त्वप्रमेयत्वधर्मित्वगुणित्वादयः सर्वपदार्थसाधारणास्ते सर्वे प्रतीयन्ते । यदा तु ज्ञानदर्शनादिलक्षणो जीवः किं वाऽन्यलक्षणः? इत्याशङ्का तदैवमवधारणविधिः– स्यात् ज्ञानादिलक्षण एव जीवः, अत्र जीवशब्देन जीवशब्दवाच्यतामात्रं प्रतीयते, ज्ञानादिलक्षण एवेत्यन्यलक्षणव्युदासः, स्यात्पदप्रयोगात्साधारणासाधारणधर्मपरिग्रहः । यदा तु जगति जीवोऽस्ति किं वा न? इत्यसम्भवाशङ्का तदैवमवधारणं स्यादस्त्येव जीवः, अत्रापि जीवशब्दप्रयोगाज्जीवशब्दवाच्यताऽवगतिः, स्यात्पदप्रयोगादसाधारणसाधारणधर्मपरिग्रहः, अस्त्येवेत्यवधारणादसम्भवाशङ्काव्यवच्छेदः । एवमन्यत्रापि साक्षाद्गम्यमानतया वा स्यात्पदप्रयोगपुरःसरं यथायोगमवधारणविधिः सम्यक्प्रवचनार्थं जानानेन प्रयोक्तव्यः, अवधारणाभावे तु जीवाजीवादिवस्तुतत्त्वव्यवस्थाविलोपप्रसङ्गः, तथाहि– यद्यन्यव्यवच्छेदेन ज्ञानदर्शनोपयोगलक्षणो जीव एवेति नावधार्यते तर्हि अजीवोऽपि तल्लक्षणः स्यादिति जीवाजीवव्यवस्थालोपः, तथा यदि ज्ञानदर्शनोपयोगलक्षण एव जीव इत्यन्ययोगव्यवच्छेदो नाभ्युपगम्यते ततोऽन्यत्किमप्यजीवानुगतमजीवसाधारणं वा तथालक्षणमाशङ्क्येत, तथा च जीवेतरविभागपरिज्ञानाभावः, ततो यथा सम्यग्वादित्वमिच्छता सर्वत्र स्यात्पदप्रयोगः साक्षाद् गम्यो वाऽनुश्रियते, तथा यथायोगमवधारणविधिरपि, अन्यथा यथाऽवस्थितवस्तुतत्त्वप्रतिपत्त्यनुपपत्तेः । न चावधारणविधिः सिद्धान्ते नानुमत इति वक्तव्यम्, तत्र तत्र प्रदेशेऽनेकशोऽवधारणविधिदर्शनात्, तथाहि– "किमयं भंते ! कालो त्ति पवुच्चइ? गोयमा ! जीवा चेव अजीवा चेव त्ति ।" स्थानाङ्गेऽप्युक्तम् – "जदित्थं च णं लोए तं सव्वं दुपडोआरं, तंजहा– जीवा चेव अजीवा चेव त्ति । तहा– जह चेव उ मोक्खफला आणा आराहिआ जिणिंदाणं" इत्यादि, या त्ववधारणी भाषा प्रवचने निषिध्यते सा क्वचित् तथारूपवस्तुतत्त्वनिर्णयाभावात्, क्वचिदेकान्तप्रतिपादिका वा, न तु सम्यग्यथावस्थितवस्तुतत्त्वनिर्णये स्यात्पदप्रयोगावस्थायामिति । दैगम्बरी त्वियं प्रमाणनयपरिभाषा– "सम्पूर्णवस्तुकथनं प्रमाणवाक्यम्, यथा स्याज्जीवः स्याद्धर्मास्तिकाय इत्यादि । यस्त्वेकदेशकथनं नयवादः," तत्र यो नाम नयो

नयान्तरसापेक्षः स नय इति वा सुनय इति वा प्रोच्यते, यस्तु नयान्तरनिरपेक्षः स दुर्नयो नयाभास इति, तथा चाहाकलङ्कः –

"भेदाभेदात्मके ज्ञेये, भेदाभेदाभिसन्धयः ।
ये तेऽपेक्षानपेक्षाभ्यां, लक्ष्यन्ते नयदुर्नयाः "।।१।।

अस्याः कारिकाया लेशतो व्याख्या– भेदः=विशेषः, अभेदः=सामान्यं, तदात्मके=सामान्यविशेषात्मक इत्यर्थः, ज्ञेये=प्रमाणपरिच्छेद्ये वस्तुनि, भेदाभेदाभिसन्धयः=सामान्यविशेषविषयाः पुरुषाभिप्राया, अपेक्षानपेक्षाभ्यां लक्ष्यन्ते ते यथासङ्ख्यं नयदुर्नया ज्ञातव्याः, किमुक्तं भवति? विशेषसाकाङ्क्षः सामान्यग्राहकोऽभिप्रायो, विशेषपरिग्राहको वा सामान्यसापेक्षो नयः, इतरेतराकाङ्क्षारहितस्तु दुर्नयः, नयचिन्तायामपि च ते दिगम्बराः स्यात्पदप्रयोगमिच्छन्ति, तथा चाकलङ्क एव प्राह – 'नयोऽपि तथैव सम्यगेकान्तविषयः स्यात्" इति, अत्र टीकाकारेण व्याख्या कृता– 'नयोऽपि नयप्रतिपादकमपि वाक्यं न केवलं प्रमाणवाक्यमित्यपिशब्दार्थः, तथैव=स्यात्पदप्रयोगप्रकारेणैव, सम्यगेकान्तविषयः स्यात्, यथा स्यादस्त्येव जीव इति, स्यात्पदप्रयोगाभावे तु मिथ्यैकान्तगोचरतया दुर्नय एव स्यादिति' । तदेतदयुक्तं, प्रमाणनयविभागाभावप्रसक्तेः, तथाहि–स्याज्जीव एवेति किल प्रमाणवाक्यम्, स्यादस्त्येव जीव इति नयवाक्यम्, एतद् द्वयमपि लघीयस्तत्त्वालङ्कारे साक्षादकलङ्केनोदाहृतम् अत्र चोभयत्राप्यविशेषः, तथाहि– 'स्याज्जीवः[एव]' इत्यत्र जीवशब्देन प्राणधारणनिबन्धना जीवशब्दवाच्यताऽभिधीयते, एवकारप्रयोगतो(ऽजीवशब्द-वाच्यतानिषेधः, स्याच्छब्दप्रयोगतो) ऽसाधारणसाधारणधर्माक्षेपः, स्यादस्त्येव जीव इत्यत्र जीवशब्देन जीवशब्दवाच्यता प्रतिप्रतिरस्तीत्यनेनोद्भूतविवक्षितास्तित्वावगतिः, एवकारप्रयोगात्तु यदाशङ्कितं सकलेऽपि जगति जीवस्य नास्तित्वं तद्व्यवच्छेदः, स्यात्पदप्रयोगात् साधारणासाधारणधर्म प्रतिपत्तिरित्युभयत्राप्यविशेष एव, तथा च सिद्धव्याख्याता न्यायावतारविवृतौ स्यादस्त्येव जीव इति प्रमाणवाक्यमुपन्यस्तवान्, तथा च तद्गतो ग्रन्थः – "यदा तु प्रमाणव्यापार-मविकलं परामृश्य प्रतिपादयितुमभिप्रयन्ति तदाङ्गीकृतगुणप्रधानभावाशेषधर्मसूचककथञ्चित्पर्यायस्याच्छब्द-विभूषितया सावधारणया च वाचा स्यादस्त्येव जीव इत्यादिकया दर्शयन्ति, अतोऽयं स्याच्छब्दसंसूचिताभ्यन्तरीभूता-नन्तधर्मकस्य साक्षादुपन्यस्तजीवशब्दक्रियाभ्यां प्रधानीकृतात्मभावस्यावधारणव्यवच्छिन्नतदसम्भवस्य वस्तुनः संदर्शकत्वात्सकलादेश इत्युच्यते, प्रमाणप्रतिपन्नसम्पूर्णार्थकथनमिति यावदित्यादि ।" तस्मादस्मदुक्तैव प्रमाणनय-व्यवस्था समीचीना, यथा यो नाम नयो नयान्तरसापेक्षः स परमार्थतः स्यात्पदप्रयोगमभिलषन् सम्पूर्णं वस्तु गृह्णातीति प्रमाणेऽन्तर्भावनीयः, नयान्तरनिरपेक्षस्तु नयो दुर्नयः, स च नियमान्मिथ्यादृष्टिरेव, सम्पूर्णवस्तुग्राहकत्वाभावादिति ।

ટીકાર્થ :-

मलयगिरिपादाः ..... सम्पूर्णवस्तुग्राहकत्वाभावाद्, इति । વળી મલયગિરિ મહારાજ આવશ્યકવૃત્તિમાં આ પ્રમાણે કહે છે –

અહીં=નય અને પ્રમાણની વિચારણામાં, જે નય નયાન્તર સાપેક્ષપણું હોવાને કારણે 'સ્યાત્'પદથી લાંછિત વસ્તુને સ્વીકારે છે, તે=તે નય, પરમાર્થથી પરિપૂર્ણ વસ્તુને ગ્રહણ કરે છે, એથી પ્રમાણમાં જ અંતર્ભાવ પામે છે. વળી જે=જે

નય, નયવાદાન્તરનિરપેક્ષપણું હોવાને કારણે સ્વઅભિપ્રેત જ ધર્મ વડે અવધારણપૂર્વક વસ્તુને પરિચ્છેદ કરવા માટે અભિપ્રાય કરે છે, તે વસ્તુના એક દેશનું ગ્રાહકપણું હોવાથી 'નય' એ પ્રમાણે કહેવાય છે, અને તે=તે નય, નિયમથી મિથ્યાદૃષ્ટિ જ છે; કેમ કે અયથાવસ્થિત અર્થવાળી વસ્તુનું ગ્રાહકપણું છે. આથી જ=નય નિયમા મિથ્યાદૃષ્ટિ જ છે આથી જ, અન્યત્ર કહેવાયું છે=શાસ્ત્રમાં કહેવાયું છે –

'સર્વે નયો મિથ્યાવાદી છે.' 'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

અને જે કારણથી જ નયવાદ મિથ્યાવાદ છે, તેથી જ જિનપ્રવચનના તત્ત્વના જાણનારાઓ મિથ્યાવાદીપણાનો પરિહાર કરવાની ઇચ્છાથી સર્વ પણ=સર્વ વચન પણ, 'સ્યાત્'કાર પૂર્વક બોલે છે, પરંતુ ક્યારેય 'સ્યાત્'કાર રહિત નહિ='સ્યાત્'કાર રહિત વચન બોલતા નથી; અને જોકે લોકવ્યવહારપથમાં અવતીર્ણા=લોકવ્યવહારપથમાં અવતીર્ણ એવા જિનપ્રવચનના તત્ત્વને જાણનારાઓ, સર્વત્ર=સર્વ વાક્યોમાં, સર્વદા=સર્વ કાળમાં, સાક્ષાત્ 'સ્યાત્'પદનો પ્રયોગ કરતા નથી, તોપણ ત્યાં=સર્વ વાક્યપ્રયોગમાં, અપ્રયુક્ત પણ 'સ્યાત્' શબ્દ સામર્થ્યથી જાણવો; કેમ કે પ્રયોજકનું= જિનપ્રવચનના તત્ત્વને જાણનાર અને તદ્અનુસાર વાક્યપ્રયોગ કરનાર એવા પુરુષનું, કુશલપણું છે. અને કહેવાયું છે –

વિધિવિષયક, નિષેધવિષયક કે અન્યવિષયક પણ જો કુશલપ્રયોજક હોય તો સર્વત્ર=સર્વ વચનપ્રયોગમાં, અપ્રયુક્ત પણ 'સ્યાત્'કાર અર્થથી પ્રતીત થાય છે. ॥૧॥

અહીં=સાક્ષીપાઠ આપ્યો એમાં, 'અન્યત્રાપિ' એ પ્રકારનો જે શબ્દ છે, તેનાથી અનુવાદ, અતિદેશ આદિ વાક્યોમાં જો કુશલ પ્રયોજક હોય તો તેના પ્રયોગમાં અર્થથી 'સ્યાત્'પદની પ્રતીતિ થાય છે, તે બતાવે છે –

પૂર્વમાં સ્થાપન કર્યું કે નયવાદ મિથ્યા છે, અને જે નય નયાન્તર સાપેક્ષ હોય તે 'સ્યાત્'પદથી લાંછિત વસ્તુને સ્વીકારે છે, માટે પ્રમાણમાં અંતર્ભાવ પામે છે. તેથી એ ફલિત થયું કે સમ્યગ્વચનપ્રયોગ કરવા અર્થે સર્વત્ર 'સ્યાત્'પદનો પ્રયોગ આવશ્યક છે. ત્યાં 'નનુ'થી શંકા કરતાં કહે છે –

જો સર્વત્ર 'સ્યાત્'પદના પ્રયોગનું અનુસરણ છે, તો મૂલથી જ=સ્યાદ્વાદીના મતમાં મૂળથી જ=સ્યાદ્વાદના મૂળરૂપે જ, અવધારણવિધિ અપગત છે=કોઈ વાક્યપ્રયોગમાં 'એવ'કારનો પ્રયોગ કરી શકાય નહિ; કેમ કે આ બેનો='સ્યાત્'પદના પ્રયોગનો અને 'એવ'કારના પ્રયોગનો પરસ્પર વિરોધ છે. 'સ્યાત્'પદના પ્રયોગનો અને 'એવ'કારના પ્રયોગનો પરસ્પર વિરોધ કેમ છે ? તે 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે –

અવધારણ અન્યના નિષેધપર છે=જે વચન પાછળ 'એવ'કારનો પ્રયોગ છે તે 'એવ'કારનો પ્રયોગ તે વચનથી અન્ય વચનના નિષેધને બતાવનાર છે. વળી 'સ્યાત્'પદનો પ્રયોગ અન્યનો સંગ્રહશીલ છે=જે પદની પૂર્વે 'સ્યાત્'પદનો પ્રયોગ હોય તે પદથી વાચ્ય ધર્મથી તે પદાર્થમાં રહેલા અન્ય ધર્મોનો સંગ્રહ કરનાર 'સ્યાત્'પદ છે. 'ઇતિ' શબ્દ 'નનુ'થી કરાયેલી શંકાની સમાપ્તિમાં છે.

તે શંકાનું નિવારણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

તે અયુક્ત છે=જો સર્વત્ર 'સ્યાત્'પદનો પ્રયોગ સ્યાદ્વાદીને અભિમત હોય તો સ્યાદ્વાદી કોઈ વચનપ્રયોગમાં 'એવ'કારનો પ્રયોગ કરી શકે નહિ, એ પ્રકારની શંકા જે કોઈએ કરી તે અયુક્ત છે; કેમ કે સમ્યગ્ વસ્તુતત્ત્વનું અપરિજ્ઞાન છે='નનુ'થી શંકા કરનારને 'સ્યાત્'પદપ્રયોગનું અનુસરણ સ્યાદ્વાદી કઈ અપેક્ષાએ કરે છે અને 'એવ'કારનો પ્રયોગ કઈ અપેક્ષાએ કરે છે તે વિષયક પરમાર્થનું અપરિજ્ઞાન છે, હિ=જે કારણથી, 'સ્યાત્'પદનો પ્રયોગ વિવક્ષિત વસ્તુના અનુયાયી એવા ધર્માન્તરનો સંગ્રહશીલ છે=જે પદાર્થની વિચારણા કરવામાં આવતી હોય તેની આગળ

કરાયેલા 'સ્યાત્'પદના પ્રયોગથી તે વસ્તુમાં રહેલા જે ધર્મની વિવક્ષા કરી છે તે ધર્મ કરતાં તે વસ્તુમાં રહેલા અન્યધર્મનો સંગ્રહ થાય છે; વળી અવધારણવિધિ='એવ'કારનો પ્રયોગ, તે તે આશંકિત એવા અન્ય યોગવ્યવચ્છેદ આદિ ફલવાળો છે='એવ'કારનો પ્રયોગ ન કરવામાં આવે તો તે તે અન્યયોગાદિની આશંકા થાય અને અવધારણ કરવાથી તે તે આશંકાનો વ્યવચ્છેદ પ્રાપ્ત થાય છે.

પૂર્વમાં કહ્યું કે સ્યાદ્વાદી વાક્યપ્રયોગમાં 'સ્યાત્'પદનો અને 'એવ'કારનો પ્રયોગ કરે છે તે સ્થાનમાં 'સ્યાત્'પદનો પ્રયોગ વિવક્ષિત વસ્તુમાં રહેલા અનુયાયી એવા અન્યધર્મનો સંગ્રહ કરે છે, અને 'એવ'કારનો પ્રયોગ ન કરવામાં આવે તો અન્યયોગાદિની આશંકા થાય, તેનો વ્યવચ્છેદ 'એવ'કારના પ્રયોગથી થાય છે. તે 'તથાહિ'થી બતાવે છે –

'એવ'કારના પ્રયોગથી અયોગની આશંકાનો વ્યવચ્છેદ.

જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખથી યુક્ત શું જીવ હોય છે અથવા નહિ ? એ પ્રકારની આશંકામાં પ્રયોગ થાય છે. શું પ્રયોગ થાય છે ? તે કહે છે : 'स्यात् जीव एव' એ પ્રકારનો પ્રયોગ થાય છે. અહીં=જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખથી યુક્ત શું જીવ હોય છે કે નહિ ? એ પ્રકારની આશંકામાં 'स्यात् जीव एव' એ પ્રકારનો જવાબ આપ્યો, એમાં 'જીવ' શબ્દથી પ્રાણધારણનિબંધન જીવશબ્દવાચ્યત્વ કહેવાય છે, પર વડે અજીવશબ્દવાચ્યત્વની જે આશંકા કરાઈ તેનો નિષેધ 'એવ'કારથી થાય છે. વળી જ્ઞાન, દર્શન, સુખાદિરૂપ જે અસાધારણ ધર્મો=જીવના જે અસાધારણ ધર્મો, વળી અમૂર્તત્વ, અસંખ્યાતપ્રદેશત્વાદિરૂપ જે ધર્માસ્તિકાયઆદિસાધારણ ધર્મો=ધર્માસ્તિકાયઆદિ અને જીવ, ઉભયમાં સાધારણ ધર્મો, અને જે વળી સત્ત્વ, પ્રમેયત્વ, ધર્મિત્વ, ગુણિત્વ આદિ સર્વપદાર્થસાધારણ એવા જીવના ધર્મો, તે સર્વ 'સ્યાત્'પદના પ્રયોગથી પ્રતીત થાય છે.

'એવ'કારના પ્રયોગથી અન્યયોગની આશંકાનો વ્યવચ્છેદ.

વળી જ્યારે જ્ઞાન-દર્શનઆદિ લક્ષણવાળો જીવ છે ? કે અન્ય લક્ષણવાળો જીવ છે ? એ પ્રકારની આશંકા છે, ત્યારે આ પ્રમાણે અવધારણવિધિ છે – 'स्यात् ज्ञानादिलक्षण ज जीव छे.' અહીં=જ્ઞાન, દર્શનઆદિ લક્ષણવાળો જીવ છે ? કે અન્યલક્ષણવાળો જીવ છે ? એ પ્રકારની આશંકામાં 'स्यात् ज्ञानादिलक्षण एव जीव' એ પ્રકારનો જવાબ આપ્યો એમાં, જીવશબ્દથી જીવશબ્દની વાચ્યતા માત્ર પ્રતીત થાય છે=પ્રથમ પ્રયોગની જેમ પ્રાણધારણનિબંધન જીવશબ્દવાચ્યત્વ આ બીજા પ્રયોગમાં પ્રતીત થતું નથી, પરંતુ જીવશબ્દથી જીવશબ્દની વાચ્યતા માત્ર પ્રતીત થાય છે. 'ज्ञानादिलक्षण एव' એ પ્રકારના પ્રયોગથી અન્ય લક્ષણનો વ્યુદાસ છે=જીવ જ્ઞાનાદિલક્ષણવાળો જ છે અન્યલક્ષણવાળો નથી, તેનું કથન છે; અને 'स्यात्'पद પ્રયોગથી='स्यात् ज्ञानादिलक्षण एव जीव' એ પ્રયોગમાં વર્તતા 'स्यात्'पदપ્રયોગથી, સાધારણ-અસાધારણ ધર્મોનો પરિગ્રહ છે=જીવમાં વર્તતા અન્ય પદાર્થ સાથેના સાધારણ ધર્મો અને જીવના અસાધારણ ધર્મોનું ગ્રહણ છે.

'એવ'કારના પ્રયોગથી અત્યન્તઅયોગની આશંકાનો વ્યવચ્છેદ.

વળી જ્યારે જગતમાં જીવ છે કે નહિ એ પ્રકારે અસંભવની આશંકા છે ત્યારે આ પ્રકારનું અવધારણ છે – 'स्यात् जीव छे ज' અહીં પણ=જીવના અસંભવની આશંકાના નિવારણ માટે 'स्यात् जीव छे ज' એ પ્રકારનો જવાબ આપ્યો એમાં પણ, જીવશબ્દના પ્રયોગથી જીવશબ્દની વાચ્યતાનો બોધ થાય છે. 'स्यात्'पदપ્રયોગથી અસાધારણ-સાધારણ ધર્મનું ગ્રહણ છે=જીવનિષ્ઠ અસાધારણ ધર્મો અને જીવનિષ્ઠ-અન્યપદાર્થ-સાધારણ ધર્મોનું ગ્રહણ 'स्यात्'પદના પ્રયોગથી છે. 'अस्ति एव' એ પ્રકારના અવધારણથી='જીવ છે જ' એ પ્રકારના 'એવ'કારના પ્રયોગથી, અસંભવની

આશંકાનો વ્યવચ્છેદ છે=જગતમાં જીવના અસંભવની આશંકાનો વ્યવચ્છેદ છે.

સમ્યક્ પ્રવચનાર્થને જાણનારા પુરુષ વડે આ રીતે=પૂર્વમાં જીવને આશ્રયીને અન્યધર્મોના સંગ્રહણ માટે 'સ્યાત્'પદનો પ્રયોગ બતાવ્યો, અને અયોગવ્યવચ્છેદ માટે, અન્યયોગવ્યવચ્છેદ માટે અને અત્યન્તઅયોગવ્યવચ્છેદ માટે 'એવ'કારનો પ્રયોગ બતાવ્યો એ રીતે, અન્યત્ર પણ=જીવ સિવાયના અન્ય પદાર્થને આશ્રયીને કરાતા વચનપ્રયોગમાં પણ, સાક્ષાત્ અથવા ગમ્યમાનપણાથી 'સ્યાત્'પદના પ્રયોગપૂર્વક યથાયોગ=યથાસંભવ, અવધારણવિધિ કરવી જોઈએ. વળી અવધારણના અભાવમાં='એવ'કારના પ્રયોગના અભાવમાં, જીવાજીવાદિ વસ્તુતત્ત્વની વ્યવસ્થાના વિલોપનો પ્રસંગ છે.

પૂર્વમાં જીવને આશ્રયીને ત્રણ સ્થાનમાં 'એવ'કારનો પ્રયોગ કઈ રીતે થાય છે તે બતાવ્યું, અને તે સ્થાનમાં 'એવ'કારનો પ્રયોગ ન કરવામાં આવે તો જીવાજીવાદિ વસ્તુતત્ત્વની વ્યવસ્થાનો વિલોપ કઈ રીતે થાય, તે 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે –

જો અન્યના વ્યવચ્છેદ વડે 'જ્ઞાનદર્શનઉપયોગલક્ષણ જીવ જ છે' એ પ્રમાણે અવધારણ ન કરાય તો અજીવ પણ તે લક્ષણવાળો થાય=જ્ઞાનદર્શનઉપયોગલક્ષણવાળો થાય; એથી જીવ-અજીવની વ્યવસ્થાનો લોપ થાય, અને જો 'જ્ઞાનદર્શનઉપયોગલક્ષણ જ જીવ છે' એ પ્રકારનો અન્યયોગનો વ્યવચ્છેદ ન સ્વીકારાય તો અન્ય કંઈપણ અજીવઅનુગત અથવા અજીવસાધારણ એવું તે પ્રકારનું લક્ષણ આશંકા કરાય=જીવમાં તે પ્રકારનું લક્ષણ આશંકા કરાય, અને તે રીતે=અજીવઅનુગત અથવા અજીવસાધારણ એવું જીવનું લક્ષણ કરાય તે રીતે, જીવ અને ઇતર એ પ્રકારના વિભાગના પરિજ્ઞાનનો અભાવ થાય. તેથી જે પ્રમાણે સમ્યગ્ વાદીપણાને ઇચ્છતા એવા પુરુષ વડે સર્વત્ર 'સ્યાત્'પદનો પ્રયોગ સાક્ષાત્ અથવા ગમ્ય=અધ્યાહાર, અનુસરાય છે, તે પ્રમાણે યથાયોગ=યથાસંભવ, અવધારણવિધિ પણ અનુસરાય છે; કેમ કે અન્યથા=યથાસંભવ અવધારણવિધિનું અનુસરણ ન કરવામાં આવે તો યથાવસ્થિત વસ્તુતત્ત્વની પ્રતિપત્તિની અનુપપત્તિ છે=બોધ કરાવવા માટે કરાતા વચનપ્રયોગમાં ઉચિતસ્થાને 'એવ'કારનો પ્રયોગ ન કરવામાં આવે તો જીવાજીવાદિના વિભાગની વ્યવસ્થાના લોપની જેમ, જે જે વચનપ્રયોગમાં જે જે બોધ કરવા માટે અપેક્ષા હોય તે તે પ્રકારે વસ્તુનો બોધ થાય નહિ.

પૂર્વમાં કહ્યું કે સમ્યગ્વાદીપણાને ઇચ્છતા પુરુષે જેમ સર્વત્ર 'સ્યાત્'પદનો પ્રયોગ કરવો આવશ્યક છે, તેમ ઉચિત સ્થાને 'એવ'કારનો પ્રયોગ પણ કરવો આવશ્યક છે. ત્યાં પ્રશ્ન થાય કે જૈનશાસન તો સાપેક્ષવાદ છે, તેથી સાપેક્ષવાદને કહેનારા સિદ્ધાંતમાં અવધારણવિધિ સંભવે નહિ. એ પ્રકારની શંકાના નિવારણ માટે કહે છે –

અને સિદ્ધાંતમાં અવધારણવિધિ અનુમત નથી, એ પ્રમાણે ન કહેવું; કેમ કે તે તે પ્રદેશમાં=ગ્રંથના તે તે સ્થાનમાં, અનેક વખત અવધારણવિધિનું દર્શન છે. અહીં કહ્યું કે શાસ્ત્રમાં તે તે સ્થાનમાં અવધારણવિધિ દેખાય છે, તેને 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે –

હે ભદંત ! આ કાળ શું છે ? એ પ્રકારનો ગૌતમસ્વામી પ્રશ્ન કરે છે. તેને ભગવાન કહે છે : હે ગૌતમ ! જીવ જ કાળ છે અને અજીવ જ કાળ છે, એ પ્રમાણે કહેવાય છે. 'સ્થાનાંગસૂત્ર'માં પણ કહેવાયું છે : આ લોકમાં જે છે તે સર્વ બે પ્રકારનું છે. તે આ પ્રમાણે : જીવ જ અને અજીવ જ. તથા જે પ્રમાણે જ જિનેશ્વરોની આરાધિત આજ્ઞા મોક્ષફળવાળી છે, ઇત્યાદિ=સ્થાનાંગ આદિના ઉદ્ધરણની જેમ આદિથી ગૃહીત જે અન્ય શાસ્ત્રોનાં ઉદ્ધરણો છે તે સર્વમાં 'એવ'કારનો પ્રયોગ દેખાય છે. તેથી શાસ્ત્રમાં અવધારણવિધિ સંમત છે એમ પૂર્વની સાથે સંબંધ છે. જે વળી

અવધારણીભાષા પ્રવચનમાં નિષેધ કરાઈ છે, તે કોઈક સ્થાનમાં તેવા સ્વરૂપવાળા વસ્તુતત્ત્વના નિર્ણયના અભાવને કારણે નિષેધ કરાય છે, અથવા કોઈક સ્થાનમાં એકાન્ત પ્રતિપાદક=એકાન્તપ્રતિપાદક એવી અવધારણીભાષા, નિષેધ કરાય છે, પરંતુ સમ્યગ્ યથાવસ્થિત વસ્તુતત્ત્વનો નિર્ણય હોતે છતે 'સ્યાત્'પદ પ્રયોગવાળી અવસ્થામાં નહિ='સ્યાત્'પદ-પ્રયોગવાળી અવસ્થામાં અવધારણીભાષાનો નિષેધ કરાતો નથી. 'ઇતિ' શબ્દ કથનની સમાપ્તિમાં છે.

વળી દિગંબરોની પ્રમાણની અને નયની આ પરિભાષા છે - સંપૂર્ણ વસ્તુનું કથન પ્રમાણવાક્ય છે. જે રીતે 'સ્યાત્ જીવ', 'સ્યાત્ ધર્માસ્તિકાય' ઇત્યાદિ વાક્યો. વળી જે એક દેશનું કથન છે તે નયવાદ છે. તેમાં=એક દેશના કથનરૂપ નયવાદમાં, જે નય નયાન્તરસાપેક્ષ છે તે 'નય' એ પ્રમાણે અથવા 'સુનય' એ પ્રમાણે કહેવાય છે. વળી જે નયાન્તરનિરપેક્ષ છે તે 'દુર્નય' અર્થાત્ 'નયાભાસ' એ પ્રમાણે કહેવાય છે; અને તે રીતે=પૂર્વમાં નય અને દુર્નય બતાવ્યો તે રીતે, અકલંકદેવ કહે છે - ભેદાભેદાત્મક જ્ઞેયમાં જે ભેદ-અભેદની અભિસંધિઓ છે તે અપેક્ષા-અનપેક્ષા દ્વારા નય અને દુર્નય જણાય છે. ॥૧॥ આ કારિકાની=અકલંકદેવના ઉદ્ધરણના શ્લોકની, લેશથી વ્યાખ્યા બતાવે છે – ભેદ=વિશેષ, અભેદ=સામાન્ય, તદાત્મક જ્ઞેયમાં=સામાન્યવિશેષાત્મક પ્રમાણ પરિચ્છેદ્ય વસ્તુમાં, ભેદ અને અભેદની અભિસંધિઓ=સામાન્યવિશેષ વિષયવાળા પુરુષના અભિપ્રાયો, અપેક્ષા-અનપેક્ષા દ્વારા તે=પુરુષના અભિપ્રાયો, યથાસંખ્ય=યથાક્રમ, નય-દુર્નય જ્ઞાતવ્ય છે. શું કહેવાયેલું થાય છે ?=કારિકાની વ્યાખ્યાથી શું કહેવાયેલું થાય છે ? તે સ્પષ્ટ કરે છે– વિશેષની આકાંક્ષાવાળો સામાન્યગ્રાહક અભિપ્રાય અથવા વિશેષગ્રાહક સામાન્યની અપેક્ષાવાળો અભિપ્રાય નય કહેવાય છે. વળી ઇતર-ઇતરની આકાંક્ષારહિત=સામાન્યગ્રાહક અભિપ્રાય વિશેષની અપેક્ષારહિત અને વિશેષગ્રાહક અભિપ્રાય સામાન્યની અપેક્ષારહિત, દુર્નય છે; અને નયચિંતામાં પણ=નયની વિચારણામાં પણ, તે દિગંબરો 'સ્યાત્'પદના પ્રયોગને ઇચ્છે છે, અને તે રીતે=નયની વિચારણામાં પણ 'સ્યાત્'પદનો પ્રયોગ કરાય છે તે રીતે, અકલંકદેવ જ કહે છે– નય પણ તે રીતે જ=જે રીતે 'સ્યાત્'પદપ્રયોગવાળું પ્રમાણવાક્ય થાય છે તે રીતે જ, સમ્યગ્ એકાંતવિષયવાળો થાય='સ્યાત્'પદપ્રયોગ કરવામાં આવે તો સમ્યગ્ એકાંતવિષયવાળો થાય. 'ઇતિ' શબ્દ અકલંકના ઉદ્ધરણની સમાપ્તિ માટે છે. અહીં=અકલંકના ઉદ્ધરણમાં, ટીકાકાર વડે વ્યાખ્યા કરાય છે– નય પણ=નયપ્રતિપાદક પણ વાક્ય, કેવલ પ્રમાણવાક્ય નહિ, એ પ્રકારનો 'અપિ' શબ્દનો અર્થ છે=અકલંકના ઉદ્ધરણમાં 'નયોઽપિ' શબ્દમાં રહેલા 'અપિ' શબ્દનો અર્થ છે. અકલંકના ઉદ્ધરણમાં 'તથૈવ' શબ્દનો અર્થ કરે છે – તથા એવ='સ્યાત્'પદપ્રયોગ પ્રકારથી જ, સમ્યગ્ એકાન્તવિષયવાળો થાય=નય પણ સમ્યગ્ એકાન્તવિષયવાળો થાય. તેમાં 'યથા' થી દૃષ્ટાંત આપે છે – 'સ્યાદ્ અસ્તિ એવ જીવ' 'ઇતિ' શબ્દ દૃષ્ટાંતની સમાપ્તિ માટે છે. વળી 'સ્યાત્'પદના પ્રયોગના અભાવમાં મિથ્યા એકાન્તગોચરપણું હોવાથી દુર્નય જ='સ્યાત્'પદના પ્રયોગ વગર 'અસ્તિ એવ જીવ' એ પ્રકારનો પ્રયોગ કરવામાં આવે તો દુર્નય જ, થાય. 'ઇતિ' શબ્દ અકલંકના ઉદ્ધરણની ટીકાની સમાપ્તિ માટે છે. તે આ અયુક્ત છે=દિગંબરની માન્યતાવાળા અકલંક વડે કહેવાયું કે 'સ્યાદ્ અસ્તિ એવ જીવ' એ પ્રકારનું 'સ્યાત્'પદના પ્રયોગવાળું વચન નયવાક્ય છે તે આ અયુક્ત છે; કેમ કે પ્રમાણના અને નયના વિભાગના અભાવની પ્રાપ્તિ છે.

'સ્યાદ્ અસ્તિ એવ જીવ' એ વચનને નયવાક્ય કહેવામાં આવે તો પ્રમાણના અને નયના વિભાગના અભાવની પ્રાપ્તિ થાય. તે 'તથાહિ'થી સ્પષ્ટ કરે છે –

'સ્યાજ્જીવ એવ' એ પ્રમાણે ખરેખર પ્રમાણવાક્ય છે, અને 'સ્યાદસ્ત્યેવ જીવ' એ નયવાક્ય છે. આ બન્ને પણ લઘીયસ્તત્ત્વાલંકારમાં અકલંક વડે સાક્ષાત્ કહેવાય છે, અને અહીં=અકલંકના લઘીયસ્તત્ત્વાલંકારના કથનમાં,

ઉભયત્ર પણ='સ્યાજ્જીવ એવ' એ પ્રકારના પ્રમાણવાક્ય અને 'સ્યાદસ્ત્યેવ જીવ' એ પ્રકારના નયવાક્યરૂપ ઉભયમાં પણ, અવિશેષ છે.

અહીં કહ્યું કે અકલંક નયવાક્યમાં 'સ્યાત્'પદનો પ્રયોગ સ્વીકારે છે, અને તેમ સ્વીકારીએ તો પ્રમાણના અને નયના વિભાગના અભાવની પ્રાપ્તિ થાય. તેમાં યુક્તિ આપી કે પ્રમાણવાક્ય અને નયવાક્ય બન્નેમાં અવિશેષ છે. તેથી હવે અકલંકે બતાવેલા પ્રમાણવાક્ય અને નયવાક્યમાં અવિશેષ કઈ રીતે છે ? તે 'તથાહિ'થી બતાવે છે –

'સ્યાજ્જીવ એવ' એ પ્રકારના પ્રમાણવાક્યમાં જીવશબ્દથી પ્રાણધારણના કારણભૂત જીવશબ્દવાચ્યતા કહેવાય છે. 'એવ'કારના પ્રયોગથી અજીવશબ્દવાચ્યતાનો નિષેધ પ્રાપ્ત થાય છે. 'સ્યાત્' શબ્દના પ્રયોગથી અસાધારણ-સાધારણ ધર્મોનો આક્ષેપ થાય છે=જીવના અસાધારણ ધર્મો અને જીવમાં વર્તતા અન્ય પદાર્થગત સાધારણ ધર્મોનો આક્ષેપ થાય છે. 'સ્યાદસ્ત્યેવ જીવ' એ પ્રકારના નયવાક્યમાં જીવશબ્દથી જીવશબ્દની વાચ્યતાની પ્રતિપત્તિ થાય છે=જીવશબ્દની વાચ્યતાનો બોધ થાય છે. 'અસ્તિ' એ પ્રકારના શબ્દથી ઉદ્‌ભૂત અને વિવક્ષિત એવા અસ્તિત્વનો બોધ થાય છે=જીવપદાર્થ જગતમાં છે કે નહિ એ પ્રકારની આકાંક્ષામાં વિવક્ષિત એવા અસ્તિત્વનો બોધ થાય છે. વળી સકલ પણ જગતમાં જીવના નાસ્તિત્વની જે આશંકા કરાઈ તેનો વ્યવચ્છેદ 'એવ'કારના પ્રયોગથી થાય છે. 'સ્યાત્'પદના પ્રયોગથી સાધારણ-અસાધારણ ધર્મોની પ્રતિપત્તિ થાય છે=અન્યપદાર્થસાધારણ એવા જીવધર્મોનો અને અસાધારણ એવા જીવના ધર્મોનો બોધ થાય છે. એથી ઉભયત્ર પણ='સ્યાજ્જીવ એવ' એ પ્રકારના પ્રમાણવાક્ય અને 'સ્યાદસ્ત્યેવ જીવ' એ પ્રકારના નયવાક્યરૂપ ઉભયત્ર પણ, અવિશેષ જ છે. તેથી 'સ્યાદસ્ત્યેવ જીવ' એને નયવાક્ય સ્વીકારી શકાય નહિ, એ પ્રકારનો પૂર્વ સાથે સંબંધ છે; અને તે રીતે='સ્યાદસ્ત્યેવ જીવ' એ નયવાક્ય નથી, પરંતુ પ્રમાણવાક્ય છે તે રીતે, 'સ્યાદ્ અસ્તિ એવ જીવ' એ પ્રકારના પ્રમાણવાક્યને ન્યાયાવતારવૃત્તિમાં સિદ્ધ વ્યાખ્યાતાએ ઉપન્યાસ કર્યો છે; અને તે રીતે='સ્યાદસ્ત્યેવ જીવ' એ પ્રમાણવાક્ય છે તે રીતે, તદ્‌ગત=ન્યાયાવતારવૃત્તિગત, ગ્રંથ=વચન, છે.

"જ્યારે વળી અવિકલ પ્રમાણવ્યાપારને પરામર્શ કરીને વક્તા પ્રતિપાદન કરવાને માટે અભિપ્રાય કરે છે ત્યારે, 'સ્યાદસ્ત્યેવ જીવ' ઇત્યાદિક એવી અંગીકાર કરાયેલા ગુણ-પ્રધાનભાવવાળા અશેષ ધર્મસૂચક કથંચિત્‌ના પર્યાય એવા સ્યાત્‌શબ્દથી વિભૂષિત અને સાવધારણ એવી વાણી વડે બતાવે છે. આથી આ='સ્યાદસ્ત્યેવ જીવ' એવા પ્રકારનો વાક્યપ્રયોગ 'સકલાદેશ' એ પ્રમાણે કહેવાય છે. કેમ સકલાદેશ કહેવાય છે ? તેમાં યુક્તિ બતાવે છે - 'સ્યાત્' શબ્દથી સંસૂચિત અભ્યંતરીભૂત અનંતધર્મવાળી, સાક્ષાત્ ઉપન્યાસ કરાયેલા જીવશબ્દ અને ક્રિયા દ્વારા=અસ્તિ ક્રિયા દ્વારા, પ્રધાનીકૃત આત્મભાવવાળી એવી, અવધારણથી વ્યવચ્છેદ કરાયેલા તેના અસંભવવાળી='એવ'કારના પ્રયોગથી વ્યવચ્છેદ કરાયેલા જીવના અસ્તિત્વના અસંભવવાળી, વસ્તુનો સંદર્શક છે. આનાથી શું ફલિત થયું તે સ્પષ્ટ કરે છે – પ્રમાણપ્રતિપન્ન સંપૂર્ણ અર્થનું કથન છે, એ પ્રકારનું તાત્પર્ય છે. ઇત્યાદિથી ન્યાયાવતારવૃત્તિના અન્ય અંશનો સંગ્રહ કરવો".

તે કારણથી=પૂર્વમાં મલયગિરિ મહારાજે દિગંબરની પ્રક્રિયા બતાવી અને બતાવ્યું કે દિગંબર પ્રમાણ, નય અને દુર્નય એમ ત્રણ વિભાગ પાડે છે, અને 'સ્યાજ્જીવ એવ' એ કથનને પ્રમાણવાક્ય કહે છે, અને 'સ્યાદસ્ત્યેવ જીવ' એ કથનને નયવાક્ય કહે છે, અને તેમ સ્વીકારવાથી પ્રમાણ અને નયમાં કોઈ ભેદ પ્રાપ્ત થતો નથી, તે યુક્તિથી અને સિદ્ધ વ્યાખ્યાતાના વચનથી બતાવ્યું તે કારણથી, અમારા વડે કહેવાયેલી જ=મલયગિરિ મહારાજ વડે કહેવાયેલી જ, પ્રમાણ અને નયની વ્યવસ્થા સમીચીન છે. અને તે પ્રમાણ અને નયની વ્યવસ્થા 'યથા'થી સ્પષ્ટ કરે છે.

જે નય નયાન્તરસાપેક્ષ છે તે પરમાર્થથી 'સ્યાત્'પદના પ્રયોગને ઇચ્છતો સંપૂર્ણ વસ્તુને ગ્રહણ કરે છે, એથી પ્રમાણમાં અંતર્ભાવ કરવો. વળી જે નય નયાન્તરનિરપેક્ષ છે તે દુર્નય છે, અને તે નિયમથી મિથ્યાદૃષ્ટિ જ છે; કેમ કે સંપૂર્ણ વસ્તુના ગ્રાહકત્વનો અભાવ છે.

'इति' શબ્દ મલયગિરિ મહારાજના આવશ્યકવૃત્તિના કથનની સમાપ્તિ માટે છે.

❖ 'सर्वमपि'માં 'अपि'થી એ કહેવું છે કે કોઈક વાક્ય તો 'સ્યાત્'કારપૂર્વક બોલે છે, પરંતુ સર્વ પણ વાક્ય 'સ્યાત્'કાર પૂર્વક બોલે છે.

❖ 'जातुचिदपि'માં 'अपि'થી એ કહેવું છે કે કોઈક વખતે તો 'સ્યાત્'કાર રહિત ન બોલે, પરંતુ ક્યારેય 'સ્યાત્'કાર રહિત ન બોલે.

❖ 'तत्राप्रयुक्तोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે વચનમાં પ્રયુક્ત તો 'स्यात्' શબ્દ હોય છે, પરંતુ વચનમાં અપ્રયુક્ત પણ 'स्यात्' શબ્દ સામર્થ્યથી જણાય છે.

❖ 'अन्ययोगादिव्यवच्छेदादिफलः'ના સ્થાને આવશ્યકવૃત્તિમાં 'अन्ययोगव्यवच्छेदादिफलः' પાઠ છે, તે સાચો ભાસે છે.

❖ 'अन्ययोगव्यवच्छेदादिफलः'માં 'आदि'પદથી અયોગવ્યવચ્છેદ અને અત્યંત અયોગવ્યવચ્છેદનું ગ્રહણ કરવું.

❖ 'ज्ञानदर्शनसुखादिरुपाः'માં 'आदि'પદથી વીર્યાદિનું ગ્રહણ કરવું.

❖ त्वमूर्तत्त्वासङ्ख्यातप्रदेशत्वादिलक्षणाःમાં 'आदि'પદથી લોકવ્યાપિત્વ આદિનું ગ્રહણ કરવું.

❖ 'धर्मास्तिकायादिसाधारणाः'માં 'आदि'પદથી અધર્માસ્તિકાયાદિનું ગ્રહણ કરવું.

❖ 'सत्त्वप्रमेयत्वधर्मित्वगुणित्वादयः'માં 'आदि'પદથી દ્રવ્યત્વાદિનું ગ્રહણ કરવું.

❖ 'ज्ञानदर्शनादिलक्षणः'માં 'आदि'પદથી વીર્યાદિનું ગ્રહણ કરવું.

❖ 'ज्ञानादिलक्षणः'માં 'आदि'પદથી દર્શન આદિનું ગ્રહણ કરવું.

❖ 'अत्रापि'માં 'अपि'થી એ કહેવું છે કે બીજા પ્રયોગમાં તો જીવશબ્દથી જીવશબ્દવાચ્યત્વ ગ્રહણ થાય છે, પરંતુ અહીં પણ=ત્રીજા પ્રયોગમાં પણ, જીવશબ્દના પ્રયોગથી જીવશબ્દની વાચ્યતાનો બોધ થાય છે.

❖ 'एवमन्यत्रापि'માં 'अपि'થી એ કહેવું છે કે ઉપરના ત્રણ પ્રયોગમાં તો 'स्यात्' શબ્દનો પ્રયોગ અને 'एव'કારનો પ્રયોગ થાય છે, પરંતુ તેના જેવા અન્ય પ્રયોગોમાં પણ 'स्यात्'પદનો પ્રયોગ અને 'एव'કારનો પ્રયોગ પ્રવચનના જાણનારાઓએ કરવો જોઈએ.

❖ 'जीवाजीवादिवस्तुतत्त्वव्यवस्थाविलोपप्रसङ्गः'માં 'आदि'પદથી આશ્રવાદિ તત્ત્વોનું ગ્રહણ કરવું.

❖ 'अजीवोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે 'एव'કારનો પ્રયોગ ન કરવામાં આવે તો, જીવ તો જ્ઞાન-દર્શન ઉપયોગ લક્ષણવાળો પ્રાપ્ત થાય, પરંતુ અજીવ પણ જ્ઞાન-દર્શન ઉપયોગ લક્ષણવાળો પ્રાપ્ત થાય.

❖ 'यथायोगमवधारणविधिरपि'માં 'अपि'થી એ કહેવું છે કે સમ્યગ્ વાદીપણાને ઇચ્છતા પુરુષ વડે સર્વત્ર 'स्यात्' પદનો પ્રયોગ તો કરાય છે, પરંતુ યથાસંભવ અવધારણવિધિ પણ કરાય છે.

❖ 'नयचिन्तायामपि'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રમાણચિંતામાં તો દિગંબરો 'स्यात्'પદના પ્રયોગને ઇચ્છે છે, પરંતુ નયચિંતામાં પણ દિગંબરો 'स्यात्'પદના પ્રયોગને ઇચ્છે છે.

❖ 'द्वयमपि'માં 'अपि'થી એ કહેવું છે કે લાઘીયસ્તત્ત્વાલંકારમાં અકલંક વડે સાક્ષાત્ પ્રમાણવાક્યનો પ્રયોગ તો કહેવાયો છે, પરંતુ પ્રમાણવાક્ય અને નયવાક્ય બન્નેનો પણ પ્રયોગ કહેવાયો છે.

❖ 'सकलेऽपि जगति'માં 'अपि'થી એ કહેવું છે કે જગતના કોઈ એક દેશમાં તો જીવશબ્દના નાસ્તિત્વની આશંકા છે, પરંતુ સકલ પણ જગતમાં જીવશબ્દના નાસ્તિત્વની આશંકા છે, તેનો વ્યવચ્છેદ 'एव'કારના પ્રયોગથી છે.

ભાવાર્થ :-

मलयगिरिपादाः ..... अनुवादातिदेशादिवाक्येषु । પૂર્વમાં ગ્રંથકારશ્રીએ અન્યોન્ય મિલિત એવા નયોને પ્રમાણસંજ્ઞા છે, ઇતરના અવિરાધનથી નયોને નયસંજ્ઞા છે, અને ઇતરના વિરાધનથી નયોને દુર્નયસંજ્ઞા છે એમ પ્રમાણ, નય અને દુર્નય એ પ્રકારના ત્રણ વિભાગો બતાવ્યા. એ વિષયમાં મલયગિરિ મહારાજ બે વિભાગો કરે છે, અને કહે છે કે જે નય નયાન્તરસાપેક્ષ છે તે નય 'स्यात्'પદથી લાંછિત વસ્તુને પ્રતિપાદન કરે છે, તેથી પરમાર્થથી તે નય પરિપૂર્ણ વસ્તુને ગ્રહણ કરે છે. માટે તે નયનો પ્રમાણમાં જ અંતર્ભાવ થાય છે; અને જે નય નયાન્તરવાદના નિરપેક્ષપણાથી પોતાને અભિપ્રેત જ ધર્મથી અવધારણપૂર્વક વસ્તુને કહે છે, તે નય વસ્તુના એક દેશનો ગ્રાહક હોવાથી નય કહેવાય છે, અને નય નિયમથી મિથ્યાદૃષ્ટિ જ છે.

તેથી એ ફલિત થાય કે મલયગિરિ મહારાજના મત પ્રમાણે પ્રમાણ અને નય એ બે પ્રકારના વિભાગો છે, અને નય હંમેશાં મિથ્યાદૃષ્ટિ જ છે. તેથી મિથ્યાવાદિત્વનો પરિહાર કરવાની ઇચ્છાવાળા પુરુષે સર્વ વચનપ્રયોગો 'स्यात्'કારપૂર્વક બોલવા જોઈએ, અને તે વચન પ્રમાણવાક્ય છે; અને જે વચનો 'स्यात्'કારપૂર્વક બોલાતાં નથી, અથવા અર્થથી પણ જે વચનપ્રયોગમાં 'स्यात्'પદ અભિપ્રેત નથી, તે વચનપ્રયોગ નયવાક્ય છે અને તે મિથ્યાવાદ છે.

અહીં વિશેષ એ છે કે વચનપ્રયોગમાં 'स्यात्'પદનો પ્રયોગ કરવા માત્રથી પ્રમાણવાક્ય બનતું નથી, પરંતુ પદાર્થનો બોધ કરાવવા અર્થે વક્તા વચનપ્રયોગ કરે ત્યારે, તે પદાર્થમાં રહેલા અનંત ધર્મો જે રીતે સર્વજ્ઞએ કહ્યા છે તે રીતે 'स्यात्' શબ્દથી સંગ્રહરૂપે પોતાની બુદ્ધિમાં ઉપસ્થિત કરીને શ્રોતાને તે રીતે બોધ કરાવવા અર્થે 'स्यात्'પદનો પ્રયોગ કરે, તો તે વચનપ્રયોગ પ્રમાણવાક્ય બને.

જેમ

પુરોવર્તી ઘડાને ઉદ્દેશીને બોધ કરાવવા અર્થે કોઈ કહે કે 'स्याद् घट एव', ત્યારે તે વક્તાનો અભિપ્રાય છે કે પુરોવર્તી વસ્તુ માત્ર ઘટત્વધર્મવાળી નથી, પરંતુ સર્વજ્ઞએ ઘટનિષ્ઠ જે અનંતધર્મો કહ્યા છે તે સર્વ ધર્મોથી યુક્ત પુરોવર્તી ઘટ નામનો પદાર્થ છે; અને શ્રોતાને પણ તે વચનપ્રયોગથી સર્વજ્ઞએ બતાવેલા અનંતધર્મોથી યુક્ત ઘટત્વરૂપે ઉલ્લેખનીય એવા ઘટપદાર્થનો બોધ થાય છે, જે બોધ કરાવવા માટે ઉચ્ચારાયેલું વચન પ્રમાણવાક્ય છે, અને તે વચનથી થયેલો શ્રોતાનો બોધ પ્રમાણજ્ઞાન સ્વરૂપ છે. અને કોઈ વક્તા વચનપ્રયોગ વખતે અનંતધર્મોને બતાવવા અર્થે 'स्यात्'પદનો પ્રયોગ ન કરે કે અર્થથી પણ તેના વચનપ્રયોગમાં 'स्यात्'પદ અભિપ્રેત ન હોય, પરંતુ પુરોવર્તી વસ્તુ ઘટ છે તેમ ઉલ્લેખ કરે, અને શ્રોતાને પણ તે વચનથી આ ઘટ છે તેવો બોધ થાય, તે સ્થાનમાં વક્તાનો વચનપ્રયોગ નયવાક્યરૂપ છે, અને તે મિથ્યાવચન છે; અને તે વચનપ્રયોગથી શ્રોતાને નયનું જ્ઞાન થાય છે, અને તે મિથ્યાજ્ઞાન છે.

ननु यदि सर्वत्र ..... स्यात्पदप्रयोगावस्थायामिति । અહીં કોઈ શંકા કરે કે સર્વ વચનપ્રયોગોમાં મિથ્યાવાદનો પરિહાર કરવા અર્થે 'स्यात्'પદનો પ્રયોગ કરાય તો સ્યાદ્વાદી કોઈ સ્થાનમાં 'एव'કારનો પ્રયોગ કરી શકે નહિ; કેમ કે 'स्यात्'પદના પ્રયોગથી અન્યનો સંગ્રહ થાય છે અને 'एव'કારના પ્રયોગથી અન્યનો નિષેધ થાય છે. તેથી 'स्यात्' પદના પ્રયોગનો અને 'एव'કારના પ્રયોગનો પરસ્પર વિરોધ છે. માટે કોઈ વચનપ્રયોગમાં 'स्यात्'કાર અને 'एव'કાર બન્નેનો પ્રયોગ કરવામાં આવે તો 'स्यात्' અને 'एव' બન્ને વચનો પરસ્પર વિરોધી બને. આ પ્રકારની શંકાનું નિવારણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

સ્યાદ્વાદી વાક્યપ્રયોગમાં જેમ 'स्यात्'પદનો પ્રયોગ કરે છે તેમ 'एव'કારનો પણ પ્રયોગ અવશ્ય કરે છે. ત્યાં 'एव'કારથી જે ધર્મોનો વ્યવચ્છેદ થાય છે તેના કરતાં અન્ય ધર્મોનો 'स्यात्' શબ્દથી સંગ્રહ થાય છે, અને 'स्यात्' શબ્દથી જે ધર્મોનો સંગ્રહ થયો, તેનાથી અન્ય ધર્મોનો 'एव'કારથી વ્યવચ્છેદ થાય છે. માટે પરસ્પર વિરોધ નથી.

વળી સ્યાદ્વાદી સર્વ પ્રયોગોમાં 'स्यात्'પદનો પ્રયોગ કરે છે અને 'एव'કારનો પ્રયોગ કરે છે, ત્યાં 'स्यात्' શબ્દનો અને 'एव' શબ્દનો પરસ્પર વિરોધ નથી, તે સ્પષ્ટ કરવા માટે અને 'एव'કારના પ્રયોગથી જુદાં જુદાં સ્થાનોમાં ત્રણ રીતે અન્ય ધર્મોનો વ્યવચ્છેદ થાય છે, તે સ્ફટ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

જેમ

'एव'કારના પ્રયોગથી અયોગની આશંકાનો વ્યવચ્છેદ : –

જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખથી યુક્ત જીવ છે કે નહિ ? આ પ્રકારની શંકાના વ્યવચ્છેદ માટે વક્તા જવાબ આપે છે કે 'स्याज्जीव एव'. આ જવાબથી 'एव'કાર દ્વારા અયોગનો વ્યવચ્છેદ થાય છે. તે આ રીતે- જીવશબ્દથી એ પ્રતીત થાય છે કે જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખથી યુક્ત પ્રાણધારણનિબંધન એવો જીવ છે, પરંતુ અજીવ નથી. તેથી શંકામાં જ્ઞાન, દર્શન, વીર્ય, સુખથી યુક્ત વસ્તુમાં પ્રાણધારણનિબંધનના અયોગની શંકા હતી તેનો 'एव'કારથી વ્યવચ્છેદ થાય છે, અને 'स्यात्'પદના પ્રયોગથી જીવમાં રહેલા જીવત્વ સિવાયના અન્ય સર્વ ધર્મોનો સંગ્રહ થાય છે. તેથી 'स्यात्' શબ્દથી જેનો સંગ્રહ થયો તેનો જ 'एव'કારથી વ્યવચ્છેદ થયો નથી, પરંતુ જ્ઞાન, દર્શન, વીર્ય અને સુખથી યુક્ત વસ્તુમાં પ્રાણધારણનિબંધન વસ્તુના અયોગની શંકા હતી તેનો વ્યવચ્છેદ થાય છે. માટે સ્યાદ્વાદીના મતમાં 'स्यात्'પદનો પ્રયોગ અને 'एव'કારનો પ્રયોગ પરસ્પર વિરોધી નથી.

'एव'કારના પ્રયોગથી અન્યયોગની આશંકાનો વ્યવચ્છેદ :–

જ્ઞાન, દર્શન આદિ લક્ષણવાળો જીવ છે કે અન્યલક્ષણવાળો જીવ છે ? આ પ્રકારની શંકાના વ્યવચ્છેદ માટે વક્તા જવાબ આપે છે કે स्याद् ज्ञानादिलक्षण एव जीवः આ જવાબથી 'एव'કાર દ્વારા અન્યયોગનો વ્યવચ્છેદ થાય છે. તે આ રીતે - જીવશબ્દથી જીવશબ્દવાચ્યતા માત્ર પ્રતીત થાય છે અને ज्ञानादिलक्षण एव એ પ્રકારના પ્રયોગમાં રહેલા 'एव'કારથી જીવમાં અન્ય લક્ષણના યોગનો વ્યવચ્છેદ થાય છે, અને 'स्यात्' શબ્દના પ્રયોગથી જીવમાં રહેલા જીવત્વ સિવાયના અન્ય સર્વ ધર્મોનો સંગ્રહ થાય છે. તેથી 'स्यात्' શબ્દથી

જેનો સંગ્રહ થયો તેનો જ 'એવ'કારથી વ્યવચ્છેદ થયો નથી, પરંતુ જીવમાં જ્ઞાનાદિ લક્ષણથી અન્ય લક્ષણના યોગની આશંકા હતી તેનો વ્યવચ્છેદ થયો. માટે સ્યાદ્વાદીના મતમાં 'સ્યાત્'પદનો પ્રયોગ અને 'એવ' કારનો પ્રયોગ પરસ્પર વિરોધી નથી.

'એવ'કારના પ્રયોગથી અત્યંત અયોગની આશંકાનો વ્યવચ્છેદ :-

વળી કોઈને શંકા થાય કે જગતમાં જીવ છે કે નહિ ? આ શંકાના વ્યવચ્છેદ માટે વક્તા જવાબ આપે છે કે 'સ્યાદસ્તિ એવ જીવ' આ જવાબથી 'એવ'કાર દ્વારા જગતમાં જીવના અત્યંત અયોગનો વ્યવચ્છેદ થાય છે. તે આ રીતે - જીવશબ્દથી જીવશબ્દની વાચ્યતામાત્ર પ્રતીત થાય છે, અને જગતમાં જીવના અસંભવની આશંકા હતી તેનો વ્યવચ્છેદ 'એવ'કારથી થાય છે, અને 'સ્યાત્'પદના પ્રયોગથી જીવમાં રહેલા અન્ય સર્વ ધર્મોનો સંગ્રહ થાય છે. તેથી 'સ્યાત્' શબ્દથી જેનો સંગ્રહ થયો તેનો જ 'એવ'કારથી વ્યવચ્છેદ થયો નથી. માટે સ્યાદ્વાદીના મતમાં 'સ્યાત્'પદનો પ્રયોગ અને 'એવ'કારનો પ્રયોગ પરસ્પર વિરોધી નથી.

આ રીતે જીવને આશ્રયીને ત્રણ સ્થાનમાં જુદી જુદી રીતે 'એવ'કારનો પ્રયોગ અને 'સ્યાત્'પદનો પ્રયોગ કરવાથી શ્રોતાને પ્રમાણનો બોધ થાય છે, તેમ ઘટપટાદિ અન્ય પદાર્થોને લઈને કે અજીવ, આશ્રવાદિ તત્ત્વોને લઈને પ્રયોગ કરવામાં આવે, અને વક્તાના અભિપ્રાય અનુસાર શ્રોતાને યથાર્થ બોધ થાય તો તે વક્તાનું વચન પ્રમાણવાક્ય છે, અને શ્રોતાનો બોધ પ્રમાણજ્ઞાન છે.

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે સ્યાદ્વાદી 'સ્યાત્'પદનો પ્રયોગ કરે અને યથાયોગ્ય 'એવ'કારનો પ્રયોગ કરે તો જ સમ્યગ્બોધ થાય છે. હવે તેને જ દૃઢ કરવા માટે કહે છે કે જો સ્યાદ્વાદી 'સ્યાત્'પદનો પ્રયોગ કર્યા પછી 'એવ'કારનો પ્રયોગ ન કરે તો જીવ, અજીવ આદિ નવ તત્ત્વો છે એ પ્રકારની શાસ્ત્રવ્યવસ્થાનો વિલોપ થાય; કેમ કે જ્ઞાન, દર્શન, ઉપયોગ લક્ષણવાળો જીવ જ છે, એમ 'એવ'કાર દ્વારા ન કહેવામાં આવે તો એ અર્થ પ્રાપ્ત થાય કે જ્ઞાન-દર્શનઉપયોગલક્ષણવાળો જીવ છે અને અજીવ પણ છે. તેથી જીવ અને અજીવ બન્નેનું એક લક્ષણ પ્રાપ્ત થવાથી 'આ જીવ છે અને આ અજીવ છે,' તેવી વ્યવસ્થા પ્રાપ્ત થાય નહિ. તે રીતે પુણ્ય, પાપ આદિના લક્ષણમાં પણ 'એવ'કારનો પ્રયોગ આવશ્યક છે. જો 'એવ'કારનો પ્રયોગ ન કરવામાં આવે તો પુણ્યનું લક્ષણ જેમ પુણ્યતત્ત્વમાં છે, તેમ પાપતત્ત્વ આદિમાં પણ છે તેવો બોધ થાય. તેથી પુણ્ય, પાપ આદિના વિભાગના વિલોપનો પ્રસંગ પ્રાપ્ત થાય.

વળી સ્યાદ્વાદને માનનાર જૈનશાસનના શાસ્ત્રોમાં અવધારણવિધિ અનુમત છે. તેમાં સાક્ષીરૂપે કહ્યું કે : 'હે ભગવંત ! કાળ શું છે ? તેનો જવાબ જીવ જ છે અને અજીવ જ છે એમ આપ્યો, અને 'સ્થાનાંગસૂત્ર'ની પણ સાક્ષી આપી. તે સર્વ સ્થાનોનાં કથનો સાથે પ્રસ્તુતમાં કંઈ સંબંધ નથી, પરંતુ શાસ્ત્રના તે તે સ્થાનમાં 'એવ'કારનો પ્રયોગ છે તે બતાવવા માટે આ ઉદ્ધરણો છે. કાળને જીવ-અજીવરૂપે કેમ કહ્યો ? અથવા લોકમાં જે વસ્તુ છે તે બે પ્રકારની છે, જીવ અને અજીવ, એમ 'સ્થાનાંગસૂત્ર'માં કહ્યું તેનું તાત્પર્ય શું છે ? તેને અહીં સ્પષ્ટ કરવાની આવશ્યકતા નથી, ફક્ત શાસ્ત્રમાં 'એવ'કારનો પ્રયોગ થાય છે તે બતાવવા માટે પ્રસ્તુતમાં આગમોના વચનની સાક્ષી આપેલ છે.

વળી શાસ્ત્રમાં 'એવ'કારવાળી ભાષા બોલવાનો નિષેધ કર્યો છે, તે બે સ્થાનને આશ્રયીને છે :

જે સ્થાનમાં તેવા પ્રકારનો વસ્તુતત્ત્વનો નિર્ણય ન હોય ત્યારે 'એવ'કારનો પ્રયોગ થાય નહિ. જેમ સાધુને કોઈ ગોચરી માટે વિનંતી કરે તો કહે નહિ કે ગોચરીવેળાએ હું આવીશ, પરંતુ 'તે વખતનો જેવો વર્તમાનનો યોગ હશે તે પ્રમાણે હું કરીશ' તેમ કહે; કેમ કે તે વખતે પોતે જઈ શકે તેવા સંયોગ હશે કે નહિ તેવો નિર્ણય સાધુને નથી. તેથી 'તે વખતે હું આવીશ', એ પ્રકારનો પ્રયોગ કરે તો 'સર્વ વાક્ય સાવધારણ છે' એ નિયમ પ્રમાણે ત્યાં 'એવ'કારની પ્રાપ્તિ થાય, અને પોતે જઈ શકશે જ તેવો નિર્ણય નહિ હોવા છતાં તે પ્રકારનો પ્રયોગ કરવામાં આવે તો મૃષાવાદની પ્રાપ્તિ થાય. તેથી તેવા સ્થાનમાં સાવધારણીભાષાનો નિષેધ છે.

વળી એકાન્તની પ્રતિપાદક એવી સાવધારણીભાષાનો પણ નિષેધ છે. જેમ 'સ્યાત્'પદના પ્રયોગ વગર 'ઘટ જ છે' એ પ્રકારના પ્રયોગનો નિષેધ છે.

દૈગમ્બરી ..... सम्पूर्णवस्तुग्राहकत्वाभावादिति । દિગંબરની પ્રક્રિયા પ્રમાણે પ્રમાણ, નય અને દુર્નય એમ ત્રણ વિભાગ છે, એ પ્રમાણે મલયગિરિ મહારાજ ઉલ્લેખ કરે છે; અને દિગંબરની પ્રક્રિયા પ્રમાણે નયની વિચારણામાં પણ 'સ્યાત્'પદનો પ્રયોગ થાય છે, અને તેમાં અકલંકના વચનની સાક્ષી આપે છે - અકલંકે લઘીયસ્તત્ત્વાલંકારમાં કહેલ છે કે 'સ્યાજ્જીવ એવ' એ પ્રમાણવાક્ય છે, અને 'સ્યાદસ્તિ એવ જીવ' એ નયવાક્ય છે. આ સ્થાનમાં દિગંબરોનો અભિપ્રાય એ છે કે 'સ્યાજ્જીવ એવ' એમ કહીએ ત્યારે 'સ્યાત્' શબ્દથી જીવનિષ્ઠ સર્વ ધર્મોનો સંગ્રહ થાય છે, માટે તે પ્રમાણવાક્ય છે; અને 'સ્યાદસ્તિ એવ જીવ' એમ કહીએ ત્યારે 'સ્યાત્' શબ્દનું યોજન અસ્તિત્વધર્મ સાથે છે, જીવ સાથે નથી, તેથી જીવમાં રહેલો કથંચિત્ અસ્તિત્વધર્મ છે એ પ્રકારનો બોધ થાય છે, તેથી જીવનિષ્ઠ અન્યધર્મોમાંથી માત્ર અસ્તિત્વધર્મનો બોધ થાય છે; અને 'સ્યાત્' શબ્દથી જીવમાં રહેલા અન્યધર્મો સાપેક્ષ અસ્તિત્વધર્મની ઉપસ્થિતિ થાય છે, માટે તે નયવાક્ય છે; કેમ કે પરિપૂર્ણ જીવવસ્તુનો બોધ થતો નથી, પણ જીવમાં રહેલા અન્યધર્મો સાપેક્ષ એવા અસ્તિત્વધર્મનો બોધ થાય છે.'

આ પ્રકારનો દિગંબરનો અભિપ્રાય ઉચિત નથી, તે બતાવવા માટે પૂજ્ય મલયગિરિ મહારાજ સાહેબે કહ્યું કે અકલંકનું આ કથન અયુક્ત છે; કેમ કે પ્રમાણ અને નયવિભાગના અભાવની પ્રાપ્તિ થશે; અને તેની સ્પષ્ટતા કરતાં બતાવ્યું કે 'સ્યાજ્જીવ એવ' એ પ્રયોગમાં જેમ 'સ્યાત્' શબ્દ જીવનિષ્ઠ સાધારણ-અસાધારણ ધર્મોનો પરામર્શક છે, તેમ'સ્યાદસ્તિ એવ જીવ' એ પ્રયોગમાં પણ 'સ્યાત્' શબ્દનો પ્રયોગ જીવનિષ્ઠ સાધારણ-અસાધારણધર્મોનો પરામર્શક છે. તેથી જેમ 'સ્યાજ્જીવ એવ' એ વચનપ્રયોગથી અનંતધર્માત્મક જીવશબ્દનો બોધ થાય છે, તેમ 'સ્યાદસ્તિ એવ જીવ' એ પ્રયોગથી પણ અનંતધર્માત્મક જીવશબ્દનો બોધ થાય છે. ફક્ત 'સ્યાદસ્તિ એવ જીવ' એ પ્રકારના પ્રયોગને કારણે જીવના અસંભવની આશંકાનો નિરાસ થાય છે, અને 'સ્યાજ્જીવ એવ' એ પ્રકારના પ્રયોગથી જ્ઞાન, દર્શન, વીર્ય, સુખથી યુક્ત વસ્તુ જીવ જ છે અન્ય નથી, તે પ્રકારનો બોધ થાય છે, પરંતુ 'સ્યાદસ્તિ એવ જીવ' અને 'સ્યાજ્જીવ એવ' બન્ને વાક્યો પ્રમાણવાક્ય જ છે, અને મલયગિરિ મહારાજે પોતાના વચનની પુષ્ટિ કરવા માટે ન્યાયાવતાર વૃત્તિની સાક્ષી આપી, જેથી એ સ્થિર

થાય કે પોતે જે યુક્તિથી બતાવ્યું છે તે ન્યાયાવતારવૃત્તિકારને પણ સંમત છે.

આ રીતે દિગંબરની પ્રક્રિયાનું નિરાકરણ કરીને અત્યાર સુધી પોતાના કથનથી શું ફલિત થાય, તે સ્પષ્ટ કરતાં મલયગિરિ મહારાજ કહે છે –

અમારા વડે કહેવાયેલી પ્રમાણ અને નયની વ્યવસ્થા જ સમીચીન છે અર્થાત્ પ્રમાણ, નય અને દુર્નય એ ત્રણ વિભાગ દિગંબર માને છે તે સમીચીન નથી; પરંતુ જે સુનય છે એ પ્રમાણમાં જ અંતર્ભાવ પામે છે, માટે પ્રમાણ અને નય એમ બે પ્રકારનો વિભાગ ઉચિત છે.

टीका :-

अत्रेदमवधेयम् – यो नाम नयो नयान्तरापेक्षस्तस्य प्रमाणान्तर्भावे व्यवहारनयः प्रमाणं स्यात्, तस्य तपःसंयमप्रवचनग्राहकत्वेन संयमग्राहिनिश्चयविषयविषयकत्वेन तत्सापेक्षत्वात्, अर्थनयानां च निक्षेपचतुष्टयाभ्युपगन्तॄणां भावाभ्युपगन्तृशब्दनयविषयविषयकत्वेन तत्सापेक्षत्वात्प्रमाणत्वापत्तिः, नयान्तरवाक्यसंयोगेन सापेक्षत्वे च ग्राह्ये स्यात्पदप्रयोगेण सप्रतिपक्षनयद्वयविषयावच्छेदकस्यैव लाभात्, तेनानन्तधर्मकत्वापरामर्शः, न चेदेवं तदाऽनेकान्ते सम्यगेकान्तप्रवेशानुपपत्तिरवच्छेदकभेदं विना सप्रतिपक्षविषयसमावेशस्य दुर्वचत्वात्, इष्यते चायम्, यदाह महामतिः –

"भयणा वि हु भइयव्वा, जह भयणा भयइ सव्वदव्वाइं ।
एवं भयणानियमो, वि होइ समयाविराहणया ।।१।।" इति ।

समन्तभद्रोऽप्याह –

"अनेकान्तोऽप्यनेकान्तः, प्रमाणनयसाधनः ।
अनेकान्तः प्रमाणात्ते, तदेकान्तोऽर्पितान्नयात् ।।१।।" इति ।

पारमर्षेऽपि – "इमा णं भंते ! रयणप्पभापुढवी किं सासया असासया? गोयमा ! सिय सासया सिअ असासया । से केणट्ठेणं भंते! एवं वुच्चई ? गोयमा! दव्वट्ठयाए सासया पज्जवट्ठयाए असासया ।" **इति प्रदेशे स्यात्पदमवच्छेदकभेदप्रदर्शकतयैव विवृतम्, अत एव स्यादित्यव्ययमनेकान्तद्योतकमेव तान्त्रिकैरुच्यते, सम्यगेकान्तसाधकस्यानेकान्ताक्षेपकत्वात्, न त्वनन्तधर्मपरामर्शकम्, अतो न स्यात्पदप्रयोगमात्राधीनमादेशसाकल्यं येन प्रमाणनयवाक्ययोर्भेदो न स्यात्, किन्तु स्वार्थोपस्थित्यनन्तरमशेषधर्माभेदोपस्थापकविधेयपदवृत्त्यधीनं, सा च विवक्षाधीनेत्यादेशसाकल्यमपि तथेति नयप्रमाणवाक्ययोरित्थं भेद एव । मलयगिरिपादवचनं त्वप्रतिपक्षधर्माभिधानस्थलेऽवच्छेदकभेदाभिधानानुपयुक्तेन स्यात्पदेन साक्षादनन्तधर्मात्मकत्वाभिधानात्तत्र प्रमाणनयाभेदानभ्युपगन्तृदुर्विदग्धदिगम्बरनिराकरणाभिप्रायेण योजनीयम्, अधिकं तु बहुश्रुता विदन्ति ।।५२।।**

ટીકાર્થ :-

અત્રેદમવધેયમ્ ..... વિદન્તિ ।।=મલયગિરિ મહારાજના ઉપરોક્ત વક્તવ્યમાં, આ=આગળ ગ્રંથકારશ્રી કહે છે એ, જાણવું – જે નય નયાન્તરસાપેક્ષ છે તેને પ્રમાણમાં અંતર્ભાવ કરવામાં આવે તો વ્યવહારનય પ્રમાણ થાય; કેમ કે તેનું=વ્યવહારનયનું, તપ-સંયમ-પ્રવચનગ્રાહકપણું હોવાને કારણે સંયમગ્રાહી એવા નિશ્ચયનયના વિષયનું વિષયકપણું હોવાથી તત્ સાપેક્ષપણું છે=નિશ્ચયનય-સાપેક્ષપણું છે.

મલયગિરિ મહારાજના વક્તવ્ય પ્રમાણે નયાન્તરસાપેક્ષ એવા નયને પ્રમાણ સ્વીકારવામાં આવે તો નયાન્તરસાપેક્ષ એવા વ્યવહારનયને પ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવે, તેમ ગ્રંથકારશ્રીએ પૂર્વમાં બતાવ્યું. હવે બીજી પણ આપત્તિ આપે છે –

અને નિક્ષેપચતુષ્ટય સ્વીકારનાર એવા અર્થનયોનું ભાવનિક્ષેપાને સ્વીકારનાર એવા શબ્દનયના વિષયનું વિષયકપણું હોવાને કારણે તત્ સાપેક્ષપણું હોવાથી=શબ્દનયસાપેક્ષપણું હોવાથી, પ્રમાણત્વની આપત્તિ છે=અર્થનયોને પ્રમાણ સ્વીકારવાની આપત્તિ છે.

જે નય નયાન્તર સાપેક્ષ છે તેનો પૂજ્ય મલયગિરિ મહારાજ સાહેબ પ્રમાણમાં અંતર્ભાવ સ્વીકારે છે, અને તેમ સ્વીકારવામાં વ્યવહારનયને પ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવે, અને અર્થનયોને પણ પ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવે. વસ્તુતઃ વ્યવહારનય અને નિશ્ચયનય ઉભયનયનું વક્તવ્ય પ્રમાણવક્તવ્ય છે, અને અર્થનય અને શબ્દનય ઉભયનયનું વક્તવ્ય પ્રમાણવક્તવ્ય છે; આમ છતાં પૂજ્ય મલયગિરિ મહારાજ સાહેબના વચન અનુસાર સાપેક્ષનયનો પ્રમાણમાં અંતર્ભાવ કરીએ, તો સાપેક્ષ એવો વ્યવહારનય પ્રમાણ નહિ હોવા છતાં પ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવે, અને સાપેક્ષ એવા અર્થનયો પણ પ્રમાણ નહીં હોવા છતાં પ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવે. આ આપત્તિને દૂર કરવા માટે પૂજ્ય મલયગિરિ મહારાજ સાહેબ તરફથી એમ કહેવામાં આવે કે જે નય નયાન્તરના વિષયને ગ્રહણ કરતો હોય તે અપેક્ષાએ નયાન્તરસાપેક્ષ છે, તેને અમે પ્રમાણ કહેતા નથી, પરંતુ જે નય નયાન્તરવાક્યના સંયોગથી નયાન્તરસાપેક્ષ હોય, તેને અમે પ્રમાણ સ્વીકારીએ છીએ. તેથી નિશ્ચયનયના વિષયને ગ્રહણ કરનાર વ્યવહારનયને પ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવશે નહિ, અને શબ્દનયના વિષયને ગ્રહણ કરનાર એવા અર્થનયને પ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવશે નહિ. તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

અને નયાન્તરવાક્યના સંયોગ વડે=તપ-સંયમ-પ્રવચનગ્રાહક એવા વ્યવહારનયના વાક્ય સાથે સંયમગ્રાહક એવા નિશ્ચયનયના વાક્યના સંયોગ વડે, સાપેક્ષપણું ગ્રહણ કરાયે છતે અર્થાત્ નયાન્તરના વિષયના વિષયકત્વ વડે સાપેક્ષપણું નહિ, પરંતુ નયાન્તરવાક્યના સંયોગ વડે સાપેક્ષપણું ગ્રહણ કરાયે છતે, 'સ્યાત્'પદના પ્રયોગથી=કોઈપણ વચનપ્રયોગમાં વર્તતા 'સ્યાત્'પદના પ્રયોગથી, સપ્રતિપક્ષ એવા નયદ્વયના વિષયના અવચ્છેદકનો જ લાભ થતો હોવાને કારણે=તપ, સંયમ અને પ્રવચનગ્રાહક વ્યવહારનય અને સંયમગ્રાહક નિશ્ચયનય એ રૂપ સપ્રતિપક્ષ નયદ્વય, તેના વિષયના અવચ્છેદકનો

જ લાભ થતો હોવાને કારણે અર્થાત્ 'સ્યાત્'પદના પ્રયોગથી 'સ્યાત્ તપ-સંયમ-પ્રવચન મોક્ષનું કારણ છે' એ પ્રકારના વચનપ્રયોગમાં અને 'સ્યાત્ સંયમ મોક્ષનું કારણ છે' એ પ્રકારના વચનપ્રયોગમાં સપ્રતિપક્ષ નયદ્વયના વિષયના અવચ્છેદકનો જ લાભ થતો હોવાને કારણે તેના વડે='સ્યાત્' શબ્દ વડે, અનંતધર્મકત્વનો અપરામર્શ છે='સ્યાત્ તપ સંયમ, પ્રવચન મોક્ષનું કારણ છે' અને 'સ્યાત્ સંયમ મોક્ષનું કારણ છે' એ પ્રકારના વચનપ્રયોગમાં સ્યાત્શબ્દ વડે અનંતધર્મકત્વનો અપરામર્શ છે.

અહીં કોઈ મલયગિરિ મહારાજ તરફથી કહે કે નયાન્તરવાક્યના સંયોગથી સાપેક્ષપણું ગ્રહણ કરવા છતાં 'સ્યાત્' શબ્દથી સપ્રતિપક્ષ નયદ્વયના વિષયના અવચ્છેદકનો લાભ નથી, પરંતુ અનંતધર્મકત્વનો પરામર્શ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે –

જો આમ ન માનવામાં આવે અર્થાત્ નયાન્તરવાક્યના સંયોગથી સાપેક્ષપણું ગ્રહણ કરીએ ત્યારે 'સ્યાત્'પદના પ્રયોગથી સપ્રતિપક્ષ નયદ્વયના વિષયના અવચ્છેદકની પ્રાપ્તિ થાય, એમ ન સ્વીકારીએ, પરંતુ 'સ્યાત્' શબ્દથી અનંતધર્મકત્વનો પરામર્શ થાય છે તેમ સ્વીકારીએ, તો અનેકાન્તમાં=અનેકાન્તવાદમાં, સમ્યગ્ એકાન્તના પ્રવેશની અનુપપત્તિ છે=સમ્યગ્ એકાન્તવાદના પ્રવેશની અપ્રાપ્તિ છે; કેમ કે અવચ્છેદકભેદ વગર સપ્રતિપક્ષ વિષયના સમાવેશનું દુર્વચપણું છે, અને આ ઈચ્છાય છે=અનેકાન્તવાદમાં સમ્યગ્ એકાન્તનો પ્રવેશ ઈચ્છાય છે.

જે કારણથી મહામતિ એવા પૂજ્ય સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજ સાહેબ કહે છે –

ભજનાની પણ=અનેકાન્તવાદની પણ, ભજના કરવી જોઈએ, જે પ્રમાણે ભજના સર્વદ્રવ્યોની ભજના કરે છે. આ રીતે=ભજનાની પણ ભજના સ્વીકારી એ રીતે, ભજનાનો નિયમ પણ શાસ્ત્રની અવિરાધનાથી થાય છે. ॥૧॥

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

અવચ્છેદકભેદ વગર અનેકાન્તમાં સમ્યગ્ એકાન્તના પ્રવેશની અનુપપત્તિ છે, તેમાં સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજના વચનની સાક્ષી આપી. હવે દિગંબરાચાર્ય સમંતભદ્ર વડે પણ તેમ કહેવાયું છે અને પારમર્ષ વચનમાં પણ=આગમમાં પણ, એ પ્રકારે કહેવાયું છે, તેની સાક્ષી આપે છે –

સમંતભદ્ર પણ કહે છે –

પ્રમાણ અને નયની સિદ્ધિનો સાધક એવો અનેકાંત પણ અનેકાંત છે. કઈ અપેક્ષાએ અનેકાંત છે ? તેથી કહે છે – તે પ્રમાણાત્=તમારા પ્રમાણથી=ભગવાનને અભિમત એવા પ્રમાણથી, અનેકાંત છે, અર્પિતનયથી તેનો એકાંત છે=અનેકાંતનો એકાંત છે.

'ઇતિ' શબ્દ સમંતભદ્રના ઉદ્ધરણની સમાપ્તિ માટે છે.

પારમર્ષમાં પણ=આગમમાં પણ, કહેવાયું છે –

હે ભદંત ! શું આ રત્નપ્રભા પૃથ્વી શાશ્વત છે કે અશાશ્વત છે ? હે ગૌતમ ! કથંચિત્ શાશ્વત છે કથંચિદ્ અશાશ્વત છે. હે ભદંત ! કયા અર્થથી સે=તેને=રત્નપ્રભા પૃથ્વીને, આ પ્રમાણે કહેવાય છે ?=કથંચિત્ શાશ્વત અને કથંચિદ્ અશાશ્વત એ પ્રમાણે કહેવાય છે ? હે ગૌતમ ! દ્રવ્યાસ્તિકનયથી શાશ્વત છે, પર્યાયાસ્તિકનયથી અશાશ્વત છે.

इति प्रदेशे=સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજના ઉદ્ધરણના સ્થાનમાં, સમંતભદ્રના ઉદ્ધરણના સ્થાનમાં અને આગમના ઉદ્ધરણના સ્થાનમાં, અવચ્છેદકભેદના પ્રદર્શકપણા વડે જ 'સ્યાત્'પદ વિવરણ કરાયેલું છે. આથી જ='સ્યાત્'પદ અવચ્છેદકનો ભેદ બતાવનારું છે આથી જ, 'સ્યાત્' એ પ્રકારનો અવ્યય અનેકાન્તનો દ્યોતક જ તાંત્રિકો વડે=શાસ્ત્રકારો વડે, કહેવાયો છે; કેમ કે સમ્યગ્ એકાન્તસાધકનું=સમ્યગ્ એકાન્તસાધક એવા 'સ્યાત્'પદનું, અનેકાન્તઆક્ષેપકપણું છે; પરંતુ અનંતધર્મોનો પરામર્શક નથી='સ્યાત્' એ પ્રકારનો અવ્યય પૂર્વમાં મલયગિરિ મહારાજે કહ્યું એ પ્રકારે અનંતધર્મોનો પરામર્શક નથી, આથી='સ્યાત્'અવ્યય અનંતધર્મોનો પરામર્શક નથી આથી, 'સ્યાત્'પદપ્રયોગમાત્રઆધીન આદેશસાકલ્ય નથી=દરેક વચનપ્રયોગમાં માત્ર સ્યાત્પદનો પ્રયોગ કરાયેલો હોય તેને આધીન પદાર્થમાં રહેલા અનંતધર્મોના ગ્રહણરૂપ આદેશસાકલ્ય નથી, જેના કારણે પ્રમાણવાક્યનો અને નયવાક્યનો ભેદ ન થાય. (અર્થાત્ 'સ્યાત્'પદનો પ્રયોગ કોઈક સ્થાને અવચ્છેદકભેદનો પરામર્શક હોવાથી પ્રમાણવાક્યનો અને નયવાક્યનો તે સ્થાનમાં ભેદ પ્રાપ્ત થાય.) પરંતુ સ્વઅર્થની ઉપસ્થિતિ અનંતર=જે પદની સાથે 'સ્યાત્'પદનો પ્રયોગ કરાયો છે એ પદના અર્થની ઉપસ્થિતિ પછી, અશેષ ધર્મોના અભેદઉપસ્થાપક એવી વિધેયપદની વૃત્તિને આધીન આદેશસાકલ્ય છે='સ્યાત્'પદના પ્રયોગવાળા પદાર્થમાં રહેલા અશેષ ધર્મોના કાલાદિ આઠ દ્વારા અભેદઉપસ્થાપક એવી વિધેયપદની વૃત્તિને આધીન આદેશસાકલ્ય છે, અને તે=અશેષ ધર્મોના અભેદઉપસ્થાપક વિધેયપદની વૃત્તિ, વિવક્ષાને આધીન છે અર્થાત્ વક્તાની વિવક્ષાને આધીન છે. એથી આદેશસાકલ્ય પણ તે પ્રમાણે છે=વક્તાની વિવક્ષાને આધીન છે. એ હેતુથી=વક્તાની વિવક્ષા સકલાદેશની હોય તો આદેશસાકલ્ય હોય, અને વક્તાની વિવક્ષા વિકલાદેશની હોય તો આદેશસાકલ્ય ન હોય એ હેતુથી, નયવાક્ય અને પ્રમાણવાક્યમાં આ રીતે ભેદ જ છે=જ્યારે 'સ્યાત્'પદના પ્રયોગવાળો વચનપ્રયોગ આદેશસાકલ્યની વિવક્ષાવાળો ન હોય ત્યારે નયવાક્ય છે, અને 'સ્યાત્'પદના પ્રયોગવાળો વચનપ્રયોગ આદેશસાકલ્યની વિવક્ષાવાળો હોય ત્યારે પ્રમાણવાક્ય છે, એ રીતે નયવાક્ય અને પ્રમાણવાક્યમાં ભેદ જ છે.

'अत्रेदमवधेयम्'થી માંડીને 'नयप्रमाणवाक्योरित्थं भेद एव' સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે 'સ્યાત્'પદનો પ્રયોગ સપ્રતિપક્ષનયના સ્થાનમાં અવચ્છેદકભેદનો પરામર્શક છે અનંતધર્મોનો પરામર્શક નથી, તેથી નયવાક્ય અને પ્રમાણવાક્યના ભેદની પ્રાપ્તિ થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે મલયગિરિ મહારાજે તો આવશ્યકવૃત્તિમાં સ્પષ્ટ કહ્યું કે જે નય નયાન્તરસાપેક્ષપણાથી 'સ્યાત્'પદથી લાંછિત વસ્તુને સ્વીકારે છે તે પરમાર્થથી પરિપૂર્ણ વસ્તુને ગ્રહણ કરે છે, એથી તે નય પ્રમાણમાં જ અંતર્ભાવ પામે છે; અને જે નય વાદાન્તરનિરપેક્ષપણાથી સ્વઅભિપ્રેત જ ધર્મ વડે અવધારણપૂર્વક વસ્તુના પરિચ્છેદ માટે અભિપ્રાય કરે છે, તે વસ્તુના એક દેશનો ગ્રાહક હોવાથી નય કહેવાય છે, અને તે નય નિયમથી મિથ્યાદૃષ્ટિ છે. તેથી ફલિત થયું કે મલયગિરિ મહારાજના વચન પ્રમાણે પ્રમાણવાક્ય અને દુર્નયવાક્ય એમ બે ભેદ છે, પરંતુ સુનયવાક્ય અને પ્રમાણવાક્ય એમ બે ભેદ નથી; અને ગ્રંથકારશ્રીએ સુનયવાક્ય અને પ્રમાણવાક્યનો ભેદ છે તેમ સ્થાપન કર્યું. તેથી મલયગિરિ મહારાજનું વચન કઈ અપેક્ષાએ સંગત સ્વીકારી શકાય ? તે સ્પષ્ટ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

વળી મલયગિરિ મહારાજનું વચન અપ્રતિપક્ષધર્મના અભિધાનસ્થળમાં અવચ્છેદકભેદના અભિધાનમાં અનુપયુક્ત એવા 'સ્યાત્'પદ વડે સાક્ષાદ્ અનંતધર્માત્મકત્વનું અભિધાન હોવાને કારણે ત્યાં=અપ્રતિપક્ષધર્મના અભિધાનસ્થળમાં, પ્રમાણ અને નયના ભેદને નહિ સ્વીકારનારા દુર્વિદગ્ધ દિગંબરના નિરાકરણના અભિપ્રાયથી યોજવું. વળી અધિક=પ્રમાણ અને નયના વિષયમાં અધિક, બહુશ્રુતો જાણે છે. ॥૫૨॥

❖ 'आदेशसाकल्यमपि'માં 'अपि'થી એ કહેવું છે કે અશેષધર્મની અભેદઉપસ્થાપક એવી વિધેયપદની વૃત્તિ તો વિવક્ષાધીન છે, પરંતુ આદેશસાકલ્ય પણ વિવક્ષાધીન છે.

❖ 'शब्दनयानां' પાઠના સ્થાને 'अर्थनयानां' પાઠ ભાસે છે, અને તે પ્રમાણે અર્થ કરેલ છે.

ભાવાર્થ :-

अत्रेदमवधेयम् - यो नाम ..... तत्सापेक्षत्वात्प्रमाणत्वापत्तिः । પૂર્વમાં ગ્રંથકારશ્રીએ પ્રમાણ, નય અને દુર્નય એમ ત્રણ વિભાગ બતાવ્યા અને તે વિષયમાં આવશ્યકવૃત્તિમાં મલયગિરિ મહારાજે જે કહ્યું, તેની સ્પષ્ટતા કરી. તેમાં મલયગિરિ મહારાજના વચન પ્રમાણે પ્રમાણ અને નય એક છે, તેથી પ્રમાણ અને દુર્નયરૂપ બે જ વિભાગની પ્રાપ્તિ થાય છે એવો અર્થ પ્રાપ્ત થાય. તે વિષયમાં ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે મલયગિરિ મહારાજે કહ્યું એ પ્રમાણે નયનો પ્રમાણમાં અંતર્ભાવ કરીએ તો વ્યવહારનયને પણ પ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવે; કેમ કે વ્યવહારનય તપ, સંયમ અને પ્રવચનગ્રાહક છે અને નિશ્ચયનય સંયમગ્રાહક છે. તેથી વ્યવહારનયના વક્તવ્યમાં સંયમગ્રાહી એવા નિશ્ચયનયનો વિષય પ્રાપ્ત થાય છે, તેથી વ્યવહારનય નિશ્ચયસાપેક્ષ છે. માટે વ્યવહારનયને પ્રમાણ સ્વીકારવો પડે.

વળી બીજી આપત્તિ બતાવતાં કહે છે કે જેમ વ્યવહારનય અને નિશ્ચયનય બે સપ્રતિપક્ષ નયો છે, તેમ અર્થનય અને શબ્દનય એમ બે સપ્રતિપક્ષ નયો છે; અને તેમાં જે નયો અર્થને સ્પર્શીને પદાર્થનું સ્વરૂપ બતાવે છે તે અર્થનયો છે, અને જે નયો શબ્દને સ્પર્શીને પદાર્થનું સ્વરૂપ બતાવે છે તે શબ્દનયો છે; અને સાત નયોમાંથી પ્રથમના નૈગમાદિ ચાર નયો અર્થનયો છે અને પાછળના શબ્દાદિ ત્રણ નયો શબ્દનયો છે. વળી અર્થનયો નિક્ષેપચતુષ્ટયને સ્વીકારનારા છે, અને શબ્દનયો ભાવનિક્ષેપાને સ્વીકારનારા છે. તેથી અર્થનયો જે ચાર નિક્ષેપા સ્વીકારે છે, તેમાં શબ્દનયનો વિષય ભાવનિક્ષેપો અંતર્ભાવ પામે છે, તેથી અર્થનયો શબ્દનયસાપેક્ષ છે. માટે અર્થનયોને પ્રમાણ સ્વીકારવા પડે.

આ આપત્તિઓના નિવારણ માટે મલયગિરિ મહારાજ તરફથી કહેવામાં આવે કે ઉપરના બે સ્થાનમાં નયાન્તરવિષયના વિષયકપણા વડે સાપેક્ષપણું પ્રાપ્ત થાય છે, તેવું સાપેક્ષપણું અમને અભિપ્રેત નથી, પરંતુ નયાન્તરવાક્યના સંયોગથી સાપેક્ષપણું અમને અભિપ્રેત છે, તેથી વ્યવહારનયને પ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવે નહિ; કેમ કે વ્યવહારનયમાં સંયમગ્રાહી એવા નિશ્ચયનયના વિષયનું વિષયકપણું છે, પરંતુ નયાન્તરવાક્યના સંયોગથી સાપેક્ષપણું નથી. વળી તે રીતે અર્થનયોને પણ પ્રમાણ સ્વીકારવાની આપત્તિ આવે નહિ; કેમ કે અર્થનયમાં ભાવનિક્ષેપગ્રાહી શબ્દનયના વિષયનું વિષયપણું છે, પરંતુ નયાન્તરવાક્યના સંયોગથી સાપેક્ષપણું નથી.

આશય એ છે કે વ્યવહારનય તપ, સંયમ અને પ્રવચનને ગ્રહણ કરનાર છે; અને તદ્અંતર્ગત સંયમ છે, તેથી વ્યવહારનયના વિષયમાં નિશ્ચયનયનો વિષય પ્રાપ્ત થાય છે. હવે જો એમ કહેવામાં આવે કે કથંચિત્ તપ, સંયમ અને પ્રવચન મોક્ષમાર્ગ છે અને કથંચિત્ સંયમ મોક્ષમાર્ગ છે, તો નયાન્તરવાક્યના સંયોગથી સાપેક્ષપણું પ્રાપ્ત થાય, અને તેવું સાપેક્ષપણું હોય તો તે વચન પ્રમાણમાં અંતર્ભાવ પામે, અને વ્યવહારનય તેમ સ્વીકારતો નથી; પરંતુ તપ-સંયમ-પ્રવચનને મોક્ષમાર્ગ સ્વીકારે છે, અને વ્યવહારનય અને નિશ્ચયનય બેના સમૂહને ગ્રહણ કરીને વિચારીએ તો એમ પ્રાપ્ત થાય કે વ્યવહારનયાવચ્છેદેન તપ, સંયમ અને પ્રવચન મોક્ષમાર્ગ છે, અને નિશ્ચયનયાવચ્છેદેન સંયમ મોક્ષમાર્ગ છે, અને તેવું સાપેક્ષપણું વ્યવહારનય ત્યારે સ્વીકારી શકે કે 'સ્યાત્ તપ, સંયમ, પ્રવચન મોક્ષમાર્ગ છે' એમ કહે; કેમ કે ત્યાં 'સ્યાત્' શબ્દથી કથંચિદ્નું ગ્રહણ છે. તેથી 'કથંચિત્ તપ, સંયમ અને પ્રવચન મોક્ષમાર્ગ છે', અને કથંચિત્ શબ્દથી આક્ષિપ્ત એવા અર્થથી પ્રાપ્ત થાય કે 'કથંચિત્ સંયમ મોક્ષમાર્ગ છે', અને તે વખતે વ્યવહારનય નિશ્ચયનય સાપેક્ષ બને છે, અને તેવો વ્યવહારનય પ્રમાણમાં અંતર્ભાવ પામે છે; પરંતુ જે વ્યવહારનયના વિષયમાં સંયમગ્રાહી નિશ્ચયનયનો વિષય હોય તે વ્યવહારનય પ્રમાણમાં અંતર્ભાવ પામતો નથી.

વળી એ રીતે અર્થનય પણ નયાન્તરવાક્યના સંયોગથી સાપેક્ષ હોય તો પ્રમાણમાં અંતર્ભાવ પામે છે અર્થાત્ અર્થનયને આશ્રયીને 'કથંચિદ્ નિક્ષેપચતુષ્ટય આરાધ્ય છે' એમ કહેવામાં આવે ત્યારે કથંચિત્ શબ્દથી એ પ્રાપ્ત થાય કે કથંચિદ્ ભાવનિક્ષેપ આરાધ્ય છે, અને તેવો અર્થનય સ્વીકારીએ તો તે અર્થનય પ્રમાણમાં અંતર્ભાવ પામે; પરંતુ અર્થનય નિક્ષેપચતુષ્ટયને આરાધ્ય સ્વીકારે છે અને તેના વિષયઅંતર્ગત ભાવનિક્ષેપો આરાધ્ય છે, એટલામાત્રથી અર્થનય પ્રમાણમાં અંતર્ભાવ પામતો નથી.

આ પ્રકારે મલયગિરિ મહારાજ તરફથી કહેવામાં આવે તો શું આપત્તિ આવે ? તે ગ્રંથકારશ્રી બતાવે છે –

नयान्तरवाक्यसंयोगेन ..... दुर्वचत्वात् । નયાન્તરવાક્યના સંયોગથી સાપેક્ષપણું ગ્રહણ કરવામાં આવે તો 'સ્યાત્'પદના પ્રયોગથી સપ્રતિપક્ષનયદ્વયના વિષયના અવચ્છેદકનો લાભ થાય, પરંતુ 'સ્યાત્'પદથી અનંતધર્મનો પરામર્શ થાય નહિ અર્થાત્ વ્યવહારનયના સ્થાનમાં એ પ્રાપ્ત થાય કે 'કથંચિત્ તપ-સંયમ-પ્રવચન મોક્ષમાર્ગ છે' અને કથંચિત્ શબ્દથી પ્રાપ્ત અર્થથી 'કથંચિત્ સંયમ મોક્ષમાર્ગ છે', તેથી સપ્રતિપક્ષ એવા વ્યવહારનય અને નિશ્ચયનયના વિષયના અવચ્છેદકનો 'સ્યાત્'પદથી લાભ થાય અર્થાત્ વ્યવહારનયાવચ્છેદેન 'તપ-સંયમ-પ્રવચન મોક્ષમાર્ગ છે' અને નિશ્ચયનયાવચ્છેદેન 'સંયમ મોક્ષમાર્ગ છે,' આ પ્રકારે 'સ્યાત્'પદથી લાભ થાય. તેથી વ્યવહારનય અને નિશ્ચયનયરૂપ નયદ્વયના વિષયના અવચ્છેદકની પ્રાપ્તિ 'સ્યાત્'પદથી થાય, પરંતુ 'સ્યાત્'પદથી જે રીતે મલયગિરિ મહારાજે અનંતધર્મનો પરામર્શ કર્યો તે રીતે અનંતધર્મનો પરામર્શ થાય નહિ.

વળી પોતાની વાતની પુષ્ટિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે નયાન્તરવાક્યના સંયોગથી સાપેક્ષપણું ગ્રહણ કરીએ ત્યારે 'સ્યાત્'પદથી સપ્રતિપક્ષ નયદ્વયના વિષયના અવચ્છેદકનો લાભ થાય છે, અને તેમ ન

સ્વીકારીએ તો અનેકાંતમાં સમ્યગ્ એકાન્તના પ્રવેશની અનુપપત્તિ છે; કેમ કે અવચ્છેદકભેદ વગર સપ્રતિપક્ષનયના વિષયના સમાવેશનું દુર્વચપણું છે.

આશય એ છે કે જૈનદર્શન દીપકલિકાથી માંડીને આકાશ સુધીના સર્વ પદાર્થોને અનેકાન્તાત્મક સ્વીકારે છે. ત્યાં એકાન્તવાદી જૈનદર્શનકારને પૂછે છે કે તમારો અનેકાંત, અનેકાંત છે કે એકાંત છે ? અને અનેકાંતને જો એકાંતે અનેકાંત છે તેમ કહો, તો સર્વત્ર અનેકાંત છે એવો નિયમ રહે નહિ; કેમ કે અનેકાંતવાદ એકાંતે અનેકાંતવાદ છે તેમ પ્રાપ્ત થાય, અને એમ કહો કે અનેકાંત પણ કથંચિદ્ એકાંત છે અને કથંચિદ્ અનેકાંત છે, તો સર્વત્ર અનેકાંતની સિદ્ધિ થાય, પરંતુ અનેકાંતવાદ વ્યભિચારી છે અર્થાત્ અપ્રમાણભૂત છે તેમ સિદ્ધ થાય; કેમ કે અનેકાંત સદા અનેકાંત નથી પણ ક્યારેક એકાંતરૂપે વર્તે છે અને ક્યારેક અનેકાંતરૂપે વર્તે છે. તેથી અનેકાંતવાદને પ્રમાણ સ્વીકારી શકાય નહિ. આના સમાધાન માટે જૈનદર્શનકાર કહે છે કે અનેકાંતવાદ પણ કથંચિદ્ અનેકાંત છે અને કથંચિદ્ એકાંત છે અર્થાત્ પ્રમાણાવચ્છેદેન અનેકાંત છે અને નયાવચ્છેદેન સમ્યગ્ એકાંત છે. તેથી અનેકાંતમાં એકાંતના પ્રવેશની પ્રાપ્તિ અવચ્છેદક સ્વીકારવાથી થઈ શકે છે, અને તે અવચ્છેદકભેદની પ્રાપ્તિ 'સ્યાત્'પદથી થાય છે. તેથી તે સ્થાનમાં 'સ્યાત્' શબ્દ અનંતધર્મનો પરામર્શક નથી, પરંતુ 'સ્યાત્' શબ્દ 'કથંચિદ્' અર્થને બતાવે છે, અને તે કથંચિત્ શબ્દથી અવચ્છેદકભેદની પ્રાપ્તિ થાય છે. માટે સર્વત્ર 'સ્યાત્' શબ્દને અનંતધર્મનો પરામર્શક સ્વીકારવામાં આવે તો અનેકાંતમાં સમ્યગ્ એકાંતના પ્રવેશની અનુપપત્તિ થાય.

અહીં વિશેષ એ છે કે 'आत्मा स्याद् नित्यः' એમ કહેવામાં આવે ત્યારે 'સ્યાત્' શબ્દથી આત્મામાં રહેલ નિત્યત્વના અવચ્છેદક એવા દ્રવ્યનો પરામર્શ થાય છે, તેથી દ્રવ્યાવચ્છેદેન આત્મા નિત્ય છે એમ પ્રાપ્ત થાય છે. તેની જેમ અનેકાંતવાદ પણ 'સ્યાદ્ અનેકાંત' એમ કહેવામાં આવે ત્યારે 'સ્યાત્' શબ્દથી અનેકાંતવાદમાં રહેલા અનેકાન્તત્વના અવચ્છેદક એવા પ્રમાણનો પરામર્શ થાય છે. તેથી પ્રમાણાવચ્છેદેન અનેકાંત અનેકાંત છે એમ પ્રાપ્ત થાય; અને અનેકાંતવાદને 'સ્યાદ્ એકાંત' એમ કહેવામાં આવે ત્યારે 'સ્યાત્' શબ્દથી અનેકાંતવાદમાં રહેલા એકાંતત્વના અવચ્છેદક એવા નયનો પરામર્શ થાય છે, તેથી નયાવચ્છેદેન અનેકાંત એકાંત છે તેમ પ્રાપ્ત થાય.

इष्यते चायम् ..... प्रमाणनयवाक्ययोर्भेदो न स्यात् । આ સ્થળમાં 'સ્યાત્' શબ્દ અનંતધર્મનો પરામર્શક નથી, પરંતુ જે પદની સાથે 'સ્યાત્'પદનો પ્રયોગ છે તેના અવચ્છેદકનો પ્રાપક છે. આથી સિદ્ધસેનદિવાકરસૂરિનું, સમંતભદ્રનું અને આગમનું ઉદ્ધરણ આપ્યું તે સ્થાનમાં 'સ્યાત્'પદ અવચ્છેદકભેદના પ્રદર્શકપણા વડે જ વિવૃત છે, અને આથી જ 'સ્યાત્' અવ્યય અનેકાંતનો દ્યોતક છે એમ શાસ્ત્રકારો કહે છે.

તેથી એ ફલિત થાય કે 'સ્યાત્' શબ્દથી અવચ્છેદકભેદની પ્રાપ્તિ થવાને કારણે જૈનદર્શનનું કથન અનેકાંતવાદાત્મક છે; કેમ કે કોઈક અપેક્ષાએ નિત્ય છે એમ કહીએ ત્યારે કોઈક અન્ય અપેક્ષાએ અનિત્ય છે એમ અર્થથી પ્રાપ્ત થાય છે. તેથી 'સ્યાત્' શબ્દ અવચ્છેદકની પ્રાપ્તિ કરાવે છે, અને જૈનદર્શનનું કથન અનેકાંતવાદાત્મક છે એમ સિદ્ધ કરે છે, પરંતુ 'સ્યાત્' શબ્દ આ સ્થાનમાં અનંતધર્મનો પરામર્શક નથી.

પૂર્વમાં સ્થાપન કર્યું કે આ સ્થાનમાં 'स्यात्' શબ્દ અનંતધર્મનો પરામર્શક નથી, પરંતુ અવચ્છેદકભેદની પ્રાપ્તિ કરાવે છે. તેનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે – સર્વત્ર 'स्यात्'પદપ્રયોગમાત્રઆધીન આદેશસાકલ્ય નથી, પરંતુ કોઈક સ્થાનમાં 'स्यात्'પદના પ્રયોગથી આદેશસાકલ્ય હોય છે અને કોઈક સ્થાનમાં 'स्यात्'પદના પ્રયોગથી અવચ્છેદકભેદની પ્રાપ્તિ થાય છે. તેથી જે સ્થાનમાં 'स्यात्'પદના પ્રયોગથી અનંતધર્મનો પરામર્શ થાય છે તે સ્થાનમાં 'स्यात्'પદથી આદેશસાકલ્યની પ્રાપ્તિ થાય છે અને તે પ્રમાણવાક્ય બને છે, અને જે સ્થાનમાં 'स्यात्'પદના પ્રયોગથી અવચ્છેદકભેદની પ્રાપ્તિ થાય છે તે નયવાક્ય બને છે અર્થાત્ સુનયવાક્ય બને છે. તેથી પ્રમાણ અને નયનો વિભાગ પ્રાપ્ત થાય છે.

પૂર્વમાં કહ્યું કે 'स्यात्'પદપ્રયોગમાત્રઆધીન આદેશસાકલ્ય નથી, તો પ્રશ્ન થાય કે આદેશસાકલ્ય કોને આધીન છે ? તેથી કહે છે –

किन्तु स्वार्थोप ..... भेद एव । જે પદની સાથે 'स्यात्'પદનો પ્રયોગ કરાયેલો હોય તે પદના અર્થની ઉપસ્થિતિ પછી તે પદાર્થમાં રહેલા તે પદના અર્થની સાથે અશેષધર્મના અભેદઉપસ્થાપક એવા વિધેયપદની વૃત્તિને આધીન આદેશસાકલ્ય છે. જેમ 'स्यादस्ति एव जीव' એમ કહેવામાં આવે ત્યારે પદાર્થમાં રહેલા અસ્તિત્વના અર્થની ઉપસ્થિતિ થયા પછી, તે પદાર્થમાં રહેલા અસ્તિત્વ સિવાયના અન્ય સર્વ ધર્મોનો અસ્તિત્વની સાથે અભેદ છે, તેવી ઉપસ્થિતિ કરવા માટે, કાલાદિ આઠ દ્વારા અસ્તિત્વ સાથે તે પદાર્થમાં રહેલા સર્વ ધર્મોના અભેદની ઉપસ્થિતિ થાય તેવા અસ્તિત્વરૂપ વિધેયપદની વૃત્તિ સ્વીકારવામાં આવે તો તેને આધીન આદેશસાકલ્ય છે, અને આ પ્રકારની વૃત્તિ વચનપ્રયોગ કરનાર પુરુષની વિવક્ષાને આધીન છે, એથી આદેશસાકલ્ય પણ વચનપ્રયોગ કરનાર પુરુષની વિવક્ષાને આધીન છે. તેથી વચનપ્રયોગ કરનાર પુરુષ આદેશસાકલ્યની વિવક્ષાથી વચનપ્રયોગ કરતો હોય ત્યારે તે વચનપ્રયોગ પ્રમાણવાક્ય થાય, અને જ્યારે તે વચનપ્રયોગ કરનાર પુરુષ આદેશસાકલ્યની વિવક્ષા ન કરતો હોય ત્યારે તે વચનપ્રયોગમાં રહેલ 'स्यात्' શબ્દથી અવચ્છેદકભેદની પ્રાપ્તિ થતી હોવાને કારણે તે નયવાક્ય બને છે. તેથી નયવાક્ય અને પ્રમાણવાક્યનો ભેદ છે.

આ રીતે ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે 'स्यात्'પદના પ્રયોગથી યુક્ત એવા વચનથી કોઈક સ્થાને અનંતધર્મનો પરામર્શ થાય છે ત્યારે આદેશસાકલ્યની ઉપસ્થિતિ થાય છે, અને તે વખતે તે વચનપ્રયોગ પ્રમાણવાક્ય બને છે; અને કોઈક સ્થાનમાં 'स्यात्' શબ્દ અવચ્છેદકભેદનો પ્રાપક છે, તે સ્થાનમાં વક્તાની વિવક્ષા આદેશસાકલ્યની હોય તો કાલાદિ આઠ દ્વારા વિધેયપદની સાથે અન્ય સર્વ ધર્મોનો અભેદ કરે તો તે વચનપ્રયોગ પ્રમાણવાક્ય બને, અને જ્યારે વક્તા અવચ્છેદકભેદના સ્થાનમાં 'स्यात्'પદનો પ્રયોગ કરે અને વિધેયપદની સાથે અશેષ અન્યધર્મોનો અભેદ કરીને વિવક્ષા ન કરે, ત્યારે તે વચનપ્રયોગ નયવાક્ય બને છે. માટે પ્રમાણ અને નયનો ભેદ છે. ત્યાં પ્રશ્ન થાય કે મલયગિરિ મહારાજે તો પ્રમાણ અને નયનો અભેદ સ્વીકાર્યો, અને પ્રમાણથી અતિરિક્ત જે નયો છે તે સર્વ મિથ્યા છે એમ કહ્યું, તે વચન કઈ રીતે સંગત થાય ? તેથી કહે છે –

मलयगिरिपादवचनं ..... बहुश्रुता विदन्ति । स्याद् जीवएव ઇત્યાદિરૂપ અપ્રતિપક્ષ ધર્મના અભિધાનસ્થળમાં અવચ્છેદકભેદનું અભિધાન અનુપયુક્ત છે. તેથી તે સ્થાનમાં કરાયેલા 'स्यात्'પદના પ્રયોગથી સાક્ષાત્ અનંતધર્મનો પરામર્શ થાય છે, તેથી તેવા 'स्यात्'પદના પ્રયોગવાળા સર્વ વચનપ્રયોગો પ્રમાણવાક્ય છે; અને તે સ્થાનમાં પ્રમાણ અને નયનો ભેદ નથી, છતાં તે સ્થાનમાં પણ દિગંબરો પ્રમાણ અને નયનો ભેદ સ્વીકારે છે, અને આથી મલયગિરિ મહારાજના પૂર્વના કથનમાં કહ્યું એ પ્રમાણે અકલંકાચાર્ય 'स्याज्जीव एव' એ વાક્યને પ્રમાણવાક્ય કહે છે, અને 'स्यादस्ति एव जीवः' એ વાક્યને નયવાક્ય કહે છે. વસ્તુતઃ આ સ્થાનમાં આ બન્ને વાક્યો પ્રમાણવાક્ય છે; કેમ કે આ બન્ને પ્રયોગોમાં સપ્રતિપક્ષ ધર્મનું અભિધાન નથી. તેથી આ બન્ને પ્રયોગમાં 'स्यात्'પદનો પ્રયોગ અવચ્છેદકભેદ બતાવવા માટે ઉપયોગી નથી, આમ છતાં આવા સ્થળમાં દિગંબરો પ્રમાણ અને નયનો ભેદ કરે છે, તે અનુચિત છે, એમ બતાવવા માટે મલયગિરિ મહારાજનું વચન યોજન કરવું.

આ રીતે ગ્રંથકારશ્રીએ પ્રમાણ, નય અને દુર્નયનો ભેદ બતાવ્યો, અને તે વિષયમાં મલયગિરિ મહારાજનું વક્તવ્ય શું છે તે સ્પષ્ટ કર્યું; અને તેમનું વક્તવ્ય પોતાના વક્તવ્ય સાથે વિરોધી નથી, પરંતુ દિગંબરોની વિપરીત માન્યતાના નિરાકરણ માટે તેનું યોજન કરવું તેમ સ્પષ્ટ કર્યું, એ વિષયમાં અધિક બહુશ્રુતો જાણે. **॥૫૨॥**

અવતરણિકા :-

अथ परमभावगता निश्चय एव स्थिता इत्ययमेव बलीयानित्यभिनिवेशं निराचिकीर्षुराह –

અવતરણિકાર્થ :-

હવે પરમભાવગત એવા યોગીઓ નિશ્ચયમાં જ રહેલા છે, એથી આ જ=નિશ્ચય જ, બલવાન છે, એ પ્રકારના અભિનિવેશને નિરાકરણ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૧૧માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે સંયમીને માટે ગુરુકુલવાસ પ્રથમ આચાર છે માટે કલ્યાણના અર્થી સાધુએ ગુણવાન ગુરુનું પારતંત્ર્ય સ્વીકારવું જોઈએ. ત્યાં પૂર્વપક્ષીએ ગાથા-૧૮માં શંકા કરી કે 'નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે' માટે કલ્યાણના અર્થી સાધુને ગુરુકુલવાસમાં યત્ન આવશ્યક નથી, પરંતુ સર્વ ઉદ્યમથી નિશ્ચયમાં જ યત્ન કરવો આવશ્યક છે, અને તેની પુષ્ટિ કરતાં ગાથા-૧૯માં ઓઘનિર્યુક્તિની સાક્ષી આપી. વળી તેની જ પુષ્ટિ કરવા અર્થે ગાથા-૨૦માં કહ્યું કે પરમભાવગત એવા ઋષિઓ નિશ્ચયમાં જ રહેલા છે, માટે કલ્યાણના અર્થી સાધુએ નિશ્ચયમાં જ ઉદ્યમ કરવો જોઈએ, પરંતુ ગુરુકુલવાસ સ્વીકારવામાત્રથી કલ્યાણ થતું નથી, અને તેની પુષ્ટિ પૂર્વપક્ષીએ ગાથા-૩૪ સુધીમાં અનેક રીતે કરી, અને પૂર્વપક્ષીના આ સર્વ કથનનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રીએ ગાથા-૩૬માં સ્થાપન કર્યું કે 'નિશ્ચયથી જ સિદ્ધિ છે' એમ જે પૂર્વપક્ષીએ કહ્યું તે તેમ જ છે, અને એ કથન સ્વીકારવાથી અર્થથી વ્યવહારનો સ્વીકાર થાય છે.

તેથી એ ફલિત થાય કે સાધુને 'નિશ્ચયથી જ સિદ્ધિ છે' અને નિશ્ચયની સિદ્ધિના ઉપાયરૂપે વ્યવહાર આશ્રયણીય છે; અને વ્યવહાર આશ્રયણીય થવાથી વ્યવહારની સર્વ ઉચિત ક્રિયાઓમાં પ્રથમ આચાર ગુરુકુલવાસ છે, માટે સંયમની સિદ્ધિના અર્થીએ ગુરુકુલવાસમાં ઉદ્યમ કરવો જોઈએ.

વળી ગાથા-૨૦માં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલું કે પરમભાવગત એવા યોગીઓ નિશ્ચયમાં જ રહેલા છે માટે સાધ્યની સિદ્ધિમાં નિશ્ચય જ બલવાન છે. આ પ્રકારના પૂર્વપક્ષીના એકાંત અભિનિવેશનું નિરાકરણ કરવાની ઇચ્છાથી ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

णिच्छयठिय व्व मुणिणो, ववहारठिया वि परमभावगया ।
णिट्ठिअसेलेसि च्चिय, सव्वुक्किट्ठो परमभावो ।।५३।।

અન્વયાર્થ :-

णिच्छयठिय व्व=નિશ્ચયમાં રહેલાની જેમ, ववहारठिया वि मुणिणो=વ્યવહારમાં રહેલા પણ મુનિઓ, परमभावगया=પરમભાવને પામેલા છે, सव्वुक्किट्ठो परमभावो=સર્વોત્કૃષ્ટ પરમભાવ, णिट्ठिअसेलेसि च्चिय=નિષ્ઠિતા શૈલેશી જ છે=ચરમ સમયને પામેલી શૈલેશી અવસ્થા જ છે. ।।૫૩।।

ગાથાર્થ :-

નિશ્ચયમાં રહેલાની જેમ વ્યવહારમાં રહેલા પણ મુનિઓ પરમભાવને પામેલા છે, સર્વોત્કૃષ્ટ પરમભાવ ચરમ સમયને પામેલી શૈલેશી અવસ્થા જ છે. ।।૫૩।।

ટીકા :-

'णिच्छयठिय व्व' त्ति । निश्चयस्थिता इव व्यवहारस्थिता अपि मुनयः परमभावगता एव, उभयत्राप्याश्रवनिवृत्तेरेव परमभावत्वात्, उत्कर्षलक्षणस्य पारम्यस्याप्युभयत्राविशेषात्, सर्वोत्कृष्टश्च परमभावो निष्ठिता=काष्ठाप्राप्ता चरमसमयारूढेति यावत् शैलेश्येव, तदुक्तं धर्मसङ्ग्रहण्याम् –

"सो उभयक्खयहेऊ, सेलेसीचरमसमयभावी जो ।
सेसो पुण णिच्छयओ, तस्सेव पसाहगो भणिओ ।।१।।" **इति ।**

तथा च सर्वोत्कर्षाभिमानिना निश्चयवादिना निष्ठितां शैलेशीं विना न किञ्चिदादरणीयम्, तदर्थमुत्कर्षबुद्ध्यैव प्राचीनादरे च निश्चयार्थं व्यवहारोऽपि तथैवादरणीय इति सिद्धम् ।।५३।।

ટીકાર્થ :-

निश्चयस्थिता ..... इति सिद्धम् ।। નિશ્ચયમાં રહેલાની જેમ=જ્ઞપ્તિરૂપ અને પ્રવૃત્તિરૂપ નિશ્ચયનયને અભિમત પરિણામમાં ઉદ્યમ કરનારા મુનિઓની જેમ, વ્યવહારમાં રહેલા પણ મુનિઓ=ભગવાનના

વચનને પરતંત્ર થઈને સર્વ સંયમયોગમાં દૃઢ યત્ન કરનારા એવા પણ મુનિઓ, પરમભાવને પામેલા જ છે; કેમ કે બન્ને સ્થાનમાં પણ=નિશ્ચયનયને અભિમત પ્રવૃત્તિ અને વ્યવહારનયને અભિમત પ્રવૃત્તિ એ બન્ને સ્થાનમાં પણ, આશ્રવની નિવૃત્તિનું જ પરમભાવપણું છે.

અહીં પૂર્વપક્ષી કહે કે નિશ્ચયનયમાં આશ્રવની નિવૃત્તિ ઉત્કર્ષરૂપ છે, અને વ્યવહારનયમાં આશ્રવની નિવૃત્તિ અપકર્ષરૂપ છે. માટે સાધુને નિશ્ચયનય જ આશ્રયણીય છે. તેના નિરાકરણમાં હેતુ કહે છે –

ઉત્કર્ષસ્વરૂપ પારમ્યનું પણ=વીતરાગતારૂપ પરમભાવ તરફ જવા માટે આત્માના સર્વ પ્રકારના પ્રયત્નના ઉત્કર્ષસ્વરૂપ પારમ્યનું પણ, ઉભયત્ર=નિશ્ચયનયમાં રહેલા મુનિની પ્રવૃત્તિમાં અને વ્યવહારનયમાં રહેલા મુનિની પ્રવૃત્તિમાં, અવિશેષ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે નિશ્ચયનયમાં રહેલા યોગીઓ મોક્ષના અનન્ય ઉપાયરૂપ ધ્યાનમાં ઉદ્યમ કરનારા છે, અને વ્યવહારનયમાં રહેલા યોગીઓ તપ-સંયમની બાહ્ય આચરણામાં ઉદ્યમ કરનારા છે. તેથી ગુણસ્થાનકની ભૂમિકાની અપેક્ષાએ નિશ્ચયનયમાં રહેલા યોગીઓમાં ઉત્કર્ષ છે, અને વ્યવહારનયમાં રહેલા યોગીઓમાં અપકર્ષ છે. માટે નિશ્ચયનયની પ્રવૃત્તિમાં રહેલ ઉત્કર્ષસ્વરૂપ પારમ્ય જ આદરણીય છે. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

અને સર્વોત્કૃષ્ટ પરમભાવ નિષ્ઠિતા શૈલેશી જ છે=કાષ્ઠાપ્રાપ્ત શૈલેશી જ છે=ચરમ સમય આરૂઢ શૈલેશી જ છે.

ધર્મસંગ્રહણીમાં તે કહેવાયું છે=સર્વોત્કૃષ્ટ પરમભાવ શૈલેશીનો ચરમ સમય છે એમ પૂર્વમાં કહ્યું તે ધર્મસંગ્રહણીમાં કહેવાયું છે –

નિશ્ચયનયથી જે શૈલેશીના ચરમ સમયમાં થનાર જીવનો પરિણામ છે, તે જીવનો પરિણામ ઉભયક્ષયનો હેતુ છે= ધર્મ-અધર્મના ક્ષયનો હેતુ છે. શેષ વળી=શૈલેશીના ચરમ સમયમાં થનાર પરિણામથી પૂર્વનો પરિણામ, તેનો જ= શૈલેશીના ચરમ સમયમાં થનાર પરિણામનો જ, પ્રસાધક કહેવાયો છે.

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

અને તે રીતે=સર્વોત્કૃષ્ટ પરમભાવ શૈલેશીનો ચરમસમય છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું તે રીતે, સર્વોત્કર્ષના અભિમાની એવા નિશ્ચયવાદી વડે=સર્વોત્કર્ષ જે પરમભાવ હોય તેને જ સ્વીકારવો જોઈએ, અન્યને નહિ, એવી બુદ્ધિવાળા નિશ્ચયવાદી વડે, પરાકાષ્ઠાને પામેલી શૈલેશીઅવસ્થાને છોડીને કંઈ જ આદરણીય નથી, અને તેના અર્થે=શૈલેશીના ચરમસમય અર્થે, ઉત્કર્ષની બુદ્ધિથી જ=વ્યવહારદશા કરતાં નિશ્ચયદશા ઉત્કર્ષવાળી દશા છે એ પ્રકારની નિશ્ચયદશામાં ઉત્કર્ષબુદ્ધિથી જ, પ્રાચીનના આદરમાં=શૈલેશીના ચરમ સમયથી પૂર્વની નિશ્ચયદશાના આદરમાં, તે રીતે જ= શૈલેશીના ચરમસમયની પ્રાપ્તિ અર્થે ધ્યાનદશારૂપ નિશ્ચયનયનું આશ્રયણ સ્વીકાર્યું તે રીતે જ, નિશ્ચય માટે=નિશ્ચયદશા માટે, વ્યવહાર પણ=વ્યવહારદશાની પ્રવૃત્તિ પણ, આદરણીય છે=સ્વીકારવા યોગ્ય છે, એ પ્રમાણે સિદ્ધ છે. ॥૫૩॥

❖ 'व्यवहारस्थिता अपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયનયને અભિમત આચરણામાં રહેલા મુનિઓ તો પરમભાવને પામેલા છે, પરંતુ વ્યવહારનયને અભિમત આચરણામાં રહેલા મુનિઓ પણ પરમભાવને પામેલા છે.

❖ 'उभयत्रापि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયનયની આચરણામાં તો આશ્રવની નિવૃત્તિને કારણે પરમભાવ છે, પરંતુ નિશ્ચયનય અને વ્યવહારનય ઉભયની પણ આચરણામાં આશ્રવની નિવૃત્તિને કારણે પરમભાવ છે.

❖ 'उत्कर्षलक्षणस्य पारम्यस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે આશ્રવની નિવૃત્તિરૂપ પારમ્ય તો નિશ્ચયનય અને વ્યવહારનયની આચરણામાં સમાન છે, પરંતુ ઉત્કર્ષસ્વરૂપ પારમ્ય પણ બન્નેમાં સમાન છે.

❖ 'व्यवहारोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે શૈલેષીના ચરમ સમય માટે નિશ્ચય તો આદરણીય છે, પરંતુ નિશ્ચય માટે વ્યવહાર પણ આદરણીય છે.

ભાવાર્થ :-

ગાથા-૨૦માં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ કે પરમભાવમાં રહેલા મુનિઓ નિશ્ચયનયને અભિમત આચરણામાં રહેલા હોય છે, અને જીવને માટે પરમભાવની પ્રાપ્તિ જ મોક્ષનું કારણ છે. માટે મોક્ષાર્થીએ નિશ્ચયમાં જ ઉદ્યમ કરવો જોઈએ, પરંતુ ગુરુપારતંત્ર્યરૂપ વ્યવહારનયની આચરણામાં ઉદ્યમ કરવો જોઈએ નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

જેમ નિશ્ચયનયને અભિમત ધ્યાનમાં યત્ન કરનારા ઋષિઓ આત્માના પરમભાવમાં રહેલા છે, તેમ વ્યવહારનયને અભિમત એવી સર્વ ઉચિત આચરણામાં ઉદ્યમ કરનારા ઋષિઓ પણ પરમભાવમાં જ રહેલા છે; કેમ કે નિશ્ચયનયને અભિમત ધ્યાનની ક્રિયામાં કે વ્યવહારનયને અભિમત તપ-સંયમની અપ્રમાદભાવથી કરાતી ક્રિયામાં આશ્રવની નિવૃત્તિ છે, અને આશ્રવની નિવૃત્તિ જ જીવનો પરમભાવ છે. તેથી જેમ મોક્ષના અર્થીને માટે નિશ્ચય આદરણીય છે તેમ મોક્ષના અર્થી માટે વ્યવહારનય પણ આદરણીય છે. માટે સંયમના પ્રથમ આચારરૂપ ગુણવાનનું પારતંત્ર્ય સાધુ માટે આવશ્યક છે.

અહીં પૂર્વપક્ષી કહે કે નિશ્ચયમાં રહેલા ઋષિઓ ધ્યાનમાં ઉદ્યમ કરીને શુદ્ધ આત્મતત્ત્વનો આવિર્ભાવ કરી રહ્યા છે, અને વ્યવહારનયની આચરણામાં રહેલા ઋષિઓ સંયમની બાહ્ય પ્રવૃત્તિઓ કરીને અંતરંગભાવને અભિમુખ થઈ રહ્યા છે. તેથી ઉત્કર્ષરૂપ પરમભાવ નિશ્ચયનયની આચરણા કરનારા ઋષિઓમાં છે, માટે મોક્ષના અર્થીએ નિશ્ચય જ આશ્રયણીય છે. તેનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી કહે છે –

મોહના ઉન્મૂલન માટે અપ્રમાદભાવથી આશ્રવનિરોધમાં યત્ન કરવો એ રૂપ ઉત્કર્ષલક્ષણ પારમ્ય જેમ નિશ્ચયનયની આચરણામાં છે, તેમ વ્યવહારનયની આચરણામાં પણ સમાન છે; કેમ કે નિશ્ચયનયમાં રહેલા મુનિઓ શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવા સ્વભૂમિકા અનુસાર મન-વચન-કાયાને સુદૃઢ રીતે પ્રવર્તાવે છે, તેમ વ્યવહારદશામાં રહેલા મુનિઓ ભગવાનની આજ્ઞાનુસાર અનુષ્ઠાન કરવામાં સ્વભૂમિકા અનુસાર મન-વચન-કાયાને સુદૃઢ રીતે પ્રવર્તાવે છે. તેથી અનુષ્ઠાનકાળમાં વીતરાગનું સ્મરણ અને વીતરાગની આજ્ઞા પ્રત્યે દૃઢ યત્ન વર્તતો હોવાથી વ્યવહારમાં રહેલા મુનિઓમાં પણ ઉત્કર્ષરૂપ પરમભાવ છે; કેમ કે

સ્વશક્તિ અનુસાર મોહના ઉન્મૂલન માટે જેમ નિશ્ચયદશાવાળા યોગીઓ યત્ન કરે છે તેમ વ્યવહારદશાવાળા યોગીઓ પણ યત્ન કરી રહ્યા છે.

આ રીતે ગ્રંથકારશ્રીએ ઉત્કર્ષસ્વરૂપ પારમ્ય નિશ્ચયસ્થિત સાધુમાં અને વ્યવહારસ્થિત સાધુમાં સમાન છે, તેમ બતાવ્યું. ત્યાં પૂર્વપક્ષી કહે કે નિર્લેપદશારૂપ ઉત્કર્ષનો ભાવ જેવો નિશ્ચયનયમાં રહેલા ઋષિઓમાં છે તેવો નિર્લેપદશારૂપ ઉત્કર્ષનો ભાવ વ્યવહારદશામાં રહેલા મુનિઓમાં નથી. તેથી નિશ્ચયમાં રહેલા મુનિઓ સંયમના ઊંચા કંડકમાં છે અને વ્યવહારમાં રહેલા મુનિઓ સંયમના અધોકંડકમાં છે. માટે ઊંચા કંડકની પ્રાપ્તિનું કારણ નિશ્ચય જ સાધુને આદરણીય છે. તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

જો ઉત્કર્ષલક્ષણ પારમ્ય જ મોક્ષાર્થીને આશ્રયણીય હોય તો સર્વોત્કૃષ્ટ પરમભાવ શૈલેશી અવસ્થાનો ચરમ સમય જ છે; કેમ કે શૈલેશીનો ચરમ સમય જ સર્વકર્મનો નાશ કરીને મોક્ષનું કારણ બને છે. માટે મોક્ષના અર્થીએ શૈલેશીના ચરમ સમયનો જ આશ્રય કરવો જોઈએ, પરંતુ ધ્યાનદશારૂપ નિશ્ચયનો આશ્રય કરવો જોઈએ નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે શૈલેશીના ચરમ સમયરૂપ ઉત્કર્ષના અર્થે ધ્યાનદશારૂપ નિશ્ચય આશ્રયણીય છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે તેની જેમ નિશ્ચય માટે વ્યવહાર પણ આશ્રયણીય છે.

આનાથી એ ફલિત થાય કે મોક્ષના અર્થી એવા સાધકે સ્વભૂમિકા અનુસાર જેમાં ઉદ્યમ કરવાથી પ્રકર્ષથી આશ્રવનો નિરોધ થાય તેમાં ઉદ્યમ કરવો જોઈએ. તેથી જે મુનિ વ્યવહારદશામાં છે તે મુનિ દીક્ષા લેતી વખતે જે રીતે ગુણવાન ગુરુને પરતંત્ર થાય છે, તે રીતે તેમના વચનાનુસાર સર્વ ઉચિત ક્રિયાઓમાં યત્ન કરે તો સ્વશક્તિ અનુસાર પ્રકર્ષથી આશ્રવનો નિરોધ થાય; અને જે મુનિ નિશ્ચયનયને યોગ્ય ભૂમિકા પામેલા છે તેઓ અસંગભાવને પ્રગટ કરવા અર્થે અપ્રમાદભાવથી ઉદ્યમ કરે તો સ્વશક્તિ અનુસાર પ્રકર્ષથી આશ્રવનો નિરોધ થાય; અને જે ઋષિ કેવળજ્ઞાન પામ્યા છે અને યોગનિરોધનો ઉચિતકાળ પ્રાપ્ત થયો છે, તે સમયે યોગનિરોધમાં યત્ન કરે ત્યારે ઉત્કર્ષથી આશ્રવનો નિરોધ થાય. માટે મોક્ષાર્થીએ નિશ્ચય જ આદરણીય છે, તેમ કહેવાય નહિ; પરંતુ સ્વભૂમિકા અનુસાર જેમાં ઉદ્યમ કરવાથી પ્રકર્ષથી આશ્રવનો રોધ થાય તેમાં ઉદ્યમ કરવો જોઈએ, તેમ ફલિત થાય છે. **॥૫૩॥**

અવતરણિકા :-

નિશ્ચયે ધ્યાનલક્ષણં પારમ્યમસ્તિ વ્યવહારે તુ તત્રેત્યાશઙ્કાં વિક્ષિપન્નાહ –

અવતરણિકાર્થ :-

નિશ્ચયમાં=નિશ્ચયદશામાં રહેલા મુનિઓમાં, ધ્યાનસ્વરૂપ પારમ્ય છે=ધ્યાનરૂપ પરમભાવ છે, વળી વ્યવહારમાં તે નથી=વ્યવહારદશામાં રહેલા મુનિઓમાં ધ્યાનરૂપ પરમભાવ નથી. એ પ્રકારની આશંકાને દૂર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

ववहारे वि मुणीणं, झाणप्पा अक्खओ परमभावो ।
जत्तस्स दढत्ताओ, जमिणं भणियं महाभासे ।।५४।।

અન્વયાર્થ :-

ववहारे वि=વ્યવહારમાં પણ=વ્યવહારનયની આચરણામાં પણ, मुणीणं=મુનિઓને, झाणप्पा परमभावो= ધ્યાનરૂપ પરમભાવ, अक्खओ=અક્ષત છે, जत्तस्स दढत्ताओ=કેમ કે યત્નનો દૃઢભાવ છે, जं=જે કારણથી, इणं=આ=આગળની ગાથામાં કહેવાશે એ, महाभासे=મહાભાષ્યમાં, भणियं=કહેવાયું છે. ।।૫૪।।

ગાથાર્થ :-

વ્યવહારનયની આચરણામાં પણ મુનિઓને ધ્યાનરૂપ પરમભાવ અક્ષત છે; કેમ કે યત્નનો દૃઢભાવ છે, જે કારણથી આગળની ગાથામાં કહેવાશે એ મહાભાષ્યમાં કહેવાયું છે. ।।૫૪।।

ટીકા :-

'ववहारे वि' त्ति । व्यवहारे पदवाक्यमुद्रावर्त्तादिप्रणिधानगर्भकायवाग्व्यापाररूपेऽपि मुनीनां ध्यानात्मा परमभावोऽक्षतः, यत्नस्य दृढत्वाद्=एकाग्रत्वात्, अत एव योगत्रययौगपद्यस्याप्यविरोधप्रतिपादना-त्पदवाक्यादिविषयमनसोऽप्याशुसंचारित्वेन कालभेदानुपलक्षणसमर्थनात्, यत्नदृढताया ध्यानलक्षणत्वे संमतिमाह– यदिदं भणितं 'महाभाष्ये' विशेषावश्यके ।।५४।।

ટીકાર્થ :-

'व्यवहारे' ..... विशेषावश्यके ।। પદ-વાક્ય-મુદ્રા-આવર્ત્તાદિ પ્રણિધાનગર્ભ કાયા અને વાણીના વ્યાપારરૂપ વ્યવહારમાં પણ=શાસ્ત્રાનુસારી ઉચિત ક્રિયા કરતી વખતે ઉચ્ચારણ કરાતાં સૂત્રોનાં પદો, અને પદોના સમુદાયથી થયેલ વાક્ય, અને ક્રિયાકાળમાં કરાતી મુદ્રા, અને ક્રિયામાં કરાતા આવર્ત્તાદિ વિષયક લક્ષ્યને અનુકૂળ ભાવોને ઉલ્લસિત કરવા અર્થે માનસયત્નરૂપ પ્રણિધાન છે ગર્ભમાં જેને એવા કાયાના વ્યાપાર અને વાણીના વ્યાપારરૂપ વ્યવહારમાં પણ, મુનિઓને ધ્યાનરૂપ પરમભાવ અક્ષત છે; કેમ કે યત્નનું દૃઢપણું છે=વ્યવહારદશામાં રહેલા અપ્રમત્ત સાધુઓથી કરાતી અનુષ્ઠાનાત્મક ક્રિયામાં યત્નનું એકાગ્રપણું છે.

અહીં પ્રશ્ન થાય કે વ્યવહારદશામાં રહેલા અપ્રમત્ત સાધુઓ ક્રિયામાં દૃઢ યત્ન કરે છે, એટલા માત્રથી તેઓમાં ધ્યાનરૂપ પરમભાવ છે એમ કેમ કહી શકાય ? તેથી બીજો હેતુ કહે છે –

આથી જ=વ્યવહારદશામાં રહેલા અપ્રમાદભાવથી યત્ન કરનારા સાધુઓમાં ધ્યાનરૂપ પરમભાવ અક્ષત છે આથી જ, યોગત્રયના યૌગપદ્યના પણ અવિરોધનું પ્રતિપાદન છે.

અહીં પ્રશ્ન થાય કે વ્યવહારનયની અપ્રમાદભાવથી કરાતી ક્રિયાના કાળમાં મન ક્યારેક કાયયોગમાં ઉપયુક્ત હોય છે, ક્યારેક પદમાં ઉપયુક્ત હોય છે, ક્યારેક વાક્યાદિમાં ઉપયુક્ત હોય છે, તેથી વ્યવહારનયની અપ્રમાદભાવથી કરાતી ક્રિયામાં ત્રણે યોગો યુગપત્ પ્રવર્તે છે તેમ કહી શકાય નહિ. તેથી વ્યવહારનયની ક્રિયામાં દૃઢ યત્ન હોવા છતાં ધ્યાનરૂપ પરમભાવ નથી. તેના નિરાકરણ માટે ત્રીજો હેતુ કહે છે –

પદ-વાક્યાદિ વિષયમાં મનનું પણ આશુ સંચારીપણું હોવાને કારણે=વ્યવહારદશામાં અપ્રમાદભાવથી કરાતી ક્રિયાના કાળમાં પદ-વાક્યાદિ વિષયમાં મનનું પણ શીઘ્રસંચારીપણું હોવાને કારણે, કાળભેદના અનુપલક્ષણનું સમર્થન છે=ક્રિયા કરનાર અપ્રમત્ત સાધકનું મન ક્વચિત્ પદમાં છે, ક્વચિત્ વાક્યમાં છે, ક્વચિત્ કાયયોગમાં છે; એ પ્રકારના કાળભેદના અનુભવના અભાવનું શાસ્ત્રમાં સમર્થન કરેલ છે. તેથી વ્યવહારદશાની કરાતી ક્રિયામાં યોગત્રયનું યૌગપદ્ય છે, માટે વ્યવહારદશામાં રહેલા અપ્રમત્ત સાધુને ધ્યાનરૂપ પરમભાવ અક્ષત છે, એમ અન્વય છે.

પૂર્વમાં કહ્યું કે યત્નની દૃઢતા હોવાને કારણે વ્યવહારદશામાં રહેલા મુનિઓમાં ધ્યાનરૂપ પરમભાવ અક્ષત છે, અને ત્યાર પછી તેનું સમર્થન કર્યું. હવે વ્યવહારનયની ક્રિયામાં યત્નની દૃઢતા હોય ત્યારે ધ્યાન છે તેમ સ્વીકારવા માટે શાસ્ત્રવચન બતાવવા માટે કહે છે.

યત્નની દૃઢતાના ધ્યાનસ્વરૂપપણામાં સંમતિને કહે છે –

જે કારણથી આ=આગળની ગાથામાં કહેવાશે એ, મહાભાષ્યમાં=વિશેષાવશ્યક મહાભાષ્યમાં, કહેવાયું છે. ।।૫૪।।

❖ 'पदवाक्यमुद्रावर्त्तादिप्रणिधानगर्भकायवाग्व्यापाररूपेऽपि'માં 'आदि'પદથી બોલાતા સૂત્રોના અર્થનું ગ્રહણ કરવું, અને 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયમાં તો મુનિને ધ્યાનરૂપ પરમભાવ અક્ષત છે, પરંતુ પદ, વાક્ય, મુદ્રા, આવર્ત્તાદિ પ્રણિધાનગર્ભ કાયવાગ્વ્યાપારરૂપ વ્યવહારમાં પણ ધ્યાનરૂપ પરમભાવ અક્ષત છે.

❖ 'योगत्रययौगपद्यस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે યોગત્રયના યૌગપદ્યના અભાવના તો અવિરોધનું પ્રતિપાદન છે, પરંતુ યોગત્રયના યૌગપદ્યના પણ અવિરોધનું પ્રતિપાદન છે.

❖ 'पदवाक्यादिविषयमनसोऽपि'માં 'आदि'થી મુદ્રા, આવર્ત્તાદિ, બોલાતા સૂત્રોના અર્થનું ગ્રહણ કરવું, અને 'अपि'થી એ કહેવું છે કે પદવાક્યાદિ વિષયમાં વચનનું તો આશુ સંચારીપણું છે, પરંતુ મનનું પણ આશુ સંચારીપણું છે.

ભાવાર્થ :-

'નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે' એ પ્રકારનું સ્થાપન કરનાર પૂર્વપક્ષી કહે છે કે નિશ્ચયનયને અભિમત આચરણામાં રહેલા મુનિઓમાં ધ્યાનરૂપ પરમભાવ છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે વ્યવહારનયની આચરણામાં પણ મુનિઓને ધ્યાનરૂપ પરમભાવ છે. તે આ રીતે –

વ્યવહારદશામાં રહેલા મુનિ અપ્રમાદભાવથી સાધ્વાચારની ક્રિયા કરતા હોય ત્યારે, તે મુનિઓ જે સૂત્ર બોલે છે તે સૂત્રોના પદમાં, વાક્યમાં અને તે વખતે જે આસનાદિમાં બેસીને ક્રિયા કરે છે તે આસનરૂપ મુદ્રામાં અને ક્રિયાકાળમાં કરાતા આવર્ત્તમાં, ચિત્ત લક્ષ્યની નિષ્પત્તિને અનુકૂળ પ્રણિધાનવાળું હોય છે. તેથી

તેવા પ્રણિધાનથી યુક્ત તે મુનિના કાયવ્યાપાર અને વચનવ્યાપાર છે, અને તે કાયવ્યાપાર અને વચનવ્યાપારમાં લક્ષ્યને અનુકૂળ સુદૃઢ યત્નરૂપ ધ્યાન વર્તે છે. માટે વ્યવહારદશામાં પણ ધ્યાનરૂપ પરમભાવ અક્ષત છે.

અહીં પૂર્વપક્ષી કહે કે સુદૃઢ યત્નપૂર્વક પણ ક્રિયા કરાય છે ત્યારે મન, વચન અને કાયાના યોગો ભિન્ન ભિન્ન પ્રકારે વર્તે છે, જ્યારે ધ્યાનદશામાં તો ત્રણે યોગો માત્ર લક્ષ્યની નિષ્પત્તિ માટે પ્રવર્તે છે. તેથી નિશ્ચયદશામાં રહેલા યોગીઓમાં ધ્યાન છે, વ્યવહારદશાની ક્રિયામાં ધ્યાન નથી. પૂર્વપક્ષીનો આશય એ છે કે ધ્યાનમાં રહેલા મુનિઓ કાયાને સ્થિર રાખે છે, વચનથી મૌન ગ્રહણ કરે છે અને મનને શુદ્ધ આત્મતત્ત્વમાં લઈ જવા માટે સુદૃઢ વ્યાપારવાળું કરે છે. તેથી ધ્યાનકાળમાં ત્રણે યોગો યુગપત્ શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવા પ્રવર્તે છે; અને વ્યવહારની ક્રિયામાં તો વચનયોગ ક્યારેક પદમાં પ્રવર્તે છે, ક્યારેક વાક્યમાં પ્રવર્તે છે, અને કાયયોગ ક્યારેક મુદ્રામાં પ્રવર્તે છે અને ક્યારેક આવર્ત્તાદિમાં પ્રવર્તે છે, અને મનયોગ ક્યારેક પદમાં ઉપયોગવાળો હોય છે, ક્યારેક વાક્યમાં ઉપયોગવાળો હોય છે, ક્યારેક મુદ્રા અને આવર્ત્તમાં ઉપયોગવાળો હોય છે, ક્યારેક પદવાક્યથી વાચ્ય અર્થમાં ઉપયોગવાળો હોય છે. માટે ત્રણે યોગો ભિન્નકાળમાં વર્તે છે. તેથી વ્યવહારનયની સુદૃઢ ક્રિયામાં પણ ધ્યાનરૂપ પરમભાવ નથી. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

વ્યવહારની ક્રિયામાં પણ ધ્યાનરૂપ પરમભાવ છે. આથી વ્યવહારની ક્રિયામાં યોગત્રયના યૌગપદ્યના પણ અવિરોધનું પ્રતિપાદન છે અર્થાત્ કોઈ સાધક સુદૃઢ યત્નપૂર્વક શાસ્ત્રાનુસારી ક્રિયાઓમાં યત્ન કરતા હોય ત્યારે તેઓની ક્રિયામાં મન-વચન-કાયાના ત્રણે યોગો યુગપત્ પ્રવર્તી રહ્યા છે, પરંતુ તે ત્રણે યોગોના યુગપત્ પ્રવર્તનનો વિરોધ નથી, તેમ શાસ્ત્રમાં પ્રતિપાદન છે. તેથી જેમ નિશ્ચયદશામાં ત્રણે યોગો યુગપદ્ એક લક્ષ તરફ પ્રવર્તે છે તેમ વ્યવહારદશામાં પણ ત્રણે યોગો એક લક્ષ તરફ સુદૃઢ પ્રવર્તે છે. માટે વ્યવહારદશાની ક્રિયામાં પણ ધ્યાનરૂપ પરમભાવ અક્ષત છે.

અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયદશામાં રહેલા મુનિઓ તો વચન અને કાયાનો નિરોધ કરીને શુદ્ધ આત્મતત્ત્વને આવિર્ભાવ કરવા માટે મનોયોગને પ્રવર્તાવે છે, તેથી તેમની પ્રવૃત્તિમાં યોગત્રયના યૌગપદ્યનો અવિરોધ હોઈ શકે; પરંતુ વ્યવહારદશામાં રહેલા સાધુઓ સદનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે, પદવાક્યાદિમાં મન ક્રમસર સંચાર કરે છે. તેથી મનોયોગ ક્યારેક પદમાં હોય છે, ક્યારેક વાક્યમાં હોય છે તો ક્યારેક મુદ્રા આદિમાં હોય છે તો ક્યારેક અર્થમાં હોય છે. તેથી વ્યવહારદશાની ક્રિયામાં ત્રણે યોગો યુગપદ્ એક લક્ષ તરફ પ્રવર્તે છે તેમ કઈ રીતે કહી શકાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

વ્યવહારદશામાં રહેલા સાધુઓ શાસ્ત્રવિધિ અનુસાર અપ્રમાદભાવથી ક્રિયામાં ઉપયુક્ત હોય છે, અને તેઓ બોલાતા સૂત્રોના પદવાક્યાદિમાં મનને સુદૃઢ પ્રવર્તાવે છે. તે વખતે તેમનો મનોયોગ મોક્ષને અનુકૂળ પદ, વાક્ય, મુદ્રા આદિમાં શીઘ્રસંચારી હોવાને કારણે કાલભેદની અપ્રતીતિ છે, તેમ શાસ્ત્રમાં સમર્થન કરેલ છે. તેથી સૂક્ષ્મથી જોઈએ તો મનોયોગ ભિન્નકાળમાં પદમાં હોય છે અને ભિન્નકાળમાં વાક્યાદિમાં હોય છે, તોપણ લક્ષ્યને છોડ્યા વગર પદવાક્યાદિ સર્વમાં મન શીઘ્ર ફરતું હોવાથી એક કાળમાં પદવાક્યાદિ સર્વમાં મનોયોગ વર્તે છે, તેવી પ્રતીતિ થાય છે, એ પ્રકારનું સમર્થન શાસ્ત્રમાં કરેલ છે. તેથી વ્યવહારનયની

ક્રિયામાં પણ યોગત્રયના યૌગપદ્યનો સ્વીકાર છે, માટે વ્યવહારની ક્રિયામાં ધ્યાનરૂપ પરમભાવ અક્ષત છે. વળી અપ્રમાદભાવથી દૃઢ યત્ન થતો હોય ત્યારે ધ્યાન છે, તે વાતનો સ્વીકાર "વિશેષાવશ્યકભાષ્ય"માં કર્યો છે. તેની સાક્ષી ઉત્તરના શ્લોકમાં ગ્રંથકારશ્રી આપે છે. **॥૫૪॥**

અવતરણિકા :-

ગાથા-૫૪ના અંતે કહ્યું કે યત્નની દૃઢતા એ ધ્યાનનું લક્ષણ છે, અને તે પ્રમાણે વિશેષાવશ્યક મહાભાષ્યમાં કહેવાયું છે. તેથી તે વિશેષાવશ્યક મહાભાષ્યની ગાથા બતાવે છે –

ગાથા :-

सुदढप्पयत्तवावारणं णिरोहो व विज्जमाणाणं ।
झाणं करणाण मयं, ण उ चित्तणिरोहमित्तागं ।।५५।।

અન્વયાર્થ :-

करणाण=કરણોના=કાયા-વચન-મનરૂપ કરણોના, सुदढप्पयत्तवावारणं=સુદૃઢ પ્રયત્નનું વ્યાપારણ=ખેદાદિ દોષોના પરિહારપૂર્વક ઉત્કૃષ્ટ પ્રયત્નનું વ્યાપારણ, व=અથવા, विज्जमाणाणं णिरोहो=વિદ્યમાન કરણોનો નિરોધ, झाणं मयं=ધ્યાન કહેવાયું છે, उ=પરંતુ, चित्तणिरोहमित्तागं ण=ચિત્તનિરોધ માત્ર નહિ=ચિત્તનિરોધમાત્ર ધ્યાન કહેવાયું નથી. ।।૫૫।।

ગાથાર્થ :-

કરણોના સુદૃઢ પ્રયત્નનું વ્યાપારણ અથવા વિદ્યમાન એવા કરણોનો નિરોધ ધ્યાન કહેવાયું છે, પરંતુ ચિત્તનિરોધમાત્ર નહિ. ।।૫૫।।

ટીકા :-

'सुदढ' त्ति । सुदृढस्य=खेदादिदोषपरिहारेणोत्कृष्टस्य, प्रयत्नस्य व्यापारणं निरोधो वा विद्यमानानां योगनिरोधदशायां ध्यानं करणानां कायवाङ्मनसां मतम्, न तु चित्तनिरोधमात्रं, अन्यत्राव्याप्तेः, 'ध्यै चिन्तायां' इति धातुस्तु यथाश्रुतमात्रो न ग्राह्यः, धातूनामनेकार्थत्वात् परममुनिवचनानुरोधेनार्थान्तर-कल्पनाया अपि न्याय्यत्वादिति भावः ।।५५।।

ટીકાર્થ :-

सुदृढस्य ..... न्याय्यत्वादिति भावः ।। કરણોના=મન-વચન-કાયારૂપ કરણોના, સુદૃઢ પ્રયત્નનું વ્યાપારણ=ખેદાદિદોષોના પરિહારપૂર્વક ઉત્કૃષ્ટ પ્રયત્નનું વ્યાપારણ, અથવા યોગનિરોધદશામાં વિદ્યમાન કરણોનો નિરોધ, એ ધ્યાન કહેવાયું છે, પરંતુ ચિત્તનિરોધમાત્ર નહિ; કેમ કે અન્યત્ર=ચિત્તનિરોધથી અન્યત્ર વચન અને કાયાના નિરોધમાં, તે વ્યાખ્યાથી ધ્યાનના લક્ષણની અવ્યાપ્તિ છે અર્થાત્

કાયનિરોધ, વચનનિરોધ અને મનનિરોધમાં ધ્યાન વર્તે છે, આમ છતાં ચિત્તનિરોધમાત્રને ધ્યાન કહેવામાં આવે તો કાયા અને વાણીની સુદૃઢ પ્રવૃત્તિમાં ધ્યાનનું લક્ષણ સંગત થાય નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે 'ધ્યૈ' ધાતુ ચિંતા અર્થમાં છે અને ચિંતવન મનથી થઈ શકે, પરંતુ વચન અને કાયાથી થાય નહિ. તેથી મનના સુદૃઢ વ્યાપારમાં અર્થાત્ મનના નિરોધમાં ધ્યાનનું લક્ષણ સંગત થાય, પરંતુ કાયાના અને વચનના સુદૃઢ વ્યાપારમાં અર્થાત્ કાયાના અને વચનના નિરોધમાં ધ્યાનનું લક્ષણ સંગત થાય નહિ. તેથી ગ્રંથકારશ્રી કહે છે –

વળી 'ધ્યૈ चिन्तायां' એ પ્રકારનો ધાતુ યથાશ્રુતમાત્ર=જે પ્રમાણે 'ધ્યૈ' ધાતુ મનના ચિંતનમાં વપરાતો સંભળાય છે તે પ્રમાણે માત્ર અર્થ ગ્રહણ કરવો નહિ; કેમ કે ધાતુઓનું અનેકાર્થપણું છે.

અહીં પ્રશ્ન થાય કે 'ધ્યૈ' ધાતુ ચિંતા અર્થમાં વપરાય છે અને ચિંતવન મનથી થઈ શકે છે, તેથી ધ્યાન મનથી સંભવે. વળી 'ધ્યૈ' ધાતુનો અર્થ અનેકાર્થ સ્વીકારીએ તોપણ 'ધ્યૈ' ધાતુમાંથી કાયાનો અને વચનનો સુદૃઢ યત્ન ધ્યાન છે, એવો અર્થ ફલિત થતો નથી. તેથી ધાતુના અનેક અર્થો કહીને સ્વરુચિ અનુસાર ધ્યાનનો અર્થ કરી શકાય નહિ. તેના નિરાકરણ માટે અન્ય હેતુ કહે છે –

પરમમુનિના વચનના અનુરોધથી=પરમમુનિ એવા ભગવાનના વચનના અનુસરણથી, અર્થાન્તર કલ્પનાનું પણ='ધ્યાન' શબ્દ જે અર્થોમાં પ્રચલિત છે તેના કરતા અન્ય અર્થની કલ્પનાનું પણ, ન્યાય્યપણું છે, એ પ્રમાણે ભાવ છે. ॥૫૫॥

❖ 'खेदादिदोषपरिहारेण'માં 'आदि'પદથી ઉદ્વેગ આદિ ક્રિયાના સાત દોષોનું ગ્રહણ કરવું.

❖ 'अर्थान्तरकल्पनाया अपि'માં 'अपि'થી એ કહેવું છે કે 'ધ્યૈ' ધાતુ જે અર્થમાં વપરાય છે તે અર્થનું ગ્રહણ કરવું તો ન્યાય્ય છે, પરંતુ પરમ મુનિના વચનથી 'ધ્યૈ' ધાતુના અર્થાન્તરની કલ્પનાનું પણ ન્યાય્યપણું છે.

ભાવાર્થ :-

ક્રિયાના ખેદાદિ આઠ દોષો છે, તે સર્વ દોષોના પરિહારપૂર્વક જે યોગીઓ મન, વચન અને કાયાના યોગોરૂપ ત્રણે કરણોમાંથી કોઈપણ કરણમાં દૃઢ ઉપયુક્ત હોય ત્યારે તેનો વ્યાપાર ધ્યાનરૂપ છે, અને યોગનિરોધદશામાં મન, વચન અને કાયાના યોગોનો નિરોધ કરવામાં આવે છે તે પણ ધ્યાન છે.

જૈનદર્શનની માન્યતા પ્રમાણે મન, વચન અને કાયાના સુદૃઢ વ્યાપારરૂપ કાયિક, વાચિક અને માનસિક ત્રણ પ્રકારનું ધ્યાન છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે –

(૧) કોઈ યોગી ખેદાદિ સર્વ દોષોના પરિહારપૂર્વક ઇર્યાસમિતિમાં મન દ્વારા સુદૃઢ પ્રયત્ન કરતા હોય ત્યારે તે યોગીને કાયિકધ્યાન વર્તે છે.

(૨) કોઈ યોગી ખેદાદિ સર્વ દોષોના પરિહારપૂર્વક સ્વાધ્યાય આદિમાં મન દ્વારા સુદૃઢ પ્રયત્ન કરતા હોય ત્યારે તે યોગીને વાચિકધ્યાન વર્તે છે.

(૩) કોઈ યોગી ખેદાદિ સર્વ દોષોના પરિહારપૂર્વક શ્રુતના બળથી પદાર્થના ચિંતવનમાં સુદૃઢ પ્રયત્ન કરતા હોય ત્યારે તે યોગીને માનસધ્યાન વર્તે છે.

આ પ્રથમ ધ્યાનના ત્રણ પ્રકારમાંથી કોઈપણ પ્રકારનું ધ્યાન અપ્રમાદભાવથી સુદૃઢ યત્નપૂર્વક કરાતી સંયમની સર્વ ક્રિયાઓમાં હોય છે.

જૈનદર્શનની માન્યતા પ્રમાણે કરણોના નિરોધરૂપ બે પ્રકારનું શુક્લધ્યાન હોય છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે –

યોગનિરોધ કરવાના પ્રારંભકાળમાં ૧૩મા ગુણસ્થાનકના અંતે શુક્લધ્યાનના ત્રીજા પાયારૂપ ધ્યાન હોય છે, અને જ્યારે ત્રણે યોગોનો નિરોધ થાય છે ત્યારે ૧૪મા ગુણસ્થાનકવર્તી યોગીને શુક્લધ્યાનના ચોથા પાયારૂપ ધ્યાન વર્તે છે. આ બીજું ધ્યાન કેવળી સર્વકર્મોના નાશ અર્થે કરે છે. આ રીતે ધ્યાનનું સ્વરૂપ બતાવ્યા પછી સામાન્યથી લોકમાં પ્રસિદ્ધ છે કે ધ્યાન ચિત્તથી થાય છે, તેના નિરાકરણ માટે કહે છે –

ચિત્તનિરોધમાત્ર ધ્યાન નથી, એ કથનમાં 'માત્ર' શબ્દથી એ કહેવું છે કે વાગ્નિરોધ પણ ધ્યાન છે, કાયનિરોધ પણ ધ્યાન છે અને ચિત્તનિરોધ પણ ધ્યાન છે; પરંતુ ચિત્તનિરોધમાત્રને ધ્યાનરૂપે ગ્રહણ કરીએ તો કાયનિરોધ અને વાગ્નિરોધમાં ધ્યાનનું લક્ષણ જાય નહિ. ગ્રંથકારશ્રીએ ચિત્તનિરોધમાત્ર ધ્યાન નથી એમ કહ્યું, એમાં યોગ નિરોધકાળમાં વર્તતો ચિત્તનો નિરોધ અને ધ્યાનદશા કાળમાં વર્તતો ચિત્તનો સુદૃઢ વ્યાપાર એકાર્થવાચી ગ્રહણ કરી કહ્યું કે ચિત્તનો નિરોધ માત્ર ધ્યાન નથી, પરંતુ ત્રણે યોગોનો સુદૃઢ વ્યાપાર તે ત્રણે યોગોના નિરોધરૂપ ધ્યાન છે. માટે કાયિકધ્યાન પણ હોઈ શકે, વાચિકધ્યાન પણ હોઈ શકે, માનસધ્યાન પણ હોઈ શકે.

અહીં પ્રશ્ન થાય કે 'ધ્યાન' શબ્દમાં 'ધ્યૈ' ધાતુ છે અને 'ધ્યૈ' ધાતુ ચિંતા અર્થમાં છે અને ચિંતવન મનથી થઈ શકે છે, તેથી મનના સુદૃઢ વ્યાપારને ધ્યાન કહી શકાય, પરંતુ કાયાના સુદૃઢ વ્યાપારને કે વચનના સુદૃઢ વ્યાપારને ધ્યાન કહી શકાય નહિ. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

ચિંતા અર્થમાં વપરાતા 'ધ્યૈ' ધાતુનો જે પ્રમાણે અર્થ સંભળાય છે તેટલો જ અર્થ ગ્રહણ કરવાનો નથી; કેમ કે એક ધાતુ અનેક અર્થમાં વપરાય છે.

અહીં શંકા થાય કે 'ધ્યૈ' ધાતુના અનેક અર્થો સ્વીકારીએ તોપણ કાયાના સુદૃઢ વ્યાપાર કે વચનના સુદૃઢ વ્યાપારમાં ધ્યાન શબ્દ વપરાતો પ્રસિદ્ધ નથી, તેથી સ્વઇચ્છા અનુસાર 'ધ્યાન' શબ્દનો અર્થ કરી શકાય નહિ. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

પરમમુનિના વચનથી 'ધ્યાન' શબ્દના અર્થાન્તરની કલ્પના કરવી યુક્ત છે=ભગવાનના વચનાનુસાર ત્રણે યોગોના સુદૃઢ વ્યાપારમાં 'ધ્યાન' શબ્દનો અર્થ ગ્રહણ કરવો યુક્ત છે; કેમ કે મોહનો નાશ કરવો એ ધ્યાનનું પ્રયોજન છે, અને ત્રણે યોગોમાંથી કોઈપણ યોગમાં મન દ્વારા ઉપયુક્ત થવાથી મોહનું ઉન્મૂલન થઈ શકે છે. આથી ત્રણે યોગોમાંથી માત્ર કાયયોગમાં ઉપયુક્ત કે માત્ર વચનયોગમાં ઉપયુક્ત પણ યોગી ક્ષપકશ્રેણિ માંડીને મોહનો નાશ કરી શકે છે. આથી પરમમુનિના શાસનમાં ત્રણે યોગોમાંથી કોઈપણ એક યોગમાં ઉપયુક્ત યોગી ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરે છે, અને તે જ યોગમાં મન દ્વારા ઉપયુક્ત રહીને ક્ષપકશ્રેણિની નિષ્ઠાને પ્રાપ્ત કરે છે. **॥૫૫॥**

અવતરણિકા :-

ननु निश्चयस्योत्तरोत्तरशुद्धिर्दृश्यते व्यवहारस्य तु सदैकरूपत्वमेवेत्यस्ति विशेषो निश्चयस्येत्यत आह –

અવતરણિકાર્થ :-

'ननु'થી પૂર્વપક્ષી કહે કે નિશ્ચયની ઉત્તરોત્તર શુદ્ધિ દેખાય છે=નિશ્ચયનયની ધ્યાનસ્વરૂપ પ્રવૃત્તિથી મુનિના સંયમમાં ઉત્તરોત્તર શુદ્ધિ દેખાય છે. વળી વ્યવહારનું સદા એકરૂપપણું જ છે=વ્યવહારનયની સંયમની ક્રિયાનું સદા એકરૂપપણું જ છે, એથી નિશ્ચયનો વિશેષ છે="સાધુએ કલ્યાણના અર્થે નિશ્ચયમાં યત્ન કરવો જોઈએ" એ પ્રકારનો વ્યવહારથી નિશ્ચયનો ભેદ છે. આથી કહે છે=આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

પરમભાવમાં રહેલા મુનિ નિશ્ચયમાં જ રહેલા છે માટે સાધુને નિશ્ચય જ આશ્રયણીય છે, એ પ્રકારના અભિનિવેશનું નિરાકરણ ગાથા-૫૩માં કર્યું. ત્યાં વળી પૂર્વપક્ષીએ શંકા કરી કે ધ્યાનસ્વરૂપ પરમભાવ નિશ્ચયમાં જ છે, માટે પરમભાવના અર્થી સાધુએ નિશ્ચયમાં જ ઉદ્યમ કરવો જોઈએ. તેનું નિરાકરણ ગાથા-૫૪-૫૫માં કર્યું. હવે પૂર્વપક્ષી કહે છે કે નિશ્ચયનયની પ્રવૃત્તિથી જ ઉત્તરોત્તર સંયમની શુદ્ધિ થાય છે, વ્યવહારનયની પ્રવૃત્તિથી નહિ; કેમ કે વ્યવહારનયની આચરણા સદા એક સ્વરૂપ છે. માટે સાધુને નિશ્ચય જ આશ્રયણીય છે. તેનું નિરાકરણ કરે છે –

ગાથા :-

पढमं वयणठियाणं, धम्मखमाइट्ठिआण तत्तो अ ।
भिण्णो च्चिय ववहारो, रयणम्मि णिओगदिट्ठिव्व ।।५६।।

અન્વયાર્થ :-

પઢમં=પહેલાં, વયણઠિયાણં=વચનસ્થિતોનો=વચનક્ષમાદિમાં રહેલા સાધુઓનો, વવહારો=વ્યવહાર છે, અ=અને, તત્તો=ત્યારપછી, ધમ્મખમાઇટ્ઠિઆણ=ધર્મક્ષમાદિમાં રહેલા સાધુઓનો, રયણમ્મિ=રત્નમાં, ણિઓગદિટ્ઠિ વ=નિયોગદૃષ્ટિની જેમ, ભિણ્ણો ચ્ચિય વવહારો=ભિન્ન જ વ્યવહાર છે. ।।૫૬।।

ગાથાર્થ :-

પહેલાં વચનક્ષમાદિમાં રહેલા સાધુઓનો વ્યવહાર છે, અને ત્યારપછી ધર્મક્ષમાદિમાં રહેલા સાધુઓનો રત્નમાં નિયોગદૃષ્ટિની જેમ ભિન્ન જ વ્યવહાર છે. ।।૫૬।।

ટીકા :-

'पढमं' त्ति । प्रथमं वचने स्थितानां=आप्तोपदेशानुस्मरणनियतप्रवृत्तिकतया वचनक्षान्त्यादि-

व्यवस्थितानां, ततः=तदनन्तरं च, धर्मक्षमादिस्थितानां=पूर्वदण्डव्यापाराहितभ्रमिप्रयुक्ततन्निरपेक्षोत्तरचक्रभ्रमिस्थानीयशास्त्रव्यापारनिरपेक्षात्मसाद्भूतधर्मव्यवहारारूढानां, भिन्न एव व्यवहारः, अभ्यासानभ्यासलक्षणयोर्हेत्वोरल्पबहुनिर्जरालक्षणयोः फलयोश्च भेदात्, दृष्टान्तमाह-रत्ने नियोगदृष्टिरिव, यथा हि बालाद्यवस्थाकालीनरत्नदृगपेक्षया सुलब्धपरीक्षस्य पुंसो रेखोपरेखाद्याकलनकुशला नियोगदृष्टिर्भिन्ना, तथा प्रथमभिक्षाटनादिव्यवहारापेक्षयोत्तमदृष्टिसम्पन्नस्य तदुत्तरो भिक्षाटनादिव्यवहारोऽपि भिन्न एवेति भावः ।।५६।।

ટીકાર્થ :-

प्रथमं ..... भिन्न एवेति भावः ।। પ્રથમ=પહેલાં, વચનમાં રહેલા મુનિઓનો=આપ્તઉપદેશના અનુસરણપૂર્વક નિયતપ્રવૃત્તિપણાથી વચનક્ષમાદિમાં રહેલા મુનિઓનો, વ્યવહાર છે, અને ત્યારપછી ધર્મક્ષમાદિમાં રહેલા મુનિઓનો=પૂર્વના દંડવ્યાપારથી આહિત ભ્રમિથી પ્રયુક્ત, તદ્નિરપેક્ષ અર્થાત્ દંડવ્યાપારથી નિરપેક્ષ એવા ઉત્તરના ચક્રભ્રમિસ્થાનીય શાસ્ત્રવ્યાપારનિરપેક્ષ આત્મસાદ્ભૂત ધર્મવ્યવહારમાં આરૂઢ એવા મુનિઓનો, ભિન્ન જ વ્યવહાર છે; કેમ કે અભ્યાસ અને અનભ્યાસ છે સ્વરૂપ જેનું એવા બે હેતુનો અને અલ્પ-બહુ નિર્જરા છે સ્વરૂપ જેનું એવા બે ફલનો ભેદ છે.

દૃષ્ટાંતને કહે છે – રત્નમાં નિયોગદૃષ્ટિની જેમ, વચનક્ષમાદિમાં રહેલા મુનિઓના વ્યવહારથી ધર્મક્ષમાદિમાં રહેલા મુનિઓનો વ્યવહાર ભિન્ન જ છે, એમ અન્વય છે.

દૃષ્ટાંતનું તાત્પર્ય સ્પષ્ટ કરે છે –

જે રીતે બાલાદિઅવસ્થાકાલીન રત્નને જોવાની અપેક્ષા કરતાં, સુલબ્ધ પરીક્ષાવાળા પુરુષની=સારી રીતે પ્રાપ્ત કરાયું છે રત્નપરીક્ષાનું જ્ઞાન જેના વડે એવા પુરુષની, રેખા-ઉપરેખાદિનો નિર્ણય કરવામાં કુશલ એવી નિયોગદૃષ્ટિ=વ્યાપારદૃષ્ટિ, ભિન્ન છે, તે રીતે પ્રથમ ભિક્ષાટનાદિ વ્યવહારની અપેક્ષાએ ઉત્તમ દૃષ્ટિથી સંપન્ન એવા સાધુનો, તેનાથી ઉત્તર એવો=પૂર્વના ભિક્ષાટનાદિથી ઉત્તર એવો, ભિક્ષાટનાદિ વ્યવહાર પણ ભિન્ન જ છે, એ પ્રમાણે ભાવ છે. ।।૫૬।।

❖ 'बालाद्यवस्थाकालीनरत्नदृगपेक्षया'માં 'आदि'પદથી કંઈક અભ્યાસવાળી મધ્યમ અવસ્થાઓનું ગ્રહણ કરવું.

❖ 'वचनक्षान्त्यादिव्यवस्थितानां'માં 'आदि'થી વચનમાર્દવતા આદિનું ગ્રહણ કરવું.

❖ 'धर्मक्षमादिस्थितानां'માં 'आदि'થી ધર્મમાર્દવતા આદિનું ગ્રહણ કરવું.

❖ 'भिक्षाटनादिव्यवहारोऽपि'માં 'आदि'થી વિહાર આદિનું ગ્રહણ કરવું, અને 'अपि' થી એ કહેવું છે કે બાલાદિઅવસ્થાકાલીન રત્નને જોવાની દૃષ્ટિ કરતાં સુલબ્ધ પરીક્ષાવાળા પુરુષની નિયોગદૃષ્ટિ તો ભિન્ન છે, પરંતુ ઉત્તમ દૃષ્ટિસંપન્ન પુરુષનો તદુત્તર ભિક્ષાટનાદિ વ્યવહાર પણ ભિન્ન છે.

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ અવતરણિકામાં શંકા કરેલ કે નિશ્ચયનયની આચરણાથી આત્માની શુદ્ધિ ઉત્તરોત્તર વધે છે,

અને વ્યવહારનયની આચરણાઓ સદા એક સમાન છે, તેથી વ્યવહારનયની આચરણાથી આત્માની શુદ્ધિ ઉત્તરોત્તર વધતી નથી. તેને ગ્રંથકારશ્રી ઉત્તર આપે છે કે સાધુઓ પ્રથમ વચનક્ષમાદિમાં રહેલા હોય છે ત્યારે, ભગવાનના વચનના સ્મરણથી નિયત પ્રવૃત્તિ કરીને વ્યવહારની આચરણા કરે છે, અને ઉત્તરમાં ધર્મક્ષમાદિમાં રહેલા હોય છે ત્યારે શાસ્ત્રના વચનના સ્મરણ વગર આત્મસાદ્‌ભૂત થયેલ ધર્મ વ્યવહારમાં આરૂઢ હોય છે, અને તે વખતે ભિન્ન પ્રકારની વ્યવહારની આચરણા કરે છે.

હવે ધર્મક્ષમાદિકાળમાં શાસ્ત્રવચનનિરપેક્ષ ધર્મ કઈ રીતે પ્રગટે છે ? તે બતાવવા માટે દૃષ્ટાંત આપે છે- જેમ પૂર્વમાં દંડવ્યાપારથી ચક્રનું ભ્રમણ થાય છે, અને જ્યારે ચક્રભ્રમણ અતિશયિત થાય ત્યારે દંડવ્યાપાર વગર ચક્રભ્રમણ થાય છે, તેમ પૂર્વમાં શાસ્ત્રવ્યાપારથી ક્ષમાદિભાવો પ્રગટે છે, અને જ્યારે શાસ્ત્રવ્યાપાર અતિશયિત થાય છે ત્યારે આત્મસાદ્‌ભૂત ધર્મવ્યાપાર પ્રગટે છે; અને ધર્મવ્યાપારવાળા સાધુઓનો ભિક્ષાટનાદિ વ્યવહાર વચનક્ષમાદિવાળા સાધુઓ કરતાં ભિન્ન છે; કેમ કે વચનક્ષમાદિવાળા યોગીઓ શાસ્ત્રના વચનનું અવલંબન લઈને ક્ષમાદિ ભાવોનો અભ્યાસ કરતા હોય છે, અને ધર્મક્ષમાદિવાળા યોગીઓ શાસ્ત્રવચનનું અવલંબન લઈને ક્ષમાદિભાવોનો અભ્યાસ કરતા નથી, પરંતુ તેમને ક્ષમાદિભાવો સુઅભ્યસ્ત છે. તેથી વચનક્ષમાદિવાળા યોગીઓમાં અભ્યાસરૂપ હેતુ અને ધર્મક્ષમાદિવાળા યોગીઓમાં અનભ્યાસરૂપ હેતુનો ભેદ છે અર્થાત્ વચનક્ષમાદિવાળા યોગીઓમાં અભ્યાસરૂપ હેતુથી ક્ષમાદિભાવો વર્તે છે, અને ધર્મક્ષમાદિવાળા યોગીઓમાં અનભ્યાસરૂપ હેતુથી ક્ષમાદિભાવો વર્તે છે.

વળી વચનક્ષમાદિવાળા યોગીઓને વચનક્ષમાદિરૂપ હેતુથી અલ્પ નિર્જરારૂપ ફળ મળે છે, અને ધર્મક્ષમાદિવાળા યોગીઓને ધર્મક્ષમાદિરૂપ હેતુથી બહુ નિર્જરારૂપ ફળ મળે છે. તેથી વચનક્ષમાદિવાળા યોગીઓ કરતાં ધર્મક્ષમાદિવાળા યોગીઓનો ભિન્ન જ વ્યવહાર છે.

વચનક્ષમાદિવાળા યોગીઓ કરતાં ધર્મક્ષમાદિવાળા યોગીઓનો ભિન્ન વ્યવહાર છે, તેમાં દૃષ્ટાંત બતાવે છે – જેમ કોઈ રત્નની પરીક્ષા કરવાનું શીખવા માટે આવેલો હોય તે પ્રથમ બાલઅવસ્થામાં હોય છે અર્થાત્ રત્નપરીક્ષા શીખવામાં પ્રારંભની ભૂમિકામાં હોય છે, તો કેટલાક રત્નપરીક્ષા શીખવામાં મધ્યમ ભૂમિકામાં હોય છે. તે બાલઅવસ્થાવાળા અને મધ્યમ ભૂમિકાવાળા પરીક્ષકોની રત્નને જોવાની દૃષ્ટિ કરતાં જેણે રત્નની સારી પરીક્ષા શીખી લીધી છે, તેવા પુરુષની રત્નની રેખા-ઉપરેખા આદિના નિર્ણયમાં કુશલ એવી નિયોગદૃષ્ટિ જુદી હોય છે અર્થાત્ શિખાઉ જીવોની દૃષ્ટિ રત્નની પરખ કરવા માટે પ્રવર્તે છે, અને શીખેલા પુરુષની દૃષ્ટિ 'કયા રત્નને ખરીદ કરવાથી અધિક ધન મળશે' તેનો નિર્ણય કરવામાં પ્રવર્તે છે, તેથી શિખાઉ કરતાં શીખેલાની દૃષ્ટિ જુદી હોય છે. તેમ વચનક્ષમાદિમાં રહેલા સાધુઓ ભગવાનના વચનનું સ્મરણ કરીને ભિક્ષાટનાદિ વ્યવહાર કરે છે ત્યારે ભગવાનના વચનના બળથી સમતાની વૃદ્ધિ કરે છે; અને જ્યારે તે સાધુઓ અસંગઅનુષ્ઠાનની ઉત્તમ દૃષ્ટિને પ્રાપ્ત કરે છે, ત્યારે તેઓનો ભિક્ષાટનાદિ વ્યવહાર જુદા પ્રકારનો હોય છે. તેથી વ્યવહારની ક્રિયા સદા એકરૂપ છે એવું જે પૂર્વપક્ષી કહે છે તે બરાબર નથી, પરંતુ વ્યવહારની ક્રિયા પણ ઉત્તરોત્તર વિશુદ્ધ વિશુદ્ધતર હોય છે, અને તે વિશુદ્ધ વિશુદ્ધતર

વ્યવહારની ક્રિયાથી સંયમની ઉત્તરોત્તર શુદ્ધિ થાય છે. માટે જેમ નિશ્ચયનયની આચરણાથી ઉત્તરોત્તર શુદ્ધિ થાય છે તેમ વ્યવહારનયની આચરણાથી પણ ઉત્તરોત્તર શુદ્ધિ થાય છે.

અહીં વિશેષ એ છે કે પ્રથમ ભૂમિકામાં રહેલા સાધુઓ મન, વચન અને કાયાની દરેક પ્રવૃત્તિ ભગવાનના વચનના સ્મરણપૂર્વક કરે છે. તેથી ભિક્ષા અર્થે જાય છે ત્યારે ભગવાનના વચનાનુસાર સ્મરણ કરે છે કે 'ભિક્ષાની પ્રાપ્તિ થશે તો સંયમની વૃદ્ધિ થશે અને ભિક્ષા પ્રાપ્ત નહિ થાય તો તપની વૃદ્ધિ થશે.' આ રીતે ભગવાનના વચનાનુસાર સંકલ્પ કરીને યતનાપૂર્વક ભિક્ષાગ્રહણમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે ભિક્ષાની પ્રાપ્તિમાં હર્ષ થતો નથી અને અપ્રાપ્તિમાં ખેદ થતો નથી, પરંતુ ભિક્ષાની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ બન્નેમાં સમભાવની વૃદ્ધિ થાય છે. આ સમભાવની વૃદ્ધિ ભગવાનના વચનના સ્મરણના બળથી થાય છે.

વળી જે મુનિઓ અસંગભાવને પામેલા છે, તેઓ ભિક્ષા માટે જાય છે ત્યારે ભગવાનના વચનનું સ્મરણ કરીને વિચારતા નથી કે 'મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહિ મળે તો તપની વૃદ્ધિ થશે'; આમ છતાં ભિક્ષા માટે યત્ન કરે છે ત્યારે ચિત્ત સર્વત્ર સંગ વગરનું હોવાને કારણે ભિક્ષાની પ્રાપ્તિ કે અપ્રાપ્તિમાં સમભાવ વર્તે છે. તેથી આવા યોગીઓને વચનના સ્મરણ વગર પણ સહજભાવે સમતા વર્તે છે; અને વચનઅનુષ્ઠાનવાળા યોગીઓ જો વચનનું સ્મરણ ન કરે તો ભિક્ષાની પ્રાપ્તિમાં હર્ષ અને અપ્રાપ્તિમાં ખેદ થવાનો સંભવ રહે, જેનો પરિહાર વચનક્ષમાદિવાળા યોગીઓ શાસ્ત્રવચનના સ્મરણથી કરે છે. તેથી વચનઅનુષ્ઠાનવાળા યોગીઓનો અને અસંગઅનુષ્ઠાનવાળા યોગીઓનો ભિક્ષાટનાદિ વ્યવહાર ભિન્ન છે. આથી વચનાનુષ્ઠાનવાળા યોગીઓ ભિક્ષાટનાદિ કરીને અસંગભાવની શક્તિનો સંચય કરે છે, અને અસંગઅનુષ્ઠાનવાળા યોગીઓ ભિક્ષાટનાદિ કરીને ક્ષપકશ્રેણિને અનુકૂળ મહાવીર્યનો સંચય કરે છે. માટે વ્યવહારની આચરણામાં પણ સદા એકરૂપતા નથી, પરંતુ ઉત્તરોત્તર વિશુદ્ધપણું છે. **॥૫૬॥**

અવતરણિકા :-

ઉક્તાર્થે સમ્મતિમાહ –

અવતરણિકાર્થ :-

ઉક્ત અર્થમાં=પૂર્વગાથામાં કહ્યું કે વ્યવહાર સદા એકરૂપ નથી, પરંતુ ઉત્તરોત્તર વિશુદ્ધ વિશુદ્ધતર થાય છે એ રૂપ ઉક્ત અર્થમાં, સંમતિને=શાસ્ત્રની સંમતિને, કહે છે –

ગાથા :-

इत्तो पण्णत्तीए, ववहारे सव्वओ मलच्चाया ।
संवच्छराउ उड्ढं, भणिअं सुक्काभिजाइत्तं ।।५७।।

અન્વયાર્થ :-

इत्तो=આથી=ઉત્તરોત્તર વ્યવહારનું વિશુદ્ધપણું હોવાથી, पण्णत्तीए=પ્રજ્ઞપ્તિમાં=વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં,

વવહારે=વ્યવહારના વિષયમાં=ચારિત્રની આચરણારૂપ વ્યવહારના વિષયમાં, સવ્વઓ=સર્વ પ્રકારે, મલચ્ચાયા=મલના ત્યાગથી, સંવચ્છરાઉ ઉડ્ઢં=ચારિત્રના એક વર્ષના પર્યાય પછી, સુક્કાભિજાઇત્તં=શુક્લા-ભિજાત્યપણું=પરમશુક્લપણું, ભણિઅં=કહેવાયું છે. ॥૫૭॥

ગાથાર્થ :-

ઉત્તરોત્તર વ્યવહારનું વિશુદ્ધપણું હોવાથી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં ચારિત્રની આચરણારૂપ વ્યવહારના વિષયમાં સર્વ પ્રકારે મલના ત્યાગથી ચારિત્રના એક વર્ષના પર્યાય પછી શુક્લાભિજાત્યપણું કહેવાયું છે. ॥૫૭॥

ટીકા :-

'इत्तो' त्ति । इतः=उत्तरोत्तरव्यवहारस्य विशुद्धत्वात्, प्रज्ञप्तौ=व्याख्याप्रज्ञप्तौ, व्यवहारे चारित्र-क्रियालक्षणे सर्वतः=सर्वप्रकारेण, मलस्य=खेदादिदोषलक्षणस्यातिचारलक्षणस्य वा त्यागात् संवत्सरादूर्ध्वं=वर्षपर्यायानन्तरं, शुक्लाभिजात्यत्वं सुखासिकारूपानुत्तरोपपातिकदेवतेजोलेश्या-व्यतिक्रमानन्तरस्याभिन्नवृत्तामत्सरिकृतज्ञसदारम्भिहितानुबन्धित्वलक्षणस्य निरतिचारचरणलक्षणस्य वा शुक्लत्वस्य प्राप्तेरनन्तरं परमशुक्लत्वं भणितम्,

ટીકાર્થ :-

'इतः' उत्तरोत्तरव्यवहारस्य ..... परमशुक्लत्वं भणितम्, । આથી=ઉત્તરોત્તર વ્યવહારનું વિશુદ્ધપણું હોવાથી=પૂર્વગાથામાં સ્થાપન કર્યું એ રીતે વચનાનુષ્ઠાનથી માંડીને અસંગઅનુષ્ઠાન સુધીના ઉત્તર ઉત્તરના વ્યવહારનું વિશુદ્ધપણું હોવાથી, પ્રજ્ઞપ્તિમાં=વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં=ભગવતીસૂત્રમાં, ચારિત્રની ક્રિયાસ્વરૂપ વ્યવહારના વિષયમાં સર્વ પ્રકારે મલના ત્યાગથી=સર્વ પ્રકારે ખેદાદિ દોષોરૂપ મલના ત્યાગથી અથવા અતિચારરૂપ મલના ત્યાગથી, એક વર્ષના પર્યાય પછી=સંયમજીવનના એક વર્ષના પર્યાય પછી, શુક્લાભિજાત્યત્વ=પરમશુક્લત્વ, કહેવાયું છે.

શુક્લાભિજાત્યત્વ શું છે ? તેનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –

સુખાસિકારૂપ અનુત્તરોપપાતિકદેવની તેજોલેશ્યાના વ્યતિક્રમ અનંતર એવા શુક્લત્વની પ્રાપ્તિથી અનંતર પરમશુક્લત્વ કહેવાયું છે, એમ અન્વય છે.

હવે પરમશુક્લત્વની પૂર્વમાં પ્રાપ્ત થતા શુક્લત્વનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે –

અભિન્નવૃત્તત્વરૂપ=આત્માની સાથે એકત્વભાવને પામેલા ચારિત્રત્વરૂપ, અમત્સરિત્વરૂપ= પ્રાણાતિપાતાદિ હેયમાં અમત્સરિત્વરૂપ, કૃતજ્ઞત્વરૂપ, સદારંભિત્વરૂપ=મોહના ઉન્મૂલન માટે પરિપૂર્ણ યત્ન જેમાં હોય એવું સદારંભિત્વરૂપ, હિતાનુબંધિત્વરૂપ=આત્માના હિતની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય એવું હિતાનુબંધિત્વરૂપ, અથવા નિરતિચાર ચારિત્રરૂપ શુક્લપણું છે.

ભાવાર્થ :-

ગાથા-૫૬માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે વચનાનુષ્ઠાનવાળા મુનિઓમાં અને અસંગઅનુષ્ઠાનવાળા મુનિઓમાં ભિન્ન પ્રકારનો વ્યવહાર છે. એ વાતને બતાવવા માટે ભગવતીસૂત્રમાં કહ્યું છે કે જે મુનિ ભગવાનના વચનના નિયંત્રણ નીચે સંયમની સર્વ ક્રિયાઓ કરે છે તેઓનો ઉત્તર ઉત્તરનો વ્યવહાર વિશુદ્ધ વિશુદ્ધતર થાય છે, અને તે મુનિ અસંગઅનુષ્ઠાનને પ્રાપ્ત કરે છે ત્યારે અત્યંત વિશુદ્ધ વ્યવહાર થાય છે. આથી જે સાધુ સર્વ પ્રકારે ખેદાદિ દોષોના ત્યાગપૂર્વક કે સર્વ અતિચારોના ત્યાગપૂર્વક સંયમમાં ઉદ્યમ કરે છે તેવા બાર મહિનાના પર્યાયવાળા સાધુને શુક્લત્વની પ્રાપ્તિ થાય છે અર્થાત્ અનુત્તરોપપાતિક દેવોને જે સુખાસિકારૂપ તેજોલેશ્યા છે તેનો અતિક્રમ બાર મહિનાના પર્યાયવાળા સાધુ કરે છે તે રૂપ શુક્લત્વની પ્રાપ્તિ થાય છે, અને તે સાધુને બાર મહિનાના સંયમપર્યાય પછી પરમશુક્લત્વની પ્રાપ્તિ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે સાધુ સંપૂર્ણ અતિચારના પરિહારપૂર્વક અથવા ક્રિયાના ખેદાદિ આઠ દોષોના પરિહારપૂર્વક સંયમમાં ઉદ્યમ કરે છે, તે સાધુને ઉત્તરોત્તર ઉપશાંત ભાવનું સુખ વધે છે, અને જે સુખ અનુત્તરવાસી દેવોને છે તેનાથી અધિક સુખ બાર મહિનાના સંયમ પર્યાયવાળા સાધુને હોય છે. તેથી તે સાધુ અનુત્તરવાસી દેવોની સુખાસિકારૂપ તેજોલેશ્યાનો અતિક્રમ કરે છે, અને તે વખતે તે સાધુમાં જે શુક્લત્વ પ્રગટે છે તે પાંચ વિશેષણોથી યુક્ત છે, જેનું સ્વરૂપ નીચે પ્રમાણે બતાવે છે –

(૧) **અભિન્નવૃત્તત્વરૂપ શુક્લત્વ :-** સંયમની આચરણા સાથે આત્માનો તે પ્રકારનો તાદાત્મ્યભાવ થયો છે, જેથી સંયમની પ્રવૃત્તિ પોતાના આત્મા સાથે એકત્વભાવને પામે; તેવું શુક્લત્વ બાર મહિનાના પર્યાયવાળા સાધુને પ્રગટે છે.

(૨) **અમત્સરિત્વરૂપ શુક્લત્વ :-** સંયમજીવનના પ્રારંભમાં સાધુને પ્રાણાતિપાત આદિ અસંયમના પરિણામો પ્રત્યે મત્સરભાવ હોય છે અને દુષ્કૃતગર્હા કરીને તે સાધુ મત્સરભાવને અતિશયિત કરે છે, અને અતિશયિત થયેલા તે મત્સરભાવના બળથી તે સાધુ ચારિત્રના અતિચારોનો પરિહાર કરે છે; અને બાર મહિનાનો સંયમપર્યાય થાય છે ત્યારે તે સાધુને પ્રાણાતિપાતાદિ દોષો પ્રત્યે પણ મત્સરભાવ રહેતો નથી અને પ્રાણાતિપાતાદિ દોષોનું સેવન પણ થતું નથી; તેવું અમત્સરભાવરૂપ શુક્લત્વ બાર મહિનાના સંયમપર્યાયવાળા સાધુને પ્રગટે છે.

(૩) **કૃતજ્ઞત્વરૂપ શુક્લત્વ :-** સાધુમાં સામાન્યથી કૃતજ્ઞતાગુણ અવશ્ય હોય છે. આથી ભગવાને કરેલા ઉપકારને અને ગુરુએ કરેલા ઉપકારને પણ સદા યાદ કરે છે; અને આ કૃતજ્ઞતાગુણ સંયમના સેવનથી ઉત્કર્ષવાળો બને છે. તેવું કૃતજ્ઞત્વરૂપ શુક્લત્વ બાર મહિનાના પર્યાયવાળા સાધુને પ્રગટે છે.

(૪) **સદારંભિત્વરૂપ શુક્લત્વ :-** સંયમજીવનના પ્રારંભથી સાધુ સદારંભવાળા હોય છે, તોપણ અનાદિ મોહના અભ્યાસને કારણે ક્યારેક સ્ખલનાઓ પામે છે, ક્યારેક સદારંભની સુદૃઢ પ્રવૃત્તિમાં ગ્લાનિ આવે છે, આમ છતાં સદારંભના સેવનના બળથી જ્યારે શક્તિનો પ્રકર્ષ થાય છે ત્યારે પૂર્ણ સદારંભી બને છે, જે સદારંભીપણું મોહના ઉન્મૂલન માટે સુદૃઢ યત્નસ્વરૂપ હોય છે. તેવું સદારંભિત્વરૂપ શુક્લત્વ બાર મહિનાના પર્યાયવાળા સાધુને પ્રગટે છે.

(૫) હિતાનુબંધિત્વરૂપ શુક્લત્વ :- સંયમ ગ્રહણ કર્યા પછી મુનિ કેવલ મોક્ષને અનુકૂળ એવા ધર્મનું સેવન કરે છે, અને તે ધર્મનું સેવન ઉત્તરોત્તર હિતનું કારણ હોય છે. તેથી મુનિનું ધર્મસેવન હિતાનુબંધી હોય છે; આમ છતાં પ્રમાદથી ક્યારેક સ્ખલનાઓ થાય, ક્યારેક હિતને અનુકૂળ અનુષ્ઠાનમાં દૃઢપ્રવૃત્તિ ન થાય તો હિતાનુબંધિતા કંઈક તૂટે છે, પરંતુ બાર મહિનાના પર્યાય પછી સાધુને હિતના કારણીભૂત ધર્મનું સેવન તે પ્રકારે આત્મસાત્ થયેલ છે, જે પ્રકારે ધર્મઅનુષ્ઠાનમાં કોઈ સ્ખલના વગર કે કોઈ ગ્લાનિ વગર સુદૃઢ યત્ન થાય છે. તેવું હિતાનુબંધિત્વરૂપ શુક્લત્વ બાર મહિનાના પર્યાયવાળા સાધુને પ્રગટે છે.

અથવા

બાર મહિનાના પર્યાયવાળા સાધુને ક્રમશઃ વૃદ્ધિ પામતું નિરતિચાર ચારિત્રરૂપ શુક્લત્વ છે=સંયમજીવનમાં લાગતા સર્વ અતિચારોમાંથી કોઈ અતિચારનો સંભવ ન રહે તેવા સ્થિરભાવવાળા ચારિત્રરૂપ શુક્લત્વ છે, અને બાર મહિનાના પર્યાય પછી તે શુક્લત્વ જ પરમશુક્લપણાને પામે છે. તે વખતે મુનિ વીતરાગ જેવા સર્વથા સંગ વગરના બને છે.

ટીકા :-

तथा च तदालापः – "जे इमे भंते ! अज्जत्ताए समणा णिग्गंथा विहरन्ति एते णं कस्स तेउलेस्सं वीतिवयंति ? गोयमा ! मासपरिआए समणे णिग्गंथे वाणमंतराणं देवाणं तेउलेस्सं वीतिवयति, दुमासपरिआए समणे णिग्गंथे असुरिंदवज्जिआणं भवणवासीणं तेउलेस्सं वीतिवयति, एवं एतेणं अभिलावेणं तिमासपरिआए असुरकुमाराणं देवाणं, चउमासपरिआए गहगणणक्खत्ततारारूवाणं जोइसिआणं देवाणं, पंचमासपरिआए चंदिमसूरिआणं जोइसिआणं जोइसराईणं, छम्मासपरिआए सोहम्मीसाणाणं देवाणं, सत्तमासपरिआए सणंकुमारमाहिंदाणं देवाणं, अट्ठमासपरिआए बंभलोअलंतगाणं देवाणं, णवमासपरिआए महासुक्कसहस्साराणं देवाणं, दसमासपरिआए आणयपाणय-आरणअच्चुआणं देवाणं, एक्कारसमासपरिआए गेवेज्जगाणं देवाणं, बारसमासपरिआए समणे णिग्गंथे अणुत्तरोववाइआणं देवाणं, तेउलेस्सं वीतिवतति, तेण परं सुक्के सुक्काभिजातिए भवित्ता ततो पच्छा सिज्झइ जाव अंतं करेइ" **त्ति । एतच्चोत्तरोत्तरव्यवहारविशुद्धावेव युज्यते, पर्यायवृद्धेर्हेतोरुपदेशात्, नियमश्चायं श्रमणविशेषापेक्षयैव, अन्यथा कस्यचिदल्पेनापि कालेन शुक्लत्वोपपत्तेः, कस्यचिच्च महतापि कालेन तदनुपपत्तेरिति वृत्तौ व्यक्तम् ।**

ટીકાર્થ :-

तथा च तदालापः ..... वृत्तौ व्यक्तम् । અને તે રીતે=પૂર્વમાં કહ્યું કે બાર મહિના પછી સાધુ પરમશુક્લત્વને પામે છે તે રીતે, તેનો આલાપ છે=વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનો આલાપ છે –

હાલમાં જે આ શ્રમણનિર્ગ્રંથો વિચરે છે એઓ કોની તેજોલેશ્યાને વ્યતિક્રમ કરે છે ?

આ પ્રકારના ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન કહે છે –

હે ગૌતમ ! એક માસ પર્યાયવાળા શ્રમણનિર્ગ્રંથો વાણવ્યંતર દેવોની તેજોલેશ્યાને વ્યતિક્રમ કરે છે, બે માસના

પર્યાયવાળા શ્રમણનિર્ગ્રંથો અસુરેન્દ્રને છોડીને ભવનવાસી દેવોની તેજોલેશ્યાને વ્યતિક્રમ કરે છે. આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, આ અભિલાપ વડે=પૂર્વમાં કર્યો એવા અભિલાપ વડે, ત્રણ માસના પર્યાયવાળા નિર્ગ્રંથો અસુરકુમાર દેવોની, ચાર માસના પર્યાયવાળા નિર્ગ્રંથો ગ્રહગણ-નક્ષત્ર-તારારૂપ જ્યોતિષિ દેવોની, પાંચ માસના પર્યાયવાળા નિર્ગ્રંથો જ્યોતિષિ દેવોના ઇન્દ્ર એવા સૂર્ય-ચંદ્રરૂપ જ્યોતિષિઓની, છ માસના પર્યાયવાળા નિર્ગ્રંથો સૌધર્મ અને ઈશાનદેવોની, સાત માસના પર્યાયવાળા નિર્ગ્રંથો સનત્કુમાર અને માહેંદ્ર દેવોની, આઠ માસના પર્યાયવાળા નિર્ગ્રંથો બ્રહ્મલોક અને લાંતકદેવોની, નવ માસના પર્યાયવાળા નિર્ગ્રંથો મહાશુક્ર અને સહસ્રાર દેવોની, દસ માસના પર્યાયવાળા નિર્ગ્રંથો આનત-પ્રાણત-આરણ-અચ્યુત દેવોની, અગિયાર માસના પર્યાયવાળા નિર્ગ્રંથો ગ્રૈવેયક દેવોની, બાર માસના પર્યાયવાળા નિર્ગ્રંથો અનુત્તરોપપાતિક દેવોની, તેજોલેશ્યાને વ્યતિક્રમ કરે છે. તેણ પરં ત્યારપછી શુક્લ શુક્લ અભિજાત્ય થઈને ત્યારપછી સિદ્ધ થાય છે, યાવત્ અંતને કરે છે=સંસારના અંતને કરે છે.

'त्ति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે.

અને આ=મૂળ ગાથા પ્રમાણે ટીકાનો અત્યાર સુધી અર્થ કર્યો એ, ઉત્તરોત્તર વ્યવહારવિશુદ્ધિમાં જ ઘટે છે; કેમ કે પર્યાયની વૃદ્ધિરૂપ હેતુનો ઉપદેશ છે અર્થાત્ સંયમની આચરણાની ક્રિયામાં વધતી જતી સુખાસિકા પ્રત્યે પર્યાયની વૃદ્ધિરૂપ હેતુનું કથન છે, અને આ નિયમ=બાર મહિનાના પર્યાયથી અનુત્તરવાસીદેવોની તેજોલેશ્યાનો વ્યતિક્રમ કરે છે એમ જે પૂર્વમાં નિયમ બતાવ્યો એ નિયમ, શ્રમણવિશેષની અપેક્ષાએ જ છે; અન્યથા=શ્રમણવિશેષની અપેક્ષાએ આ નિયમ છે એમ ન સ્વીકારીએ તો, કોઈક સાધુને અલ્પ પણ કાળથી=બાર મહિનાથી અલ્પ પણ કાળથી, શુક્લત્વની ઉપપત્તિ હોવાથી તે નિયમ સંગત થાય નહિ, અને કોઈકને ઘણા પણ કાળથી=બાર મહિનાથી અધિક એવા ઘણા પણ કાળથી, તેની અનુપપત્તિ હોવાથી=શુક્લત્વની અનુપપત્તિ હોવાથી, તે નિયમ સંગત થાય નહિ, એમ અન્વય છે. એ પ્રમાણે વૃત્તિમાં=વ્યાખ્યાપ્રજ્ઞપ્તિની વૃત્તિમાં, વ્યક્ત છે.

❖ 'अल्पेनापि कालेन'માં 'अपि'થી એ કહેવું છે કે બાર મહિનાના પર્યાયથી તો શુક્લત્વની ઉપપત્તિ છે, પરંતુ કોઈક સાધુને અલ્પ પણ કાળથી શુક્લત્વની ઉપપત્તિ છે.

❖ 'महतापि कालेन'માં 'अपि'થી એ કહેવું છે કે કોઈક સાધુને બાર મહિનાના કાળથી તો શુક્લત્વની અનુપપત્તિ છે, પરંતુ બાર મહિનાથી અધિક એવા ઘણા પણ કાળથી પણ શુક્લત્વની અનુપપત્તિ છે.

ભાવાર્થ :-

પ્રજ્ઞપ્તિના આલાપથી ગ્રંથકારશ્રીએ બતાવ્યું કે બાર મહિનાના પર્યાય પછી શ્રમણ પરમશુક્લત્વને પામે છે, એ કથન સંયમની આચરણારૂપ વ્યવહારની ઉત્તરોત્તર વિશુદ્ધિ હોય તો જ ઘટે છે; કેમ કે સંયમના પર્યાયની વૃદ્ધિ જ પરમશુક્લત્વની પ્રાપ્તિનો હેતુ છે તેમ કહેલ છે. તેથી અર્થથી એ ફલિત થાય કે બાર મહિના સુધી વૃદ્ધિ પામતી સંયમની આચરણા કરવાથી શ્રમણ ક્રમશઃ શુક્લત્વને પામે અને બાર મહિના પછી પરમશુક્લત્વને પામે છે. તેથી ખેદાદિ દોષોના પરિહારપૂર્વક શ્રમણ જેમ જેમ ચારિત્રની ક્રિયાઓ કરે છે તેમ તેમ સુખાસિકારૂપ તેજોલેશ્યા વૃદ્ધિ પામે છે અર્થાત્ ઉપશમભાવની વૃદ્ધિ થાય છે. તેથી પૂર્વ પૂર્વની સંયમની ક્રિયા કરતાં ઉત્તર ઉત્તરની સંયમની ક્રિયા વિશુદ્ધતર છે. આથી પૂર્વની સંયમક્રિયા કરતાં ઉત્તરની

સંયમક્રિયાથી વિશેષ પ્રકારનો ઉપશમભાવ પ્રગટે છે.

પૂર્વ પૂર્વની સંયમની ક્રિયા કરતાં ઉત્તર ઉત્તરની સંયમની ક્રિયા વિશુદ્ધ વિશુદ્ધતર છે, એમ કહીને બાર મહિનાના પર્યાયથી સાધુ શુક્લત્વને પામે છે એમ કહ્યું, ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે આ નિયમ સર્વ સાધુની અપેક્ષાએ છે ? કે અમુક સાધુની અપેક્ષાએ છે ? તેના સમાધાન માટે કહે છે –

શ્રમણવિશેષની અપેક્ષાએ જ આ નિયમ છે=સંયમ લીધા પછી જો નિરતિચાર ચારિત્ર પાળે અને બાર મહિનાના ઉદ્યમ દ્વારા તેના ચારિત્રના આચારથી શુક્લત્વનાં પ્રતિબંધક કર્મો ક્ષયોપશમભાવને પામે, તેવા શ્રમણવિશેષની અપેક્ષાએ જ આ નિયમ છે.

અહીં પ્રશ્ન થાય કે શ્રમણવિશેષને આશ્રયીને જ આવો નિયમ કેમ છે ? તેથી કહે છે –

શ્રમણવિશેષને આશ્રયીને આ નિયમ ન સ્વીકારીએ અને સર્વ શ્રમણોને આશ્રયીને આ નિયમ સ્વીકારીએ તો કેટલાક શ્રમણોને અલ્પ પણ કાળથી શુક્લત્વની પ્રાપ્તિ છે તે સંગત થાય નહિ. જેમ તીર્થંકર આદિ જીવો દીક્ષા ગ્રહણ કરે કે તરત જ શુક્લત્વને પામે છે. વળી કેટલાક શ્રમણો ઘણા કાળ સુધી અતિચારના પરિહારપૂર્વક સંયમમાં ઉદ્યમ કરે છે તોપણ શુક્લત્વને પામતા નથી; કેમ કે શુક્લત્વનાં પ્રતિબંધક કર્મો બળવાન હોવાથી દીર્ઘકાળ સુધી સંયમની આચરણા કરવા છતાં તે સંયમની આચરણાથી તેવો શુદ્ધિનો પ્રકર્ષ ન થયો, તેથી શુક્લત્વની પ્રાપ્તિ થઈ નહિ, તે પણ સંગત થાય નહિ. માટે બધા શ્રમણોને આશ્રયીને બાર મહિનાના પર્યાયથી અવશ્ય શુક્લત્વની પ્રાપ્તિ થાય તેવો નિયમ નથી, પરંતુ શ્રમણવિશેષને આશ્રયીને જ આ નિયમ છે, એમ "ભગવતીસૂત્ર"ની વૃત્તિમાં કહ્યું છે.

ગાથા-૫૬ની અવતરણિકામાં પૂર્વપક્ષીએ કહેલ કે નિશ્ચયથી ઉત્તર ઉત્તર શુદ્ધિ છે, વ્યવહાર સદા એકરૂપ છે, માટે સંયમની શુદ્ધિના અર્થીએ નિશ્ચયનો જ આશ્રય કરવો જોઈએ; તેનું સમાધાન ગાથા-૫૬માં કર્યું કે વ્યવહારથી પણ સંયમની ઉત્તરોત્તર શુદ્ધિ છે, અને તેની જ સંમતિ બતાવવા માટે ગાથા-૫૭માં ભગવતીસૂત્રના આલાપની સાક્ષી આપી. તે સર્વ કથનથી શું સિદ્ધ થયું ? તે બતાવવા માટે કહે છે -

ટીકા :-

ततः सिद्धं निश्चयवद् व्यवहारतोऽपि तुल्यवत्सिद्धिरिति, यच्चोक्तं निश्चयार्थोपदर्शनार्थमात्रत्वाद् व्यवहारो नादरणीय इति तन्न, एतस्य परिभाषामात्रत्वात्, नयत्वेनोभयोरविशेषात्, परमार्थतो नयातीतप्रमाणभूतत्वादात्मतत्त्वस्येति दिग् ।।५७।।

ટીકાર્થ :-

ततः सिद्धम् ..... तत्त्वस्येति दिग् ।। તેથી નિશ્ચયની જેમ=નિશ્ચયનયને અભિમત ધ્યાનની આચરણાથી આત્માની શુદ્ધિ છે તેની જેમ, વ્યવહારથી પણ=વ્યવહારનયને અભિમત એવી સંયમની આચરણાથી પણ, તુલ્યવત્ સિદ્ધિ છે=સમાન રીતે ઉત્તરોત્તર સંયમની શુદ્ધિની સિદ્ધિ છે, એ પ્રમાણે સિદ્ધ થયું.

અને નિશ્ચયના અર્થનું ઉપદર્શનાર્થમાત્રપણું હોવાથી વ્યવહાર આદરણીય નથી, એ પ્રમાણે જે ગાથા-૨૦માં કહેવાયું તે બરોબર નથી; કેમ કે આનું=વ્યવહારનય નિશ્ચયાર્થ-ઉપદર્શનાર્થ-માત્ર છે એ કથનનું, પરિભાષામાત્રપણું છે=નિશ્ચયનયની પરિભાષામાત્ર છે.

પૂર્વમાં કહ્યું કે આ નિશ્ચયની પરિભાષામાત્ર છે, માટે તે નિશ્ચયનયનું કથન યુક્ત નથી. ત્યાં પ્રશ્ન થાય કે નિશ્ચયનય પણ નય છે, અને તે નય કોઈક દૃષ્ટિને સામે રાખીને તે પરિભાષા કરે છે. તેથી તે કથન અયુક્ત છે તેમ કહી શકાય નહિ. તેથી બીજો હેતુ કહે છે –

નયપણાથી ઉભયનું અવિશેષપણું છે=જેમ નિશ્ચયનય છે તેમ વ્યવહારનય છે, તેથી નયપણું બન્નેમાં સમાન છે. માટે એક નયની પરિભાષાને સ્વીકારીને અન્ય નયનો અપલાપ થઈ શકે નહિ, એમ સંબંધ છે.

પૂર્વમાં કહ્યું કે નયપણાથી ઉભયનયનું અવિશેષપણું છે, તેથી વ્યવહારનય અનાદરણીય છે એમ કહી શકાય નહિ. ત્યાં શંકા થાય કે નિશ્ચયનયની પ્રવૃત્તિ આત્મતત્ત્વની પ્રાપક છે. તેથી નિશ્ચયનય પ્રમાણભૂત છે વ્યવહારનય નહિ. માટે નિશ્ચયનય આદરણીય છે, વ્યવહારનય આદરણીય નથી. તેના નિરાકરણ માટે ત્રીજો હેતુ કહે છે –

પરમાર્થથી આત્મતત્ત્વનું નયાતીત પ્રમાણભૂતપણું છે, એ પ્રમાણે દિશાસૂચન છે. ॥૫૭॥

❖ 'निश्चयवद्व्यवहारतोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયથી તો સિદ્ધિ છે, પરંતુ વ્યવહારથી પણ તુલ્યવત્ સિદ્ધિ છે.

ભાવાર્થ :-

નિશ્ચયનયની જેમ વ્યવહારનયથી પણ સમાન રીતે જ ઉત્તરોત્તર સંયમની વૃદ્ધિની સિદ્ધિ છે, તેમ ગાથા-૫૬-૫૭ના કથનથી સિદ્ધ થયું.

વળી 'ब्राह्मणो न म्लेच्छितव्यः' એ પ્રમાણે વચન છે. તેથી પરમાર્થથી બ્રાહ્મણો મ્લેચ્છભાષાને બોલતા નથી, પરંતુ સ્વભાષાથી પ્રતિબોધ કરવો અશક્ય જણાય તેવા મ્લેચ્છને પ્રતિબોધ કરવા માટે બ્રાહ્મણ મ્લેચ્છભાષા બોલે છે, તોપણ મ્લેચ્છ જેવી આચરણા કરતા નથી; તેમ મ્લેચ્છભાષાસ્થાનીય વ્યવહારનય તત્ત્વનો પ્રતિપાદક હોવાથી વ્યવહારનયનો ઉપન્યાસ કરાય છે, તોપણ વ્યવહારનય મ્લેચ્છના જેવી પુદ્ગલની ક્રિયામાં પ્રવૃત્તિ કરાવનાર હોવાથી મોક્ષના અર્થી સાધુએ વ્યવહારનયનું અનુસરણ કરવું જોઈએ નહિ અર્થાત્ મોક્ષના અર્થી સાધુએ નિશ્ચયનયને અભિમત એવા ધ્યાનમાં જ યત્ન કરવો જોઈએ, પરંતુ કાયાની પુદ્ગલાત્મક ચેષ્ટાસ્વરૂપ વ્યવહારનયની આચરણા કરવી જોઈએ નહિ; એ પ્રમાણે જે ગાથા-૨૦માં પૂર્વપક્ષીએ કહ્યું તે નિશ્ચયનયના અર્થનું ઉપદર્શનાર્થમાત્ર છે. તેથી તે કથનથી વ્યવહારનય અનાદરણીય છે એ પ્રમાણે સિદ્ધ થતું નથી; કેમ કે એ કથન નિશ્ચયનયની પરિભાષામાત્ર છે.

આશય એ છે કે નિશ્ચયનય આત્માની પ્રવૃત્તિને મોક્ષ અર્થે કર્તવ્યરૂપે સ્વીકારે છે, તે બતાવવા માટે 'ब्राह्मणो न म्लेच्छितव्यः' એ વચનથી પરિભાષા કરવામાં આવી કે મોક્ષાર્થી સાધુએ પુદ્ગલાત્મક વ્યવહારની

ક્રિયા કરવી જોઈએ નહિ, અને તે પરિભાષા કરીને એ બતાવવું છે કે નિશ્ચયનય શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવાને અનુકૂળ આત્મવ્યાપારને ઉપાદેય કહે છે, અન્યને નહિ. આનાથી નિશ્ચયનયના અર્થનો બોધ થાય છે, પરંતુ એ કથનમાત્રથી નિશ્ચયનયની પ્રાપ્તિના ઉપાયભૂત એવી કાયિકાદિ પ્રવૃત્તિ અનાદરણીય સિદ્ધ થાય નહિ; કેમ કે નિશ્ચયનયે પોતાના અર્થને બતાવવા માટે જે પરિભાષા કરી તે પરિભાષાથી તેના અર્થનો બોધ કરાવવો તેટલું જ તેનું પ્રયોજન છે, તેથી તે પરિભાષાના અવલંબનથી નિશ્ચયનયની પ્રાપ્તિના ઉપાયભૂત એવી વ્યવહારની આચરણાનો અપલાપ કરી શકાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયનયે પોતાનો અર્થ બતાવવા માટે જે પરિભાષા કરી તે પરિભાષા દ્વારા આત્માએ આત્માની પ્રવૃત્તિ કરવી ઉચિત છે તેવું સ્થાપન કર્યું, અને તે દૃષ્ટિથી વિચારીએ તો વ્યવહારનયની પુદ્ગલાત્મક ક્રિયા અનાદરણીય સિદ્ધ થાય છે. તેથી નિશ્ચયનયની આ પરિભાષામાત્ર છે એમ કહીને વ્યવહારનય આદરણીય છે તેમ કઈ રીતે સ્થાપન થઈ શકે ? તેથી અન્ય હેતુ કહે છે –

'નયપણારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય બન્ને સમાન છે' અર્થાત્ મોક્ષની પ્રાપ્તિના ઉપાયને બતાવવા માટે જે દૃષ્ટિઓ છે તેમાંથી એક દૃષ્ટિ તે વ્યવહારનય છે અને અન્ય દૃષ્ટિ તે નિશ્ચયનય છે, તેથી નયરૂપે બન્ને દૃષ્ટિઓ સમાન છે, અને બન્ને દૃષ્ટિઓ સ્વસ્વદૃષ્ટિ અનુસાર મોક્ષની પ્રાપ્તિનો યથાર્થ ઉપાય બતાવે છે. તેથી નિશ્ચયનયની દૃષ્ટિથી બતાવાતો મોક્ષનો ઉપાય જેમ આદરણીય છે તેમ વ્યવહારનયની દૃષ્ટિથી બતાવાતો મોક્ષનો ઉપાય પણ આદરણીય છે. તેથી મોક્ષના અર્થીએ શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવા અર્થે અંતરંગ રીતે નિશ્ચયનયને અભિમત આત્માના શુદ્ધભાવમાં ઉદ્યમ કરવો આવશ્યક છે, તેમ અંતરંગ શુદ્ધ ભાવના ઉદ્યમને ઉલ્લસિત કરવા અર્થે તેના ઉપાયભૂત બહિરંગ કાયિક ચેષ્ટારૂપ વ્યવહારનયની ઉચિત ક્રિયામાં પણ ઉદ્યમ કરવો આવશ્યક છે, જેથી સમાનરૂપે ઉભયનય લક્ષ્યની પ્રાપ્તિના કારણ બને.

અહીં પૂર્વપક્ષી કહે કે નિશ્ચયનય શુદ્ધ આત્મતત્ત્વના આવિર્ભાવને અનુકૂળ ઉદ્યમને જ આદરણીય કહે છે, અને તે ઉદ્યમથી જ શુદ્ધ આત્મતત્ત્વ પ્રગટ થાય છે, તેથી નિશ્ચયનય પ્રમાણભૂત છે. માટે નિશ્ચયનય આદરણીય છે, વ્યવહારનય નહિ. તેનું નિરાકરણ કરવા માટે ત્રીજો હેતુ કહે છે –

'પરમાર્થથી આત્મતત્ત્વનું નયથી અતીત એવું પ્રમાણભૂતપણું છે.' આશય એ છે કે આત્મા માત્ર દ્રવ્યરૂપ પણ નથી, માત્ર પર્યાયરૂપ પણ નથી, પરંતુ દ્રવ્ય-પર્યાય ઉભયસ્વરૂપ છે. તેથી દ્રવ્યાસ્તિકનયથી અને પર્યાયાસ્તિકનયથી અતીત એવી દ્રવ્ય અને પર્યાય ઉભયરૂપ જે પૂર્ણ વસ્તુ તેને સ્વીકારનાર જે પ્રમાણદૃષ્ટિ છે તત્સ્વરૂપ આત્મા છે. તેની જેમ –

શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવાના ઉપાયનું વર્ણન કરનાર જેમ નિશ્ચયનય છે તેમ વ્યવહારનય પણ છે, અને તે બન્ને નયોથી પ્રાપ્ત એવું જે આત્માનું સ્વરૂપ તે પ્રમાણભૂત છે; પરંતુ માત્ર એક નયથી પ્રાપ્ત એવું આત્માનું સ્વરૂપ પ્રમાણભૂત નથી. તેથી શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિના ઉપાયને બતાવનાર નિશ્ચયનયને અભિમત અંતરંગ ઉદ્યમ જેમ આત્માનું સ્વરૂપ છે, તેમ વ્યવહારનયને અભિમત અંતરંગ ઉદ્યમને અનુકૂળ ઉચિત ક્રિયા પણ આત્માનું સ્વરૂપ છે, તેથી મોક્ષના અર્થી એવા આત્મા માટે ઉભયનયરૂપ પ્રમાણ જ આશ્રયણીય છે, માત્ર નિશ્ચયનય કે માત્ર વ્યવહારનય આશ્રયણીય નથી. **॥૫૭॥**

અવતરણિકા :-

ભરતાદિદૃષ્ટાન્તેનોક્તં વ્યવહારવૈફલ્યં નિરાકર્ત્તુમાહ –

અવતરણિકાર્થ :-

ગાથા-૨૧માં ભરતાદિના દૃષ્ટાંતથી કહેવાયેલ વ્યવહારના વિકલપણાનું નિરાકરણ કરવા માટે કહે છે –

ગાથા :-

ભરહાઈણં ણાયા, વેફલ્લં ણેવ હોઇ વવહારે ।
આહચ્ચભાવઓ ચ્ચિય, જમિણં આવસ્સએ ભણિયં ।।૫૮।।

અન્વયાર્થ :-

આહચ્ચભાવઓ ચ્ચિય=ક્યારેક થનારો ભાવ હોવાને કારણે જ=બાહ્ય આચરણા વગર નિશ્ચયનયને અભિમત એવી અંતરંગ પરિણતિ દ્વારા કેવળજ્ઞાનરૂપ ફલસિદ્ધિ ક્યારેક થનારી હોવાને કારણે જ, ભરહાઈણં ણાયા=ભરતાદિના દૃષ્ટાંતથી, વવહારે=વ્યવહારમાં=વ્યવહારની આચરણામાં, વેફલ્લં ણેવ હોઇ=વૈફલ્ય નથી જ=ફળસિદ્ધિ પ્રત્યે વિફલપણું નથી જ, જં=જે કારણથી, આવસ્સએ=આવશ્યકમાં, ઇણં=આ= આગળની ગાથા-૫૯-૬૦માં કહેવાશે એ, ભણિયં=કહેવાયું છે. ।।૫૮।।

ગાથાર્થ :-

ક્યારેક થનારો ભાવ હોવાને કારણે જ ભરતાદિના દૃષ્ટાંતથી વ્યવહારમાં વૈફલ્ય નથી જ; જે કારણથી આવશ્યકમાં આગળની ગાથા-૫૯-૬૦માં કહેવાશે, એ કહેવાયું છે. ।।૫૮।।

❖ 'ભરહાઈણં'માં 'આદિ'પદથી પ્રસન્નચંદ્રાદિનું ગ્રહણ કરવું.

ટીકા :-

'भरहाईणं' ति । भरतादीनां ज्ञातात्=दृष्टान्तात्, नैव व्यवहारे वैफल्यं भवति, आहत्यभावादेव=कादाचित्कत्वादेव, तथा च कदाचिद्दण्डं विनापि हस्तादिनैव चक्रभ्रमणाद् घटोत्पादेऽपि घटं प्रति दण्डस्येव व्यवहारं विनापि पूर्वभवाभ्यस्तकरणानां तथाभव्यत्वपरिपाकवतां भरतादीनां कदाचित् केवलज्ञानोत्पादेऽपि तं प्रति व्यवहारस्य न हेतुताक्षतिः, द्वारस्यान्यत एव सिद्धेः, स्वप्रयोज्यद्वार-सम्बन्धेनैव च हेतुत्वात्, प्रसन्नचन्द्रादीनां च बाह्यव्यवहारसत्त्वेऽपि केवलज्ञानानुत्पादो न दोषाय अन्तरकरणासत्त्वात्, सामग्र्या एव कार्यजनकत्वादविवेकमूलव्यभिचारदर्शनस्य विवेकिनामविश्वासा-जनकत्वात्तादृशाविश्वासस्य महानर्थनिमित्तत्वादिति भावः, अत्र सम्मतिमाह–यदिदं भणितमा-वश्यके ।।५८।।

ટીકાર્થ :-

ભરતાદિનાં ..... ભણિતમાવશ્યકે ।। આહત્યભાવ હોવાને કારણે જ=કાદાચિત્કપણું હોવાને કારણે જ=વ્યવહારની આચરણા વગર નિશ્ચયનયને અભિમત અંતરંગ પરિણતિથી ભરત મહારાજાને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ, તે રીતે કેવલજ્ઞાનની પ્રાપ્તિનું કાદાચિત્કપણું હોવાને કારણે જ, ભરતાદિના દૃષ્ટાંતથી વ્યવહારની આચરણામાં=સંયમયોગની બાહ્યઆચરણામાં, વિફલપણું નથી જ=ફળસિદ્ધિ પ્રત્યે વ્યવહારનયની બાહ્ય આચરણા નિષ્ફળ નથી જ, અને તે રીતે=ભરતાદિના દૃષ્ટાંતથી વ્યવહારની આચરણા નિષ્ફળ નથી એમ પૂર્વમાં સિદ્ધ કર્યું તે રીતે, ક્યારેક દંડ વગર પણ હસ્તાદિ વડે જ ચક્રભ્રમણથી ઘટના ઉત્પાદમાં પણ ઘટ પ્રતિ દંડની જેમ=દંડની કારણતાની જેમ, વ્યવહાર વગર પણ=વ્યવહારનયને અભિમત સંયમની આચરણા વગર પણ, પૂર્વભવઅભ્યસ્ત કરણવાળા તથાભવ્યત્વના પરિપાકવાળા એવા ભરતાદિને કદાચ કેવળજ્ઞાન ઉત્પન્ન થયે છતે પણ તેના પ્રતિ=કેવળજ્ઞાન પ્રતિ, વ્યવહારની=વ્યવહારનયને માન્ય સંયમની આચરણાની, હેતુતાની ક્ષતિ નથી; કેમ કે દ્વારની=કેવળજ્ઞાનની નિષ્પત્તિ પ્રત્યે અંતરંગ પરિણતિરૂપ અસંગભાવની પરિણતિસ્વરૂપ દ્વારની, અન્યથી જ=વ્યવહારનયની આચરણાથી અન્ય એવા તથાભવ્યત્વના પરિપાકથી જ, સિદ્ધિ છે.

અહીં પ્રશ્ન થાય કે જો વ્યવહારનયની આચરણા વગર અન્યથી જ અંતરંગ પરિણતિ થતી હોય તો વ્યવહારનયની આચરણાને કેવળજ્ઞાન પ્રત્યે હેતુ કઈ રીતે કહી શકાય ? તેથી બીજો હેતુ કહે છે –

સ્વપ્રયોજ્યદ્વાર સંબંધથી જ=વ્યવહારનયની આચરણાથી પ્રયોજ્ય અંતરંગ સમભાવની પરિણતિરૂપ દ્વાર સંબંધથી જ, વ્યવહારનયની ક્રિયાનું હેતુપણું છે. તેથી સાક્ષાત્ વ્યવહારનયની આચરણા નહિ હોવા છતાં સ્વપ્રયોજ્યદ્વાર સંબંધથી પૂર્વભવમાં સેવાયેલી વ્યવહારનયની આચરણા ભરતાદિને થતા કેવળજ્ઞાન પ્રત્યે કારણરૂપે છે, એ પ્રકારનો ભાવ છે.

ગાથા-૨૧માં ભરતાદિના દૃષ્ટાંતથી વ્યતિરેકવ્યભિચાર બતાવેલ અર્થાત્ બાહ્યક્રિયારૂપ કારણના અભાવમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિરૂપ ફળ થયું. તેથી વ્યવહારની ક્રિયામાં વ્યતિરેકવ્યભિચાર છે તેમ બતાવ્યું. પૂર્વમાં તેનું નિરાકરણ કરીને સ્થાપન કર્યું કે બાહ્યક્રિયા વગર ભરતાદિને કેવળજ્ઞાન થવા છતાં વ્યવહારની ક્રિયા કેવળજ્ઞાન પ્રત્યે નિષ્ફળ નથી, માટે વ્યતિરેકવ્યભિચાર નથી. વળી ગાથા-૨૧માં કહેલ કે પ્રસન્નચંદ્ર રાજર્ષિને વ્યવહારની ક્રિયા હોવા છતાં રૌદ્રધ્યાનદશામાં સંયમનો અનુત્પાદ હતો, માટે કેવળજ્ઞાન ન થયું, તેથી વ્યવહારની ક્રિયામાં અન્વયવ્યભિચાર છે. તેનું નિરાકરણ કરવા અર્થે કહે છે –

અને પ્રસન્નચંદ્રાદિને બાહ્ય વ્યવહાર હોવા છતાં પણ કેવળજ્ઞાનનો અનુત્પાદ દોષ માટે નથી=બાહ્ય વ્યવહારની ક્રિયા કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ નથી એ પ્રકારે સિદ્ધ કરવા માટે સમર્થ નથી; કેમ કે અંતરકરણનું અસત્ત્વ છે=કેવળજ્ઞાનની ઉત્પત્તિ પ્રત્યે અંતરંગકરણ અને બહિરંગકરણરૂપ કારણ સામગ્રીમાંથી અંતરંગકરણરૂપ કારણનો અભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે ભગવાને બતાવેલ સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ કરવામાં આવતી હોય અને કાર્ય

ન થાય તો વિચારકને બાહ્યક્રિયામાં અવિશ્વાસ ઉત્પન્ન થઈ શકે અર્થાત્ આ બાહ્યક્રિયા કેવળજ્ઞાન પ્રત્યે કારણ નથી, તે પ્રકારનો અવિશ્વાસ થઈ શકે તેના નિવારણ માટે બીજો હેતુ કહે છે –

સામગ્રીનું જ કાર્યજનકપણું હોવાને કારણે અવિવેકમૂલક વ્યભિચારદર્શનનું=માત્ર બાહ્યકારણસામગ્રીમાં કારણતાની બુદ્ધિ કરીને કાર્યનિષ્પત્તિના અભાવને જોઈને બાહ્યકારણસામગ્રીમાં જે વ્યભિચારનું દર્શન છે, તે અવિવેકમૂલક વ્યભિચારદર્શન છે, તે વ્યભિચારદર્શનનું વિવેકીઓને=ફલ પ્રતિ અંતરંગ અને બહિરંગ કારણસામગ્રીને ઉચિત રીતે જોડનારા એવા વિવેકીઓને, અવિશ્વાસનું અજનકપણું છે.

અહીં પ્રશ્ન થાય કે બાહ્ય આચરણા કરવાથી કાર્ય થતું નથી, તેવો ઘણા જીવોને અનુભવ થાય છે, તેથી બાહ્ય આચરણા સંયમની વૃદ્ધિ દ્વારા કેવળજ્ઞાનનું કારણ છે તેમાં ઘણાઓને અવિશ્વાસ થાય છે. માટે કેવળજ્ઞાનની ઉત્પત્તિ પ્રત્યે બાહ્ય કારણ હેતુ નથી તેવી કોઈને શંકા થાય. તેના નિવારણ માટે ત્રીજો હેતુ કહે છે –

તેવા પ્રકારના અવિશ્વાસનું=કેવળજ્ઞાનરૂપ કાર્ય પ્રત્યે બાહ્યક્રિયા કઈ રીતે કારણ છે અને અંતરંગ ક્રિયા કઈ રીતે કારણ છે, અને અંતરંગ ક્રિયાની નિષ્પત્તિમાં બહિરંગ આચરણાઓ કઈ રીતે ઉપષ્ટંભક છે, તેનો પરમાર્થથી જેમણે બોધ કર્યો નથી, તેવા અવિવેકીઓને માત્ર અંતરંગ પરિણામ દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ છે તેવી બુદ્ધિ થવાથી, બહિરંગ આચરણામાં જે પ્રકારનો અવિશ્વાસ થાય છે તેવા પ્રકારના અવિશ્વાસનું, મહાઅનર્થનું નિમિત્તપણું છે, એ પ્રકારનો ભાવ છે.

આમાં=ભરતાદિના દૃષ્ટાંતથી વ્યવહારની આચરણા કેવળજ્ઞાન પ્રત્યે નિષ્ફળ સિદ્ધ થતી નથી એમાં, સંમતિને કહે છે. જે કારણથી આ=આગળ ગાથા-૫૯-૬૦માં કહેવાશે એ, આવશ્યકમાં કહેવાયું છે. ॥૫૮॥

❖ 'भरतादीनां'માં 'आदि'પદથી ભરતાદિની જેમ વ્યતિરેકવ્યભિચાર જેમાં પ્રાપ્ત થતો હોય તેવા સાધકોનું ગ્રહણ કરવું.

❖ 'दण्डं विनापि'માં 'अपि'થી એ કહેવું છે કે દંડથી તો ચક્રભ્રમણ થાય છે, પરંતુ દંડ વગર પણ હસ્તાદિથી ચક્રભ્રમણ થાય છે.

❖ 'हस्तादिनैव'માં 'आदि'પદથી મંત્રાદિથી કે અન્ય કોઈ સામગ્રીથી ચક્રભ્રમણ થાય તેનું ગ્રહણ કરવું.

❖ 'घटोत्पादेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે દંડ વગર ઘટની ઉત્પત્તિ ન થતી હોય તો ઘટ પ્રતિ દંડની કારણતા છે, પરંતુ દંડ વગર ઘટની ઉત્પત્તિમાં પણ ઘટ પ્રતિ દંડની કારણતા છે.

❖ 'व्यवहारं विनापि'માં 'अपि'થી એ કહેવું છે કે વ્યવહારની આચરણાથી તો કોઈકને કેવળજ્ઞાન થાય, પરંતુ વ્યવહારની આચરણા વિના પણ પૂર્વભવઅભ્યસ્ત કરણવાળા તથાભવ્યત્વના પરિપાકવાળા ભરતાદિને કેવળજ્ઞાનનો ઉત્પાદ હોવા છતાં પણ કેવળજ્ઞાન પ્રત્યે વ્યવહારની હેતુતાની ક્ષતિ નથી.

❖ 'भरतादीनां कदाचित्केवलज्ञानोत्पादेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે ભરતાદિને કેવળજ્ઞાનનો ઉત્પાદ ન થયો હોય તો તો કેવળજ્ઞાન પ્રતિ વ્યવહારનયની હેતુતાની ક્ષતિ નથી, પરંતુ ભરતાદિને કેવળજ્ઞાનનો ઉત્પાદ થવા છતાં

પણ કેવળજ્ઞાન પ્રત્યે વ્યવહારનયની હેતુતાની ક્ષતિ નથી.

❖ 'प्रसन्नचंद्रादीनां'માં 'आदि'પદથી પ્રસન્નચંદ્રાદિની જેમ અન્વયવ્યભિચાર જેમાં પ્રાપ્ત થતો હોય તેવા સાધકોનું ગ્રહણ કરવું.

❖ 'बाह्यव्यवहारसत्त्वेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે બાહ્ય વ્યવહાર ન હોય તો તો કેવળજ્ઞાનનો અનુત્પાદ દોષ માટે નથી, પરંતુ બાહ્ય વ્યવહાર હોવા છતાં પણ કેવળજ્ઞાનનો અનુત્પાદ દોષ માટે નથી.

ભાવાર્થ :-

ગાથા-૨૧માં પૂર્વપક્ષીએ કહ્યું કે ભરતાદિએ બાહ્ય સંયમની આચરણારૂપ વ્યવહારનું સેવન કર્યું નથી, છતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. માટે કેવળજ્ઞાનરૂપ ફળસિદ્ધિ પ્રત્યે બાહ્ય વ્યવહારની આચરણા કારણ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે બાહ્ય આચરણા વગર કેવળજ્ઞાનની પ્રાપ્તિ ક્યારેક થાય છે, જ્યારે મોટા ભાગના જીવોને બાહ્ય સંયમની આચરણાથી જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે ક્યારેક થનારા ભાવોને ગ્રહણ કરીને ભરતાદિના દૃષ્ટાંતથી કેવળજ્ઞાન પ્રત્યે વ્યવહારનયને માન્ય સંયમની આચરણા કારણ નથી, તેમ કહી શકાય નહિ.

આનાથી શું ફલિત થાય તે દૃષ્ટાંતથી બતાવે છે –

ઘટાદિનો અર્થી ઘટના કારણોમાં પ્રવૃત્તિ કરે છે અને ઘટના કારણરૂપે દંડને પણ ગ્રહણ કરે છે, તેથી વ્યવહારનય ઘટ પ્રત્યે દંડને કારણ કહે છે; પરંતુ કોઈક વખતે ઘટનિષ્પત્તિ પ્રત્યે દંડ વગર પણ હસ્તાદિથી ચક્રભ્રમણ કોઈ કરે તો દંડરૂપ કારણ વગર પણ ઘટ ઉત્પન્ન થાય છે. આમ છતાં ઘટના કારણ તરીકે દંડનો વ્યવહાર થાય છે; કેમ કે મોટા ભાગે દંડથી ઘટની નિષ્પત્તિ થાય છે. તેમ વ્યવહારનયની આચરણા વગર પણ પૂર્વભવમાં જેમણે ચારિત્રના સેવનનો અભ્યાસ કર્યો છે અને તેના કારણે તથાભવ્યત્વ પરિપાક પામેલું છે, તેવા ભરતાદિને ક્યારેક બાહ્ય આચરણા વગર કેવળજ્ઞાન થઈ જાય, તોપણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ પ્રત્યે વ્યવહારનયની આચરણા કારણ છે, તેમ સ્વીકારવામાં કોઈ ક્ષતિ નથી. જેમ ચક્રભ્રમણ દંડને બદલે હસ્તાદિથી થયું તોપણ ઘટ ઉત્પન્ન થયો, તેમ ભરતાદિના આત્મામાં તથાભવ્યત્વના પરિપાકરૂપ અન્ય હેતુથી પરમસમતારૂપ અંતરંગ ચક્ર ગતિમાન થવાથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ; તોપણ કેવળજ્ઞાન પ્રત્યે સંયમની બહિરંગ આચરણા કારણરૂપે સ્વીકારવામાં કોઈ ક્ષતિ નથી.

અહીં પ્રશ્ન થાય કે જો વ્યવહારનયની આચરણા વગર અન્યથી જ અંતરંગ પરિણતિ થતી હોય તો વ્યવહારનયની આચરણાને કેવળજ્ઞાન પ્રત્યે હેતુ ન સ્વીકારીએ તો શું વાંધો ? તેથી બીજો હેતુ કહે છે –

સ્વપ્રયોજ્યદ્વાર સંબંધથી જ વ્યવહારનયની ક્રિયાઓ કેવળજ્ઞાન પ્રત્યે હેતુ છે. તેથી ભરતાદિએ પૂર્વભવમાં જે વ્યવહારનયને અભિમત સંયમની ક્રિયાઓ કરેલી તેનાથી તેમના આત્મામાં સમતાની પરિણતિરૂપ અંતરંગ ચક્ર ગતિમાન થયેલ, અને તે સંયમની ક્રિયાઓના સેવનથી પ્રગટ થયેલા સમતાના ઘનિષ્ઠ સંસ્કારો તેમના આત્મામાં રહેલા હતા. તેથી ચરમભવમાં અરીસાભુવનમાં તેવા નિમિત્તને પામીને પ્રગટ થયેલ ઊહથી તેમના તથાભવ્યત્વનો પરિપાક થવાથી તે સંસ્કારો જાગૃત થયા, અને તેના દ્વારા કેવળજ્ઞાનની

પ્રાપ્તિ થઈ. તેથી પૂર્વભવના સંયમથી પ્રયોજ્ય એવા સમતાના સંસ્કારરૂપ દ્વાર દ્વારા જ ભરતાદિને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ. તેથી ભરતાદિના કેવળજ્ઞાન પ્રત્યે સ્વપ્રયોજ્યદ્વાર સંબંધથી પૂર્વભવનું સંયમ કારણ છે. માટે ભરતાદિના કેવળજ્ઞાન પ્રત્યે પણ વ્યવહારનયની આચરણા હેતુ છે, તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

ભરતાદિ પૂર્વભવમાં અભ્યસ્તકરણવાળા હતા એમ ટીકામાં કહ્યું. તેનાથી એ પ્રાપ્ત થાય કે ભરત મહારાજાએ પૂર્વભવમાં સંયમની આચરણા કરીને અંતરંગ નિર્લેપ પરિણતિ અભ્યસ્ત કરેલી હતી, તેથી ચરમભવમાં તે નિર્લેપ પરિણતિને પ્રગટ કરવા માટે બાહ્ય આચરણાની આવશ્યકતા રહી નહિ. વળી કહ્યું કે ભરત મહારાજા તથાભવ્યત્વના પરિપાકવાળા હતા. તેનાથી એ કહેવું છે કે મોક્ષને અનુકૂળ એવું ભવ્યત્વ પરિપાક પામે ત્યારે ક્ષપકશ્રેણિ આવે છે, અને ભરત મહારાજાનું તેવા પ્રકારનું ભવ્યત્વ હતું કે બાહ્ય સંયમની ક્રિયા વગર વૈરાગ્યના નિમિત્તને પામીને પરિપાકને પામે. તેથી બાહ્ય સંયમની આચરણા વગર પણ ભરત મહારાજાને ક્ષપકશ્રેણિનો પ્રાદુર્ભાવ થયો, જેથી કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ; અને જેઓનું તેવા પ્રકારનું ભવ્યત્વ પરિપાક પામ્યું નથી તેઓને ક્ષપકશ્રેણિ અર્થે બાહ્ય સંયમની ક્રિયા પણ આવશ્યક રહે છે. જેમ ઋષભદેવ ભગવાનને બાહ્ય સંયમની ક્રિયા દ્વારા જ ચરમભવમાં તથાભવ્યત્વનો પરિપાક થવાથી ક્ષપકશ્રેણિનો પ્રાદુર્ભાવ થયો.

વળી ગાથા-૨૧માં પૂર્વપક્ષીએ કહેલ કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ સંયમની બાહ્યક્રિયાઓ કરતા હતા અને રૌદ્રધ્યાનદશાને પામ્યા ત્યારે તેમની સંયમની આચરણા કેવળજ્ઞાનનું કારણ થઈ નહિ, માટે વ્યવહારનયની બાહ્યક્રિયાઓ કેવળજ્ઞાન પ્રત્યે કારણ નથી. તેને ગ્રંથકારશ્રી કહે છે કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ જ્યારે રૌદ્રધ્યાનદશામાં હતા ત્યારે તેઓની સંયમની બાહ્ય ક્રિયા કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં કારણરૂપ ન બની તે દોષરૂપ નથી; કેમ કે કેવળજ્ઞાનની ઉત્પત્તિ પ્રત્યે બહિરંગકરણરૂપે વ્યવહારની ક્રિયા કારણ છે અને અંતરંગકરણરૂપે સમતાની પરિણતિ કારણ છે; અને પ્રસન્નચંદ્ર રાજર્ષિ રૌદ્રધ્યાનદશામાં હતા ત્યારે અંતરંગકરણ વિદ્યમાન ન હતું, તેથી માત્ર બહિરંગકરણથી કાર્ય ન થયું, એટલામાત્રથી બહિરંગકરણને કારણ નથી તેમ કહી શકાય નહિ.

અહીં કોઈને પ્રશ્ન થાય કે કારણસામગ્રી દેખાતી હોય તેમાં યત્ન કરાય તો કાર્ય થાય, અને મોક્ષની કારણસામગ્રી વ્યવહારનયને અભિમત બાહ્યઆચરણા હોય અને તેમાં યત્ન કરવા છતાં કાર્ય ન થાય, તો આ વ્યવહારનયની આચરણા કેવળજ્ઞાન પ્રત્યે કારણ છે, તેમાં કોઈકને અવિશ્વાસ ઉત્પન્ન થાય. તેથી બીજો હેતુ કહે છે –

સામગ્રી જ કાર્યજનક છે તેથી અંતરંગકરણના અભાવને કારણે કાર્ય ન થાય ત્યારે અવિવેકીને બાહ્યકારણમાં વ્યભિચારનું દર્શન થાય છે, પરંતુ તેવું વ્યભિચારનું દર્શન વિવેકીઓને અવિશ્વાસનું જનક બનતું નથી; કેમ કે વિવેકી પુરુષ કાર્યકારણભાવની વ્યવસ્થા વિચારનાર છે. તેથી બહિરંગ આચરણાના બળથી અંતરંગ સમતાની વૃદ્ધિ થતી તેને દેખાય છે અને આ રીતે વ્યવહારની આચરણા દ્વારા પ્રકર્ષને પામેલ સમતાની વૃદ્ધિ ક્ષપકશ્રેણિની નિષ્પત્તિ દ્વારા કેવળજ્ઞાનનું કારણ છે તેવો બોધ વિવેકીને છે. તેથી પ્રસન્નચંદ્રાદિની બાહ્ય પ્રવૃત્તિ જોઈને રૌદ્રધ્યાનદશાવાળી અવસ્થામાં તે બાહ્યપ્રવૃત્તિ કેવળજ્ઞાનનું કારણ નથી, તેમ વિચારીને વિવેકી પુરુષો

બાહ્ય ક્રિયામાં કેવળજ્ઞાનની હેતુતાનો અવિશ્વાસ કરતા નથી.

વળી જેઓ વિવેકવાળા નથી, આથી માત્ર અંતરંગ પરિણતિથી કેવળજ્ઞાન થાય છે તેમ વિચારીને બાહ્ય ક્રિયાઓ કેવળજ્ઞાન પ્રત્યે કારણ નથી તેવી બુદ્ધિ કરે છે, અને તેવી બુદ્ધિથી વાસિત અંતઃકરણ હોવાને કારણે પ્રસન્નચંદ્રાદિના દૃષ્ટાંતને લઈને અવિવેકીઓ બાહ્યક્રિયામાં કેવળજ્ઞાનની હેતુતાનો અવિશ્વાસ કરે છે, તેવા પ્રકારનો અવિશ્વાસ તેઓના માટે મહાઅનર્થનું નિમિત્ત છે; કેમ કે કેવળજ્ઞાનના ઉપાયમાં અનુપાયની બુદ્ધિ કરીને વિપર્યસ્તમતિવાળા એવા તેઓ માર્ગનો અપલાપ કરે છે, જેનાથી દુરંત સંસારમાં પરિભ્રમણ કરે છે.

ગાથામાં કહ્યું કે કદાચિત્‌ભાવને આશ્રયીને ભરતાદિના દૃષ્ટાંતથી વ્યવહારની ક્રિયાને કેવળજ્ઞાન પ્રત્યે અકારણરૂપે કહી શકાય નહિ. તેમાં આવશ્યકસૂત્રની સંમતિ બતાવવા અર્થે કહે છે; જે કારણથી આગળની ગાથામાં કહેવાશે તે આવશ્યકસૂત્રમાં કહેવાયું છે. ॥૫૮॥

અવતરણિકા :-

પૂર્વગાથાના અંતે કહ્યું કે જે કારણથી આવશ્યકમાં આ કહેવાયું છે. તેથી હવે આવશ્યકનું તે કથન ગાથા-૫૯-૬૦ દ્વારા બતાવે છે –

ગાથા :-

पत्तेअबुद्धकरणे, चरणं णासंति जिणवरिंदाणं ।
आहच्चभावकहणे, पंचहिं ठाणेहिं पासत्था ।।५९।।

અન્વયાર્થ :-

पत्तेअबुद्धकरणे=પ્રત્યેકબુદ્ધના અંતરંગ આચરણને ફલસાધક સ્વીકારાયે છતે, पासत्था=જડ એવા પાસત્થા, आहच्चभावकहणे=કદાચિત્‌ ભાવના કથનમાં, पंचहिं ठाणेहिं=પાંચ સ્થાનો વડે=પરંપરાએ સંયમનાશના કારણભૂત પાંચ સ્થાનો વડે, जिणवरिंदाणं चरणं=જિનેશ્વરદેવોના ચારિત્રને=જિનેશ્વર દ્વારા કહેવાયેલા ચારિત્રનો, णासंति=નાશ કરે છે. ॥૫૯॥

ગાથાર્થ :-

પ્રત્યેકબુદ્ધના અંતરંગ આચરણને ફલસાધક સ્વીકારાયે છતે જડ એવા પાસત્થા કદાચિત્‌ ભાવના કથનમાં પાંચ સ્થાનો વડે જિનેશ્વર દ્વારા કહેવાયેલા ચારિત્રનો નાશ કરે છે. ॥૫૯॥

❖ ગાથામાં 'प्रत्येकबुद्धकरणे' પછી फलसाधकेऽभ्युपगम्यमाने ટીકા પ્રમાણે અધ્યાહાર છે.

ટીકા :-

'पत्तेय' त्ति । प्रत्येकबुद्धाः=पूर्वभवाभ्यस्तोभयकरणा भरतादयस्तेषां यत्करणम्=आभ्यन्तराचरणं तस्मिन्नेव फलसाधकेऽभ्युपगम्यमाने जडाश्चरणं नाशयन्ति जिनवरेन्द्राणां सम्बन्धि आत्मनोऽन्येषां

च, आहत्यभावानां=कादाचित्कभावानां, कथने बाह्यकरणरहितैरेव भरतादिभिः केवलमुत्पादितमित्यनतिप्रयोजनं तदित्यादिलक्षणे 'पञ्चभिः' प्राणातिपातादिभिः 'स्थानैः' पारम्पर्येण करणभूतैः पार्श्वस्थाः, स्वयं ह्येवमुपदेष्टारो निरङ्कुशतयाऽनादिकालीनाभ्यासेन प्राणातिपातादिषु प्रवर्तन्ते प्रवर्त्तयन्ति चान्यानिति तीर्थं नाशयन्तीति भावः ।।५९।।

टीकार्थ :-

प्रत्येकबुद्धाः ..... नाशयन्तीति भावः ।। पूर्वभवअभ्यस्त उभयकरणवाळा भरतादि प्रत्येकबुद्धो छे, तेओनुं जे करण=अभ्यंतर आचरण, ते ज फलसाधक स्वीकाराये छते, आहत्यभावोना कथनमां=बाह्यकरणरहित ज एवा भरतादि वडे केवळज्ञान उत्पादन कराyुं, एथी अनतिप्रयोजनवाळुं ते छे अर्थात् अनतिप्रयोजनवाळुं बाह्य करण छे ईत्यादिरूप कादाचित्कभावोना कथनमां, परंपराए करणभूत=परंपराए चारित्रनाशमां करणभूत एवा, प्राणातिपातादि पांच स्थानो वडे जड एवा पार्श्वस्थो जिनेश्वर संबंधी पोताना अने अन्यना चारित्रनो नाश करे छे, ए प्रकारे अन्वय छे.

स्वयं आ रीते उपदेश देनारा=भरतादिना दृष्टांत द्वारा 'बाह्य आचरणाओ केवळज्ञाननुं कारण नथी' ए रीते उपदेश देनारा, निरंकुशपणाथी=चारित्रनी आचरणारूप अंकुशरहितपणाथी, अनादिकालीन अभ्यास वडे प्राणातिपातादिमां प्रवर्ते छे अने अन्योने प्रवर्तावे छे, ए रीते तीर्थनो नाश करे छे. ए प्रकारनो भाव छे. ।।५९।।

भावार्थ :-

पूर्वभवमां संयमनी बाह्य आचरणा अने अंतरंग समतानो परिणाम जेमणे सुअभ्यस्त कर्यो छे, एवा उभयकरणवाळा भरतादि प्रत्येकबुद्धो छे, अने तेओ चरम भवमां अभ्यंतर चारित्रना बळथी केवळज्ञान प्राप्त करे छे. तेथी प्रत्येकबुद्ध एवा भरतादिना अभ्यंतर चारित्रना परिणामने फलसाधक स्वीकारीने जड एवा पासत्था भगवाने बतावेल चारित्रनो नाश करे छे अर्थात् भगवाने बतावेल चारित्रनो पोतानां आत्मामां नाश करे छे, अने उपदेश द्वारा अन्य जीवोमां नाश करे छे. तेओ कहे छे के भरतादिने बाह्य आचरणा वगर केवळज्ञान उत्पन्न थयुं, तेथी केवळज्ञान प्रत्ये बाह्य आचरणा अनतिप्रयोजनवाळी छे अर्थात् निष्फळ छे. आम कहीने स्वयं संयमनी बाह्य आचरणानो अंकुश पोताना उपर राखता नथी, तेथी संयमनी शुद्धिना कारणीभूत निर्दोष भिक्षाचर्या आदिमां प्रयत्न करता नथी, परंतु अनादिभवअभ्यासने अनुरूप शरीरनी अनुकूळता अर्थे प्राणातिपातादिमां प्रवर्ते छे, अने अन्योने पण ते प्रकारनो उपदेश आपीने संयममां शिथिल बनावे छे अने प्राणातिपात आदिमां प्रवर्तावे छे. आ रीते मोक्षना कारणीभूत एवा रत्नत्रयीरूप तीर्थनो स्वमां नाश करे छे अने उपदेश द्वारा अन्य जीवोने विपरीत बोध करावीने तेमनामां वर्तता रत्नत्रयीना परिणामरूप तीर्थनो के रत्नत्रयीना अभिमुख परिणामरूप तीर्थनो नाश करे छे.

अहीं टीकामां 'जडाः' प्रयोग कर्यो. तेनाथी ए फलित थाय छे के संयम ग्रहण कर्या पछी कल्याणना अर्थे

શાસ્ત્રો ભણતાં ભણતાં કોઈક રીતે પાસત્થા વિપરીત મતિવાળા થાય છે ત્યારે શાસ્ત્રમાં બતાવાયેલા ભરતાદિના દૃષ્ટાંતને ગ્રહણ કરીને, અને સ્વમતિની વક્રતાને કારણે નિશ્ચયનયનાં વચનોને સાંભળીને, વિકલ્પો કરે છે કે અંતરંગ પરિણામથી જ મોક્ષની પ્રાપ્તિ છે. તેથી અંતરંગ પરિણામને કરવા માટે તે તે પ્રકારની સ્વકલ્પિત વિચારણાઓ કે ભાવનાઓ કરે છે, જેથી સમતાના પરિણામથી પોતે સંસારના પારને પામે; પરંતુ સર્વજ્ઞએ જે મોક્ષની પ્રાપ્તિનો ઉપાય અંતરંગ સમતાનો પરિણામ બતાવ્યો, અને તેની પ્રાપ્તિના ઉપાયરૂપે સંયમની નિર્દોષ ક્રિયાઓ બતાવી, તે શાસ્ત્રવચનોને ઉચિત રીતે જાણવાનું અને વિચારવાનું છોડીને, સ્વમતિ અનુસાર બાહ્યક્રિયાને અનતિપ્રયોજનવાળી સ્વીકારીને, સ્વચ્છંદ રીતે સંયમના અંકુશ વગર જીવીને, સમતાની પરિણતિનો તેઓ જે અભિલાષ કરે છે, તે તેમની વસ્તુસ્થિતિને જોવામાં જડતા છે. તે બતાવવા માટે જડ એવા પાસત્થા ચારિત્રનો નાશ કરે છે, તેમ કહેલ છે. **॥૫૯॥**

ગાથા :-

उम्मग्गदेसणाए, चरणं णासंति जिणवरिंदाणं ।
वावन्नदंसणा खलु, न हु लब्भा तारिसा दट्ठुं ।।६०।।

અન્વયાર્થ :-

वावन्नदंसणा=વ્યાપન્નદર્શનવાળા પાસત્થાઓ, उम्मग्गदेसणाए=ઉન્માર્ગની દેશના વડે=પૂર્વગાથામાં કહી એ પ્રકારની ઉન્માર્ગની દેશના વડે, जिणवरिंदाणं चरणं=જિનેશ્વરદેવોએ બતાવેલા ચારિત્રનો, णासंति=નાશ કરે છે, तारिसा=તેવા તેઓ, दट्ठुं=જોવાને માટે પણ, खलु=ખરેખર, लब्भा न हु=યોગ્ય નથી જ. ॥૬૦॥

ગાથાર્થ :-

વ્યાપન્નદર્શનવાળા પાસત્થાઓ ઉન્માર્ગની દેશના વડે જિનેશ્વરદેવોએ બતાવેલા ચારિત્રનો નાશ કરે છે, તેવા તેઓ જોવાને માટે પણ ખરેખર યોગ્ય નથી જ. ॥૬૦॥

❖ 'दट्ठुं' પછી 'अपि' ટીકા અનુસાર અધ્યાહાર છે.

ટીકા :-

'उम्मग्ग' त्ति । उन्मार्गदेशनयाऽनया चरणं नाशयन्ति जिनवरेन्द्राणां सम्बन्धिभूतमात्मनोऽन्येषां वा, अतो व्यापन्नदर्शनाः=अर्हद्देवतादिवचोव्यवहारतः सम्यग्दृष्टिवदाभासमाना अपि निश्चयतो विनष्टसम्यग्दर्शना, नैव लभ्याः=कल्प्याः, तादृशा दृष्टुमपि ।।६०।।

ટીકાર્થ :-

उन्मार्गदेशनयाऽनया ..... दृष्टुमपि ।। આ ઉન્માર્ગની દેશના વડે=પૂર્વગાથામાં બતાવી એ ઉન્માર્ગની દેશના વડે, જિનેશ્વરદેવોના સંબંધિભૂત એવા પોતાના અને બીજાના ચારિત્રનો નાશ કરે છે અર્થાત્

પાસત્થાઓ નાશ કરે છે, આથી વ્યાપન્નદર્શનવાળા છે અર્થાત્ અર્હદ્ દેવતાદિના વચનના વ્યવહારથી= અમારા દેવતા અરિહંત છે અને અમારો ધર્મ સર્વજ્ઞએ કહેલો છે ઇત્યાદિ વચનના વ્યવહારથી, સમ્યગ્દૃષ્ટિની જેમ આભાસમાન પણ નિશ્ચયથી વિનષ્ટ સમ્યગ્દર્શનવાળા છે=અંતરંગ પરિણતિથી સમ્યગ્દર્શન રહિત છે, તેવાઓ જોવા માટે પણ યોગ્ય નથી. ॥૬૦॥

❖ 'अर्हद्देवतादिवचोव्यवहारतः'માં 'आदि'પદથી સર્વજ્ઞએ કહેલા ધર્મનું ગ્રહણ કરવું.

❖ 'दृष्टुमपि'માં 'अपि'થી એ કહેવું છે કે તેવા પ્રકારના વ્યાપન્નદર્શનવાળા વાર્તાલાપ કરવા માટે તો યોગ્ય નથી, પરંતુ જોવા માટે પણ યોગ્ય નથી.

ભાવાર્થ :-

ગાથા-૫૯માં બતાવ્યું એ પ્રમાણે પાસત્થાઓ ભરતાદિના દૃષ્ટાંતને ગ્રહણ કરીને 'કેવળજ્ઞાન પ્રત્યે બાહ્ય આચરણાઓ કારણ નથી', એ પ્રકારની ઉન્માર્ગની દેશના આપે છે, અને પોતે પણ સંયમની બાહ્ય આચરણાઓ કરતા નથી, એથી ભગવાને કહેલા સર્વવિરતિરૂપ ચારિત્રનો પોતાનામાં અને અન્યમાં નાશ કરે છે. આ રીતે પાસત્થાઓ વિપરીત બોધવાળા અને વિપરીત દેશના આપનારા હોવાથી વ્યાપન્નદર્શનવાળા છે અર્થાત્ અરિહંતને દેવ માને છે, સર્વજ્ઞના ધર્મને ધર્મરૂપે સ્વીકારે છે, એ પ્રકારના વ્યવહારથી તેઓ સમ્યગ્દૃષ્ટિ છે તેમ ભાસે, પરંતુ ભગવાનના વચનથી વિપરીત રુચિવાળા અને વિપરીત પ્રરૂપણા કરનારા હોવાને કારણે નિશ્ચયથી સમ્યગ્દર્શન રહિત છે. આવા પાસત્થાઓ જોવાને પણ યોગ્ય નથી અર્થાત્ તેઓનું દર્શન કરવાથી પણ પાપબંધ છે, તેથી તેઓ અત્યંત વર્જ્ય છે. આ પ્રકારના ગાથા-૫૯-૬૦ના કથનથી ફલિત થાય છે કે ભરતાદિના દૃષ્ટાંતથી વ્યવહારનું વૈફલ્ય સિદ્ધ કરવું તે શાસ્ત્રવિરુદ્ધ છે. માટે કલ્યાણના અર્થીએ ભગવાને કહેલ સંયમની બાહ્યઆચરણામાં ઉદ્યમ કરવો જોઈએ, જેથી અંતરંગ પરિણામની વિશુદ્ધિ દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. **॥૬૦॥**

અવતરણિકા :-

इष्टविषयोपनीतं ध्यानमेव सर्वकार्यकरमित्युक्तं निराकर्त्तुमाह –

અવતરણિકાર્થ :-

ઇષ્ટ વિષયથી ઉપનીત=શરીરને અનુકૂળ એવા આહારાદિથી પુષ્ટ થયેલું, ધ્યાન જ સર્વકાર્યને કરનારું છે=કેવળજ્ઞાનને અનુકૂળ એવી નિર્જરારૂપ કાર્યને કરનારું છે, એ પ્રમાણે ગાથા-૨૧ના ઉત્તરાર્ધમાં કહેવાયું. તેનું નિરાકરણ કરવા માટે કહે છે –

ગાથા :-

इट्ठविसयाणुगाण य, झाणं कलुसाहमं विणिद्दिट्ठं ।
सूअगडे मंसट्ठिअजीवाणं मच्छझाणं व ।।६१।।

અન્વયાર્થ :-

ય=અને, સૂઅગડે=સૂત્રકૃતાંગમાં, इट्ठविसयाणुगाण झाणं=ઈષ્ટ વિષયને અનુસરનારાઓનું ધ્યાન=મનોજ્ઞ ભોજન આદિ વિષયોમાં આસક્તોનું ધ્યાન, मंसट्ठिअजीवाणं मच्छझाणं व=માંસાર્થી જીવોના મત્સ્યના ધ્યાનની જેમ, कलुसाहमं=કલુષ અને અધમ, विणिद्दिट्ठं=કહેવાયું છે. ॥૬૧॥

ગાથાર્થ :-

અને સૂત્રકૃતાંગમાં ઈષ્ટ વિષયને અનુસરનારાઓનું ધ્યાન માંસાર્થી જીવોના મત્સ્યના ધ્યાનની જેમ કલુષ અને અધમ કહેવાયું છે. ॥૬૧॥

ટીકા :-

'इट्ठविसय' त्ति । इष्टविषयानुगानां च=मनोज्ञभोजनादिविषयासक्तानां च, ध्यानं कलुषाधमम्=आर्त्तरौद्ररूपतया मलिनं चाधमं च, विनिर्दिष्टं=प्रतिपादितं, सूत्रकृते=द्वितीयाङ्गे, मांसार्थिनां जीवानां मत्स्यध्यानमिव, विषयस्वाभाव्यादेव हीष्टविषयप्राप्तिर्धर्मध्यानं प्रतिबध्नात्यधर्मं चाधत्ते, विषयद्वेष-जनितं वैराग्यं विनाऽर्थप्राप्त्यापीच्छानिवृत्त्यसिद्धेरध्यात्ममतपरीक्षायां व्यवस्थापितत्वात्, तथा च मनोज्ञभोजनादिसेविनामनभ्यस्तचरणानां ध्यानमप्यशुभमेवेति भावः, तथा च सूत्रकृतग्रन्थः –

"तमेव अविजाणंता, अबुद्धा बुद्धमाणिणो ।
बुद्धा मु त्ति य मण्णंता, अंतए ते समाहिए ।।१।।
ते य बीओदगं चेव, तमुद्दिस्स जयं कडं ।
भुच्चा झाणं झियायंति, अखेअण्णाऽसमाहिआ ।।२।।
जहा ढंका य कंका य, कुलला मणुका सिही ।
मच्छेसणं झियायंति, झाणं ते कलुसाहमं ।।३।।
एवं तु समणा वेगे, मिच्छद्दिट्ठी अणारिआ ।
विसएसणं झियायंति, कंका वा कलुसाहमा ।।४।।" **इति ।।६१।।**

ટીકાર્થ :-

'इष्टविषयानुगानां ..... कलुसाहमा ।।" इति ।। અને સૂત્રકૃતાંગમાં=દ્વિતીય અંગમાં, ઈષ્ટ વિષયોને સેવનારાઓનું ધ્યાન=મનોજ્ઞભોજનાદિ વિષયોમાં આસક્તોનું ધ્યાન, માંસાર્થી જીવોના મત્સ્યના ધ્યાનની જેમ કલુષાધમ=આર્ત્તરૌદ્રરૂપપણું હોવાને કારણે મલિન અને અધમ, પ્રતિપાદન કરાયું છે.

અહીં પ્રશ્ન થાય કે માંસાર્થી જીવો મત્સ્યના શિકાર અર્થે મત્સ્યનું ધ્યાન કરે છે, તેથી તેઓનું ધ્યાન કલુષાધમ છે તેમ કહી શકાય; પરંતુ મોક્ષના આશયવાળા એવા સાધક તો શરીરને અનુકૂળ એવા

ભોજનાદિ દ્વારા શરીરને પુષ્ટ કરીને તેનાથી સંચિતબળવાળા એવા તેઓ શુદ્ધ આત્મતત્ત્વનું પ્રણિધાન કરે છે. તેથી તેઓનું ધ્યાન કલુષાધમ છે તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે –

વિષયના સ્વભાવપણાથી જ ઇષ્ટ વિષયની પ્રાપ્તિ ધર્મધ્યાનનો પ્રતિબંધ કરે છે અને અધર્મનું આધાન કરે છે; કેમ કે વિષયના દ્વેષજનિત વૈરાગ્ય વગર અર્થની પ્રાપ્તિથી પણ=ઇષ્ટ વિષયની પ્રાપ્તિથી પણ, ઇચ્છાની નિવૃત્તિની અસિદ્ધિનું અધ્યાત્મમતપરીક્ષામાં વ્યવસ્થાપિતપણું છે, અને તે રીતે=મનોજ્ઞભોજનાદિથી યુક્ત જેઓ આત્મતત્ત્વનું પ્રણિધાન કરે છે એમ પૂર્વમાં સ્થાપન કર્યું તે રીતે, મનોજ્ઞભોજનાદિ સેવન કરનારાઓનું અને અનભ્યસ્ત ચારિત્રવાળાઓનું ધ્યાન પણ અશુભ જ છે, એ પ્રકારનો ભાવ છે.

અને તે રીતે=શ્લોકમાં કહ્યું તે રીતે, સૂત્રકૃત ગ્રંથ છે=સૂત્રકૃતાંગનો પાઠ છે.

તમેવ તેને જ=આવા પ્રકારના શુદ્ધ પરિપૂર્ણ ધર્મને જ=સૂત્રકૃતાંગમાં પૂર્વમાં વર્ણન કર્યું એવા પ્રકારના શુદ્ધ ધર્મને જ, અવિજાણંતા=નહિ જાણતા, અબુદ્ધા=અબુદ્ધ=અવિવેકીઓ, બુદ્ધમાણિણો=બુદ્ધમાનીઓ=પંડિતમાનીઓ, ય=અને, બુદ્ધામુ ત્તિ=અમે બોધ પામેલા છીએ એ પ્રમાણે, મણ્ણંતા=માનતા, સમાહિએ=સમાધિથી=ભાવસમાધિથી=સમ્યગ્દર્શન નામની ભાવસમાધિથી, અંતએ=પર્યન્તમાં છે=દૂર રહે છે. તે=તેઓ=તે સર્વે પણ પરતીર્થિકો જાણવા=આવું જેઓ કરે છે તેઓ સર્વે પણ પરતીર્થિકો જાણવા. ॥૧॥

બીઓદગં=બીજઉદકને=ઘઉં આદિ બીજોને અને અપ્રાસુક પાણીને, ય=અને, તમુદ્દિસ્સ=તેમને ઉદ્દેશીને, જયં કડં=ભક્તો વડે જે આહારાદિ કરાયું તેને, ભુચ્ચા=ભોગવીને, ઝાણં ઝિયાયંતિ=ધ્યાન કરે છે, તે=તેઓ=શાક્યાદિ પરતીર્થિકો, અખેઅણ્ણા=અખેદજ્ઞ=ધર્માધર્મના વિવેકના વિષયમાં અનિપુણ છે, અસમાહિઆ=અસમાધિવાળા છે=મનોજ્ઞભોજનાદિ અને પરિગ્રહને કારણે આર્તધ્યાન કરનારા હોવાથી અસમાધિવાળા છે. ॥૨॥

જહા=જે પ્રમાણે, ઢંકા કંકા કલુલા મણુકા સિહી=ઢંકા, કંકા, કલુલા, મણુકા, સિહી આદિ તે પક્ષીવિશેષો, મચ્છેસણં=મત્સ્યની પ્રાપ્તિનું, કલુસાહમં=મલિન અને અધમ, ઝાણં ઝિયાયંતિ=ધ્યાન કરે છે. ॥૩॥

એવં તુ=એ રીતે જ, એગે મિચ્છદિટ્ઠિ અણારિઆ સમણા=કેટલાક મિથ્યાદૃષ્ટિ અનાર્ય શ્રમણો=શાક્યાદિ પરતીર્થિકો, વિસએસણં=શબ્દાદિ વિષયોની પ્રાપ્તિનું, ઝિયાયંતિ=ધ્યાન કરે છે તેઓ, કંકા વ=કંકા પક્ષીની જેમ, કલુસાહમ=મલિન અને અધમ છે. ॥૪॥

'ઇતિ' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૬૧॥

❖ ઉદ્ધરણના શ્લોક-૪માં 'વેગે'ના સ્થાને સૂત્રકૃતાંગમાં 'એગે' પાઠ છે, અને તે પ્રમાણે અર્થ કરેલ છે, અને 'કંકા વા'ના સ્થાને 'કંકા વ' પાઠ જોઈએ.

ભાવાર્થ :-

ગાથા-૨૧ના ઉત્તરાર્ધમાં પૂર્વપક્ષીએ કહેલ કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પ્રત્યે બાહ્ય ક્રિયામાં અન્વયવ્યભિચાર અને વ્યતિરેકવ્યભિચાર છે, તેથી મોક્ષના અર્થીએ મન-વચન-કાયાના યોગોનું સમાધાન થાય તેવા મનોજ્ઞભોજનાદિપૂર્વક આત્મતત્ત્વનું પ્રણિધાન કરવું જોઈએ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે

જેમ માંસાર્થી જીવો મત્સ્યનું ધ્યાન કરે છે તે મલિન અને અધમ છે, તેમ જે સાધુઓ મનોજ્ઞભોજનાદિ વિષયોમાં આસક્ત છે, તેઓ શુદ્ધ આત્મતત્ત્વનું ધ્યાન કરે તે ધ્યાન પણ આર્તરૌદ્રરૂપપણું હોવાને કારણે મલિન અને અધમ છે. ત્યાં શંકા થાય કે માંસાર્થી જીવો તો મત્સ્યને ગ્રહણ કરવાનું ચિંતવન કરે છે તે કલુષ અને અધમ છે, પરંતુ જે સાધુઓ બાહ્ય ક્રિયાને મોક્ષનું કારણ માનતા નથી, તેથી મનોજ્ઞભોજનાદિમાં યત્ન કરે છે, તે તેઓની અશુભ પ્રવૃત્તિ હોવા છતાં તેઓ ધ્યાન તો શુદ્ધ આત્માના સ્વરૂપનું કરે છે, તે ધ્યાનને મલિન અને અધમ કેમ કહી શકાય ? તેથી ગ્રંથકારશ્રી કહે છે –

વિષયોનો સ્વભાવ જ એવો છે કે ઇષ્ટ વિષયની પ્રાપ્તિ ધર્મધ્યાનનો પ્રતિબંધ કરે અને અધર્મનું આધાન કરે અર્થાત્ જે જીવોને મનોજ્ઞભોજનાદિમાં આસક્તિ છે તે જીવો જે વિષયોને ગ્રહણ કરે છે તે વિષયોનો સ્વભાવ જ એવો છે કે તે જીવોને ઇષ્ટ વિષયની પ્રાપ્તિ તેમના ધર્મધ્યાનનો નાશ કરે છે, અને ધ્યાનને અનુકૂળ કરાતું ચિંતવન અધર્મનું આધાન કરે છે; કેમ કે વિષયો પ્રત્યે દ્વેષ થયા વગર વૈરાગ્ય થતો નથી, અને વૈરાગ્ય વગર ઇષ્ટ પદાર્થની પ્રાપ્તિથી પણ ઇચ્છાની નિવૃત્તિની સિદ્ધિ થતી નથી, એ પ્રમાણે ગ્રંથકારશ્રીએ અધ્યાત્મમતપરીક્ષામાં અનેક યુક્તિઓથી સ્થાપન કરેલું છે.

આશય એ છે કે જે જીવો મનોજ્ઞ એવા આહારાદિ ગ્રહણ કરવામાં યત્ન કરે છે, તેઓને વિષયો પ્રત્યે દ્વેષ નથી, તેથી મનોજ્ઞભોજનાદિ પ્રત્યે વિરક્તભાવ નથી. અને પુણ્યના ઉદયથી મનોજ્ઞભોજનાદિની પ્રાપ્તિ થાય તોપણ ઇચ્છાની નિવૃત્તિ થતી નથી અર્થાત્ જેઓ મનોજ્ઞ ભોજન કરવાના પ્રતિબંધવાળા છે તેઓ શુદ્ધ આત્મતત્ત્વનું પ્રણિધાન કરે તોપણ મનોજ્ઞભોજનાદિ પ્રત્યેની ઇચ્છાની નિવૃત્તિ થતી નથી. તેથી ઇચ્છાનો ઉચ્છેદ કરવો એ ધર્મધ્યાન કરવાનું પ્રયોજન સિદ્ધ થતું નથી, પરંતુ તેના વિપરીત ફળરૂપે ઇષ્ટ વિષયની પ્રાપ્તિ ધર્મધ્યાનનો પ્રતિબંધ કરે છે, અને તેમના દ્વારા ધર્મધ્યાનને અનુકૂળ કરાતું ચિંતવન પણ અધર્મધ્યાન બને છે. માટે ધર્મધ્યાનના અર્થીએ વિષયો પ્રત્યે દ્વેષ ઉત્પન્ન કરીને વૈરાગ્ય ઉત્પન્ન કરવો જોઈએ, જેથી વિરક્ત થયેલું ચિત્ત શુદ્ધ આત્મતત્ત્વનું પ્રણિધાન કરીને અધિક નિર્લેપદશાને પ્રાપ્ત કરે.

આ સર્વ કથનથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે મનોજ્ઞભોજનાદિ કરનારા અને સંયમની બાહ્ય આચરણાઓનો જેમણે અભ્યાસ કર્યો નથી એવા તેઓનું ધ્યાન અશુભ જ છે. તેથી બાહ્ય આચરણા વગર માત્ર શુદ્ધ આત્મતત્ત્વના પ્રણિધાનથી ઇષ્ટસિદ્ધિ થાય નહિ. માટે કેવળજ્ઞાનના અર્થીએ વ્યવહારને અભિમત સંયમની આચરણામાં ઉદ્યમ કરવો જોઈએ.

અહીં "સૂત્રકૃતાંગસૂત્ર"નો સાક્ષીપાઠ આપ્યો. તેમાં કહ્યું કે સંયમના સ્વરૂપને નહિ જાણનારા અબુદ્ધ બુદ્ધમાનીઓ સમાધિનો અંત કરે છે અને તેઓ પરતીર્થિક છે. તેથી એ ફલિત થાય કે જેમ શાક્યાદિ પરતીર્થિકો છે, તેમ જૈન સાધુના વેષમાં રહેલા અને બાહ્ય આચરણા પ્રત્યે ઉપેક્ષાવાળા અને શુદ્ધ આત્મતત્ત્વના ધ્યાનમાં ઉદ્યમ કરનારા પણ પરતીર્થિકો છે. **॥૬૧॥**

અવતરણિકા :-

એતદેવ ભાવયતિ –

અવતરણિકાર્થ :-

આને જ=પૂર્વગાથામાં કહ્યું કે મનોજ્ઞભોજનાદિમાં આસક્ત જીવોનું ધ્યાન મલિન અને અધમ છે એને જ, ગાથા-૬૨-૬૩માં ભાવન કરે છે –

ગાથા :-

घरखित्तनयरगोउलदासाईणं परिग्गहो जेसिं ।
गारवतियरसिआणं, सुद्धं झाणं कओ तेसिं ।।६२।।

અન્વયાર્થ :-

જેસિં=જેઓને, घरखित्तनयरगोउलदासाईणं परिग्गहो=ઘર, ક્ષેત્ર, નગર, ગોકુળ દાસાદિનો પરિગ્રહ છે, गारवतियरसिआणं तेसिं=ગારવત્રિકમાં રસિક એવા તેઓને, सुद्धं झाणं=શુદ્ધ ધ્યાન, कओ=ક્યાંથી હોય ? ।।૬૨।।

ગાથાર્થ :-

જેઓને ઘર, ક્ષેત્ર, નગર, ગોકુળ, દાસાદિનો પરિગ્રહ છે, ગારવત્રિકમાં રસિક એવા તેઓને શુદ્ધ ધ્યાન ક્યાંથી હોય ? ।।૬૨।।

ટીકા :-

'घर' त्ति । गृहक्षेत्रनगरगोकुलदासादीनां येषां शाक्यादीनां परिग्रहस्तेषां गारवत्रिकरसिकानाम्= ऋद्धिरससातगौरवासक्तमनसां, सङ्घभक्तादिक्रियया मनोज्ञं भोजनमवाप्य तदवाप्तिकृते आर्त्तध्यानं ध्यायतां कुतः "शुद्धं"=धर्म्यं, ध्यानं स्यात्, तदुक्तम् –

"ग्रामक्षेत्रगृहादीनां, गवां प्रेष्यजनस्य च ।
यस्मिन् परिग्रहो दृष्टो, ध्यानं तत्र कुतः शुभम् ।।१।।" **इति ।।६२।।**

ટીકાર્થ :-

गृहक्षेत्रनगर ..... कुतः शुभम् ।।" इति ।। જે શાક્યાદિ સંન્યાસીઓને ઘર, ક્ષેત્ર, નગર, ગોકુળ, દાસાદિનો પરિગ્રહ છે, ગારવત્રિકમાં રસિક એવા તેઓને=ઋદ્ધિગારવ, રસગારવ, શાતાગારવમાં આસક્ત મનવાળા એવા શાક્યાદિને, સંઘભક્તાદિની ક્રિયા વડે મનોજ્ઞભોજનને પ્રાપ્ત કરીને, તેની પ્રાપ્તિ માટે આર્ત્તધ્યાનને કરતા એવા તેઓને, શુદ્ધ ધ્યાન=ધર્મધ્યાન, ક્યાંથી હોય ?

તે કહેવાયું છે='ગારવરસિકને ધર્મધ્યાન નથી' એમ પૂર્વમાં કહ્યું, તે સૂત્રકૃતાંગમાં કહેવાયું છે –

ગ્રામ, ક્ષેત્ર, ગૃહાદિનો, ગાયોનો અને દાસજનનો જેમાં પરિગ્રહ જોવાયો છે, તેમાં શુભ ધ્યાન ક્યાંથી હોય ?

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૬૨॥

ભાવાર્થ :-

જેઓએ સંન્યાસ ગ્રહણ કર્યો છે એવા શાક્ય સાધુઓ કે અન્યદર્શનના સંન્યાસીઓ કે જૈનદર્શનમાં રહેલા શિથિલાચારી સાધુઓ, જેઓને ગૃહ, ક્ષેત્ર આદિનો પરિગ્રહ છે, તેઓ ત્રણ ગારવોમાં આસક્ત મનવાળા છે, અને સંઘભક્તાદિ ક્રિયા વડે મનોજ્ઞભોજનાદિને પ્રાપ્ત કરે છે, અને તેની પ્રાપ્તિ માટે સદા આર્તધ્યાન કરે છે અર્થાત્ તેની પ્રાપ્તિ માટે સદા વિચારણા કરે છે. તેથી તેઓ કોઈક સમયે શુદ્ધ આત્મતત્ત્વનું ચિંતવન કરતા હોય તોપણ ધર્મધ્યાન થાય નહિ; કેમ કે વિષયોના અભિલાષની નિવૃત્તિ જ ધર્મધ્યાનનું ફળ છે; અને જેઓના ચિત્તમાં વિષયો પ્રત્યે પ્રતિબંધ પડ્યો છે, તેઓ સદા વિષયોની પ્રાપ્તિના જ વિચાર કરનારા છે. ક્વચિત્ શુદ્ધ આત્મતત્ત્વની વિચારણા કરતા હોય તોપણ તેમનું ચિત્ત વિષયોના સંશ્લેષવાળું હોવાથી શુદ્ધ આત્મતત્ત્વનું ચિંતવન વિષયોની ઇચ્છાની નિવૃત્તિનું કારણ બનતું નથી. તેથી અર્થથી તે ચિંતવન પણ આર્ત્તધ્યાનમાં વિશ્રાંત થાય છે. **॥૬૨॥**

અવતરણિકા :-

પૂર્વગાથામાં પરિગ્રહવાળા શાક્યસંન્યાસીઓને ધર્મધ્યાન નથી, તેમ સ્થાપન કર્યું. હવે જૈનધર્મમાં રહેલા પાસત્થાઓને પણ ધર્મધ્યાન નથી, તે બતાવવા કહે છે –

ગાથા :-

गिहिदिसबंधरयाणं, असुद्धआहारवसइसेवीणं ।
पासत्थाणं झाणं, नियमेणं दुग्गइनियाणं ।।६३।।

અન્વયાર્થ :-

गिहिदिसबंधरयाणं=ગૃહસ્થોના દિગ્બંધમાં રક્ત=ગૃહસ્થોને સ્વાયત્તકરણમાં રક્ત, असुद्धआहार-वसइसेवीणं=અશુદ્ધ આહાર-વસતિ સેવનારા એવા, पासत्थाणं झाणं=પાસત્થાઓનું ધ્યાન, नियमेणं=નિયમથી, दुग्गइनियाणं=દુર્ગતિનું કારણ છે. ॥૬૩॥

ગાથાર્થ :-

ગૃહસ્થોના દિગ્બંધમાં રક્ત અશુદ્ધ આહાર-વસતિ સેવનારા એવા પાસત્થાઓનું ધ્યાન નિયમથી દુર્ગતિનું કારણ છે. ॥૬૩॥

ટીકા :-

'गिहि' त्ति । गृहिणां यो दिग्बन्धः=स्वायत्तकरणं, यद्बलात्तेषां तत्पुत्रादीनां च संविग्नानां समीपे

धर्मोपदेशश्रवणप्रव्रज्यादानादिकं निषिध्यते, तत्र प्रवचनप्रतिषिद्धेऽपि रतानां=आसक्तानां अशुद्धाहारवसतिसेविनां पार्श्वस्थानां ध्यानं नियमेन दुर्गतिनिदानं, आर्त्तरौद्ररूपत्वादिति ।।६३।।

ટીકાર્થ :-

गृहिणां ..... आर्त्तरौद्ररूपत्वादिति ।। ગૃહસ્થનો સ્વઆધીન કરવા રૂપ જે દિગ્બંધ, પ્રવચનપ્રતિષિદ્ધ એવા પણ તે દિગ્બંધમાં રત=આસક્ત, અશુદ્ધ આહાર-વસતિ સેવનારા પાસત્થાઓનું ધ્યાન નિયમથી દુર્ગતિનું કારણ છે; કેમ કે આર્ત્તરૌદ્રરૂપપણું છે=તેમના ધ્યાનનું આર્ત્તરૌદ્રરૂપપણું છે.

શ્લોકમાં રહેલા દિગ્બંધ શબ્દનો અર્થ સ્પષ્ટ કરે છે –

ગૃહસ્થોને સ્વાયત્તકરણ છે જેના બળથી=ગૃહસ્થોને સ્વાયત્તકરણના બળથી, તેઓને=ગૃહસ્થોને અને તેમના પુત્રાદિને, સંવિગ્નસાધુઓની સમીપમાં ધર્મઉપદેશનું શ્રવણ, પ્રવ્રજ્યાનું ગ્રહણ આદિ નિષેધ કરાય છે, તે પાસત્થાઓનો દિગ્બંધ છે.

ટીકાના અંતમાં રહેલ 'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૬૩॥

❖ 'धर्मोपदेशश्रवणप्रव्रज्यादानादिकं'માં 'आदि'પદથી સંવિગ્ન સાધુઓનો પરિચય આદિનું ગ્રહણ કરવું.

❖ 'प्रवचनप्रतिषिद्धेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે પ્રવચન અપ્રતિષિદ્ધમાં તો પાસત્થાઓ રત હોય છે, પરંતુ પ્રવચનપ્રતિષિદ્ધ એવા પણ ગૃહસ્થોના સ્વાયત્તકરણમાં પાસત્થાઓ રત હોય છે.

ભાવાર્થ :-

જે સાધુઓ સંયમ ગ્રહણ કર્યા પછી કોઈક નિમિત્તને પામીને પ્રમાદવાળા થયા છે, તેથી જેમ શાક્યાદિ સાધુઓ બાહ્ય પરિગ્રહવાળા છે તેમ તે પાસત્થાઓ ગૃહસ્થને ઉપદેશાદિ દ્વારા સ્વઆધીન કરે છે, અને તે ગૃહસ્થોને કે તે ગૃહસ્થોના પુત્રાદિકને સંવિગ્ન સાધુઓ પાસે ધર્મનો ઉપદેશ સાંભળવા જતાં અટકાવે છે. કદાચ તેઓને પ્રવ્રજ્યાનો પરિણામ થાય તોપણ સંવિગ્ન સાધુઓ પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરતાં અટકાવે છે, અને શાસ્ત્રમાં ગૃહસ્થોને પોતાને આધીન કરવાનો નિષેધ કરેલો હોવા છતાં તેઓને પોતાને આધીન કરવામાં પાસત્થાઓ રત હોય છે. તેથી તે ગૃહસ્થો તેમનો પરિગ્રહ છે.

વળી પાસત્થાઓ અશુદ્ધ વસતિ, અશુદ્ધ આહારને સેવનારા છે. તેઓ ધર્મનું ચિંતવન કરતા હોય તોપણ તેઓનું ધ્યાન નિયમથી દુર્ગતિનું કારણ છે; કેમ કે તેમના ધ્યાનમાં આર્ત્તરૌદ્રરૂપતા છે.

આશય એ છે કે જે ધ્યાન નિર્લેપતાની વૃદ્ધિનું કારણ હોય તે ધ્યાન ધર્મધ્યાન બને; પરંતુ જેઓનું ચિત્ત ભગવાનના વચનથી વિપરીત પ્રવૃત્તિઓમાં અનિવર્તનીય સંશ્લેષવાળું છે, તેઓ સ્થૂલથી કોઈ શુભ વિચારણા કરતા હોય તોપણ તેઓનો પરિગ્રહ કે અશુદ્ધ જીવનચર્યાનો પ્રતિબંધ લેશ પણ ન્યૂન થતો નથી; તેથી તેઓનું ચિંતવન કે ધ્યાન અશુભ ધ્યાન જ બને છે. **॥૬૩॥**

અવતરણિકા :-

ઇષ્ટવિષયાનુગાનાં નાસ્ત્યેવ શુભધ્યાનમિત્યુક્તમ્, અતસ્તદ્વિરક્તાનામેવ તત્સંભવતીત્યાહ –

અવતરણિકાર્થ :-

ઈષ્ટ વિષયને અનુસરનારા એવા પાસત્થાઓને શુભ ધ્યાન નથી જ, એ પ્રમાણે કહેવાયું. આથી તદ્વિરક્તોને જ=ઈષ્ટ વિષયોથી વિરક્તોને જ, તે=શુભ ધ્યાન, સંભવે છે. ઇતિ=એતદ્=એને, કહે છે–

ભાવાર્થ :-

ગાથા-૬૧થી ૬૩ સુધી સ્થાપન કર્યું કે ઇષ્ટ વિષયોને સેવનારા પાસત્થાઓને શુભ ધ્યાન નથી જ. હવે વિરક્તોને જ તે સંભવે છે=શુભ ધ્યાન સંભવે છે, તેને કહે છે –

ગાથા :-

विसयविरत्तमईणं, तम्हा सव्वासवा णियत्ताणं ।
झाणं अकिंचणाणं, णिसग्गओ होइ णायव्वं ।।६४।।

અન્વયાર્થ :-

તમ્હા=તે કારણથી=ગાથા-૬૧માં કહ્યું કે ઈષ્ટ વિષયને અનુસરનારા એવા પાસત્થાઓને મલિન અને અધમ ધ્યાન છે તે કારણથી, વિસયવિરત્તમઈણં સવ્વાસવા ણિયત્તાણં અકિંચણાણં=વિષયથી વિરક્ત મતિવાળા, સર્વ આશ્રવથી નિવૃત્ત થયેલા, પરિગ્રહ વગરના સાધુઓને, ણિસગ્ગઓ=નિસર્ગથી, ઝાણં= ધ્યાન=ધર્મશુક્લરૂપ ધ્યાન, ણાયવ્વં હોઇ=જ્ઞાતવ્ય છે. ।।૬૪।।

ગાથાર્થ :-

ગાથા-૬૧માં કહ્યું કે ઈષ્ટ વિષયને અનુસરનારા એવા પાસત્થાઓને મલિન અને અધમ ધ્યાન છે, તે કારણથી વિષયથી વિરક્ત મતિવાળા, સર્વઆશ્રવથી નિવૃત્ત થયેલા, પરિગ્રહ વગરના સાધુઓને નિસર્ગથી ધર્મશુક્લરૂપ ધ્યાન જ્ઞાતવ્ય છે. ।।૬૪।।

ટીકા :-

'विसय' त्ति । तस्मात्=उक्तहेतोः, विषयविरक्तमतीनां सर्वाश्रवान्निवृत्तानाम् अकिञ्चनानाम्= परद्रव्यप्रतिबन्धत्यागेनात्मस्वभावाचरणप्रतिबद्धानां, निसर्गतः=स्वभावतः, ध्यानं धर्मशुक्ललक्षणं ज्ञातव्यं भवति, गगनेऽभ्रनिवृत्तौ विधोस्तेज इव विषयनिवृत्तावात्मनो ध्यानस्य स्वतः प्रसरणशील-त्वादिति ।।६४।।

ટીકાર્થ :-

'तस्मात्' ..... प्रसरणशीलत्वादिति ।। તે કારણથી=ઉક્ત હેતુથી=ગાથા-૬૧માં કહેલા હેતુથી, વિષયથી

વિરક્ત મતિવાળા, સર્વ આશ્રવથી નિવૃત્ત થયેલા, અકિંચન એવા સાધુઓને=પરદ્રવ્યના પ્રતિબંધના ત્યાગથી આત્મસ્વભાવની આચરણામાં પ્રતિબદ્ધ ચિત્તવાળા એવા સાધુઓને, નિસર્ગથી=સ્વભાવથી, ધર્મશુક્લરૂપ ધ્યાન જ્ઞાતવ્ય છે; કેમ કે આકાશમાં વાદળાની નિવૃત્તિ થયે છતે ચંદ્રના તેજની જેમ વિષયની નિવૃત્તિ થયે છતે આત્માના ધ્યાનનું સ્વતઃ પ્રસરણશીલપણું છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૬૪॥

ભાવાર્થ :-

ગાથા-૬૧માં બતાવ્યું કે જે કારણથી મનોજ્ઞભોજનાદિ કરનારા પાસત્થાઓનું શુદ્ધ આત્મતત્ત્વનું પ્રણિધાન ધર્મધ્યાન બનતું નથી, પરંતુ કલુષાધમ ધ્યાન બને છે, તે કારણથી જેઓ વિષયોથી વિરક્ત છે, સર્વ આશ્રવોથી નિવૃત્ત છે અને અકિંચન છે તેઓને ધર્મધ્યાન થાય છે અર્થાત્ જેઓ "ઇંદ્રિયોના વિષયો આત્માને મલિન કરનારા છે" તેવી બુદ્ધિ થવાથી વિષયોથી વિમુખભાવવાળા છે અને મન-વચન-કાયાના યોગોરૂપ આશ્રવોનો રોધ કરીને ગુણની નિષ્પત્તિમાં મન-વચન-કાયાના યોગોને પ્રવર્તાવનારા છે અને આત્માથી ભિન્ન એવા પુદ્ગલદ્રવ્ય કે જીવદ્રવ્ય પ્રત્યે પ્રતિબંધનો ત્યાગ કરીને નિર્લેપદશારૂપ આત્મભાવને સ્ફુરણ કરવામાં પ્રતિબદ્ધ માનસવાળા છે, તેવા સાધુઓને સ્વભાવથી ધર્મધ્યાન અને શુક્લધ્યાન વર્તે છે.

અહીં પ્રશ્ન થાય કે ધ્યાનમાં યત્ન કરવાથી ધ્યાન થાય છે તેમ ન કહ્યું, પરંતુ સ્વભાવથી ધ્યાન થાય છે તેમ કેમ કહ્યું ? તેમાં યુક્તિ આપે છે –

આકાશમાં વાદળાઓની નિવૃત્તિ થયે છતે જેમ ચંદ્રનું તેજ સ્વભાવથી પ્રગટે છે, તેમ વિષયોની ચિત્તમાંથી નિવૃત્તિ થયે છતે આત્માનું ધ્યાન સ્વતઃ પ્રસરણ પામે છે.

આશય એ છે કે ઉપયોગ એ જીવનો સ્વભાવ છે, અને જીવો છદ્મસ્થઅવસ્થામાં મતિશ્રુતના ઉપયોગવાળા હોય છે, અને વિષયો પ્રત્યેના આકર્ષણવાળા જીવોનો મતિશ્રુતનો ઉપયોગ રાગાદિથી આકુળ હોવાથી આર્ત્તરૌદ્રધ્યાનરૂપે વર્તે છે; અને યોગીઓનું ચિત્ત વિષયોથી વિમુખ થયેલું છે, તેથી તેઓનો મતિશ્રુતનો ઉપયોગ શાસ્ત્રવચનથી ભાવિત થઈ યોગમાર્ગમાં પ્રવર્તે છે. તેવા યોગીઓના ચિત્તમાં વિષયોનો સંશ્લેષ નહિ હોવાને કારણે તેઓને ધ્યાનમાં ઉદ્યમ કરવાની આવશ્યકતા નથી, પરંતુ વિષયોથી અનાકુળ એવું ચિત્ત સહજ રીતે પોતાના આત્મસ્વભાવમાં સ્થિરભાવે વર્તે છે. તેથી વિષયોથી વિરક્ત યોગીઓને સ્વભાવથી ધ્યાન વર્તે છે તેમ કહેલ છે. **॥૬૪॥**

અવતરણિકા :-

निश्चयलाभालाभाभ्यां व्यवहारारोपणवैफल्यमुक्तं निराकर्त्तुमाह –

અવતરણિકાર્થ :-

ગાથા-૨૨માં કહેવાયેલ નિશ્ચયના લાભ-અલાભ દ્વારા વ્યવહારના આરોપણનું વૈફલ્ય કહેવાયું. તેનું નિરાકરણ કરવા માટે કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૨૨માં કહેલ કે સંયમયોગ્ય ગુણસ્થાનકની પ્રાપ્તિરૂપ નિશ્ચયના લાભમાં પ્રવ્રજ્યાનું આરોપણ વિફલ છે, અને સંયમયોગ્ય ગુણસ્થાનકની અપ્રાપ્તિરૂપ નિશ્ચયના અલાભમાં પણ પ્રવ્રજ્યાનું આરોપણ નિષ્ફળ છે. તેથી પ્રવ્રજ્યાના ગ્રહણરૂપ વ્યવહારની સર્વથા નિષ્ફળતા છે. આ પ્રકારે ગાથા-૨૨માં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

लद्धम्मि णिच्छयम्मि वि, सुत्तुत्तोवायरूववववहारो ।
कुंभारचक्कभामगदंडाहरणेण वुड्ढिकरो ।।६५।।

અન્વયાર્થ :-

णिच्छयम्मि लद्धम्मि वि=નિશ્ચયનય પ્રાપ્ત થયે છતે પણ=નિશ્ચયનયને સંમત એવી ગુણસ્થાનકની પરિણતિ પ્રાપ્ત થયે છતે પણ, सुत्तुत्तोवायरूववववहारो=સૂત્રોક્ત ઉપાયરૂપ વ્યવહાર=શાસ્ત્રમાં કહેવાયેલા નિશ્ચયની વૃદ્ધિના ઉપાયરૂપ સંયમનું ગ્રહણ અને સંયમના પાલનરૂપ વ્યવહાર, कुंभारचक्कभामगदंडाहरणेण=કુંભારના ચક્રભ્રામક દંડના ઉદાહરણથી, वुड्ढिकरो=વૃદ્ધિને કરનારો છે=નિશ્ચયનયની પરિણતિની વૃદ્ધિને કરનારો છે. ।।૬૫।।

ગાથાર્થ :-

નિશ્ચયનય પ્રાપ્ત થયે છતે પણ સૂત્રોક્ત ઉપાયરૂપ વ્યવહાર કુંભારના ચક્રભ્રામક દંડના ઉદાહરણથી વૃદ્ધિને કરનારો છે. ।।૬૫।।

ટીકા :-

'लद्धम्मि' इत्यादि । लब्धेऽपि निश्चये सूत्रोक्ता ये उपायाः=ग्रहणध्रुवयोगप्रवृत्त्यादयस्तद्रूपो व्यवहारः कुम्भकारचक्रभ्रामकदण्डाहरणेन वृद्धिकरः, यथा हि पूर्वदण्डप्रयोगाद् भ्राम्यदपि चक्रं वेगनाशप्रयोज्यपातनिवृत्त्यर्थमुत्तरदण्डव्यापारमपेक्षते, ततश्च सन्तानाविच्छेदादतिशयितवेगाच्च चक्रभ्रमः प्रवर्द्धते, तथा ग्रहणात्प्रागुत्पन्नोऽपि निश्चय उत्तरव्यवहारादस्थैर्यप्रतिबन्धेन सन्तानाविच्छेदादतिशयितभावोत्पादाच्च प्रवर्द्धत इति ।।६५।।

ટીકાર્થ :-

लब्धेऽपि ..... प्रवर्द्धत इति ।। નિશ્ચયનય પ્રાપ્ત થયે છતે પણ=કોઈક રીતે તત્ત્વના પર્યાલોચનને કારણે ભાવથી સંયમનો પરિણામ પ્રગટ થયે છતે પણ, સૂત્રમાં કહેવાયેલ સંયમગ્રહણની પ્રવૃત્તિ અને સંયમની વૃદ્ધિને અનુકૂળ એવા ધ્રુવયોગની પ્રવૃત્તિ આદિ જે ઉપાયો તદ્રૂપ જે વ્યવહાર, કુંભારના ચક્રભ્રામક દંડના ઉદાહરણથી વૃદ્ધિને કરનારો છે=કોઈક રીતે પ્રગટ થયેલી નિશ્ચયનયને અભિમત

એવી સંયમની પરિણતિની વૃદ્ધિને કરનારો છે.

કુંભારના ચક્રભ્રામક દંડના ઉદાહરણથી વ્યવહારની ક્રિયા સંયમના કંડકોની વૃદ્ધિને કરનાર કઈ રીતે થાય છે ? તે 'यथा हि'થી સ્પષ્ટ કરે છે –

જે પ્રમાણે જ પૂર્વદંડના પ્રયોગથી ભમતું પણ ચક્ર વેગનાશ પ્રયોજ્ય એવા પાતની નિવૃત્તિ માટે ઉત્તરદંડના વ્યાપારની અપેક્ષા રાખે છે, અને તેથી=ઉત્તરદંડના વ્યાપારથી, સંતાનનો અવિચ્છેદ થવાને કારણે=ભમતા એવા ચક્રના સંતાનનો અવિચ્છેદ થવાને કારણે, અને અતિશયિત વેગ થવાને કારણે=ભમતા એવા ચક્રના વેગનો અતિશય થવાને કારણે, ચક્રનું ભ્રમણ પ્રવર્ધમાન થાય છે, તે પ્રમાણે ગ્રહણથી પૂર્વમાં ઉત્પન્ન થયેલો પણ નિશ્ચય=સંયમનો પરિણામ, ઉત્તરના વ્યવહારથી=સંયમગ્રહણ અને સંયમપાલનરૂપ ઉત્તરના વ્યવહારથી, અસ્થૈર્યના પ્રતિબંધ વડે સંતાનનો અવિચ્છેદ થવાથી=શુદ્ધ આત્મભાવમાં અસ્થૈર્યના પ્રતિબંધ વડે સંયમના સ્થિરભાવરૂપ સંતાનનો અવિચ્છેદ થવાથી, અને અતિશયિત ભાવનો ઉત્પાદ થવાથી=સંયમ ગ્રહણ કરતાં પૂર્વે પ્રગટ થયેલ સ્થિરભાવરૂપ સંયમનો પરિણામ અતિશયિત થવાથી, પ્રવર્ધમાન થાય છે=નિશ્ચયનયની પરિણતિ પ્રવર્ધમાન થાય છે.

'इति' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ॥૬૫॥

❖ 'लब्धेऽपि निश्चये'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયનય પ્રાપ્ત ન થયો હોય તો સૂત્રોક્ત ઉપાયો સંયમની નિષ્પત્તિને કરનારા છે, પરંતુ નિશ્ચયનય પ્રાપ્ત થયો હોય તોપણ સૂત્રોક્ત ઉપાયો સંયમની વૃદ્ધિને કરનારા છે.

❖ 'ग्रहणध्रुवयोगप्रवृत्त्यादयः'માં 'आदि'પદથી સંયમની સ્ખલનાની પરિશુદ્ધિનું ગ્રહણ કરવું.

❖ 'पूर्वदण्डप्रयोगाद् भ्राम्यदपि'માં 'अपि'થી એ કહેવું છે કે પૂર્વ દંડના પ્રયોગથી ચક્ર ભમતું ન હોય તો દંડના વ્યાપારની અપેક્ષા રાખે છે, પરંતુ પૂર્વદંડના પ્રયોગથી ભમતું પણ ચક્ર ઉત્તરના દંડની અપેક્ષા રાખે છે.

❖ 'ग्रहणात्प्रागुत्पन्नोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે સંયમગ્રહણની પૂર્વે ભાવથી સંયમનો પરિણામ ઉત્પન્ન થયો ન હોય તો વ્યવહારની ક્રિયા ઉપયોગી છે, પરંતુ સંયમ ગ્રહણ કરતાં પૂર્વે ભાવથી સંયમનો પરિણામ ઉત્પન્ન થયેલો હોય તોપણ ઉત્તરના વ્યવહારની ક્રિયા સંયમની વૃદ્ધિ માટે ઉપયોગી છે.

ભાવાર્થ :-

કોઈક નિમિત્તને પામીને પ્રત્યેકબુદ્ધ આદિને ભાવથી સંયમની પરિણતિ પ્રગટે છે, તે વખતે તેઓ ગૃહસ્થવેષમાં હોય છે; આમ છતાં નિશ્ચયનયને અભિમત ભાવથી સંયમની પરિણતિ પ્રગટ થયા પછી તેઓ શાસ્ત્રવિધિ અનુસાર પ્રવ્રજ્યા ગ્રહણ કરે છે અને સંયમની વૃદ્ધિના ઉપાયભૂત ધ્રુવયોગોની પ્રવૃત્તિ કરે છે, અને તે પ્રવૃત્તિને કારણે તેમના સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે. તેથી વ્યવહારની ક્રિયા નિશ્ચયનયને અભિમત સંયમની પ્રાપ્તિ પછી પણ સંયમવૃદ્ધિનું કારણ છે. આ કથનને દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ પૂર્વના દંડના પ્રયોગથી ભમતું પણ ચક્ર ઉત્તરદંડના વ્યાપારની અપેક્ષા રાખે છે; કેમ કે ઉત્તરના દંડના વ્યાપારથી ચક્રના ભ્રમણના વેગનો નાશ થતો અટકે છે અને તેને કારણે ચક્રભ્રમણના સંતાનનો અવિચ્છેદ થાય છે, અને ચક્રભ્રમણના વેગનો અતિશય થાય છે તેથી ઉત્તરના દંડના વ્યાપારથી ચક્રભ્રમણ

વધે છે. તેમ સંયમગ્રહણ કરતાં પૂર્વે પ્રત્યેકબુદ્ધાદિમાં ઉત્પન્ન થયેલો સંયમનો પરિણામ ઉત્તરમાં સંયમગ્રહણની ક્રિયાથી અને સંયમના આચારના પાલનથી વધે છે. તેથી સંયમના આચારના પાલનથી આત્મામાં અસ્થૈર્યનો પ્રતિબંધ થાય છે, અને તેના કારણે આત્મામાં સ્થિરભાવરૂપ સંયમના સંતાનનો અવિચ્છેદ થાય છે, અને પૂર્વ કરતાં ઉત્તરમાં અતિશયિત એવો સંયમનો પરિણામ પ્રગટ થાય છે. તેથી સંયમની પરિણતિવાળા એવા યોગીને પણ સંયમની આચરણાથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે અર્થાત્ પૂર્વપૂર્વની નિર્લેપતા કરતાં અધિક અધિક નિર્લેપતા થાય છે. માટે નિશ્ચયનયની પ્રાપ્તિમાં પણ વ્યવહારનું આરોપણ વિફલ નથી. ॥૬૫॥

અવતરણિકા :-

નિશ્ચયના લાભ-અલાભમાં વ્યવહારનું આરોપણ વિફલ છે એમ જે પૂર્વપક્ષી કહે છે તેનું નિરાકરણ કરવા માટે કહે છે, એમ ગાથા-૬૫ની અવતરણિકામાં કહેલ. તેમાંથી નિશ્ચયના લાભમાં વ્યવહારનું આરોપણ વિફલ છે એમ જે પૂર્વપક્ષી કહે છે, તેનું નિરાકરણ ગાથા-૬૫માં કર્યું. હવે નિશ્ચયના અલાભમા વ્યવહારનું આરોપણ વિફલ છે એમ જે પૂર્વપક્ષી કહે છે તેનું નિરાકરણ ગાથા-૬૬થી ૬૮ સુધીમાં કરે છે –

ગાથા :-

तयलाभम्मि वि णिच्चं, सईइ अहिगयगुणम्मि बहुमाणा ।
पावदुगंछालोअणजिणभत्तिविसेससद्धाहिं ।।६६।।
लब्भइ णिच्छयधम्मो, अकुसलकम्मोदएण नो पडइ ।
ता अपमाओ जुत्तो, एयम्मि भणंति जं धीरा ।।६७।।

અન્વયાર્થ :-

तयलाभम्मि वि=તેના અલાભમાં પણ=નિશ્ચયનયને અભિમત એવા સંયમના પરિણામના અલાભમાં પણ ગૃહીત સૂત્રોક્ત વ્યવહાર હોતે છતે, णिच्चं सईइ=નિત્ય સ્મૃતિથી, अहिगयगुणम्मि बहुमाणा=અધિકૃત ગુણમાં બહુમાનથી, पावदुगंछालोअणजिणभत्तिविसेससद्धाहिं=પાપજુગુપ્સા આલોચના જિનભક્તિ અને વિશેષ શ્રદ્ધાથી, णिच्छयधम्मो=નિશ્ચયધર્મ, लब्भइ=પ્રાપ્ત કરાય છે; अकुसलकम्मोदएण=અકુશલ કર્મના ઉદયથી, नो पडइ=પડતા નથી=ગ્રહણ કરેલા સૂત્રોક્ત વ્યવહારને આચરનારા સંયમી સાધુ પડતા નથી, ता=તે કારણથી, एयम्मि=આમાં=વ્યવહારની આચરણામાં, अपमाओ जुत्तो=અપ્રમાદ યુક્ત છે, जं=જે કારણથી, धीरा=ધીર એવા હરિભદ્રસૂરિ મહારાજ, भणंति=કહે છે. ॥૬૬-૬૭॥

ગાથાર્થ :-

નિશ્ચયનયને અભિમત એવા સંયમના પરિણામના અલાભમાં પણ ગૃહિત સૂત્રોક્ત વ્યવહાર હોતે છતે નિત્ય સ્મૃતિથી, અધિકૃત ગુણમાં બહુમાનથી, પાપ જુગુપ્સા, આલોચના, જિનભક્તિ

અને વિશેષ શ્રદ્ધાથી નિશ્ચય ધર્મ પ્રાપ્ત કરાય છે. અકુશળ કર્મના ઉદયથી પડતા નથી તે કારણથી વ્યવહારની આચરણામાં અપ્રમાદયુક્ત છે. જે કારણથી ધીર એવા હરિભદ્રસૂરિ મહારાજ કહે છે. ।।૬૬-૬૭।।

❖ ટીકા પ્રમાણે ગાથામાં 'तयलाभम्मि' પછી 'गृहीते सूत्रोक्तव्यवहारे' અધ્યાહાર છે.

ટીકા :-

'तयलाभम्मि वि' त्ति । तदलाभेऽपि निश्चयालाभेऽपि गृहीते सूत्रोक्तव्यवहारे नित्यं=निरन्तरं, स्मृत्या प्रतिज्ञातक्रियामध्ये किं कृतं किं कर्त्तव्यमवशिष्यते किं शक्यं न समाचरामीत्यादिलक्षणया अधिकृतगुणे=प्रकृतचारित्रगुणवत्यधिकगुणे वा, बहुमानात् आराध्यत्वज्ञानलक्षणात्, तथा पापस्य= प्राणातिपातविरमणादिप्रतिपक्षस्य प्राणातिपातादेः, जुगुप्सा=आत्मसाक्षिकी निन्दा, यादृशभावेन पापमासेवितं तदधिकभावेन हेयत्वबुद्धिरिति यावत्, आलोचनं=स्वकृतस्य पापस्य निश्शल्यतया गुरुसमक्षं प्रकटनम्, जिनभक्तिः=क्रियाकरणकालीनावश्यकाज्ञाप्रणिधानोपस्थिते तद्दातरि भगवत्यहो ! परमसूक्ष्मो जगज्जन्तुहितावहो भगवता धर्मः प्रतिपादित इत्येवंविधादरलक्षणा, विशेषश्रद्धा चोत्तरगुणातिश-योपादित्सा ताभिर्हेतुभूताभिः ।।६६।।

ટીકાર્થ :-

'तदलाभेऽपि' ..... ताभिर्हेतुभूताभिः ।। તેના અલાભમાં પણ=નિશ્ચયનયના અલાભમાં પણ= નિશ્ચયનયને સંમત એવા મોક્ષના કારણીભૂત સંયમના અલાભમાં પણ, ગૃહીત સૂત્રોક્ત વ્યવહાર હોતે છતે=મોક્ષના અર્થીએ સંયમ ગ્રહણ કરવું જોઈએ અને સંયમની આચરણામાં અપ્રમાદભાવ કરવો જોઈએ, એ પ્રમાણે સૂત્રમાં કહેવાયેલ વ્યવહારની આચરણાનો સ્વીકાર કરાયે છતે, નિત્યસ્મૃતિથી= પ્રતિજ્ઞા કરાયેલી ક્રિયામાંથી શું કરાયું, શું કર્તવ્ય બાકી રહે છે અને કયા શક્ય કૃત્યને હું આચરતો નથી ઈત્યાદિ સ્વરૂપ નિત્યસ્મૃતિથી, નિશ્ચયધર્મ પ્રાપ્ત થાય છે, એમ ગાથા-૬૭ સાથે સંબંધ છે. વળી અધિકૃત ગુણમાં=પ્રકૃત ચારિત્રગુણવાળા પુરુષમાં, અથવા અધિકગુણમાં બહુમાનથી=આરાધ્યત્વજ્ઞાનસ્વરૂપ બહુમાનથી, નિશ્ચયધર્મ પ્રાપ્ત થાય છે એમ ગાથા-૬૭ સાથે સંબંધ છે, અને પાપની=પ્રાણાતિપાતવિરમણ આદિના પ્રતિપક્ષરૂપ પ્રાણાતિપાતાદિની, જુગુપ્સા=આત્મસાક્ષિકી નિંદા=જે ભાવથી પાપ સેવાયું તેનાથી અધિક ભાવ વડે હેયત્વબુદ્ધિ, આલોચન=સ્વકૃત પાપના નિઃશલ્યપણાથી ગુરુ સમક્ષ પ્રગટ કરવાની ક્રિયા, જિનભક્તિ=ક્રિયાકરણકાળમાં આવશ્યક એવી ભગવાનની આજ્ઞાના પ્રણિધાનથી ઉપસ્થિત તેના દાતા ભગવાનમાં અર્થાત્ આજ્ઞાના દાતા ભગવાનમાં, અહો ! ભગવાન વડે જગતના પ્રાણીઓના હિતને કરનારો પરમ સૂક્ષ્મધર્મ પ્રતિપાદન કરાયો છે, એવા પ્રકારના આદરસ્વરૂપ જિનભક્તિ અને વિશેષ શ્રદ્ધા=ઉત્તરગુણના અતિશયને ઉત્પાદન કરવાની ઈચ્છા, આ સર્વ હેતુઓ વડે નિશ્ચયધર્મ પ્રાપ્ત થાય છે, એમ ગાથા-૬૭ સાથે સંબંધ છે. ।।૬૬।।

ટીકા :-

'लब्भइ' त्ति । लभ्यते=प्राप्यते, निश्चयधर्मः संयमस्थानलक्षणः, क्रियाविशिष्टानामुक्तभावानामुक्तभावविशिष्टक्रियाया वाहत्यभावातिरिक्तस्थले निश्चयधर्महेतुत्वात्, अकुशलकर्मोदयेन=अनिकाचितचारित्रमोहलक्षणपापकर्मोदयेन, नो पतति=न चारित्राद् भ्रश्यति, अकुशलकर्मोदयस्यापि नित्यस्मृत्यादिनिवर्त्तनीयत्वात्, तत्=तस्मात्, एतस्मिन्=व्यवहारे, अप्रमादः=प्रमादविरहो, युक्तः, यद् भणन्ति धीराः=श्रीहरिभद्रसूरयः ।।६७।।

ટીકાર્થ :-

'लभ्यते' ..... श्रीहरिभद्रसूरयः ।। ગાથા-૬૬માં કહેલ નિત્યસ્મૃતિ આદિ વડે નિશ્ચયધર્મ=સંયમના સ્થાનરૂપ નિશ્ચયધર્મ, પ્રાપ્ત કરાય છે; કેમ કે આહત્યભાવઅતિરિક્તસ્થલમાં=સંયમ ગ્રહણ વગર ક્યારેક સંયમની પરિણતિ પ્રગટે છે એ રૂપ કાદાચિત્કભાવથી અતિરિક્તસ્થલમાં, ક્રિયાવિશિષ્ટ એવા ઉક્ત ભાવોનું=નિત્યસ્મૃતિ આદિ રૂપ ઉક્તભાવોનું અથવા ઉક્તભાવવિશિષ્ટ એવી ક્રિયાનું=નિત્યસ્મૃતિ આદિ રૂપ ઉક્તભાવવિશિષ્ટ ક્રિયાનું, નિશ્ચયધર્મનું હેતુપણું છે=નિશ્ચયનયને અભિમત ચારિત્રધર્મનું હેતુપણું છે. અકુશલ કર્મના ઉદયથી=અનિકાચિત ચારિત્રમોહસ્વરૂપ પાપકર્મના ઉદયથી, ચારિત્રથી ભ્રંશ થતો નથી; કેમ કે અકુશલ કર્મના ઉદયનું પણ નિત્યસ્મૃતિ આદિથી નિવર્તનીયપણું છે, તે કારણથી=નિત્યસ્મૃતિ આદિથી નિશ્ચય ધર્મ પ્રાપ્ત થાય છે તે કારણથી, આમાં=સંયમગ્રહણ અને સંયમપાલનરૂપ વ્યવહારમાં, અપ્રમાદ=પ્રમાદનો વિરહ, યુક્ત છે, જે કારણથી ધીર એવા હરિભદ્રસૂરિ મહારાજ કહે છે. ।।૬૭।।

❖ 'तदलाभेऽपि निश्चयालाभेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયના લાભમાં તો સંયમ ગ્રહણ કર્યા પછી નિત્યસ્મૃતિ આદિથી સંયમની વૃદ્ધિ થાય છે, પરંતુ નિશ્ચયના અલાભમાં પણ સંયમ ગ્રહણ કર્યા પછી નિત્યસ્મૃતિ આદિ દ્વારા નિશ્ચય ધર્મ પ્રાપ્ત થાય છે.

❖ 'अकुशलकर्मोदयस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે ચારિત્રમોહનીય કર્મ તો નિત્યસ્મૃતિ આદિથી નિવર્તનીય છે, પરંતુ ચારિત્રની પ્રાપ્તિ પછી ઉદયમાં આવતું એવું અકુશલ કર્મ પણ નિત્યસ્મૃતિ આદિથી નિવર્તનીય છે.

ભાવાર્થ :-

કોઈ સાધક આત્મા સંયમનો અર્થી હોય અને સમ્યક્ વિધિપૂર્વક સંયમ ગ્રહણ કરે, આમ છતાં સંયમગ્રહણકાળમાં સંવેગનો ઉત્કર્ષ ન થાય તો નિશ્ચયનયને માન્ય એવી છઠ્ઠા ગુણસ્થાનકની પરિણતિરૂપ ચારિત્રની પ્રાપ્તિ થાય નહિ. આવા સાધકો પણ સંયમની ઉચિત ક્રિયાઓમાં યત્ન કરતા હોય અને શાસ્ત્રવચનાનુસાર નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરે તો પાછળથી પણ સંયમનો પરિણામ પ્રગટ થાય છે. ત્યાં નિત્યસ્મૃતિ આદિનું સ્વરૂપ આ પ્રમાણે છે –

(૧) નિત્યસ્મૃતિ :- સાધકે સંયમ ગ્રહણ કરેલ હોવાથી સંયમની સર્વ ક્રિયા પ્રતિજ્ઞાત ક્રિયા છે, અને તે

ક્રિયામાંથી 'કઈ ક્રિયાઓ મેં કરી છે ? કઈ કર્તવ્યક્રિયાઓ કરવાની બાકી છે ? અને મારાથી થઈ શકે એવી કઈ ક્રિયાઓ હું કરતો નથી' ? એ રૂપ નિત્યસ્મૃતિ કરવામાં આવે તો જે કર્તવ્ય ક્રિયાઓ કરવાની બાકી હોય તે કરવા માટેનો યત્ન થાય છે, અને શક્ય હોય તે ક્રિયાઓ પોતે ન કરતા હોય તો તે ક્રિયાઓ કરવા માટેનો યત્ન થાય છે. આ રીતે પોતે સ્વીકારેલા વ્રતને અનુરૂપ ક્રિયાઓનું નિત્યસ્મરણ કરવાથી ક્રિયાના વિષયમાં અપ્રમાદભાવની વૃદ્ધિ થાય છે, જેથી સંયમ ગ્રહણ કરતી વખતે ગુણસ્થાનક પ્રગટ્યું ન હોય તોપણ ઉચિત ક્રિયાના વિષયમાં નિત્યસ્મૃતિ આદિ પૂર્વક કરાતો અપ્રમાદભાવ ગુણસ્થાનકની નિષ્પત્તિનું કારણ બને છે.

(૨) અધિકૃત ગુણવાળામાં બહુમાન અથવા અધિક ગુણમાં બહુમાન :- અધિકૃત ગુણ છે જેને અર્થાત્ પ્રકૃત એવો ચારિત્ર ગુણ છે જેને તે અધિકૃત ગુણવાળા પુરુષ, તેમનામાં બહુમાનથી, અથવા અધિક ગુણમાં બહુમાનથી અર્થાત્ પોતાને જે ગુણ પ્રગટ્યા છે, તેનાથી અધિક ગુણમાં બહુમાનથી, નહિ પ્રગટ થયેલો ચારિત્રનો પરિણામ પ્રગટ થાય છે.

જેમ કોઈ સાધુ સંયમવેશમાં હોય અને સંયમ ગ્રહણ કર્યા પછી અપ્રમાદભાવથી સંયમમાં ઉદ્યમ કરતા હોય તો તે સાધુમાં ભાવથી ચારિત્રનો પરિણામ છે, અને તે સાધુ અધિકૃત, ચારિત્રગુણવાળા છે. વળી જે સાધુને હજી ભાવથી ચારિત્રનો પરિણામ પ્રગટ્યો નથી છતાં તેવા ચારિત્રગુણવાળા સાધુઓમાં તે સાધુને આરાધ્યત્વની બુદ્ધિ થાય અને તેના કારણે તેવા ચારિત્રગુણવાળા સાધુની ભક્તિ આદિ કરે તો તે ભક્તિ કરનાર સાધુમાં પણ ચારિત્રનો પરિણામ પ્રગટ થાય છે.

અથવા

વળી કોઈ સાધુ પોતે જે ગુણોને ધારણ કરે છે, તેનાથી અધિક અધિક એવા ગુણોમાં બહુમાનભાવ રાખે તો તે સાધુનો અધિક ગુણમાં વર્તતો બહુમાનભાવ ચારિત્રના પરિણામની નિષ્પત્તિનું કારણ બને છે.

(૩) પોપની જુગુપ્સા :- જે સાધુને સંયમ લીધા પછી પ્રાણાતિપાતવિરમણ આદિ પાંચ વ્રતોના પ્રતિપક્ષ એવા પ્રાણાતિપાતાદિ પ્રત્યે જુગુપ્સા વર્તે છે, અર્થાત્ સંયમ ગ્રહણ કરતાં પૂર્વે પ્રમાદને કારણે જે ભાવથી તે સાધુએ પ્રાણાતિપાતાદિ ભાવો સેવ્યા હતા તે ભાવથી અધિક ભાવ વડે તે પાપોમાં હેયબુદ્ધિ કરે, તો તે પરિણામથી સંયમ ગ્રહણ કરતી વખતે નહિ પ્રગટેલું ગુણસ્થાનક તે સાધુમાં પ્રગટ થાય છે.

જેમ –

બાળકને બાલ્યાવસ્થામાં વિષ્ટા પ્રત્યે દ્વેષ હોતો નથી, તેથી વિષ્ટામાં હાથ નાખે છે, અને 'મા'ના વચનથી 'છી છી' કરે તોપણ ફરી વિષ્ટામાં હાથ નાંખે છે, પરંતુ જ્યારે તે બાળકને આ વિષ્ટા મારા હાથને બગાડનાર છે તેવો સ્થિર નિર્ણય થાય છે, ત્યારે પૂર્વે વિષ્ટામાં હાથ નાખતી વખતે જે ભાવ હતો, તેનાથી અધિક ભાવથી વિષ્ટા પ્રત્યે જુગુપ્સા થાય છે, તેથી તે બાળક ફરી ક્યારેય વિષ્ટામાં હાથ નાખતો નથી.

તેમ –

જે સાધુને દીક્ષા ગ્રહણ કરતાં પૂર્વે સંસારના આરંભ-સમારંભની પ્રવૃત્તિમાં જે પ્રકારનો રાગનો પરિણામ

હતો, તેનાથી અધિક ભાવથી તે આરંભ-સમારંભ પ્રત્યે જુગુપ્સા કરે, તો તે સાધુને સંયમ ગ્રહણ કરતી વખતે ભાવથી સંયમનો પરિણામ ન પ્રગટ થયો હોય તોપણ તે પ્રકારની બલવાન જુગુપ્સાથી સંયમનો પરિણામ પ્રગટ થાય છે.

(૪) **આલોચન** :- સંયમ ગ્રહણ કર્યા પછી અનાભોગ આદિથી સંયમની ક્રિયામાં કોઈ સ્ખલના થઈ હોય અને તે સ્ખલનારૂપ પોતાના પાપોને શલ્યરહિત થઈ ગુરુ આગળ પ્રગટ કરવામાં આવે તો તેનાથી અતિચારો પ્રત્યે જુગુપ્સા થાય છે, જેના કારણે સંયમ ગ્રહણ કરતી વખતે ભાવથી સંયમનો પરિણામ ન થયો હોય તોપણ પ્રગટ થાય છે.

(૫) **જિનભક્તિ** :- જિનભક્તિથી નહિ પ્રગટેલું સંયમનું ગુણસ્થાનક પ્રગટે છે અર્થાત્ સંયમ લીધા પછી સંયમની દરેક ક્રિયા કરતી વખતે સાધુએ તે ક્રિયાવિષયક ભગવાનની આજ્ઞાની ઉપસ્થિતિ કરવાની હોય છે, અને તે ક્રિયાની વિધિની ઉપસ્થિતિ કરીને સાધુ પ્રણિધાન કરે છે કે 'આ ક્રિયા ભગવાને આ પ્રકારની બહિરંગ વિધિથી અને આ પ્રકારની અંતરંગ વિધિથી કરવાની કહી છે, અને તે રીતે હું કરીશ તો મારી ક્રિયા વચનાનુષ્ઠાનરૂપ બનશે, અને તે વચનાનુષ્ઠાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને અસંગઅનુષ્ઠાનનું કારણ બનશે' અને આ રીતે ભગવાનની આજ્ઞાની ઉપસ્થિતિ કરવામાં આવે ત્યારે તે સાધુને તે આજ્ઞા આપનાર ભગવાન પ્રત્યે બહુમાનભાવ થાય છે=જગતના જીવોના હિતને કરનાર અસંગભાવની પ્રાપ્તિનું કારણ બને તેવો સૂક્ષ્મધર્મ ભગવાને બતાવ્યો છે, એવા પ્રકારના આદરસ્વરૂપ ભગવાનમાં ભક્તિ થાય છે, અને તે ભગવાનની ભક્તિને કારણે સંયમ ગ્રહણ કરતી વખતે ભાવથી સંયમનો પરિણામ પ્રગટ થયો ન હોય તોપણ ઉત્તરમાં પ્રગટે છે.

(૬) **વિશેષ શ્રદ્ધા** :- જે સાધુને ઉત્તરગુણના અતિશયને ઉત્પન્ન કરવાની ઇચ્છારૂપ વિશેષ શ્રદ્ધા હોય છે. તેથી સ્વશક્તિને ગોપવ્યા વગર ગુણોની વૃદ્ધિનું કારણ બને તે પ્રકારની સર્વ ઉચિત પ્રવૃત્તિઓમાં તે સાધુ સદા ઉદ્યમ કરે છે, અને આ વિશેષ શ્રદ્ધાને કારણે સંયમ ગ્રહણ કરતી વખતે તે સાધુમાં ભાવથી ગુણસ્થાનક પ્રગટ થયેલું ન હોય તોપણ ઉત્તરમાં પ્રગટ થાય છે. **॥૬૬॥**

ભાવાર્થ :-

ગાથા-૬૬માં બતાવ્યું એ રીતે નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરવાથી સંયમ ગ્રહણ કરતી વખતે ભાવથી સંયમની પ્રાપ્તિ ન થઈ હોય તોપણ પાછળથી ભાવથી સંયમની પ્રાપ્તિ થાય છે; કેમ કે સંયમ ગ્રહણની ક્રિયા વગર પણ ક્યારેક પ્રત્યેકબુદ્ધ આદિ જીવોને સંયમનો પરિણામ પ્રગટે છે, તેવા સ્થળને છોડીને ક્રિયાવિશિષ્ટ એવા નિત્યસ્મૃતિ આદિ ભાવો ભાવથી સંયમની પ્રાપ્તિના હેતુ છે અથવા નિત્યસ્મૃતિ આદિ ભાવોથી વિશિષ્ટ એવી સંયમની ક્રિયા ભાવથી સંયમપ્રાપ્તિનો હેતુ છે.

આશય એ છે કે ઓઘસામાચારી આદિ ક્રિયાથી વિશિષ્ટ એવા નિત્યસ્મૃતિ આદિ ભાવો ભાવથી સંયમની પ્રાપ્તિના હેતુ છે અર્થાત્ ઓઘસામાચારી આદિનું પાલન થતું હોય તે વખતે સાધુમાં વર્તતા નિત્યસ્મૃતિ આદિ ભાવો પ્રકર્ષને પામીને સંયમના પરિણામરૂપે પરિણમન પામે છે. તેથી આ પ્રકારના કાર્યકારણભાવમાં

ક્રિયાથી વિશિષ્ટ એવો નિત્યસ્મૃતિ આદિ ભાવ સ્વયં સંયમપરિણામરૂપે પરિણમન પામે છે.

અથવા

કોઈ સાધુમાં નિત્યસ્મૃતિ આદિ ભાવો વર્તતા હોય અને તે સાધુ ઓઘસામાચારી આદિનું પાલન કરતા હોય ત્યારે તે સાધુમાં વર્તતા નિત્યસ્મૃતિ આદિ ભાવોથી વિશિષ્ટ તે સંયમની ક્રિયા બને છે, અને તે ભાવોથી વિશિષ્ટ એવી સંયમની ક્રિયા સાધુમાં સંયમનો પરિણામ પ્રગટ કરે છે. તે વખતે તે સંયમની ક્રિયા સાધુમાં પ્રગટ થતા સંયમના પરિણામ પ્રત્યે નિમિત્તકારણ છે, પરંતુ નિત્યસ્મૃતિ આદિ ભાવશૂન્ય એવી સંયમની ક્રિયા નિમિત્તકારણ નથી.

આ બે કાર્યકારણભાવમાં પ્રથમ પ્રકારના કાર્યકારણભાવથી એ પ્રાપ્ત થાય કે સંયમની ક્રિયા કરનાર સાધુમાં વર્તતા નિત્યસ્મૃતિ આદિ ભાવો સંયમના પરિણામરૂપે પરિણમન પામે છે. તેથી ક્રિયાથી વિશિષ્ટ એવા નિત્યસ્મૃતિ આદિ ભાવો સંયમપ્રાપ્તિ પ્રત્યે ઉપાદાન કારણ છે.

વળી બીજા પ્રકારના કાર્યકારણભાવમાં નિત્યસ્મૃતિ આદિ ભાવથી વિશિષ્ટ એવી સંયમની ક્રિયા સંયમપ્રાપ્તિ પ્રત્યે નિમિત્ત કારણ છે. તેથી નિત્યસ્મૃતિ આદિ ભાવથી વિશિષ્ટ એવી ક્રિયાના નિમિત્તને પામીને સાધુમાં સંયમનો પરિણામ પ્રગટે છે.

વળી નિત્યસ્મૃતિ આદિ ભાવો વડે જેમ નહિ પ્રાપ્ત થયેલો સંયમનો પરિણામ પ્રગટે છે, તેમ સંયમ પ્રાપ્ત થયા પછી અકુશલ કર્મના ઉદયથી=અનિકાચિત એવા ચારિત્રમોહનીય સ્વરૂપ પાપકર્મના ઉદયથી, ચારિત્રના પરિણામનો પાત થતો નથી; કેમ કે સાધુમાં વર્તતા અકુશલકર્મના ઉદયનું પણ નિત્યસ્મૃતિ આદિથી નિવર્તનીયપણું છે.

આશય એ છે કે કેટલાક જીવો સંયમ ગ્રહણ કરે છે, તે વખતે જ ભાવથી સંયમનો પરિણામ પ્રગટ થાય છે, તો વળી કેટલાક જીવો સંયમ ગ્રહણ કરે છે ત્યારે ભાવથી સંયમનો પરિણામ પ્રગટ થતો નથી, પરંતુ નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરે છે તેના કારણે પાછળથી સંયમનો પરિણામ પ્રગટે છે. આ બન્ને પ્રકારના સાધુઓમાંથી કોઈપણ સાધુને અકુશલકર્મનો ઉદય થાય તો ચારિત્રથી પાત થાય; પરંતુ આ બન્ને પ્રકારના સાધુઓમાંથી જે સાધુઓ અપ્રમાદભાવથી નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરે છે, તે સાધુઓને જો અનિકાચિત કર્મના ઉદયથી ચારિત્રનો પાત થાય તેમ હોય, અને તે સાધુઓ અપ્રમાદભાવથી નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરતા હોય, તો તે અનિકાચિત કર્મ અવશ્ય નિવર્તન પામે. વળી આ બન્ને પ્રકારના સાધુઓમાંથી કોઈપણ સાધુમાં નિકાચિત અકુશલ કર્મનો ઉદય થાય તો નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરતા હોય તોપણ પાત થઈ શકે છે, તેથી અનિકાચિત અકુશલ કર્મોના ઉદયવાળા સાધુઓના સંયમનું નિત્યસ્મૃતિ આદિથી રક્ષણ થાય છે, તે સ્પષ્ટ કરવા માટે ટીકામાં નિકાચિત-અનિકાચિત ઉભયસાધારણ અકુશલકર્મના વ્યવચ્છેદ માટે અનિકાચિત ચારિત્રમોહનીયકર્મરૂપ અકુશલકર્મને ગ્રહણ કરેલ છે.

ગાથા-૬૬માં અને ગાથા-૬૭ના પૂર્વાર્ધમાં જે કથન કર્યું તે કથનનું નિગમન કરતાં ગાથા-૬૭ના ઉત્તરાર્ધથી કહે છે;

જે કારણથી નિત્યસ્મૃતિ આદિ દ્વારા નહિ પ્રગટ થયેલો ચારિત્રધર્મ પ્રગટ થાય છે અને પ્રગટ થયેલા ચારિત્રધર્મથી અકુશલ કર્મના ઉદય વડે પાત થતો નથી, તે કારણથી નિત્યસ્મૃતિ આદિથી વિશિષ્ટ એવી વ્યવહારની આચરણામાં અપ્રમાદ કરવો યુક્ત છે, અને આ કથનમાં સાક્ષી આપવા અર્થે કહે છે=ધીર એવા પૂ. હરિભદ્રસૂરિ મહારાજ કહે છે. ॥૬૭॥

અવતરણિકા :-

પૂર્વગાથા-૬૭માં કહ્યું કે 'જે કારણથી ધીર એવા હરિભદ્રસૂરિ મહારાજ કહે છે.' તેથી હવે હરિભદ્રસૂરિ મહારાજનું તે કથન બતાવે છે –

ગાથા :-

एवमसंतो वि इमो, जायइ जाओ वि ण पडइ कयावि ।
ता इत्थं बुद्धिमया, अपमाओ होइ कायव्वो ।।६८।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરવામાં આવે એ રીતે, असंतो वि इमो=અછતો પણ આ=અછતો પણ વિરતિનો પરિણામ, जायइ=થાય છે, जाओ वि=થયેલો પણ, कयावि=ક્યારેય, ण पडइ=પડતો નથી, ता=તે કારણથી, बुद्धिमया=બુદ્ધિમાને, इत्थं=અહીં=નિત્યસ્મૃતિ આદિ વ્યવહારમાં, अपमाओ=અપ્રમાદ, होइ कायव्वो=કર્તવ્ય છે. ॥૬૮॥

ગાથાર્થ :-

નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરવામાં આવે એ રીતે અછતો પણ વિરતિનો પરિણામ થાય છે, થયેલો પણ ક્યારેય પડતો નથી, તે કારણથી બુદ્ધિમાને નિત્યસ્મૃતિ આદિ વ્યવહારમાં અપ્રમાદ કર્તવ્ય છે. ॥૬૮॥

ટીકા :-

'एवं' इति । एवं=नित्यस्मृत्यादिप्रकारेण, असन्नपि अयं=विरतिपरिणामो, जायते, जातोऽपि न पतति कदाचिदयं परिणामः, तत्=तस्माद्, अत्र बुद्धिमता नित्यमप्रमादः कर्त्तव्यो भवति, गृहीतं व्रतं यथागममेकाग्रतयैव पालनीयमिति भावः ।।६८।।

ટીકાર્થ :-

'एवं' ..... पालनीयमिति भावः ।। આ રીતે=નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરવામાં આવે એ રીતે, અછતો પણ આ=વિરતિનો પરિણામ, થાય છે, થયેલો પણ આ પરિણામ ક્યારેય પડતો નથી. તે કારણથી બુદ્ધિમાન પુરુષે આમાં=નિત્યસ્મૃતિ આદિ વ્યવહારની આચરણામાં, હંમેશાં અપ્રમાદ કરવો જોઈએ.

આ શ્લોકના તાત્પર્યને સ્પષ્ટ કરે છે –

ગ્રહણ કરાયેલું વ્રત આગમ પ્રમાણે એકાગ્રપણાથી જ પાલન કરવું જોઈએ, એ પ્રમાણે ભાવ છે. ॥૬૮॥

❖ 'असन्नपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિત્યસ્મૃતિ આદિ કરવાથી વિદ્યમાન પરિણામ તો વૃદ્ધિ પામે છે, પરંતુ નહિ થયેલો પરિણામ પણ પ્રગટ થાય છે.

❖ 'जातोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિત્યસ્મૃતિ આદિથી નહિ થયેલો પરિણામ તો પ્રગટ થાય છે, પરંતુ થયેલો પણ પરિણામ ક્યારેય પાત પામતો નથી.

ભાવાર્થ :-

"પંચાશક" ગ્રંથમાં પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજે પ્રસ્તુત ગાથા પૂર્વે નિત્યસ્મૃતિ આદિનું વર્ણન કરેલ છે, અને ત્યારપછી તે નિત્યસ્મૃતિ આદિ કરવાથી શું થાય છે ? તે અહીં પ્રસ્તુત ગાથામાં સ્પષ્ટ કરે છે, અને કહે છે કે પૂર્વની ગાથામાં કહ્યું એ પ્રકારે નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરવામાં આવે તો પોતાનામાં નહિ પ્રગટ થયેલો વિરતિનો પરિણામ પ્રગટ થાય છે અર્થાત્ કોઈ સાધુએ સંયમ ગ્રહણ કરેલ હોય, વ્રતો ઉચ્ચરાવ્યાં હોય છતાં ઉચ્ચરણકાળમાં સંયમનો પરિણામ ભાવથી સ્પર્શ્યો ન હોય, તો જો તે સાધુ નિત્યસ્મૃતિ આદિમાં યત્ન કરે તો નહિ પ્રગટ થયેલો પણ વિરતિનો પરિણામ પ્રગટ થાય છે, અને વ્રતગ્રહણકાળમાં જો વિરતિનો પરિણામ પ્રગટ થયેલો હોય તોપણ નિત્યસ્મૃતિ આદિમાં કરાતા યત્નથી તે વિરતિનો પરિણામ ક્યારેય પાત પામતો નથી. તેથી જે સાધુમાં માર્ગાનુસારી બુદ્ધિ છે તેવા માર્ગાનુસારી બુદ્ધિવાળા સાધુએ સંયમની નિષ્પત્તિના અને સંયમના રક્ષણના ઉપાયભૂત નિત્યસ્મૃતિ આદિમાં હંમેશાં અપ્રમાદ કરવો જોઈએ.

આ સર્વ કથનથી શું ફલિત થાય ? તે સંક્ષેપથી બતાવતાં કહે છે –

ગ્રહણ કરાયેલું વ્રત જે પ્રકારે આગમમાં પાલન કરવાનું કહ્યું છે તે પ્રકારે એકાગ્રતાથી જ પાલન કરવું જોઈએ. તેથી એ ફલિત થાય કે સંયમ ગ્રહણ કર્યા પછી સંયમની સર્વ ઉચિત વિધિઓ કઈ રીતે ભગવાને કરવાની કહી છે, તેનું સ્મરણ કરીને તે રીતે અપ્રમાદભાવથી ઉદ્યમ કરવો જોઈએ, જેથી ગુણસ્થાનક પ્રગટ્યું ન હોય તો પ્રગટ થાય, અને પ્રગટ થયેલું ગુણસ્થાનક જાય નહિ, પરંતુ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને પૂર્ણ સંયમરૂપ ફળમાં વિશ્રાંત થાય અર્થાત્ ક્ષાયિકભાવના ચારિત્રમાં વિશ્રાંત થાય. **॥૬૮॥**

અવતરણિકા :-

नन्वलब्धनिश्चयस्यासंयतत्वादेव संयमक्रियादानं व्यर्थमन्यथाऽयोग्यप्रतिषेधानुपपत्तिप्रसङ्गा-दित्यत्राह –

અવતરણિકાર્થ :-

'ननु' થી કોઈ શંકા કરે છે કે અલબ્ધનિશ્ચયવાળા પુરુષનું=નિશ્ચયનયને માન્ય સંયમનો પરિણામ અપ્રાપ્ત છે જેને એવા પુરુષનું, અસંયતપણું હોવાથી જ તેને સંયમની ક્રિયાનું દાન વ્યર્થ છે; કેમ કે

અન્યથા=અસંયતને સંયમની ક્રિયાનું દાન વ્યર્થ છે તેમ ન માનો તો, અયોગ્યના પ્રતિષેધની અનુપપત્તિનો પ્રસંગ છે=શાસ્ત્રમાં અયોગ્યને દીક્ષા આપવાનો પ્રતિષેધ કરેલો છે તે કથનની અનુપપત્તિ માનવાનો પ્રસંગ છે, એ પ્રકારની શંકામાં ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૬૬થી ૬૮ સુધીમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે કોઈ સાધુ સંયમ ગ્રહણ કરે ત્યારે ભાવથી નિશ્ચયનયને અભિમત સંયમનો પરિણામ ન થયો હોય તોપણ સ્વીકારેલા સૂત્રોક્ત વ્યવહારથી તે સાધુને સંયમનો પરિણામ પ્રગટે છે. આ કથન અસંગત છે, એ પ્રકારની શંકાનું ઉદ્‌ભાવન કરતાં પૂર્વપક્ષી કહે છે કે જેને સંયમનો પરિણામ પ્રાપ્ત થયો નથી તે અસંયત છે, અને અસંયતને સંયમની ક્રિયા આપવી વ્યર્થ છે; અને તેની પુષ્ટિ કરવા માટે પૂર્વપક્ષી કહે છે કે જો અસંયતને સંયમની ક્રિયાનું દાન વ્યર્થ છે એમ ન સ્વીકારીએ, તો શાસ્ત્રમાં અયોગ્યને દીક્ષા આપવાનો પ્રતિષેધ કરાયો છે તે શાસ્ત્રવચન અનુપપન્ન છે, તેમ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

मग्गप्पवेसणट्ठं, संजमकिरिया असंजयस्सावि ।
जुत्ता दाउं जम्हा, अब्भासो होइ एमेव ।।६९।।

અન્વયાર્થ :-

मग्गप्पवेसणट्ठं=માર્ગપ્રવેશ માટે, असंजयस्सावि=અસંયતને પણ, संजमकिरिया=સંયમની ક્રિયા, दाउं जुत्ता=આપવી યોગ્ય છે, जम्हा=જે કારણથી, एमेव=આ રીતે જ, अब्भासो होइ=અભ્યાસ થાય છે. ।।૬૯।।

ગાથાર્થ :-

માર્ગપ્રવેશ માટે અસંયતને પણ સંયમની ક્રિયા આપવી યોગ્ય છે; જે કારણથી આ રીતે જ અભ્યાસ થાય છે. ।।૬૯।।

ટીકા :-

'मग्ग'त्ति । मार्गप्रवेशार्थं=अलब्धमार्गलाभाय, संयमक्रियाऽसंयतस्यापि दातुं युक्ता, यस्मादेवमेवाभ्यासलभ्यस्य कार्यस्य प्रागलाभ एवाभ्यासो भवति, लिखनगानपठनादिकौशललक्षणेऽभ्याससाध्ये कार्ये प्रागलब्ध एवापकृष्टनिरन्तरलिखनादिक्रियारूपाभ्यासप्रवृत्तिदर्शनाच्चारित्रेऽपीत्थमेवोपपत्तेः ।

ટીકાર્થ :-

मार्गप्रवेशार्थं ..... पीत्थमेवोपपत्तेः । માર્ગપ્રવેશ માટે=અલબ્ધ એવા માર્ગના લાભ માટે=સંયમ ગ્રહણ કરતી વખતે અપ્રાપ્ત એવા સંયમના પરિણામરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે, અસંયતને પણ સંયમની ક્રિયા આપવી યોગ્ય છે; જે કારણથી આ રીતે જ=ભાવથી સંયમનો પરિણામ પ્રગટ્યો ન

હોય છતાં ભાવથી સંયમના પરિણામની પ્રાપ્તિ માટે સંયમની ક્રિયા આપવામાં આવે એ રીતે જ, અભ્યાસથી લભ્ય એવા કાર્યનો=દીર્ઘ કાળ સુધી આસેવનરૂપ અભ્યાસથી પ્રગટ થાય એવા કાર્યનો, પૂર્વમાં અલાભ હોતે છતે જ=પ્રથમ ભૂમિકામાં તે કાર્યનો અલાભ હોતે છતે જ, અભ્યાસ થાય છે; કેમ કે લેખન, ગાન, પઠન આદિ કૌશલ્ય સ્વરૂપ અભ્યાસથી સાધ્ય એવું કાર્ય, પૂર્વમાં અલબ્ધ હોતે છતે જ અપકૃષ્ટ નિરંતર લેખનાદિ ક્રિયારૂપ અભ્યાસની પ્રવૃત્તિનું દર્શન છે. આ રીતે જ=લેખનાદિ ક્રિયામાં જે રીતે અભ્યાસથી કુશલપણું પ્રાપ્ત થાય છે એ રીતે જ, ચારિત્રમાં પણ ઉપપત્તિ છે.

❖ 'असंयतस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે સંયતને તો સંયમની ક્રિયા આપવી ઉચિત છે, પરંતુ અસંયતને પણ માર્ગપ્રવેશ માટે સંયમની ક્રિયા આપવી ઉચિત છે.

❖ 'चारित्रेऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે લેખન-પઠનાદિમાં તો અભ્યાસથી નિપુણતા આવે છે, પરંતુ ચારિત્રમાં પણ અભ્યાસથી ચારિત્રની નિપુણતા આવે છે.

ભાવાર્થ :-

કેટલાક જીવો ભવથી વિરક્ત થયેલા હોય અને સંયમ પાળવાને અભિમુખ પરિણામવાળા પણ થયેલા હોય, છતાં સંયમ ગ્રહણ કરે તે વખતે ચારિત્રના પરિણામરૂપ મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી શકતા નથી. તેવા જીવોને ભાવથી અપ્રાપ્ત એવા સંયમના પરિણામરૂપ માર્ગની પ્રાપ્તિ માટે ગીતાર્થ સાધુઓ સંયમની ક્રિયા આપે છે તે યુક્ત છે; કેમ કે આ રીતે સંયમ ગ્રહણ કરીને સંયમની ક્રિયા કરે અને સંયમની ક્રિયાનો દીર્ઘ કાળ અભ્યાસ થાય ત્યારે તે ક્રિયાના અભ્યાસથી તેવા જીવોમાં ચારિત્રનો પરિણામ પ્રગટે છે. તેથી ભાવથી સંયમના પરિણામ વગરના જીવોને પણ અભ્યાસરૂપે સંયમની ક્રિયા આપવી વ્યર્થ નથી. આ કથનમાં ગ્રંથકારશ્રી યુક્તિ બતાવે છે –

જેમ –

લેખન આદિની ક્રિયાઓ અભ્યાસથી સાધ્ય છે, તેથી પ્રારંભિક ભૂમિકાવાળા જીવો લેખનાદિની ક્રિયામાં કુશળ હોતા નથી, પરંતુ અપકૃષ્ટ=હલકી લેખન આદિ ક્રિયાઓ નિરંતર કરે છે, જેથી તે ક્રિયાઓના બળથી ઉત્કૃષ્ટને અભિમુખ કંઈક કુશળતા મેળવે છે; અને જ્યારે તે અભ્યાસના બળથી કુશળ બને છે, ત્યારે તેઓની લેખન આદિ ક્રિયાઓ કુશળતાવાળી પણ પ્રાપ્ત થતી દેખાય છે.

તેમ –

ચારિત્રની પ્રાપ્તિમાં પણ પ્રથમ ભૂમિકાવાળા આરાધક જીવો અપકૃષ્ટ=હલકી સંયમની ક્રિયાઓ નિરંતર કરે છે, છતાં જે સાધુઓ પોતાની ક્રિયાઓને કઈ રીતે સમ્યગ્ નિષ્પન્ન કરવી તેની વિચારણા કરીને સ્વશક્તિ અનુસાર સમ્યગ્ નિષ્પન્ન કરવા યત્ન કરે છે, તે સાધુઓ ક્રમસર ચારિત્રની ક્રિયામાં કંઈક કુશળ-કુશળતર પણ બનતા જાય છે; અને જ્યારે પૂર્ણ કૌશલ્ય પ્રાપ્ત થાય છે, ત્યારે ચારિત્રની સર્વ ક્રિયાઓ ભગવાનના વચનના સ્મરણપૂર્વક તે રીતે કરી શકે છે, જેથી તે ચારિત્રની ક્રિયા સંયમના પરિણામરૂપ સમભાવની પ્રાપ્તિનું કારણ બને છે. તેથી દીક્ષા ગ્રહણ કરતી વખતે આભ્યાસિક એવી તે ચારિત્રની ક્રિયાથી

સમભાવના પરિણામરૂપ ચારિત્રનો પરિણામ પ્રગટ થયો ન હોય, તોપણ તે ક્રિયાઓના સેવનથી ચારિત્રને અભિમુખ ભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે; અને જ્યારે ચારિત્રની ક્રિયામાં કુશળતાની પ્રાપ્તિ થાય ત્યારે તે ચારિત્રની ક્રિયાના બળથી સંયમ પ્રગટે છે. તેથી આવા જીવોને આશ્રયીને દીક્ષા ગ્રહણ કરતી વખતે અસંયતપણું હોવા છતાં પણ સંયમની ક્રિયાનું દાન વ્યર્થ નથી, પરંતુ ક્રમસર સંયમની પ્રાપ્તિનું કારણ છે.

અહીં વિશેષ એ છે કે લેખનાદિ બાહ્ય ક્રિયાને અભિમુખ મતિજ્ઞાનનો અને વીર્યાંતરાયનો ક્ષયોપશમ આવશ્યક છે. તેથી જે જીવો લેખનાદિ ક્રિયામાં કુશળ થવાનું બદ્ધ લક્ષ રાખીને તે પ્રમાણે અભ્યાસ કરતા હોય તે જીવો ક્રમે કરીને તે ક્રિયામાં કુશળ થાય છે. વળી સંયમની બાહ્ય ક્રિયાને અભિમુખ મતિજ્ઞાનનો અને વીર્યાંતરાયનો ક્ષયોપશમ હોય, તો જે જીવો સંયમની બાહ્ય ક્રિયામાં કુશળ થવાનું બદ્ધ લક્ષ રાખીને તે પ્રમાણે અભ્યાસ કરતા હોય તે જીવો ક્રમે કરીને તે ક્રિયામાં કુશળ થાય; પરંતુ સંયમની ક્રિયા માત્ર બાહ્ય ક્રિયાની કુશળતાની અપેક્ષા રાખતી નથી, પણ સંયમની ક્રિયા મોહના ઉન્મૂલનનું કારણ બને અને સમભાવની પરિણતિ નિષ્પન્ન થાય તે રીતે કરવાથી સંયમનો પરિણામ પ્રગટે છે. તેથી જે સાધુઓએ સંયમની પરિણતિ કઈ રીતે મોહનું ઉન્મૂલન કરીને ક્રમસર અસંગઅનુષ્ઠાનની પ્રાપ્તિનું કારણ બને તે પ્રકારનો સમ્યગ્ બોધ કર્યો હોય, છતાં સંયમની ક્રિયા કરતી વખતે તે સાધુઓની તે ક્રિયા સુઅભ્યસ્ત નહિ હોવાથી તે ક્રિયાના બળથી તે સાધુઓ સમભાવને પ્રગટ કરી શકતા નથી. છતાં વચનના સ્મરણપૂર્વક અને લક્ષના બોધપૂર્વક અને લક્ષ સાથે બદ્ધચિત્તવાળા થઈને જો તે સાધુઓ ક્રિયામાં યત્ન કરે તો તે સાધુઓની તે ક્રિયાઓ પ્રારંભિક કક્ષામાં અપકૃષ્ટ હોવા છતાં ઉત્કૃષ્ટને અભિમુખ છે; અને તે અપકૃષ્ટ ક્રિયા ઉત્કૃષ્ટને આસન્ન-આસન્નતર થઈને અંતે ઉત્કૃષ્ટ ક્રિયાને પ્રગટ કરે છે ત્યારે, તે ક્રિયા વચનાનુષ્ઠાનરૂપ બને છે, અને તે વચનાનુષ્ઠાનરૂપ ક્રિયાથી સમભાવનો પરિણામ પ્રગટ થાય છે. આ પ્રગટ થયેલો સમભાવનો પરિણામ પણ દીર્ઘ કાળ સુધી વચનાનુષ્ઠાન સેવવાના કારણે સુઅભ્યસ્ત બને છે ત્યારે, વચનના સ્મરણમાત્રથી તે વચનની ક્રિયા યથાવત્ થાય છે, અને તે ક્રિયાથી સંયમના કંડકોની વૃદ્ધિ પણ થાય છે, અને પ્રકર્ષને પામીને તે વચનાનુષ્ઠાન અસંગઅનુષ્ઠાનનું કારણ બને છે.

પૂર્વમાં લેખનાદિ ક્રિયાના દૃષ્ટાંતથી સ્થાપન કર્યું કે પ્રથમ અભ્યાસરૂપ સંયમ પ્રાપ્ત થાય છે અને તેનાથી ક્રમે કરીને સંયમની પ્રાપ્તિ થાય છે. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે લેખનાદિ બાહ્ય ક્રિયાઓ અભ્યાસથી ક્રમસર પ્રાપ્ત થાય છે, તેમ માનવામાં કોઈ વિરોધ નથી; પરંતુ ચારિત્ર તો બાહ્ય આચરણારૂપ નથી પણ જીવના શમભાવરૂપ અંતરંગ પરિણામ સ્વરૂપ છે. તેથી આભ્યાસિક સંયમની ક્રિયાથી ક્રિયામાં કુશળતા પ્રગટી શકે, પરંતુ અંતરંગ પરિણામરૂપ સંયમ કઈ રીતે પ્રગટી શકે ? તેથી બીજી યુક્તિ બતાવે છે –

ટીકા :-

सम्यग्दर्शनमपि खल्वसम्यग्दृष्टिना सताभ्यासेनैव लभ्यते, नवतत्त्वादिपरिज्ञानानन्तरमेव भावसम्यक्त्वप्रतिपादनात्, तदपरिज्ञानदशायां तदभावादन्यथा तद्वैयर्थ्यात्, एवमचारित्रिणापि यद्यभ्यासेन चारित्रं लभ्यते तदा को दोषः ? इति विचारणीयम् ।

ટીકાર્થ :-

सम्यग्दर्शनमपि ..... इति विचारणीयम् । સમ્યગ્દર્શન પણ ખરેખર અસમ્યગ્દૃષ્ટિ એવા પુરુષ વડે અભ્યાસથી જ પ્રાપ્ત કરાય છે; કેમ કે નવતત્ત્વાદિના પરિજ્ઞાન પછી જ ભાવસમ્યક્ત્વનું પ્રતિપાદન છે=ભાવસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે એ પ્રકારનું શાસ્ત્રમાં પ્રતિપાદન છે.

અહીં પ્રશ્ન થાય કે નવતત્ત્વાદિના પરિજ્ઞાન પૂર્વે ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા જીવોમાં ભાવસમ્યક્ત્વ કેમ નથી ? તેથી હેતુ કહે છે –

તેની અપરિજ્ઞાન દશામાં=નવતત્ત્વાદિની અપરિજ્ઞાનવાળી અવસ્થામાં, તેનો અભાવ છે= ભાવસમ્યક્ત્વનો અભાવ છે; કેમ કે અન્યથા=નવતત્ત્વાદિની અપરિજ્ઞાનદશામાં ભાવસમ્યક્ત્વ નથી એમ ન માનો તો, તેનું વૈયર્થ્ય છે=ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધાવાળા જીવોને નવતત્ત્વાદિના પરિજ્ઞાન માટે કરાતા શ્રમનું વ્યર્થપણું છે. એ રીતે=જે રીતે સમ્યગ્દર્શન પણ અભ્યાસથી પ્રાપ્ત થાય છે એ રીતે, અચારિત્રી એવા પણ પુરુષ વડે જો અભ્યાસથી ચારિત્ર પ્રાપ્ત કરાય છે તો શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી, એ પ્રકારે વિચારવું જોઈએ.

❖ 'सम्यग्दर्शनमपि'માં 'अपि'થી એ કહેવું છે કે લેખનાદિ ક્રિયાઓ તો લેખનાદિમાં અકુશળ એવા પુરુષથી અભ્યાસ વડે પ્રાપ્ત કરાય છે, પરંતુ સમ્યગ્દર્શન પણ અસમ્યગ્દૃષ્ટિ એવા પુરુષ વડે અભ્યાસથી જ પ્રાપ્ત કરાય છે.

❖ 'नवतत्त्वादिपरिज्ञानान्तरमेव'માં 'आदि'પદથી વિવિક્ત એવા ષટ્કાય આદિનું ગ્રહણ કરવું.

❖ 'अचारित्रिणापि'માં 'अपि'થી એ કહેવું છે કે અસમ્યગ્દૃષ્ટિ વડે જેમ અભ્યાસથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાય છે, એ રીતે અચારિત્રી વડે પણ અભ્યાસથી ચારિત્ર પ્રાપ્ત કરાય છે.

ભાવાર્થ :-

કોઈક સાધકને ભગવાનના વચનમાં ઓઘથી સ્થિર શ્રદ્ધા હોય, છતાં વિસ્તારથી નવતત્ત્વાદિનું પરિજ્ઞાન પ્રગટ થયું નથી ત્યાં સુધી ભાવસમ્યક્ત્વ નથી, પરંતુ ભગવાનના વચનમાં ઓઘશ્રદ્ધારૂપ દ્રવ્યસમ્યક્ત્વ છે. તેથી જે સાધકને ભાવથી સમ્યગ્દર્શન નથી તે સાધક અસમ્યગ્દૃષ્ટિ છે, અને તેવા અસમ્યગ્દૃષ્ટિ સાધક વડે અભ્યાસ દ્વારા જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાય છે; કેમ કે શાસ્ત્રમાં વિસ્તારથી નવતત્ત્વના પરિજ્ઞાનવાળા અને ષટ્કાયના પરિજ્ઞાનવાળા ગીતાર્થ સાધુને જ ભાવસમ્યક્ત્વ સ્વીકારેલ છે. તેથી જ્યાં સુધી તે ગીતાર્થ ન થાય ત્યાં સુધી તે સાધુને નવતત્ત્વાદિનું અપરિજ્ઞાન છે, અને નવતત્ત્વ આદિની અપરિજ્ઞાનદશામાં ભાવસમ્યક્ત્વનો અભાવ છે; અને એમ ન માનો તો અર્થાત્ ભગવાનના વચનમાં સ્થિર શ્રદ્ધા છે માટે સમ્યક્ત્વ છે તેમ માનો તો, નવતત્ત્વાદિના પરિજ્ઞાન માટે શાસ્ત્રઅધ્યયનની ક્રિયા વ્યર્થ છે તેમ માનવું પડે; કેમ કે નવતત્ત્વાદિના પરિજ્ઞાન માટેનો યત્ન ભાવસમ્યક્ત્વની પ્રાપ્તિ અર્થે છે, અને નવતત્ત્વાદિના પરિજ્ઞાન પહેલાં ભાવસમ્યક્ત્વ હોય તો નવતત્ત્વાદિનું પરિજ્ઞાન કરવા માટેની આવશ્યકતા રહે નહિ.

જે રીતે અસમ્યગ્દૃષ્ટિ જીવ અભ્યાસ દ્વારા જ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે, એ રીતે અચારિત્રી એવા સાધુ

પણ ચારિત્રની ક્રિયાના અભ્યાસથી ચારિત્રની પ્રાપ્તિ કરે છે, એમ સ્વીકારીએ તો શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ નથી, એ પ્રમાણે વિચારવું જોઈએ.

આશય એ છે કે ભગવાનના વચનમાં સ્થિરશ્રદ્ધાવાળા સાધુને ગીતાર્થ અવસ્થા પૂર્વે ભગવાનના વચનમાં ઓઘથી રુચિ હતી, તે ઓઘથી રુચિરૂપ અંતરંગ પરિણામ નવતત્ત્વાદિના અભ્યાસથી વિશુદ્ધતર બને છે. તેથી ભગવાનના વચનમાં શ્રદ્ધાનરૂપ વિશેષ કોટીનો પરિણામ પ્રગટ થાય છે. તેથી જેમ શાસ્ત્રઅધ્યયનની બાહ્યક્રિયાથી અંતરંગ સમ્યક્ત્વનો પરિણામ પ્રગટ થાય છે, તેમ સંયમ ગ્રહણ કરતી વખતે સમતાનો પરિણામ પ્રગટેલો ન હોય, છતાં સમતાના પરિણામને પ્રગટ કરવાના બદ્ધ અભિલાષવાળા સાધુમાં ચારિત્રને અભિમુખ એવો કોઈક પરિણામ વર્તે છે, અને સંયમ ગ્રહણ કર્યા પછી શાસ્ત્રવિધિ અનુસાર સંયમની ક્રિયામાં યત્ન કરવાથી પૂર્વમાં વર્તતો સંયમને અભિમુખ પરિણામ ક્રમસર વૃદ્ધિ પામીને સંયમના પરિણામરૂપ બને છે. તેથી ચારિત્રની ક્રિયાના અભ્યાસથી સમભાવના પરિણામરૂપ ચારિત્ર પ્રગટે છે, તેમ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

ટીકા :-

नन्वेवं क्रियाकौशलमेव चारित्रं प्राप्तं तच्च मरुदेवादावव्यापकमिति चेन्न, प्रतिपुरुषं संयमाध्यवसायैक्याभावादित्यन्यत्र विस्तरः ।

ટીકાર્થ :-

नन्वेवं ..... विस्तरः । 'ननु'થી પૂર્વપક્ષી શંકા કરે છે કે આ રીતે=પૂર્વમાં તમે સ્થાપન કર્યું કે સંયમની ક્રિયાના અભ્યાસથી ક્રમે કરીને સંયમની પ્રાપ્તિ થાય છે એ રીતે, ક્રિયાનું કુશલપણું જ ચારિત્ર પ્રાપ્ત થયું, અને તે=ક્રિયાના કુશલપણારૂપ ચારિત્ર, મરુદેવી માતા આદિમાં અવ્યાપક છે=અપ્રાપ્ત છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે : તારી વાત બરાબર નથી; કેમ કે પ્રતિપુરુષ સંયમના અધ્યવસાયના ઐક્યનો અભાવ છે=સંયમની ક્રિયા કરીને જે સંયમ પ્રાપ્ત થાય છે તેના કરતાં સંયમની ક્રિયા કર્યા વગર મરુદેવા આદિમાં સંયમનો અધ્યવસાય પ્રગટે છે, તે સંયમના અધ્યવસાયમાં ઐક્યનો અભાવ છે, એ પ્રમાણે અન્યત્ર વિસ્તાર છે=અધ્યાત્મમતપરીક્ષા આદિ ગ્રંથોમાં ગ્રંથકારશ્રી દ્વારા વિસ્તાર કરાયો છે.

ભાવાર્થ :-

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ યુક્તિથી સ્થાપન કર્યું કે સંયમ ગ્રહણ કરતી વખતે સંયમનો પરિણામ પ્રગટ થયો ન હોય તોપણ અભ્યાસરૂપ સંયમની ક્રિયાથી ક્રમે કરીને સંયમનો પરિણામ પ્રગટ થાય છે. ત્યાં પૂર્વપક્ષી શંકા કરે છે કે આ રીતે ક્રિયાનું કુશલપણું જ ચારિત્ર છે, એમ પ્રાપ્ત થાય છે, અને તેમ સ્વીકારીએ તો મરુદેવાદિમાતા આદિએ ચારિત્રની ક્રિયા કરી નથી, તેથી તેઓમાં ચારિત્ર નથી તેમ માનવું પડે; અને મરુદેવામાતા આદિ જીવો ચારિત્ર પામીને જ મોક્ષે ગયા છે, માટે તેઓમાં ચારિત્ર નથી, તેમ પણ સ્વીકારી

શકાય નહિ. તેથી ચારિત્ર ક્રિયાના કૌશલ્યરૂપ છે તેમ મનાય નહિ, અને તેમ સ્વીકારીએ તો અભ્યાસરૂપ સંયમની ક્રિયાથી ક્રમે કરીને ચારિત્ર પ્રાપ્ત થાય છે, તેમ પણ સ્વીકારી શકાય નહિ.

આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાનું નિવારણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે દરેક પુરુષમાં સંયમના અધ્યવસાયના ઐક્યનો અભાવ છે. તેથી એ પ્રાપ્ત થાય કે મરુદેવામાતા આદિમાં ચારિત્રની ક્રિયા વગર સહજ રીતે મોહના વિગમનને કારણે પ્રગટ થયેલા સંયમનો અધ્યવસાય હતો, અને જે અન્ય જીવો સંયમની ક્રિયાઓ કરે છે, તેઓમાં સંયમની કુશળતાપૂર્વકની ક્રિયાથી થતા મોહના વિગમનના પરિણામરૂપ સંયમનો અધ્યવસાય છે. તેથી ભિન્ન ભિન્ન પુરુષમાં ભિન્ન ભિન્ન પ્રકારના સંયમના અધ્યવસાયો છે. માટે જે જીવોને કુશળતાપૂર્વક કરાયેલી સંયમની ક્રિયાથી જ સંયમનો અધ્યવસાય પ્રગટ થાય છે, તે જીવો સંયમની ક્રિયાના અભ્યાસથી ક્રમે કરીને કુશળતાપૂર્વકની સંયમની ક્રિયા કરે છે, અને તે કુશળતાપૂર્વકની સંયમની ક્રિયાથી તેઓમાં ચારિત્રનો પરિણામ પ્રગટે છે. માટે મરુદેવાદિ જેવા કેટલાક જીવોને ચારિત્રની ક્રિયા વગર સંયમનો પરિણામ પ્રગટ થતો હોય તેટલા માત્રથી આભ્યાસિક સંયમની ક્રિયા ચારિત્રનું કારણ નથી, તેમ કહી શકાય નહિ. આ વિષયમાં ગ્રંથકારશ્રીએ અધ્યાત્મમતપરીક્ષા આદિ ગ્રંથોમાં વિસ્તાર કર્યો છે.

અવતરણિકામાં પૂર્વપક્ષીએ કહેલ કે અલબ્ધનિશ્ચયવાળા સાધુમાં અસંયતપણું હોવાથી તેઓને સંયમની ક્રિયાનું દાન વ્યર્થ છે; અને તેમ ન સ્વીકારો તો અયોગ્યને દીક્ષા આપવાનો શાસ્ત્રમાં પ્રતિષેધ કરાયો છે તે સંગત થાય નહિ. તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી સ્થાપન કર્યું કે અભ્યાસરૂપ સંયમની ક્રિયાથી અસંયતને પણ ક્રમે કરીને સંયમ પ્રગટે છે, માટે અપ્રાપ્ત સંયમના પરિણામવાળાને સંયમની ક્રિયા આપવી વ્યર્થ નથી. હવે પૂર્વપક્ષીએ કહેલ કે જો અસંયતને સંયમની ક્રિયાનું દાન વ્યર્થ ન માનો તો શાસ્ત્રમાં અયોગ્યને દીક્ષા આપવાનો નિષેધ કર્યો છે તે સંગત થાય નહિ, તેનું સમાધાન કરે છે –

ટીકા :-

अयोग्यत्वं च नासंयतत्वमात्रेण, सर्वस्यापि दीक्षादानात्प्रागयोग्यत्वप्रसङ्गात्, किन्तु कृतज्ञत्वदृढ-प्रतिज्ञत्वादिगुणाभाववत्त्वेन, तच्च न प्रतिज्ञातक्रियाकुशल इति न किञ्चिदनुपपन्नम् ।।६९।।

ટીકાર્થ :-

अयोग्यत्वं च ..... न किञ्चिदनुपपन्नम् ।। અને અયોગ્યપણું અસંયતત્વમાત્રથી નથી, પરંતુ કૃતજ્ઞત્વ-દૃઢપ્રતિજ્ઞત્વ આદિ ગુણઅભાવવત્ત્વથી છે; કેમ કે (અસંયતત્વમાત્રથી અયોગ્યત્વ સ્વીકારીએ તો) બધાને જ દીક્ષાદાનથી પૂર્વે અયોગ્યત્વનો પ્રસંગ પ્રાપ્ત થાય, અને તે=કૃતજ્ઞત્વ-દૃઢપ્રતિજ્ઞત્વ આદિ ગુણઅભાવવત્ત્વ, પ્રતિજ્ઞાતક્રિયાકુશળમાં=પ્રતિજ્ઞા કરાયેલી ક્રિયામાં કુશળ એવા સાધુમાં, નથી, એથી કંઈ અનુપપન્ન નથી અર્થાત્ સંયમના પરિણામ વગરના જીવોને સંયમની પ્રાપ્તિ અર્થે સંયમની ક્રિયાનું દાન કરવાનું સ્વીકારવાથી શાસ્ત્રમાં અયોગ્યને દીક્ષા આપવાનો પ્રતિષેધ કર્યો છે તે કથનમાં કંઈ અનુપપન્ન નથી. ।।૬૯।।

❖ 'सर्वस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે કૃતજ્ઞત્વાદિ ગુણવાળા નથી, તેઓમાં તો અયોગ્યપણું છે, પરંતુ દીક્ષા લેનારા સર્વને પણ દીક્ષાદાન પૂર્વે અયોગ્યપણાનો પ્રસંગ આવે.

❖ 'कृतज्ञत्वदृढप्रतिज्ञत्वादिगुणाभाववत्त्वेन'માં 'आदि'પદથી ભવવિરક્તત્વનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

પૂર્વપક્ષીએ કહેલ કે ભાવથી જેનામાં સંયમનો પરિણામ પ્રગટ્યો ન હોય તેને સંયમની ક્રિયા આપવામાં આવે તો શાસ્ત્રમાં અયોગ્યને દીક્ષા આપવાનો નિષેધ કર્યો છે તે સંગત થાય નહિ. તેના સમાધાનરૂપે ગ્રંથકારશ્રી કહે છે –

અસંયતપરિણામમાત્રથી દીક્ષાનું અયોગ્યપણું નથી, પરંતુ જે જીવોમાં કૃતજ્ઞત્વ-દૃઢપ્રતિજ્ઞત્વ આદિ ગુણો નથી તે જીવોમાં દીક્ષાનું અયોગ્યપણું છે, આમ છતાં જો અસંયતત્વમાત્રથી દીક્ષાનું અયોગ્યપણું સ્વીકારવામાં આવે તો દીક્ષાગ્રહણ પૂર્વે પ્રાયઃ કોઈ જીવ ભાવથી સંયમના પરિણામવાળા હોતા નથી, પરંતુ દીક્ષાગ્રહણના બળથી જ ભાવથી સંયમનો પરિણામ પ્રગટે છે; અને જે સાધુઓ પ્રતિજ્ઞા કરાયેલી ક્રિયામાં કુશળ છે, તેઓમાં કૃતજ્ઞત્વ, દૃઢપ્રતિજ્ઞત્વ આદિ ગુણોનો અભાવ નથી. તેથી તેઓ દીક્ષા ગ્રહણ કરે છતાં ભાવથી સંયમનો પરિણામ પ્રગટ ન થાય, તોપણ દીક્ષા માટે અયોગ્ય નથી. માટે ભાવથી સંયમના પરિણામ વગરનાને સંયમની ક્રિયાનું દાન કરવામાં આવે, તેનાથી અયોગ્યને દીક્ષા આપવાનો નિષેધ કરનારું વચન અનુપપન્ન થતું નથી.

યોગ્ય જીવનો સંસારથી નિસ્તાર થાય તેવા આશયથી ગુણવાન ગુરુ દીક્ષા આપે અને સતત તેની હિતચિંતા કરીને શાસ્ત્ર અધ્યયન કરાવે છતાં તે ગુરુના ગુણની જેને કોઈ ગણના નથી તે કૃતજ્ઞતા ગુણ રહિત છે. વળી ગ્રહણ કરાયેલી પ્રતિજ્ઞાને અનુરૂપ જેઓ સંયમની ક્રિયામાં યત્ન કરતા નથી તેઓમાં દૃઢ પ્રતિજ્ઞત્વનો અભાવ છે. **॥૬૯॥**

અવતરણિકા :-

વિપર્યયે દોષમાહ –

અવતરણિકાર્થ :-

વિપર્યયમાં=સંયમનો પરિણામ પ્રગટ્યો ન હોય તોપણ યોગ્ય જીવને સંયમની પ્રાપ્તિ અર્થે સંયમની ક્રિયાનું દાન ઉચિત છે તેમ પૂર્વમાં સ્થાપન કર્યું તેના વિપર્યયમાં અર્થાત્ સંયમનો પરિણામ પ્રગટ્યા પછી જ સંયમની ક્રિયાનું દાન ઉચિત છે તે પ્રકારના વિપરીત સ્વીકારમાં, દોષને ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

इहरा तुसिणीयत्तं, हविज्ज परभावपच्चयाभावा ।
जिट्ठत्ताइ वि तम्हा, ववहारेणेव जं भणियं ।।७०।।

અન્વયાર્થ :-

ઇહરા=ઇતરથા=ગુણસ્થાનકની પરિણતિ પ્રગટી છે એવો નિર્ણય થયા પછી જ ચારિત્રની ક્રિયાનું દાન કરી શકાય તેમ સ્વીકારવામાં આવે તો, પરભાવપચ્ચયાભાવા=પરના પરિણામના જ્ઞાનનો અભાવ હોવાથી, તુસિણીયત્તં હવિજ્જ=મૌનપણું થાય=કોઈને દીક્ષા આપવાના વિષયમાં છદ્મસ્થની અપ્રવૃત્તિ થાય. તમ્હા=તે કારણથી, જિટ્ઠત્તાઇ વિ=જ્યેષ્ઠત્વાદિ પણ, વવહારેણેવ=વ્યવહારથી જ છે, જં=જે કારણથી, ભણિયં=કહેવાયું છે=આવશ્યકમાં કહેવાયું છે. ॥૭૦॥

ગાથાર્થ :-

ગુણસ્થાનકની પરિણતિ પ્રગટી છે એવો નિર્ણય થયા પછી જ ચારિત્રની ક્રિયાનું દાન કરી શકાય તેમ સ્વીકારવામાં આવે તો, પરના પરિણામના જ્ઞાનનો અભાવ હોવાથી કોઈને દીક્ષા આપવાના વિષયમાં છદ્મસ્થની અપ્રવૃત્તિ થાય. તે કારણથી જ્યેષ્ઠત્વાદિ પણ વ્યવહારથી જ છે; જે કારણથી આવશ્યકમાં કહેવાયું છે. ॥૭૦॥

ટીકા :-

'इहर'त्ति । इतरथा=प्रतिनियतगुणस्थानज्ञानपूर्वकमेव चारित्रदानाभ्युपगमे, तूष्णीकत्वं भवेत्, परभावस्य प्रत्ययाभावात्, पृच्छादिना प्रतिज्ञानिर्वाहकत्वस्यानुमानेऽपि प्रतिनियतगुणस्थानस्य तथाविधनियतलिङ्गाभावेनानुमातुमशक्यत्वात् । नन्वेवमसंयतस्यापि गृहीतव्यवहारस्य संयतमध्यप्रवेशे ज्येष्ठत्वकनिष्ठत्वव्यवहारोच्छेद इत्यत आह—ज्येष्ठत्वादिकमपि तस्माद् व्यवहारेणैव यः पूर्वं गृहीतचारित्रव्यवहारः स ज्येष्ठ इतरस्तु कनिष्ठ इति, इत्थमेव भगवदाज्ञाप्रवृत्तेः, यद्=यस्माद् भणितमावश्यके ।।७०।।

ટીકાર્થ :-

इतरथा ..... मावश्यके ।। ઇતરથા=પ્રતિનિયત ગુણસ્થાનકના જ્ઞાનપૂર્વક જ ચારિત્રનું દાન થઈ શકે એ પ્રમાણે સ્વીકાર કરાયે છતે, મૌનપણું થાય=છદ્મસ્થને દીક્ષા આપવાની પ્રવૃત્તિમાં મૌનપણું સ્વીકારવું પડે; કેમ કે પરના પરિણામના જ્ઞાનનો અભાવ છે='દીક્ષા લેવા માટે આવેલા પુરુષમાં સંયમનો પરિણામ છે' એ પ્રકારના જ્ઞાનનો અભાવ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે દીક્ષા લેવા માટે આવનાર પુરુષની પરીક્ષા કરીને તેને દીક્ષા અપાય છે, તેથી તેની પરીક્ષાના બળથી તેનામાં સંયમનો પરિણામ છે કે નહિ તેનું અનુમાન થઈ શકે છે. તેથી બીજો હેતુ કહે છે -

પૃચ્છાદિ દ્વારા પ્રતિજ્ઞાનિર્વાહકત્વનું અનુમાન થવા છતાં પણ પ્રતિનિયત ગુણસ્થાનકનું=ભાવથી સંયમના પરિણામરૂપ ગુણસ્થાનકનું, તેવા પ્રકારના નિયત લિંગનો અભાવ હોવાને કારણે=આવનાર પુરુષમાં સંયમનો પરિણામ છે તેની સાથે નિયત વ્યાપ્તિવાળા એવા લિંગનો અભાવ હોવાને કારણે, અનુમાન કરવા માટે અશક્યપણું છે.

અહીં પૂર્વપક્ષી કહે કે આ રીતે=ગુણસ્થાનકનો નિર્ણય કર્યા વગર દીક્ષા આપવામાં આવે એ રીતે, ગૃહીતવ્યવહારવાળા એવા અસંયતનો પણ=ગ્રહણ કરાયેલા સંયમના વ્યવહારવાળા એવા ભાવથી અસંયમના પરિણામવાળાનો પણ, સંયત મધ્યે પ્રવેશ થયે છતે=ભાવથી સંયમના પરિણામવાળા સાધુઓની મધ્યમાં પ્રવેશ થયે છતે, જ્યેષ્ઠત્વ-કનિષ્ઠત્વના વ્યવહારનો ઉચ્છેદ થશે=આ સંયમના પરિણામથી જ્યેષ્ઠ છે, આ સંયમના પરિણામથી કનિષ્ઠ છે, તેવો નિર્ણય કરીને વંદનાદિનો વ્યવહાર પ્રવર્તે છે, તેનો ઉચ્છેદ થશે. એથી ગ્રંથકારશ્રી શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે.

તે કારણથી=જે કારણથી પરના સંયમના પરિણામનો નિર્ણય નથી માટે દૃઢપ્રતિજ્ઞત્વાદિ ગુણને આશ્રયીને દીક્ષાદાનનો વ્યવહાર યોગ્ય જીવમાં પ્રવર્તે છે તે કારણથી, જ્યેષ્ઠત્વાદિ પણ વ્યવહારથી જ છે=જ્યેષ્ઠત્વાદિ પણ અંતરંગ સંયમના પરિણામને આશ્રયીને નથી, પરંતુ જે સાધુ પૂર્વમાં ગૃહીતચારિત્રના વ્યવહારવાળા છે તે જ્યેષ્ઠ છે, વળી ઇતર કનિષ્ઠ છે, એ પ્રકારના વ્યવહારથી જ છે; કેમ કે આ રીતે જ=વ્યવહારનું આશ્રયણ કરીને જ્યેષ્ઠત્વ-કનિષ્ઠત્વના વ્યવહારને અવલંબીને વંદનાદિ કરવામાં આવે છે એ રીતે જ, ભગવાનની આજ્ઞા પ્રમાણેની પ્રવૃત્તિ છે, જે કારણથી આવશ્યકસૂત્ર ગાથા-૭૧૬માં કહેવાયું છે. ॥૭૦॥

❖ 'पृच्छादिना'માં 'आदि'પદથી સાધુની ક્રિયાનું કથન અને સંયમને યોગ્ય છે કે નહિ તેની પરીક્ષાનું ગ્રહણ કરવું.

❖ प्रतिज्ञानिर्वाहकत्वस्यानुमानेऽपिમાં 'अपि'થી એ કહેવું છે કે પૃચ્છાદિ દ્વારા પ્રતિજ્ઞાનિર્વાહકત્વનું અનુમાન ન થતું હોય તો તો પ્રતિનિયત ગુણસ્થાનકનું અનુમાન કરવું અશક્ય છે, પરંતુ પૃચ્છાદિ દ્વારા પ્રતિજ્ઞાનિર્વાહકત્વનું અનુમાન થવા છતાં પણ પ્રતિનિયત ગુણસ્થાનકનું અનુમાન કરવું અશક્ય છે.

❖ 'असंयतस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે ગ્રહણ કરાયેલા દીક્ષાના વ્યવહારવાળા એવા સંયતનો તો સંયતમધ્યમાં પ્રવેશ છે, પરંતુ અસંયતનો પણ સંયતમધ્યમાં પ્રવેશ છે.

❖ 'ज्येष्ठत्वादिकमपि'માં 'अपि'થી એ કહેવું છે કે દીક્ષા આપવાની પ્રવૃત્તિ તો વ્યવહારથી છે, પરંતુ વંદનાદિ ક્રિયા અર્થે જ્યેષ્ઠત્વાદિક પણ વ્યવહારથી છે.

ભાવાર્થ :-

પૂર્વગાથામાં સ્થાપન કર્યું કે ભાવથી સંયમનો પરિણામ પ્રગટ થયો નથી, તેવા અલબ્ધમાર્ગવાળા જીવોને માર્ગના લાભ માટે સંયમની ક્રિયા આપવી ઉચિત છે. હવે તેના બદલે એમ માનવામાં આવે કે દીક્ષા લેવા આવનાર જીવમાં ભાવથી ગુણસ્થાનકની પ્રાપ્તિ થઈ છે તેનું જ્ઞાન થાય ત્યારપછી જ તેને ચારિત્રનું દાન કરી શકાય, તો દીક્ષા આપવાના વિષયમાં મૌન લેવું પડે અર્થાત્ કોઈને દીક્ષા આપી શકાય નહિ; કેમ કે દીક્ષા લેવા આવનાર પુરુષમાં ભાવથી સંયમનો પરિણામ છે, તેવું જ્ઞાન છદ્મસ્થને થઈ શકતું નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે પરીક્ષા દ્વારા દીક્ષાર્થી જીવમાં સંયમના પરિણામનું અનુમાન થઈ શકશે. તેના નિરાકરણ માટે ગ્રંથકારશ્રી બીજો હેતુ આપે છે –

પૃચ્છાદિ દ્વારા દીક્ષાર્થી જીવની જે પરીક્ષા કરવામાં આવે છે, તેનાથી પ્રતિજ્ઞાનિર્વાહકત્વનું અનુમાન થાય

છે, પરંતુ દીક્ષાર્થીમાં ભાવથી છઠ્ઠા ગુણસ્થાનકનો પરિણામ છે, તેમ અનુમાન થઈ શકતું નથી; કેમ કે અંતરંગ ગુણસ્થાનકની પરિણતિ સાથે નિયત વ્યાપ્તિવાળું તેવા પ્રકારનું કોઈ લિંગ નથી, જેથી તે લિંગના બળથી દીક્ષાર્થીમાં ગુણસ્થાનકનો નિર્ણય થઈ શકે.

આ રીતે શ્લોકના પૂર્વાર્ધનો અર્થ કર્યા પછી તેની પુષ્ટિ કરવા માટે કહે છે –

જે કારણથી ભાવથી ગુણસ્થાનક સ્પર્શ્યું ન હોય તોપણ પ્રતિજ્ઞાનિર્વાહકત્વ આદિ ગુણને આશ્રયીને દીક્ષાદાન વ્યવહારથી ઉચિત છે, તે કારણથી વ્યવહારથી જ જ્યેષ્ઠત્વાદિ પણ ઉચિત છે અર્થાત્ જેણે પૂર્વમાં સંયમ ગ્રહણ કરેલું હોય તે જ્યેષ્ઠ છે, અને જેણે પાછળથી સંયમ ગ્રહણ કર્યું હોય તે કનિષ્ઠ છે, તેમ સ્વીકારીને વંદનાદિની ઉચિત પ્રવૃત્તિ વ્યવહારથી જ થાય છે; પરંતુ ભાવથી સંયમના કંડકો કોનામાં અધિક છે અને કોનામાં ન્યૂન છે તેને આશ્રયીને વંદનવ્યવહાર પ્રવર્તતો નથી; કેમ કે આ પ્રકારે જ વંદનવ્યવહાર કરવાની ભગવાનની આજ્ઞા પ્રમાણેની પ્રવૃત્તિ છે, જે કારણથી આવશ્યકમાં કહેવાયું છે, જે સ્વયં ગ્રંથકારશ્રી આગળની ગાથામાં બતાવે છે. **॥૭૦॥**

અવતરણિકા :-

પૂર્વગાથામાં કહ્યું કે જે કારણથી આવશ્યકમાં કહેવાયું છે. તેથી હવે તે આવશ્યકની ગાથા બતાવે છે –

ગાથા :-

णिच्छयओ दुन्नेयं, को भावे कम्मि वट्टए समणो ।
ववहारओ उ कीरइ, जो पुव्वठिओ चरित्तम्मि ।।७१।।

અન્વયાર્થ :-

को समणो=કયા શ્રમણ, कम्मि भावे=કયા ભાવમાં, वट्टए=વર્તે છે એ, णिच्छयओ=નિશ્ચયથી=પરમાર્થથી, दुन्नेयं=દુર્વિજ્ઞેય છે. उ=વળી, जो=જે=જે સાધુ, चरित्तम्मि=ચારિત્રમાં, पुव्वठिओ=પૂર્વસ્થિત છે, ववहारओ=વ્યવહારથી, कीरइ=કરાય છે=તેને વંદન કરાય છે. ।।૭૧।।

ગાથાર્થ :-

કયા શ્રમણ કયા ભાવમાં વર્તે છે એ પરમાર્થથી દુર્વિજ્ઞેય છે. વળી જે સાધુ ચારિત્રમાં પૂર્વસ્થિત છે, તેને વ્યવહારથી વંદન કરાય છે. ।।૭૧।।

ટીકા :-

'णिच्छयओ'त्ति । निश्चयतः=परमार्थतः, दुर्ज्ञेयं कः श्रमणः कस्मिन् भावे औदयिकादिलक्षणे वर्त्तते ? इति, व्यवहारतस्तु क्रियते वन्दनं यः पूर्वं स्थितश्चारित्रे, ज्येष्ठत्वसंभावनायाम्, व्यवहार-साम्राज्येन वन्दनस्य कर्त्तव्यत्वाद्, व्यवहारनयस्यापि बलवत्त्वात् ।।७१।।

ટીકાર્થ :-

'निश्चयतः' ..... बलवत्त्वात् ।। કયા શ્રમણ કયા ઔદયિકાદિસ્વરૂપ ભાવમાં વર્તે છે એ નિશ્ચયથી= પરમાર્થથી, દુર્વિજ્ઞેય છે. વળી જે સાધુ ચારિત્રમાં પૂર્વસ્થિત છે તેને વ્યવહારથી વંદન કરાય છે; કેમ કે જ્યેષ્ઠત્વ સંભાવનામાં પણ વ્યવહારના સામ્રાજ્યથી વંદનનું કર્તવ્યપણું હોવાને કારણે વ્યવહારનયનું પણ બલવાનપણું છે. ।।૭૧।।

❖ 'औदयिकादिलक्षणे'માં 'आदि'પદથી ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિકનું ગ્રહણ કરવું.

❖ 'ज्येष्ठत्वसंभावनायामपि'માં 'अपि'થી એ કહેવું છે કે જ્યેષ્ઠત્વના નિર્ણયમાં તો વ્યવહારનું સામ્રાજ્ય છે, પરંતુ જ્યેષ્ઠત્વની સંભાવનામાં પણ વ્યવહારનું સામ્રાજ્ય છે.

❖ 'व्यवहारनयस्यापि'માં 'अपि'થી એ કહેવું છે કે વંદનના વિષયમાં નિશ્ચયનયનું તો બલવાનપણું છે, પરંતુ જ્યેષ્ઠત્વની સંભાવનામાં પણ વ્યવહારનું સામ્રાજ્ય હોવાને કારણે વંદનનું કર્તવ્યપણું હોવાથી વ્યવહારનું પણ બલવાનપણું છે.

ભાવાર્થ :-

પૂર્વગાથામાં કહ્યું કે વ્યવહારથી જ જ્યેષ્ઠત્વાદિને આશ્રયીને વંદનનો વ્યવહાર પ્રવર્તે છે. તેની જ પુષ્ટિ હવે "આવશ્યકસૂત્ર"ના વચનથી કરે છે –

"આવશ્યકસૂત્ર"માં કહ્યું છે કે કયા સાધુ કયા ઔદયિકભાવમાં કે કયા ઔપશમિકભાવમાં કે કયા ક્ષાયિકભાવમાં વર્તે છે, તે છદ્મસ્થ માટે પરમાર્થથી દુર્વિજ્ઞેય છે, તેથી નિશ્ચયનયને આશ્રયીને વંદનનો વ્યવહાર થઈ શકે નહિ. માટે જે સાધુએ પૂર્વે દીક્ષા ગ્રહણ કરી હોય તે જ્યેષ્ઠ છે, તે પ્રકારની સંભાવના કરીને અન્ય સાધુઓ તેને વ્યવહારથી વંદન કરે છે.

અહીં પ્રશ્ન થાય કે જે સાધુમાં અધિક સંયમની પરિણતિ છે તે પરિણતિને આશ્રયીને તેના પ્રત્યેની ભક્તિથી વંદન કરવામાં આવે છે, અને જો તે સાધુમાં સંયમની અધિક પરિણતિ ન હોય છતાં તેને વંદન કરવામાં આવે તો તેના ગુણોને આશ્રયીને બહુમાન થવાથી નિર્જરારૂપ ફળ કઈ રીતે પ્રાપ્ત થાય ? અર્થાત્ થઈ શકે નહિ; કેમ કે તેનામાં અધિક સંયમનો પરિણામ નથી. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે જે સાધુ દીર્ઘ સંયમપર્યાયવાળા છે તે સાધુમાં અધિક સંયમના પરિણામરૂપ જ્યેષ્ઠત્વની સંભાવના છે, તેથી વ્યવહારનય અધિક સંયમના પરિણામની સંભાવનાને આશ્રયીને વંદન કરવાનું કહે છે. તેથી તે સ્થાનમાં વ્યવહારનય પણ બલવાન છે અર્થાત્ પૂર્વે દીક્ષા લીધી હોય તેવા સાધુમાં ભાવને આશ્રયીને અધિક સંયમનો પરિણામ ન હોય તોપણ વ્યવહારના આશ્રયણથી અધિકની સંભાવના રાખીને વંદન કરવામાં આવે, તો વંદન કરનારને ઉચિત પ્રવૃત્તિથી નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થાય છે. માટે વ્યવહારનય બલવાન છે.

અહીં વિશેષ એ છે કે કોઈ સાધુમાં અધિક સંયમનો પરિણામ છે, તેવો નિર્ણય હોય તે સ્થાનમાં નિશ્ચય બલવાન છે. આથી કોઈ સાધુ સંયમ પર્યાયથી નાના હોય છતાં જ્ઞાનગુણથી અધિક હોય ત્યારે, તેમની પાસે અધ્યયન કરનારા સાધુ પર્યાયથી મોટા હોય તોપણ તે જ્ઞાનગુણથી અધિક સાધુને તે સમયે વંદન કરે છે,

તે સ્થાનમાં નિશ્ચય બલવાન છે; પરંતુ જે સાધુ પોતાનાથી પૂર્વે સંયમ ગ્રહણ કરીને સંયમની આચરણાઓ કરે છે, તેઓમાં પોતાનાથી અધિક સંયમનો પરિણામ છે, તેવો નિર્ણય ન થતો હોય, તોપણ દીર્ઘ કાળ સુધી સંયમની આચરણા કરી છે, તેથી પોતાનાથી અધિક સંયમનો પરિણામ હશે તેવી સંભાવના છે, તેથી તેવા સ્થાનમાં વ્યવહારનયની બલવત્તા છે. માટે તેવા સ્થાનમાં વ્યવહારનું સેવન કરવાથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. ॥૭૧॥

અવતરણિકા :-

तथा चाह भाष्यकृत् –

અવતરણિકાર્થ :-

અને તે રીતે=પૂર્વગાથાની ટીકામાં કહ્યું કે વ્યવહારનયનું પણ બલવાનપણું છે તે રીતે, ભાષ્યકાર કહે છે –

ગાથા :-

ववहारो वि हु बलवं, जं छउमत्थं पि वंदई अरहा ।
जा होइ अणाभिण्णो, जाणंतो धम्मिअं एअं ।।७२।।

અન્વયાર્થ :-

ववहारो वि हु=વ્યવહાર પણ, बलवं=બલવાન છે, जं=જે કારણથી, एअं धम्मिअं=આ ધર્મતાને, जाणंतो अरहा=જાણતા એવા અરિહંત=જાણતા એવા કેવલી, जा अणाभिण्णो होइ=જ્યાં સુધી અનભિજ્ઞાત છે ત્યાં સુધી, छउमत्थं पि=છદ્મસ્થ એવા ગુર્વાદિકને પણ, वंदई=વંદન કરે છે. ॥૭૨॥

ગાથાર્થ :-

વ્યવહાર પણ બલવાન છે. જે કારણથી આ ધર્મતાને જાણતા એવા કેવલી જ્યાં સુધી અનભિજ્ઞાત છે, ત્યાં સુધી છદ્મસ્થ એવા ગુર્વાદિકને પણ વંદન કરે છે. ॥૭૨॥

ટીકા :-

'ववहारो वि हु'त्ति । व्यवहारोऽपि=व्यवहारनयोऽपि, बलवान्=अनुल्लङ्घनीयः, यत्=यस्मात्, छद्मस्थमपि पूर्वरत्नाधिकं गुर्वादिकं वन्दते अर्हन्नपि=केवल्यपि, यावद् भवत्यनभिज्ञातो जानन् धर्मतां एतां व्यवहारबलातिशयलक्षणाम् ।।७२।।

ટીકાર્થ :-

'व्यवहारोऽपि' ..... लक्षणाम् ।। વ્યવહાર પણ=વ્યવહારનય પણ, બલવાન છે=અનુલ્લંઘનીય છે, જે કારણથી આ ધર્મતાને=વ્યવહારનયના બલના અતિશયરૂપ ધર્મતાને, જાણતા એવા અર્હન્

પણ=કેવલી પણ, જ્યાં સુધી અનભિજ્ઞાત છે, ત્યાં સુધી=જ્યાં સુધી પોતે કેવલી છે એ પ્રમાણે લોકમાં અજ્ઞાત છે ત્યાં સુધી, પૂર્વરત્નાધિક એવા ગુર્વાદિક છદ્મસ્થને પણ=પૂર્વમાં સંયમ ગ્રહણ કર્યું છે તેથી રત્નાધિક એવા ગુર્વાદિક છદ્મસ્થને પણ, વંદન કરે છે. ॥૭૨॥

❖ 'व्यवहारोऽपि', 'व्यवहारनयोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે નિશ્ચયનય તો સ્વસ્થાને બલવાન છે, પરંતુ વ્યવહારનય પણ સ્વસ્થાને બલવાન છે.

❖ 'छद्मस्थमपि'માં 'अपि'થી એ કહેવું છે કે ગુરુ આદિ છદ્મસ્થ ન હોય તો વંદન કરવામાં કોઈ વિરોધ નથી, પરંતુ છદ્મસ્થ હોવા છતાં કેવલી વંદન કરે છે.

❖ 'गुर्वादिकं'માં 'आदि'પદથી અધિક સંયમપર્યાયવાળા અન્ય સાધુનું ગ્રહણ કરવું.

❖ 'अर्हन्नपि' केवल्यपिમાં 'अपि'થી એ કહેવું છે કે કેવલી ન હોય એ તો છદ્મસ્થ એવા ગુર્વાદિકને વંદન કરે, પરંતુ જ્યાં સુધી પોતે કેવલી છે એ પ્રમાણે લોકમાં અજ્ઞાત છે, ત્યાં સુધી છદ્મસ્થ એવા ગુર્વાદિકને કેવલી પણ વંદન કરે.

ભાવાર્થ :-

ભગવાનના શાસનમાં નિશ્ચયનય અને વ્યવહારનયને આશ્રયીને વંદનાદિ પ્રવૃત્તિ થાય છે. જે સ્થાનમાં નિશ્ચયનય બલવાન હોય ત્યાં નિશ્ચયનયથી વંદનાદિ પ્રવૃત્તિ થાય છે અને જે સ્થાનમાં વ્યવહારનય બલવાન હોય તે સ્થાનમાં વ્યવહારનયથી વંદનાદિ પ્રવૃત્તિ થાય છે; અને વ્યવહારનયના સ્થાનમાં વ્યવહારનય પણ બલવાન છે=અનુલ્લંઘનીય છે, તે બતાવતાં કહે છે –

જે કારણથી કેવલી પણ, પોતે કેવલી છે એ પ્રકારે લોકોમાં અજ્ઞાત છે ત્યાં સુધી પોતાનાથી સંયમપર્યાયમાં મોટા એવા સાધુને કે ગુર્વાદિકને વંદન કરે છે. જોકે પોતે કેવલી છે, અને જેમને વંદન કરે છે તે છદ્મસ્થ છે, તેથી પોતાનાથી ગુણથી હીન છે; આમ છતાં વ્યવહારનયના સ્થાનમાં વ્યવહારનયના બલની અતિશયતારૂપ ધર્મતાને જાણતા એવા કેવલી વ્યવહારનયનું ઉલ્લંઘન કરતા નથી, પરંતુ વ્યવહારનયનું પાલન કરે છે. તેથી વ્યવહારનયના સ્થાનમાં વ્યવહારનયનું પાલન કરવું એ ઉચિત પ્રવૃત્તિ છે, માટે ધર્મરૂપ છે. **॥૭૨॥**

અવતરણિકા :-

'वयभंगे' इत्यादिना व्यवहारेऽनिष्टानुबन्धत्वमुक्तं निराचिकीर्षुराह –

અવતરણિકાર્થ :-

'વયભંગે' ઇત્યાદિ ગાથા-૨૩ દ્વારા વ્યવહારનયથી ચારિત્ર ગ્રહણ કરવામાં અનિષ્ટઅનુબંધપણું કહેવાયું. તેનું નિરાકરણ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

'નિશ્ચયથી જ સાધુને સિદ્ધિ છે' એમ સ્થાપન કરીને તેની પુષ્ટિ કરવા માટે ગાથા-૨૩માં પૂર્વપક્ષીએ કહેલ કે સંયમ ગ્રહણ કર્યા પછી વ્રતભંગ થાય તો મોટો દોષ છે, એ પ્રમાણે શાસ્ત્રકારો કહે છે; અને વર્તમાનમાં પાંચ મહાવ્રતોનો ભંગ ન થાય તે રીતે સંયમપાલન કરવું દુષ્કર છે; કેમ કે કાળના દોષને કારણે

જીવોમાં પ્રમાદ ઘણો છે, તેથી પણ ચારિત્રનો પક્ષપાત કરવો યુક્ત છે, પરંતુ ચારિત્ર ગ્રહણ કરવું યુક્ત નથી; આમ કહીને બાહ્યક્રિયાનો અપલાપ કરીને અંતરંગ પરિણામ દ્વારા ઇષ્ટની સિદ્ધિ છે, તેમ પૂર્વપક્ષી સ્થાપન કરે છે. તેનું નિરાકરણ કરવાની ઇચ્છાથી ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

वयभंगे गुरुदोसो, दुव्वारो जइ वि तह वि ववहारे ।
इण्हिं पि ण पडिबंधो, विवक्खभावेण पडिआरा ।।७३।।

અન્વયાર્થ :-

जइ वि=જોકે वयभंगे=વ્રતભંગમાં गुरुदोसो=ગુરુદોષ ववहारे=વ્યવહારમાં=વ્યવહારનયનું આશ્રયણ કરીને સંયમ ગ્રહણ કરવામાં दुव्वारो=દુર્વાર છે=વારણ ન થઈ શકે તેવો છે, तह वि=તોપણ विवक्खभावेण=વિપક્ષ ભાવ વડે पडिआरा=પ્રતિકાર હોવાને કારણે इण्हिं पि=હમણાં પણ=વર્તમાનકાળમાં પણ ण पडिबंधो=પ્રતિબંધ નથી=સંયમ ગ્રહણ કરવાનો નિષેધ નથી. ।।૭૩।।

ગાથાર્થ :-

જોકે વ્રતભંગમાં ગુરુદોષ વ્યવહારનયનું આશ્રયણ કરીને સંયમ ગ્રહણ કરવામાં દુર્વાર છે, તોપણ વિપક્ષભાવ વડે પ્રતિકાર હોવાને કારણે વર્તમાનકાળમાં પણ સંયમ ગ્રહણ કરવાનો નિષેધ નથી. ।।૭૩।।

ટીકા :-

'वयभंगे' त्ति । यद्यपि व्रतभङ्गे गुरुर्दोषः, स च व्यवहारे दुर्वारः, प्रमादबाहुल्यात् तथापीदानीमपि न प्रतिबन्धः, विपक्षभावेन=प्रत्यतिचारं तन्निर्मूलनोपयोगपुरस्सरमुपस्थापितेन 'हा दुष्ठु कृतमिदं न कर्त्तव्यमिदम'इत्यादिलक्षणेन विपरीतपरिणामेन, प्रतिकारात्=अतिचारसमसङ्ख्यैः शुभभावैरतिचाराणां निवर्त्तनात्तन्निर्मूलनचिन्तयैव तत्त्वतो निःशूकतानिवृत्त्या तैरनिष्टस्यानुबन्द्धुमशक्यत्वात् ।।७३।।

ટીકાર્થ :-

यद्यपि ..... शक्यत्वात् ।। જોકે વ્રતભંગમાં ગુરુદોષ છે, અને તે=ગુરુદોષ, વ્યવહારમાં=વ્યવહારનયને આશ્રયીને સંયમ ગ્રહણ કરવામાં, દુર્વાર છે; કેમ કે પ્રમાદબહુલપણું છે=વર્તમાનકાળના જીવોમાં પ્રમાદનું બહુલપણું છે, તોપણ હમણાં પણ=વર્તમાનકાળમાં પણ, પ્રતિબંધ નથી=વ્યવહારનયનું આશ્રયણ કરીને સંયમ ગ્રહણ કરવામાં નિષેધ નથી=ગાથા-૨૩માં પૂર્વપક્ષી કહે છે કે 'વર્તમાનકાળમાં સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી' એ પ્રકારનો સંયમગ્રહણમાં નિષેધ નથી; કેમ કે વિપક્ષભાવ વડે પ્રતિકાર છે=પ્રતિ અતિચાર તેના નિર્મૂલનના ઉપયોગપૂર્વક ઉપસ્થાપિત એવા વિપરીત પરિણામ વડે

અર્થાત્ 'હા ! આ દુષ્ટ કરાયું,' 'આ કર્તવ્ય નથી' ઇત્યાદિરૂપ વિપરીત પરિણામ વડે અતિચારોના સમસંખ્યક એવા શુભભાવ વડે અતિચારોનું નિવર્તન છે.

અહીં પ્રશ્ન થાય કે અતિચાર લાગ્યા પછી આ રીતે વિપરીત પરિણામ કરવાથી તે અતિચારોનું નિવર્તન થાય તોપણ કાળદોષને કારણે વર્તમાનમાં ફરી ફરી અતિચારોનો પ્રવાહ ચાલુ રહે છે. તેથી થયેલા અતિચારોનો પશ્ચાત્તાપ થયા પછી પણ જો ફરી તે અતિચારોનું સેવન થાય તો ગ્રહણ કરાયેલું વ્રત કઈ રીતે સુરક્ષિત રહે ? અર્થાત્ રહે નહિ. માટે વ્રત ગ્રહણ કરવું ઉચિત નથી, એ પ્રકારની શંકાના નિવારણ માટે અન્ય હેતુ કહે છે –

તેના નિર્મૂલનની ચિંતાથી જ=વ્રતમાં લાગેલા અતિચારના નિર્મૂલનની ચિંતાથી જ, તત્ત્વથી= પરમાર્થથી, નિઃશૂકતાની નિવૃત્તિ થવાને કારણે તેઓ વડે=અતિચારો વડે, અનિષ્ટનો અનુબંધ કરવા માટે અશક્યપણું છે. ॥૭૩॥

❖ 'इदानीमपि'માં 'अपि'થી એ કહેવું છે કે પૂર્વકાળમાં તો દીક્ષાગ્રહણનો નિષેધ ન હતો, પરંતુ હમણાં પણ દીક્ષાગ્રહણનો નિષેધ નથી.

ભાવાર્થ :-

ગાથા-૨૩માં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ કે 'વર્તમાનમાં સંયમ ગ્રહણ કર્યા પછી વ્રતભંગનું વારણ અશક્ય છે અને વ્રતભંગથી ઘણા અનર્થો થાય છે, તેથી વ્રતમાં પક્ષપાત કરવો ઉચિત છે પરંતુ વ્રત ગ્રહણ કરવું ઉચિત નથી.' તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે વ્રતભંગમાં મોટો દોષ છે એમ જે પૂર્વપક્ષી કહે છે તે તેમ જ છે, અને વર્તમાનના જીવોમાં પ્રમાદબહુલપણું હોવાને કારણે વ્યવહારને આશ્રયીને દીક્ષા ગ્રહણ કરશે તોપણ વ્રતભંગ નિવારી શકે તેમ નથી, એમ જે પૂર્વપક્ષી કહે છે તે પણ તેમ જ છે. આમ છતાં આરાધક જીવો વિપક્ષના ભાવન દ્વારા અતિચારોનો પ્રતિકાર કરી શકે છે, તેથી તેવા જીવોને આશ્રયીને વર્તમાનમાં પણ સંયમગ્રહણનો નિષેધ નથી. માટે પૂર્વપક્ષી જે કહે છે કે 'વર્તમાનમાં સંયમ ગ્રહણ કરવું ઉચિત નથી.' પરંતુ સંયમનો પક્ષપાત કરવો ઉચિત છે' તે પૂર્વપક્ષીનું કથન ઉચિત નથી.

વળી ગ્રહણ કરેલાં વ્રતોમાં લાગેલા અતિચારોના વિપક્ષના ભાવનથી પ્રતિકાર કઈ રીતે થાય છે, તેની સ્પષ્ટતા કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે જે સાધુ આરાધક છે, તે સાધુ સંયમજીવનના અતિચારોનું સમ્યગ્જ્ઞાન અવશ્ય ધરાવનારા હોય છે, અને સંયમજીવનમાં સ્વશક્તિ અનુસાર ઉદ્યમ કરતા હોય છતાં કાળદોષથી ઉત્પન્ન થયેલા પ્રમાદને કારણે જે અતિચારો લાગે, તે દરેક અતિચારને સ્મૃતિમાં રાખીને તેના નિર્મૂલનના ઉપયોગપૂર્વક વિપરીત પરિણામ કરે છે અર્થાત્ અતિચારથી વિપરીત એવો પરિણામ કરે છે અર્થાત્ વિચારે છે કે 'હા ! આ અતિચાર મારાથી કરાયો તે દુષ્ટ છે', 'આ અતિચાર મારે કરવો જોઈએ નહિ' ઇત્યાદિ અતિચારથી વિપરીત વિચારણા દ્વારા અતિચારો પ્રત્યે અત્યંત જુગુપ્સા ઉત્પન્ન કરે છે. તેથી જેટલા અતિચાર લાગ્યા હોય તેની સમાન સંખ્યાવાળા અતિચારો પ્રત્યે જુગુપ્સાના ભાવસ્વરૂપ શુભભાવો વડે તે અતિચારોનું નિવર્તન થાય છે. આવા સાધુઓનું અતિચારબહુલ ચારિત્ર પણ અતિચારોના પ્રતિકારને કારણે

વિશુદ્ધ બને છે. તેવા આરાધક જીવોને આશ્રયીને વર્તમાનમાં પણ દીક્ષાનો નિષેધ નથી.

અહીં કોઈને પ્રશ્ન થાય કે જે અતિચારો લાગ્યા હોય તે અતિચારોનો પ્રતિકાર કરીને સાધુ સંયમની શુદ્ધિ કરે. આમ છતાં કાળદોષને કારણે પ્રમાદથી ફરી ફરી અતિચારો થતા હોય તો તે ચારિત્ર ઘણા અતિચારોને કારણે અહિતનું કારણ બનશે. તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે –

જે સાધુને અતિચારના નિર્મૂલનની ચિંતા વર્તે છે તે સાધુમાં પરમાર્થથી અતિચારો પ્રત્યેની નિઃશૂકતા નિવર્તન પામે છે અર્થાત્ તે સાધુ નિઃશૂકપણે અતિચારોનું સેવન કરતા નથી; અને જે સાધુને અતિચારો પ્રત્યે નિઃશૂકતા નથી, પરંતુ અતિચારો પ્રત્યે સૂગ છે તે સાધુના અતિચારો અનિષ્ટના અનુબંધવાળા નથી. તેથી ચારિત્રમાં કાંઈક અતિચારો હોવા છતાં અતિચારો પ્રત્યેની સૂગને કારણે શિથિલમૂળવાળા કે નષ્ટપ્રાય અતિચારો હોવાથી અનિષ્ટ થતું નથી. માટે વર્તમાનમાં પણ કલ્યાણના અર્થી માટે સંયમ ગ્રહણ કરવું ઉચિત છે. **॥૭૩॥**

અવતરણિકા :-

एतदेव दृष्टान्तेन भावयति –

અવતરણિકાર્થ :-

આને જ=ગાથા-૭૩માં કહ્યું કે વિપક્ષના ભાવનથી અતિચારોનો પ્રતિકાર હોવાને કારણે સાતિચાર ચારિત્ર પણ અનિષ્ટનું કારણ નથી એને જ, દૃષ્ટાંત દ્વારા ભાવન કરે છે –

ગાથા :-

जह गुरुअसुहविवागं, विसं ण दुक्खावहं सपडिआरं ।
पावदुगंछासहियं, तह चरणं साइआरं पि ।।७४।।

અન્વયાર્થ :-

जह=જે પ્રમાણે, गुरुअसुहविवागं सपडिआरं विसं=મહાન અશુભફળવાળું પ્રતિકાર સહિત એવું વિષ, दुक्खावहं ण=દુઃખને આપનારું નથી, तह=તે પ્રમાણે, पावदुगंछासहियं साइआरं पि चरणं=પાપજુગુપ્સા સહિત એવું સાતિચાર પણ ચારિત્ર દુઃખને આપનારું નથી. ॥૭૪॥

ગાથાર્થ :-

જે પ્રમાણે મહાન અશુભફળવાળું પ્રતિકાર સહિત એવું વિષ દુઃખને આપનારું નથી, તે પ્રમાણે પાપજુગુપ્સા સહિત એવું સાતિચાર પણ ચારિત્ર દુઃખને આપનારું નથી. ॥૭૪॥

ટીકા :-

'जह'त्ति । यथा गुरुः=महान्, अशुभः-अनिष्टो विपाकः-आयतिकालपरिणामो यस्य तत्तथा, विषं सप्रतिकारं=सोपचारं, न दुःखावहम्, परिकर्मिताद्वत्सनागादेर्दुःखोत्पाददर्शनात् प्रत्युत गुणस्यैवानु-

ભવાત્, તથા સાતિચારમપિ ચરણં પાપજુગુપ્સાસહિતં ન દુઃખાવહમ્ સપ્રતિકારત્વાત્, મહતોઽપ્યતિચારસ્ય મહતા શુભભાવેન નિવર્ત્તયિતું શક્યત્વાત્, ચારિત્રસ્ય ચ સ્વરૂપતો મોક્ષફલહેતુત્વાદિતિ ।।૭૪।।

ટીકાર્થ :-

યથા ગુરુઃ ..... મોક્ષફલહેતુત્વાદિતિ ।। જે પ્રમાણે ગુરુ અશુભવિપાકવાળું એવું=મહાન અનિષ્ટ ભવિષ્યકાલીન ફળ છે જેને એવું, પ્રતિકાર સહિત વિષ દુઃખને આપનારું નથી; કેમ કે પરિકર્મિત એવા વત્સનાગાદિથી દુઃખના ઉત્પાદનું અદર્શન છે, ઊલટું ગુણનો જ અનુભવ છે. તે પ્રમાણે સાતિચાર પણ ચારિત્ર પાપજુગુપ્સા સહિત એવું દુઃખને આપનારું નથી; કેમ કે સપ્રતિકારપણું છે.

અહીં પ્રશ્ન થાય કે જે અતિચાર સેવાયો છે તેનાથી બંધાયેલું પાપ તો સત્તામાં રહેશે, તેથી પાપજુગુપ્સા સહિત પણ સાતિચાર ચારિત્ર અનર્થનું કારણ થશે. તેથી બીજો હેતુ કહે છે –

મહાન પણ અતિચારનું મોટા શુભભાવ દ્વારા નિવર્તન કરવા માટે શક્યપણું છે.

અહીં પ્રશ્ન થાય કે લાગેલા અતિચારોની શુદ્ધિ થવાથી અનર્થ થશે નહિ, પરંતુ એવા ચારિત્રથી આત્માને શું લાભ થશે ? તે બતાવવા અર્થે હેતુ કહે છે –

અને ચારિત્રનું સ્વરૂપથી મોક્ષફલહેતુપણું છે.

'ઇતિ' શબ્દ ટીકાની સમાપ્તિમાં છે. ।।૭૪।।

❖ 'વત્સનાગાદેઃ'માં 'આદિ'પદથી અન્ય વિષનું ગ્રહણ કરવું.

❖ 'સાતિચારમપિ'માં 'અપિ'થી એ કહેવું છે કે નિરતિચાર ચારિત્ર તો દુઃખાવહ નથી, પરંતુ સાતિચાર ચારિત્ર પણ પાપજુગુપ્સા સહિત દુઃખાવહ નથી.

❖ મહતોઽપિમાં 'અપિ'થી એ કહેવું છે કે નાના અતિચાર તો મોટા શુભભાવથી નિવર્તન પામે છે, પરંતુ મોટા પણ અતિચાર મોટા શુભભાવથી નિવર્તન પામે છે.

ભાવાર્થ :-

વત્સનાગાદિ વિષો મોટા અનિષ્ટફળવાળાં છે, તેથી તે વિષનું સેવન કરનાર ઘણા દુઃખપૂર્વક મૃત્યુને પામે છે. આમ છતાં આયુર્વેદની પ્રક્રિયા પ્રમાણે વત્સનાગાદિ વિષને પરિકર્મિત કરવામાં આવે અને પછી તે વિષનું સેવન કરવામાં આવે તો તેનાથી કોઈ દુઃખ ઉત્પન્ન થતું નથી, પરંતુ પરિકર્મિત એવું વત્સનાગ વિષ જે રોગ માટે ઉપયોગી હોય તે રોગના નાશ માટે સેવન કરવામાં આવે તો ગુણની પ્રાપ્તિ થાય છે. તે પ્રમાણે જે આરાધક સાધુને સંયમથી વિપરીત એવી આચરણારૂપ પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા છે, તેથી અતિચાર ન લાગે તેવી સાવધાનીપૂર્વક સંયમમાં યત્ન કરે છે, આમ છતાં ક્યારેક સ્ખલના થાય તોપણ નિંદા-ગર્હા દ્વારા પાપજુગુપ્સાને અતિશયિત કરે છે, તેવા સાધુનું સાતિચાર પણ ચારિત્ર દુઃખને આપનારું નથી; કેમ કે લાગેલા અતિચારોનો શુભભાવથી પ્રતિકાર કરેલ છે.

વળી સંયમજીવનમાં ક્યારેક મોટો અતિચાર લાગે તોપણ આરાધક સાધુ મોટા શુભભાવથી તેનું નિવર્તન કરી શકે છે. તેથી અતિચારોનો અનર્થ દૂર થવાથી, અને ચારિત્ર સ્વરૂપથી મોક્ષરૂપ ફળનો હેતુ હોવાથી, વર્તમાનકાળમાં પણ યોગ્ય જીવોને ચારિત્રગ્રહણનો નિષેધ નથી, એમ પૂર્વગાથા સાથે સંબંધ છે. **॥૭૪॥**

અવતરણિકા :-

पापजुगुप्सायाश्चरणशोधकत्वमेव द्रढयति –

અવતરણિકાર્થ :-

પાપજુગુપ્સાના ચરણશોધકપણાને જ દૃઢ કરે છે –

ભાવાર્થ :-

પૂર્વગાથા-૭૪માં 'પાપજુગુપ્સાથી સહિત સાતિચાર પણ ચારિત્ર દુઃખને આપનારું નથી' એમ કહ્યું. એથી અર્થથી એ પ્રાપ્ત થયું કે ચારિત્રમાં લાગેલા અતિચારોનું શોધન પાપજુગુપ્સા કરે છે. વળી તે જ વાતને દૃઢ કરવા માટે અન્ય યુક્તિ આપે છે –

ગાથા :-

इत्तु च्चिय पडिक्कमणं, पच्छायावाइभावओ सुद्धं ।
भणिअं जिणप्पवयणे, इहरा तं दव्वओ दिट्ठं ।।७५।।

અન્વયાર્થ :-

इत्तु च्चिय=આથી જ=પાપજુગુપ્સા ચારિત્રની વિશોધક છે આથી જ, जिणप्पवयणे=જિનપ્રવચનમાં, पच्छायावाइभावओ=પશ્ચાત્તાપાદિ ભાવથી, पडिक्कमणं=પ્રતિક્રમણ, सुद्धं भणियं=શુદ્ધ કહેવાયું છે. इहरा=ઇતરથા=પશ્ચાત્તાપાદિ ભાવના અભાવમાં, तं=તે=પ્રતિક્રમણ, दव्वओ=દ્રવ્યથી, दिट्ठं=કહેવાયું છે. ॥૭૫॥

ગાથાર્થ :-

પાપજુગુપ્સા ચારિત્રની વિશોધક છે, આથી જ જિનપ્રવચનમાં પશ્ચાત્તાપાદિ ભાવથી પ્રતિક્રમણ શુદ્ધ કહેવાયું છે, પશ્ચાત્તાપાદિ ભાવના અભાવમાં પ્રતિક્રમણ દ્રવ્યથી કહેવાયું છે. ॥૭૫॥

ટીકા :-

'इत्तु च्चिय'त्ति । अत एव=पापजुगुप्सायाश्चरणातिचारविशोधकत्वादेव, जिनप्रवचने प्रतिक्रमणं मिथ्यादुष्कृतदानादिलक्षणं पश्चात्तापादिभावतः=हा दुष्ठु कृतमेतदित्याद्यनुशयसंवेगादिपरिणामतः, शुद्धं भणितम्, अत एवात्यक्तप्राक्तनैकेन्द्रियादिसङ्घट्टनादिभावस्य कथञ्चित्क्षणं विरक्तस्य चैत्यवन्दनादिनैकाग्रचित्तसमाधिर्भवेन्न वा, ऐर्यापथिकीप्रतिक्रमणे तु तदर्थपर्यालोचनाहितपश्चात्तापादि-

भावान्नियमादेकाग्रचितसमाधिरिति सर्वक्रियाणां तत्पूर्वकत्वं महानिशीथे नियमितम्, इतरथा= पश्चात्तापादिभावाभावे, तु तत्=प्रतिक्रमणं, द्रव्यतो दृष्टम् ।।७५।।

ટીકાર્થ :-

'अत एव' ..... द्रव्यतो दृष्टम् ।। આથી જ=પાપજુગુપ્સાનું ચારિત્રના અતિચારનું વિશોધકપણું હોવાથી જ, જિનપ્રવચનમાં મિથ્યાદુષ્કૃતદાનાદિ સ્વરૂપ પ્રતિક્રમણ, પશ્ચાત્તાપાદિ ભાવથી='હા ! આ દુષ્ટ કરાયું' ઈત્યાદિ દ્વેષ અને સંવેગાદિ પરિણામથી, શુદ્ધ કહેવાયું છે, આથી જ=પશ્ચાત્તાપાદિ ભાવથી પ્રતિક્રમણ શુદ્ધ કહેવાયું છે આથી જ, અવ્યક્ત પ્રાક્તન એકેન્દ્રિયાદિના સંઘટ્ટનાદિ ભાવવાળા અને કોઈક રીતે ક્ષણવિરક્ત થયેલા એવા શ્રાવકને, ચૈત્યવંદનાદિ દ્વારા એકાગ્રચિત્તરૂપ સમાધિ થાય અથવા ન થાય, પરંતુ ઈર્યાપથિકી પ્રતિક્રમણ કરાયે છતે તેના અર્થના પર્યાલોચનથી આહિત એવા પશ્ચાત્તાપાદિ ભાવને કારણે નિયમથી એકાગ્રચિત્તરૂપ સમાધિ થાય, અર્થાત્ ચૈત્યવંદનાદિ ક્રિયામાં એકાગ્રપરિણતિરૂપ ચિત્તની સમાધિ થાય એથી સર્વ ક્રિયાઓનું તત્પૂર્વકપણું=ઈર્યાપથિકી પ્રતિક્રમણ પૂર્વકપણું, મહાનિશીથમાં નિયમિત કરાયું છે=નિયંત્રિત કરાયું છે. વળી ઇતરથા=પશ્ચાત્તાપાદિ ભાવોનો અભાવ હોતે છતે, તે=પ્રતિક્રમણ દ્રવ્યથી જાણવું. ।।૭૫।।

- 'मिथ्यादुष्कृतदानादिलक्षणं'માં 'आदि'પદથી પાપઆલોચનાદિનું ગ્રહણ કરવું.
- 'पश्चात्तापादिभावतः'માં 'आदि'પદથી પાપશુદ્ધિના ભાવનું ગ્રહણ કરવું.
- 'अनुशयसंवेगादिपरिणामतः'માં 'आदि'પદથી પાપના ઉપશમનું ગ્રહણ કરવું.
- 'चैत्यवंदनादिना'માં 'आदि'પદથી સામાયિકનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

પૂર્વમાં કહ્યું કે વર્તમાનકાળમાં પ્રમાદદોષને કારણે થયેલું સાતિચાર પણ ચારિત્ર પાપજુગુપ્સાને કારણે શુદ્ધ બને છે, આથી જ ભગવાનના શાસનમાં પશ્ચાત્તાપાદિ ભાવથી પ્રતિક્રમણ શુદ્ધ કહેવાયું છે.

આશય એ છે કે જે સાધુઓ કે શ્રાવકો નિત્યકર્મરૂપે પ્રતિક્રમણ કરે છે તેટલા માત્રથી પ્રતિક્રમણ શુદ્ધ થતું નથી, પરંતુ જે સાધુ કે શ્રાવક પોતાના વ્રતોમાં લાગતા અતિચારોનું સમ્યગ્ આલોચન કરીને પાપ પ્રત્યે દ્વેષનો પરિણામ કરે, અને પાપરહિત થવાના બદ્ધ પરિણામરૂપ સંવેગનો પરિણામ કરે, અને પાપજુગુપ્સાના પ્રકર્ષથી પાપનો વિરુદ્ધ એવો ઉપશમનો પરિણામ કરે, તેઓનું પ્રતિક્રમણ શુદ્ધ થાય છે. શાસ્ત્રના આ વચનથી અર્થથી એ ફલિત થાય કે પાપ પ્રત્યેની જુગુપ્સા ચારિત્રના અતિચારોની વિશોધક છે. તેથી જે સાધુ અતિચારો લાગ્યા પછી આલોચના-નિંદા દ્વારા અતિચારોની જુગુપ્સા કરે છે, તેઓનું ચારિત્ર મોક્ષનું કારણ છે. માટે વર્તમાનમાં પણ ચારિત્રગ્રહણનો નિષેધ નથી, એમ ગાથા-૭૩ સાથે સંબંધ છે.

વળી પશ્ચાત્તાપાદિભાવથી યુક્ત પ્રતિક્રમણ શુદ્ધ કહેવાયું છે, તેની પુષ્ટિ કરવા અર્થે ગ્રંથકારશ્રી યુક્તિ આપે છે –

આ જ કારણથી=પશ્ચાત્તાપાદિ ભાવથી પ્રતિક્રમણ શુદ્ધ છે આ જ કારણથી, કોઈ શ્રાવકે ચૈત્યવંદનાદિ ક્રિયા કરતાં પૂર્વે એકેન્દ્રિયાદિ જીવોના સંઘટ્ટનાદિ ભાવોનો ત્યાગ ન કર્યો હોય અર્થાત્ સામાયિકાદિ ગ્રહણ કરીને ષટ્કાયના પાલનના અધ્યવસાયવાળા થયા ન હોય, અને કોઈક રીતે સંસારના આરંભ-સમારંભથી અલ્પકાળ માટે વિરક્ત થયેલા હોય, અને તેથી આત્મકલ્યાણ અર્થે ચૈત્યવંદનાદિ પ્રવૃત્તિ કરતા હોય ત્યારે તે ચૈત્યવંદનાદિ પ્રવૃત્તિથી ભગવાનના ગુણોમાં એકાગ્રચિત્તરૂપ સમાધિ થાય અથવા ન થાય; પરંતુ ઇરિયાવહિયાના પ્રતિક્રમણપૂર્વક ચૈત્યવંદનાદિ કરવા માટે તત્પર થાય તો ઇર્યાપથિકી પ્રતિક્રમણકાળમાં તેના અર્થના પર્યાલોચનથી ઉત્પન્ન થયેલ પશ્ચાત્તાપાદિ ભાવોને કારણે નિયમથી ચૈત્યવંદનાદિ ક્રિયામાં એકાગ્રચિત્તરૂપ સમાધિ થાય છે. એથી સર્વ ક્રિયાઓ ઈરિયાવહિયાપૂર્વક કરવી જોઈએ, એમ "મહાનિશીથસૂત્ર"માં કહેવાયું છે.

આશય એ છે કે શ્રાવક સંસારના આરંભ-સમારંભથી ક્ષણવિરક્ત થઈને ચૈત્યવંદનાદિ ક્રિયાઓ કરે, અને તે ક્રિયાકાળમાં ચૈત્યવંદનાદિ સૂત્રોમાં અત્યંત ઉપયુક્ત હોય, અને તેના અર્થના પર્યાલોચનને કારણે ભગવાનના ગુણોમાં એકાગ્રચિત્ત થાય, તો સમાધિ પ્રગટે; પરંતુ નિષ્પાપ જીવનનો પરિણામ પ્રકર્ષવાળો ન હોય અને ચૈત્યવંદનાદિ ક્રિયામાં યત્ન થતો હોય અને સૂત્રના અર્થનું આલોચન પણ હોય, તોપણ ભગવાનના ગુણોમાં ચિત્ત એકાગ્ર ન પણ બને; પરંતુ પૂર્વમાં ઇર્યાપથિકી પ્રતિક્રમણ કરાયેલું હોય અને સૂત્રના અર્થના આલોચનને કારણે શ્રાવકનું ચિત્ત સંસારના હિંસાદિ ભાવોથી અત્યંત વિરામ પામેલું હોય, તો તે શ્રાવકનું ચિત્ત ગુપ્તિના પરિણામવાળું બને છે; અને ગુપ્ત ચિત્તવાળા શ્રાવક ચૈત્યવંદનાદિ ક્રિયાઓ કરે તો નિયમથી ચૈત્યવંદનાદિ ક્રિયામાં બોલાતાં સૂત્રોના અર્થથી તે શ્રાવકનું ચિત્ત ભાવિત હોવાને કારણે ભગવાનના ગુણોથી વાસિત થાય અને સમાધિ પ્રાપ્ત કરે. તેથી પાપજુગુપ્સાના ભાવપૂર્વક કરાયેલી ક્રિયા સમ્યગ્ ફળવાળી બને છે, આથી જ સર્વ ક્રિયાઓ કરતી વખતે ઇર્યાપથિકી પ્રતિક્રમણ કરવાની વિધિ "મહાનિશીથસૂત્ર"માં કહેલી છે.

ઇતરથા=પશ્ચાત્તાપાદિના અભાવમાં, શ્રાવકનું કે સાધુનું પ્રતિક્રમણ દ્રવ્યથી જાણવું. આશય એ છે કે જે શ્રાવક કે સાધુને પાપોની જુગુપ્સા કરવાનો અધ્યવસાય છે અથવા ઉપદેશ સાંભળે ત્યારે 'મારે પાપની જુગુપ્સા કરવી છે માટે મારે પ્રતિક્રમણ કરવું જોઈએ' તેવો કોઈક અધ્યવસાય થયો છે, અને તે અધ્યવસાયપૂર્વક પ્રતિક્રમણની ક્રિયા કરતો હોય, આમ છતાં તે અધ્યવસાય તેટલો બલિષ્ઠ નહિ હોવાથી પ્રતિક્રમણના ક્રિયાકાળમાં તેવા પ્રકારની પાપની જુગુપ્સા થતી નથી અથવા સૂત્રાર્થનો તેવો બોધ નહિ હોવાને કારણે પાપજુગુપ્સા થતી નથી, તેઓનું પ્રતિક્રમણ દ્રવ્યથી પ્રતિક્રમણ છે, આમ છતાં શ્રવણકાળમાં પાપ પ્રત્યે જુગુપ્સા કરવાનો કંઈક અધ્યવસાય થાય છે, તેટલા અંશથી તે પ્રતિક્રમણની ક્રિયા પ્રધાન દ્રવ્યક્રિયા બને છે, અને જેઓને તેવો કોઈ પરિણામ નથી, અને ઉપદેશને સાંભળીને પણ પાપ પ્રત્યે જુગુપ્સા થાય તેવો પરિણામ નથી, તેવા જીવોની પ્રતિક્રમણની ક્રિયા તુચ્છ દ્રવ્યક્રિયા=અપ્રધાન દ્રવ્યક્રિયા, છે. **॥૭૫॥**

અવતરણિકા :-

ફલિતમાહ –

અવતરણિકાર્થ :-

ફલિતને=ગાથા-૭૩થી ગાથા-૭૫ સુધી ગ્રંથકારશ્રીએ પૂર્વપક્ષનું નિરાકરણ કરીને સ્થાપન કર્યું કે હમણાં પણ દીક્ષા લેવાનો નિષેધ નથી; કેમ કે વિપક્ષના ભાવથી અતિચારોનો પ્રતિકાર થાય છે, તે કથનના ફલિતને, કહે છે –

ગાથા :-

एवं अत्थपएणं, भाविज्जंतेण होइ चरणिड्ढी ।
आलोअणाइमित्तं, बंभाईणं तु फलवंझं ।।७६।।

અન્વયાર્થ :-

एवं=આ રીતે=ગાથા-૭૩માં બતાવ્યું એ રીતે, भाविज्जंतेण अत्थपएणं=ભાવન કરાતા એવા અર્થપદ વડે, चरणिड्ढी=ચારિત્રની ઋદ્ધિ, होइ=થાય છે. तु=વળી, बंभाईणं आलोअणाइमित्तं=બ્રાહ્મી આદિનું આલોચનાદિ માત્ર, फलवंझं=ફલરહિત થયું. ।।૭૬।।

ગાથાર્થ :-

ગાથા-૭૩માં બતાવ્યું એ રીતે ભાવન કરાતા એવા અર્થપદ વડે ચારિત્રની ઋદ્ધિ થાય છે. વળી બ્રાહ્મી આદિનું આલોચનાદિમાત્ર ફલરહિત થયું. ।।૭૬।।

ટીકા :-

'एवं' इति । एवम्=उक्तप्रकारेण, भाव्यमानेन=यथास्थानमधिकतरभावशुद्ध्या समाधीयमानेन, अर्थपदेन दुर्वारव्रतभङ्गप्रतिकारस्य कथंतालक्षणेन भवति चरणर्द्धिः=उत्तरोत्तरचरणवृद्धिसम्पत्, आलोचनादिमात्रं तु उक्तभावशून्यं ब्राह्म्यादीनां फलवन्ध्यम्, तन्मात्रेण तेषां स्त्रीत्वादिरौद्र-विपाकप्राप्त्यप्रतिरोधात् ।।७६।।

ટીકાર્થ :-

'एवम्' उक्तप्रकारेण ..... प्रतिरोधात् ।। આ રીતે ઉક્ત પ્રકારથી=ગાથા-૭૩માં કહ્યું કે વિપક્ષના ભાવનથી અતિચારોનો પ્રતિકાર થાય છે એ રૂપ ઉક્ત પ્રકારથી, ભાવ્યમાન એવા અર્થપદ વડે=જે પ્રમાણે અતિચાર છે એ પ્રમાણે અતિચારના સ્થાનને આશ્રયીને અધિકતર ભાવશુદ્ધિ દ્વારા સમાધીયમાન એવા દુર્વારવ્રતભંગના પ્રતિકારના કથંતાભાવસ્વરૂપ અર્થપદ વડે, ચારિત્રની ઋદ્ધિ=ઉત્તરોત્તર ચારિત્રવૃદ્ધિરૂપ સંપત્તિ, થાય છે; પરંતુ ઉક્ત ભાવશૂન્ય=પૂર્વમાં કહ્યું એવા પશ્ચાત્તાપાદિ ભાવશૂન્ય, આલોચનાદિમાત્ર

બ્રાહ્મી આદિનું ફલરહિત થયું; કેમ કે તન્માત્રથી=આલોચનાદિમાત્રથી, તેઓને સ્ત્રીત્વ આદિ રૌદ્ર વિપાકની પ્રાપ્તિનો અપ્રતિરોધ છે. ॥૭૬॥

❖ 'આલોચનાદિમાત્રં'માં 'આદિ'પદથી મિથ્યાદુષ્કૃત દાનનું ગ્રહણ કરવું.

❖ 'બ્રાહ્મ્યાદીનાં'માં 'આદિ'પદથી તપસ્તપન ઋષિ આદિનું ગ્રહણ કરવું.

❖ 'સ્ત્રીત્વાદિરૌદ્રવિપાકપ્રાપ્ત્યપ્રતિરોધાત્'માં 'આદિ'પદથી કિલ્બિષિકત્વ આદિનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

ગાથા-૭૩થી ૭૫ સુધીના કથનથી જે ફલિત થયું તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે સંયમ લીધા પછી કોઈક રીતે વ્રતમાં અતિચાર લાગેલો હોય, તોપણ થયેલા અતિચારના નિર્મૂલનના ઉપયોગપૂર્વક અતિચારથી વિપરીત પરિણામમાં યત્ન કરવામાં આવે અર્થાત્ 'હા ! આ દુષ્ટ કરાયું, મારે કરવું જોઈએ નહિ' એ પ્રકારના વિપરીત પરિણામમાં યત્ન કરવામાં આવે, એ રીતે ભાવન કરાતા એવા અર્થપદથી ચારિત્રની ઋદ્ધિ થાય છે અર્થાત્ ઉત્તરોત્તર ચારિત્રની ઋદ્ધિની પ્રાપ્તિ થાય છે.

'ભાવ્યમાન અર્થપદ'નો અર્થ ટીકામાં કર્યો કે જે સ્થાનને આશ્રયીને અતિચાર લાગ્યા હોય તે અતિચારના સ્થાનને આશ્રયીને અધિકતર ભાવોની વિશુદ્ધિ દ્વારા સમાધીયમાન અર્થપદ તે ભાવ્યમાન અર્થપદ છે, અને તેનાથી ચારિત્રની ઋદ્ધિ થાય છે અર્થાત્ આત્માને ચિત્તના સ્વાસ્થ્યરૂપ સમાધિમાં લઈ જવામાં આવે તે પ્રકારના અર્થપદના ભાવનથી ચારિત્રની ઋદ્ધિ થાય છે; અને અર્થપદનો અર્થ કર્યો કે દુઃખે કરીને વારી શકાય એવા વ્રતના ભંગનો પ્રતિકાર કઈ રીતે થઈ શકે ? તેની જે વિચારણા તે અર્થપદની વિચારણા છે.

આનાથી એ ફલિત થાય કે સંયમજીવનમાં વ્રતનો ભંગ=વ્રતના અતિચારો, વારવા દુષ્કર છે. તેથી કોઈક રીતે અતિચારો થઈ જાય તો, તેનો પ્રતિકાર કઈ રીતે થઈ શકે ? તે પ્રકારના ઉપયોગપૂર્વક અર્થપદની વિચારણા કરવી જોઈએ, અને અર્થપદની વિચારણાથી ભાવિત થયેલું ચિત્ત, જે અતિચારો લાગ્યા છે તેનું નિર્મૂલન કરવા સમર્થ બને છે.

"પંચવસ્તુક ગ્રંથ"માં સાધુના સંયમની વૃદ્ધિના ઉપાયરૂપ ૧૧ દ્વારોમાં એક અર્થપદ નામનું દ્વાર છે. તેમાં આ અર્થપદની વિચારણા વિશેષ પ્રકારે કરેલી છે, અને તેને આશ્રયીને અર્થપદની વિચારણા કરવામાં આવે તો સંયમજીવનમાં લાગતા અતિચારોનો પ્રતિકાર થઈ શકે; પરંતુ લાગેલા અતિચારોના આલોચનાદિ કરવામાં આવે કે 'મિચ્છા મિ દુક્કડમ્' દેવામાં આવે એટલા માત્રથી ફળની પ્રાપ્તિ થાય નહિ; કેમ કે બ્રાહ્મી, સુંદરી આદિ જીવોએ આલોચનાદિ કરેલ, પરંતુ અતિચારોના નિર્મૂલનના ઉપયોગથી શૂન્ય આલોચનાદિ કરેલ, તેથી સ્ત્રીત્વ આદિ રૌદ્ર વિપાકની પ્રાપ્તિ થઈ.

અહીં બ્રાહ્મી આદિમાં 'આદિ' પદથી તેવા અતિચારો કરનારા અને ભાવશૂન્ય આલોચના કરનારા અન્ય સાધુઓનું ગ્રહણ કરવું, અને બ્રાહ્મી આદિને જેમ સ્ત્રીપણાની પ્રાપ્તિરૂપ અનર્થકારી ફળ મળ્યું, તેમ ભાવશૂન્ય આલોચનાદિ કરનારા એવા તે સાધુઓને જે જે અનર્થકારી ફળો મળ્યાં, તે સ્ત્રીત્વ આદિમાં 'આદિ' પદથી ગ્રહણ કરવાં. **॥૭૬॥**

અવતરણિકા :-

एतद्विचारविरहिणामानर्थक्यमुपदर्शयति –

અવતરણિકાર્થ :-

આના વિચારથી વિરહિત સાધુઓના=ગાથા-૭૬માં બતાવ્યું એ પ્રકારના અર્થપદના ભાવનના વિચારથી રહિત સાધુઓના, અનર્થપણાને બતાવે છે –

ભાવાર્થ :-

ગાથા-૭૬માં બતાવ્યું એ પ્રમાણે વ્રતોમાં લાગતા અતિચારોનું નિવારણ દુષ્કર છે, તોપણ જે સાધુ તે વ્રતોના અતિચારના પ્રતિકારનું ચિંતવન કરે છે, અને તેથી લાગેલા અતિચારનું માત્ર આલોચન કે "मिच्छा मि दुक्कडम्" આપતા નથી, પરંતુ તે લાગેલા અતિચારોના નિર્મૂલનના ઉપયોગપૂર્વક અતિચારોથી વિપરીત પરિણામ કરવા અર્થે અર્થપદનું ભાવન કરે છે, તેઓને ચારિત્રની ઋદ્ધિ થાય છે. હવે જે સાધુઓ તે પ્રકારના અર્થપદનું ભાવન કરતા નથી, તેઓને સંયમ જીવનમાં શું અનર્થપણું પ્રાપ્ત થશે ? તે બતાવે છે -

ગાથા :-

एएण विआरेणं, जे सुण्णा हुंति दव्वलिंगधरा ।
संमुच्छिमचिट्ठाभा, तेसिं किरिया समक्खाया ।।७७।।

અન્વયાર્થ :-

एएण विआरेणं=આ વિચારથી, सुण्णा जे=શૂન્ય એવા જેઓ=પૂર્વગાથામાં બતાવ્યું એ પ્રકારના અર્થપદની વિચારણાથી શૂન્ય એવા જે સાધુઓ, दव्वलिंगधरा=દ્રવ્યલિંગને ધારણ કરનારા, हुंति=છે, तेसिं किरिया=તેઓની ક્રિયા=તેઓની સંયમની આચરણા, संमुच्छिमचिट्ठाभा=સંમૂર્છિમની ચેષ્ટા જેવી, समक्खाया=કહેવાઈ છે. ।।૭૭।।

ગાથાર્થ :-

આ વિચારથી શૂન્ય એવા જે સાધુઓ દ્રવ્યલિંગને ધારણ કરનારા છે, તેઓની સંયમની આચરણા સંમૂર્છિમની ચેષ્ટા જેવી કહેવાઈ છે. ।।૭૭।।

ટીકા :-

'एएण'त्ति । एतेन विचारेण शून्या ये भवन्ति द्रव्यलिङ्गधराः=यतिमुद्रामात्रधारिणः, तेषां क्रिया संमूर्च्छिमचेष्टाभा अज्ञानपूर्वकत्वेनाकामनिर्जराङ्गत्वात् समाख्याता, तदुक्तं धर्मबिन्दौ–"अकाम-निर्जराङ्गमन्यत्" **इति ।।७७।।**

ટીકાર્થ :-

एतेन ..... "अकामनिर्जराङ्गमन्यत्" ।। આ વિચારથી શૂન્ય એવા જેઓ=ગાથા-૭૬માં બતાવ્યું એ પ્રકારના અર્થપદના ભાવનની વિચારણાથી શૂન્ય એવા જે સાધુઓ, દ્રવ્યલિંગ ધરનારા=યતિમુદ્રા માત્રને ધારણ કરનારા, છે, તેઓની ક્રિયાઓ=તેઓની પડિલેહણાદિ ક્રિયાઓ, સંમૂર્ચ્છિમની ચેષ્ટા જેવી કહેવાઈ છે; કેમ કે અજ્ઞાનપૂર્વકપણું હોવાને કારણે અકામનિર્જરાનું અંગત્વ છે. તે ધર્મબિંદુ અધ્યયન-૬, સૂત્ર-૧૫માં કહેવાયું છે –

અન્ય=ધર્મબિંદુમાં આ કથન પૂર્વે જે કથન કર્યું તેનાથી અન્ય એવું, સાધુનું અનુષ્ઠાન અકામનિર્જરાનું અંગ છે.

'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિમાં છે. ॥૭૭॥

ભાવાર્થ :-

જે સાધુ આત્મકલ્યાણ અર્થે સંયમ ગ્રહણ કરે છે છતાં સંયમજીવનમાં લાગતા અતિચારોના નિવારણ માટે અર્થપદનું ભાવન કરતા નથી, પરંતુ તે પ્રકારના વિચારથી શૂન્ય સંયમજીવનની આચરણા કરે છે, તેઓ દ્રવ્યલિંગને ધારણ કરનારા છે અર્થાત્ સાધુના વેષમાત્રને ધારણ કરનારા છે, પરંતુ સંયમજીવનની ક્રિયાના ફળને પામનારા નથી. શાસ્ત્રકારોએ તેઓની સંયમની ક્રિયા સંમૂર્ચ્છિમની ક્રિયા જેવી કહી છે; કેમ કે અજ્ઞાનપૂર્વક હોવાને કારણે અકામનિર્જરાનું કારણ છે અર્થાત્ શાસ્ત્રકારોના વચનના પરમાર્થનું અજ્ઞાન છે, આથી જ અર્થપદની વિચારણા કરતા નથી; અને અજ્ઞાનપૂર્વકની કરાયેલી ક્રિયા હોવાને કારણે અકામનિર્જરાનું કારણ છે. તેથી સંયમજીવનનાં કષ્ટોને સહન કરે છે, પરંતુ મોહનું ઉન્મૂલન કરતા નથી. માટે સકામનિર્જરા થતી નથી. **॥૭૭॥**

અવતરણિકા :-

अथ यदुक्तं चरणस्य पक्षपात एव युक्तो न तु तद्ग्रहणमिति तत्राह –

અવતરણિકાર્થ :-

'ચારિત્રનો પક્ષપાત જ યુક્ત છે, પરંતુ તેનું ગ્રહણ નહિ' એ પ્રમાણે ગાથા-૨૩માં પૂર્વપક્ષી દ્વારા જે કહેવાયું, તેમાં=પૂર્વપક્ષીના કથનમાં, ગ્રંથકારશ્રી કહે છે –

ગાથા :-

चरणस्स पक्खवाओ, जयणाए होइ उज्जमंताणं ।
विरियाणिगूहणेणं, वायामित्तेण इहरा उ ।।७८।।

અન્વયાર્થ :-

विरियाणिगूहणेणं=વીર્યના અનિગૂહનથી, जयणाए=યતના વડે, उज्जमंताणं=ઉદ્યમ કરતા સાધુઓને, चरणस्स पक्खवाओ=ચારિત્રનો પક્ષપાત, होइ=થાય છે. उ=વળી, इहरा=ઇતરથા=શક્તિ હોવા છતાં ઉદ્યમ ન કરવામાં આવે તો, वायामित्तेण=વાણીમાત્રથી=વાણીમાત્રથી ચારિત્રનો પક્ષપાત થાય છે. ॥૭૮॥

ગાથાર્થ :-

વીર્યના અનિગૂહનથી યતના વડે ઉદ્યમ કરતા સાધુઓને ચારિત્રનો પક્ષપાત થાય છે. વળી શક્તિ હોવા છતાં ઉદ્યમ ન કરવામાં આવે તો વાણીમાત્રથી ચારિત્રનો પક્ષપાત થાય છે. ॥૭૮॥

ટીકા :-

'चरणस्स'त्ति । चरणस्य पक्षपातः वीर्यानिगूहनेन=देहबलादाढ्येऽपि सर्वत्र स्वोचितपराक्रमव्यवसायधृतिबलस्फोरणेन, यतनया बहुतरासत्प्रवृत्तिनिवृत्तिहेतुचेष्टालक्षणया, उद्यच्छतां भवति, इतरथा तु वाङ्मात्रेण, यथाशक्तिप्रतिपन्ननिर्वाहस्यैव पक्षपातलक्षणत्वात् ।।७८।।

ટીકાર્થ :-

चरणस्य ..... पक्षपातलक्षणत्वात् ।। વીર્યના અનિગૂહનથી=દેહબલના અદૃઢપણામાં પણ સર્વત્ર અર્થાત્ સર્વ અનુષ્ઠાનમાં, સ્વઉચિત પરાક્રમની પ્રવૃત્તિરૂપ ધૃતિબલના સ્ફોરણથી, ઘણી અસત્ પ્રવૃત્તિની નિવૃત્તિનું કારણ એવી ચેષ્ટારૂપ યતના વડે ઉદ્યમ કરતા સાધુઓને ચારિત્રનો પક્ષપાત થાય છે. ઇતરથા અર્થાત્ વીર્યને ગોપવીને ચારિત્ર સ્વીકારવામાં ન આવે તો વાણીમાત્રથી પક્ષપાત થાય છે; કેમ કે યથાશક્તિ સ્વીકારાયેલા વ્રતના નિર્વાહનું જ પક્ષપાતરૂપપણું છે. ॥૭૮॥

❖ 'देहबलादाढ्येऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે દેહબલનું દૃઢપણું હોય તો તો અવશ્ય સર્વ ઉચિત અનુષ્ઠાનોમાં પરાક્રમ ફોરવવું જોઈએ, પરંતુ દેહબલનું અદૃઢપણું હોય તોપણ સ્વઉચિત અનુષ્ઠાનમાં પરાક્રમ ફોરવવું જોઈએ.

ભાવાર્થ :-

ગાથા-૨૩માં પૂર્વપક્ષીએ કહેલ કે ચારિત્રમાં અતિચારો લાગે એ મહાન દોષ છે, માટે વર્તમાનકાળમાં ચારિત્રનો પક્ષપાત કરવો ઉચિત છે, પરંતુ ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે કોઈક કારણે દેહબલ અદૃઢ હોય તોપણ યોગમાર્ગનાં સર્વ ઉચિત અનુષ્ઠાનોમાં સ્વઉચિત પરાક્રમની પ્રવૃત્તિરૂપ આત્માના ધૃતિબલને પ્રવર્તાવવું જોઈએ, જેનાથી સંસારના આરંભ-સમારંભની પ્રવૃત્તિરૂપ બહુતર અસત્ પ્રવૃત્તિની નિવૃત્તિ થાય તેવી ચેષ્ટારૂપ યતના પ્રગટે, અને તે યતનાપૂર્વક ઉદ્યમ કરનારા સાધુને ચારિત્રનો પક્ષપાત થાય છે; પરંતુ જેઓ વિચારે છે કે 'નિશ્ચયનયને અભિમત પરિણામથી જ સાધ્યની સિદ્ધિ છે, બાહ્યક્રિયાઓથી નહિ, અને બાહ્યક્રિયા સ્વરૂપ ચારિત્ર સ્વીકાર્યા પછી વ્રતભંગ થાય તો મોટા અનર્થો છે, માટે ચારિત્ર ગ્રહણ કરવું જોઈએ નહિ; પરંતુ ચારિત્રનો પક્ષપાત કરીને સ્વપરિણામમાં ઉદ્યમ કરવો જોઈએ, જેથી સાધ્યની સિદ્ધિ થાય;' તેઓ શક્તિ હોવા છતાં સ્વઉચિત અનુષ્ઠાન કરતા નથી. માટે તેઓને વાણીમાત્રથી ચારિત્રનો પક્ષપાત થાય છે, જેનાથી નિર્જરારૂપ સાધ્યની સિદ્ધિ થાય નહિ; પરંતુ જો તેઓ શક્તિ પ્રમાણે વ્રત સ્વીકારે અને તે વ્રતોનો નિર્વાહ કરવા માટે ઉદ્યમ કરે, તો તેનાથી જ ચારિત્રનો પક્ષપાત થાય, અને એવા ચારિત્રના પક્ષપાતથી જ નિર્જરારૂપ સાધ્યની સિદ્ધિ થાય. **॥૭૮॥**

અવતરણિકા :-

अथानुमोदनमेव पक्षपातलक्षणं तदपि प्रतिषेधे नोपपद्यत इत्याह –

અવતરણિકાર્થ :-

અનુમોદન જ પક્ષપાતનું લક્ષણ છે, એમ પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે તે પણ=અનુમોદનરૂપ પક્ષપાત પણ, પ્રતિષેધમાં=વર્તમાનમાં ચારિત્ર સ્વીકારવું જોઈએ નહિ પરંતુ પક્ષપાત કરવો જોઈએ એ પ્રકારના પ્રતિષેધમાં, ઉપપન્ન થતું નથી=ઘટતું નથી. इति=एतद्=એને, કહે છે –

❖ 'तदपि'માં 'अपि'થી એ કહેવું છે કે યથાશક્તિ સેવનરૂપ પક્ષપાત તો ચારિત્રના પ્રતિષેધમાં ઘટતો નથી, પરંતુ અનુમોદનરૂપ પક્ષપાત પણ ચારિત્રના પ્રતિષેધમાં ઘટતો નથી.

ભાવાર્થ :-

ગાથા-૨૩માં પૂર્વપક્ષીએ કહેલ કે ચારિત્રનો પક્ષપાત યુક્ત છે, પરંતુ ગ્રહણ યુક્ત નથી. તેનું નિરાકરણ કરતાં ગાથા-૭૮માં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે યથાશક્તિ વ્રતને સ્વીકારીને તેનો નિર્વાહ કરવામાં આવે તો જ ચારિત્રનો પક્ષપાત થાય, અન્યથા નહિ. માટે ચારિત્રનો પક્ષપાત કરનારાએ શક્તિ અનુસાર ચારિત્રમાં ઉદ્યમ કરવો જોઈએ. ત્યાં પૂર્વપક્ષી કહે કે ચારિત્રનું અનુમોદન જ ચારિત્રનો પક્ષપાત છે. માટે ચારિત્ર ગ્રહણ કરવામાં ન આવે તોપણ ચારિત્રનો પક્ષપાત થઈ શકે છે. તેને ગ્રંથકારશ્રી કહે છે કે વર્તમાનકાળમાં ચારિત્ર ગ્રહણ કરવું જોઈએ નહિ, એ પ્રકારનો પ્રતિષેધ કરવામાં આવે તો અનુમોદનરૂપ પક્ષપાત પણ ઘટે નહિ; કેમ કે જેને ચારિત્ર પ્રત્યે અનુમોદનનો પરિણામ છે, તે હંમેશાં ચારિત્ર લેવાના બદ્ધ અભિલાષવાળા હોય છે, અને કોઈક કારણે ચારિત્ર ગ્રહણ કરતા ન હોય તોપણ ચારિત્રસંપન્ન જીવોની આચરણાની અનુમોદના કરે છે; પરંતુ જેઓ કહે કે વર્તમાનકાળના જીવો પ્રમાદબહુલ છે, માટે ચારિત્ર ગ્રહણ ન કરવું જોઈએ, પણ ચારિત્રનો પક્ષપાત કરીને અંતરંગ ભાવોમાં જ ઉદ્યમ કરવો જોઈએ; તેઓને પરમાર્થથી અનુમોદનરૂપ પણ ચારિત્રનો પક્ષપાત નથી. તે બતાવતાં કહે છે –

ગાથા :-

जो पुण कुणइ विलोवं, दोसलवं दंसिऊण चरणस्स ।
जह सज्जणस्स पिसुणो, चरणस्स ण पक्खवाई सो ।।७९।।

અન્વયાર્થ :-

जो पुण=જે વળી, दोसलवं दंसिऊण=દોષલવને દેખાડીને, चरणस्स विलोवं=ચારિત્રના વિલોપને, कुणइ=કરે છે, सो=તે, चरणस्स पक्खवाई=ચારિત્રનો પક્ષપાતી, ण=નથી. जह=જેમ, सज्जणस्स पिसुणो= સજ્જનનો દુર્જન=સજ્જનનો દુર્જન પક્ષપાતી નથી. ।।૭૯।।

ગાથાર્થ :-

જે વળી દોષલવને દેખાડીને ચારિત્રના વિલોપને કરે છે, તે ચારિત્રનો પક્ષપાતી નથી. જેમ સજ્જનનો દુર્જન પક્ષપાતી નથી. ।।૭૯।।

ટીકા :-

'जो पुण'त्ति । यः पुनर्दोषलवं दर्शयित्वा चरणस्य=चारित्रस्य, विलोपं कुरुते स चरणस्य न पक्षपाती यथा सज्जनस्य दुर्जनः । तथा चानुमोदनमप्यनुमोद्यस्याधिकगुणपुरस्कारेणाल्पदोषाच्छादनेनैव च निर्वहति न त्वन्यथेति भावः ।।७९।।

ટીકાર્થ :-

यः पुनर्दोषलवं ..... त्वन्यथेति भावः ।। જે વળી દોષલવને દેખાડીને ચારિત્રનો વિલોપ કરે છે, તે ચારિત્રનો પક્ષપાતી નથી. જે પ્રમાણે સજ્જનનો દુર્જન પક્ષપાતી નથી.

ગાથાના ફલિતાર્થને કહે છે –

અને તે રીતે=ચારિત્રના દોષલવને દેખાડ્યા વગર ચારિત્રનો પક્ષપાત થઈ શકે, અન્યથા નહિ, તે રીતે, અનુમોદનનો પણ અનુમોદ્યના અધિકગુણના પુરસ્કારથી અને અલ્પદોષના આચ્છાદનથી જ નિર્વાહ થાય છે, પરંતુ અન્યથા નહિ, એ પ્રકારનો ભાવ છે. ।।૭૯।।

❖ 'अनुमोदनमपि'માં 'अपि'થી એ કહેવું છે કે ચારિત્રનો પક્ષપાત તો અધિક ગુણના પુરસ્કારથી અને અલ્પદોષના આચ્છાદનથી થાય છે, પરંતુ અનુમોદન પણ અનુમોદ્યના અધિક ગુણના પુરસ્કારથી અને અલ્પદોષના આચ્છાદનથી જ થાય છે.

ભાવાર્થ :-

જે સાધક મોક્ષના અર્થી છે, છતાં નિશ્ચયનયને અભિમત પરિણામમાં એકાંત બદ્ધ આગ્રહવાળા છે, તેથી ચારિત્રની બાહ્ય આચરણાનો ભંગ થવાથી મહાઅનર્થ છે તેમ બતાવીને અર્થાત્ આરાધક સાધુઓ ચારિત્ર સેવન કરે છે તેમાં પ્રાપ્ત થતો અતિચારલવ મહાઅનર્થકારી છે તેમ બતાવીને, વર્તમાનકાળમાં ચારિત્ર ગ્રહણ કરવું જોઈએ નહિ એ પ્રકારે ચારિત્રનો વિલોપ કરે છે અર્થાત્ જે આરાધક સાધુ શક્તિ અનુસાર અતિચારોનો પ્રતિકાર કરે છે અને ચારિત્રની આરાધના કરે છે, તેઓનું કલ્યાણના કારણીભૂત ચારિત્ર પણ મોક્ષનું કારણ નથી તેમ કહે છે, તેઓ ચારિત્રના પક્ષપાતી નથી, જે પ્રમાણે દુર્જન સજ્જનનો પક્ષપાતી નથી.

આ કથનથી અવતરણિકામાં કરેલ પ્રશ્નનું સમાધાન સાક્ષાત્ થતું નથી; કેમ કે અવતરણિકામાં કહેલ કે અનુમોદન જ પક્ષપાત છે. તેને ગ્રંથકારશ્રીએ કહેલ કે અનુમોદનરૂપ પક્ષપાત સ્વીકારવામાં આવે તોપણ ચારિત્રનો પ્રતિષેધ કરવાથી તે પક્ષપાત ઘટે નહિ. તેથી હવે અવતરણિકામાં કરેલ શંકાનું સમાધાન અર્થથી કઈ રીતે થાય છે, તે બતાવવા માટે કહે છે –

જેમ ચારિત્રનો પક્ષપાત ચારિત્રના વિલોપથી થતો નથી, તેમ અનુમોદનનો પણ અનુમોદ્ય એવા ચારિત્રના અધિક ગુણોની પ્રશંસાથી અને ચારિત્રના સેવનમાં ક્વચિત્ કોઈક અલ્પદોષો સેવાયા હોય તે દોષોના આચ્છાદનથી જ નિર્વાહ થાય છે, અન્યથા નહિ.

તેથી એ ફલિત થાય કે ચારિત્રના દોષલવને આગળ કરીને ચારિત્ર સ્વીકારવા જેવું નથી તેમ કહેવાથી ચારિત્રનું અનુમોદન થતું નથી, પરંતુ કોઈ ચારિત્રી ચારિત્રનું પાલન કરીને જે ગુણો પ્રાપ્ત કરે છે, તેની અનુમોદના કરવાથી, અને તે ચારિત્રીમાં ક્વચિત્ પ્રમાદને કારણે દોષો લાગેલા હોય તેને લોકો આગળ પ્રગટ કરવાને બદલે તે દોષો લોકોમાં પ્રગટ ન થાય તે પ્રકારના યત્નપૂર્વક તેના અધિક ગુણોની પ્રશંસા કરવાથી ચારિત્રનું અનુમોદન થાય છે. તેથી જો ચારિત્રની અનુમોદના કરવી હોય તો કાળના દોષથી આરાધક જીવોને પણ અતિચાર લાગે છે, તેને ગૌણ કરીને અર્થાત્ તેનું છાદન કરીને કહેવું જોઈએ કે વિષમકાળમાં પણ જે સાધુઓ અપ્રમાદભાવથી સંયમમાં ઉદ્યમ કરે છે અને સંયમમાં લાગેલા અતિચારોને પણ મહાપરાક્રમથી દૂર કરે છે, તેઓનું જીવન શ્લાઘનીય છે, અને તેમની જેમ જ સત્ત્વથી ચારિત્રમાં ઉદ્યમ કરવો જોઈએ. આ પ્રકારની શ્લાઘાથી ચારિત્રની અનુમોદના થાય છે; પરંતુ વર્તમાનકાળમાં ચારિત્રમાં અતિચારો લાગવાની સંભાવના છે, માટે ચારિત્ર ગ્રહણ કરવું જોઈએ નહિ, તેમ પ્રતિષેધ કરવાથી અનુમોદનરૂપ પક્ષપાત પણ ઘટતો નથી. **॥૭૯॥**

અવતરણિકા :-

'अन्नयरम्मि' ('एगयरम्मि') इत्यादिनोक्तं गच्छाज्ञाभङ्गराज्येन इदानीं चारित्रस्य दुष्पालत्वं निराकर्त्तुमाह 'गच्छाणा' इत्यादिना –

અવતરણિકાર્થ :-

'एगयरम्मि' ઈત્યાદિ વડે ગાથા-૨૪ દ્વારા કહેવાયેલા એવા, ગચ્છાજ્ઞાભંગના રાજ્ય વડે હમણાં ચારિત્રના દુષ્પાલનપણાનું નિરાકરણ કરવા માટે 'गच्छाणा' ઈત્યાદિ દ્વારા ગ્રંથકારશ્રી કહે છે –

ભાવાર્થ :-

ગાથા-૨૪માં પૂર્વપક્ષીએ સ્થાપન કરેલ કે ગચ્છાજ્ઞાનાં સંખ્યાતીત સ્થાનોમાંથી એક પણ સ્થાનનો પ્રમાદથી ભંગ થયે છતે મહાનિશીથસૂત્રમાં વિરાધકપણું કહેવાયું છે, અને ગચ્છાજ્ઞાભંગનું સામ્રાજ્ય હોવાને કારણે હમણાં ચારિત્રનું દુષ્પાલનપણું છે, એમ જે પૂર્વપક્ષી કહે છે તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારશ્રી કહે છે -

ગાથા :-

गच्छाणाभंगस्स य, रज्जं सुहभावरायरज्जेणं ।
हणियव्वं धीरेहिं, कीवत्तं णेव कायव्वं ।।८०।।

અન્વયાર્થ :-

ય=અને, સુહભાવરાયરજ્જેણં=શુભભાવના સામ્રાજ્યથી, ગચ્છાણાભંગસ્સ રજ્જં=ગચ્છાજ્ઞાભંગના રાજ્યને, ધીરેહિં=ધીરપુરુષોએ, હણિયવ્વં=હણવું જોઈએ, કીવત્તં=નપુંસકપણું, ણેવ કાયવ્વં=ન જ કરવું જોઈએ. ॥૮૦॥

ગાથાર્થ :-

અને શુભભાવના સામ્રાજ્યથી ગચ્છાજ્ઞાભંગના રાજ્યને ધીરપુરુષોએ હણવું જોઈએ, નપુંસકપણું ન જ કરવું જોઈએ. ॥૮૦॥

ટીકા :-

गच्छाज्ञाभङ्गस्य च राज्यं शुभभावराजराज्येन हन्तव्यं धीरैः नैव=न तु, क्लीबत्वं कर्त्तव्यम्, यथा हि धीरा रिपुबलं दृष्ट्वा स्वयमपि बलसमुदायेन प्रहरन्ति न त्वसहाया न वा भयप्राप्तेरपसरन्ति, तथा सम्प्रत्यपि गच्छाज्ञाभङ्गप्रमादबाहुल्यं दृष्ट्वा संयता विपक्षभावबाहुल्येन निघ्नन्ति तत् न त्वल्पभावा न वा भयप्राप्तेस्ततोऽपसरन्ति, तथा च प्रमादबाहुल्यादिदानीं न केवलं गुणश्रेणिवृद्ध्यर्थं किन्तु तदविच्छेदार्थमपि भावबाहुल्यमपेक्षितं, तद्विहीनानां तु क्लीबानां नात्राधिकार इति भावः ॥८०॥

ટીકાર્થ :-

गच्छाज्ञाभङ्गस्य ..... नात्राधिकार इति भावः ॥ અને ગચ્છાજ્ઞાભંગના રાજ્યને શુભભાવના સામ્રાજ્ય વડે ધીર પુરુષોએ હણવું જોઈએ, પરંતુ નપુંસકપણું ન જ કરવું જોઈએ, જે પ્રમાણે ધીર પુરુષો શત્રુના સૈન્યને જોઈને સ્વયં પણ સૈન્યના સમુદાયથી પ્રહાર કરે છે, પરંતુ અસહાય એવા ધીરો=સૈન્યની સહાયતા વગર ધીરો, પ્રહાર કરતા નથી અથવા ભયની પ્રાપ્તિથી પાછા ફરતા નથી=યુદ્ધભૂમિથી ભાગી જતા નથી; તે પ્રમાણે હમણાં પણ ગચ્છાજ્ઞાભંગરૂપ પ્રમાદની બહુલતાને જોઈને સંયત સાધુઓ વિપક્ષભાવોના બાહુલ્યથી તેને=ગચ્છાજ્ઞાભંગરૂપ પ્રમાદની બહુલતાને, હણે છે=હણવા યત્ન કરે છે, પરંતુ અલ્પભાવવાળા એવા તેઓ તેને હણતા નથી=હણવા યત્ન કરતા નથી અથવા ભયની પ્રાપ્તિથી તેનાથી=ગચ્છાજ્ઞાભંગને હણવાની પ્રવૃત્તિથી, પાછા ફરતા નથી; અને તે રીતે=પૂર્વમાં જે રીતે દૃષ્ટાંતથી ભાવન કર્યું કે ધીર સાધુઓ ગચ્છાજ્ઞાભંગને હણવાની પ્રવૃત્તિ કરે છે તે રીતે, પ્રમાદબાહુલ્ય હોવાને કારણે હમણાં કેવલ ગુણશ્રેણિની વૃદ્ધિ માટે નહિ, પરંતુ તેના અવિચ્છેદ માટે પણ=ગુણશ્રેણિના અવિચ્છેદ માટે પણ, ભાવબાહુલ્ય અપેક્ષિત છે. વળી તેનાથી રહિત એવા નપુંસકોને=ભાવબાહુલ્યથી રહિત એવા સત્ત્વહીન સાધુઓને, અહીં=સંયમમાં, અધિકાર નથી, એ પ્રકારનો ભાવ છે. ॥૮૦॥

❖ 'स्वयमपि'માં 'अपि'થી એ કહેવું છે કે શત્રુ તો સૈન્યના સમુદાયથી પ્રહાર કરે છે, પરંતુ ધીર પુરુષો સ્વયં પણ સૈન્યના સમુદાયથી પ્રહાર કરે છે.

❖ 'सम्प्रत्यपि'માં 'अपि'થી એ કહેવું છે કે પૂર્વકાળમાં તો ગચ્છાજ્ઞાભંગરૂપ પ્રમાદને જોઈને સંયતો વિપક્ષભાવના બાહુલ્યથી ગચ્છાજ્ઞાભંગરૂપ પ્રમાદને દૂર કરવા યત્ન કરતા હતા, પરંતુ વર્તમાનકાળમાં પણ ગચ્છાજ્ઞાભંગરૂપ

પ્રમાદબાહુલ્યને જોઈને સંયતો વિપક્ષભાવના બાહુલ્યથી ગચ્છાજ્ઞાભંગરૂપ પ્રમાદબાહુલ્યને દૂર કરવા યત્ન કરે છે.

❖ 'तदविच्छेदार्थमपि'માં 'अपि'થી એ કહેવું છે કે ગુણશ્રેણિની વૃદ્ધિ માટે તો ભાવબાહુલ્ય અપેક્ષિત છે, પરંતુ ગુણશ્રેણિના અવિચ્છેદ માટે પણ ભાવબાહુલ્ય અપેક્ષિત છે.

ભાવાર્થ :-

જે સાધુઓ કલ્યાણના અર્થી છે, અને 'મારું હિત કઈ રીતે પ્રાપ્ત થશે' તેનો વિચાર કરનારા છે, પરંતુ વર્તમાનકાળમાં અલ્પસત્ત્વવાળા જીવોની સંયમની યથાતથા પ્રવૃત્તિ જોઈને 'આ લોકોની જેમ સંયમ ગ્રહણ કરીને હું પણ વિનાશ પામીશ' એમ વિચારીને પોતાના હિતની ઉપેક્ષા કરતા નથી, પણ પરિસ્થિતિનું સમ્યગ્ સમાલોચન કરીને ઉચિત પ્રવૃત્તિ કરે છે, તેઓ ધીર છે; અને તેવા ધીર પુરુષોએ શું કરવું જોઈએ, જેથી હિત સાધી શકે ? તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

'ધીર પુરુષોએ શુભભાવના શ્રેષ્ઠ રાજ્યથી ગચ્છાજ્ઞાભંગના રાજ્યને હણવું જોઈએ, પરંતુ નપુંસકપણું કરવું જોઈએ નહિ અર્થાત્ ગચ્છાજ્ઞાભંગને જોઈને અનુત્સાહિત થઈને પોતે પણ સંયમમાં શિથિલ થવું જોઈએ નહિ.'

ગ્રંથકારશ્રીનો આ પ્રકારનો ઉચિત ઉપદેશ સાંભળીને યોગ્ય જીવો ધૈર્ય કેળવીને શુભભાવમાં યત્ન કરે તો વિષમકાળમાં પણ શુભભાવના સામ્રાજ્યથી સંયમના ફળને પ્રાપ્ત કરી શકે છે.

શ્લોકના આ કથનને ટીકામાં દૃષ્ટાંતથી ભાવન કરે છે –

જેમ –

કોઈ રાજા હિતાહિતની વિચારણા કરવામાં ધીર હોય અને શત્રુના સૈન્યને જોઈને સ્વયં પણ પોતાના સૈન્યના બળથી શત્રુનો પ્રહાર કરે છે, પરંતુ પોતાના સૈન્યની સહાય લીધા વગર એકલો શત્રુનો નાશ કરવા માટે ઉદ્યમ કરતો નથી, અને પોતાના સૈન્યના બળથી શત્રુને જીતી શકે તેવી શક્તિ હોવા છતાં પોતાના હિતની વિચારણામાં ધીર એવો તે રાજા શત્રુના સૈન્યને જોઈને ભયની પ્રાપ્તિથી યુદ્ધભૂમિમાંથી પાછો ફરતો નથી.

તેમ –

વર્તમાનકાળમાં પણ જેઓ મોહનો નાશ કરવા માટે ધીર છે અર્થાત્ હિતાહિતનો વિચાર કરીને સંયમ ગ્રહણ કર્યું છે અને ધૈર્યપૂર્વક હિતમાં ઉદ્યમવાળા છે, તેવા સંયત સાધુઓ અલ્પસત્ત્વવાળા સંયમધારી જીવોના ગચ્છાજ્ઞાભંગરૂપ પ્રમાદબાહુલ્યને જોઈને તેઓની જેમ પ્રમાદી થતા નથી; પરંતુ ગચ્છાજ્ઞાભંગનાં કારણીભૂત જે જે પ્રમાદસ્થાનો છે, તેનાથી વિપક્ષ એવા અપ્રમાદભાવના બાહુલ્યથી ગચ્છાજ્ઞાભંગના કારણીભૂત એવા પ્રમાદનો નાશ કરે છે.

વળી ધીર પુરુષો અલ્પભાવનું અવલંબન લઈને ગચ્છાજ્ઞાભંગરૂપ પ્રમાદનો નાશ કરવા ઉદ્યમ કરતા નથી અર્થાત્ ગચ્છાજ્ઞાભંગ કરનારા પ્રમાદી સાધુઓના પ્રમાદને જોઈને તે તે નિમિત્તોથી પોતે પ્રમાદી થઈને બાહ્યતપાદિ આચરણારૂપ અલ્પભાવનું આલંબન લઈને મોહનું ઉન્મૂલન કરવા માટે ઉદ્યમ કરતા નથી, પરંતુ સ્વશક્તિનું સમાલોચન કરીને કઈ રીતે અપ્રમાદ કેળવવો જોઈએ, તેનો વિચાર કરીને જે જે પ્રમાદનાં

સ્થાનો છે, તેનાથી વિપરીત અપ્રમાદનાં સ્થાનોને ચિત્તમાં દૃઢ કરીને, ઘણા ઉત્તમ ભાવોથી યુક્ત થઈને મોહનો નાશ કરવા ઉદ્યમ કરે છે, જેથી વિષમકાળમાં પણ પોતાના સંયમનું સમ્યગ્ પાલન કરી શકે છે. વળી ગચ્છાજ્ઞાભંગરૂપ પ્રમાદને જોઈને પોતાને પણ તેવા દોષો લાગશે, એ પ્રકારના ભયની પ્રાપ્તિથી મોહનો નાશ કરવાની પ્રવૃત્તિનો ત્યાગ કરતા નથી, પરંતુ સ્વશક્તિ અનુસાર અવશ્ય પરાક્રમ કરે છે. તેવા ધીર પુરુષો જ આ કાળમાં પણ શત્રુભૂત એવા મોહનો નાશ કરવા સમર્થ બને છે.

આ સર્વ કથનથી શું ફલિત થાય ? તે સ્પષ્ટ કરવા અર્થે ટીકામાં કહે છે - વર્તમાનમાં કાળના દોષને કારણે જીવોમાં પ્રમાદબહુલપણું છે, તેથી ધીર એવા સંયમી સાધુઓએ હમણાં સંયમના કંડકોની વૃદ્ધિ માટે જેમ અપ્રમાદને કરનારા એવા ભાવબાહુલ્યમાં યત્ન કરવો જોઈએ, તેમ પોતે જે સંયમ ગ્રહણ કર્યું છે, તે સંયમનો નાશ ન થાય તેના માટે પણ અપ્રમાદની વૃદ્ધિને કરનારા એવા ભાવબાહુલ્યમાં યત્ન કરવો જોઈએ; અને જેઓ અપ્રમાદની વૃદ્ધિને કરનારા એવા ભાવબાહુલ્યને કરવા સમર્થ નથી, તેવા નપુંસક સાધુને સંયમમાં અધિકાર નથી. **॥૮૦॥**

અવતરણિકા :-

ભાવવિશુદ્ધ્યા દોષાભાવમુપપાદયતિ –

અવતરણિકાર્થ :-

ભાવશુદ્ધિથી દોષાભાવને બતાવે છે –

ભાવાર્થ :-

વર્તમાનકાળમાં જીવો પ્રમાદબહુલ છે, સંઘયણબળ પણ અલ્પ છે, તેથી આત્મકલ્યાણના અર્થી સાધુઓ શક્તિ અનુસાર ઉદ્યમ કરતા હોય, તોપણ કાળની વિષમતાને કારણે ઉત્સર્ગની કેટલીક આચરણાઓ સમ્યગ્ કરી શકે નહિ; અને યતનાપરાયણ સાધુઓને પણ અનાભોગાદિથી સ્ખલના થવાનો સંભવ છે. આમ છતાં જે ધીર સાધુઓ સંયમમાં દોષ ન લાગે તે માટે સ્વશક્તિ અનુસાર ઉચિત યતના કરે છે, અને કોઈક નિમિત્તે સંયમની આચરણામાં સ્ખલના થઈ હોય તો તરત વિશુદ્ધિ કરે છે, તેવા સાધુમાં વર્તતી ભાવવિશુદ્ધિથી સંયમમાં કોઈ દોષ નથી. તે જ બતાવે છે –

ગાથા :-

अववाएणं कत्थइ, आणाइ च्चिय पवट्टमाणस्स ।
आउट्टस्स य मुणिणो, णो भंगो भावसुद्धस्स ।।८१।।

અન્વયાર્થ :-

कत्थइ=કોઈક સ્થાનમાં, अववाएणं=અપવાદ વડે, आणाइ च्चिय=આજ્ઞાથી જ, पवट्टमाणस्स आउट्टस्स भावसुद्धस्स य मुणिणो=પ્રવર્તમાન આવૃત્ત અને ભાવશુદ્ધ મુનિને=પ્રવર્તમાન કોઈક સ્થાનમાં સ્ખલના

થઈ હોય તો તરત જ નિંદા-ગર્હાથી પાછા ફરનારા એવા ભાવશુદ્ધ મુનિને, ભંગો ણો=ભંગ નથી= ચારિત્રનો ભંગ નથી. ॥૮૧॥

ગાથાર્થ :-

કોઈક સ્થાનમાં અપવાદ વડે આજ્ઞાથી જ પ્રવર્તમાન આવૃત અને ભાવશુદ્ધ મુનિને ચારિત્રનો ભંગ નથી. ॥૮૧॥

ટીકા :-

'अववाएणं'ति । अपवादेन=पुष्टालम्बनेन, कुत्रचित्=शैक्षग्लानादिप्रयोजने, आज्ञयैव=आप्तोपदेशेनैव, प्रवर्त्तमानस्य=पञ्चकहान्यादिना यतमानस्य, आवृतस्य च=अतिक्रमानन्तरं तत्कालमेव निन्दागर्हादिना प्रतिनिवृत्तस्य च, भावशुद्धस्य मुनेर्नो भङ्गः, अपवादेन भङ्गप्रतिबन्धादावृततया च भग्नस्य पुनः सङ्घटनात् ।।८१।।

ટીકાર્થ :-

'अपवादेन' ..... सङ्घटनात् ।। કોઈક સ્થાનમાં=શૈક્ષગ્લાનાદિ પ્રયોજનમાં, અપવાદ વડે=પુષ્ટ આલંબન વડે, આજ્ઞાથી જ=આપ્તના ઉપદેશથી જ, પ્રવર્તમાન એવા=પંચકહાનિ આદિ દ્વારા યતમાન એવા, અને આવૃત એવા=અતિક્રમ અનન્તર તત્કાલ જ નિંદા-ગર્હાદિ દ્વારા પ્રતિનિવૃત્ત એવા, ભાવશુદ્ધ મુનિને ભંગ નથી=ચારિત્રનો ભંગ નથી; કેમ કે અપવાદથી ભંગનો પ્રતિબંધ છે= અપવાદથી કરાયેલી પ્રતિસેવનામાં ચારિત્રના ભંગનો પ્રતિબંધ છે અને આવૃતપણું હોવાને કારણે=યતનામાં ક્યાંક સ્ખલના થઈ હોય કે તરત જ નિંદા-ગર્હાદિ દ્વારા તે સ્ખલનાથી પાછા ફરેલા હોવાને કારણે, ભંગ થયેલા એવા ચારિત્રનું ફરી સંઘટ્ટન થાય છે અર્થાત્ ચારિત્ર અતિચારરહિત થાય છે. ॥૮૧॥

- 'शैक्षग्लानादिप्रयोजने'માં 'आदि'પદથી આચાર્ય, તપસ્વી આદિને ગ્રહણ કરવા.
- 'पञ्चकहान्यादिना'માં 'आदि'પદથી દશકહાનિ આદિનું ગ્રહણ કરવું.
- 'निन्दागर्हादिना'માં 'आदि'પદથી પ્રાયશ્ચિત્તનું ગ્રહણ કરવું.

ભાવાર્થ :-

કોઈ ધીર સાધુ શૈક્ષગ્લાનાદિ પ્રયોજનમાં અપવાદનું અવલંબન લઈને ભગવાનના વચનના ઉપદેશથી જ પંચકહાનિ આદિ દ્વારા યતના કરતા હોય ત્યારે સંયમની કોઈક વિપરીત આચરણાનું સેવન પણ થતું હોય, તોપણ ભાવવિશુદ્ધ હોવાને કારણે યતના કરનાર સાધુને ચારિત્રમાં ભંગ થતો નથી; કેમ કે અપવાદને આશ્રયીને કરાયેલી વિપરીત આચરણામાં શાસ્ત્ર અનુસાર કરાયેલી યતનાથી ચારિત્રના ભંગનો પ્રતિબંધ થાય છે. વળી ક્વચિત્ યતનાપરાયણ સાધુને પણ અનાભોગ કે સહસાત્કારથી કોઈક વિપરીત આચરણા થાય ત્યારે ચારિત્રનો ભંગ થાય છે, આમ છતાં ભાવથી વિશુદ્ધ એવા તે સાધુ તત્કાલ જ તે અતિચારોની

નિંદા-ગર્હાદિ દ્વારા શુદ્ધિ કરે છે, તેથી તેવા સાધુઓના ચારિત્રનો ભંગ થતો નથી; કેમ કે નિંદા-ગર્હાદિ દ્વારા અનાભોગથી થયેલી સ્ખલનાનું સંઘટ્ટન થયું અર્થાત્ દોષની નિવૃત્તિ થઈ.

આનાથી એ ફલિત થાય કે વર્તમાનકાળના સંયોગમાં પણ જે સાધુ પૂર્ણ ઉત્સર્ગની યતના જાળવે છે, તેઓનું ચારિત્ર સુવિશુદ્ધ છે; અને કોઈક પ્રયોજનથી અપવાદને આશ્રયીને ઉત્સર્ગથી વિપરીત પ્રવૃત્તિ કરે છે, આમ છતાં પંચકહાનિ આદિથી દોષના શક્ય પરિહાર માટે યત્ન કરે છે, તેઓનું પણ ચારિત્ર સુવિશુદ્ધ છે; અને કેટલાક સાધુઓ ઉત્સર્ગથી કે અપવાદથી સમ્યગ્ યતના કરતા હોય, આમ છતાં અનાભોગાદિથી સાધ્વાચારની ક્રિયામાં ક્યાંક સ્ખલના થાય કે તરત જ નિંદા-ગર્હાદિ દ્વારા તેની શુદ્ધિ કરે, તેવા સાધુનું ચારિત્ર સ્ખલનાકાળમાં ભંગવાળુ હતું, પરંતુ નિંદા-ગર્હા દ્વારા શુદ્ધિ કર્યા પછી સુવિશુદ્ધ બને છે. તેથી વર્તમાનકાળમાં પણ ભાવશુદ્ધ એવા મુનિ આરાધના કરીને કલ્યાણ સાધે છે. આ રીતે પૂર્વપક્ષીએ જે કહ્યું કે વર્તમાનમાં ગચ્છાજ્ઞાભંગનું સામ્રાજ્ય છે, તેથી ચારિત્ર ગ્રહણ કરવું ઉચિત નથી; તે કથનનું નિરાકરણ થાય છે. **॥૮૧॥**

* * *


અનુસંધાન : ગુરુતત્ત્વવિનિશ્ચય ભાગ-૨

इण्हिं पुण वत्तव्वं, ण णाममित्तेण होइ गुरुभत्ती ।
चउसु वि णिक्खेवेसुं, जं गेज्झो भावणिक्खेवो ॥



હવે વળી વક્તવ્ય છે, અને તે વક્તવ્ય બતાવે છે :
નામમાત્રથી ગુરુભક્તિ થતી નથી,
જે કારણથી ચારે પણ નિક્ષેપામાં ભાવનિક્ષેપો
સ્વાતંત્ર્યથી ઉપાદેય છે.

: પ્રકાશક :



'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com